# Gujarati Maulana Rumi Masnavi Book No 3

# મસ્નવી મૌલાના રૂમી

## ભાગ ૩ જો

શરૂ કરૂં છું અલ્લાહના નામથી જે મોટો મહેરબાન અને ઘણી રહેમ કરવાવાળો છે.

૧ " ઓ સત્યના પ્રકાશ હુસામુદ્દીન આ ત્રીજી કિતાબને (પદ્યમાં લખીને) બહાર પાડ, કારણ કે તે ત્રણ વખત કાયદો બની છે.

૨ શુદ્ધાર્થીનો ખજાનો ખોલ, ત્રીજી કિતાબ અંગેનાં બહાનાંઓને એકલાં છોડી દે.

૩ તારી શક્તિ ખુદાની શક્તિમાંથી વહે છે, નહિ કે નાડીઓમાંથી કે જે (શારીરિક) ગરમી અંગે જરૂરીયાત કરતાં વધુ ધબકે છે.

૪ સુર્ય કે જે પ્રકાશિત છે, તે આ બતીની વાટ, કપાસ અને તેલ અંગે (પ્રકાશિત બનેલી) નથી.

૫ અવકાશી ગુંબજ કે જે આટલો સ્થિર રહ્યો છે, તે તંબુના દોરડા કે સ્થંભના ટેકાવાળો નથી.

૬ હ. જીબ્રાઈલ (અ. સ.)ની શક્તિ રાંધણીમાંથી (ખોરાકમાંથી) ન હતી. તે અસ્તિત્વના પેદા કરનારને જોવા અંગે હતી.

૭ **તેવી જ રીતે, જાણી લે કે " રૂહાની પેશ્વા " ની આ શક્તિ ખુદામાંથી (આવી છે) નહિ કે (ખાણુના) ખૂમચા કે ખોરાકમાંથી (આવી છે).**

૮ **તેઓનાં શરીરો પણ "નૂર"ની કાયાથી બનેલાં છે કે જેથી તેઓ આત્મા અને ફિરસ્તાથી ચડીયાતાં બન્યાં છે.**

૯ જેમ કે તું સર્વશક્તિમાનના ગુણોથી સમૃદ્ધ થએલો છે. (હ. ઈબ્રાહીમ) ખલીલુલ્લાહ (અ. સ.)ની માફક (વાસનામય) દર્દના અગ્નિથી પસાર થઈ જા.

૧૦ અગ્નિ ઠંડી અને સલામત ભરેલી તને પણ બની જશે, ઓ તું કે જેના રૂપરંગમાં વિદ્યાનાં (તમામ) મુળતત્ત્વો ગુલામો છે.

૧૧ અંગભૂત તત્ત્વો દરેક વિદ્યાનાં મુળતત્ત્વો છે, પણ આ તારાં મુળતત્ત્વો દરેક દરજ્જાથી વધુ ચડીયાતાં છે.



સૂર્ય — બતીની વાટ
અવકાશી ગુંબજ — સ્થંભ - ટેકાવાળો
શક્તિ - ખુદાની શક્તિમાંથી, હ.જીબ્રાઈલ - જોવાનું

૧૨ તારાં અંગભૂત તત્વો આ સાદી દુનિયા માટે છે, તેણે એકતાની શાખાઓને એકત્ર કરી છે.
૧૩ અરે અફસોસ, લોકોની સમજણનો વિસ્તાર અતિશય સાંકડો છે, લોકોને ગળું જ નથી.
૧૪ ઓ સત્યના પ્રકાશ, તારી બુદ્ધિગમ્ય આતુરતા થકી તારી મીઠાશ પત્થર (જેવાને) પણ ગળું અર્પણ કરે છે.
૧૫ સિનાઈ પર્વતે ખુદાઈ તજલ્લીમાં ગળું મેળવ્યું, તેથી તેણે ( ઇશ્કનો ) શરાબ ગટગટાવ્યો, પણ તે શરાબ સહન કરી શકયો નહિ.
૧૬ તેથી પર્વત તુટી પડયો અને અલગ અલગ ટુકડા થઈ ગયા. શું તમે કદી પર્વતને ઉંટની ચાલે ચાલતો જોયો છે ?
૧૭ દરેક પાકેલા ઝાડ ( સમજદાર ઈન્સાન )માંથી મોં ભરાઈ જાય તેવો ઉપહાર આવે છે. પણ ગળાનો ઉપહાર એ માત્ર ખુદાનું કામ છે.
૧૮ તે કાયા અને આત્માને ગળું અર્પણ કરે છે. તે તારા દરેક ભાગ માટે જુદું ગળું અર્પણ કરે છે.
૧૯ જ્યારે તું ભવ્ય ( ખામી રહીત ) બને છે, અહંકાર અને ગુનાહથી પર બને છે ત્યારે તે બક્ષિશ કરે છે.
૨૦ કે જેથી તું બાદશાહી ગુપ્ત હકીકતો કોઈને કહે નહિ. અને માખીઓ ઉપર ખાંડ વેરે નહિ.
૨૧ કમળનો છોડ કે જે સો જીભો હોવા છતાં મુંગો છે, તેમ તેં બાદશાહી હકીકતો કાનથી ગુમાવી દીધી છે.
૨૨ ખુદાઈ રહેમત દુનિયા ઉપર એવું ગળું અર્પે છે કે આખરમાં તે પાણી પી શકે અને સો છોડો ઉગાડે.
૨૩ ફરીવાર તે જમીન પરના પશુને ગળું અને હોઠ અર્પે છે, એટલા માટે કે તે ( જમીનના ) છોડોને જરૂરીયાત અંગે આરોગે.
૨૪ જ્યારે જનાવરે તે છોડોને ખાઈ લીધા ત્યારે તે જાડું બને છે અને ( પછી ) તે જનાવર માણસના મોંનો કોળીઓ બને છે અને પતી જાય છે.
૨૫ જ્યારે આત્મા અને દષ્ટિ માણસથી અળગી થઈ હોય ત્યારે તે તેમાંથી બદલાતાં માટી બને છે અને મનુષ્ય માટેની ભોક્તા બને છે.
૨૬ ( પેદા થએલી હસ્તિ )નાં પરમાણુંઓનાં મોઢાં મેં ખુલેલાં જોયાં છે. જો હું તેઓના ખોરાકની વાત કરૂં તો તે ( વાત ) બહુ લાંબી બને.
૨૭ તેની બક્ષિશોમાં અનાજના પુરવઠામાંથી પુરવઠો હોય છે. તેની વિશ્વવ્યાપક દયા જે પોષાય તેને પોષનાર છે.
૨૮ તે બક્ષિશો ઉપર બક્ષિશો કરે છે, કારણ કોઈ પણ પોષણ ( મેળવ્યા ) વગર ઘઉં કેમ ઉગી શકે ?
૨૯ આ બાબતના ખુલાસાનો અંત નથી. મેં માત્ર એક ભાગ જ કીધો છે. બાકી રહેલો ભાગ તું ( પોતે ) વિચારની સમાનતાથી શોધી લે.

અહંકાર, ગુનાહ રહિત બને - નાં રહેમત કરે.

૩૦ જાણે કે આખું જગત ખાતું અને ખવાતું છે. જાણે કે તેઓ કે જેઓનું અનંત-કાળનું જીવન (ખુદામાં) છે તેઓ નશીબદાર અને સ્વીકારાએલા છે.

૩૧ આ દુનિયા અને તેના રહેવાશીઓ (અંતે) વિખેરાઈ જશે. તે (પેલી) દુનિયા અને તેના મુસાફરો (હંમેશાં) હૈયાત રહેનાર છે.

૩૨ આ દુનિયા અને તેના ચાહકો કપાઈ ગયા છે. પેલી (બીજી) દુનિયાના લોકો અનંત જીવનમાં અને સમુહગત છે.

૩૩ તો પછી (ખરેખરો) અમીર તે છે કે જે પોતાને જીવનનું જળ આપે છે જે હંમેશ માટે રહેનાર છે.

૩૪ (ખરો) અમીર તે છે "ભલાં કર્તવ્યો કે જે હયાત રહેનાર છે" તે સો વિનાશો અને વિપત્તિઓ અને ભયોથી મુક્ત બન્યો છે.

૩૫ જો કે તેઓ (દેખીતી રીતે) હજારો છે. (હકીકતમાં) તેઓ એકથી વધુ નથી. તે સંખ્યા ગણવાની ધારણા માફક નથી.

૩૬ ખાનાર અને ખવાનાર (બન્ને) ને ગળું અને હવાની નળી છે. જીતનાર અને અદૃશ્ય થનાર (બન્ને) ને સમજણ અને માનસીક સુખ છે.

૩૭ તેણે (ખુદાએ) ન્યાયી દોરડાને ગળું ઈનાયત કર્યું છે. (કે જેથી) તે પેલાં ઘણા બધા સળીયા અને દોરડાને હડપ કરે.

૩૮ અને તેમાં, આ બધા ખોરાકમાં વધારે થતો નથી. કારણ કે તેના ખાવામાં અને તેના રૂપમાં જનાવરપણું હતું નહિ.

૩૯ તેણે ઇમાનને પણ (પેલા) દોરડાં માફક ગળું આપ્યું, તેથી તે દરેક જે નકામી ધારણાઓ જન્મે છે તે સ્વાહા કરી જાય.

૪૦ આને કારણે રૂહાની અને વિવેકબુદ્ધિમય ચીજોને, હકીકતી ચીજોની માફક ગળાં હોય છે, અને રૂહાની અને વિવેકમય ચીજોને ખુદા સિવાય કોઈ ગળું આપતું નથી.

૪૧ તેથી ચંદ્રમાંથી લઇને મચ્છી સુધીની ઉત્પતીમાં ખુદામાંથી પોષણ મેળવનાર ગળા સિવાય બીજું કંઇ નથી.

૪૨ જ્યારે કે રૂહાનીનું ગળું કાયાના વિચારથી ખાલી થયું છે. ત્યારે નિયુક્ત પોષણ પ્રભાવશાળી બને છે.

૪૩ જાણ કે આ મેળવવામાં જરૂરી શરત એ છે કે (વાસનામય) ખાસીયતને બદલાવી નાખવી. કારણ કે દુષ્ટ માણસનું મૃત્યુ દુષ્ટ ખાસીયતમાંથી છે.

૪૪ જ્યારે કે મનુષ્ય જાતીને માટી ખાવી જરૂરી બને છે, ત્યારે તે ફીકકો, લાચાર, બિમાર અને માનસિક વિકૃતિવાળો બને છે.

૪૫ (પણ) જ્યારે તેની હલકી ખાસીયત ફેરવાય જાય છે ત્યારે તેના ચહેરા ઉપરથી કઢંગાપણું અદ્રશ્ય થાય છે. અને તે મીણબતી માફક ચમકે છે.

ખુદા (ગાંડુ. ગળા સિવાય બીજુ કાંઈ [illegible] → ૧ (હકીકતમાં)

[illegible]

ગળું - દુનિયાદારી.

ઈમાનદ

આગમન (માનસિક સુખ)

ખાવામાં વધારો ઘટાડો - કારણ - હદીસ નં. ૪, [illegible].

૪૬ દુધ પીતી બેબી માટે નર્સ ક્યાં છે કે જેથી માયાળુપણે તેણી મોંના અંદરના ભાગને મીઠો કરે.

૪૭ જો કે તેણી સ્તનની ડીંટડીને તેનાથી છેટે રાખે છે, છતાં તેના માટે (ખુશીના) સો બગીચાના રસ્તા બનાવે.

૪૮ કારણ કે સ્તનની ડીંટડી તે નબળા (બચ્ચાં) માટે હજારો ખુશીઓ અને (ખોરાકની) થાળીઓ અને રોકડની અટકાયત બની છે.

૪૯ તો પછી આપણી જીંદગી આદત છોડાવવા ઉપર આધારીત છે. થોડો થોડો પ્રયત્ન કરો. (હવે) આ વાતનો છેડો છે.

૫૦ જ્યારે માણસ ગર્ભવાસમાં હતો તેની માવજત લોહીમાંથી થતી હતી. આ જ રીતે એક ઇમાનદાર ગંદકીમાંથી પણ પવિત્રતા ખેંચે છે.

૫૧ તેનું ચુસવું લોહીમાંથી તેની માવજત અંગે દુધ બને છે. અને તેના દુધમાંથી ચુસવાને પ્રતાપે (નક્કર) ખોરાક લેનાર બને છે.

૫૨ અને (તેના) ખોરાકના પોષણ અંગે તે લુકમાન જેવો (સંત) બને છે તે સંતાએલા શિકારનો શોધનાર (શિકારી) બને છે.

૫૩ જો કોઇ ગર્ભવાસીને પેટમાં કંઇ કહેવાનું હોત તો કહેત: "બહાર એક નીયમસરની ઘણી જ વિશાળ દુનિયા છે."

૫૪ એક આનંદીત દુનિયા, પહોળી અને લાંબી કે જેમાં સો ખુશીયાલીઓ અને ઘણી ચીજો ખાવાની છે.

૫૫ પર્વતો અને સમુદ્રો અને મેદાનો, સુવાસિત ફળવાડીઓ અને વાવેલા ખેતરો.

૫૬ ભવ્ય આસમાન અને પ્રકાશિત તેજ, સૂર્ય અને ચંદ્રમાંના કિરણો અને એકસો તારાઓ.

૫૭ દક્ષિણનો વાયુ અને ઉત્તરનો વાયુ અને પશ્ચિમના વાયુથી બગીચાઓ (દેખાવમાં) શાદીના સમારંભો અને ઉત્સવો જેવા છે.

૫૮ તેઓના ચમત્કારો વર્ણનથી પર છે. શા માટે તું અંધારામાં ચિંતાગ્રસ્ત છો?

૫૯ આ સાંકડી જગ્યા (ગર્ભાશય)ના માંચડા ઉપર તું શા માટે કેદ અને ગંદકી અને દુઃખી, ગર્ભાવસ્થામાં લોહી પીએ છે?

૬૦ તેની ચાલુ પરિસ્થિતિમાં તે અવિશ્વાસ (કરશે). આ સંદેશથી ફરી જઇને તે માનશે નહિ.

૬૧ કહેશે "આ મુર્ખાઈ ભરેલું અને ખામીવાળું અને ખોટે રસ્તે દોરનારૂં છે. કારણ કે આંધળાના ન્યાયમાં કલ્પના શક્તિ હોતી નથી."

૬૨ તેવી જ રીતે તે (ગર્ભ) આ જાતની કોઈ વસ્તુની સમજણ ન હોવાના સબબથી (આ સત્ય) સાંભળશે નહિ.

૬૩ **તેવી જ રીતે આ દુનિયામાં "અકલે કુલ્લે" સાધારણ ટોળાને પેલી દુનિયાની કરેલી વાત (માનશે નહિ).**

ગર્ભવાસમાં - લોહી માંથી માવજત - દુધ
ઇમાનદાર - ગંદકીમાંથી - પવિત્રતા - લુકમાન (સંત) બને
સંતાએલા
શિકારનો શિકારી બને

૬૪ કહેશે "આ દુનિયા ખૂબ જ અંધારી અને સાંકડી ખીણ છે. બહારની દુનિયા સુગંધ અને રંગ વગરની છે."

૬૫ તેઓ આવા કોઈ એકાદના કાનમાં પણ આ શબ્દો ઉતરશે નહિ. કારણ કે આ (વાસનામય) ઈચ્છા (તેની) મોટી અને ઉંચી અટકાયત છે.

૬૬ ઈચ્છા કાનને સાંભળતાં બંધ કરે છે. આંખને પોતાનો હેતુ જોતાં બંધ કરે છે.

૬૭ જેમકે ગર્ભની લીલમાં (તેની) લોહીની ઇચ્છા હલકી હાલતમાં હોવા છતાં પોષણ છે.

૬૮ આ દુનિયાના સમાચાર (સાંભળવાથી) તેને અળગો કરવામાં આવ્યો છે. તે લોહી સિવાય બીજો નાસ્તો જાણતો નથી.

## તેઓ કે જેઓએ હાથીના બચ્ચાંને કંજુસાઈ અંગે ખાધું અને તેઓએ ભરોસાપાત્ર સલાહકારની અવગણના કરી તેની વાર્તા.

૬૯ હિન્દુસ્તાનમાં એક જ્ઞાનીએ દોસ્તોની ટુકડી પર કરેલી ભલાઇનું વર્ણન શું તેં સાંભળ્યું છે?

૭૦ તેઓ ભૂખ્યા, ખાધાખોરાકી વગરના અને નગ્ન ઘણા દૂરથી મુસાફરી કરી આવતા હતા.

૭૧ તેના ડહાપણનો પ્રેમ (તેનામાં) જાગૃત થયો. અને તેઓનો યોગ્ય આદરસત્કાર કર્યો. અને ગુલાબના છોડની માફક ખીલી ઊઠ્યો.

૭૨ તેણે કહ્યું, "હું જાણું છું કે ભૂખ અને કંગાળતાના પ્રત્યાઘાતે આ કરબલા (મુશ્કેલીઓ)થી તમારા ઉપર મહાદુઃખ આણ્યું છે."

૭૩ છતાં ખુદાની ખાતર, ઓ વિશિષ્ઠ સમુહ, તમારો ખોરાક હાથીના બચ્ચાનો કરતા નહિ.

૭૪ તમે અત્યારે આ જે દિશાએ જાઓ છો ત્યાં હાથી છે, હાથીનાં ફટાએલાં, (બચ્ચાં) ના કટકા કરતા નહિ. પણ મારી વાત ઉપર લક્ષ આપજો.

૭૫ નાના હાથીઓ તમારા રસ્તામાં જ છે. તમારા દિલોમાં તેઓનો જલ્દીથી શિકાર કરવાની હદ ઉપરાંત લાલસા છે.

૭૬ તેઓ બહુ નબળા અને નાજુક અને ઘણા જાડા છે પણ તેઓની મા (તેમની) શોધમાં છે અને વાટ જોતી પડી છે.

૭૭ તેણી તે બચ્ચાઓની તપાસમાં ત્રણસો માઇલના અંતરમાં અફસોસ અને દીલગીરીની આહો ભરતી ભટકે છે.

૭૮ તેણીની સુંઢમાંથી અગ્નિ અને ધુમાડા બહાર નીકળે છે. તેણીનાં પેલાં દયાજનક બચ્ચાઓના (શિકારથી) ખબરદાર રહેજો.

૭૯ **ઓ પુત્ર, સંતો ખુદાનાં સંતાનો છે, તે તેઓની હાજરી કે ગેરહાજરીમાં તેના ઉપર જે આફત પડે છે તેનાથી ખૂબ જ ખબરદાર હોય છે.**

૮૦ તું તેઓને તેઓના હિસ્સામાં (તારા) અપૂર્ણતાના પરિણામે ગેરહાજરી નિહાળતો નહિ. કારણકે તે તેઓના આત્માઓ ખાતર વેરીલું હોય છે.

ઈચ્છા:- આંખને જોતા બંધ
(મોટી અટકાયત) કાનને સાંભળતા બંધ
આ દુનિયા! અંધારી. સાંકડી ખીણ. બીજી દુનિયા: સુગંધી રંગવગરની.

૮૧ તેણે કહ્યું, "આ સંતો દેશવટામાં મારા અધિકાર અને દિવ્યતામાંથી વિખુટાં પડેલાં મારાં બચ્ચાંઓ છે."

૮૨ (તેઓ) હડધૂત થએલા અને કસોટીની ખાતર નિરાધાર છે. પણ ગુપ્ત રીતે હું તેઓનો દોસ્ત અને સગો છું,

૮૩ તેઓ સઘળા મારા રક્ષણમાં રક્ષાએલા છે, તમે કહી શકો કે તેઓ વાસ્તવિક રીતે મારા અંગો છે.

૮૪ ધ્યાનમાં લેજો, ધ્યાન રાખજો. આ મારા દરવેશો છે, તેઓ લાખો છે અને (છતાં) તેઓ એક જ દેહી છે.

૮૫ નહિતર, હ. મુસા (અ. સ) એક માત્ર દોરડા થકી ફીરઓનની (બાદશાહી)ને શિકસ્ત કેમ આપી શકત?

૮૬ નહિતર માત્ર એક જ ભયંકર શ્રાપ થકી હ. નુહ (અ. સ.)એ પૂર્વ અને પશ્ચિમ ને તેના જળપ્રલયમાં કેમ ડુબાવ્યું હોત?

૮૭ દયાળુ હ. લુત (અ.સ.)ની એક જ દુઆ થકી (તેના લોકો)નું શહેર ભસ્મિભૂત તરતું થયું? (તેઓને) નિરાધાર બનાવ્યા.

૮૮ તેઓનું સ્વર્ગસમ સુંદર શહેર કાળા પાણીનું સરોવર બન્યું. જા અને નિશાનીઓ જોઈ આવ.

૮૯ આ નિશાની અને ચેતવણી સિરીયાની દિશામાં પડેલી છે. તમે જેરૂસલેમ જતાં રસ્તામાં તે જોશો.

૯૦ લાખો પયગમ્બરો કે જેઓએ ખુદાની બંદગી કરી, ખરેખર દરેક પેઢીમાં (તેમના પર) સુધારણા અર્થે શિક્ષા થએલી છે.

૯૧ જો હું કર્યું રાચું અને જો સવિસ્તાર વધારૂં તો (માણસોના) દીલો તો શું પર્વતો પણ લોહી ઓકે.

૯૨ પર્વતોએ લોહી ઓક્યું અને ફરીવાર નક્કર બન્યા (પણ) તમોએ તેમને લોહી ઓકતા જોયા નહિ, તમે ચક્ષુહિન અને અધમ છો.

૯૩ એક અદ્દભૂત આંધળો માણસ દિર્ઘદષ્ટિ અને ચંચળ આંખવાળો (છે) (છતાં) પણ ઊંટના વાળ સિવાય બીજું કાંઈ જોતો નથી.

૯૪ એક કંજુસ પરાવલંબી અંગે વાળેવાળ તપાસે છે. એક રીંછની માફક કંઇ પણ હેતુ વગર નાચવું ચાલુ રાખે છે.

૯૫ જ્યારે તું પોતાને આત્મ સંયમી બનાવી શકે અને વિષયવાસનાના ભાઠાંના રૂને ફાડી શકે ત્યારે નાચ.

૯૬ (પવિત્ર) માણસો (રૂહાની) લડાઇના મેદાનમાં નાચે છે અને ચકાવો લ્યે છે. તેઓ તેના પોતાના લોહીમાં નાચે છે.

દોરડાથી સંતો - વિખુટાંમાંથી જુદા પડેલા.
હ. મુસા → ફિરોનની બાદશાહી. હડધૂત થએલા. કસોટીની ખાતર નિરાધાર
લાખો ગુપ્તતામાં હું દોસ્ત અને સગો છું. મારા અંગો છે
100.000 છે છતાં (1) છે. રક્ષાએલા છે મારા દરવેશો છે. લાખો છે છતાં 1 છે

૯૭ જ્યારે તેઓ પોતાની ખુદીમાંથી છુટી જાયં છે ત્યારે તેઓ હાથની તાળીઓ પાડે છે. જ્યારે તેઓ પોતાની અપૂર્ણતામાંથી નાશી છૂટે છે. ત્યારે તેઓ નાચે કુદે છે.

૯૮ તેઓના પોતાનામાંથી વાજીંત્રો વાગે છે. તેઓના પોતાના પરમઆનંદમાં સમુદ્રો ફીણમાં ફેરવાઈ જાય છે.

૯૯ તે તું જોઇશ નહિ. છતાં પણ તેઓના કાન માટે પાંદડાઓ પણ ઝાડની ડાળીઓ સાથે પોતાના હાથથી તાળીઓ પાડતી હોય છે.

૧૦૦ તમે પાંદડાંની તાળીઓ જોઇ શકશો નહિ. (તેના માટે) એક માણસને આ કાયાનો કાન નહિ (પણ) રૂહાની કાન હોવો જોઇએ.

૧૦૧ માથામાંના કાનને વિનોદ કરવામાંથી અને જુઠાણાથી બંધ કર. કે જેથી તું આત્માનું અદ્ભુત શહેર નિહાળી શકે.

૧૦૨ હ. મહમ્મદ (ર. સ. અ.) ના કાને (નીચેના) શબ્દોમાં રહેલો આંતરીક અર્થ સમજતો હતો. તેના માટે ખુદાએ કુરાનમાં કહ્યું છે, "તે એક કાન છે."

૧૦૩ આ પયગમ્બર સંપૂર્ણ કાન અને આંખ છે. આપણે તેનાથી તાજગી પામ્યા છીએ. તે એક દુધ પાનાર (માફક) છે અને આપણે (ધાવણાં) બચ્ચાં માફક છીએ. *

૧૦૪ આ સંભાષણનો અંત નથી. તેઓ કે જેઓને હાથી સાથે કામ છે ત્યાં પાછો ફર. અને પહેલેથી શરૂઆત કર.

## તેઓ કે જેઓએ હાથીઓનાં બચ્ચાંઓને ત્રાસ આપ્યો તેની બાકી રહેલી વાતો.

૧૦૫ હાથી દરેકના મોંની વાસ સૂંઘે છે અને દરેક માણસના પેટની આજુબાજુ ગોદા મારવા ચાલુ રાખે છે.

૧૦૬ તેણી તેણીનાં બચ્ચાંઓનું શેકેલું માંસ ક્યાં છે તે જોવાની (તલાસ) કરે છે કે જેથી તેણી પોતાનું વેર અને જોર બતાવી શકે.

૧૦૭ તમે ખુદાના ખાસ બંદાનું ગોસ ખાઓ છો, તમે પાછળથી કરડો છો. તમોને બદલો ભોગવવો પડશે.

૧૦૮ ખબરદાર થા, તે કે જે તમારું મોં સુંઘે છે તે પેદા કરનાર છે. (ખુદાથી) સાચો હોઇ તે સિવાય પોતાની જીંદગી કેમ બચાવી શકશો?

૧૦૯ ચોહીયાં કરનારને શાપ છે કે જેની વાસની મુનકીર અને નકીર કબરમાં ચકાસણી કરશે.

૧૧૦ પેલા શક્તિશાળીઓ માટે મોં સંતાડવાની કે મોંને હવાની ટીકડીઓથી મીઠું કરવાની શક્યતા જ નથી.

૧૧૧ ત્યાં (કબરમાં) પાણી કે તેલથી ચેહરાને છેતરાવી શકશે નહિ. વિદ્યા ચતુરી કે ભક્તાઈ (બતાવી) છેતરવાનો રસ્તો જ નથી.

૬-૩૯. પાછળ.
ની દિશામાં,
સિરીયા જેરૂસલેમ જતાં, રસ્તામાં.
ઇ.સ.ના. [illegible] શહેરને.

આત્માનું અદ્ભુત શહેર
રૂહાની કાન - પાંદડાની તાળી
કાયાનો કાન x પાડતા.
૧૦૩ંબર - સંપૂર્ણ કાન. આંખ.

૧૧૨ મિથ્યા લવારો કરનારના માથા અને પીઠ પર તેઓની ગદાઓના પ્રહારો કેટલી વાર પડશે?

૧૧૩ અઝરાયલની ગદાની અસર જો. જોકે તમે લાકડા કે લોઢાંને (તેના અસલ) રૂપમાં જોતા નથી.

૧૧૪ કોઇ કોઈવાર તેઓ પણ (શારિરીક) આકારમાં દેખાય છે. દર્દી (પોતે) તેનાથી સજાગ હોય છે.

૧૧૫ દર્દી કહે છે "ઓ મારા મિત્રો, મારા માથા ઉપર આ કોની તલવાર છે?

૧૧૬ (તેઓ જવાબ આપે છે) "અમે તે જોતા નથી. આ માત્ર ભ્રમ હોઇ શકે" આ ભ્રમ શું છે? (નહિ), તે (આ દુનિયામાંથી) વિદાઇગીરી છે.

૧૧૭ આ ભ્રમ શું છે કે જેના ત્રાકામાંથી આ ઉથલતું અવકાશ ભ્રામક બન્યું છે?

૧૧૮ બીમાર માણસને ગદાઓ અને તલવારો દેખાતી હોય છે, અને તેનું માથું જમીન તરફ ઝુકી પડયું હોય છે.

૧૧૯ તે તે દ્રવ્ય પોતા માટે હોવાનું જુએ છે. દોસ્ત અને દુશ્મનની નજર સરખી રીતે હટાવાઇ છે.

૧૨૦ દુનિયાની કંજુસાઈ નાશ પામી છે. તેની આંખ તેજસ્વી બની છે. લોહીના છંટકાવ, (મોત) વખતે તેની આંખ પ્રકાશિત બની છે.

૧૨૧ તેના ગર્વ અને ગુસ્સાના પ્રતાપે તેની આંખ કુકડાની (આંખ) જેવી બની છે. કે જે વગર કારણે કુકડેકુક કરે છે.

૧૨૨ પંખી કે જે કસમયે ઘંટડી વગાડે છે તેના માથાને કાપી નાખવું જરૂરી છે.

૧૨૩ દરેક પળે તારો વ્યક્તિગત આત્મા મોત સાથે લડતો હોય છે. તારા આત્માના મરણીય જંગમાં તારા ઈમાન તરફ જો.

૧૨૪ તારી જીંદગી સોનાના થેલા જેવી છે. રાત-દિવસ તેને સોનાના સિક્કા ગણુતા (આનંદ થાય) તેવી તેને લાગે છે.

૧૨૫ તે (વખત) હીસાબ કરે છે. અને ખાલી થાય ત્યાં સુધી અટકયા વગર આવે છે. અને પછી ઘરણ આવે છે.

૧૨૬ જો તમે પણ પહાડમાંથી કાંઈ ઉઠાવશો. અને તેની જગ્યાએ બીજું કાંઇ મુકશો નહિ તો પર્વત તેના આપનારાના પ્રતાપે નાશ પામશે.

૧૨૭ તેથી દરેક શ્વાસ (બહાર કાઢો છો) તેની જગ્યાએ કંઇ બરેબરીયું મુકો તેથી આમ (કુરાન પ્રમાણે) "અને પ્રાર્થના કર અને નજીક આવ" તારી ઈચ્છીત વસ્તુ મેળવીશ.

૧૨૮ (તારી દુન્યવી) વ્યવસાયને પુરો કરવા તડતોડ મહેનત કરતો નહિ. જે ધાર્મીક વ્યવસાય ન હોય તે માટે સખત મહેનત ન કર.

૧૨૯ (નહિતર) અંતમાં તું અપૂર્ણપણે છુટો પડીશ. તમારા રૂહાની વ્યવસાયો અધુરા રહેશે અને તારો રોટલો કાચો રહેશે.

૧૩૦ અને તેં તારી કબરને શણગારવા અને પત્થર અને લાકડું પાટાથી દફનકીયા કરી નથી.

૧૩૧ નહિ, (રૂહાની) પવિત્રતાની કબર તારા પોતાના માટે ખોદતાં અને તારા અહમને તેના અહમમાં દાટયું (નથી.)

૧૩૨ અને તેની ધૂળ બનતાં અને તેના પ્યારમાં દટાઈ જતાં, બદલામાં તેના અંગે તારો શ્વાસ તેના શ્વાસમાંથી પૂર્તિ મેળવશે.

૧૩૩ હકીકતના અનુયાયીઓ માટે ગુંબજ કે મિનારાઓની કબર યોગ્ય નથી.

૧૩૪ હમણાં જો કે એક હૈયાત ઇન્સાન રેશમી કપડાં પહેરે છે. શું (તેનું પહેરેલું) રેશમ તેની સમજણમાં કાંઈ મદદ કરે છે?

૧૩૫ તેનો આત્મા તિરસ્કાર ભર્યા તોફાનમાં છે. વ્યથાનો વિંછી તેના દુ:ખી દીલમાં બેઠો છે.

૧૩૬ તેના બહારના દેખાવમાં કારીગરીવાળાં જ શણગારો છે, પણ અંતમાં તે પોતાના (ઝેરી) વિચારોથી દીલગીરીમાં છે.

૧૩૭ ભલે તમે બીજા કોઇને જુના ફાટેલા ઝભ્ભામાં જુઓ (છતાં) તેના વિચારો શેરડી જેવા અને તેના શબ્દો સાકર જેવા (મીઠા) છે.

## હાથીની બાકી રહેલી વાર્તા

૧૩૮ ઇમાનદાર સલાહકારે કહ્યું: "મારી આ સલાહને ધ્યાનપૂર્વક સાંભળજો કે જેથી તમારાં દીલો અને આત્માઓ દુ:ખી ન થાય."

૧૩૯ ભાજીપાલો અને પાંદડાંઓથી સંતોષ પામજો. હાથીનાં બચ્ચાંઓની પાછળ જશો નહિ.

૧૪૦ મેં મારી ગરદન ઉપર રહેલું ઉપદેશનું દેવું ભરપાઈ કર્યું છે. ઉપદેશના (પરિણામે) અંત થોડો પણ આનંદીત આવો!

૧૪૧ હું સંદેશ પહોંચાડવા આવ્યો છું કે જેથી હું તમને ફાયદા વગરના પશ્ચાતાપમાંથી બચાવી શકું.

૧૪૨ ખબરદાર થાઓ, કંજુસાઈ તમારો રસ્તો રૂંધે નહિ, "ખાદ્ય સામગ્રીની કંજુસાઈ તમને જડમુળથી ઉખેડી નાખશે."

૧૪૩ તેણે આમ કહ્યું. અને વિદાયગીરી આપી અને છુટો પડયો. તેઓથી કંગાલિયત અને ભૂખ રસ્તામાં વધતી ચાલી.

૧૪૪ ઓચીંતાના (તેઓના) ધોરી રસ્તાની દિશામાં તરતના જન્મેલા હાથીનાં બચ્ચાં ઉપર તેઓની નજર પડી.

૧૪૫ તેઓ તેના પર ભૂખ્યા વરૂની માફક તુટી પડયા, તેને હજમ કરી ગયા અને પોતાના હાથો ધોઈ નાખ્યા.

૧૪૬ મુસાફરીમાંના એક સાથીએ (તેને) ખાધું નહિ. (અને બીજાઓને ખાતાં અટકવાનો) ભારપુર્વક બોધ કર્યો. કારણ કે પેલા દરવીશનાં વચનો તેણે યાદ રાખ્યાં હતાં.

૧૪૭ પેલા શબ્દોએ તે ભુંજેલા ગોસ (ખાવાથી) તેને અટકાવ્યો. જુની વિવેકબુદ્ધિ તમારા ઉપર નવું સદ્‌કિસ્મત ઇનાયત કરે છે.

૧૪૮ પછી તેઓ બધા ગાઢ ઉંઘમાં પડ્યા, પણ પેલો એક ભૂખ્યો, ટોળામાંના ભરવાડની માફક (જાગતો હતો.)

૧૪૯ તેણે એક વિકાળ હાથણી આવતો જોઈ, પહેલાં તેણી આવી અને પેલા ચોકી કરનાર તરફ દોડી.

૧૫૦ તેણીએ તેનું મોઢું ત્રણ વખત સુંઘ્યું, કંઇપણ અપ્રિય વાસ તેમાંથી ન આવી.

૧૫૧ તેણી તેની આજુબાજુ કેટલીય વાર ફરી અને ચાલી નીકળી. મહાકાય હાથણે તેને કાંઈ પણ ઇજા કરી નહિ.

૧૫૨ તેણીએ દરેક સુતેલાના હોઠને સુંઘ્યા, અને પેલા ગાઢ નિદ્રા લેતા દરક માણસોના (મોઢા) માંથી (તેના વહાલા બચ્ચાની) વાસ આવતી હતી.

૧૫૩ તેમણે (દરેકે) હાથીના બચ્ચાનું સેકેલું માંસ ખાધું હતું. હાથણ દરેકના કટકા કરી મારી નાખતી હતી.

૧૫૪ જલ્દીથી તેણી તે સમુહના એકેએક માણસના કટકા કરતી હતી. અને તેણીને તેમ (કરવામાં) ક્ષોભ થતો ન હતો.

૧૫૫ તેણીએ તે દરેકને હવામાં નિર્દય રીતે ઉછાળ્યો કે જેથી તે નીચે પડે અને કટકા થઈ જાય.

૧૫૬ ઓ લોકોના લોહી પીનારા, આ રસ્તેથી હટી જા, રખેને તેઓનું લોહી તારી વિરૂદ્ધ લડાઈ કરે.

૧૫૭ ખાત્રીપુર્વક જાણ કે તેઓની માલમિલ્કત તેના લોહીની (માફક) છે. કારણ કે માલમિલ્કત (શરીરની તાકાત) અંગે તેણે મેળવેલ છે.

૧૫૮ પેલા હાથીની મા (ભલાં અને નિર્દોષ કે જેઓ નબી અને વલીઓ પાસે બચ્ચાં છે) વેર વાળશે, નાના હાથીને ખાનારની યોગ્ય શિક્ષા તેનું ખૂન કરી નાખશે.

૧૫૯ ઓ લાંચ ખાનાર, તું હાથીનાં બચ્ચાં ખાય છે. હાથીનો માલિક તારી શ્વાસનળી પકડશે.

૧૬૦ દગલબાજી યોજનારને પેલી વાસ શરમમાં મુકશે. હાથી પોતાનાં બચ્ચાંઓની વાસ જાણતો હોય છે.

૧૬૧ તે કે જેને યમન (જેટલા દુરથી) ખુદાની સુવાસનું ભાન થાય છે, તેને મારામાંના જુઠાણાની વાસનું કેમ ભાન નહિ થાય?

૧૬૨ તેવી જ રીતે જેમ હ. મુસ્તફા (ર. સ. અ.) (આ) સુવાસ દૂરથી સુંઘતા હતા. તેઓ આપણામાંથી આવતી બદબો કેમ નહિ સુંઘે?

માલમિલ્કત - લોહી માફક છે. દાધાનું બુચ્ચુ - સેકયું.
[illegible]
[illegible] - મારી નાખશે.
[illegible]

૧૬૩ તે ચોક્કસ સુંઘશે પણ તે (આ સત્ય) આપણાથી છુપાવે છે. સુગંધ અને દુર્ગંધ આસમાન સુધી પહોંચે છે.

૧૬૪ તું સુતો છે. અને (દરમ્યાનમાં) પેલા (તારા) અપકૃત્યની વાસ નીલવર્ણા આસમાને ભટકાય છે.

૧૬૫ તે તારા આત્માના શ્વાસોનો સંગ કરે છે અને તે આકાશી અવકાશમાં ઉપર ચડે છે.

૧૬૬ **અહંકારની વાસ, કંજુસાઈની વાસ, અને પરસ્ત્રીગમનની વાસ ડુંગળીની (વાસ માફક) બોલતી બનશે.**

૧૬૭ જો તું સોગંદ ખા, એમ કહીને "મેં તેમને કયારે ખાધી છે? હું ડુંગળી અને લસણથી છેટો રહું છું!"

૧૬૮ તારા સોગંદની હવા (તારી વિરૂદ્ધ) પડશે. અને તારી આજુબાજુ બેઠેલાઓના નાક ઉપર ભટકાશે.

૧૬૯ ઘણી દુઆઓ તેમાં રહેલી દુર્ગંધના પ્રતાપે રદ થાય છે. અપ્રમાણિક દીલ જીભથી દેખાય આવે છે.

૧૭૦ આવી પ્રાર્થનાઓનો આ જવાબ છે "તું ગુમાવાયો છે" દરેક પ્રપંચીનું વળતર મારી હટાવવાનો દંડુકો છે.

૧૭૧ પણ જો તારા શબ્દો જુઠા હોય અને તારા કહેવાનો મતલબ સારો હોય તો તે ભાવ દર્શાવવાની ખામી ખુદાને અંજુર છે.

**પ્યારાની દ્રષ્ટિમાં પ્રેમીથી થએલી ભુલ અજાણવાના ખરાપણા કરતાં વધુ ઉત્તમ છે તે સમજાયવું.**

૧૭૨ સત્યવાદી હ. બિલાલ બંદગી માટે હોંશમાં લાગણીપુર્વક બોલતાં, "હય્યા કે બદલે હયા બોલતા."

૧૭૩ તેથી તેઓએ (અમુક લોકોએ) કહ્યું, "ઓ (ખુદાના) પયગમ્બર, આવી ભુલ કરવી સારૂં ન કહેવાય. જ્યારે કે (ઇસ્લામના) બંધારણની શરૂઆત થઇ છે."

૧૭૪ ઓ નબી અને પેદા કરનારના સંદેશક, વધુ સારી રીતે બોલનાર મુએઝીન શોધી લ્યો.

૧૭૫ દીન અને મઝહબી ભાવનાની શરૂઆતમાં 'હય અલલ ફલાહ' ને ખોટું ઉચ્ચારવું એ કલંક છે."

૧૭૬ નબી સાહેબનો ગુસ્સો ઉકળી આવ્યો, અને તેમણે (બિલાલ ઉપરની ખુદાઇ કૃપાની) બાતુની એક બે બાબતો કહી સંભળાવી.

૧૭૭ કહે. "ઓ દુષ્ટ ઇન્સાન, બિલાલનું હય (ઉચ્ચારણ ફેર), સો હયઝ અને ખપજ અને શબ્દો અને વાકયોના ઉચ્ચારણ કરતાં વધુ બહેતર છે."

૧૭૮ મને ગુસ્સામાં ખેંચી જા નહિ. નહિતર તારી શરૂઆત અને તારા અંતની ગુપ્ત હકીકત જાહેર કરીશ."

સુગંધ, દુર્ગંધ – આસમાન સુધી પહોંચે!

૧૭૯ જો દુઆ માગવામાં તારો મીઠો શ્વાસ ન હોય તો જા અને (પવિત્ર) દિલોમાંથી દુઆ મેળવ.

## હ. મુસા (અ. વ.) ઉપર મહાન ખુદાની વહી આવી કે "તે મુખ કે જેનાથી પાપ ન થયું હોઈ તે મુખથી મને બોલાવ."

૧૮૦ તેણે (ખુદાએ) કહ્યું, "ઓ મુસા. મારૂં રક્ષણ શોધ. એવામાંથી બોલાવ કે જેનાથી પાપ થયું ન હોય!"

૧૮૧ હ. મુસા (અ. સ.) એ જવાબ આપ્યો, "મારી પાસે એવું મુખ નથી." ખુદાએ જવાબ આપ્યો, "બીજાના મુખથી મને બોલાવ."

૧૮૨ તેં બીજાના મુખથી કદી પાપ કર્યું છે? બીજાના મુખથી ખુદા પાસે દુઆ માગ. કહે "ઓ ખુદા"

૧૮૩ એવી ડહાપણ ભરેલી રીતે વર્તન રાખ કે દીવસ અને રાત તેઓના મુખો તારા માટે દુઆ કરે.

૧૮૪ તારા એવા મુખથી માફી માગ કે જે મુખે કદી પાપ કર્યું ન હોય. અને તે મુખ બીજાનાં જ હોવાં જોઈએ.

૧૮૫ અથવા તો તારૂં પોતાનું મુખ પવિત્ર કર. તારા આત્માને જાગૃત અને ફોરો બનાવ.

૧૮૬ ખુદાનાં વખાણ પવિત્ર છે, જ્યારે પવિત્રતા આવે છે ત્યારે ગંદકી ઉઠાંતર કરી રવાના થઇ જાય છે.

૧૮૭ વિરોધીઓથી વિરોધી ભાગી જાય છે. જ્યારે સૂર્યનું અજવાળું ચમકે છે રાત્રી નાશી જાય છે.

૧૮૮ જ્યારે ચોકખું (પવિત્ર) નામ મુખમાં આવે છે ત્યારે અપવિત્રતા કે શોક રહેતો નથી

## દુઆ માગનાર (બંદા) ખુદા તરફની દુઆ, અનિવાર્ય રીતે ખુદાનો તેને જવાબ આપવો એ બન્ને એક જ હકીકત છે.

૧૮૯ એક રાત્રે અમુક માણુસ રૂદન કરી કહેતો હતો "અલ્લાહ" ત્યાં સુધી કે તેના (ખુદાના) વખાણમાં મીઠા થતા જતા હતા.

૧૯૦ સેતાને કહ્યું, "ઓ વાતોડીયા, હું તને વિનંતિપૂર્વક પૂછું છું, આ બધા અલ્લાહ બોલવાનો પ્રત્યુત્તર કયાં છે?"

૧૯૧ (ખુદાઇ) તખ્તમાંથી એક પણ પ્રત્યુત્તર આવતો નથી. ભયાવહ ચહેરાથી કયાં સુધી 'અલ્લાહ' ના (નામની) રાડ પાડયા કરીશ?"

૧૯૨ તેનું દીલ ભાંગી ગયું. અને (સુવા માટે) માથું જમીન પર મૂકયું. સ્વપ્નામાં હરિયાળી જગ્યાઓ હ. ખિઝર (અ. સ.) ને જોયા.

૧૯૩ તેમણે (હ. ખિઝર અ. સ.) કહ્યું: "સાંભળ, તું ખુદાના વખાણમાં પાછો પડયો છે. તેને બોલાવવા માટે તને પશ્ચાતાપ થાય છે?"

૧૯૪ તેણે કહ્યું: "ના" હું અહીં છું કે પ્રત્યુતર મળે છે. પરંતુ મને બીક લાગે છે કે મને તેના દરવાજેથી હાંકી કાઢવામાં આવશે."

૧૯૫ તેમણે (હ. ખિઝર અ. સ.) કહ્યું: (ખુદાએ કહ્યું: છે) કે તારૂં અલ્લાહનું (રટણ) એ મારૂં 'હું અહીં છું' છે અને તારી વિનંતી. ગમ અને આવેશ એ મારો સંદેશાવાહક છે.

૧૯૬ તારી તરકીબો અને પ્રયત્નો (મને મલવા માટેનો) રસ્તો શોધે છે, તારા પગોને (મારા તરફ આવવા) સ્વતંત્ર કરે છે.

૧૯૭ મારી સહાય મેળવવા માટે તારો ગમ અને પ્રેમ સરકણી ગાંઠ (માફક) છે. દરેક "ઓ માલિક" (બોલવાની) અંદર મારા તરફથી "હું અહીં છું" "ઘણા છે."

૧૯૮ મૂર્ખનો આત્મા આવી દુઆથી ઘણો વેગળો છે. કારણ કે "ઓ માલિક" ની બુમ પાડવાની તેને રજા હોતી નથી.

૧૯૯ તેના મોઢા અને દીલ ઉપર તાળું અને ખીલો છે. તેથી તે દુઃખના સમયે ખુદા સમયે ખુદા પાસે છેવટ પશ્ચાતાપ પણ ન કરી શકે.

૨૦૦ તેણે (ખુદાએ) ફીરઓનને સેંકડો ગણી દૌલત અને ધન આપ્યું હતું. તેથી તેણે (ખુદાઈ) શક્તિ અને સત્તાનો દાવો કર્યો.

૨૦૧ તે હલકી ખાસીયતના માણસે પોતાની આખી જીંદગીમાં (રૂહાની) દર્દ કદી ન અનુભવ્યું કે છેવટ તે ખુદા પાસે રૂદન કરે.

૨૦૨ ખુદાએ તને આખી દુનિયાની બાદશાહી આપી. પણ તેણે તેને શોક, દુઃખ કે વ્યથા આપ્યાં નહિ.

૨૦૩ દુન્યવી બાદશાહી કરતાં વ્યથા ઉત્તમ છે કે જેથી તમે ખાનગીમાં ખુદાને યાદ કરો.

૨૦૪ વ્યથાહિનનું બોલવું એ સ્થગીત દીલમાંથી છે. ઈન્સાનનું હર્ષાવેશમાં ગમગીન હોવું એ અત્યાનંદમાંથી છે.

૨૦૫ (તે) હોઠોમાં અવાજને પાછો ખેંચી લેવામાં આવે છે, (દરેકની) શરૂઆત અને અંતનો દીલમાં વિચાર કરવો જોઈએ.

૨૦૬ તે અવાજ પવિત્ર અને કંપીત દીલનો બને છે (કહે) છે, "ઓ ખુદા" અને ઓ તું કે જેની મદદ માગવામાં આવે છે અને ઓ મદદગાર.

૨૦૭ કુતરાનું "તેના અંગેનું રડવું" (દૈવી) નજદીકમાં નકામું જતું નથી. કારણ કે દરેક કે જે તેની ઈચ્છા રાખે છે તે લુટારાનો કેદી છે.

૨૦૮ (દાખલા તરીકે) જેમ ગુફાનો કુતરો જે મુડદાલ માંસ (ખાવામાંથી) સ્વતંત્ર હતો. અને રૂહાની (બાદશાહો) ના મેજ ઉપર બેઠો.

"અલ્લાહ" "હું અહીં છું" "ઘણા છે"
સહાય → ગમ, પ્રેમ (= સરકણી) ગાંઠ માફક.
જેની ઇચ્છા - 'લુટારાના કેદી' છે.
રાખે છે.

૨૦૯ તે કયામત સુધી શુફા આગળ (દૈવી) દયાના પ્રતાપે ઘડા વગર ડહાપણુ કે પાણી પીએ છે.

૨૧૦ અરે કેટલાય એવા કુતરાના ચામડામાં (છે) કે જેની કાંઈ પ્રખ્યાતી નથી, છતાં બાતુનમાં (દૈવી જ્ઞાનના) પ્યાલા વગરના નથી.

૨૧૧ ઓ પુત્ર, આ પ્યાલા માટે જીંદગી અર્પણુ કર. (રૂહાની) જેહાદે અકબર અને ધીરજ વગર કેટલી લડાઈમાં વિજય મેળવીશ ?

૨૧૨ આના કારણે ધીરજ બતાવવી એ કાંઈ અસહ્ય નથી. ધીરજ ધર. કારણુ કે ધીરજ આનંદની ચાવી છે.

૨૧૩ આ છટકામાંથી કોઈપણુ ધીરજ અને ડહાપણુ વગર છટક્યું નથી. ધીરજ એ ખરેખર હાથ અને પગ છે.

૨૫૪ ખાવામાં (અને પીવામાં) ડહાપણુ રાખ. કારણુ કે આ (ખાવું પીવું) ઝેરી ભાજી-પાલો છે. દીર્ઘદૃષ્ટિ રાખવી એ શક્તિ અને પયગમ્બરનો પ્રકાશ છે.

૨૧૫ તે કે જે પવનના ઝપાટામાં કૂદે છે તે ઘાસ (માફક) છે (પણુ) પવનના ગમે તેટલા જોસમાં પર્વત કેમ હાલશે ?

૨૧૬ દરેક દિશાએ પ્રેત તમને બોલાવે છે, ઓ ભાઈ સાંભળ, (જો) તારે રસ્તો શોધવો હોય તો (આ બાજુ) આવ.

૨૧૭ હું (તને રસ્તો બતાવીશ. હું મુસાફરીમાં તારો માયાળુ સાથી બનીશ. આ અટપટા રસ્તા ઉપર હું તારા માટે દોરવણી આપનાર છું."

૨૧૮ તેણી (પ્રેત) માર્ગદર્શક નથી. અને તેથી તે રસ્તો જાણુતી પણુ નથી. ('ઓ યુસુફ' પેલા વરૂ જેવા તરફ જતો નહિ.)

૨૧૯ ડહાપણુ આ છે. હું સમૃદ્ધ વસ્તુઓ અને મીઠાઈઓ અને દુનિયાની જાળમાં ભૂલ-થાપ ખાતો નહિ.

૨૨૦ કારણુ કે તે (પ્રેત) પાસે સમૃદ્ધ ચીજો કે મીઠાઈ નથી. તેણી જાદુઈ તંત્રથી તારા કાનમાં હવાની લહેરીઓ મૂકે છે.

૨૨૧ કહે છે, "મારા મહેમાન તરીકે આવ, (ઓ મારી આંખોના) પ્રકાશ આ તમારૂં ઘર છે અને તમે મારા છો."

૨૨૨ (તેને) આમ કહો તે ડહાપણુ છે, "મને અપચો છે. અથવા હું બીમાર છું હું આ અસ્થિના ઘરમાં માંદો છું."

૨૨૩ અથવા (કહો) "મારૂં માથું દુ:ખે છે, મારા માથાનો દુ:ખાવો લઈ લ્યો અથવા મારી માતાના કાકાના છોકરાએ મને આમંત્રણુ આપ્યું છે."

૨૨૪ કારણુ કે તેણી તમને (ઝેરના) ડંખવાળું મધ આપશે. તેથી તેણીનું મધ (તમારામાં) ઘણા ઉઝરડા કરશે.

૨૨૫ અગર જો કે તેણી તમને પચાસ કે સાઠ સોનાના (સિક્કા) આપે તો પણ "એ મચ્છી, તેથી તમને હુક (સિવાય) કાંઇ નહિ મળે."

૨૨૬ જો તેણી આપે તો પણ તે ઢોંગી ખરેખર શું આપશે? દગલબાજના શબ્દો સડેલા અખરોટ જેવા છે.

૨૨૭ તેની કર્કશ વાણી તમારી સમજણ અને દિમાગને લૂંટી લયે છે અને લાખો સમજણોને એક તરીકે કબુલ કરાવશે.

૨૨૮ તમારી મુસાફરીમાં તમારા પેટી બીસ્તરા તમારા દોસ્ત છે (બીજાની દરકાર રાખતા નહિ) જો તું 'રામીન' છો તો તારી 'વીસા'. સિવાય કંઇ શોધ નહિ.

૨૨૯ તારી 'વીસા' અને વગલમ તારી પોતાની ખુદી જ છે. અરે આ બધી જાહેરી ચીજો તમને (તમારાં) હાડકાં માફક છે.

૨૩૦ ડહાપણ આ છે કે જ્યારે તેઓ (દુન્યવી ચીજો) તમને આમંત્રે ત્યારે તમારે કહેવું ન જોઇએ કે તેઓ મારાથી મોહિત છે અને મારા તરફ પ્રેમ છે.

૨૩૧ જાણુ કે તેનું આમંત્રણ એ પારધી જે આંતરવાના માર્ગમાં છુપાએલો (છે) અને તે પક્ષીની સીસોટી વગાડે તેના જેવું છે.

૨૩૨ તેણે આગળના ભાગમાં એક મરેલું પંખી રાખ્યું છે. (એવો ઢોંગ કરવા કે) આ ગમગીન અવાજ અને બુમ પેલા પંખીમાંથી આવે છે.

૨૩૩ પંખીઓ ધારે કે તે તેઓની જાતમાંનો એક છે, તેઓ તેની આજુબાજુ ભેગા થાય છે અને તે તેમની ચામડીઓ ઉતરડે છે.

૨૩૪ અલબત એ શક વગરની વાત છે કે પંખી કે જેવા ઉપર ખુદાએ ડહાપણ ઈમાયત કર્યું છે તે લાલચ અને છીકામાં ફસાવતી મુર્ખાઇ નહિ કરે.

૨૩૫ ખાત્રીપૂર્વકના પશ્ચાતાપના પ્રતાપે ડહાપણ (મેળવાય છે) આ સમજાવતી નીચેની વાર્તા સાંભળ.

## ગામડીયાએ શહેરીનો કેવી રીતે વિશ્વાસઘાત કર્યો, અને મહાન તક અને નમ્ર વિનંતીઓથી આમંત્રણ આપ્યું તે વિષે.

૨૩૬ ઓ ભાઈ, ભૂતકાળમાં એક શહેરી હતો (કે જે) ગામડીયા સાથે ગાઢ સંબંધ ધરાવતો.

૨૩૭ જ્યારે જ્યારે ગામડીઓ શહેરમાં આવતો ત્યારે તે તેનો તંબુ શહેરની ગલીમાં ખોડતો.

૨૩૮ તે બે કે ત્રણ મહીના માટે તેનો મહેમાન બનતો. તે તેની દુકાનમાં અને મેજ ઉપર હાજર રહેતો.

૨૩૯ અને શહેરી તે સમય દરમ્યાન કીંમત લીધા વગર તેને જે પણ ચીજો જોઇતી તે સઘળી પૂરી પાડતો."

૨૪૦ (એકવાર) પેલો ગામડીઓ શહેરી તરફ જોઈ કહે, "શેઠ સાહેબ, તમે કદી તહેવારોમાં (આનંદ પ્રમોદ) કરવા ગામડામાં આવતા નથી.

૨૪૧ ખુદાના નામે ( હું અરજ કરૂં છું કે ) તમારાં બધાં બચ્ચાંઓ લાવો કારણ કે આ સમય વસંતઋતુ ગુલાબી હવાનો છે.

૨૪૨ અથવા તો ફળની મોસમ ઉનાળામાં આવો કે જેથી હું તમારી ચાકરી કરવામાં મારો કમરપટો કસું.

૨૪૩ તમારો રસાલો તમારાં બધાં બચ્ચાંઓ અને સગાંવહાલાને લાવજો. અને અમારા ગામડામાં ત્રણ કે ચાર મહીના રહેજો.

૨૪૪ કારણ કે વસંતમાં ગ્રામ્યપ્રદેશ ખુશનુમા હોય છે. વાવેલાં લીલાછમ ખેતરો અને સુંદર સુગંધી સફેદ પુષ્પો.

૨૪૫ શહેરી હમેશાં તેને વચનોથી શાંત કરતો હતો. આવી રીતે પહેલી વખંત આપેલા વચનને ( ખાસાં ) આઠ વર્ષ પસાર થઈ ગયાં હતાં

૨૪૬ દરેક વર્ષે તે ( ગામડીઓ ) કહેતો " કયારે તમે બધા મુસાફરીમાં નીકળી પડો છો? કારણ કે ડીસેમ્બરનો મહીનો તો ( કયારનો ) આવી ગયો છે."

૨૪૭ અને તે ( શહેરી ) બહાનું કરી કહેતો, વર્ષે અમારે ત્યાં ફલાણા ફલાણા પ્રગણાના મહેમાનો આવ્યા છે.

૨૪૮ પછી બીજે વર્ષે હું ( તમારા મુલકના ) તે ભાગમાં જો જરૂરી કામગીરીના દલાલા-માંથી છટકી શકાશે તો દોડતો આવીશ.

૨૪૯ તે ગામડીઓ કહેતો " ઓ ભલા આદમી, મારું કુટુંબ તમારા આગમનની રાહ જુએ છે."

૨૫૦ દરેક વર્ષે તે મોટા બગલાની માફક શહેરીના આવાશમાં રહેવા પાછો હાજર થઈ જતો.

૨૫૧ છેલ્લી વખતે પેલા ગૃહસ્થે સવાર સાંજ ત્રણ મહીનાઓ માટે ( ખાવાની ) થાળીઓ હાજર કર્યા કરી.

૨૫૨ અને દરેક વર્ષે પેલો શેઠ તેના ઉપર સોનું અને દોલત ખર્ચતો અને તેની પાંખો ( મહેમાન નવાજીમાં ) ઉઘાડતો.

૨૫૩ શરમાઈને તેણે ફરીથી શેઠને કહ્યું, " માત્ર વચનો સિવાય ( બીજું કંઈ નહિ ) કયાં સુધી? કેટલો લાંબો વખત તમે મને ઉધુંચતું સમજાવશો ?"

૨૫૪ શેઠે કહ્યું: " મારૂં શરીર અને આત્મા તે ( મુસાફરી ) માટે આતુર છે. દરેક બાબત તેના ( ખુદાના ) હુકમ ઉપર આધાર રાખે છે.

૨૫૫ માણુસ એક વહાણુ અને સફર જેવો છે હવાનો ચાલનાર અનુકૂળ હવા ફૂંક ત્યાં સુધી તેણે ( રાહ જોવી જોઈએ. )

૨૫૬ (ગામડીયાએ) વધુ એક વાર તેને આગ્રહભરી વિનંતી કરી. ' ઓ ઉદારતાના ( દાતા ) તમારા બધાં બચ્ચાંઓ આવો અને ( ગ્રામ્ય પ્રદેશનો ) આનંદ અનુભવો.'

૨૫૭ તેણે તેના હાથ કરારનામાની માફક ત્રણ વખત ચુમ્યો. કહે, ખુદાના નામે જલ્દીથી આવજો, બની શકતી કોશીષ કરજો.

૨૫૮ દશ વર્ષ વીત્યાં, અને દરેક વર્ષે તેવી જ મીઠીમધ વિનંતીઓ અને વચનો.

૨૫૯ શેઠનાં છોકરાંઓ કહે "ઓ પિતાજી, ચંદ્રમા અને વાંદળાંઓ અને પડછાયાઓને પણ તેમની મુસાફરી હોય છે.

૨૬૦ તમે તેના ઉપર ઉપકારો કર્યા છે. તમે તેના કારણે ખૂબ દુઃખ વેઠ્યું છે.

૨૬૧ અને જ્યારે તમે તેના મહેમાન બનશો ત્યારે તે ઉપકારનો થોડો ભાર બદલા તરીકે વાળવા ઇચ્છે છે.

૨૬૨ તેણે આપણને ખાનગીમાં ઘણા આદેશો આપ્યા છે. તેણે કહ્યું છે "તેને ગ્રામ્ય પ્રદેશમાં લઇ આવો (તેને આવવા માટે) ફોસલાવો."

૨૬૩ તેણે (શહેરીએ) કહ્યું, "આ સત્ય છે. જેઓ તરફ તમે માયાળુપણે વર્ત્યા તે ડાહ્યા માણસ વિરૂદ્ધ બોલવાથી પાબંધી કરજો.

૨૬૪ પ્રેમ છેલ્લા શ્વાસનું બી છે. મને બીક લાગે છે કે તે સદ્ભાવ ગુમાવવું બને.

૨૬૫ દોસ્તીએ કટકા કરતી તલવાર છે. ડીસેમ્બરમાં (શિયાળામાં) બગીચા અને ધાન્યના ખેતરોને (નાશ કરનાર) માફક છે.

૨૬૬ દોસ્તી વસંત ઋતુમાં માફક છે. જયારે કે તે પુનરૂદ્ધાર અને સંખ્યા પેદા કરે છે.

૨૬૭ ડહાપણ આ છે કે તે તમે ખરાબ ધારો કે જેથી તમે છેટે ભાગો અને ખરાબીથી બચી જાશો.

૨૬૮ હ. પયગમ્બર સાહેબે કહ્યું છે. "ખરાબ ધારણામાં ડહાપણ છે." ઓ મૂર્ખ જાણ કે દરેક પગે જાળ બીછાવી છે.

૨૬૯ મેદાનની જમીન સપાટ અને પહોળી છે છતાં (પણ) દરેક પગલે જાળ છે. બડાઈપૂર્વક આગળ વધતો નહિ.

૨૭૦ પર્વતના બકરાઓ દોડયે જાય છે, કહે છે, જાળ કયાં છે? (પછી) તે આગળ વધે છે અને તેના ગળામાં જાળ ફસાઈ જાય છે.

૨૭૧ ઓ તું કે જે કહે છે, 'કયાં'? આંખ ખોલ અને જો કે તું મેદાન જુએ છે પણ અટકાયત જોતો નથી!

૨૭૨ ઓ લુચ્ચા, અટકાયત અને છટકું અને શિકારી વગર ધાન્યના ખેતરમાં ઘેટાંની પૂંછડી કયાંથી હોય?

૨૭૩ તેઓ કે જેઓ દુનિયા ઉપર અહંકારથી આવ્યા. તેઓનો હાડકાં અને ખોપરીઓ જુઓ.

૨૭૪ ઓ તું કે જેનાથી ખુદા રાજી છે, કબ્રસ્તાને જાઓ ત્યારે તમે તેઓના પસાર થયેલા ભૂતકાળ વિષે તેઓનાં હાડકાંને પૂછો.



પ્રેમ છેલ્લા શ્વાસનું બી છે.

૨૭૫ કે જેથી તમે ચોકખી રીતે જોઈ શકો કે પેલા આંધળા ગાંડાતુર માણુસો ખોટ ભ્રમની ખીણમાં કેવા નીચા ગયા છે!

૨૭૬ જો તમને આંખો હોય તો આંધળાની રીતે ચાલો નહિ, અને જો તમોને આંખે નથી તો હાથમાં લાકડી રાખો.

૨૭૭ જ્યારે તમારા હાથમાં ડહાપણુ અને ન્યાયરૂપી લાકડી નથી ત્યારે આંખવાળા (જોનારને) આગેવાન બનાવો.

૨૭૮ અને જો ડહાપણુ અને ન્યાયની લાકડી પછી તો દરેક રસ્તા ઉપર દોરનાર વગર ઉભા રહો નહિ.

૨૭૯ આંધળા માણુસના પગલાંઓની માફક પગલાં પાડ, એટલા માટે કે તારો પગ ખાડા કે કુતરાથી બચી શકે.

૨૮૦ તે (આંધળો) પોતાનો પગ ધ્રુજતે ધ્રુજતે અને બીતો બીતો અને ચોકસાઈપૂર્વક મૂકે છે જેથી તે આડો અવળો પડે નહિ.

૨૮૧ ઓ તું કે જે કંઈક ધુમાડાથી કુદી પડયો છે અને અગ્નિમાં પડયો છે તને (ખોરાકનો) કોળીઓ મળ્યો છે અને સરપનો કોળીઓ બન્યો છો.

## સબાના લોકોની વાર્તા અને રિદ્ધિ સિદ્ધિઓએ તેમને કેવા અનુપકારી બનાવ્યા તે વિષે.

૨૮૨ તમે સબાના લોકોની વાર્તા વાંચી નથી. અથવા જો તમે તે વાંચી છે તો પડઘા સિવાય કાંઈ (સાંભળ્યું) નથી.

૨૮૩ પર્વત પોતે પડઘાથી વાકેફગાર હોતો નથી. પર્વતનું મન (તેના) અર્થ સમજવાની (શક્તિ ધરાવતું નથી).

૨૮૪ તે કાન અને વિચારશક્તિ વગર અવાજ કરવા ચાલુ રાખે છે, જ્યારે તમે શાંત છો તો તે પણુ શાંત છે.

૨૮૫ ખુદાએ સબાના લોકો ઉપર અસંખ્ય કિલ્લા અને મહેલો અને ફળવાડીઓની રહેમત કરી.

૨૮૬ (પણુ) પેલા હલકી ખાસીયતનો લોકોએ કદી ઉપકાર ન માન્યો. તેઓ નાસ્તિકતામાં કુતરા કરતાં હલકા હતા.

૨૮૭ જ્યારે કુતરા માટે દરવાજામાંથી એક રોટલાનો ટુકડો આવે છે ત્યારે તે દરવાજા પર પોતાની કમર લપેટશે.

૨૮૮ તે દરવાજાનો રખેવાળ અને ચોકીદાર બનશે. પછી ભલે તેના ઉપર શારિરીક હુમલો કે ખરાબ વર્તણુંક આવી પડે.

૨૮૯ છતાં તે પડયો રહેશે અને દરવાજે વસવાટ કરશે. બીજે દરવાજે દરવાજે શોધવો તેને તે અનુપકારી (કાર્ય) ગણાશે.

૨૯૦ અને જો અજાણ્યો કુતરો દિવસે કે રાત્રે નજીક આવશે તો કુતરાએ તુર્ત જ તેને પાઠ જણાવશે.

૨૯૧ કહેશે, તારા શરૂઆતના રહેઠાણે પહોંચી જા. દીલની ખાત્રી તે માયાળુપણાનો બદલો છે.

૨૯૨ તેએ તેને કરડશે, કહેશે તારી જગ્યાએ ચાલ્યો જા. પેલા માયાળુપણાના બદલાંમાંથી જરા પણ મુક્તિ નહિ મળે !

૨૯૩ રૂહાનીયત અને રૂહાની માણસોના દરવાજેથી જીવનનું જળ કયાં સુધી પીશ ? જ્યારે કે તારી આંખો ઉઘાડવામાં આવી છે.

૨૯૪ **તારા આત્મા ઉપર રૂહાનીયતના દરવાજામાંથી ઘણો ખોરાક અત્યાનંદ મદહોશ અને બેખુદી ઉતારેલ છે.**

૨૯૫ તેં ત્યારબાદ કંજુસાઇ થકી દરવાજો તજી દીધો છે. અને હવે રીંછની માફક દરેક દુકાનની આજુબાજુ ફરે છે.

૨૯૬ તું કીંમત વગરના રોટલાના ટુકડા માટે (દુન્યાના) આશ્રયદાતા, જેઓના ઘડા ચરબીથી ભરેલા છે તેના દરવાજે દોડે છે.

૨૯૭ અહીં (જ્યાં સંતો પ્રતિક્ષા કરે છે) ત્યાં જાડાઇનો અર્થ રૂહાની કુવ્વત જાણ, અને (જાણે કે) અહીં ભલાઇ સાહસિકની આંધેધરી લાવે છે.

**હ. ઇસા (અ. સ.) ના મઠદ્વારે દરરોજ સવારે તિરસ્કારાએલાનું હાજર થવું અને દુઆ થકી પ્રબળ ઉમેદો પૂર્ણ થવા વિષે.**

૨૯૮ ઓ દુઃખિયારા ખબરદાર થા ખબરદાર થા. અધ્યાત્મિકતાનું મેં જ હ. ઈસા (અ. સ.) ના મઠ જેવું છે. આ દરવાજો તજતા નહિ.

૨૯૯ માણુસો આંધળા અને લુલા અને લકવાવાળા અને ચાદરમાં વિંટાએલા દરેક દિશાઓથી ભેગા થતા.

૩૦૦ હ. ઇસા (અ. સ.) (દરરોજ) સવારમાં મઠનો દરવાજા પાસે (આવેલાં ને) પોતાની ફુંક થકી તેના ઉગ્ર સંતાપમાંથી ઉગારતા.

૩૦૧ સરઘસ આકારે ફરતાં તેની બંદગી જેવી પુરી થતી કે સવારમાં તે ભલા ધર્માનુભાવી (હ. ઇસા. અ. સ.) પાસે આગળ વધતા.

૩૦૨ તેના દરવાજે સંતાપમાં ફસેલાં (આરામની) ઉમેદે બેઠેલા લોકોના ટોળાં આવેલાં હોય તેમને મળતા.

૩૦૩ (પછી) તે કહેતા, એ તમો કે જેઓ દીલના ઘવાએલા છો, બધાની ભલી ઉમેદો ખુદાએ કબુલ કરી છે.

૩૦૪ સાંભળો, તમો બધા કે જેઓ અહીં હાજર છે, ખુદાની માફી અને રહેમત તરફ કાંઇ પણ દુઃખ કે તકલીફ વગર પગલાં ભરો.

૩૦૫ ઊંટો કે જેઓની ઘૂંટણીઓ બાંધી હોઇ (અને છુટે તેમ) છોડેલા ઊંટોની માફક સઘળાઓ આગળ જવાની દૃષ્ટિ રાખી (રવાના થાઓ.)

૩૦૬ તેની દુઆ પછી તેઓ પગોથી પોતાના ઘરો તરફ ખુશી અને હરખમાં દોડવું શરૂ કરતાં.

૩૦૭ (તેવી જ રીતે) તેં ઘણી બીમારીઓનો તારામાં અનુભવ કરેલો હશે અને આ રૂહાની બાદશાહો પાસેથી તંદુરસ્તી મેળવી હશે.

૩૦૮ તારૂં લંગડાવું કેટલીવાર સહેલાઇમાં ફેરવાઈ ગયું છે, કેટલી બધી વાર તારા આત્માને દુઃખ અને દીલગીરીમાંથી મુક્તિ મળી છે.

૩૦૯ એ ગાફલ તારા પગે દોરી બાંધ કે જેથી તું મુક્તિ મળતાં, તારાથી તું પોતે ખોવાઈ ન જા. એ પ્રમાદી.

૩૧૦ મધ પીવાનું તારૂં (અગાઉનું) અનુપકારીપણું અને વિસ્મરણ ધ્યાન ઉપર લેવામાં નહિ આવે.

૩૧૧ જરૂરીયાત અંગે તે રસ્તો તારા માટે બંધ કરાયો છે, કારણ કે "દિલના માણસનું" દીલ તારાથી દુભાવાયું છે.

૩૧૨ જલ્દીથી તેમને ધ્યાનમાં લે અને ખુદાની માફી માગ, વાદળાંની માફક રોઇને આંસુ પાડ.

૩૧૩ એટલા માટે કે તેઓની ગુલાબવાડી, તેની સુંદરતા તારામાં ઉગાડે અને તેથી પાકાં ફળો તુટીને પોતાને જાહેર કરે.

૩૧૪ તે જ દરવાજાની આજુબાજુ ફરતો રહે, કુતરાથી ઓછો નહિ ઉતર. જો તું ગુફાના કુતરા જેમ સાથી મુસાફર બન્યો હો.

૩૧૫ કારણ કે કુતરાઓ પણ કુતરાઓને સલાહ આપી કહે છે, તારૂં દીલ તારા પેલા ઘર ઉપર લગાવ.

૩૧૬ પેલા દરવાજાને મજબુતીથી પકડી રાખ. જ્યારે તેં હાડકાં ખાધાં છે (તો પછી) તારી ફરજ પૂર્ણ કર. (દેવું ભરપાઈ કર્યા વગર) તે છોડ નહિ.

૩૧૭ તેઓ (અજાણ્યા કુતરાને) કરડવું ચાલુ રાખશે, એટલા માટે કે પોતાની ફરજનું ભાન થતાં તે ત્યાં પાછો જાય, અને પોતાના પેલા રહેઠાણે આબાદ થાય.

તારા પગે દોરી બાંધ. મુક્તિ મળતાં
તારાથી તું પોતે ખોવાઈ ન જા.

૩૧૮ તેઓ તેને કરડશે, કહેશે, ઓ હલકટ કુતરા, જા તારી ભલાઇ કરનારનો દુશ્મન બન નહિ.

૩૧૯ દરવાજાની સાંકળ માફક તે જ દરવાજે પડયો રહે, ચોકી કર, નમ્ર બન અને (દુશ્મન ઉપર) છલંગ મારવા તત્પર રહે.

૩૨૦ વિશ્વાસ ભંગ કરનારના જેવો બન નહિ (આપણી) જાણીતી વફાદારીને કિંમત વગરની બનાવ નહિ.

૩૨૧ વફાદારીના ચાંદ માટે જ્યારે કે કુતરાઓ જાણીતા છે ત્યારે જાઓ અને કુતરાઓ ઉપર હલકાઈ અને બદનામી લાદો નહિ.

૩૨૧ તેવી જ રીતે કુતરાઓ બેવફાઈ માટે કલંક રૂપ છે, તો પછી તું કેવી રીતે બેવફાઈ બતાવવી સારી વાત સમજે છે?

૩૨૩ મહાન ખુદાએ વિશ્વાસુ સંબંધી ફરમાવ્યું છે, ફરમાવે છે, "મારા સિવાય વચનનો વિશ્વાસુ બીજો કોન છે?"

૩૨૪ ખુદાના ઇન્કારની બીજા સાથેની વફાદારી એ બેવફાઈ છે. ખુદાના અધીકારો ઉપર કોઇની સરસાઈ નથી.

૩૨૫ તારી માતાનો હક (માત્ર) ત્યારે જ લાગુ પડે છે જ્યારે કે કૃપાળુએ તારા ગર્ભ-વાસ અંગે તારી માતાનો કરજદાર બનાવ્યો છે.

૩૨૬ તેણે તેણીના શરીરમાં તને એક આકારમાં (બનાવવાની) નવાજીશ કરી, તેણે તેણીને ગર્ભવાસ દરમ્યાન રાહત આપી અને (બોજાથી) તેણીને ટેવાએલી રાખી.

૩૨૭ તેણીએ તને (પોતાના શરીરનો) એક ભાગ જોયો. તેની કાળજી થકી જે જોડાએલું હતું તે જુદું કર્યું.

૩૨૮ ખુદાએ હજારો ચાલાકીઓ અને યોજનાઓ તૈયાર કરી. (આમ કરી) તારી માતા-જીનો પ્રેમ તારા ઉપર વર્ષાવ્યો.

૩૨૯ તેથી ખુદાનો હક તારી માતાના (હક) કરતાં અધિકતર છે, તે કે જે આ હક સ્વીકારતો નથી તે ગધેડો છે.

૩૩૦ તારી માતા, ડીંટડી અને દૂધને પેદા કરી, તારા બાપા સાથે ભેગા કર્યા તે પણ (તું) કબુલશે.

૩૩૧ ઓ માલિક, ઓ તું કે જેથી ભલાઈ અનંત છે, હું જાણું છું અને જે જાણતો નથી તે બંનેમાં તારી જ (ભલાઇ) છે.

૩૩૨ તેં હુકમ કર્યો છે, કહીને કે, ખુદાને યાદ કરો, કારણ કે મારો અધિકાર કદી જુનો થતો નથી.

૩૩૩ મેં તે સવારે (હ.) નુહ (અ. સ.) ની કીસ્તીમાં તમને રક્ષણ આપ્યું તે મારી દયા તમે યાદ કરો.

ખુદા નો હક ના સ્વીકારે - તે ગધેડો છે.

૩૩૪ તે વખતે તમારા પીતાઓના બીજાને જળપ્રલય અને તેનાં મોજાંઓથી રક્ષણ આપ્યું.

૩૩૫ અગ્નિની માફક (તેની નાશ પમાડનારી) ખાસીયતમાં પાણી જમીન ઉપર છવાઇ ગએલ, તેનાં મોજાંઓએ પર્વતોના સૌથી ઊંચા શિખરોને ઝપટમાં લીધા હતા.

૩૩૬ મેં તમારું રક્ષણ કર્યું. મેં તમોને તમારા બાપદાદાના બાપદાદાના બાપદાદાના શરીરોમાં હડસેલો માર્યો ન હતો.

૩૩૭ હવે જ્યારે કે તું માથારૂપે (માણસના રૂપે) આવ્યો છે ત્યારે હું તમારા પગના તળીઆને કેમ ઝાટકીશ? હું મારા કારખાનાને નાશના પંથે કેમ જવા દઈશ?

૩૩૮ તમે અવિશ્વાસુ લોકોના ચાહક કેમ થશો? (મારા) માટે ગંદા વિચારોની દિશાએ કેમ જશો?

૩૩૯ હું ઉપકારી અને અશ્રદ્ધાથી પવિત્ર છું (છતાં) તમે મારા તરફ આવો છો અને હલકો વિચાર કરો છો?

૩૪૦ આ હલકો વિચાર તેના તરફ કરો કે જે જગ્યાએ તમો તમારા જેવાની સામે આજીજીપૂર્વક જુઠ્ઠી પાડો છો.

૩૪૧ તમને ઘણા શક્તિશાળી દોસ્તો અને સાથીદારો મળ્યો હશે. જો હું તમને પૂછું (ફલાણો) ક્યાં છે, તમે કહેશો તે ચાલ્યો ગયો છે.

૩૪૨ તમારો ભલો દોસ્ત ઉંચમાં ઊંચી બહેસ્તમાં ગયો છે. તમારો હલકટ દોસ્ત દુનિયાના નીચામાં નીચા તળીએ ગયો છે.

૩૪૩ તમો (તે બંનેની) વચમાં આધારહિન, વણજારામાંના અગ્નિ માફક રહી ગયા છો.

૩૪૪ **ઓ પરાક્રમી દોસ્ત, તે કે જે ઉપર અને નીચેથી પર છે તેના કોટનો ભાગ (હાથ) મજબૂતીથી પકડી રાખ.**

૩૪૫ **તે હ. ઇસાની (અ. સ.) માફક આસમાને કે કારૂનની માફક જમીનમાં ગએલ નથી.**

૩૪૬ **તે તમારી સાથે પૃથ્વી પર જ છે અને અંતરિક્ષમાં પણ છે, કે જ્યારે તમે તમારૂં ઘર અને દુકાન પાછળ મુકો છો. (મૃત્યુ બાદ પણ મદદગાર બનશે.)**

૩૪૭ તે ગંદકીમાંથી પવિત્રતા બહાર લાવે છે. તે તમારા ગુનાહોને સુકૃત્યોમાં (ફેરવે છે.)

૩૪૮ જ્યારે તમે દુષ્ટ કૃત્યો કરો છો, તે સજા મોકલે છે. અંતે તમે અપૂર્ણતામાંથી સંપૂર્ણતા તરફ પાછા ફરો છો.

૩૪૯ જ્યારે તમે રસ્તામાં (ધર્મના રસ્તે) તમારા ભાગની ફરજોને નકારો છો ત્યારે તમારા ઉપર દુઃખદાયક અને વિરોધી ગરમ (નાપસંદ) લાગણીઓ આવે છે.

૩૫૦ (ખુદાનું) આ કાર્ય સુધારવા માટેનું છે, અર્થ થાય છે, "જુની પ્રણાલીમાં કાંઈ ફેરફાર કરો નહિ."

ઉપર- નીચે ૬ પર- કોટનો ભાગ
હાથ પકડી રાખ
પૃથ્વી પર- અંતરિક્ષ માં
તે મૃત્યુ બાદ
મદદગાર

૩૫૧ આ વિસંગતી તમારા માટે સાંકળ બને ( તે દિવસ ) પહેલાં ( અને જ્યારે ) આ તમારા દિલનો કબજો લ્યે અને પગની જંજીર બને ત્યારે.

૩૫૨ તમારું માનસિક દર્દ તમારી સમજણોને સમજાય તેવું અને દષ્ટિમાં આવે તેવું બનશે. ( તેથી ) ધ્યાન રાખજે કે તમે આ સુચના નકામી સમજતા નહિ.

૩૫૩ રૂહાની વિસંગતી કે જે પાપી કાર્યોના ( કર્યા પછી ) દીલમાં ઉદ્‌ભવે છે. મોત પછી ( આ ) વિસંગતીઓ ( હકીકતમાં ) સાંકળ બને છે.

૩૫૪ જે કોઇપણ ( આ દુનિયામાં ) અમારા જાહેર કમાણુંત્સવથી પીઠ ફેરવશે તેને અમો સખત કઠીન જીંદગી ( હવે પછીની ) આપશું.

૩૫૫ જ્યારે કે એક ચોર લોકોની માલ મિલ્કત ઉઠાવી જાય છે ત્યારે વિસંગચી અને દીલની તંગી તેના દીલને સુયા ભોંકશે.

૩૫૬ ( અને ) તે કહેશે, " મને નવાઇ લાગે છે કે આ કઈ વિસંગતી છે. ( કહે ) જખમી માણસો કે જે તારી દુષ્ટતાના પ્રતાપે રોયા તેની વિસંગતીનું ( ફળ ) છે.

૩૫૭ જ્યારે તે આ વિસંગતી પર જરાપણ લક્ષ દેતો નથી. ત્યારે સતત ( પાપ કર્મો )નો આ પવન ( હલકાઈનો ) અગ્નિને સતેજ કરશે.

૩૫૮ આ વિસંગતી કે જે દિલને સખત પકડમાં લ્યે છે તે સિપાઇના હાથમાં ઝડપાઇ જાય છે. અનિવાર્યપણે પેલા વિચારો સમજાય જતા બને છે અને પોતાને જાહેર કરે છે.

૩૫૯ માનસિક સંતાપો જેલ અને ફાંસીનો માંચડો બને છે, માનસિક સંતાપ મૂળ ( માફક ) છે અને મૂળ ડાળીઓ પેદા કરે છે.

૩૬૦ મુળ સંતાએલું હતું, તે ( હવે ) નજરે પડયું ( તારી ) આંતરિક વિસંગતી અને મુળની માફક ફેલાવો ધ્યાનમાં લે.

૩૬૧ જ્યારે કે તે મુળ ખરાબ છે, જલ્દીથી કાપી નાખ કે જેથી કઢંગા કાંટા બગીચામાં ઉગે નહિ.

૩૬૨ તમે સાંકડા દીલના થએલા લાગો છો. તેની ( જલ્દી ) દવા શોધ. કારણ કે દરેક મૂળિયાં તળીએથી ( મુળમાંથી ) ઉગે છે.

૩૬૩ તમે વિશાળ બન્યા છો. તમારી વિશાળતાને પાણી પાતાં જ્યારે ફળ દેખાય ત્યારે તમારા મિત્રોને આપજો.

## સભાના લોકોની બાકી રહેલી વાર્તા

૩૬૪ સભાનાં લોકોનાં ટોળાં પ્રેમનાં ટોળ ટપકાં અને મુર્ખતામાં ઘેરાઇ ગયા હતા. માયાળુ તરફ અનુપકારી થવાની તેઓની ટેવ જ હતી.

૩૬૫ તમારા પર ભલાઈ કરનાર સામે દાખલા દલીલથી વાદ વિવાદ કરવો એ અનુચીત નથી.

૩૬૬ કહેતા, મને તમારી આ દયા ખપતી નથી હું તેનાથી ઘેરાઇ ગયો છું. તમે શા માટે તકલીફ લ્યો છો ?

૩૬૭ (મારા) તરફ મહેરબાની કરો અને આ તમારી દયા તમારી પાસે રાખો. મને એક આંખ જોઇતી નથી. મને અંધ બનાવી દ્યો.

૩૬૮ હવે જ્યારે સભાના લોકોએ કહ્યું, (ઓ માલિક), અમારા વચ્ચે ખૂબજ અંતર નાખ. અમારી ખોડખાંપણ અમને વધુ સારી છે. અમારા શણગાર લઇ લે.

૩૬૯ અમને આ મહેલોની, ફળ વાડીઓની, સુંદર સ્ત્રીઓની, સહિસલામતીની કે આરામની ઇચ્છા નથી.

૩૭૦ શહેરો એક બીજાની નજીક હોય તે સારૂં નથી. મેદાન કે જ્યાં જંગલી જાનવરો છે તે સારૂં છે.

૩૭૧ માણસો શિયાળામાં ગુફાઓ બનાવે છે અને જ્યારે વસંત આવે છે ત્યારે તે (ગુફા) તેને જોઇતી નથી.

૩૭૨ કારણ કે તે જુદી જુદી હાલતથી કદી સંતોષાતો નથી. ગરીબાઇની જીંદગી કે ધન દોલતવાળી (સુખી) જીંદગીથી પણ.

૩૭૩ માણસો ભલે કતલ થઈ જાય ! તે કેવો અનુપકારી છે ? જ્યારે જ્યારે તેને 'હિદાયત મળે છે ત્યારે તે તેને તિરસ્કારે છે.

૩૭૪ તેના વાસનામય આત્મા તેવી જાતનો જ છે, ત્યારે તેને મારી નંખાવવો જ જોઇએ. તે મહાન કિર્તીવંતે કહ્યું છે "પોતાને મારી નાખો."

૩૭૫ તે સુયાને તમે ગમે તેમ મુકશો, તે તમને ભોંકાશે, તમે તેના ઘાથી કેમ નાશી શકશો ?

૩૭૬ તે કાંટાને વાસનામય લાગણીના હડસેલાથી બાળી નાંખો અને સાચા દોસ્તને મજબુતીથી પકડી રાખો.

૩૭૭ જ્યારે સભાના લોકોએ તેઓનું (અનુપકારીપણું) હદ ઉપરાંત પકડી રાખ્યું. એમ કહીને કે "મહામારીનો પવન" પશ્ચિમી પવન કરતાં વધુ સારો છે.

૩૭૮ તેઓના સલાહકારોએ (તેમને) શીખામણ આપવી શરૂ કરી. તેમની નાસ્તિકતા અને અનુપકારીપણાથી દુર રહેવા સમજાવ્યા.

૩૭૯ તેઓએ પોતાના સલાહકારોના જીવ લીધા, અને નાસ્તિકતા અને અનુપકારીપણાનાં બી વાવ્યાં.

૩૮૦ જ્યારે (દૈવી) હુકમ (સજા) ભોગવવા આવી પહોંચે છે ત્યારે (આખી) દુનિયા સંકોચાઈ જાય છે (દૈવી) હુકમથી મીઠાઇ પણ મોંમાં મહા દુઃખ આપે છે.

૩૮૧ તેણે (હ. પયગમ્બરે) કહ્યું છે, "જ્યારે ખુદાઇ હુકમ આપે છે, (સૌથી પહોળો) વિસ્તાર સાંકડો બને છે. જ્યારે હુકમ આપે છે ત્યારે આંખો પડદાથી ઢંકાએલી બને છે.

૩૮૨ હુકમના વખતે આંખને પાટો બાંધવામાં આવે છે, તેથી આંખ આંખની કાજલ પણ જોઈ શકતી નથી.

૩૮૩ જ્યારે ઘોડેસ્વાર ઉચ્ચાઇથી ધુળ ઉડાડે છે. ત્યારે ધુળ મદદ માગવામાંથી તને દૂર રાખે છે.

પોતાને મારી નાંખો :- વાસનામય આત્મા

૩૮૪ ઘોડેસ્વાર તરફ જા. ધુળ તરફ ન જા, નહિતર સવારની લુચ્ચાઈ તને ફટકારશે.

૩૮૫ ખુદાએ કહ્યું, "તેને કે જેને આ વરૂએ હડફ કર્યો છે, તેણે વરૂની ધુળ જોઇ છે. તે દયાજનક રૂદન કેમ નહિ કરે!

૩૮૬ તે વરૂની ધુળ જાણુતો નથી, (તો પછી) આવા જ્ઞાન છતાં તે શા માટે ચરાવવા ગયો?

૩૮૭ ઘેટાં ઈજા કરનાર વરૂની વાસને જાણે છે, અને દરેક દિશાએ ભાગી છુટે છે.

૩૮૮ જનાવરોનાં મગજ સિંહની વાસ જાણતાં હોય છે, અને ઘાસ ચરવાને સલામ કરી નાશી જાય છે.

૩૮૯ તે સિંહની (ખુદાના) કોપની વાસ સુંઘી છે. પાછો ફર. દુઆઓ અને આપાતમાં એકાગ્ર બન.

૩૯૦ (સબાની) વિપુલ સંખ્યા વરૂની 'રજ' થી પાછી ફરી નહિ. વરૂની મહાસંતાપી રજ તેઓની શક્તિ ઉપર આવી પહોંચી.

૩૯૧ તેણે ગુસ્સામાં પેલાં ઘેટાંઓ કે જેઓએ પોતાની આંખો ભરવાડના ડહાપણુથી બંધ કરી હતી તેના ટુકડા કરી નાખ્યા.

૩૯૨ કેટલી બધી વાર ભરવાડે તેઓને બોલાવ્યા હતા? અને તેઓ આવ્યા નહિ. તેઓ ભરવાડની આંખમાં ખીજની ધુળ ફેંકતા હતા.

૩૯૩ કહે, ચાલ્યા જાઓ, અમો તમારા કરતાં વધુ સારા ભરવાડ છીએ. અમે (તારા) અનુયાયી કેમ બનીએ? અમે (અમારામાંનો દરેક) સરદાર છે.

૩૯૪ અમે વરૂના ખોરાક છીએ, અમે દોસ્ત માટે નહી, અમે અગ્નિનું ઇંધણુ છીએ. અમે અપમાનજનક (કોઇથી સહન કરનાર) નથી.

૩૯૫ તેઓના મગજમાં ભયંકર અહંકાર હતો. જંગલી કાગડાએ તેઓના રહેવાસીઓની પગદંડી ઉપરે વિનાશ માટે કટકા કર્યા.

૩૯૬ તેઓ દમન થયેલાઓ માટે ખાડા ખોદતા હતા. અફસોસની બૂમ પાડતા તેઓ જ ખાડામાં પડ્યા.

૩૯૭ તેઓએ યુસુફો (પયગમ્બરો)ના ઝભ્ભા ફાડ્યા. અને તેના થકી તેઓએ તેના કટકા કટકા મેળવ્યા.

૩૯૮ તે યુસુફ કોણુ છે? તારૂં ખુદાને શોધતું દીલ, તે (દીલ) તારા શરીરમાં કેદી તરીકે બંધાણું છે.

૩૯૯ તેં જીબ્રાઈલને થાંભલા સાથે બાંધ્યો છે. તે તેની પાંખોને ઘાયલ કરી છે. અને સો જગ્યાએ તેનાં પીંછા ફેંકયાં છે.

૪૦૦ તું તેની આગળ સેકેલો વાછરૂ મૂકે છે. તું (જમીનનું) ઘાસ લાવે છે અને તેને પરાળનું નીરણુ નાખે છે.



યુસુફ :- ખુદાને શોધતું દિલ,

૪૦૧ કહે છે, ખા. આપણા માટે સ્વાદીષ્ટ ભોજન છે. (જો કે) તેના માટે ખુદાના ચહેરાથી ચહેરાની મુલાકાત સિવાય બીજો કાંઈ ખોરાક નથી.

૪૦૨ આ માનસીક વેદના અને આપત્તિના કારણે પેલું દુભાએલું (દિલ) તારા વિષે ખુદાને ફરીયાદ કરે છે.

૪૦૩ આર્તનાદ કરી કહે, "ઓ ખુદા, આ ખુદ્દા વરૂથી મારો છુટકારો કર." તે (ખુદા) તેને જવાબ દેશે, "અરે જુઓ, વખત આવી પહોંચેલ છે. ધીરજ ધર."

૪૦૪ દરેક ગાફેલ પાસેથી તારા માટે ઈન્સાફની માગણી કરીશ. ન્યાયના તોળનાર, ખુદા સિવાય કોણ ન્યાય આપશે?

૪૦૫ તે (દીલ) કહેશે, "મારી ધીરજ, ઓ મારા માલિક, તારા ચહેરાના વિયોગમાં ગુમાવાઈ ગઈ છે.

૪૦૬ હું યહુદીઓના હાથમાંથી છટકી જનાર હ. આહમદ (હ. મુસ્તફા ર. સ. અ.)ની માફક છું. હું થામુદના (લોકોની) જેલમાં ફસાઈ પડનાર સાલેહ (માફક) છું.

૪૦૭ ઓ તું કે જેણે પયગમ્બરોના આત્માઓ પર પરમ આનંદની નવાજીશ ફરમાવી હતી, કાં તો મને કતલ કર અથવા (તારામાં) પાછો બોલાવ અથવા (તું પોતે) આવ.

૪૦૮ નાસ્તિકો (પણ) તારાથી જુદાઇ સહન કરી શકતા નથી. તે (દરેક નાસ્તિક) કહે છે, "અરે, હું તેની ધૂળ બન્યો હોત તો?"

૪૦૯ તેની (નાસ્તિકની) આવી હાલત છે. હકીકતમાં તે પેલી બાજુ છે, (તો પછી) તે તે કે જે તારો જ છે, તારા વગર (ધીરજવાળો) કેમ બને?

૪૧૦ ખુદાએ જવાબ આપ્યો, "હા, ઓ પવિત્ર (દીલ), પણ (મારામાં) ધ્યાન દઈને સાંભળ, અને ધીરજ ધર, કારણ કે ધીરજ વધુ ઉત્તમ છે.

૪૧૧ પરોડીયું નજીક છે. ચુપ રહે, અફસોસ ન કર! હું તારા માટે સખત મહેનત કરૂં છું. તું મહેનત ન કરતો.

### શેઠ ગામડીયાના આમંત્રણ અંગે ગામડામાં જવા તૈયાર થયા તેની બાકી રહેલી વાર્તા.

૪૧૨ તે (આ વિષયાંતર) હદ વટાવી ગયેલ છે, ઓ બહાદુર મિત્ર પાછો આવ. નોંધી લે કે ગામડીઓ શેઠને તેના ઘરે લઇ ગયો.

૪૧૩ સભાના લોકોની વાર્તા એક બાજુ મુક. શેઠ ગામડામાં કેમ આવ્યો તે કહે.

૪૧૪ ગામડીયાએ પોતાના અનુપકારીપણામાં ખોટી ખુશામત વાપરી ત્યાં સુધી કે તેણે શેઠના ડહાપણને અસ્થિર કર્યું.

૪૧૫ તે (શેઠ) સંદેશા ઉપર સંદેશાથી મુંઝાઈ ગયો, ત્યાં સુધી કે તેના ડહાપણનું ચોકખું પાણી ડહોળું બન્યું.

૪૧૬ બીજી બાજુ (ગામડીયાના આમંત્રણ)ને સ્વીકારવાની મંજુરી છોકરાંઓએ આનંદ-પૂર્વક વધાવી લીધી. (કહે) ચાલો આપણે ગેલમાં નાચીએ અને કુદીએ.

૪૧૭ હ. યુસુફ (અ. સ.) માફક કે જેને અલૌકિક (ખુદાઈ કાર્ય) નિશ્ચય થકી. "ચાલો આપણે ગેલમાં નાચીએ અને કુદીએ." તેના બાપના પડછાયા (રક્ષણ) માંથી બહાર ખેંચી ગયું.

૪૧૮ તે (આનંદની) રમત ન હતી. નહિ, તે એક માણસની જીંદગીની રમત હતી. તે લુચ્ચાઈ અને નીચતા અને દગલબાજીની યોજના હતી.

૪૧૯ જે પણ તારા ઉપર છૂટું છવાયું દોસ્તમાંથી ફેંકાય, તેને સાંભળતો નહિ, કારણ કે તે નુકશાન ધરાવે છે, નુકશાન.

૪૨૦ (એમ છતાં) નફો સો સો ગણો મળે તો પણ સ્વીકારતો નહિ. સ્વીકારતો નહિ, ઓ દરવિશ, સોના માટે ખજાનચી સમજી લે.

૪૨૧ ખુદાએ હ. પયગમ્બરના અસહાબોને ઉદ્દેશીને ગમે તેટલા નરમ ગરમ ઠપકા કહ્યા (તે) સાંભળ.

૪૨૨ કારણ કે તકલીફના વર્ષે (દુકાળમાં) (વણજારા આવ્યાનો) ઢોલ પીટાતાં તેઓ તેઓ રાહ જોયા વગર ભાગ્યા, અને શુક્રવારની નમાજ રદ થઈ.

૪૨૩ (તેઓ કહેતા) રખેને બીજાઓ પેલો બહારથી આવેલાં માલ એકલા ખરીદી લીએ અને આપણા ઉપર ફાવી જાય.

૪૨૪ હ. પયગમ્બર એકલા, બે કે ત્રણ ગરીબ માણસો (ઈમાનના) દઢ દુઆમાં (તલ્લીન) બાકી રહેતા.

૪૨૫ તેણે (ખુદાએ) કહ્યું, "નગારૂ અને રમતગમત અને વેપારની બાબત તમને 'ઇમામે મુંબી' (મુરશીદે કામીલ)થી જુદી કેમ કરે છે?

૪૨૬ તમે વીખરાઇ ગયા અને ઘઉં તરફ પાગલની માફક દોડયા અને હ. પયગમ્બરને (બંદગીમાં) ઉભેલા એકલા છોડયા?

૪૨૭ ઘઉંની ખાતર તમોએ અહંકારનાં બી વાવ્યાં અને ખુદાના પયગમ્બરનો પરિત્યાગ કર્યો.

૪૨૮ રમતગમત અને ધન દોલત કરતાં તેની (પયગમ્બરની) સાથીદારી વધુ ઉત્તમ છે (સમજ) કે તેં કોનો પરીત્યાગ કર્યો છે? આંખને મસળ.

૪૨૯ ખરેખર તારી કંજુસાઈ અંગે આ ચોકસાઇ બનતી નથી કે હું જ પુરૂં પાડનાર છું અને અનેક જે સૌથી ઉત્તમ પુરૂં પાડે છે.

૪૩૦ તે જેના પોતાનામાંથી ઘઉંના સત્ત્વ આપે છે, તે તેનાં વિશ્વાસનાં તારા કૃત્યો નકામાં કેમ જવા દેશે?

ઈમામે મુંબી = (મુર્શીદે કામીલ)

૪૩૧ જેણે આસમાનમાંથી ઘઉં મોકલાવેલ છે (તે જ) ઘઉં ખાતાં તું તેનાથી છૂટો પડયો છે.

**બાજે બતકને પાણીમાંથી મેદાનમાં આવવાનું આમંત્રણ આપ્યું તે વિષે.**

૪૩૨ બાજ બતકને કહે છે. પાણીમાંથી બહાર આવ કે જેથી તું મેદાનની લીલી તાજગી જોઈ શકે.

૪૩૩ (પણ) સમજુ બતક તેને કહે છે. ઓ બાજ ચાલ્યો જા. પાણીએ અમારો ગઢ, શકે, અને સલામતી અને આનંદ છે.

૨૩૪ સેતાન બાજની માફક છે, ઓ બતકો, (તમારી સલામતી માટે) હુશિયાર રહેજો. તમારા પાણીથી બહાર ન આવતા.

૪૩૫ બાજને કહી દયો, ચાલ્યો જા, ચાલ્યો જા, ઓ ભલા મિત્ર, પાછો ફર અને તારો હાથ અમારા માથા ઉપરથી હટાવી લે.

૪૩૬ અમે તારૂં આમંત્રણ સ્વીકારતા નથી. તારૂં આમંત્રણ તારી પાસે રાખ, ઓ નાસ્તિક અમો તારા આ શબ્દો સાંભળવાના નથી.

૪૩૭ અમારા માટે (પાણીનો) ગઢ (પુરતો) છે. સાકર અને શેરડીમાં ખેતરો ભલે તારે માટે હોય! મને તારા ઇનામની ઇચ્છા નથી તું તે તારા માટે જ રાખ.

૪૩૮ (કાયામાં) જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી ખોરાક મળતો અકટશે નહિ, જ્યાં એક લશ્કર હશે ત્યાં વાવટાઓ ફરકયા વગર રહેશે નહિ.

૪૩૯ ડાહ્યા શેઠે ઘણી માફીઓ માગી ખોટાં બહાનાંઓ દુરાગ્રહી (ગામડીયાને) (બતાવ્યાં).

૪૪૦ તેણે કહ્યું અત્યારે મારા (હાથમાં) ગંભીર બાબત છે, જો હું (તમને મળવા) આવું તો તેનું યોગ્ય નિરાકરણ થશે નહિ.

૪૪૧ બાદશાહે મને એક સંવેદનશીલ બાબતમાં મને સંડોવેલ છે, અને મારાથી એક એવી ધારણા રાખે છે કે જેના અંગે તે આખી રાત સુતો નથી.

૪૪૨ હું બાદશાહી હુકમની અવગણના કરી શકું નહિ, હું બાદશાહ સામે હલકો પડી શકું નહિ.

૪૪૩ દરેક સવારે અને સાંજે એક અમલદાર મારી પાસે આ મુંઝવણમાંથી મુક્ત થવાનો રસ્તો મેળવવા આવે છે.

૪૪૪ તમને તે યોગ્ય લાગે છે કે હું ગામડામાં જાઉં અને પરિણામે બાદશાહ ગુસ્સામાં આંખની ભમર ચડાવે?

૪૪૫ તે પછી હું તેનો ગુસ્સો શાંત કેમ પડી શકું? ખરેખર (આ ગુનાહ) અંગે મારે જીવતાં દટાવું પડે?

૪૪૬ તેણે આ જાતનાં સો બહાનાંઓ જણાવ્યો (પણ તેની) હીકમતો ખુદના હુકમનામાં સુસંગત ન હતી.

અગ્નજુ બતક

૪૪૭ જો આખી દુનિયાના પરમાણુઓ પણ લાભદાયી યોજનાના હોય તો પણ તે સ્વર્ગીય કાયદાની સામે નહિવત નહિવત છે.

૪૪૮ શું આ પૃથ્વી અંતરિક્ષથી ભાગી છુટશે ? તે તેનાથી કેવી રીતે ગાયબ થઇ જશે ?

૪૪૯ જે પણ કંઈ અંતરિક્ષમાંથી પૃથ્વી પર આવે છે, તેને આશરો લેવાની અથવા યુક્તિ પ્રયુક્તિ અથવા સંતાવાની જગ્યા નથી.

૪૫૦ જો તેના ઉપર સૂર્યનો અગ્નિ અગ્નિનો વરસાદ વર્ષાવે તો પણ તેના આગળ પોતાનો ચહેરો ( નીચે ) નમાવવાનો જ રહેશે.

૪૫૧ અને જો વરસાદ તેના ઉપર તેના શહેરોનો નાશ કરવા પાણીનો પ્રલય કરે.

૪૫૨ તો હ. યાકુબ ( સ. અ. ) ની માફક કહે, "હું બંદીવાન છું, તમારી ઇચ્છા પ્રમાણે મારા ઉપર ગુજારો."

૪૫૩ આ તું કે જે એ પૃથ્વીનો એક ભાગ છો, તારૂં માથું ( બળવામાં ) ઊંચું કર નહિ, જ્યારે કે ખુદાઈ હુકમ માથું જુએ છે. ( બેફરમાની ) માફક તેનાથી ભાગ નહિ.

૪૫૪ જ્યારે કે તેં સાંભળ્યું છે, "અમે તને માટીમાંથી સર્જ્યો" ( જાણુ કે ) તે (ખુદા) ઇચ્છે છે કે માટી જેવા ( નમ્ર બનો ) તારો ચહેરો તેનાથી ફેરવ નહિ.

૪૫૫ ( ખુદાએ કહ્યું ) હું કેવી રીતે જમીનમાં બી વાવું છું, તેનું નિરીક્ષણ કર. તું જમીનની માટી માફક છો અને મેં તને તેમાંથી બહાર આણ્યો છે.

૪૫૬ ફરી એક વાર તું માટી જેવો બનવાની કોશીષ કર કે જેથી હું તને બધા શાહજાદાઓ ઉપર શાહજાદો બનાવું.

૪૫૭ પાણી ઉપરથી નીચે જાય છે, પછી પાછું નીચેથી ઉપર જાય છે.

૪૫૮ ઘઉં ઉપરથી જમીનની અંદર જાય છે. ત્યાર બાદ તે ત્યાં ધાન્ય બને છે અને જલ્દીથી ઊંચે ચડે છે.

૪૫૯ દરેક ફળમાંથી બી જમીનમાં દાખલ થાય છે ત્યારબાદ તે દટાએલી જમીનમાંથી માથાં ઊંચા કરે છે.

૪૬૦ (બધી) આશિર્વાદોનું ઉદ્દગમસ્થાન આસમાનમાંથી જમીન ઉપર ઉતરેલ છે અને પવિત્ર આત્મા માટે પરવરીશ બનેલા છે.

૪૬૧ તેવી જ રીતે તે માનવતાની ખાતર સ્વર્ગમાંથી નીચે આવ્યું તેમજ તે એક જીવતા અને બહાદુર ઇન્સાનનો એક ભાગ બન્યું.

૪૬૨ તો પછી જ્યારે જાનવર યોગ્ય ન હોઇ તેવી બાબત માનવતાના ગુણોમાં ફેરવાઈ ગએલ છે અને આનંદપુર્વક સ્વર્ગીય રસ્તે ઊંચે ચડે છે.

૪૬૩ કહે છે, પ્રથમ અમો હૈયાત દુનિયામાંથી આવ્યા, અને હવે નીચેથી પાછા ઉપર ગયા છીએ.

૪૬૪ દરેક નાની મોટી હસ્તિ ( અગર તે ) હીલચાલ કરે છે કે આરામમાં છે, બોલતા હોય છે, "ખરેખર અમે પાછા તેમાં જ જવાના છે."

૪૬૫ ગુપ્ત ચીજોનાં વખાણ અને મહત્તાની ગર્જનાથી સ્વર્ગ ભરાઇ ગયું છે.

૪૬૬ જ્યારે (ખુદાઇ) હુકમનામું અવળો રસ્તો બતાવવાનું આવી પહોંચે છે ત્યારે એક ગામડીઓ શહેરીને મહાત કરે છે.

૪૬૭ નહિતર હજારો (સારા) ઠરાવોને શેઠે મહાત કર્યા હતા. અને તેણે પેલી જે મુસાફરી કરી તેનાથી દુઃખના ડુંગરમાં પડયો.

૪૬૮ તેનો આધાર તેની પોતાની સ્થિરતા ઉપર હતો. (પણ) જો કે તે એક પહાડ (જેવો) હતો. નાનું વાવાઝોડું તેને ખેંચી ગયું.

૪૬૯ જ્યારે હુકમનામું પોતાનું માથું સ્વર્ગમાંથી ઉંચકે છે, બધી હુશીયારી આંધળી અને બહેરી બને છે.

૪૭૦ મચ્છીઓ દરિયામાંથી બહાર ફેંકાઇ જાય છે. ઉડતાં પંખીઓને જાળ દયાજનક રીતે પકડે છે.

૪૭૧ જીન અને ભુત પિશાચ પણ શિશામાં જાય છે. નહિ, એક હારૂત બાબીલોનના (ખાડામાં) જાય છે.

૪૭૨ (બધા ગુમાયા છે) માત્ર તે કે જેણે ( ખુદાઇ ) હુકમનામાની પનાહ ધીધી છે. ચોકમાં તેનું લોહી કદી રેડાશે નહિ.

૪૭૩ માત્ર જો તમોએ હુકમનામાની પનાહ લીધી, નહિતર તેનાથી કોઇ પણ યોજના છુટકારો આપી શકશે નહિ.

## ઝરવાનના લોકોની વાર્તા અને તેઓની ફળવાડીમાં ફળો તોડી જતા ગરીબોથી હેરાન ન થવાની કરેલી યોજના વિષે.

૪૭૪ તમે ઝરવાનના લોકોની વાર્તા વાંચી હશે. તો પછી શા માટે તમે મુસાફરીએ જવા ઉપર ભાર મૂકયો ?

૪૭૫ કેટલાય ( હલકા ) લોકો કે જેઓ વીંછીઓની માફક ડંખે છે, તેઓએ યોજના કરી કે તેઓએ ગરીબ માણસોની રોજીમાંથી કંઇક ભાગ કાપી નાખવો જોઈએ.

૪૭૬ રાત્રીના વખતે, આખી રાત્રી તેઓ એક યોજના ઘડતા હતા. કેટલાએ અમ્ર અને બક્ર તેઓના ચહેરા વિચારી તેમાં મૂકયા હતા.

૪૭૭ પેલા દુષ્ટ લોકો પોતાના અંદરના વિચારોને ખાનગીમાં બોલતા હતા. રખેને ખુદા તેને શોધી લ્યે. ( સાંભળી જાય ).

૪૭૮ શું માટી વાટા કરનારની વિરૂદ્ધ હલકી યોજના કરી શકે ? દીલથી છુપાવીને શું કોઈ હાથ કાંઇ કાર્ય કરી શકે ?

૪૭૯ તે ( ખુદાએ ) કહ્યું છે "શું તારા પેદા કરનારને તારી ઇચ્છાની ખબર નથી ?" ( શું તે જાણતો નથી ) કે તારી કોઇપણ ખાનગી વાતચીતમાં સચ્ચાઇ છે કે છેતરપીંડી.

૪૮૦ એક મુસાફર, સવારમાં નીકળી પડયો છે, તે આવતી કાલની રહેવાની જગ્યા જુએ છે, તે તેનાથી બેધ્યાન કેમ બનશે ?

૪૮૧ જ્યાંથી તેણે આવજાવ કરી સવાર થયો છે; ત્યાંથી જ તેણે તેનો કબજો કરી લીધો છે અને તે તેના આંકડાથી ઓળખાઈ ગયો છે.

૪૮૨ ભુલકણાથી તારા કાનને મસળ, અને પેલા દયાજનકની જુદાઈની વાત -સાંભળ.

૪૮૩ જાણે કે તમે તમારા કાનને વાર્તા સાંભળતો કર્યો ત્યારે પેલા દીલગીર માટેનું તે દાન ( બની જશે ).

૪૮૪ કારણ કે તમે પેલા દુઃખી દિલવાળાની દિલગીરીઓ (અને) પેલા અમીર દિલના આત્માની પાણી અને માટી (શરીર)ના ભુખમરાથી વાત સાંભળશો.

૪૮૫ ( જો કે તે ) જ્ઞાનથી ભરપુર છે, તેને ધુમાડાથી ભરેલું એક ઘર છે, તેના માટે સાંભળવા થકી બારી ખોલ.

૪૮૬ એમ કે તારો કાન તેના માટે (રાહત)ના શ્વાસનો રસ્તો ખોલે છે. તેના ઘરમાંથી સખત ધુમાડો ઓછો થશે.

૪૮૭ ઓ સારૂં પાણી પીનાર, ( મોટા દીલવાળા ) જો મહાન ખુદા તરફ મુસાફરી કરી રહ્યો હોય તો, અમારા તરફ સહાનુભૂતિ દર્શાવો.

૪૮૮ આ આનાકાની એ જેલ અને કેદ છે કે જે આત્માને કોઇ પણ દીશાએ જવા દેતી નથી.

૪૮૯ આ (વિચાર તમને) એક દિશાએ દોરવે છે અને બીજો (વિચાર) બીજી દિશાએ દોરવે છે. દરેક ( વિચાર ) કહે છે કે હું સાચા રસ્તા ઉપર છું.

૪૯૦ આ આનાકાની ખુદાઈ રસ્તે જવા માટે કરાડ છે. અને તે આશિર્વાદીત છે કે જેના પગ છુટા છે ( પાપની જંજીર નથી ).

૪૯૧ તે આનાકાની વગર સીધે રસ્તે ચાલ્યો જોય છે (જો) તમે રસ્તો જાણતા ન હો તો તેનાં પગલાં કયાં પડે છે તે શોધો.

૪૯૨ હરણનાં પગલાંને વળગી રહો અને સલામતીથી આગળ વધો કે હરણનાં પગલાં ઉપરથી તમને કસ્તુરી ગ્રન્થિ સાંપડે.

૪૯૩ ઓ ભાઇ, આવી રીતે રસ્તો શોધતાં શોધતાં જો તમો અગ્નિ ઉપર ચાલશો તો સૌથી ઉંચા તેજસ્વી મધ્યબિંદુ સુધી પહોંચશો.

૪૯૪ (ત્યાં) દરીઓ, મોજાં કે ફીણની બીક નથી. જ્યારે કે તે ( દૈવી ) સંબોધન "બીતો નહિ"

૪૯૫ જાણે કે તે 'બીતો નહિ' નું ( પરિપૂર્ણ ) છે. જ્યારે ખુદાએ તને ( પાપમાંથી છોડાવવા ) બીક બતાવી. તારા માટે જેણે થાળ મોકલ્યો છે તે રોટલો પણ મોકલશે.

બીતો નહિ – પરિપૂર્ણ.

૪૯૬ બીક (ભય) તેના માટે છે કે જેને (ખુદાની) બીક હોતી નથી. ધાક એટલા માટે છે કે આ જગ્યાએ (સીઝદો કરવા) અવાર નવાર આવતો જાય.

## શેઠનું ગ્રામ્ય પ્રદેશ તરફ રવાના થવું.

૪૯૭ શેઠ કાપ લાગી ગયો અને (મુસાફરી માટે) તૈયારી કરી, (રવાના થવા) નિર્ણય કર્યો, પંખીએ, ગ્રામ્યપ્રદેશ તરફ જવા ઝડપ કરી.

૪૯૮ તેનાં સગાંવહાલાં અને બચ્ચાંઓને મુસાફરી માટે તૈયાર કર્યાં અને સાથે ચાલ-બળદ ઉપર સરસામાન મૂકયો.

૪૯૯ ગ્રામ્યપ્રદેશ તરફ ઉતાવળ કરતાં આનંદ કરતા કહેતા, "અમે થોડાં ફળો ખાધા છે ગ્રામ્યપ્રદેશમાં (આવી પહોંચવાના) ખુશી સમાચાર અમને આપજો.

૫૦૦ જ્યાં અમે જઈ રહ્યા છીએ ત્યાં લીલુંછમ ચરાણ છે અને અમારો દોસ્ત માયાળુ અને મોહક છે.

૫૦૧ તેણે આપણને હજારો ભલી ઇચ્છાઓથી આમંત્રણ આપેલ છે. તેણે આપણા માટે માયાળુપણાના ગોટે ગોટા પાથર્યા છે.

૫૦૨ આપણે લાંબા શિયાળા દરમ્યાન ગ્રામ્યપ્રદેશમાંનો સંગ્રહ શહેરમાં પાછો લાવશું.

૫૦૩ નહિ, તે આપણી ખાતર આખી ફળવાડી આપી દેશે.. તે તેના આત્માની વચ્ચે આપણને સ્થાન આપશે.

૫૦૪ દોસ્તો, સાંભળો, તમે ફરીવાર મેળવી લ્યો. (પણ) અંદરનું કારણ (તેમને) કહેતું હતું, "ખુશી થાઓ નહિ."

૫૦૫ ખુદાને મેળવીને મેળવવાવાળા બનો, "હા, તેઓ કે જેઓ હદ ઉપરાંત (દુન્યવી) આનંદમાં પડે છે તેને મારો માલિક ચાહનો નથી.

૫૦૬ આનંદ કરો (પણ) મર્યાદામાં રહીને, "તારા ઉપર જે કાર્ય આવનાર છે તેનું કારણ "જે પણ કંઇ આવે છે તે અગાઉના તારા ભોગવટાનું ફળ છે."

૫૦૭ તેનામાં (ખુદામાં) આનંદ કરો, તેના સિવાય બીજી કશામાં આનંદ ન કરો. તે વસંતઋતુ (માફક) છે અને (બાકીની) બીજી ચીજો ડીસેમ્બર (ઠંડી) માફક છે.

૫૦૮ તેના સિવાઈ બાકીની બધી ચીજો આસ્તે આસ્તે તને નિરાશામાં ધકેલી દેશે (પછી) ભલે તે તારી રાજગાદી, બાદશાહી અને તારો રાજમુગટ હોય !

૫૦૯ દિલગીરીમાં આનંદી બન, કારણ કે દિલગીરી (ખુદાને) મળવાનું (સાધન છે,) અને આ રીતે ઉપર ચડવાને (બદલે) નીચે ઉતરવાનું (નમ્ર બનવાનું) બનશે.

૫૧૦ દિલગીરી એ ખજાનો છે, અને તારૂં દુઃખ એ મારૂં (દુઃખ) છે, પણ આ (કહેવું) બચ્ચાંઓ કેમ પકડી શકશે (સમજી શકશે?)

૫૧૧ જ્યારે બચ્ચાંઓ રમતનું નામ પડશે, ત્યારે તેઓ જંગલી ગધેડાની ઝડપે દોડશે.

૫૧૨ ઓ આંધળા ગધેડાઓ, આ દિશાએ જાળો ( બીછાયેલી ) છે, આ દિશાએ છટકામાં રક્તપાત ( છુપાએલો છે. )

૫૧૩ તીરો ઉડે છે ( પણ ) પણ છુપાએલા છે. અદૃશ્ય દુનિયામાંથી યુવાન ઉપર હીમ વર્ષાની માફક સેંકડો તીરો આવે છે.

૫૧૪ તારે તારાં પગલાં ( દિલના ) મેદાનમાં મૂકવાં જોઈએ. કારણ કે માટીના ( કાયાના ) મેદાનમાં ( રૂહાની ઉન્નતી ) માટેનો દરવાજો નથી.

૫૧૫ દિલ એ સલામતીનું રહેઠાણ છે, ઓ દોસ્તો, તેને ઝરાઓ અને ગુલાબના બગીચાઓમાં ગુલાબના બગીચા છે.

૫૧૬ દિલ તરફ ફર અને મુસાફરી ચાલુ કર, ઓ રાત્રિના મુસાફરો, તેની ( દિલની ) અંદર વૃક્ષો અને વહેતા ઝરા છે

૫૧૭ ગ્રામ્યપ્રદેશમાં જતો નહિ. ગ્રામ્યપ્રદેશ માણસને મૂર્ખ બનાવે છે. તે બુદ્ધિશાળીને પ્રકાશ અને દિવ્યતાથી અટકાવે છે.

૫૧૮ ઓ પસંદ થએલા, હ. પયગમ્બરની વાણી સાંભળો, "ગ્રામ્યપ્રદેશમાં રહેવું એ બુદ્ધિશાળી માટે કબર ( સમાન ) છે."

૫૧૯ જે કોઈ એક દિવસ અને સાંજ ગ્રામ્યપ્રદેશમાં રહેશે, તેની બુદ્ધિ એક મહીના માટે પુરેપુરી ફરીથી સ્વસ્થ થશે નહિ.

૫૨૦ કારણ કે ( પુરો ) એક મહીનો મૂર્ખતા તેની સાથે રહેશે. ગામડામાં ઉગાડેલાં ભાજી-પાલામાંના ફળ મેળવ્યા સિવાય કઇ ચીજ તેને મળશે?

૫૨૧ તે કે જે એક મહિનો ગ્રામ્યપ્રદેશમાં રહેશે, અજ્ઞાનતા અને અંધપણું લાંબો સમય સુધી તેની સાથે રહેશે.

૫૨૨ ગામ્યપ્રદેશ શું છે? શેખ કે જેણે ( ખુદાથી ) એકતા કરી નથી. પણ ( જુની ) પ્રણાલીકા અને દલીલને ચોંટેલો બન્યો છે.

૫૨૩ સરખામણી શહેરથી કર ( કે જે ) વિશ્વવ્યાપક વિવેકબુદ્ધિ છે. આ ( આપણી ) સમજણો ગધેડા કે જે ચક્કીમાં આંખોએ પાટાથી ગોળગોળ ફરે છે તેવી છે.

૫૨૪ આ ( આંતરિક અર્થને ) છોડી દે અને વાર્તાના જાહેરી રૂપને લે. મોતીના બીને છોડી દે અને અનાજના બીને લે.

૫૨૫ જો મોતી તરફ કોઈ રસ્તો નથી તો આવ ઘઉં લે, જો તારા મતે દિશાએ રસ્તો ન હોય, આ દિશાએ અંદર ધક્કો માર.

૫૨૬ તેના બહારના રૂપને અનુસર. બહારના ( રૂપ ) થકી આડો અવળો ઊડ. બહારનું રૂપ છેવટમાં તને આંતરીક તરફ લઈ જશે.

૫૨૭ વાસ્તવિક રીતે જોતાં દરેક ઇન્સાનનો પહેલો ( તબક્કો ) બહારનું રૂપ છે. તેના પછી આત્મા આવે છે કે જે પ્રકૃતિની ખુબસૂરતી છે.



ગ્રામ્યપ્રદેશ માં રહેવું એ બુદ્ધિશાળી માટે કબર (સમાન) છે.

પહેલો તબક્કો – બહારનું રૂપ છે.

૫૨૮ દરેક રૂપનો પહેલો તબક્કો આકાર સિવાય બીજું શું ? ત્યારબાદ આનંદીત સ્વાદ કે જે ખરા અર્થમાં છે તે આવે છે.

૫૨૯ પ્રથમ તેઓ તંબુ બનાવે છે, કે ખરીદ કરે છે, ત્યારબાદ તેઓ તુર્કમેન ( તેઓના વહાલાને ) મહેનત તરીકે લાવે છે.

૫૩૦ તારા રૂપને તંબુ તરીકે જો. તારૂં અસલ તુર્કમેન, સત્યને ખલાસી જેમ અને તારૂં રૂપ વહાણુ માફક સમજ.

૫૩૧ ખુદાની ખાતર, આ ચર્ચાને એક પળ માટે છોડી જા. કે જેથી શેઠનો ગધેડો તેની ઘંટડી હલાવે. ( મુસાફરી આગળ વધે. )

### શેઠ અને તેના કુટુંબનું ગ્રામ્ય પ્રદેશમાં જવું.

૫૩૨ શેઠ અને તેનાં બચ્ચાંઓ બહાર જવા તૈયાર થયાં. ગ્રામ્ય પ્રદેશમાં જવા પોત-પોતાના જનાવરો ઉપર ચડી હંકારી મૂકયાં.

૫૩૩ તેઓ હર્ષવિશમાં લાંબા અંતર માટે સવાર થયા. તેઓ ગાતા હતા. " વધુ સારી તક મેળવવા મુસાફરી કરો."

૫૩૪ કારણ કે મુસાફરી થકી 'કયખુશરૂ'ની માફક ચંદ્રમા ભવ્ય બને છે. તે મુસાફરી વગર શહેનશાહ ( ખુશરૂ ) કેમ બનશે ?

૫૩૫ મુસાફરી થકી ગીરો મૂકનાર મહારાણી બને છે અને હ. યુસુફ ( અ. સ. ) એ મુસાફરી થકી સો ઇચ્છીત વસ્તુઓ મેળવી.

૫૩૬ તેઓ પોતાના ચહેરાઓ, દિવસના ભાગમાં સૂર્યના ( તાપ અંગે ) દઝાડતા, રાત્રીના તેઓ તારામાંથી રસ્તો શોધવાનું શીખતા.

૫૩૭ તેઓને ખરાબ રસ્તો સારો દેખાતો, તેઓની ખુશીમાં ગ્રામ્ય પ્રદેશનો રસ્તો સ્વર્ગ જેવો દેખાતો.

૫૩૮ ( પ્રેમીના ) હોઠોની કડવાશ મીઠી બને છે, ગુલાબના બગીચાના કાંટાઓ પણ ચિત્તાર્ષક બને છે.

૫૩૯ ઇંદ્રવરણા ( કડવું ફળ ) ( જ્યારે ) વહાલમ પાસેથી આવે છે ત્યારે તે ખજૂરમાં ફેરવાઇ જાય છે. ( સાંકડું ઘર ) ધણીયાણી થકી વિશાળ મેદાનમાં ફેરવાઇ જાય છે.

૫૪૦ અરે, કેટલાય મનોહર યુવાનો કાંટાઓ સહન કરે છે, એવી આશામાં કે ગુલાબી ગાલવાળી ચાંદની જેવી ( પ્રિયતમા ) રાજી થાય.

૫૪૧ અરે, કેટલાય ભાર ઉંચકવાવાળાની પીઠ ઝખમોથી ફાટી ગઇ હોય છે ( તેના ) માટે કે ચાંદ સમ ચહેરાવાળી માટે પોતાનું દીલ ગુમાવાયું છે.

૫૪૨ લુહારે પોતાની ખૂબસુરતી કાળી કરી છે, પણ જ્યારે રાત આવે છે ત્યારે તે ( પ્રિયતમા )ના ચંદ્રસમ મુખને પણ ચુંબન પણ કરે છે.

* વધુ સારી તક મેળવવા મુસાફરી કરો.

૫૪૩ વેપારી ( તેની દુકાનમાં ) બાંકડા ઉપર રાત પડે ત્યાં સુધી પરાણે ખેંચાતો ( બેસે છે ) કારણ કે તેના દીલમાં સરૂના ઝાડે મૂળ નાખ્યું છે.

૫૪૪ એક વેપારી જમીન અને સમુદ્ર ઉપર પ્રવાસ કરે છે ને પોતાના ઘરમાં બેઠેલ ઉપરના પ્રેમ માટે ને દોડે છે. ( મુસાફરી કરે છે )

૫૪૫ તે કે જે કે મૃત્યુ પામેલા માટે પ્રેમ છે તે હૈયાતને નિદર્શન કરાવે તેવી આશામાં હોય છે.

૫૪૬ સુતાર પોતાનો ચહેરો ( લક્ષ ) લાકડા ઉપર રાખે છે, એવી આશામાં કે ( પોતાની ) માનીતી કે જેનો ચહેરો ચંદ્રમા જેવો છે તેને સેવા આપી શકે.

૫૪૭ તે કે જે હૈયાત છે જે એક કે બે દીવસમાં નહિવત થનાર નથી તેવી આશામાં તને ક્રિયાશીલ રાખેલ છે.

૫૪૮ તારા દોસ્ત ( કરીને ) હલકી પસંદગીથી હલકા માણસને પસંદ કરતો નહિ. તેનામાં કે દોસ્તી ( જરૂર વગરની ) ઉછીની છે.

૫૪૯ ખુદા સિવાય તારા દોસ્તો નેક નિષ્ઠા ધરાવે તો પછી તારી માતા અને પિતા સાથેની મિત્રતા ક્યાં છે ?

૫૫૦ જો એક માત્ર ખુદા ઉપર જ આધાર રાખવો યોગ્ય છે તો પછી તારી પરીચારિકા અને શિક્ષક સાથેની દોસ્તીને શું થયું છે ?

૫૫૧ દુધ અને ડીંટડી સાથે તારી દોસ્તી ટકી નહિ ( તેમજ ) નિશાળે ( જવામાં ) તારૂં શરમાવું પણ ટક્યું નહિ.

૫૫૨ પેલી ( દોસ્તી ) દિવાલ ઉપર ( પડતો ) તડકો હતો. તે ( સૂર્યની ) નિશાની સૂર્ય તરફ પાછી ફરી.

૫૫૩ ઓ બહાદુર ઈન્સાન, ગમે તે વસ્તુ ઉપર તડકો પડે છે તે વસ્તુ ઉપર તું પ્રેમમાં પડે છે.

૫૫૪ તારો પ્રેમ જે પણ અસ્તિત્વ ધરાવતી ચીજ ઉપર પડે છે, તે ( ચીજ ) દૈવી ગુણોથી સોનાનો ઢોળ ચડાવવા જેવી ચકચકિત બને છે.

૫૫૫ જ્યારે તેના અસલપણામાંથી સોનેરી રંગ જાય છે, ત્યારે માત્ર ( જસત ) રહે છે. ( તારી ) પ્રકૃતિ ધરાય જાય છે અને તેને તજી દેવા આગળ વધે છે.

૫૫૬ જેને સોનાનો ઢોળ ચડાવ્યો હોઇ તેવા ગુણો ( વાળી ચીજથી ) તારો પગ ખેંચી લે. અજ્ઞાનપણે હલકી ધાતુને સુંદર ન કહો.

૫૫૭ સુંદરતા હલકા સિક્કામાંથી ઉછીની લીધેલી હોય છે. સુંદરતાની અંદર કુરૂપ ચીજ છે.

૫૫૮ સોનું ખોટા સિક્કાના ચહેરામાંથી ખાણમાં જાય છે. તે જ્યાં જાય છે ત્યાં શું તું પણ જઈશ ?

૫૫૯ તડકો દિવાલમાંથી સૂર્ય તરફ જાય છે, શું તું પણ તે જ સૂર્ય તરફ જઇશ કે જે સપ્રમાણ ફરે છે ?

વેપારી-જમીન સમુદ્ર નો પ્રવાસ, પોતાના ઘરમાં બેઠેલ
ઉપર પ્રેમ કારણે દોડે છે. (મુસાફરી કરે)

૫૬૦ હવે પછી તું સ્વર્ગીય પાણી લેજે. કૃત્રિમ પાણીની નહેરમાં જેટલી શ્રદ્ધા છે તેટલી પણ તને જડી નથી ?

૫૬૧ વરૂને પકડવાનું પ્રયોજન ( ઘેટાંની પૂંછડી ) છે નહિ કે જ્યાંથી ઘેટાં આવે છે તે જગ્યા ( દુકાન ), તે ભયંકર વરૂ તેનું મૂળ સ્થાન કેમ જાણી શકશે ?

૫૬૨ તેઓ ( શેઠ અને કુટુંબે ) એમ ધારી લીધું કે ત્યાં તો સલામતી ભરેલું સોનું ( તૈયાર ) હશે ( તેથી ) ઉંધે રસ્તે દોરવાયા. ( ટોળું ) ગ્રામ પ્રદેશ તરફ ઉતાવળ કરતું હતું.

૫૬૩ આમ તેઓ હસતા અને નાચતા અને પાણીની ચક્કી તરફ ચક્કર ફરતા આગળ વધતા હતા.

૫૬૪ જ્યારે પણ તેઓ ગ્રામ્ય પ્રદેશ તરફ એકાદ પંખી ઉડતું જોતા ( તેઓની ) ધીરજ તેમના કપડામાં ( આનંદની ) તીડ પાડતી.

૫૬૫ ( અને ) તેઓ આનંદપૂર્વક ગ્રામ્ય પ્રદેશ, તેના ગામડીયા બાજુના ગામથી આવતા ચહેરાને ચુંબન કરતા.

## મજનુએ લયલાના રહેઠાણના કુતરાને પ્રીતિપાત્ર બનાવ્યો તે વિષે.

૫૬૬ કહેતા, તમે અમારા દોસ્તનો ચહેરો જોયો છે તેથી ( ઓ વ્હાલા ) આત્મા, તમે ( અમારા ) આત્મા માફક છો અને અમારે માટે આંખ સમાન છો.

૫૬૭ ( તેઓ ) મજનુની માફક ( વર્ત્યા, ) કે જે કુતરાને પ્રીતિપાત્ર બનાવતો અને તેને ચુંબન કરતો અને તેની ( આગળ ) ખોવાઈ જતો હતો.

૫૬૮ તે તેની આજુબાજુ ફરતો અને નમ્રતાથી ઝુકી પડતો અને તેને ચોકખા સાકરનું સબરત પાતો હતો.

૫૬૯ એક વાતોડીયાએ કહ્યું, ઓ ગાંડપણમાં અર્ધા થએલા, તારામાં એવું કયું ગાંડપણ દાખલ થયું છે કે આવી નાસ્તિકતા તું રોજ બતાવે છે ?

૫૭૦ કુતરાનું મોં હમેશાં ગંધાતી ચીજો ખાતું હોય છે, કુતરો પોતાના મોંથી ખોતરીને ખાતો હોય છે.

૫૭૧ તેણે કુતરાના કેટલાય અવગુણો ગણી બતાવ્યા, જે કોઈપણ તેના એબો જાણે છે તે તેની વાસમાં પણ ( ઊભો ) રહે નહિ.

૫૭૨ મજનુને કહ્યું, તું તદ્દન બહારનાં રૂપ અને શરીર જુએ છે. અંદર આવ અને મારી આંખોથી તે ( કુતરાને ) જો.

૫૭૩ કારણ કે આ ( કુતરો ) એ ખુદાના ( હાથથી ) સીલ કરેલ જાદુ મંત્ર છે, આ કુતરો લયલાના કુટુંબીઓનો રખેવાળ છે.

૫૭૪ તેની ઊંચી મહત્વાકાંક્ષા અને દીલ અને આત્મા તરફ જો. તેણે ક્યાં (રહેવાનું) પસંદ કર્યું અને પોતાનું રહેઠાણ પસંદ કર્યું તેની ગણત્રી કર.

૫૭૫ તે આશીર્વાદીત ચહેરાનો કુતરો છે. મારી ગુફાનો (કુતરો) છે. નહિ, તે મારૂં દુઃખ અને મારી ગમીનો ભાગીદાર છે.

૫૭૬ કુતરો કે જે તેના (લયલાના) રહઠાણે રહે છે હું તેના એક વાળને પણ સિંહને કેમ આપી શકું?

૫૭૭ અને જ્યારે સિંહો પણ તેના (લયલાના) કુતરાના ગુલામ છે, ત્યારે હવે બોલવાની શકયતા છે જ નહિ. ચુપ થઇ જા અને છેલ્લા સલામ

૫૭૮ ઓ મિત્રો, જો તમે રૂપથી પસાર થઈ ગયા છો તો ગુલાબના બગીચાની અંદર ગુલાબના બગીચાના સ્વર્ગમાં છો.

૧૭૯ જ્યારે કે તું બેખુદ બનેલ છો અને તારા રૂપને ભાંગી નાખ્યું છે ત્યારે તું દરેક ચીજના રૂપને ભાંગવા શીખી ગએલ છે.

**૫૮૦ ત્યારબાદ તું દરેક રૂપને ભાંગીશ. હયદર (હ. મોલા અલીફ) (અ. સ.) ની માફક હું ખયબરના કિલ્લાને ઉખેડી શકીશ.**

૫૮૧ પેલો ભલો શેઠ રૂપમાં છેતરાઈ ગયો હતો કારણ કે તે ચોક્કસ શબ્દો (ખોટાં વચનોના જોરે) ગ્રામ્ય પ્રદેશ તરફ જતો હતો.

૫૮૨ તે આનંદપુર્વક ખુશામતની જાળમાં, (જેમ) પંખી છટકામાં ફસાવા જાય છે તેમ તે દુઃખના ગઢમાં ફસાવા જતો હતો.

૫૮૩ પંખીને પ્રલોભન માયાળુપણાની નિશારની દેખાય છે (જો કે) તે ઇનામ (ખરેખર તો) અત્યંત લાલસા (અંગે) છે તે કાંઈ દાનશીલતા નથી.

૫૮૪ (તેથી) નાનાં પંખીઓ ગઢમાંના ખોરાકની ઇચ્છાથી આનંદપુર્વક ઊડે છે અને પેલા વેશધારી તરફ દોડે છે.

૫૮૫ જો હું શેઠની ખુશીથી તમે (પુરેપુરો) વાકેફ હું કરૂં તો મને બીક લાગે છે કે ઓ મુસાફર, રખેને હું તને મોડો કરૂં.

૫૮૬ હું સંક્ષિપ્તમાં કહીશ, જ્યારે ગામડું નજરે પડ્યું, વાસ્તવમાં તે ગામડું (તે શોધતો હતો) તે ન હતું (તેથી) તેણે બીજો રસ્તો પસંદ કર્યો.

૫૮૭ એક મહીના સુધી તેઓ એક ગામથી બીજા ગામે ઉતાવળ કરતા હતા. કારણ કે (ગામડીયાના) ગામને તેઓ સારી રીતે જાણતા ન હતા.

**૫૮૮ જે કોઇ 'રાહનુમા' વગર મુસાફરીએ જાય છે, દરેક બે દીવસની મુસાફરી એક સો વર્ષની મુસાફરી (માફક) બને છે.**

રાહનુમા વગર - મુસાફરી - બે દિવસની 100 દિવસ ની બરાબર

૫૮૯ જે કોઈ કાબા તરફ રાહનુમા વગર ઉપડે છે તે આવા ગભરાએલાના બંધ બેસ્તા બને છે.
૫૯૦ જે કોઈ શિક્ષક વગરે ધંધો શરૂ કરે છે તે શહેર અને ગામડામાં હાંસીપાત્ર બને છે.
૫૯૧ સિવાય કે તે એકાદ અપવાદ બને. પુર્વ અને પશ્ચિમમાં (આખી દુનિયામાં) હ. આદમ (અ. સ.) ના પેટે માતાપીતા વગર પોતાનું માથું બહાર કાઢયું (જન્મ લીધો.)
૫૯૨ જે થોડું થોડું પણ પેદા કરે છે તે ધન દોલતને મેળવે છે. તે એક અસાધારણ બનાવ બને કે એક (દટાએલા) ખજાના પર અથડાઇને (મેળવે છે.)
૫૯૩ હ મુસ્તફા (ર. સ. અ.) કયાં છે કે જેઓનું શરીર પણ આત્મા છે કે જેથી દયાળુ (ખુદા) તેઓને કુરાને મજીદ શીખવે ?
૫૯૪ કારણુ કે જે બધાઓ શરીરને વળગી રહ્યા છે તેઓ ખાતર અનહદ માયાળુપણામાં (ખુદા) ઝંડો ઉંચકે, "તેણે કલમથી શીખવ્યું" સાધન તરીકે,
૫૯૫ ઓ પુત્ર, દરેક કંજુસ માણસ (રૂહાની આશીર્વાદો) થી વંચીત રખાયો છે. કંજુસ માફક દોડ નહિ બહુ ધીમે (ચાલ.)
૫૯૬ તેઓએ પેલી મુસાફરીમ, ચોકખા પાણીના વાવાઝોડામાં ફસાએલા પંખીની માફક હાડમારી અને મહા દુઃખ ભોગવ્યાં.
૫૯૭ તેઓ ગામડાથી અને ગ્રામ્ય પ્રદેશ અને આવા અજાણુ ગામડીયાના સાકર જેવા સંબોધનથી (છેતરાએલા) બીમાર થયા (કંટાળ્યા.)

## શેઠ અને તેના કુટુંબનું ગામડામાં આવી પહોંચવું અને ગામડીયાનું તેને જોવા કે ઓળખવાના ઢોંગ કરવા વિષે

૫૯૮ એકાદ મહીના પછી ખાધા ખોરાકી વગર અને તેમના ઢોરો ચારા વગરના આવી પહોંચ્યા.
૫૯૯ હવે જુઓ પેલો ગામડીઓ, હલકા ઈરાદાથી નાની મોટી તકલીફો તેમના ઉપર ઉતારે છે.
૬૦૦ પોતાનો ચહેરો તેઓથી દીવસના ભાગમાં સંતાડેલો રાખે છે, રખેને તેઓ પોતાનાં મોઢાં તેના બગીચાની દિશાએ ઉઘાડે.
૬૦૧ તેના જેવા ચહેરા કે જે ઢોંગ અને હલકાઇથી ભરેલા છે, તે મુસ્લિમોથી સંતાડેલા રાખે તે વધારે સારૂં છે.
૬૦૨ એવા (પણ) ચહેરાઓ છે, જો કે તેઓ ચોકીદારો હતા (છતાં) તેના પર સેતાનો ડાંસની માફક ચોંટી રહ્યા છે.
૬૦૩ જ્યારે તમે તેનો (આવા એકાદનો) ચહેરો જોશો ત્યારે તેઓ (સેતાનો) હમારા ઉપર તુટી પડશે, કાં તો તેનો ચહેરો જુઓ જ નહિ.
૬૦૪ આવા હલકટ ગુનાહિત ચહેરા માટે ખુદાએ કહ્યું છે, "ખરેખર અમે તેના માથાની

બાબરીથી પકડશું."

૬૦૫ જ્યારે તેઓએ (શહેરની ટોળીએ) તપાસ કરી અને (ગામડીયાનું) ઘર શોધી કાઢયું, તેઓ કુટુંબની માફક દરવાજે દોડયા.

૬૦૬ (ત્યારે) ઘરના માણસોએ દરવાજા વાસી દીધા. આવી અધમતાથી શેઠ (જાણો કે) ગાંડા જેવો બની ગયો.

૬૦૭ પણ ખરેખર રીતે, તે વખત સ્વભાવ ઉગ્ર કરવાનો ન હતો. જ્યારે કે તમે ખાડામાં પડયા છો ત્યારે ગુસ્સે થવાનો શું ફાયદો છે?

૬૦૮ તેઓ તેના દરવાજે પાંચ દીવસ રહ્યા. તેઓએ રાત્રી ઠંડીમાં અને દિવસે સુર્યના સખત તડકામાં પસાર કરી.

૬૦૯ તેઓનું ત્યાં રહેવાનું કારણ કાંઈ ગાફલપણા કે અધમતા અંગે ન હતું, નહિ. તે કંગાલીયત અને ગધેડાના (સાધનના અભાવે) જરૂરીયાત જ હતી.

૬૧૦ તંગી થકી ઘણીવાર ભલા બુરાઇ તરફ વળે છે. સખત ભૂખ થકી સિંહ મરેલું, સડી ગએલું માંસ ખાય છે.

૬૧૨ તે (શહેરી) ગામડીયાને મળતો અને સલામ કરતો અને કહેતો, હું ફલાણો ફલાણો છું, આ મારૂં નામ છે.

૬૧૨ તેણે કહ્યું, કદાચ હશે, મને કેમ ખબર પડે કે તમે કોણ છો? તમે કદાચ ભયંકર ગુંડા પણ હોઇ શકો અથવા પ્રમાણિક શેઠ (શું ખબર)?

૬૧૩ તેણે કહ્યું, આ પળે કયામત ભેગી થાય છે, એક ભાઇ તેના બીજા ભાઇથી ભાગી છુટવા માગે છે,

૬૧૪ તેણે તેને (ગામડીયાને) સમજાવ્યો એમ કહીને કે, "હું તેજ છું કે જેના મેજ ઉપર તેં અસંખ્યવાર ભાત ભાતની વાનગીઓ આરોગી છે."

૬૧૫ મેં ફલાણા ફલાણા દિવસે તારા માટે ચીજ વસ્તુઓ ખરીદી હતી. બે વચ્ચે જો ખાનગી થાય છે તે (બધાને) ખબર પડી જાય છે.

૬૧૬ લોકોએ આપણી વચ્ચેનો મિથ્યાડંબર સાંભળેલ છે, (કાયદાની રીતે) જ્યારે ગળાએ સારા પ્રમાણમાં (ખાધું છે) ચહેરા ઉપર આભારદર્શક નિશાનીઓ જરૂર હશે.

૬૧૭ તે (ગામડીઓ) તેને કહેશે. "શા માટે તું અર્થહીન બકવાસ કરે છે.? હું તને કે તારા નામને કે તારા રહેઠાણને જાણતો જ નથી."

૬૧૮ પાંચમી રાત્રીએ વાદળા અને વરસાદનું સખત તોફાન શરૂ થયું. તેના વરસાદથી (જાણે) કે આકાશ પણ ધ્રુજી ઉઠયું.

૬૧૯ જ્યારે જમૈયો હાડકાં સુધી પહોંચ્યો. (ખુબ દુઃખી થયો) ત્યારે શેઠે દરવાજો ખખડાવ્યો. આક્રંદ કરીને કહે. ધણીને બોલાવો.

૬૨૦ આખરે તે સેંકડો તાત્કાલીક આજીજીઓના જવાબમાં દરવાજે આવ્યો. તેણે કહ્યું, ભલા માણસ શું છે? શા માટે આ બધું?

૬૨૧ તેણે જવાબ આપ્યો, (તારા ઉપરના) બધા દાવાઓ હું છોડી દઉં છું. હું જે કલ્પનાઓ કરતો હતો તે પાછી ખેંચી લઉં છું.

૬૨૨ મેં પાંચ વર્ષનું દુઃખ ભોગવ્યું છે. મારો દયાજનક આત્મા આ ગરમી અને જવાળાઓમાં પાંચ દીવસ (સળગ્યો.)

૬૨૩ સંબંધી કે દોસ્તો અને કુટુંબમાંથી એક પણ અન્યાય (થાય તો) એ ત્રણ લાખ જેટલો બોજારૂપ (બને છે).

૬૨૪ કારણ કે તે (સહન કરનાર) તેના (દોસ્તનું) ઘાતકીપણું અને અન્યાય ઉપર પોતાનું મગજ દોડાવી શકતો નથી. તેનો આત્મા તેનામાં માયાળુપણા અને વિશ્વાસથી ટેવાએલો છે.

૬૨૫ જે પણ દુઃખો અને દિલગીરીઓ માણસને (લાગે છે) ચોક્કસ તે તેની ટેવોથી ઉલટી હોવાનું પરિણામ છે.

૬૨૬ તેણે (શહેરીએ) (વધુમાં) કહ્યું "ઓ તું કે જે, જેના પ્રેમનો સુર્ય ઘટવામાં છે, જો તેં મારું લોહી પણ વહેવડાવ્યું હોત તો પણ હું તને મુક્ત કરત.

૬૨૭ આ વરસાદની રાત્રીના અમને એક વિશ્રાંતીસ્થાન આપ. જેથી કયામતના દિવસે ભલો બદલો ...પ. ...

૬૨૮ તેણે જવાબ આપ્યો, ત્યાં દ્રાક્ષવાડીના ચોકીદાર માટેનું વિશ્રાંતીસ્થાન છે, તે ત્યાંથી વરૂઓ ઉપર ચોકી રાખે છે.

૬૨૯ વરૂના કારણે પોતાના હાથમાં તીર કામઠું, (જેથી) જો ભયંકર વરૂ આવે તો તેને વીંધી શકાય.

૬૩૦ જો તું તે કામ કરે તો તે જગ્યા તારી છે અને જો નહિ તો મહેરબાની કરી બીજી જગ્યા શોધી લે.

૬૩૧ તેણે કહ્યું, હું એક સો કામ કરીશ. (માત્ર) તું મને જગ્યા આપ અને મારા હાથમાં તીરકામઠું મુક.

૬૩૨ હું ઉંઘીશ નહિ, વૃક્ષોની ચોકી કરીશ. જો વરૂ પોતાનું માથું ઉંચકશે તો તેના તરફ તીર ફેંકીશ.

૬૩૩ કારણ કે ખુદાની ખાતર આજ રાતના મને (બહાર) મુક નહિ, ઓ બેવડા દીલવાળા, માથા ઉપર વરસાદ અને નીચે ગારો (છે).

૬૩૪ વિશ્રામસ્થાન ચોકખુ કરવામાં આવ્યું, અને તે તેના કુટુંબ સાથે ત્યાં ગયો. (તે) એક સાંકડી જગ્યાં હતી. અને હરીફરી શકવાની જગ્યા પણ ન હતી.

૬૩૫ ખૂણામાંના પાણીના ધોધની ભયંકરતાથી (બચવા) ખીચોખીચ તીડાની માફક એક બીજા ઉપર કુટાતા હતા.

૬૩૬ રાત્રિ દરમ્યાન, આખી રાત્રિ, તેઓ બધા બુમો પાડતા હતા. "ઓ ખુદા, અમારાથી ભલાઇ કર, ભલાઈ કર, ભલાઇ કર."

૬૩૬ જેઓ હલકા (માણુસ) સાથે સંબંધ રાખે છે તેના માટે આ (સજા) લાયક જ છે. અથવા લાયકાત વગરના માટે લાયકાત (ભલાઇ) બતાવે.

૬૩૮ આ તેને માટે લાયક જ છે કે વૃથા આશાઓમાં સંતોની (પવિત્ર માણસોની) રજને સ્તુત્ય સમજવાનું છોડી દે છે.

૬૩૯ અધમ અને તેના દ્રાક્ષાસવ અને ગુલાબના બગીચાઓ કરતાં પવિત્ર ઇમામે મુબીની દીવાલ અને ધુળ ચાટવી વધુ સારૂં છે.

૬૪૦ બાદશાહોના માથાના મુગટો ઉપર ચાલવા કરતાં પ્રકાશિત દીલવાળા "રાહબર" ગુલામ થવું વધુ બહેતર છે.

૬૪૧ દુનિયાના બાદશાહો પાસેથી તને માત્ર (ખાલી) પીપના અવાજ જ મળશે. એ (પણ) રસ્તાઓના કાગળો લઇ જનાર ખાસ કર્મચારી (આ સમજ).

૬૪૨ શહેરના માણુસો પણ રૂહાનીની સરખામણીમાં લૂંટારા જેવા હોય છે, ગામડીઓ કોણ છે? મૂર્ખ કે જેને રૂહાનીયતની બક્ષીસ નથી.

૬૪૩ આ તેને લાયક જ છે કે જે (જ્યારે) પીશાચની રાડ તેને સંભળાય છે ત્યારે આંતરિક દૃષ્ટિ ન હોવાના પરીણામે (પીશાચ) તરફ જવાનું પસંદ કરે છે.

૬૪૪ જ્યારે દિલના ઉંડાણમાંથી પશ્ચાત્તાપ ચાલ્યો ગયો હોય છે ત્યારે આ (એક પાપ) ની જાણ કાંઇ પણ ઉપયોગી નથી.

૬૪૫ (તે) પોતાના હાથમાં તીર અને કામઠું પકડી રાતના પહેલેથી છેલ્લે સુધી વરૂને શોધતો હતો.

૬૪૬ હકીકતમાં વરૂ તેના ઉપર અગ્નિની ચીનગારી માફક સવાર થએલ (હતો) તે વરૂને (બહારની બાજુ) શોધતો હતો અને (પોતાનામાંના) વરૂથી સભાન ન હતો.

૬૪૭ દરેક ડાંસ, દરેક પતંગીયું જાણે કે વરૂ બન્યું હતું. અને તે નાશ પામેલી જગ્યાએ તેના પર ઝખમો કરતું હતું.

૬૪૮ પેલા ડાંસોને ભગાડી મૂકવાની તક પણ ન હતી, કારણ કે તેના (અંતરમાં) ભયંકર વરૂની છાયાની બીક ભરાએલી હતી.

૬૪૯ રખેને વરૂ તેઓ ઉપર કાંઇ નુકશાન કરે, (અને પછી) પેલો ગામડીઓ (તેઓ) શેઠની દાઢી પીંખી નાખે.

૬૫૦ આવી રીતે મધ્યરાત્રી સુધી તેઓના દાંત કચકચાવતા હતા. તેઓના આત્માઓ નાભીમાંથી હોઠ સુધી આવતા હતા.



ગામડી ખોટી(?) ફાટી - જેને રૂહાની બક્ષીસ નથી.

૬૫૧ ઓચિંતા રખડતા વરૂ (જેવી) આકૃતિએ ટેકરીના મથાળા ઉપરથી પોતાનું માથું ઊંચક્યું.

૬૫૨ શેઠે અંગૂઠા ઉપરથી તીર છૂટું કર્યું, અને એક જનાવરને માર્યું, તેથી તે જમીન ઉપર પડયું.

૬૫૩ જનાવર પાસેથી પડવા અંગે હવા પ્રસરી (અવાજ થયો). ગામડીયાએ એક નિસાસો મૂકયો અને પોતાના હાથ પછાડયા.

૬૫૪ (રાડી પાડી કહે :), ઓ દયા વગરના (અધમ) તેં મારા ગધેડાનું ખોલકું છે. તેણે કહ્યું : "નહિ, આ સેતાનીક વરૂ જ છે."

૬૫૫ બ્રાન્તિ થકી તેમાં વરૂપણાનો દેખાવ (જોયો). તેનું રૂપ તેના વરૂપણાથી ઓળખાતું બને છે.

૬૫૬ તેણે કહ્યું : નહિ, હું તેનાથી છુટેલી ગંધ પણ તેવી જ રીતે જાણું છું. જેવી રીતે શરાબમાંથી પાણી જાણું છું.

૬૫૭ તેં ગૌચરમાં ગધેડાના ખોલકાને મારી નાખ્યો છે. આ મહાદુઃખથી તું કદી છુટવાનો નથી.

૬૫૮ તેણે જવાબ આપ્યો, વધુ સારી રીતે તપાસ કરો. રાત્રિ છે. અને રાત્રિના જોનારને ભૌતિક ચીજો જુદી રીતે દેખાય છે.

૬૫૯ ઘણી ચીજો રાત્રિએ ખોટી અને બદલાએલી દષ્ટિમાન થાય છે. દરેકને રાત્રિએ સાચી રીતે જોવાની ટેવ હોતી નથી.

૬૬૦ (અત્યારે) રાત્રિ અને વાદળાં અને ભારે વરસાદ છે. આ ત્રણ જાતનાં અંધારાં ખોટી ભૂલો ઉત્પન્ન કરે છે.

૬૬૧ તેણે કહ્યું, મને તે પ્રકાશિત દિવસ (જેટલું જ ચોકખું દેખાય છે) હું (તેને) જાણું છું. તે મારાં ગધેડાના ખોલકાની જ ગંધ છે.

૬૬૨ જેમ મુસાફર પોતાની મુસાફરીની ખાધા ખોરાકી જાણે છે તેવી જ રીતે હું વીસ ગંધોમાંની ગંધ જાણું છું.

૬૬૩ શેઠે કુદકો માર્યો, અને પોતાની ધીરજ ખોઇ બેસતાં તેણે ગામડીયાને તેના ગળાના કાંઠલાથી પકડયો.

૬૬૪ બૂમ પાડી કહે, ઓ મૂર્ખ અને બદમાશ, તેં નાસ્તિકતા બતાવી છે. તેં ભાંગ અને અફીણ બંને સાથે ખાધાં છે.

૬૬૫ તું ત્રણ અંધારાઓ વચ્ચે તારા ગધેડાની વાસ જાણે છે, ઓ અસ્થિર મગજવાળા, ત્યારે તું મને કેમ ઓળખતો નથી ?

૬૬૬ તે જે મધ્ય રાત્રિએ ખોલકાને ઓળખે છે તો તે દસ વર્ષના તેના દોસ્તને કેમ ન ઓળખે ?

૬૬૭ તું (ખુદાઈ પ્રેમથી) બેખુદ બનવાનો ઢોંગ કરે છે પણ (તું) એક નાસ્તિક છો. તું ઉદારતાથી આંખોમાં ધૂળ નાખે છે.

૬૬૮ કહેવાયું છે, "મને પોતાને મારી ખબર નથી. મારા દીલમાં ખુદા સિવાય બીજા માટે જગ્યા જ નથી.

૬૬૯ મેં ગઇ કાલે શું ખાધું તેનું પણ મને ભાન નથી. આ દીલ અત્યાનંદ સિવાય બીજા કશામાં આનંદ લેતું નથી.

૬૭૦ હું સ્થિર મગજવાળો અને ખુદાથી અસ્થિર બન્યો. તું (આ) યાદ રાખ. અને (જ્યારે હું) આવી નિઃસ્વાર્થી હાલતમાં છું. મને માફ કરવા જેવો સમજ.

૬૭૧ તે જે કોઈ મુડદાલ માંસ ખાય છે એટલે ખજુરનો દારૂ પીએ છે, (ધાર્મીક) કાયદા (શરીયત) તેઓને ગુનેહગાર ગણે છે.

૬૭૨ પીધેલાને અને ભાંગ ખાનારને છુટાછેડા કે વહેવાર કરવાનો (હક) હોતો નથી. તે એક બચ્ચા જેવો છે. તે એક માફી અને છુટકારો પામેલો છે.

૬૭૩ અદ્વિતિય બાદશાહની સુગંધમાંથી જે ઉન્માદ ઉભરાય છે. એકસો મદિરાની ઠેગો, માથા અને મગજમાં તેવો ઉન્માદ ઉભરાવી શકશે નહિ.

૬૭૪ તેને (ખુદામાં મસ્ત થયેલાને) પછી (શરીયત પકડી) રાખવાની ફરજ કેમ લાગુ પડશે ? ઘોડો (હદ ઉપરાંત) પડયો છે, અને હરવા ફરવા અશક્ત બન્યો છે.

૬૭૫ ગધેડાના ખોલકા ઉપર દુનિયામાં ભાર કોણ મૂકશે ? 'બુમુરા'ને ફારસી ભાષામાં પાઠ કોણ શીખવશે ?

૬૭૬ જ્યારે લુલાપણું આવે છે ત્યારે ભાર ઉઠાવી લેવામાં આવે છે, ખુદાએ કહ્યું છે "આંધળાપણામાં પાપ નથી."

૬૭૭ હું મારા પોતા અંગે આંધળો બન્યો છું. માત્ર ખુદાની (દયાથી) જોઉં છું. તેથી હું નાની મોટી ફરજોમાંથી મુક્ત થયો છું.

૬૭૮ તું તારા દરવેશીપણા, બિનસ્વાર્થીપણાની શેખી કરે છે, પેલા અલ્લાહમાં મદમસ્ત થયેલાની નિરાશામય બૂમો (તું ઉચ્ચારે છે).

૬૭૯ કહેવાયું છે, "મેં સ્વર્ગમાંથી દુનિયા જાણી નથી. (દૈવી) અદેખાઇએ તને પરેશાન કરેલ છે, પશેમાન કરેલ છે.

૬૮૦ તારો ગધેડાના ખોલકાની વાસે આવી રીતે તેને શરમમાં મૂકે છે. આપ તેણે તારા ખુદની નકારાત્મક હસ્તિને કબૂલ કરી છે.

૬૮૧ આ ડહાપણમાં ખુદાએ નાસ્તિકતાનો ગુન્હો પ્રકાશમાં મૂકેલ છે. આ ડહાપણમાં તેણે ભાગી જતી પત્થરની ખાણને પકડી પાડી છે.

૬૮૨ ઓ પિતા, આવા લાખો કેસો છે, કારણ કે જો કોઈ એમ કહે કે હું દરવાજાનો અધિકારી છું.

૬૮૩ તો ગીધ (તેને) તપાસમાં મૂકવાનું ન જાણે (તો પણ) રસ્તાના નિષ્ણાતો તેની પાસેથી નિશાનીઓનો તકાજો કરશે.

૬૮૪ જ્યારે એક અધમ જાત દરજી હોવાનો ઢોંગ કરશે, બાદશાહ તેની આગળ સાટીનનો તાકો ફેંકશે.

૬૮૫ કહેશે, આને પહોળા કુલાના માટે કાતર. (આના પરીણામે) તે ચકાસણી થકી તેના માથા ઉપર બે શીંગડાં દેખાશે.

૬૮૬ જ્યાં પતિત માણસની ચકાસણી નથી. દરેક બાયલો બખેડામાં રૂસ્તમ જેવો (પહેલવાન) બનશે.

૬૮૭ ધારી લ્યો કે બાયલાએ અધીકારીનો ઝભ્ભો પહેર્યો છે છતાં જ્યારે ફટકા પડે છે ત્યારે કેદી જેવો બની જશે.

૬૮૮ ખુદામાં મદહોશ બનેલાને તેની સમજણમાં પશ્ચિમી પવન પાછો કેમ લાવી શકશે? ખુદાએ માણસને મદહોશ બનાવ્યો છે તે નગારાના અવાજથી પાછો પોતાનામાં આવશે નહિ.

૬૮૯ ખુદાઇ શરાબ સાચો છે, તે કાંઇ ખોટો નથી, તેં છાશ પીધી છે, છાશ પીધી છે, છાશ.

૬૯૦ તેં પોતાને (ખુદને) જુને ઇદ અથવા બાયઝીદ બનાવ્યો છે. "ચાલ્યો જા, કારણ કે મેં કુંચીમાંથી કુહાડી (બનેલી) જાણી નથી.

૬૯૧ ઓ દગલબાજીના પ્રયોજક, નાસ્તિકતાના પ્રતાપે તું કુદરતના:પરિણામ અને (રૂહાની) પ્રમાદી અને કંજુસાઇ અને ઝનાને કેમ ઢાંક પિછોડો કરીશ?

૬૯૨ તું તને પોતાને મનસુર અલહલાજ બનાવે છે, અને તારા દોસ્તોના રૂને આગ લગાડે છે.

૬૯૩ કહેવત છે કે "અબુ લહબ કે ઉપરને ઓળખતો નથી (પણ) હું મધ્ય રાત્રીએ મારા ગધેડાના ખોલકાની વાસ જાણું છું.

૬૯૪ અરે, ગધેડા કે જે તારી માફક ગધેડાના આ આકારને માપશે, અને પોતાને તારી ખાતર આંધળો અને બહેરો બનાવશે?

૬૯૫ રસ્તાના મુસાફરોમાંના એકની માફક પોતાને ગણાય નહિ. તું તેમની હારમાં રસ્તો બનાવતો મિત્ર છો. વિષ્ઠા ખા નહિ. (અક્કલ વગરની વાત ન કર)

૬૯૬ નાસ્તિકતાથી પાછો હઠ (ભાગ), વાસ્તવિકતા તરફ દોડ. વિલક્ષણ (બનાવટી) પાંખથી સ્વર્ગે કેમ ઉપર જઇશ.?

૬૯૭ તેં ખુદાના પ્રેમી હોવાનો ઢોંગ કર્યો છે. (પણ ખરી રીતે) તું પ્રેમની રમત કાળા સેતાન સાથે રમ્યો છે.

૬૯૮ કયામતના દિવસે પ્રેમી અને પ્રિયતમને જોડીમાં બાંધવામાં આવશે અને જલ્દીથી (ઇન્સાફ માટે) આગળ કરવામાં આવશે.

(વિષ્ઠા ખા નહિ = અક્કલ વગર ની વાત ન કર.)

૬૯૯ શું તેં તારા પોતાને દિવાનો અને અક્કલ વગરનો બનાવ્યો છે? મદીરાનું લોહી (રૂહાની ઈશ્ક) કયાં છે? તેં અમારૂં લોહી પીધું છે.

૭૦૦ (કરે છે) ચાલ્યો જા, હું તને ઓળખતો નથી. મારાથી ભાગી જા. હું પોતાનામાંનો સંત છું અને (હું) ગામડાનો બુહલુલ છું.

૭૦૧ ખુદાની નજદીકપણાનો તારો ખોટો અભિપ્રાય મનઘડીત છે. ધારે છે કે થાળ બનાવનાર થાળથી દુર નથી.

૭૦૨ (અને) શું તું આ જોતો નથી કે (ખુદાની) નજદીકી (ધરાવતા) 'રાહબર'ને એક સો મોજીઝા અને દમામો અને શક્તિઓ હોય છે?

૭૦૩ હ. દાઉદ (અ. સ.) પાસે લોઢું મિણબતીના ટુકડા જેમ (નરમ) હતું. તારા હાથમાં મીણબત્તી લોઢા (જેવી) કઠણ છે.

૭૦૪ તેના પેદા કરવામાં અને રોજી આપવાની બાબતમાં (ખુદાની નજદીક) બધાને માટે સામાન્ય છે (પણ માત્ર) આ ઉમદા (નબી અને ઇમાન) કે જેઓ નજદીકી પામેલા છે તેમના થકી જ પ્રેમની આંતર પ્રેરણા થાય છે.

૭૦૫ ઓ પિતા! નજદીકી ઘણી જાતની છે, સુર્ય પર્વતો ઉપર અને (ખાણોમાં) સોના ઉપર પ્રકાશે છે.

૭૦૬ સુર્ય અને સોના વચ્ચે નજદીકી છે પણ તેનું જ્ઞાન વડના ઝાડને હોતું નથી.

૭૦૭ સુકી અને લીલી ડાળીઓ સુરજની નજદીક છે, તે બન્નેની પાસેથી સુર્ય દેખાવ દેનાર કેવી રીતે બનશે?

૭૦૮ ફળથી લચી પડેલ ડાળીની નજદીકી કયાં છે? જેમાંથી તમે પાકાં ફળો ખાઓ છો?

૭૦૯ સુકી ડાળ સુરજના નજદીકી પણા અંગે જલ્દીથી નાશ પામવા સિવાય કોઈ (સારૂં) થશે નહિ.

૭૧૦ ઓ ડહાપણ વગરના આદમી, તે જાતના નશા વગરનો ન બન કે જ્યારે તે પાછો પોતાની સમજમાં આવે છે ત્યારે તેને દીલગીરી થાય છે.

૭૧૧ નહિ, પેલા નશાવાળો બન કે તેઓના થકી જ્યારે તેઓ (દૈવી પ્રેમ) ની મદીરા પીતા હોય છે, ત્યારે સમજદાર દીલગીરી સહન કરે છે (પ્રેમની મદીરા પીવા માટે.)

૭૧૨ ઓ તું કે જે બિલાડી જેવો છે, એક ઘરડા ઉંદર સિવાય બીજું કાંઈ પકડ્યું નથી. જો તું પેલી (પ્રેમની) મદીરાના ઘડાનો શોખીન છે તો સિંહને પકડ.

૭૧૩ ઓ તું કે જે કાલ્પનીક ખાલી પ્યાલો પીધો છે તેઓની માફક લથડીયાં ન ખા કે જેઓએ (દૈવી) વાસ્તવીકતાની (મદીરા) થી મસ્ત બન્યા છે.

૭૧૪ તું આ અને પેલી બાજુ પીધેલાની માફક પડે છે. ઓ તું કે જે આ બાજુ છે, તારે માટે પેલી બાજુ રસ્તો નથી.

૭૧૫ જો તું પેલી દિશાનો રસ્તો શોધે તો પછી તારો માથા તરફનો સિક્કો કોઇવાર આ બાજુ અને કોઈ વાર તે બાજુ ઉછાળ.

૭૧૬ તું બધો આ બાજુ જ છે (તેથી) પેલી બાજુની ખોટી બડાઈ ન હાંક, જ્યારે કે તું (ખુદીથી) મરી ગયો નથી, નકામો તમે પોતાને ત્રાસ ન આપ.

૭૧૭ તે હ. ખિઝરના આત્મા સાથે મૃત્યુ પછી સંકોચાયો નહિ. તેને પેદા થએલ (દુનિયા) જાણે નહિ તેમ આંચકી આપે છે.

૭૧૮ તું તારી સ્વાદેન્દ્રિયને ખોટી કલ્પનાના સોડમથી મીઠી બનાવે છે. તું ખુદીની ગુણીને ફુંકે છે અને તેને ભરે છે.

૭૧૯ પછી તું એક સોય ભોંકીને હવાથી ખાલી કરે છે, આવી રીતે કોઈપણ બુદ્ધિશાળીની કાયા જાડી બને નહિ.

૭૨૦ તું શિયાળામાં બરફના ઘડા બનાવે છે, જ્યારે તેઓ પાણી જોશે ત્યારે (અગાઉનું) અતુટપણું કેમ સાચવી શકશે ?

**એક શિયાળનું રંગની દેગમાં પડવું અને ઘણા રંગોથી રંગાવું અને શિયાળો વચ્ચે આવી પોતે મોર હોવાનો ઢોંગ કરવા વિષે.**

૭૨૧ અમુક શિયાળ રંગની દેગમાં પડ્યો અને તે દેગમાં તે થોડીવાર રહ્યો.

૭૨૨ અને પછી ઉઠયો, તેની ચામડી પચરંગી બની. કહેવા લાગ્યો, હું સ્વર્ગનો મોર બન્યો છું.

૭૨૩ તેની રંગાએલી ચામડીએ મોહક તેજસ્વીતા મેળવી અને સુર્ય પેલા રંગો પર પ્રકાશ્યો.

૭૨૪ તે પોતાને લીલો અને રાતો અને કાબરચીતરો અને પીળો જોવા લાગ્યો. (તેથી) તેણે પોતાને શિયાળો સમક્ષ ગૌરવપુર્વક રજુ કર્યો.

૭૨૫ તેઓ બધાએ કહ્યું, "ઓ નાના શિયાળ, શું હકીકત છે કે તારા ચહેરા પર હર્ષા-તિરેક નજરે પડે છે."

૭૨૬ કારણ કે હર્ષાતિરેકમાં તું અમારાથી (અહંકાર અંગે) જુદો પડી ગયો છે. તું આ મગરૂરી કયાંથી ખરીદી લાવ્યો છે ?

૭૨૭ શિયાળોમાંનો એક તેની પાસે ગયો અને કહ્યું, અરે ઓ ફલાણા તું ખોટી રીતે વર્ત્યો છો. અથવા તો તેઓ કે જેઓનાં દીલો (ખુદામાં) આનંદીત બન્યાં છે. તેવો ખરેખર બન્યો છે.

૭૨૮ છેવટમાં તેં છેતરપીંડી કરી છે કે તેં વ્યાસપીઠ પર કુદકો માર્યો છે અને તારી મિથ્યા ચર્ચાએ આ ટોળાને દીલગીરીમાં ગરકાવ કર્યું છે.

૭૨૯ તેં તનતોડ મહેનત કરી છે (પણ) તેં કાંઈ (રૂહાની) ઉષ્મા બતાવી નથી. તેં તને દગલબાજીથી ઊદ્ધતાઈના કટકા તરીકે જાહેર કર્યો છે.

૭૩૦ (રૂહાની) ઉષ્મા એ વલીઓ અને નબીઓ ધરાવતા હોય છે. બીજી રીતે ઊદ્ધતાઈ એ દરેક ઢોંગીનું આશ્રયસ્થાન છે ?

૭૩૧ કારણુ કે તેઓ લોકોનું ધ્યાન પોતા તરફ દોરે છે, કહે છે, "અમે (ખુદા સાથે) આનંદમાં છીએ (જ્યારે દીલમાં) તેઓ વધુ પડતાં દુઃખી હોય છે."

એક પતરાજીખોર દરરોજ સવારે તેના હોઠ અને મુછો જાડા ઘેટાંની પુછડીથી ઘસતો અને તેના સાથીદારો વચ્ચે આવી કહેતોઃ મેં આવી આવી સારી વાનગીઓ ખાધી છે.

૭૩૨ એક માણુસ કે જેની (લોકો તેની ગરીબાઈ અંગે) ઓછી કિંમત કરતા; રોજ સવારે પોતાની મુછો ઉંજવતો.

૭૩૩ અને જાણીતા અને (પૈસાદાર) લોકો વચ્ચે જઇને કહેતો, મેં મહેફીલમાં સારી, સારી તળેલી વાનગીઓ આરોગી છે.

૭૩૪ તેની નિશાની તરીકે પોતાની મુછે તાવ દઈ કહેતો, "મારી મુછો તરફ જુઓ"

૭૩૫ કારણુ કે તે મારા આ શબ્દોને સાચા ઠરાવવાની સાક્ષી છે, અને સ્વાદીષ્ટ અને તળેલા ખોરાક ખાધાંની નિશાની છે.

૭૩૬ તેનું પેટ અવાજ વગર જવાબમાં કહેતુંઃ "જુઠાઓના કાવત્રાં ખુદા નાશ કરે."

૭૩૭ તારી પતરાજીએ મારામાં અગ્નિ સળગાવી છે. તારી ઉજવાએલી મુછો ભલે તુટી પડે!

૭૩૮ ઓ ભિખારી, જો તારી ઢોંગી પતરાજી ન હોત તો કોઈ દયાળુ માણુસે મારા પર દયા કરી હોત.!

૭૩૯ અને જો તેં દવા બતાવી ન હોત અને ઢોંગ રચ્યો ન હોત તો કોઈ વૈદે તેની દવા તૈયાર કરી હોત.

૭૪૦ ખુદાએ કહ્યું છે "તમારો કાન કે પુછડી ખોટી રીતે વાળો નહિ. તેઓની સચ્ચાઇ તેઓને સાચો ફાયદો પહોંચાડશે."

૭૪૧ તમારી ભુલો છુપાવવાની કોશીષ કરતા નહિ. તમારૂં જે હોય તે જાહેર કરો, રસ્તાંમાં 'ટચ સ્ટોન' કસોટીનો પત્થર છે.

૭૪૨ અથવા જો તમે તમારી ભુલો જાહેર ન કરો તો પણુ નકામી વાતો કરવાથી દુર રહો. તમને પોતાને છેતરપીંડી અને આડંબરથી મારી નાખો નહિ.

૭૪૩ જો તમારી પાસે કાંઇ પૂંજી હોય તો પણુ તમારૂં મોઢું ખોલતા નહિ. ત્યાં રસ્તામાં 'ટચ સ્ટોન' કસોટીનો પત્થર છે.

૭૪૪ અને 'ટચ સ્ટોન' કસોટીના પત્થર માટે પણુ તેઓની (આંતરીક) હાલત દર્શાવતી કસોટી છે.

૭૪૫ ખુદાએ કહ્યું છે, "જન્મથી મરણુ સુધી દર વર્ષે બે વખત તેઓની પરિક્ષા કરવામાં આવે છે.

૭૪૬ ઓ પિતા, પરિક્ષા ઉપર પરિક્ષા છે, ખબરદાર રહે, નાનામાં નાની પરિક્ષાથી ખરીદાઇ જવા (તૈયાર ન થા).

જન્મ થી મરણ સુધી દર વર્ષે ૨ વખત પરીક્ષા કરવામાં આવે છે

## બાઉરનો દિકરો બાલમ કે જે (પોતાને) સલામત સમજતો હતો કારણ કે ખુદાવંદે (તેની ઘણી) પરિક્ષાઓ કરી હતી અને તે તેમાંથી માન સહિત બહાર આવ્યો હતો તે વિષે.

૭૪૭ બાઉરનો દિકરો બાલમ અને શ્રાપીત ઇબલીસ છેલ્લી પરિક્ષામાં હલકા પડયા.

૭૪૮ તે તેના ઢંગ થકી પૈસાદાર બનવાની ઇચ્છામાં (બડાઈખોર નાસ્તિક બન્યો હતો) પણ તેનું પેટ તેની મુછને ધિક્કારતું હતું.

૭૪૯ (પેટ) બુમ પાડતું હતું. તે કે જે સંતાડે છે. તે બતાવી દે. તેણે મને હજમ કરેલ છે, 'ઓ ખુદા, તેના ગુનાહ પ્રકાશિત કર.'

૭૫૦ તેના શરીરના બધા અવયવો તેના વિરોધીઓ છે. કારણ કે તે વસંતની હવારી કરે છે જ્યારે તેઓ ડીસેમ્બર 'સમર' ઠંડી રૂમમાં છે.

૭૫૧ નકામી વાતો દયાળુ કૃત્યોને હાંકી કાઢે છે, અને ઝાડના થડમાંથી દયાની ડાળને કાપી નાખે છે.

૭૫૨ પ્રમાણિકપણું બતાવો અથવા ચૂપ રહો અને પછી દયા મેળવો અને આનંદ કરો.

૭૫૩ પેલું પેટ તેની મુછનું દુશ્મન બન્યું અને ખાનગી રીતે દુઆનો આસરો લીધો.

૭૫૪ બુમ પાડી કહે, ઓ ખુદા આ હલકટના આ ડંફાસના ગુનાહને પ્રકાશમાં આણ. એટલા માટે કે અમીરોની દયા મારા તરફ ફરે.

૭૫૫ પેટની દુઆનો જવાબ આપવામાં આવ્યો. ઉત્સાહી જરૂરીયાતે વાવટો ફરકાવ્યો. (હાજત પુરી થતી જોઇ)

૭૫૬ ખુદાએ કહ્યું છેઃ "જો કે તું દુરાચારી અને મૂર્તિપૂજક બને તો પણ જ્યારે તું મને બોલાવીશ. હું જવાબ આપીશ.

૭૫૭ જો તું દુઆ માગવામાં સતત વળગી રહીશ અને બુમ પાડી ઉઠીશ, તો અંતે તે તને પીશાચના હાથમાંથી છોડાવશે.

૭૫૮ જ્યારે પેટ પોતે ખુદાને આધીન થયું, બિલાડી આવી અને પેલા ઘેટાની ચામડીને ઉખાડી નાશી ગઈ.

૭૫૯ તેઓ બિલાડી પાછળ દોડયા (પણ) તેણી નાશી ગઇ (શેખીખોરનું) બાળક ધમકાવવાની બીકથી રંગ બદલે છે. (ફિક્કા પડે છે).

૭૬૦ એક નાનું બચ્ચું ટોળાની (વચ્ચેથી) આવ્યું અને તે બડાઈખોરની આબરૂ ઉઠાવી ગયું.

૭૬૧ તેણે કહ્યું, "ઘેટાની પૂંછડી કે જેનાથી રોજ તમે હોઠ અને મુછ ઊંજવતા હતા તે...

૭૬૨ બિલાડી આવી અને ઓચીંતી ઝુંટવી ભાગી ગઈ. હું દોડયો પણ કાંઇ વળ્યું નહિ.

૭૬૩ તેઓ કે જેઓ ત્યાં હાજર હતા અજાયબીગાં હસ્યા. અને દયાની લાગણી તેઓના અંતરમાં ફરીવાર દોડવા લાગી.

૭૬૪ તેઓએ તેને ખાણા માટે આમંત્ર્યો અને સંપૂર્ણ ધરાએલો રાખ્યો. તેઓએ તેની જમીનમાં દયાનાં બી વાવ્યાં.

૭૬૫ જ્યારે તેણે અમીર પાસેથી પ્રમાણિકતાનો અનુભવ કર્યો, તે પોતે નમ્રતાપૂર્વક પ્રમાણીકતાનો ભક્ત બન્યો.

## શિયાળ કે જે રંગારાની દેગમાં પડયો હતો મોર બનવાના તેના ઢોંગ વિષે.

૭૬૬ (તેવી જ રીતે) પેલો પચરંગી શિયાળ છુપી રીતે આવ્યો અને ઠપકો દેનારના કાનની બુટ ઉપર ફસાયો.

૭૬૭ મારા અને મારા રંગ તરફ જોવા તમને આજીજી કરૂં છું. ખરેખર મૂર્તિપૂજક મારા જેવી મૂર્તિ ધરાવતો નથી.

૭૬૮ ફુલના બગીચાની માફક હું સુગંધી અને ઘણી સુંદરતાવાળો બન્યો છું. અને સલામ કરો, મને નમો, મારાથી ભાગો નહિ.

૭૬૯ મારો ભભકો, સુંદરતા અને પ્રકાશ જુઓ મને દુનિયાની મગરૂરી મને ધર્મનો થાંભલો કહીને બોલાવો.

૭૭૦ હું દૈવી દયાની રંગભૂમિ બન્યો છું. જેના પર દૈવી હસ્તિ જાહેર થઈ છે તેની હું તખ્તી બન્યો છું.

૭૭૧ ઓ શિયાળો, ધ્યાન દઈને સાંભળો, મને શિયાળ કહીને ન બોલાવો, શિયાળને આટલી બધી ખૂબસુરતી કેમ હોઈ શકે?

૭૭૨ પેલા શિયાળો ટોળાબંધ તેની વધુ નજીક આવ્યા. મીણબત્તીની આજુબાજુ પતંગીયાની માફક નજીક આવ્યા.

૭૭૩ ઓ (પવિત્ર) પદાર્થમાંથી બનેલા, તો પછી કહે, અમે તને શું કહી બોલાવીએ! તેણે જવાબ આપ્યો, એક જ્યુપીટર જેવો સુશોભીત મોર.

૭૭૪ પછી તેઓએ તેને કહ્યું: "રૂહાની મોરો (પ્રિયતમના) ગુલાબ વાડીમાં દેખાવ કરે છે.

૭૭૫ તું તેની માફક દેખાવ (કળા) કરીશ? તેણે કહ્યું: 'ના' હું તેઓના મેદાનમાં ગયો જ નથી તો હું 'મીના' (ની ખીણમાં) કેવી રીતે વર્તું?

૭૭૬ તું મોર જેવો ટહુકો કરે છે? તેણે કહ્યું, 'ના' તો પછી 'માસ્તર બુખલઆલા' તું મોર નથી.

૭૭૭ મોરનો માનદાયક પોષાક સ્વર્ગમાંથી આવે છે, તું તેવો (પોષાક) રંગ અને ઢંગ થકી તેવી રીતે મેળવીશ?

## શિયાળ કે જેણે મોર હોવાનો ઢોંગ કર્યો તેની અને ફીરઔન અને તેના દૈવીપણાના ઢોંગની સરખામણી વિષે.

૭૭૮ તું ફીરઔન જેવો પણ છે કે જેણે પોતાની દાઢીમાં ઝવેરાતો લગાવ્યાં હતાં. અને ગધેડા જેવી તેની મૂર્ખાઇમાં હ. ઈસા કરતાં વધુ ઊંચો ચડયો.

૭૭૯ તે પણ શિયાળના કુટુંબમાં જન્મ્યો હતો અને દોલત અને સત્તાની દેગમાં પડયો.

૭૮૦ દરેક જણ તેની સત્તા અને દોલતને જોતો તે તેની યાદીમાં સિજદો કરતો.

૭૮૧ તે ભિખારી ફાટેલા ઝભ્ભામાં લોકોના પૂજવાથી અને આશ્ચર્યની લાગણી (તેની દોલત અંગેની) થી દયાનજક રીતે છકી ગયો.

૭૮૨ દોલત એક જાતનો સાપ છે. કારણ કે તેમાં ઝેર છે, પ્રખ્યાતી અને શુભેચ્છકતા અને પૂજા થવી એ અજગર છે.

૭૮૩ અરે, ઓ ફિરઔન, (તું) (પોતાને) સદ્‌ગુણી ધારી ન લે, તું શિયાળ છે. કોઇ રીતે મોસ્ફી માફક વર્તતો નહિ.

૭૮૪ જો તું મોરની રીતે દેખાવ દઈશ તો તું તેઓના દેખાવ (કળા) કરવામાં અશક્ત છો (જેથી) તું શરમમાં મુકાઈ જઈશ.

૭૮૫ હ. મુસા અને હા. હારૂન મોર જેવા હતા. તેઓએ તારા માથા અને ચહેરા ઉપર દેખાવ, (કળાની) પાંખ ફફડાવી.

૭૮૬ તારૂં દંભીપણું અને નામોશી (જાહેરમાં) ખુલ્લી પડી ગઇ. તું તારી ઉંચાઇએથી માથાભર પડયો.

૭૮૭ જ્યારે તું 'ટચ સ્ટોન' કસોટીનો પત્થર વેરે છે. ભેળસેળ કરેલા સિક્કાની માફક કાળો પડે છે. અસલી છાપ ભૂંસાઈ અને કુતરો દેખાણો.

૭૮૮ ઓ દંભી ભૂખ્યા કૂતરા, કંજુસાઈ અને છલોછલ નાદારીથી તારા ખુદને સિંહની ચામડીમાં ન લપેટ.

૭૮૯ સિંહની ગર્જના તારી પરીક્ષાની (તારી સત્યતાની) માગણી કરશે. સિંહનો દેખાવ હશે અને પછી કૂતરાઓની મનોવૃત્તિ.

## "અને તું ચોક્કસ તેમની દુષ્ટતા તેમની ભાષામાંથી જાણીશ" (આયાત) નું વિવરણ.

૭૯૦ ખુદાએ હ. પયગમ્બરને (કુરાને શરીફમાં) જણાવ્યું છે, નાસ્તિકપણાની એક નિશાની (જાણવી) સહેલી છે.

૭૯૧ ભલે તે નાસ્તિક ઉંચો બને, તેને તું તેની વાણી ઉચ્ચારણની સુંદરતા કે દુષ્ટતાથી (ખરૂં રૂપ) જાણી શકીશ.

૭૯૨ જયારે તું માટીમાંથી બનેલા ઘડા ખરીદે છે. ઓ ખરીદનાર, ત્યારે તું તેની ચકાસણી કરે છે.

૭૯૩ તું ઘડા ઉપર તારા હાથથી ટકોરે છે, શા માટે ? એટલા માટે કે તું તેના અવાજ ઉપરથી તડ પડેલો જાણી શકે ?

૭૯૪ તડ પડેલા ઘડાનો અવાજ જુદા પ્રકારનો હોય છે. અવાજ ઓદો હોય તો તેની આગળથી લઇ લેવાય છે.

૭૯૫ અવાજ તેને જાણીતો કરવા આવે છે, તે તેને નક્કી કરે છે. જેમ ચકાદરને ક્રિયાપદ કહે છે.

૭૯૬ જ્યારે ( દૈવી ) ચકાસણીનો વિષય બીજી બાજુ ફેરવાય ગયો છે ત્યારે હારૂનની વાર્તા મારી યાદીમાં ઓચિંતી આવી છે.

## હારૂત અને મારૂતની વાર્તા અને મહાન ખુદાની ચકાસણીને પડકારતી તેઓની બડાઇ વિષે.

૭૯૭ આ ( બનાવ બન્યા ) ની પહેલાં આપણે તેના વિષે થોડું કહ્યું છે. ખરેખર તો આપણે શું કહેશું ? ( આપણે તેમાંથી ) હજાર વાતની એક ( વાત ) કહીશું.

૭૯૮ હું તેમાં રહેલ ( રૂહાની ) સત્યતા વિષે બોલીશ. ( પણ ) અત્યાર સુધી એક બાજુ રહી જવાના પરિણામે કહેતાં રહી ગઈ છે.

૭૯૯ ફરી એકવાર તેમાંથી થોડી કહેવામાં આવશે. તેનું સવિસ્તર વર્ણન હાથીના એકાદ કાન જેવું છે.

૮૦૦ હારૂત અને મારૂતની (વાર્તા) સાંભળ, ઓ તું કે જેઓના ચહેરાના અમે ગુલામો અને દાસો છીએ.

૮૦૧ તેઓ (હારૂત અને મારૂત) ખુદાના દિદાર થકી મદહોશ હતા. અને બાદશાહના અજાયબ આકર્ષણ અને ચમત્કારોના મદહોશ હતા.

૮૦૨ આવી મદહોશી ખુદાના ક્રમિક આકર્ષણમાંથી ઉભરાય છે. તેથી (તુમે ધારી શકો કે) કઇ મદહોશીથી ખુદા તરફ સ્વર્ગારોહણ થયું છે.

૮૦૩ તેની જાળના ગલનો ગર્ભ આવી મદહોશી પેદા કરે છે (પછી) વસ્તુઓ તો શું પણ તેની ઉદારતાનું મેજ પણ જાહેરાત કરતું થાય છે.

૮૦૪ તેએ પીધેલા અને બંધમાંથી છૂટા થએલા છે. તેઓ પ્રેમીઓની રીતે આનંદદાયક ચીસો પાડતા હોય છે.

૮૦૫ (પણ) તેઓના રસ્તામાં એક અડચણ અને ચકાસણી છે, તેનો શક્તિશાળી પવન પર્વતને ઘાસની માફક ઉડાડી શકે છે.

૮૦૬ (દૈવી) ચકાસણી તેઓને ઉપરથી નીચે ફેરવી નાખે છે, ( પણ ) એક કે જે અક્ચુર છે તે આવી ચીજોમાં દીલ કેમ લગાડે ?

૮૦૭ તેઓને માટે ખાડો અને ખુલ્લી જગ્યા સરખી જ છે. તેમને માટે ભોંયરાનું કેદ-ખાનું કે ખાડો ચાલવા માટેનો રસ્તો છે.

૮૦૮ ડુંગરના બકરા નુકશાન ન થાય તેવો ખેરાક મેળવવા પર્વત ઉપર ઉંચે દોડે છે.

૮૦૯ જ્યારે તે કુંણી ડાળીઓ ખાતા હોય છે ત્યારે ઓચીંતા આસમાની હુકમથી રખાએલ બીજી બનાવટ જુએ છે.

૮૧૦ તે બીજા પર્વત ઉપર પોતાનું ચરવાનું રાખે છે, બીજા પર્વત ઉપર તે બકરીની કલ્પના કરે છે,

૮૧૧ તાબડતોબ તેની આંખો અંધી બને છે, તે આ પર્વત ઉપરથી બીજા પર્વત ઉપર ઠેકડા મારે છે.

૮૧૨ તેને તે ઘરના (ફળીયામાં) ધીમે ધીમે દોડવા જેવી નજદીક ( સહેલી ) લાગે છે.

૮૧૩ હજારો અંડાકારો તેને બે જ ( અંડાકાર ) જેવા દેખાય છે, આંધળા મોઢમાં તેને તેને કુદવાનું મન થાય છે.

૮૧૪ જેવો તે કુદકો મારે છે તે બે પર્વતો વચ્ચે દયાજનક રીતે પડે છે.

૮૧૫ તે શિકારીઓથી ( બચવા ) પર્વત ઉપર ભાગી આવ્યો હતો. તેના પોતાના આશ્રય સ્થાને તેનું લોહી વહેવડાવ્યું.

૮૧૬ બે પર્વતો વચ્ચે શિકારીઓ આવી દયાજનક ખુદાઈ હુકમનામની ધારણાથી બેઠેલા હોય છે.

૮૧૭ આ જંગલી બકરાને પકડવાને આ મુખ્ય ભાગ ભજવે છે, ( નહિતર તેઓને મુશ્કેલી પડત ) કારણ કે તે ચાલાક અને ચકોર અને દુશ્મન પારખવામાં હુશીયાર છે.

૮૧૮ જોકે રૂસ્તમને ( ભવ્ય ) મસ્તક અને બુદ્ધિ છે (છતાં) વિષયવાસના તેના પગ બાંધવાની જાળ ચોક્કસ બનશે.

૮૧૯ વાસનાની મદહોશી મારી માફક કાપી નાખ. ઊંટમાં રહેલ વિષયવાસનાને જો.

૮૨૦ ફરીવાર જાણ કે આ વિષયવાસનાનો આવેશ ( ભૌતિક ) દુનિયામાં ફરિસ્તાઓના આવેશ આગળ તદ્દન નજીવો દેખાશે.

૮૨૧ પેલા ( ફરિસ્તાના ) આવેશ આગળ આ ( માણસ જાતનો ) આવેશ ( જરૂર વગરનો છે ) તે ( ફરિસ્તો ) વિષય વાસનાનો અનુરાગી કેમ બનશે !

૮૨૨ જ્યાં સુધી કે તેણે મીઠું પાણી પીધું નથી. ખારૂં પાણી મીઠું લાગશે આંખના પ્રકાશ જેવું મીઠું લાગશે.

૮૨૩ ( પણ ) સ્વર્ગીય મદીરાનું એકજ ટીપું ( આ દુનિયાના ) મદીરાના કબાટોથી આત્માને ભાગી જતો બનાવશે-

૮૨૪ તેથી તમે ( ધારણા કરો કે ) ફીરસ્તાઓ અને દૈવી રહેમતથી પવિત્ર બનેલા આત્માઓ ઉપર કેવો આવેશ આવે છે !

૮૨૫ (તેની) એકાદ વાસથી જેણે પોતાનાં દીલ તે મદીરા ઉપર મૂકયાં છે, અને આ દુનિયાની શરાબની બરણીને ભાંગી નાંખી છે.

૮૨૬ સિવાય કદાચ એમ બને કે નાસ્તિકોની માફક કબરોમાં (દટાએલા) ની માફક (ખુદાથી) નિરાશ અને ક્રૂર હોય!

૮૨૭ (તેઓથી) બન્ને દુનિયાની આશાઓ મૂકાઇ ગઈ હોય, અને હિસાબ વગરના કાંટા વાપરેલા હોય!

૮૨૮ તેથી તેઓએ (હારૂત અને મારૂત) તેઓની આવેશની લાગણીઓના કારણે કહ્યું "અફસોસ, અમો દુનિયા ઉપર વાદળાંઓની માફક વરસશું."

૮૨૯ આ અન્યાયી જગ્યામાં ન્યાય અને એકતા અને શક્તિ અને ઈમાનની ચાદર બીછાવશું.

૮૩૦ તેઓએ આમ કહ્યું (પરંતુ) દૈવી હુકમનામું (તેમને) કહેતું હતું. ઉભા રહો, તમારા પત્રો આગળ ઘણા અદીઠ ખાડાઓ છે.

૮૩૧ ખબરદાર થાઓ, મુશીબતના મયદાનમાં બડાઇપૂર્વક દોડો નહિ, જાગૃત થાઓ કરબલામાં (મુશીબતમાં) આંધળી દોડ મુકો નહિ.

૮૩૨ એટલા માટે નાશ પામેલા મુસાફરોના પગના વાળ અને હાડકાંને રસ્તો નહિ મળે.

૮૩૩ આખે રસ્તે હાડકાં અને વાળ અને પેટાઓ પથરાયેલા છે. એકેક વસ્તુને કોપની તલવારે નહિવત બનાવેલ છે.

૮૩૪ ખુદાએ કહ્યું છે કે તેના (દાસો) કે જેઓએ તેની મદદની માગણી કરી છે. આરામથી અને નમ્રતાથી દુનિયા ઉપર ચાલ્યો જશે.

૮૩૫ એક ઉઘાડપગો માણસ કાંટાના ઝાંખરાંમાં અટકતો અને પ્રતિબિંબોને અને ઝડપથી કેમ જઇ શકશે ?

૮૩૬ (તેઓને) હુકમનામું આમ કહેતું હતું, પણ તેઓના કાનના પડદાઓ અહંકાર થકી બંધ કરવામાં આવ્યા હતા.

૮૩૭ (બધી) આંખો અને કાનો બંધ પડયા છે. સિવાય તેઓના માટે કે જેઓ ખુદાથી નાશી છુટયા છે.

૮૩૮ તેની દયા સિવાય કોણ આંખો ખોલશે? પ્રેમ સિવાય (દૈવી) કોપથી કોણ બચશે?

૮૩૯ ખરેખર, કોઈ (ખુદાની) રજામંદી વગર ગદ્ધા વૈતરૂં કરે નહિ, અને ખુદા સૌથી સામો રસ્તો જાણે છે.

### હ. મુસા (અ. સ.) ના આવવાના ફિરઓનના સ્વપ્ના અને તેમાંથી બચવાના તેણે કરેલા વિચારો વિષે.

૮૪૦ જેવી રીતે તે ફિરઓનની તનતોડ મહેનત (ખુદાથી) આશીર્વાદી ન હતી, જેને જેને તે તે વળગતો તે (વળગાડ) તેને પાક લણવાથી દુર હટાવતું હતું.

૮૪૧ તેના હજાર ભવિષ્યવેત્તાઓ અને અસંખ્ય સ્વપ્ન દ્રષ્ટા તેના ઇશારે નાચનારા હતા.

૮૪૨ તેને સ્વપ્નામાં હ. મુસા (અ. સ.)ના આવવાનું બતાવાયું કે જે ફિરઓન અને તેની બાદશાહીનો નાશ કરનાર હશે.

૮૪૩ તેણે ભાષાશાસ્ત્રીઓ અને ભવિષ્યવેત્તાઓને કહ્યું, "આ દર્દનાક દ્રષ્ય અને સ્વપ્ના (બનાવથી) કેમ છટકી શકાય?"

૮૪૪ (હ. મુસા.)ના ગર્ભાધાનની રાત્રી આવી પહોંચી. (તે વખતે કાર્ય કરવા માટે) પેલા ફિરઓનના માણસોને વધુ સારી સલાહ યોગ્ય લાગી.

૮૪૫ તેઓએ તેને કહ્યું, "અમો કંઈક યુક્તિ-પ્રયુક્તિ કરશું, અમો (હ. મુસાના) જન્મ થવામાં લુંટારાઓની માફક અવરોધ મકશું."

૮૪૬ પેલા દિવસની વહેલી સવારે બાદશાહી તખત અને ભોજન સમારંભ મયદાનમાં (લોકોને બેસવાની જગ્યાએ) રાખવામાં આવ્યો.

૮૪૭ (ઢંઢેરો પીટવામાં આવ્યો) ઓ તમો બધા ઇઝરાઈલીઓ, બાદશાહ તમોને જ્યાં છો ત્યાંથી બોલાવે છે.

૮૨૮ તેઓ તમારા તરફ પોતાનો ચહેરો ખુલ્લો કરે, અને (દૈવી) બદલા ખાતર તે તમારા તરફ ભલાઇ કરે.

૮૪૯ તેઓ કેદીઓ કે જેઓ ફિરઓનથી દુર હતા, તેઓને ફિરઓનને નજરે જોવાની પરવાનગી ન હતી.

૮૫૦ જો તેઓ તેની સામે રસ્તામાં મળે, કાયદા પ્રમાણે તેઓ તેઓના ચહેરા જમીન તરફ રાખી ચતા સુઇ જાય.

૮૫૧ કાયદો આવો હતો. કોઈ પણ કેદી ઋતુ કે વગર ઋતુમાં રાજાનો ચહેરો જોઇ શકતો નહિ.

૮૫૨ અને જ્યારે જ્યારે તે રસ્તા પર (બાદશાહી) સવારીના અવાજો કે જેથી તે તેને જુએ નહિ.

૮૫૩ અને જો તે તેને જુએ તો તે ગુન્હા માટે તે ગુન્હાહિત ગણાતો, અને તેને સખતમાં સખત શિક્ષા કરવામાં આવતી.

૮૫૪ તેઓ (ઈઝરાઇલીઓને) ન મેળવી શકાતા ચહેરાને જોવાનો લોભ હતો. કારણકે માણસને મના કરવામાં આવે છે તે ચીજનો તે લોભી બને છે.

### તેઓએ ઈઝરાઇલીઓને મયદાનમાં કેવી રીતે બોલાવ્યા, અને હ. મુસા (અ. સ.)ના ગર્ભાધારણને અવરોધવાની ચાલાકી વિષે.

૮૫૫ ઓ કેદીઓ, તમે મયદાન તરફ જાઓ, કારણકે (ફીરઓનને) જોવાની અને બાદશાહ પાસેથી ઉદારતા અનુભવવાની (તમારા માટે) આશા છે.

૮૫૬ જ્યારે ઈઝરાઈલીઓએ આ ખુશીના સમાચાર સાંભળ્યા. તેઓ તે (આશામાં) વધુ પડતા ઉત્કંઠીત અને ચાહક બન્યા.

૮૫૭ તેઓ આ યુક્તિને ગળી ગયા. અને તે દિશાએ ઉતાવળ કરી અને (વચન પ્રમાણે) પડદો હટાવવા (જોવા) માટે પોતાને તૈયાર કર્યા.

## વાર્તા

૮૫૮ જ્યારે તરકટી મોગલોએ અહીં કર્યું તેવુંઆ પણ તેવું હતું. મિસરીઓમાંના એકને ગોતું છું.

૮૫૯ મિસરીઓને એક સાથે આ બાજુ લાવો, એટલા માટે કે જેને શોધવામાં આવે છે તે હાથમાં આવે.

૮૬૦ જે પણ કોઈ આવતું તેને કહેવાતું, તે આ નથી. અને સાહેબ, અંદર આવો અરે પેલા ખૂણામાં બેસો.

૮૬૧ જ્યાં સુધી કે આવી રીતથી તેઓ બધાને ભેગા કરવામાં આવ્યા. અને તેઓ (મોગલોએ) આ યુક્તિથી દરેકનો શિરચ્છેદ કર્યો.

૮૬૨ કમનસીબે એ સત્ય હકીકત છે કે તેઓ બંદગી માટે ખુદા તરફ બોલાવનારના તાબે થતા નથી.

૮૬૩ હલકટના આમંત્રણે તેઓને ફસાવ્યા. ઓ મર્દ માણુસ સેતાનની હલકાઈથી ખબરદાર રહે.

૮૬૪ ગરીબ અને હાજતવાળાની બુમ સાંભળ, રખેને તારા કાન લુચ્ચા બદમાસની બુમ સાંભળે ( કબુલ કરનાર બને )

૮૬૫ જો કે ( અમુક ) ભિખારીઓ (દરવિશો ) લોભીયા અને નીતીભ્રષ્ટ હોય છે. ( છતાં ) ખાઊધરાની અંદરથી દીલનો માણુસ ( રૂહાની પ્રકાશ પામેલો ) શોધ.

૮૬૬ દરીયાને તળીએ કાંકરાઓ સાથે ભેળાઈ ગએલાં મોતીઓ હોય છે. બેશરમાઈ વચ્ચે દિવ્યતા પણ (માલુમ પડે છે).

૮૬૭ પછી તો ઈઝરાઈલીઓ પોતાને ખૂબજ જાગૃત કરીને જલ્દી જલ્દી મયદાન તરફ દોડતા હતા.

૮૬૮ તે ( ફીરઓન ) આવી લુચ્ચાઇથી તેઓને મયદાનમાં લાવ્યો હતો. તેઓ તરફ તેણે પોતાનો ખુશમિજાજ ચહેરો ખુલ્લો કર્યો.

૮૬૯ તણે માયા બનુાવી અને બક્ષિશો આપી, શહેરશાહે ભેટો અને ( આપેલાં ) વચનો પાળી બતાવ્યા.

૮૭૦ ત્યારબાદ તેણે કહ્યું, તમારી જીંદગીની સલામતી ખાતર તમો બધા આજે મયદાનમાં સુએ.

૮૭૧ તેઓએ તેને જવાબ આપ્યો, કહે, "અમો ( તમારી ) સેવા કરશું, જો તમારી ઇચ્છા હશે તો અમો અહીં એક મહીનો ( પણ ) રહીશું."

## હ. મુસા (અ. સ.) ના ગર્ભાવાનની રાત્રીએ ઇસરાઇલીઓને તેઓની ઘરવાળીઓથી છુટા પાડવા માટે ખુશી થતા ફિરઓનનું મયદાનમાંથી શહેરમાં પાછું ફરવું

૮૭૨ બાદશાહે રાત્રે (શહેરમાં) પાછો ફર્યો, પોતાના દીલમાં ખુશી થતો કહેતો હતો, આજ રાત્રીના ગર્ભાધાન છે અને તેઓ તેમની ઘરવાળીઓથી દુર છે.

૮૭૩ ઇમરાન તેનો ખજાનાથી તેના સાથીદાર તરીકે તેના હજુરીયા તરીકે શહેરમાં પાછો આવ્યો.

૮૭૪ તેણે કહ્યું, "ઓ ઇમરાન જરૂર તું આ દરવાજા પાસે સુઈ રહેજે, હોશીયાર તરીકે તારી ઘરવાળી પાસે જતો નહિ કે તેની સાથે સુવાની તજવીજ કરતો નહિ.

૮૭૫ તેણે જવાબ આપ્યો, 'હું આ તારા પ્રવેશ દ્વાર પાસે જ સુઇશ. હું તારી ખુશી સિવાય બીજું કંઈ વીચારતો નથી.

૮૭૬ ઇમરાન પણ ઇઝરાઇલીઓમાંનો એક હતો પણ ફિરઓનને તે પોતાના શરીર અને આત્મા જેવો વહાલો હતો.

૮૭૭ તે (ફિરઓન) કેમ ધારી શકે કે ઇમરાન જ તેના હુકમનો અનાદર કરશે અને જે ફિરઓનના આત્મા માટે નાશકારક હતું તેજ તે કરશે.

## હ. મુસા (અ. સ.) ની માતા સાથે ઇમરાનના સુવા અને હ. મુસા (અ. સ.) ની માતાનું ગર્ભવંતી બનવા વિષે.

૮૭૮ રાજા છુટો પડયો અને તે (ઇમરાન) દરવાજા પાસે સુતો. મધ્ય રાત્રીએ તેની ઘરવાળી તેને મળવા આવી.

૮૭૯ (તેની) ઘરવાળી તેના પર પડી અને તેના હોઠોને ચૂંબન કર્યું, તેણીએ તેને ગાઢ નિદ્રામાંથી જગાડ્યો.

૮૮૦ તે જાગૃત થયો અને તેની ઘરવાળી તેના માટે લાયક બનેલી જોઈ અને તેના ઉપર પોતાના હોઠોથી ચુંબનોનો વરસાદ વર્ષાવ્યો.

૮૮૧ ઇમરાને કહ્યું, "તું આવે વખતે કેમ આવી?" તેણીએ જવાબ આપ્યો (તારી) ઇચ્છાથી, અને દૈવી વટહુકમ અંગે (આવી છું)"

૮૮૨ માણસે (ઇમરાને) તેનાં પોતાના હાથોમાં પ્રેમપુર્વક ખેંચી, તે વખતે (તેમ ન કરવાની) પોતાની (ફરજ) ની લડાઇમાં પડયો નહિ.

૮૮૩ બનવાનું હતું તે બની ગયું. પછી તેણે તેને કહ્યું, 'ઓ અર્ધાંગના, આ કોઇ નાની વાત બની નથી.

૮૮૪ લોઢું પત્થર પર પડે છે, અને અગ્નિને જન્મ આપે છે. અગ્નિ કે જે બાદશાહ અને તેની બાદશાહત ઉપર વેર લેનાર છે.

૮૮૫ હું વાદળ માફક છું, તું જમીન, અને મુસા છોડ ખુદા ચેઝબોર્ડ ઉપર રાજા જેમ છે. અને આપણે મહાત થએલા છીએ, હારેલા છીએ.

૮૮૬ હારજીત બાદશાહ તરફથી (આવતી) જો. ઓ અર્ધાંગના, તેને આપણામાંથી આવતી ન જોતી. આપણને હાંસીપાત્ર ન બનાવતી.

૮૮૭ તું જ્યારે મારી સાથે સુતી ત્યારે ફીરઓન જેના માટે બીએ છે તે હસ્તિમાં આવેલ છે.

## સુવા બાદ ઇમરાનનું તેની ઘરવાળીને તેણી પોતાને મળી જ નથી, તેવો ઢોંગ કરવાનું કહેવા વિષે.

૮૮૮ આ બાબતોમાંની જરા જેટલી પણ જાહેર કરતી નહિ. એક શબ્દ પણ ઉચ્ચારતી નહિ, રખેને મારા અને તારા ઉપર સો સંતાપો આવી પડે.

૮૮૯ આનું પરિણામ આખર જાહેર થશે. ઓ વહાલી, લગભગ નિશાનીઓએ દેખાવો દીધો છે.

૮૯૦ તુર્તમાંજ મયદાનની દિશાએથી લોકો તરફથી મોટા અવાજો આવતા સંભળાવા લાગ્યા, અને હવા (જાણે કે આ અવાજોથી) ભરાઈ ગઈ.

૮૯૧ બ'દશાહ આથી અતિશય ડરપુર્વક ખુલ્લા પગે કુદી આવ્યો. કહે, સાંભળો, આ બધાં શેનાં તોફાનો છે?

૮૯૨ મયદાનની દિશામાં આ અવાજો અને શોરબકોર શાનો છે? કે જેની બીક થકી જીન અને સેતાન નિરાશામાં ભાગી રહ્યા છે?

૮૯૩ ઇમરાને કહ્યું, "બાદશાહ સલામત ઘણું જીવો. તમારી ખાતર ઇઝરાઇલી લોકો આનંદ કરતા લાગે છે."

૮૯૪ બાદશાહી બક્ષિશો થકી તેઓ ખુશી થયા છે, નાચે છે, અને તાળીઓ પાડી ખુશી મનાવે છે.

૮૯૫ તેણે (ફિરઓને) કહ્યું, કદાચ આમ હોય, પણ તે (અવાજો) મને ઘણો શંકાશિલ અને વ્યાકુળ બનાવે છે.

## ફીરઓનનું અવાજો થકી બીવું

૮૯૬ આ અવાજોએ મારા આત્માને હેરાન કરી મુકયો છે. અને મને કડવાં દુઃખ અને મુશીબતોથી વૃદ્ધ બનાવ્યો છે.

૮૯૭ બાદશાહ આમતેમ ડગલાં ભરતો હતો. સ્ત્રીને પ્રસવ વખતે થતી પીડાની માફક આખી રાત્રી (દુઃખમાં વિતાવી.)

૮૯૮ દરેક પળે તે કહેતો, ઓ ઇમરાન, આ ગડબડાએ મને ભયંકર રીતે મુંઝવ્યો છે.

૮૯૯ ગરીબ બિચારા ઇમરાનને, તેણે તેની ઘરવાળી સાથે કરેલા સંભોગની વાત કહેવાની હીંમત ન હતી.

૬૦૦ ઇમરાનની ઘરવાળીએ તેને (ઇમરાનને) કેવી રીતે ચાર્યો હતો (આકર્ષ્યો હતો)? જેના થકી હ. મુસા (અ. સ.) નો ગ્રહ દેખાણો.

૬૦૧ જ્યારે જ્યારે કોઇપણ પયગમ્બર પેટમાં (જન્મવા) દાખલ થાય છે, તેનો ગ્રહ આકાશમાં સ્પષ્ટ દેખાય છે.

૬૦૨ ફિરઓનની મુંઝવણ અને તેના કાવાદાવા અને યુક્તિ–પ્રયુક્તિ છતાં તેનો ગ્રહ આકાશમાં દેખાણો.

૬૦૩ સૂર્ય ઉગ્યો. તેણે (ફિરઓને) તેને (ઇમરાનને) કહ્યું, ઓ ઇમરાન, જા અને તે અવાજને લગતી માહીતી મેળવ.

૬૦૪ ઈમિરાન ઘોડેસ્વાર થઈ મયદાનમાં આવ્યો. અને કહ્યું, આ કોલાહલ શેનો છે? બાદશાહોના બાદશાહ (આના થકી) ઉંઘી શકયા નથી.

૬૦૫ દરેક ભવિષ્ય વેત્તાઓ ઉઘાડા માથે અને ફાટેલા પોષાકે (તેની આગળ) વિલાપ કરનારની માફક જમીનને ચુમવા લાગ્યા.

૬૦૬ તેઓના અવાજો વિલાપ કરવાના અંગે રૂંધાતા હતા. તેઓનો જાહેરી દેખાવ વિલાપ કરનારાઓની માફક (રડમસ હતો).

૬૦૭ તેઓએ તેઓની દાઢી અને વાળ ખેંચી કાઢયા હતા. તેઓના ચહેરા ઉતરી ગયા હતા. તેઓએ પોતાના માથા ઉપર માટી નાંખી હતી. અને તેઓની આંખો લોહીથી ભરેલી હતી.

૬૦૮ તેણે (ઈમિરાને) કહ્યું, (તમે) કોણ છો? આ આવેશ અને સંતાપ શેનો છે? કમનશીબ વરસે શું તમને ખરાબ નિશાની આપી છે?

૬૦૯ તેઓએ માફી માગી અને કહ્યું, ઓ અમીર, તેના પ્રારબ્ધના હાથે અમોને કેદ કર્યા છે.

૬૧૦ અમે આ બધું કર્યું છતાં (હવે) ભવિષ્ય કાળું છે, બાદશાહનો દુશ્મન પેદા થનાર છે.

૬૧૧ તે છોકરાનો ગ્રહ ચોકખી રીતે અવકાશના અગ્રભાગે અમારી મુંઝવણ છતાં, રાત્રિ દરમ્યાન દેખાતો બન્યો.

૬૧૨ પેલા પયગમ્બરનો ગ્રહ આકાશમાં ઉત્પન્ન થઇ ચૂકયો છે, અને રૂદન અંગે ગ્રહોએ (આંસુ સારવું) શરૂ કર્યું છે.

૬૧૩ ઈમિરાન, ઢોંગ કરવા ખાતર, ખુશી અને આનંદીત દીલમાં હોવા છતાં તેના માથા ઉપર હાથ પછાડતો હતો, અને બુમ પાડી કહેતો હતો, "અફસોસ, બધું ગુમાવાયું છે."

૬૧૪ ઇમરાને દીલગીર અને ગુસ્સા ભરેલો હોવાનો ઢોંગ કર્યો. તે (તેઓની વચ્ચે) બેભાન અને નિરાશ ગાંડા જેવો બની ગયો.

૬૧૫ તેણે અજ્ઞાનતાનો ઢોંગ કર્યો અને આગળ વધ્યો અને ભવિષ્યવેત્તાઓના ટોળાને ખૂબ જ કઠણ શબ્દો સંભળાવ્યા.

પયગંબર પેટ (જન્મવા) દાખલ થાય
તેનો ગ્રહ આકાશમાં સ્પષ્ટ દેખાય છે

૬૧૬ તેણે પોતાને ખૂબ જ પરેશાન અને દુઃખી બનેલો બતાવ્યો, તે અવળી રમત રમ્યો.

૬૧૭ તેણે તેઓને કહ્યું, "તમે મારા રાજાને છેતર્યો છે, તમે ઢોંગ અને લુચ્ચાઇથી છેટા રહ્યા નથી.

૬૧૮ તમે બાદશાહને મયદાને (જવા) ઉભા કર્યા, તમે આપણા બાદશાહના માને હલકાઈમાં ઉતાર્યું.

૬૧૯ તમે તમારા હાથ ખાત્રી માટે તમારી છાતી ઉપર મૂકયા હતા. એમ કહી ને કે, "અમે બાદશાહને બધી ચિંતાઓમાંથી મુક્ત કરશું."

૬૨૦ બાદશાહે પણ (આ બધું) સાંભળ્યું અને કહ્યું, "ઓ ઠગ લોકો, હું તમોને ગમે ત્યાં ફાંસીએ લટકાવી દઇશ."

૬૨૧ મેં મને પોતાને હાંસીપાત્ર બનાવ્યો છે. મેં મારા દુશ્મનો ઉપર દોલત વેડફી નાખી છે.

૬૨૨ આજ રાત્રિથી અંત સુધી બધા ઈસ્રાઇલીઓએ પોતાની સ્ત્રીઓને મળવાથી દુર રહેવું જોઇશે.

૬૨૩ દોલત અને માન વ્યર્થ ગયાં છે, અને બધું નકામું ગયું. શું આ (સાચી) દોસ્તી અને અમીરાતનાં લક્ષણ છે?

૬૨૪ તમને બક્ષિસો અને માનના પોષાકો વર્ષો પર્યંત આપ્યા છે. તમારી મરજી મુજબ બાદશાહી (આનંદ) ભોગવતા આવ્યા છો.

૬૨૫ શું આજ તમારું ન્યાયીપણું અને ડહાપણ અને ભવિષ્ય ભાખવું હતું? તમે લુચ્ચા, ઢોંગીઓ અને હલકટ છો.

૬૨૬ હું તમારા કટકે કટકા કરાવી નાખીશ અને આગ લગાડી દઇશ, હું તમારા નાક, કાન અને હોઠો કપાવી નાખીશ.

૬૨૭ હું તમોને અગ્નિ માટેના ઈંધણ બનાવીશ. હું તમારા માટે તમારા ભૂતકાળના આનંદો કડવા બનાવીશ.

૬૨૮ તેઓએ પોતાને સિજદામાં નાખ્યા. અને કહ્યું: "ઓ ખેદીવ, જો કે આ એક વખત સેતાન અમારી વિરુદ્ધ ફાવી ગયો છે.

૬૨૯ (છતાં) વર્ષો સુધી અમોએ સંકટોને હટાવ્યાં છે, જે અમોએ કર્યું છે તેની અટકળ કરવી પણ દીગમૂઢ બનાવે તેવી છે.

૬૩૦ (હવે) તે (સંકટ નિવારણે) અમોને હંફાવેલ છે અને તેનું ગર્ભધારણ બની ચૂકયું છે.

૬૩૧ (પણ) અમે આના માટે દયાની (ભીખ માગીએ) છીએ. ઓ બાદશાહ અને સત્તાધારી. અને અમો જન્મદિનની તપાસ કરશું.

૬૩૨ અમે તેના જન્મ દિવસની તપાસ કરશું કે, "ગમે તેમ થવા છતાં આ ઘટના છટકી શકશે નહિ અને અમારાથી ભાગે નહિ."

૯૩૩ જો અમો આની તપાસ ન રાખીએ તો અમોને કાપી નાખજે. ઓ તું કે જેના ન્યાયની અમારા વિચારો અને બુદ્ધિ ગુલામ છે.

૯૩૪ નવ મહીના સુધી તે દિવસ ઉપર દિવસ ગણતો હતો, રખેને હુકમનામાનું તીર તેના દુશ્મનને વિંધવા ઉડે!

૯૩૫ જે કોઇ પોતાના ભાગ્ય ઉપર રાત્રિના ફટકો મારે છે તે માથાભર પડે છે અને તેનું પોતાનું લોહી પીએ છે.

૯૩૬ જ્યારે પૃથ્વી આકાશ તરફ દુશ્મની બતાવે છે તે ઉજ્જડ બને છે અને મૃત્યુનું દ્રષ્ય દ્રષ્યમાન કરે છે.

૯૩૭ (જ્યારે) ચિત્ર ચિત્રકારના હાથથી હાથની બાથ ભીડે છે ત્યારે તે (તે માત્ર) તેની પોતાની મુછ અને દાઢી ચીરે છે.

**(હ. મુસા (અ. સ.)) વિરૂદ્ધ કાવત્રું રચવાની ખાતર ફિરઓનનું નવા જન્મ આપેલા બચ્ચાંઓની માતાઓને મયદાનમાં બોલાવવી.**

૯૩૮ નવ મહીના બાદ બાદશાહે પોતાનું તખ્ત મયદાનમાં આણ્યું અને સખત તાકીદથી જાહેરાત પોકારવામાં આવી.

૯૩૯ ઓ સ્ત્રીઓ, તમે તમારાં બચ્ચાંઓ સાથે મયદાનમાં જાઓ, ઓ ઇઝરાઇલીઓ, તમે જાઓ, આગળ થાઓ.

૯૪૦ જેવી રીતે છેલ્લે વર્ષે માણસોને માનના પોષાકો આપવામાં આવ્યા હતા, તેઓમાંનો દરેક સોનું ઉઠાવી ગયો હતો તેમ.

૯૪૧ ઓ સ્ત્રીઓ સાંભળો. આ વરસે તમારૂં નશીબ છે તેથી તમારામાંની દરેક તેણી જે ચીજની ઇચ્છા કરે તે, તે મેળવી શકે છે.

૯૪૨ તે સ્ત્રીઓને માનના પોષાક અને રોકડ બક્ષિશ આપશે અને (દરેક) બચ્ચાંઓ ઉપર તે સોનાની લગડી મુકશે.

૯૪૩ ધ્યાન દઈને ચેતવણી સાંભળો. તમો દરેક જણ કે જેને આ મહીને બચ્ચું જન્મેલ છે તેણી શક્તિશાળી બાદશાહ પાસેથી ખજાનો મેળવશે.

૯૪૪ સ્ત્રીઓ પોતાના બાળકો સાથે આગળ આવી. તેઓ બાદશાહી તંબુ આગળ આનંદપુર્વક આવી પહોંચી.

૯૪૫ દરેક સ્ત્રી કે જેઓએ નવા બાળકનો જન્મ આપ્યો હતો, તેઓ શહેરમાંથી મયદાનમાં વહેમ કે દગાના વહેમથી અજાણ આવી પહોંચી.

૯૪૬ જ્યારે તેની આજુબાજુ બધી સ્ત્રીઓ એકઠી થઇ ત્યારે તેઓ (બાદશાહના અમલદારોએ) નરજાતીનું જે જે બાળક હતું તે લઈ લીધું.

૯૪૭ અને તેઓનાં માથાં ઉડાડી મુકયાં. કહે. આ સલામતીનું પગલું છે, કે જેથી દુશ્મન મોટો ન થાય અને અંધાધુંધી વધે નહિ.

## હ. મુસા (અ. સ.) નું જનમવું અને અમલદારોનું ઈમરાનના ઘરે આવવું; હ. મુસા (અ. સ.)ની માતાને ખુદાની વહી આવવી કે હ. મુસા (અ. સ.) ને અગ્નિમાં ફેંકી દેવામાં આવે.

૯૪૮ ઇમરાનની પોતાની ઘરવાળી કે જેણે હ. મુસા (અ. સ.)ને પોતાની સાથે લાવી હતી તેમને તેણીએ આ મહાદુઃખ અને કતલથી દુર રાખ્યો.

૯૪૯ પેલા બદમાસ ફિરઓને દાયણોને દરેક ઘર પર જાસુસી કરવા રાખી હતી.

૯૫૦ તેણીઓએ તેને ખબર પહોંચાડયા. અહીં એક બચ્ચું છે. તેણી (બચ્ચાની મા) મયદાનમાં આવી ન હતી. (તપાસ કરો). તેણી ઉપર શક અને વહેમ છે.

૯૫૧ આ ગલીમાં એક સુંદર સ્ત્રી છે, તેણીને બચ્ચું છે. પણ તેણી એક ખંધી સ્ત્રી છે.

૯૫૨ પછી અમલદારો આવ્યા (પણ) તેણીએ ખુદાના હુકમ મુજબ બચ્ચાંને અગ્નિમાં ફેંકયો.

૯૫૩ તે સર્વજ્ઞ તરફથી તે સ્ત્રીને વહી આવી કે આ છોકરો (ખુદાઇ) દોસ્તના ખજાનાનો છે.

૯૫૪ (અને તેથી દૈવી વચન) ના રક્ષણથી 'આ અગ્નિ ઠંડો થઇ જા" અગ્નિ ગરમ નહિ હોય અને કાળુ બહારનો નહિ હોય.

૯૫૫ સ્રીએ વહીના આધારે બચ્ચાને જ્વાળાઓ વચ્ચે ફેંકયું. અગ્નિએ હ. મુસા (અ. સ.) ના શરીર પર કાંઇ પણ અસર થવા દીધી નહિ. (દાઝયા નહિ).

૯૫૬ પછી અમલદારો પોતે જે કામે આવ્યા હતા તે પુરૂં કર્યા વગર પાછા ફર્યા. ફરી જાસુસો કે જેઓ જાણતા હતા તેઓએ ખબર આપ્યા.

૯૫૭ (તેઓએ) થોડા શુદ્ર સિક્કાઓ પેદા કરવા માટે ફિરઓનના અમલદારો પાસે ફરી વારાફરતી વાત રજુ કરી.

૯૫૮ કહે કે અય અમલદારો, ત્યાં ફરીવાર જાઓ, અને ઉપરના ઓરડાઓમાં ખૂબજ કાળજીપુર્વક તપાસ કરો.

### હ. મુસા (અ. સ.) ને પાણીમાં ફેંકવાની તેઓની માતાને વહી આવવા વિષે.

૯૫૯ ફરી એક વાર વહી આવી, કે તેને પાણીમાં ફેંકો. તમારો ચહેરો આશાભર્યો આનંદીત રાખો અને તમારા વાળ પીંખો નહિ.

૯૬૦ તેને નાઇલમાં ફેંકો અને (મારામાં) વિશ્વાસ મુકો. હું તેને તારી પાસે આનંદીત (સફેદ ચહેરે પાછો) લાવીશ.

૯૬૧ આ વાતનો છેડો જ નથી. તેના બધાં કાવત્રાંઓએ તેના (ફિરઓનના) પોતાના જ પગલાં અને પહોંચા બાંધ્યા.

૯૬૨ તે લાખો બચ્ચાંઓને બહાર મારી નાખતો હતો. (જ્યારે) હ. મુસા (અ. સ.) ઘરના ઉપલા ભાગમાં અંદર (સલામત) રહ્યા.

હ.મુસા ઘરના ઉપલા ભાગમાં અંદર (સલામત) રહ્યાં

૯૬૩ જ્યારે જ્યારે નવા બચ્ચાંનો જન્મ થતો, આંધળા માણસની (માફક) દ્રષ્ટિભ્રમ અને લુચ્ચી દગલબાજીથી તે તેને મારી નખાવતો.
૯૬૪ દુષ્ટ ફિરઓનની લુચ્ચાઈ એ અજગર (મિસાલ) હતી. તેણે દુનિયાના બાદશાહોની લુચ્ચાઈને હડપ કરી હતી.
૯૬૫ પણ એક તે કે જે દૃષ્ટિમાં દેખાતા ફિરઓન કરતાં વધુ મોટો હતો તે તેને અને તેની લુચ્ચાઈને ગળી ગયો.
૯૬૬ તે (ફિરઓનની લુચ્ચાઈ) અજગર હતી. હ. મુસા (અ. સ.) નું દોરડું પણ અજગર બન્યું અને આ ખુદાની મદદથી અજગર હડપ કરી ગયું.
૯૬૭ હાથ ઉપર હાથ છે. ખુદાને માટે આ કેટલું દૂર છે? કારણ કે "તેનામાં સમાવાનું છે."
૯૬૮ કારણ કે (સર્વજ્ઞ) તળીયા કે કિનારા વગરનો દરિયો છે. બધા સમુદ્રોને એકઠા કરો તો પણ તે એક ઝાપટા બરાબર છે.
૯૬૯ જો કે (મનુષ્ય જાતીની) દગલબાજી અને યુક્તિઓ અજગર છે (છતાં) અલ્લાહ સિવાય તેઓ નહિવત છે.
૯૭૦ હવે જ્યારે કે મારૂં વિવરણ આ મુદ્દા સુધી પહોંચ્યું છે, તે પોતાનું માથું નીચું નમાવે છે અને સમાપ્ત થાય છે. અને ખુદા સૌથી સારો રસ્તો જાણનાર છે.
૯૭૧ પેલું તે કે જે (ફિરઓનમાં) હતું. તે તારામાં પણ છે પણ તારો અજગર ખાડાંમાં કેદ છે.
૯૭૨ અફસોસ. (ફિરઓનને લગતું) આ બધું તારામાં પણ અસ્તિત્વ ધરાવે છે તે બધું ફિરઓનમાં જ છે એમ ધારી ખુશી ન થતો.
૯૭૩ જો તેઓ તે તારા વિષે છે એમ કહે છે તો તારામાં ગુસ્સાની લાગણી ઉભરાશે. અને (જો તેઓ) બીજા માટે કહેશે તો તે તને જોડી કાઢેલી વાર્તા દેખાશે.
૯૭૪ શ્રાપીત વિષયી આત્માએ તારામાં કેવી ખરાબી કરી છે? આ સગા જેવા લાગતાએ તને ખુદાથી ઘણો દૂર ફેંક્યો છે!
૯૭૫ તારી અગ્નિ એ ફિરઓનનું ઇંધણ નથી, નહિતર તે ફિરઓનની માફક ભડકા ફેંકે તેવો છે.

### સરપ પકડનાર કે જેણે થીજી ગએલા સરપને મરેલો માન્યો અને દોરડામાં બાંધી બગદાદમાં લાવ્યો તે વિષે.

૯૭૬ ઇતિહાસકારની એક વાર્તા સાંભળ, એટલા માટે કે તમે આ ખુલેલા ગુહાર્થનો ઈશારો મેળવો.
૯૭૭ એક સરપ પકડનાર પોતાના મંત્રબળે સરપ પકડવા પર્વતોમાં ગયો.
૯૭૮ હરકોઇ (હીલચાલમાં) ધીમો હોય કે ઉતાવળો, શોધનાર બને છે, મેળવનાર બને છે.

૯૭૯ હંમેશા તારા બન્ને હાથોથી ( તારી શક્તિ હોય તેવી રીતે ) શોધવાની કોશીષ કર કારણ કે શોધ એ તે રસ્તાનો ઉત્તમ ભોમિયો છે.

૯૮૦ ( કદાચ તમે ) લુલા લંગડાંના અને શારીરિક રીતે વાંકા વળેલા અને એકાગ્ર ન પણ હો તો પણ તેના તરફ ઢસડાતા જાઓ અને તેની જ ફિકરમાં રહો.

૯૮૧ કદી વાણીથી અને કદી મૌનથી અને કદીક ગંધથી તે બાદશાહના રહેઠાણની સુગંધ શોધો.

૯૮૨ હ. યાકુબ ( અ. સ. ) એ પોતાના દીકરાઓને કહ્યું, યુસુફની હદ ઉપરાંતની તપાસ આદરો.

૯૮૩ તમારી દરેક સમજને જાગૃત કરીને તેની શોધમાં અંતઃકરણપૂર્વક લાગી જાઓ.

૯૮૪ તેણે ( હ. યાકુબે ) કહ્યું, ખુદાઇ ફૂંક ( દયા ) થી નાઉમેદ નહિ થતા. પોતે પોતાના દીકરાને ગુમાવ્યો હોય તેમ દરેક દિશાએ દોડો.

૦૮૫ મોઢાની ( વાણીની ) સમજ થકી તપાસ કરો ( અને ) તેની શોધમાં ચારે દિશાએ તમારાં કાન ખુલ્લા રાખો.

૯૮૬ જ્યારે જ્યારે એક મીઠી સુગંધ સાથે તે દિશાની સુગંધ લ્યો, કારણ કે તમે તે દિશાના પરિચિત છો.

૯૮૭ જો તું કોઈના માયાળુપણાથી માહિતગાર છો તો બનવા જોગ છે કે તેના માયાળુ-પણાના મુળથી તમે રસ્તો શોધી શકો.

૯૮૮ આ બધી પ્રેમાળ ચીજો ઉંડા દરિયામાંથી છે. ટુકડાને છોડી દે, તારી આંખો અખંડ ઉપર લગાડ.

૯૮૯ માણુસ જાતની લડાઈઓ ખુબસુરતી ખાતર હોય છે, કુરૂપને શણગારવું એ "ટુબા" ઝાડની નિશાની છે.

૯૯૦ માણુસ જાતના ગુસ્સાઓ સુલેહની ખાતર હોય છે. બેચેનપણું આરામની જાળ જેવું છે.

૯૯૧ દરેક ફટકો શોખને ખાતર હોય છે. દરેક ફરિયાદ તને કૃતજ્ઞતાથી ખબરદાર કરશે.

૯૯૨ અખંડના ટુકડાથી સુગંધ મેળવ, ઓ ઉમદા શખ્સ, ઓ શાણા, સામસામી દિશા-ઓમાંથી સુગંધ મેળવ.

૯૯૩ લડાઇઓ ખાત્રીપૂર્વક સુલેહ લાવે છે. સરપ પકડનારે દોસ્તીના કારણે સરપ પકડ્યો.

૯૯૪ માણુસ દોસ્તોના કારણ થકી સરપ શોધે છે. એ તેની જરૂર વગરની કાળજી રાખે છે.

૯૯૫ તે ( સરપ પકડનાર ) પર્વતોની આજુબાજુ બરફના દિવસોમાં સરપ પકડવાની શોધમાં હતો.

૯૯૬ અચાનક તેણે એક મહાકાય મરેલો સાપ જોયો. તેના કારણે તેના દીલમાં કંપારી છુટી ગઇ.

લડાઈઓ સુલેહ લાવે છે

૯૯૭ (જ્યારે) કે સરપ પકડનાર સખત શિયાળામાં સરપો શોધતો; હતો તેણે એક મરેલો સરપ અચાનક જ જોયો.

૯૯૮ સરપ પકડનાર, લોકોને તાજ્જુબ કરવા સરપ પકડે છે, લોકોની મુર્ખાઇ તો જો!

૯૯૯ માણુસ પહાડ (માફક) છે, તેને આવેશમાં કેમ ખેંચી શકાશે? એક પર્વત સરપથી કેમ તાજ્જુબ બનશે?

૧૦૦૦ કંગાળ ઇન્સાન પોતાને ખુદને જાણુતો નથી, તે એક ઊંચી જગ્યાએથી આવ્યો છે અને નીચી જગ્યામાં પડયો છે.

૧૦૦૧ માણુસે પોતાને ઘણો સસ્તો વેચી નાખ્યો છે તે રેશમ હતો (છતાં) તેણે પોતાને ચીંથરાના ડગલામાં સીવી લીધો છે.

૧૦૦૨ તેનાથી લાખો સરપો અને પર્વતો અજાયબી પામ્યા છે, (તો પછી) શા માટે તે નવાઇ પામે છે અને સરપનો શોખીન છે?

૧૦૦૩ સરપ પકડનારે સરપને લીધો અને માણુસોને નવાઈ પમાડવા (આકર્ષવા) તેને બગદાદ લઈ આવ્યો.

૧૦૦૪ પેટ ભરવાની તૃષ્ણામાં ફળ માટે તે ઘરમાં થાંભલા જેવો અજગર ખેંચી લાવ્યો.

૧૦૦૫ એમ કહીને કે "હું એક મરેલો અજગર લાવ્યો છું. તેનો શિકાર કરવામાં સખત તકલીફો ભોગવી છે.

૧૦૦૬ તેણે તેને મરેલો ધાર્યો. પણુ તે જીવતો હતો. તેણે તેને સારી રીતે તપાસ્યો ન હતો.

૧૦૦૭ તે હીમ અને બરફથી થીજેલો હતો. તે જીવતો હતો પણુ દેખાવમાં મરેલા જેવો લાગતો હતો.

૧૦૦૮ ઓ શેઠ, દુનિયા થીજેલી છે, તેનું નામ 'જમાદ' (નિશ્ચેષ્ઠ) છે. 'જરમીદ'નો (અર્થ) થીજેલો (થાય).

૧૦૦૯ કયામતનો સૂર્ય ઉગે ત્યાં સુધી રાહ જો. (બાદમાં) દેખાતો બનશે. તે પછી સ્પષ્ટ રીતે તું પૃથ્વીની કાયાની હિલચાલ જોઈ શકીશ.

૧૦૧૦ અહીં (આ દુનિયામાં) હ. મુસા (અ. સ.) નું દોરડું સરપ બને છે, બુદ્ધિશાળીઓને હલચલ કરતી વસ્તુઓની ખબર આપવામાં આવી હતી.

૧૦૧૧ જ્યારે કે તેણે (ખુદાએ) માટીના ટુકડાને માણુસ બનાવ્યો ત્યારે તારે દુનિયાના તમામ પદાર્થોની કીંમત જાણુવી જોઇએ.

૧૦૧૨ (કે) આ ખુદામાં તો તેઓ મરેલા છે, અને પેલા ખુદામાં તેઓ જીવતા છે, (તેઓ) અહીંયા ચૂપ છે અને પેલી પાર બોલનારા છે.

૧૦૧૩ જ્યારે તે પેલી પારથી તેઓને આપણા તરફ મોકલે છે, આપણા સંબંધમાં દોરડું સરપ બને છે.

૧૦૧૪ હ. દાઉદની (અ. સ.) ની માફક પર્વત પણ ગાયન બનાવે છે અને હાથમાં લોઢાના પદાર્થથી મીણ (જેવો) બને છે.

૧૦૧૫ હ. સુલેમાન (અ. સ.) માટે પવન ચાંકર બને છે. હ. મુસા (અ. સ.) ના શબ્દો સમજવાને સમુદ્ર શક્તિમાન બને છે.

૧૦૧૬ ચંદ્રમા હ. અહમદ (હ. મુસ્તફા ર. સ. અ) ની તાબેદારીમાં નિશાની જોવાને શક્તિમાન બને છે. અગ્નિ હ. ઇબ્રાહીમ ખલીલુલ્લાહ માટે ગુલાબનો બગીચો બને છે.

૧૦૧૭ જમીન કારૂનને સરપની માફક ગળી ગઈ. રૂદન કરતો થંભ ઇમાનદારીના (રસ્તાનો) માહિતગાર બને છે.

૧૦૧૮ કાંકરાઓ હ. અહમદ (નવી સાહેબ) ને સલામ કહે છે, પર્વત હ. યાહ્યાને સંદેશો મોકલે છે.

૧૦૧૯ તેઓ બધા કહે છે; "અમે સાંભળતા અને જોનારા છીએ અને સુખી છીએ. (જો કે) તમારા પરિચય વગરનાં મુંગા છીએ.

૧૦૨૦ તમો તમારી વધુ પડતી નજર (દુન્યવી વસ્તુઓ) તરફ રાખો છો, તેથી તમે રૂહાનીયત જીંદગીથી સંબંધીત કેમ બની શકશો ?

૧૦૨૧ જડ દુનિયામાંથી રૂહાની દુનિયામાં જાઓ. દુનિયાની વસ્તુઓની જોરથી પાડતી ચીસો સાંભળો.

૧૦૨૨ ખુદાનાં ગુણગાન ગાતી જડ વસ્તુઓ તમને પ્રત્યક્ષ બનશે. (ખોટા) અનુમાનોથી જે શંકા ઉભી થાય છે તે તને (સત્ય) થી દુર નહિ લઈ જાય.

૧૦૨૩ જ્યારે કે તારા આત્માને (જરૂરી પ્રકાશ) જોવા માટેની બત્તીઓ મળી નથી. ત્યારે તે અનુમાનો બાંધે છે.

૧૦૨૪ કહે છે. (ખુદાની) મહત્તા આપણા દીલમાં કરેલા અનુમાનોમાં દ્રશ્યમાન કેમ બનશે ? બની શકે કે તેને જોવાનો (આપણો) દાવો કલ્પના હોય !

૧૦૨૫ નહિ. (જડ વસ્તુ)ની નજર તેને કાર્યગત કરે છે કે તે ખુદાઈ કૃપા તે વખતે કે જ્યારે તે જરૂરી સમજે છે ત્યારે (પ્રત્યક્ષ) જુએ છે.

૧૦૨૬ તેથી તમે તેની મહત્તાની યાદી આપો છો તે બતાવે છે કે (મહત્તાના શબ્દોના) ઉચ્ચારણ પ્રમાણે તે તમને આપે છે.

૧૦૨૭ આ 'મુતાઝીલીટસ' અને તેઓ કે જેઓ (ગુઢાર્થ) જ્ઞાન થકી તાત્કાલીક મળતા 'નુર'ને જીરવી શકતા નથી.

૧૦૨૮ જ્યારે કે એક માણસ ઇંદ્રિયની વાસનામય ટેવોથી ભાગી છુટેલ નથી તે આ અદ્રષ્ય દુનિયાના વિચારોથી અજ્ઞાત છે.

૧૦૨૯ આ ચર્ચાનો છેડો જ નથી. પેલો સરપ પકડનાર સો તકલીફો સહિત સરપને બહાર લાવ્યો હતો.

૧૦૩૦ (આખરે) જાહેરમાં રમત કરનાર બગદાદમાં આવી પહોંચ્યો, કે લોકો જોઈ શકે તેમ ચાર રસ્તાઓ વચ્ચે જાહેરમાં પોતાનો તમાશો બતાવે.

૧૦૩૧ (તે) માણસે તીગ્રીસ નદીના કિનારે તમાશો ગોઠવ્યો, અને બગદાદ શહેરમાં ગોકીરો ઉઠ્યો.

૧૦૩૨ એક સરપ પકડનાર અજગરને લાવ્યો છે. તેની પાસે ભાગ્યે જ મળી શકે તેવું અજાયબ જાનવર છે.

૧૦૩૩ અસંખ્ય ભોળા લોકો ભેગા થયા. તેના માટે શિકાર જેવા બનીને પોતાની મુર્ખાઈમાં આવ્યા.

૧૦૩૪ તેઓ (અજગર જોવાની) વાટ જોતા હતા. અને તે (અજગરવાળો) પણ છુટા-છવાયા લોકો ભેગા થાય તેની રાહ જોતો હતો.

૧૦૩૫ જેમ વધુ મોટું ટોળું થાય તેમ વધુ મોટી ભીખ ભેગી થાય. અને નાણાની વધુ બક્ષીસ મળે.

૧૦૩૬ અસંખ્ય આળસુ બડબડીયા તેની આજુબાજુ ગોળ કુંડાળું બનાવતા ભેગા થયા.

૧૦૩૭ માણસોએ સ્ત્રીઓ તરફ પણ ધ્યાન ન આપ્યું. કયામતના દિવસે જેમ અમીરો અને સામાન્ય લોકો ભેગા થાય તેમ ભેળસેળ થઈ ગયા.

૧૦૩૮ જ્યારે તેણે (સરપ પકડનારે) (ઢાંકેલું) કપડું ખુલ્લું કરવા માંડયું. ટોળામાંના લોકો તેઓનાં ડોકાં (જોવા માટે) ખેંચવા લાગ્યા.

૧૦૩૯ અને સરપ કે જે અતિશય ઠંડીથી થીજી ગયો હતો તેને જોયો. કે જે (સરપ) સેંકડો જાતનાં ઉનના ગાભા અને ચીંથરાઓમાં વીંટાયેલો હતો.

૧૦૪૦ તેણે તેને જાડા દોરડાથી બાંધ્યો હતો. કાળજીપૂર્વક રાખનારે તેના માટે સાવચેતી-નાં સર્વ પગલાં લીધાં હતાં.

૧૦૪૧ તમાશાની મધ્યમાં વિગમ વખતે અને (લોકોને) વધુ ભેગા કરવાના વખતે ઈરાકના સુર્યે સરપ ઉપર તડકો ફેંક્યો.

૧૦૪૨ ગરમ દેશના સુર્યે તેને ગરમ કર્યો, તેના અવયવોમાંથી ઠંડી પ્રકૃતિ ઉડી ગઈ.

૧૦૪૩ તે મરેલો બનેલો હતો અને તે બચી ગયો. અજગર પોતાની મેળે (માણસોની) અજાયબી વચ્ચે હાલવા ચાલવા લાગ્યો.

૧૦૪૪ મરેલા અજગરના હલનચલનથી લોકોની અજાયબી લાખો ગણી વધી ગઈ.

૧૦૪૫ પેલાના હલનચલનની અજાયબીમાં તેઓ પડતા આખડતા ટોળાબંધ ભાગ્યા.

૧૦૪૬ તેણે બંધાએલા (જોવા ભેગા થએલા) ને વિખેરી નાખ્યા. અને દરેક દિશાએ ભાગતા લોકોની જોરદાર બુમો ઉઠી.

૧૦૪૭ તેણે ટોળાં વિખેરી નાખ્યાં અને નીચેથી આસ્તે આસ્તે સરકવા લાગ્યો. એક બંધાએલો અજગર સિંહની માફક ગર્જના કરતો હતો.

ઈરાકના સૂર્યે - ગરમ - ઠંડી ઉડી ગઈ.
ગરમ દેશના સૂર્યે
મરેલો - જીવતો (બચી ગયો)

૧૦૪૮ આ ધક્કામુક્કીમાં ઘણા માણસો મરાઈ ગયા, પડીને મરી ગએલાના એક સો ઢગલા બનાવવામાં આવ્યા.

૧૦૪૯ સરપ પકડનાર બીકના માર્યા તે જ જગ્યાએ લકવાનો ભોગ બન્યો. આક્રંદ કરી કહે, હું પર્વત અને મેદાનમાંથી શું લાવ્યો છું ?

૧૦૫૦ આંધળાં ઘેટાંએ વરૂને જગાડ્યું છે. બેખબરીથી અઝરાયલ તરફ ( મોતના મોંમાં ) ગયું છે.

૧૦૫૧ અજગરે પેલા નાદાનનો એક કોળીઓ કર્યો. હજાજ ( ઈરાકનો લોહી તરસ્યો અમીર ) માટે લોહી પીવું એ સહેલું છે.

૧૦૫૨ તે ઘાયલ કરે છે, પોતાની મેળે થાંભલાને બાંધે છે અને અકરાંતીયા માણસના હાડકાંનો ચૂરો કરે છે.

૧૦૫૩ તારો વાસનામય આત્મા અજગર છે ( તે મરેલો કેમ બનશે ? ) તે માત્ર સંતાપ અને સાધનના અભાવે થીજી ગયો છે.

૧૦૫૪ જો તે ફિરઓન કે જેના હુકમ થકી ( નાઇલ ) નદીનું પાણી વહેતું થાય તેના જેવા સાધન મેળવે....

૧૦૫૫ તો પછી તે ફિરઓનની માફક વર્તવું શરૂ કરશે અને હ. મુસા અને હ. હારૂન જેવાનો રસ્તો રૂંધશે.

૧૦૫૬ પેલો અજગર નિર્ધનતાના ત્રાસ નીચે થોડો ગરમ છે ( પણ ) સત્તા અને દોલત અંગે એક મચ્છર બાજ બની જાય છે.

૧૦૫૭ તેની ( ઇચ્છાઓ )ને જુદાઇના બરફમાં ( તારા ) અજગરને રાખજે, ખબરદાર થાજે. ઈરાકના સુરજમાં તેને લઈ ન જતો.

૧૦૫૮ જ્યાં સુધી તારો તે અજગર થીજી ગયેલો રહેશે ( સારું છે ). જો તે છુટો થશે તો તું તેનો કોળીઓ બની જઇશ.

૧૦૫૯ તેનો આત્મસંયમ કેળવ અને ( રૂહાની ) મોતથી સલામત બની જા. જરા પણ દયા દાખવતો નહિ. તે એવો નથી કે તેનો જરા પણ પક્ષપાત કરવામાં આવે.

૧૦૬૦ કારણકે જ્યારે વિષયવાસનાના સુરજની ગરમી તેના ઉપર પડે છે, પેલું તારૂં જંગલી ચામાચીડીયું તેની પાંખો ફફડાવે છે.

૧૦૬૧ તેને ખરા મર્દની રીતે ( રૂહાનીયત ) આબાદી અને લડાઈ તરફ દોરવી જા. ખુદા તને પોતાનો મેળાપ કરાવી બદલો આપશે.

૧૦૬૨ જ્યારે પેલો માણસ અજગરને ગરમ હવામાં લાવ્યો અને ( તેથી પેલો ) ઉદ્ધત અધમ ( ફરીવાર ) તાજો બન્યો.

૧૦૬૩ તેણે અનિવાર્યપણે ( આપણને કહેવામાં આવ્યાં તેનાથી વીસ ગણાં ) પેલાં પાપો આચર્યાં. મારા વહલા મિત્ર ( અને બીજાઓ ) પણ ( આ સમજે ).

* રૂહાની મોતથી - સલામત બન.

૧૦૬૪ શારિરીક ઇજાઓ કર્યા વગર શું તું ઇચ્છતો નથી કે તેને એકાંતમાં અને ઈમાન-દારીથી બાંધવો જોઈએ?

૧૦૬૫ આ બધું એક કિંમત વગરનો કેમ અમલમાં મુકે? (આવા) અજગરને મારવા માટે તો હ. મુસાની (અ. સ.) જરૂર છે (તેવા બનવું જોઈએ).

૧૦૬૬ તેના દોરડાથી તેના દોરવ્યા પ્રમાણે (હ. મુસાના દોરડામાંથી અજગર બનવાથી) ધક્કાધક્કીમાં લાખો લોકો મરાય ગયા.

## ફિરઓને હ. મુસા (અ. સ.)ને ધમકી આપવા વિષે.

૧૦૬૭ ફિરઓને તેમને કહ્યું, "ઓ કાલીમ" શા માટે તું લોકોને મારે છે અને તેમના પર ત્રાટકવાની ધમકી આપે છે?

૧૦૬૮ માણસો ભાગી જવાનું દબાણ કરે છે, અને એક પછી એક તારાથી ભાગે છે અને ટોળાંબંધ ભાગાભાગીમાં માણસો કચરાઈ મરે છે.

૧૦૬૯ આના થકી લોકોનાં ટોળાં તને પોતાનો દુશ્મન સમજે છે. માણસો અને સ્ત્રીઓ (બન્ને) પોતાના દીલમાં તારા માટે ધિક્કારની લાગણી ધરાવે છે.

૧૦૭૦ તું માણસોને તારા અનુયાયી બનવા બોલાવે છે (પણ) તેઓ ઉલટા તારા વિરોધી બન્યા છે, માણસો તારી સામે ઝઝુમશે.

૧૦૭૧ હું પણ તારી ખરાબ વર્તણુંક અંગે ઘસડાઉં છું. અને તારાથી છુટવા તારો ઘડો લાડવો કરવા કોશીષ કરી રહ્યો છું.

૧૦૭૨ તું જે વિચારો મને છેતરવાના તારા દીલમાં ઘડી રહ્યો છો તે છોડી દે અથવા તારા પોતાના પડછાયા સિવાય તને કોઇ અનુયાયી મળશે નહિ.

૧૦૭૩ તેં જે યોજનાઓ વિચારી છે તે અમલમાં ન મુકતો. તેં લોકોના દીલમાં માત્ર ભય જ ઉત્પન્ન કર્યો છે.

૧૦૭૪ તું કદાચ આવી સો યુક્તિઓ લાવીશ અને તેને જાહેરમાં લાવીશ (તો પણ) તું શક્તિરહિત બનવાનો અને લોકોના ટોળાંની મશ્કરીનું સાધન બનશે.

૧૦૭૫ (અગાઉ પણ) તારા જેવા ઘણા ઢોંગીઓ બન્યા હતા (પણ) અમારા મિસરમાં તેઓનો અંત અપમાનજનક રીતે લાવવામાં આવ્યો હતો.

## હ. મુસા (અ. સ.) નો ફિરઓનની ધમકીનો જવાબ દેવો.

૧૦૭૬ તેમણે (હ. મુસા. અ. સ.) એ કહ્યું, હું ખુદાના હુકમમાં ભાગીદારી જેવું કોઇ કબુલ કરતો નથી. જો તેનો હુકમ મારૂં લોહી પણ વહેવડાવે (તો પણ મને) કાંઈ બીક નથી.

૧૦૭૭ હું સંતુષ્ઠ છું. હું આભારીઓમાંનો છું. ઓ હરિફ, (ભલે) અહીં હું અપમાનીત હોઉં પણ ખુદાથી માન પામેલો છું.

૧૦૭૮ લોકોની દૃષ્ટિમાં ભલે ઘૃણાજનક, અપનાનિત અને હાંસીપાત્ર હોઉં. ખુદાની નજરમાં હું પ્રેમી (મહોબતની) આહો ભરતો સ્વીકારાએલો છું.

૧૦૭૯ હું આ (માત્ર) શાબ્દીક રીતે કહું છું. નહિતર (હકીકતમાં) આવતી કાલે (કયામતના દિવસે) તને કાળા મોઢાવાળા માંહેલો એક બનાવશે.

૧૦૮૦ મહત્તા માત્ર તેની જ છે અને તેના દાસોની (પણ). આદમ અને ઇબલીસ અંગે તેની નિશાનીઓ પઢ.

૧૦૮૧ ખુદા અને ખુદાની (ઓળખાણ પામેલાનું) વર્ણન કરવું એ હદ ઉપરાંતની વાત છે. ધ્યાનપુર્વક સાંભળ, તારૂં મોઢું બંધ કર અને પાંદડાને ફેરવ (જીવનને નવી રીતે જો)

## ફિરઓનનો હ. મુસા (અ. સ.) ને જવાબ દેવો.

૧૦૮૨ ફિરઓને તેમને કહ્યું, "પાંદડું મારા અધિકારમાં છે. આ સમયે કિતાબ અને આધકારની નોંધપોથી મારી પાસે છે."

૧૦૮૩ દુનિયાના લોકોએ મને પસંદ કર્યો છે. ઓ અનુપકારી, શું તું બધાં કરતાં વધુ ડાહ્યો છો?

૧૦૮૪ ઓ મુસા, તેં તારા માટે ડંફાસ મારી છે. સાંભળ, ચાલ્યો જા, તું તારા મનથી મોટો ન બની જા, ખોટી ભ્રાન્તિમાં ન રહેતો.

૧૦૮૫ હું દુનિયાના જાદુગરોને એકઠા કરીશ. હું શહેરમાં તારી મુર્ખાઈ પ્રદર્શિત કરીશ.

૧૦૮૬ (પણ) આ એક કે બે દિવસમાં બની શકે નહિ. મને વખત આપ. 'તામુઝ' (મહીનો પુરો થાય) ત્યાં સુધી ચાળીસ દીવસની મહેતલ આપ.

## હ. મુસા (અ. સ.) નો ફિરઓનને જવાબ દેવો

૧૦૮૭ હ. મુસા (અ. સ.) એ કહ્યું આની મને પરવા નથી. પછી હું (ખુદાનો) ગુલામ છું. તને વખત આપવાનો હુકમ મને આપવામાં આવ્યો નથી.

૧૦૮૮ જો કે તું શક્તિશાળી છો અને વાસ્તવિક રીતે તમારો કોઈ મીત્ર નથી. (છતાં) હું તેના હુકમને આધીન છું. હું આ સિવાય બીજુ કાંઈ કરી શકું નહિ.

૧૦૮૯ જ્યાં સુધી હું જીવતો છું ત્યાં સુધી મારી બધી શક્તિથી તારો સામનો કરીશ. હું (ખુદાના હુકમ) આગળ બીજું કશું કરી શકું? હું એક ગુલામ છું.

૧૦૯૦ હું ખુદાનો નિર્ણય આવે ત્યાં સુધી લડીશ. તે એકલો જ વિરોધીઓથી વિરોધીને જુદો કરે છે.

## ફિરઓનનો હ. મુસા અ. સ. ને જવાબ દેવો અને હ. મુસા (અ. સ.) પર વહી આપવી.

૧૦૯૧ તેણે (ફિરઓને) કહ્યું. નહિ, નહિ, તારે વિરામનો વખત નક્કી કરવો જ જોઇએ. વધામણી નહિ આપો. નકામી વાતો નહિ કરો.

૧૦૯૨ મહાન ખુદાએ તુર્તજ વહી મોકલાવી. તેને પુરતો વિરામ આપો. તેની બીક ન રાખો.

૧૦૯૩ તેને ખુશીથી ચાલીસ દીવસ આપો. ભલે તે કાવત્રાંઓ ગોઠવવામાં લાગી જાય.

૧૦૯૪ ભલે તે સખત મહેનત કરે, કારણ કે હું કાંઈ સુતો નથી. તેને જલ્દી આગળ વધવાનો મોકો દયો. કારણ કે મેં તેની આગળ તેનો રસ્તો રૂંધેલ જ છે.

૧૦૯૫ હું તેની બધી યોજનાઓ નિષ્ફળ બનાવીશ, તેઓ વધારશે તેને હું ઘટાડી નાખીશ.

૧૦૯૬ તેને પાણી લાવવા દયો, હું, તેને અગ્નિ બનાવીશ (ફેરવીશ). તેઓને મધ અને મીઠાઈ ભેગી કરવા દયો અને હું તેને કડવી બનાવીશ.

૧૦૯૭ તેઓની પ્રેમની હારમાં ભેગા થવા દયો, હું તેનો નાશ કરીશ હું તે કરીશ કે જે તેઓ ઘડી શકે નહિ.

૧૦૯૮ તારે કાંઈ બીક રાખવી નહિ અને તેને લાંબો વિરામ આપો. તેને તેના ટોળા સાથે આવવાનું આમંત્રો અને સો યોજનાઓ તૈયાર કરવાનું કહો.

## હ. મુસા (અ. સ.) નો ફિરઓનને વિરામ આપવો કે જેથી તે શહેરોમાંના જાદુગરોને ભેગા કરી શકે.

૧૦૯૯ તેણે (હ. મુસા. અ. સ.) એ કહ્યું, દૈવી હુકમ આપી પહોંચ્યો છે. જા તને વિરામ આપવામાં આવે છે. હું મારા રહેવાના સ્થળે જવા છુટો પડું છું. તું મારાથી મુક્ત થયો છે.

૧૧૦૦ તે તેના રસ્તે જતો હતો અને તેના પગલે પગલે શિકારીના કુતરાની માફક ડાહ્યો અને પ્રેમાળ અજગર (જતો હતો).

૧૧૦૧ શિકારી કુતરાની માફક તેની પુછડી હલાવતો (જતો હતો). તેણે પોતાના શરીરની નીચે આવતા પથ્થરોને રેતીમાં (ફેરવી નાખ્યા) હતા.

૧૧૦૨ તેના કુંફાડાથી પત્થર અને લોઢાં ભાંગી જતાં, અને સ્પષ્ટ રીતે લોઢાના મોટા ટુકડાઓને ઝીણી રજકણ જેવા ફેરવી નાખતો.

૧૧૦૩ હવા તેના (હલનથી) સુર્યચક્રથી ઊંચી જતી હતી. આથી ગ્રીક અને જયોર્જીઅનો તેની વેદનાથી ભાગી છુટતા હતા.

૧૧૦૪ તેના રહેઠાણેથી ઊંટની માફક તે ફીણ બહાર કાઢતો હતો તેનું એક ટીપું પણ કોઇને અથડાતું તો તે ક્ષયરોગનો રોગીઓ બની જતો હતો.

૧૧૦૫ તેના દાંત કચકચાવવાથી કાળજાં થંભી જતાં, કાળા સિંહોના આત્માઓ હદ બહાર ફેંકાઈ જતા.

૧૧૦૬ જ્યારે તે પસંદ થએલા (હ. મુસા. અ. સ.) પોતાના કુટુંબ પાસે પહોંચ્યાં, તેમણે તેને રોકાઈ જતાં તેના મોઢાના ખૂણાને પકડયો અને તે ફરીવાર લાકડી બની ગયો.

૧૧૦૭ તેઓ તેના તરફ નમ્યા, કહે કેવી અજાયબી, :મને (તે) સૂર્યની માફક ચોકખો (દેખાય છે). મારા દુશ્મન માટે રાત્રિ.

૧૧૦૮ કેવી અજાયબી! પહો ફાટતાં આખી દુનિયામાં ફેલાતો સૂરજનો આવો પ્રકાશ આ ટોળું કેમ જોઈ શકતું નથી?

૧૧૦૯ આંખો ખોલો, કાન ખુલ્લા કરો અને આ સૂર્ય (જુઓ). ખુદાએ (આ લોકોની) આંખો પરના પડદાથી અજાયબ થાઉં છું.

૧૧૧૦ હું તેઓ તરફ અજાયબ થાઉં છું અને તેઓ મારા તરફ અજાયબ થાય છે. (આપણે) એક જ ઝરા (માંથી બન્યા છીએ). તેઓ કાંટો છે હું ચમેલી (છું)

૧૧૧૧ હું તેઓની આગળ ચોકખા શરાબનાં કેટલાય જામ લાવ્યો (પણ) તેનું જ્યુસ આ ટોળા આગળ પત્થરમાં ફેરવાઇ ગયું.

૧૧૧૨ હું થોડા ગુલાબો ચુંટીને તેઓને માટે લાવ્યો. દરેક ગુલાબ કાંટામાં ફેરવાઇ ગયું, મધ ઝેરમાં ફેરવાઈ ગયું.

૧૧૧૩ તે (ખુદાઇ પ્રેમની મદીરા) ખુદી વગરનાને ઈનાયત થએલો હિસ્સો છે. જ્યારે કે તેઓ ખુદીમાં છે ત્યારે તેઓને કેવી રીતે બતાવવામાં આવશે?

૧૧૧૪ અમારી સાથે હોવા માટે જાગૃત અવસ્થામાં (માયાવી) ઉંઘતો હોવો જોઈએ અને જાગૃત અવસ્થામાં તે સ્વપ્ના સેવતો હોવો જોઇએ.

૧૧૧૫ આ મીઠી (જાગૃત) ઉંઘ માટે ઉત્પન્ન કરાએલી ચીજો દુશ્મન જેવી છે. ત્યાં સુધી કે જે કોઈનો વિચાર ઊંઘી ગયો હોય અને તેનું ગળું બંધ હોય.

૧૧૧૬ (રૂહાનીયત) મદહોશી માટે વિચારો હાંકી કાઢવા જરૂરી છે. મદહોશી (બધા) વિચારો અને યાદીઓ ભેગી કરતાં અટકાવે છે.

૧૧૧૭ (દુન્યવી) જ્ઞાનમાં જે વધુ સંપૂર્ણ છે તે હકીકતમાં વધુ પાછળ છે અને દેખાવમાં વધુ આગળ વધેલો (દેખાય) છે.

૧૧૧૮ તેણે (ખુદાએ) કહ્યું છે. "(ખરેખર અમે તેમાં) પાછા ફરનાર છીએ" અને તે પાછા ફરવું એવી રીતનું છે કે ટોળું પાછું ફરે છે અને ઘરે જાય છે.

૧૧૧૯ પાણી પીવા ગએલ ટોળાને પાછું વાળવામાં આવે છે. બકરો કે જે આગેવાન (આગળ હતો) તે પાછળ રહી જાય છે.

૧૨૨૦ હવે સૌથી છેલ્લો લુલો બકરો આગળ છે. ફરવું એ નાપસંદ હતું જ. તેમના ચહેરા હસવા લાયક બને છે (પાછળ રહી જવા માટે).

૧૧૨૧ આ (પયગમ્બરી અને ઓલીયાઓનું) ટોળું કેવી રીતે લુલું બને! મહત્તા છોડી અને નામોશી ખરીદ કરે?

દુન્યવી જ્ઞાનમાં વધુ સંપૂર્ણ તે હકીકતમાં વધુ પાછળ - દેખાવમાં વધુ આગળ વધેલો,

૧૧૨૨ આ ટોળું વાસ્તવિકતાની જગ્યાએ ભાંગેલા પગે જાય છે. (કારણ કે) ત્યાં એક (દેખીતો) કષ્ટદાયક (પણ હકીકતમાં) સુખદાયક રસ્તો છે.

૧૧૨૩ આ ટોળું પોતાનું દીલ જાહેરી જ્ઞાનનું ધોઇ નાખે છે. કારણ કે આ જ્ઞાન આ રસ્તો જાણતું નથી.

૧૧૨૪ (આ રસ્તા ઉપર ચાલવા માટે) એકને એવા જ્ઞાનની જરૂર છે કે જેનું મૂળ પેલી પાર છે, જેની દરેક ડાળ તેના મુળની માર્ગદર્શક છે.

૧૧૨૫ દરેક પાંખ દરિયાની આંધીમાંથી કેમ ઉડશે ? ખાસ જ્ઞાન (તને) ખુદાની હજુરમાં લઇ જશે.

૧૧૨૬ તેના દીલને પવિત્ર થતું અટકાવતું જ્ઞાન શા માટે તેને શીખવવું જોઇએ ?

૧૧૨૭ તેટલા ખાતર જાહેરમાં આગળ આવવાની કોશીષ ન કર. આ દિશાએ લુલો બની જા. અને પાછા ફરવાની વેળાએ આગેવાન બન.

૧૧૨૮ ઓ ખબરદાર આદમી. (હદીશના કહેવા મુજબ) "અમો આગળ અને પાછળ છીએ" તેવો તું બની જા. ઝાડની આગળ (પેદા થવા અગાઉ) તારું ફળ હતું.

૧૧૨૯ જો કે ફળ બનવામાં છેલ્લું આવે છે, પણ તે પહેલું છે કારણ કે તે મુળ હતું.

૧૧૩૦ ફિરસ્તાઓની માફક કહે, "અમોને કાંઈ જ્ઞાન નથી; આખરમાં તેં અમોને શીખવ્યું છે" તારો હાથ પકડે (મદદે આવે).

૧૧૩૧ જો કે તું આ નિશાળની બારાખડી જાણતો નથી. (છતાં) તું જ્ઞાનથી ભરેલો છે. હ. અહમદ (હ. મુસ્તફા ર. સ. અ.) ની માફક વાસ્તવિકતાના પ્રકાશ થકી (ભરેલો છે).

૧૧૩૨ ભલે તું દુનિયામાં પ્રખ્યાત નથી (છતાં) તું ખાર્મીવાળો નથી. તેના ચાકરોના સંબંધમાં ખુદા વધુ જાણે છે.

૧૧૩૩ સોનાનો ખજાનો સલામતીના ખાતર (છુપાએલો છે) તે ઉજ્જડ જગ્યા કે જે જાણીતી નથી (ત્યાં સલામતી ખાતર રાખવામાં આવે છે).

૧૧૩૪ તેઓ તે ખજાનો જાણીતી જગ્યાએ કેવી રીતે લેગો કરશે ? તેના કારણે આમ કહેવાયું છે કે, "ખુશી ગમીની નીચે (સંતાડેલા છે)."

૧૧૩૫ અહીં મગજ (વિચારશક્તિ) ઘણી મુશ્કેલીઓ (સુચનાઓ) રજુ કરશે પણ સશક્ત જનાવર ખીલે બાંધેલા દોરડાને તોડી નાખશે.

૧૧૩૬ તેનો (ખુદાનો) પ્રેમ અગ્નિ છે કે જે મુશ્કેલીઓ બાળી નાખે છે. તડકો ખોટા દરેક આભાસને વિખેરી નાખશે.

૧૧૩૭ ઓ તું કે જેનાથી તે રાજી થયો છે, તારી પાસે આ સવાલ જ્યાંથી આવે ત્યાંથી તેનો જવાબ શોધ.

આ દિશામાં લૂલો
પાછા ફરવામાં આગેવાન. } આગળ પાછળ માનવીઓ. ઝાડ આગળ તારું ફળ

૧૧૩૮ ખૂણા વગરનો દીલનો ખૂણો એ બાદશાહી સડક છે, પૂર્વ કે પશ્ચિમનું જે તેજ નથી તે તેજ ચંદ્રમામાંથી છે.

૧૧૩૯ ઓ વાસ્તવિકતાના પહાડ, (તું) એક ભિખારીની માફક કયારેક આ બાજુ કયારેક પેલી બાજુ પડઘાને શોધે છે.

૧૧૪૦ દુઃખના વખતે તે જ સ્થળેથી જવાબ શોધ કે જ્યાં તું નીચો નમ્યો છે. વારંવાર બૂમ પાડયા કર, "ઓ મારા માલિક."

૧૧૪૧ દુઃખ અને મોત વખતે તું તે દિશાએ ફરે છે તો પછી જ્યારે દુઃખ જતું રહે છે ત્યારે તું અજ્ઞાન કેમ બને છે?

૧૧૪૨ તું સંતાપના સમયે ખુદાને બોલાવે છે (પણ) જયારે સંતાપ ચાલ્યો જાય છે ત્યારે તું કહે છે, "રસ્તો કયાં છે?"

૧૧૪૩ આનું કારણ એ છે કે તું (ખુદાને જાણતો નથી.) દરેક જે કાંઈ પણ શંકા વગર ખુદાને હાજર સમજે છે તે તે દિશાએ ચાલુ લાગી રહે છે.

૧૧૪૪ જયારે તે કે જે બુદ્ધિમાં પડદામાં છે અને કયારેક અચોક્કસતા (રૂહાની સમજ વગર) લપેટાઈ ગઈ છે, અને કયારેક (અત્યાનંદ)માં કપડાં ફાટી ગયાં છે.

૧૧૪૫ ખાસ બુદ્ધિજીવી કયારેક સત્તાધારી હોય છે, કયારેક રૂંધાઈ ગએલો હોય છે. સર્વજ્ઞ બુદ્ધિશાળી જમાનાની ભુલોમાંથી સલામત બનેલો હોય છે.

૧૧૪૬ હુશિયારી અને બુદ્ધિ વેચી નાખે, અને (ખુદાઈ) મદહોશી ખરીદ કર, ઓ પુત્ર તારા ખુદને વિનમ્ર બનાવ, બુખારા તરફ નહિ, (વડાઈના રસ્તે નહિ)

૧૧૪૭ શા માટે હું પોતે પોતાને વિવરણમાં ખેંચી ગયો, તેની વાર્તા કહેવામાંથી હું પોતે વાર્તા બની ગયો.

૧૧૪૮ હું બેખુદ અને ખુદાની (હજુરમાં) પશ્ચાતાપ કરતો પરપોટો બન્યો છું. એટલા માટે કે જેઓ બંદગીમાં ખુદાને સિજદામાં પડે છે તેઓની સહાનુભુતી મેળવું.

૧૧૪૯ અનુભવી માણસની આંખમાં (ફિરઓન અને મુસાની) વાર્તા એ વાર્તા નથી. તે ખરેખરી (રૂહાની) હાલતનું વર્ણન છે અને તે ગુફાના દોસ્તની હાજરી જેવું છે.

૧૧૫૦ તે (વાકય) 'અસલનાઓની વાર્તાઓ કે જેને બેફરમાની (નાસ્તિકોએ) કુરાનના શબ્દોથી સંબંધીત બતાવેલ છે એ (તેઓની) નાસ્તિકતાની નિશાની છે.

૧૧૫૧ માણસ કે જે અવકાશમાં ઉપર ચડે છે કે જેનામાં 'ખુદાનું નુર' (નુરની પ્રાંસ) છે, તેને ભુતકાળ, ભવિષ્યકાળ કે વર્તમાનકાળ સાથે શું સબંધ છે?

૧૧૫૨ તેના ભુતકાળ કે ભવિષ્યકાળનું હોવું તારાથી સબંધીતા નથી. બન્ને એક જ ચીજ છે. તું એ ધારે છે.

૧૧૫૩ એક વ્યક્તિ તેનો બાપ થાય છે અને અમારો તે દીકરો છે, છાપરૂં ગુંબદથી નીચું અને અગ્નીથી ઉપર છે.

મ. ભા. ૩–૧૦

ખુણા વગરનો ખુણો– બાદશાહી સડક છે.
પૂ. પશ્ચિમનું તેજ નહી – ચંદ્રમાંથી

દુઃખ
મોત
વખતે } ઓ મારા માલિક
સંતાપ દૂર થાય
ત્યારે કહે છે.
રસ્તો કયાં છે?

ભૂત
ભવિષ્ય
વર્તમાન } ખુદાનું નુર
શું સબંધ.
ભૂત
ભવિષ્ય
તારાથી
છે. | બન્ને
એક
છે.
ચીજ

૧૧૫૪ પેલા બે માણુસો થકી ઉપર અને નીચેનો સબંધ ઉભો થાય છે. તેના પોતા અંગે તો છાપરૂં માત્ર એક જ વસ્તુ છે.

૧૧૫૫ આ ઉચ્ચારણો પેલા ( રૂહાનીયત સિદ્ધાંત ) સાથે પુરેપુરા મળતા લાગશે નહિ. આ તો માત્ર એક ( જાતની ) સરખામણી છે, જુના શબ્દો નવા અર્થમાં ટુંકા પડે છે.

૧૧૫૬ ત્યાં નદીનો સંગમ નથી, ઓ મસક તારા હોઠો બંધ કર. આ મિઠાશનો સમુદ્ર અંત અને કિનારા વગરનો છે.

## ફીરઔન જાદુગરોની શોધમાં શહેરોમાં સંદેશવાહકો મોકલે છે.

૧૧૫૭ જ્યારે હ. મુસા ( અ. સ. ) ઘરે પાછા ફર્યા, ત્યારે ફિરઓને પોતાની હજુરમાં સલાહકારો અને સભાસદોને બોલાવ્યા.

૧૧૫૮ તેઓએ યોગ્ય ધાર્યું કે મિસરનો બાદશાહ અને રાજ્યકર્તા મિસરના બધા ભાગો-માંથી જાદુગરોને બોલાવે.

૧૧૫૯ તેથી તેણે જાદુગરોને દરેક દિશાએથી ભેગા કરવા ઘણા માણુસોને મોકલ્યા.

૧૧૬૦ દરેકે દરેક ભાગમાં એક પ્રખ્યાત જાદુગર હતો. તે તરફ તેણે દસ દસ અમલ-દારો દોડાવ્યા.

૧૧૬૧ બે પ્રખ્યાત જુવાન જાદુગરો હતા. તેઓનું જાદુ ચંદ્રમાની અંદર પણ પહોંચતું હતું.

૧૧૬૨ તેઓ ચંદ્રમાને ખુલ્લી રીતે જાહેરમાં દોરતા. તેઓ શરાબની બરણીઓ ઉપર બેસી મુસાફરી કરતા.

૧૧૬૩ તેઓ ચંદ્રમાના પ્રકાશને રેસાના કાપડની માફક દેખાતો બતાવતા અને તેઓ (તેને ) માપતા અને તેને વેચતા.

૧૧૬૪ અને રૂપું ઉઠાવી જતા, ખરીદનાર જ્યારે ખબરદાર થતા ત્યારે દીલગીરીમાં પોતાના ગાલો પર તમાચા મારતા.

૧૧૬૫ તેઓ જાદુગરીમાં આવી લાખ ( યુક્તિઓ ) અજમાવનારા હતા, અને તેઓ ( બીજાની માફક ) કવિતાના કાગળ જેવા ન હતા.

૧૧૬૬ જ્યારે રાજાનો તેઓને ( પેલી બાબતનો ) સંદેશો પહોંચ્યો કે હવે રાજા તમારા તરફથી મદદની ઉમેદ ધરાવે છે.

૧૧૬૭ કારણુ કે બે દરવેશો ( હ. મુસા અને હ. હારૂન ) આવ્યા છે. અને રાજા અને તેના મહેલની વિરૂદ્ધ શક્તિશાળી પગલાં પાંડયાં છે.

૧૧૬૮ તેઓની પાસે દોરડા સિવાય કાંઈ નથી. કે જે હ. મુસા ( અ. સ. ) ની આજ્ઞાથી અજગર બને છે.

૧૧૬૯ બાદશાહ અને તેનું બધું લશ્કર તેની આગળ લાચાર બને છે. આ બે શખ્શો થકી આ બધી રડારોળ ઉભી થઈ છે.

બે દરવેશો - હ. મુસા. હ. હારૂન. - (હારૂન)
રાજા અને મહેલની વિરૂદ્ધ -

૧૧૭૦ જાદુ થતી તેની દવા શોધાવી જોઈએ. તમારાથી તેઓની (બાદશાહની) જીંદગી આ બે જાદુગરોથી (ભયમાં છે) તે બચી જાય.

૧૧૭૧ જ્યારે તેણે (સંદેશકે) પેલા બે જાદુગરોને સંદેશો આપ્યો, તેઓ બન્નેના દીલમાં (મોટી) ધાક અને પ્રેમ ઉત્પન્ન થયાં.

૧૧૭૨ જ્યારે તેઓની રૂહાની લાગણી (હ. મુસા અ. સ.) તરફ ખેંચાણી તેઓએ અજાયબીમાં પોતાનાં માથાં પોતાની ઘુંટણમાં ઝુકાવ્યાં.

૧૧૭૩ જેવી રીતે કે આ ઘુંટણ 'સુફી'ની નિશાની છે. બે ઘુંટણીઓ મુશ્કેલીમાંથી માર્ગ કાઢતી જાદુ મંત્ર જેવી છે.

## બન્ને જાદુગરોનું તેમના બાપના આત્માને કબરમાંથી બોલાવવું, અને હ. મુસા અ. સ. ના ખરા સ્વરૂપ સંબંધી જણાવવા તેના જીવને સવાલ કરવા વિષે.

૧૧૭૪ ત્યાર બાદ તેઓએ કહ્યું, ઓ માતા આવ, અમારા બાપની કબર કયાં છે? અમોને તેનો રસ્તો બતાવ.

૧૧૭૫ તેઓએ તેણીને સાથે લીધી. તેણી તેઓને કબરને રસ્તે દોરી ગઇ. પછી તેઓએ બાદશાહ ખાતર ત્રણ દીવસ રોકી રાખ્યા.

૧૧૭૬ ત્યારબાદ તેઓએ કહ્યું, ઓ પિતાજી, બાદશાહે આકુળ-વ્યાકુળતા અંગે અમોને એક સંદેશો મોકલ્યો છે.

૧૧૭૭ (એમ કહીને) કે બે માણસો તેને ખારી ભૂમીમાં ખેંચી ગયા છે. અને લશ્કર સાથેની તેની આબરૂને ધૂળમાં મેલાવી દીધી છે.

૧૧૭૮ તેઓની પાસે લશ્કર કે કાંઈ હથીઆર નથી. માત્ર એક દોરડા સિવાય બીજું કાંઈ નથી. અને તે દોરડામાં મહાયાચના અને અનર્થ છે.

૧૧૭૯ તું સાચાઓની દુનિયામાં ગયો છે, જો કે દેખીતી રીતે તું કબરમાં સુતો છે.

૧૧૮૦ જો તે જાદુ હોય તો અમોને જણાવ, ઓ અમારા પિતાના આત્મા, જો તે દૈવી હોય તો પણ.

૧૧૮૧ (આ બાબત) પણ અમોને જણાવ, કે જેથી (તેઓની આગળ) અમે નીચા નમીએ અને તેને અડકવાથી અમારા ખુદને કંચન બનાવીએ.

૧૧૮૨ અમો નિરાશ બનીએ છીએ અને આશાનું કિરણ દેખાણું છે. અમે હદ બહાર કઢાએલા છીએ. અમારા તરફ દયા બતાવાઈ છે.

## મરેલા જાદુગરનો તેના પુત્રોને જવાબ આપવો.

૧૧૮૩ તે બુમ પાડી કહે, ઓ મારા વહાલામાં વહાલા દીકરાઓ, ખુલ્લી રીતે આ વાત જાહેર કરવી એ (ખુદા) આધારીત છે.

ઘૂંટણ - સૂફી ની નિશાની છે.
મુશ્કેલીમાંથી માર્ગ નિકાળે.
: જાદુ મંત્ર જેવી
જાદુગર - પિતાના આત્મા
પાસે ગયા.

૧૧૮૪ તે ખુલ્લી અને સ્પષ્ટ રીતે બોલવાની રજા અપાઈ નથી. છતાં ગુઢાર્થ મારી આંખોથી
દુર નથી.

૧૧૮૫ પણ હું તમારામાં એક નિશાની બતાવીશ કે જેથી આ અદ્રશ્ય વસ્તુ તમોને
દેખાતી બની જાય.

૧૧૮૬ ઓ મારી આંખોના નુર, જ્યારે તમે ત્યાં જાઓ ત્યારે તે જ્યાં સુએ છે તે
જગ્યાના જાણીતા બનજો.

૧૧૮૭ અને જ્યારે તે દરવેશ સુતા હોય, ત્યારે બીકને તજીને દોરડા વાટે આગળ જજો;

૧૧૮૮ જો તમો તે ચોરી શકો (તેમ કરવું) બની શકે તો તે (હ. મુસા) જાદુગર છે
અને જાદુગરથી કામ લેવામાં તો તમે હુશિઆર છો.

૧૧૮૯ પણ જો તમે તે ચોરી ન શકો, ખબરદાર રહેજો. હુશીઆર રહેજો. તે (ખુદાનો)
માણસ છે. તે કીર્તીવંત ખુદાનો પયગમ્બર છે. અને દોરવણી પામેલ છે.

૧૧૯૦ જો કે પુર્વ અને પશ્ચિમ ફિરઓને કબજે કરી છે, છતાં તે માથાભર પડશે. ખુદા
અને તેનાથી લડાઈ?

૧૧૯૧ હું આ તને સાચી નિશાની આપું છું. ઓ મારા પિતાના આત્મા, તે દીલમાં
લખી લે. ખરો રસ્તો માત્ર ખુદા જ જાણે છે.

૧૧૯૨ ઓ તારા પિતાના આત્મા, જ્યારે જાદુગર સુએ છે ત્યારે તેનું જાદુ કે યુક્તિ ચાલી
શકતાં નથી.

૧૧૯૩ જ્યારે ભરવાડ ઉંઘવા જાય છે, ત્યારે વરૂ બીક વગરનું બને છે. જ્યારે તે (જાદુગર)
સુએ છે ત્યારે તેનો પ્રભાવ નાશ પામે છે.

૧૧૯૪ પણ જનાવર કે જેનો ભરવાડ ખુદા છે, ત્યાં વરૂને આશા કે રસ્તો કેમ મળશે?

૧૧૯૫ ખુદા જે મંત્ર તંત્ર અમલમાં મુકે છે તે જ સાચું અને કીમતી છે. તે ખરી વસ્તુને
જાદુ કહેવું એ (પણ) ખોટું છે.

૧૧૯૬ ઓ તારા પિતાના આત્મા, આ નિર્ણયાત્મક નિશાની છે, જો કે તે (નબી) મૃત્યુ
પણ પામે, ખુદા તેને ગૌરવશીલ બનાવે છે.

**હ. મુસા (અ. સ.) ના દોરડાને ઉન્નત કુરાન સાથે સરખાવવું અને હ. મુસા (અ. સ.) જ્યારે સુતા હોય ત્યારે તેઓના દોરડાને ઉઠાવી જવાના પ્રયત્ન કરનારા બે જાદુગરોને કુરઆનમાં ફેરફાર કરવાના પ્રયત્ન કરવાવાળા સાથે સરખાવવા વિષે.**

૧૧૯૭ દયાળુ અને કૃપાળુ ખુદાએ હ. મુસ્તફા (સ. અ. વ.) ને વચન આપતાં કહ્યું.
"તું મરી જઈશ (છતાં) આ જ્ઞાન (કુરાન) કદી નાશ પામશે નહિ.

૧૧૯૮ હું તારી કિતાબ અને મોજીઝહને માનવંત કરનાર છું. હું તેઓ કે જેઓ કુરાનમાં
વધઘટ કરશે તેનાથી રક્ષણ કરનાર છું.[૧]"

૧ મરી જવું છતાં કલામ કદી નાશ ન પામે

૧૧૯૯ હું તને બન્ને દુનિયામાં માનવંત કરનાર છું. હું તારી માહિતીઓમાંથી ઓદ્દીયાં કરનારાઓને હાંકી કહાડીશ.

૧૨૦૦ તેમાં કોઈપણ વધઘટ કરી શકશે નહિ. મારાથી વધુ સારો રક્ષણ કરનાર શોધતો નહિ.

૧૨૦૧ હું દિવસે દિવસે તારો દબદબો વધારીશ. હું તારૂં નામ સોના અને રૂપા પર ઉતરાવીશ.

૧૨૦૨ હું તારી ખાતર વ્યાસપીઠો અને મસ્જીદો તૈયાર કરીશ. મારામાં તારા પ્રેમ થકી તારુ ઘર એ મારું ઘર બન્યું.

૧૨૦૩ તેઓ (તારા અનુયાયીઓ) તારૂં નામ બીક અંગે (દંભથી) ઉચ્ચારે છે જ્યારે કે તેઓ બંદગી કરે છે, સંતાય છે.

૧૨૦૪ ઝનુની અને શ્રાપિત નાસ્તિકોના ધાકથી તારો મઝહબ ભોંયરામાં સંતાડેલ છે (છુપો રાખ્યો છે).

૧૨૦૫ (પણ) હું દુનિયાના ખૂણે ખૂણા મિનારાથી ભરી દઇશ. હું ઉદ્ધતોની આંખો આંધળી બનાવીશ.

૧૨૦૬ તારા અનુયાયીઓ શહેરો અને સત્તાનો કબજો લેશે. તારો દીન મચ્છીથી (દરિયાથી) ચંદ્રમા સુધી વધશે.

૧૨૦૭ અમે તેને કયામત સુધી જીવતો રાખશું. દીન રદબાતલ થશે તેવી જરાપણ બીક રાખતો નહિ.

૧૨૦૮ ઓ મારા સંદેશક, તું કોઈ જાદુગર નથી. તું સાચો છો. તેં હ. મુસાનો ઝબ્બો પહેર્યો છે.

૧૨૦૯ તારા માટે કુરાને મજીદ (હ. મુસાના) દોરડાની માફક છે. તે (બધી) નાસ્તિકતાને અજગરની માફક ગળી જાય છે.

૧૨૧૦ જો કે તું ઘાસના છાપરા નીચે સુએ. છતાં મારા જે શબ્દો તું બોલ્યો છે તે દોરડાની માફક છે.

૧૨૧૧ દુષ્ટોને તેના દોરડા ઉપર કોઈ સત્તા નથી. ઓ બાદશાહ, પછી તું ઊંઘ, આશિર્વાદીત ઊંઘ લે !"

૧૨૧૨ (જ્યારે) શરીર (આરામગાહમાં) સુતું છે, 'નુર' (નાસ્તિકો વિરૂદ્ધની) લડાઈમાં બાણ મારે છે.

૧૨૧૩ તત્વદર્શી અને તેનું મોઢું જે કરે છે તેને તારૂં 'નુર' બાણથી વીંધે છે.

૧૨૧૪ તેણે આમ કર્યું અને કહેવાથી વધારે કર્યું. તે (નબી) સુતા. (મૃત્યુની ઉંઘમાં) પછી તેની સદ્દકિસ્મતી અને ભવ્યતા ઓછી થઇ નથી.

૧૨૧૫ ઓ તારા પિતાના આત્મા, જ્યારે એક જાદુગર સૂવા જાય છે, તેનું કામ નિસ્તેજ ઝાંખું બને છે.

૧૨૧૬ બન્ને (જાદુગરના દિકરાઓએ) તેની કબરને ચુમી, અને આ શક્તિશાળી લડાઇ માટે મિસર (તરફ) ચાલ્યા.

"રક્ષણ કરનાર – બીજો x શોધ."
શરીર - આરામગાહમાં & નૂર → (નાસ્તિકોની) લડાઈમાં બાણમારે

૧૨૧૭ જ્યારે તેઓ મિસરમાં આ સાહસ માટે આવ્યા, તેઓ હ. મુસા અને તેના ઘરની શોધમાં પડયા.

૧૨૧૮ એવું બન્યું કે તેઓના આગમનના દિવસે હ. મુસા ( અ. સ ) નાળીએરીના ઝાડ નીચે સૂતાં હતા.

૧૨૧૯ તેથી ટોળાએ તેઓ તરફ સૂચક દષ્ટિ કરી ( સમજાવ્યું ). કહે, પેલી પાર પેલા નાળીએરના ઝાડની દિશામાં જાઓ.

૧૨૨૦ જ્યારે તે ( જાદુગરનો દિકરો ) ( વધુ નજીક ) આવ્યો, તેણે ઓચીંતા ખજુરીઓ વચ્ચે એક ઉંઘતાને જોયો કે જે પૃથ્વીમાં સૌથી જાગૃત હતો.

૧૨૨૧ ખુશીની ખાતર તેણે બન્ને આંખો બંધ કરી હતી. ( પણ ) બધા સ્વર્ગો અને જમીનો તેની દ્રષ્ટિમાં હતાં.

૧૨૨૨ અરે એવા ઘણા છે જેની આંખ ખુલ્લી હોય છે પણ તેનું દીલ ઉંઘતું હોય છે. સત્ય કહેતાં પાણી અને માટીની બનેલી આંખની દષ્ટિમાં શું પડવાનું હતું ?

૧૨૨૩ ( પણ ) તે કે જે પોતાનું દીલ જાગૃત રાખે છે, અને ભલે પછી તેના મસ્તકમાંની આંખો સુતી હોય છે ( તેના ) દીલમાં સો આંખો ખુલશે.

૧૨૨૪ જો તમે એક પ્રકાશિત દીલવાળા નથી. જાગૃત થાઓ. દીલનો શોધનાર થા અને હંમેશાં ( નફસે અમ્મારાથી ) લડતો રહે.

૧૨૨૫ પણ જો તારૂં દીલ જાગૃત બની ગયું, તો ( પછી ) ઘસઘસાટ ઉંઘ કર. તારી ( રૂહાનીયત ) આંખ સાતે ય સ્વર્ગ અને છે એ દિશાથી ગેરહાજર નથી.

૧૨૨૬ હ. પયગમ્બર સાહેબનું કથન છે, " મારી આંખો ઘસઘસાટ ઉંઘે છે પણ મારૂં દીલ સુસ્તીમાં કયારે ઉંઘે છે ? "

૧૨૨૭ બાદશાહ જાગૃત છે, ધારો કે ચોકીદાર ઉંઘે ( શી ફીકર ) ? ઉંઘનારા કે જેઓનાં દીલ જોતાં બન્યાં છે, તેના ઉપર મારો આત્મા કુરબાન થાય !

૧૨૨૮ ઓ રૂહાની સમજ ધરાવનાર, દીલના જાગૃતપણાનું વિતરણ હજારો બૈતોમાં ( પણ ) પુરૂં ન થાય.

૧૨૨૯ જ્યારે તેઓએ ( જાદુગરોએ ) જોયું કે તે નિશ્ચિંતપણે સુતો છે ત્યારે તેઓએ તે તે દોરડાને ચોરવાનો તૈયારી કરી.

૧૨૩૦ જાદુગરો ઝડપથી દોરડા પાસે પહોંચ્યા, કહેતા હતા. આપણે તેની પાછળના ભાગમાં જવું જોઇએ, પછી તેને ખેંચી લેવો જોઇએ.

૧૨૩૧ જ્યારે તેઓ વધુ નજીક આવ્યા, દોરડું હલચલ કરવા લાગ્યું.

૧૨૩૨ દોરડું એવી સરસ રીતે એવું કંપ્યું કે બંને જાદુગરો ત્યાં જ લકવાથી પટકાઇ પડયા.

૧૨૩૩ પછી તે અજગરમાં ફેરવાઇ ગયું, અને ( તેમના ) તરફ દોડ મુકી બન્ને ફિક્કા ચહેરાથી ભાગ્યા.

રૂહાની સમજ ધરાવવું ( પૃથ્વી ) માં સૌથી વધુ જાગૃત.)
દિલનું જાગૃતપણું
આંખ ખુલ્લી ને દિલ- ઉંઘતું -
સત્ય કહેવા- માટી-પાણી ની આંખ ની દ્રષ્ટિમાં શું ?
બાદશાહ જાગે, ચોકીદાર ઉંઘે. દિલ જાગૃત- આંખો સૂતી-
દિલમાં 100-આંખો ખુલ્લી

૧૨૩૪ દરેક પગલાં ભયથી ધ્રુજતાં ધ્રુજતાં માથા પર પડતા આખડતા ભાગ્યા.
૧૨૩૫ પછી તેઓને ખાત્રી થઈ ગઈ કે હ. મુસા (અ. સ.) સ્વર્ગમાં ના હતા. કારણ કે તેઓ (જાદુની) હદથી માહિતગાર હતા.
૧૨૩૬ ત્યારબાદ તેઓને તાવ અને ઝાડા શરૂ થયા અને તેઓની હાલત છેલ્લા તબક્કાની અને મરણ નજીકની બની ગઈ.
૧૨૩૭ ત્યારબાદ તેઓએ તુર્ત જ એક માણસને હ. મુસા (અ. સ.) પાસે માફી માગવા મોકલ્યો.
૧૨૩૮ (એમ) કહીને કે અમે તમોને ચકાસણીમાં મૂક્યા; અને દુશ્મનાઇ સિવાય ચકાસણી કેમ બની શકે?
૧૨૩૯ અમો બાદશાહ (ખુદાઇ) વિરૂદ્ધતા કરતા પાપીઓ છીએ. તું અમારા માટે માફી આપ. ઓ તું કે જે ખુદાઈ દરબારના ખાસનો પણ ખાસ છે
૧૨૪૦ તેણે તેઓને માફી આપી, તુર્ત જ તેઓને આરામ થઇ ગયો. તેઓ પોતાનાં માથાં હ. મુસા (અ. સ.) ની હજુરમાં ઝુકાવતા હતા.
૧૨૪૧ હ. મુસા (અ. સ.) એ કહ્યું, ઓ અમીરો હું તમોને માફ કરૂં છું. તમારા શરીરો અને આત્માઓ દોજખને માટે હરામ બન્યાં છે!
૧૨૪૨ ખરેખર, ઓ (મારા) બન્ને દોસ્તો, મેં તમને જોયા ન હતા. તમારા ખુદને દોષ-મુક્તિથી આઝાદ સમજો.
૧૨૪૩ જેવા છો તેવા જ આવો, દેખાવમાં (તમે) દુશ્મન છો પણ વાસ્તવિક રીતે બાદશાહના (ખુદા માટેના) સંઘર્ષમાં, દોસ્ત (છો).
૧૨૪૪ પછી તેઓએ જમીનને ચુંબન કર્યું અને છૂટા પડયા. તેઓ વખત અને તકની રાહ જોતા હતા.

### ફિરઓનની સમક્ષ જાદુગરોનું ભેગા થવું, અને માનના પોષાકો મેળવ્યા (એમ બતાવવા) કે પોતાના દુશ્મનને પરાસ્ત કરશે, તેટલા ખાતર પોતાની છાતી ઉપર હાથ મૂક્યા.

૧૨૪૫ પેલા જાદુગરો ફિરઓન પાસે આવ્યા. તેણે તેઓને હદ ઉપરાંતના કીંમતી પોષાકો અર્પણ કર્યા.
૧૨૪૬ તેણે તેઓને વચનો આપ્યા, અને તેઓને અગાઉથી ગુલામો, ઘોડાઓ અને માલ-ખાધા ખોરાકી આપી.
૧૨૪૭ ત્યારબાદ તે કહેવા લાગ્યો, ઓ તમો કે જેઓ આ વિષયમાં હુંશીઆર છો સાંભળો, જો તમે ચકાસણીમાં તમોને વધુ ઉત્તમ સાબીત કરશો;
૧૨૪૮ તો હું તમારા ઉપર બક્ષિસોનો વરસાદ વર્ષાવીશ. એવી કે તેની સામે ઉત્તમ ચીજો પણ શરમાઇ જાય.

૧૨૪૯ પછી તેઓએ તેને કહ્યું, "ઓ બાદશાહ, તમારા સદ્દકિસ્મતે અમો તેનાથી ચડીઆતા થશું અને તેના દાવાનો નાશ કરશું.

૧૨૫૦ અમો અમારા કામમાં સર્વોત્તમ છીએ, અમારો સામનો કરવા દુનિયામાં કોઈ આવી શકે તેમ નથી."

૧૨૫૧ હ. મુસા (અ. સ.) ને યાદ કરવા એ (વાંચનારા માટે) સાંકળ બની છે. (તેઓ વિચારશે કે) આ બધી વાર્તાઓ ઘણા લાબા વખત પહેલાં બની છે.

૧૨૫૨ ઓ ભલા આદમી, હ. મુસા (અ. સ.) નું વર્ણન પડદા માફક બની રહે છે, પણ તારા માટે હ. મુસા (અ. સ.)નું 'નુર' (અત્યારે પણ) સબંધીત છે.

૧૨૫૩ તારામાં હ. મુસા (અ. સ.) અને ફિરઓન (છે) તારે તે બન્ને પ્રતિસ્પર્ધીઓને તારામાં શોધવા જોઇએ.

૧૨૫૪ હ. મુસા (અ. સ.) ની આબ કયામત સુધી (ચાલુ રહેશે). "નુર" જાદુ નથી (જોકે) બત્તી જુદી બની છે.

૧૨૫૫ આ સંસારીક બત્તી અને આ વાટ જુદી જુદી છે, પણ તેનું 'નુર' જુદું નથી, તે (નુર પેલી પારનું) છે.

૧૨૫૬ જો તું કાચ તરફ જોતો રહીશ, તું ગુમાવાઇ જઈશ. કારણ કે કાચમાં બહુવચન દેખાય છે.

૧૨૫૭ પણ જો તું તારી નજર 'નુર' ઉપર રાખીશ, તો તું દ્વૈતપણા અને મર્યાદીત કાયાથી બચી જઈશ.

૧૨૫૮ ઓ તું કે જે હસ્તિનો અર્ક છે, તે મર્યાદિત (વસ્તુ) જગ્યાએથી જોતો બન્યો છે. સાચા ઇમાનદાર અને જ્યુ લોક અને ક્રિશ્ચીઅનમાં તફાવત છે.

## હાથીનું વર્ણન અને આકારની સહમતિ ન હોવા વિષે.

૧૨૫૯ હાથી અંધારા ઓરડામાં હતો. કેટલાક હિન્દુઓ તેને પ્રદર્શન માટે લાવ્યા હતા.

૧૨૬૦ ઘણા માણસો, દરેક દરેક તેને જોવાની ખાતર પેલા અંધારામાં જતો હતો.

૧૨૬૧ તેને આંખથી જોવાનું અશક્ય હતું. (દરેક જણ) પોતાના હાથની હથેળીથી અંધારામાં (હાથીનો) અનુભવ કરતો હતો.

૧૨૬૨ એકનો હાથ સુંઢ ઉપર પડયો. તેણે કહ્યું, "આ જનાવર પાણીના પાઇપ જેવો છે."

૧૨૬૩ બીજાનો હાથ તેના કાનને અડકયો, તેને છે પંખા જેવો દેખાયો.

૧૨૬૪ જ્યારે બીજા એકને તેનો પગ હાથમાં આવ્યો, તેણે કહ્યું, મને હાથીનો આકાર થાંભલા જેવો લાગે છે.

૧૨૬૫ બીજા એકે પોતાનો હાથ તેની પીઠ ઉપર મૂકયો, તેણે કહ્યું ખરેખર આ હાથી ગાદી જેવો છે.

નુર જાદુ નહિ - બત્તી જુદી [illegible] પારનું નુર]
કાચ તરફ જોઈશ : તું ગુમાવી જઈશ. બહુવચન દેખાય
નુર તરફ જોઈશ તો દ્વૈતપણું - મર્યાદીત કાયાથી બચી જઈશ

૧૨૬૬ તેજ પ્રમાણે જ્યારે જ્યારે કોઇ (તેનું વર્ણન) સાંભળતું, દરેક પોતે અડતી વખતે જેવો સમજેલો (તેવો વર્ણવતો).

૧૨૬૭ તેઓનું સંભાષણ જુદી જુદી દેખીતી ચીજો અંગે જુદું પડતું. એક માણસને તે 'દાલ' લાગતો બીજાને 'અલીફ.'

૧૨૬૮ જો તેઓ દરેકના હાથમાં મીણબત્તી હોત તો તેઓના શબ્દોમાંથી તફાવત ચાલ્યો ગયો હોત.

૧૨૬૯ શારીરીક સમજણની આંખ એ હાથની હથેળીની માફક છે. હથેળીને આખી વસ્તુ તપાસવાની શક્તિ નથી.

૧૨૭૦ વાસ્તવિક્તાના સમુદ્રની આંખ એક વસ્તુ છે અને ફીણ (સંખ્યા) એ બીજી વસ્તુ છે. ફીણ છોડી દે અને સમુદ્ર (વાસ્તવિકતાને) આંખથી જો.

૧૨૭૧ રાત-દિવસ સમુદ્રના મોજાંથી ઉડતા ફીણની હીલચાલ ચાલુ હોય છે. અંત્યતે નવાઈ લાગે છે, કે તેં ફીણ જોયાં છે, સમુદ્ર નહિ.

૧૨૭૨ આપણે એકબીજા તરફ હોડીઓની માફક ધસીએ છીએ. આપણી આંખોએ અંધારૂં છે, જો કે આપણે ચોકખા પાણીમાં છીએ.

૧૨૭૩ ઓ તું કે જે કાયાના વહાણમાં સુવા ગયો છે, તેં પાણી જોયું છે (પણ) પાણીના પણ પાણી તરફ જો.

૧૨૭૪ પાણીનું પણ પાણી છે જે તેને હડસેલે છે, આત્માનો પણ આત્મા છે કે જે તેને બોલાવે છે.

૧૨૭૫ જ્યારે (દૈવી) સૂર્ય હસ્તિ ધરાવતી વસ્તુઓનાં વાવેલાં ખેતરોને પાણી આપતો હતો ત્યારે હ. ઈસા (અ. સ.) અને હ. ઈસા (અ. સ.) કયાં હતાં ?

૧૨૭૬ જ્યારે ખુદાએ બાણુને આ દોરી બાંધી ત્યારે હ. આદમ (અ. સ.) અને બીબી હવા કયાં હતાં ?

૧૨૭૭ આ (રીતની) વાણી પણ અપૂર્ણ અને અપંગ છે. ખામી રહિત વાણી પેલી પારની છે.

૧૨૭૮ જો તે (ઓલીયા) પેલી પારથી બોલશે તો તારો પગ ધ્રુજી ઉઠશે. અને જો તેઓ તેવું કંઈ ન કહે તો તારા માટે અફસોસ !

૧૨૭૯ ઓ યુવાન, જો તે (જીસ્માની) રૂપથી બોલશે, તું તે રૂપને વળગી રહીશ.

૧૨૮૦ તું ઘાસની માફક જમીન ઉપરના પગલાંથી બંધાએલ છો. (જો કે તું) આ ચોક્કસ હોવા છતાં શ્વાસ લેતા પવનને તારૂં માથું નમાવે છે.

૧૨૮૧ પણ તને (રૂહાનીયત) પગ નથી કે તું (આ કીચડમાંથી) છુટો થા. અથવા આ કીચડમાંથી તારા પગને બહાર કાઢવા (રૂહાનીયત) ખરીદ કર.

૧૨૮૨ તું તારો પગ બહાર કેમ ખેંચીશ ? તારી જીંદગી આ કીચડમાં ગઈ છે. તેથી આ તારી જીંદગીને ખુદાઇ રસ્તે જવું એ અત્યંત કઠણ બન્યું છે.

સ. ભા. ૬-૧૧

ખામી રહિત વાળી પેલીપારની - ઔલીયા બોલતા પગ ધ્રુજશે.

૨. પગ નથી - હું આ કીચડમાંથી છુટી જા.

૧૨૮૩ ( પણ ) જ્યારે તું ખુદામાંથી જીવન મેળવે છે, એ આધારીત, તો પછી તું આ કીચડમાંથી સ્વતંત્ર બનશે અને ( ઉપર ) જશે.

૧૨૮૪ જ્યારે દુધ પીતા ( બચ્ચાં ) ને આયાથી જુદું પાડવામાં આવે છે ત્યારે તે ખોળીઓ ( અનાજ ) ખાતું બને છે અને તેને છોડી દેવામાં આવે છે.

૧૨૮૫ તું અનાજના બીયાંની માફક જમીનના દુધમાં બંધાએલ છે. ધાવણ છોડી પોતાને રૂહાની ખોરાક આરોગતો બનાવ.

૧૨૮૬. ડહાપણના શબ્દો પીતો જા. ( અનુસરતો જા ). કારણ તે છુપું ' નુર ' છે. એ તું કે જે પડેલ ' નુર ' મેળવવાને અશક્ત છો.

**૧૨૮૭ ઓ આત્મા. આખરમાં તું ' નુર ' મેળવવાને શકિતશાળી બનશે. પડદા વગર જે ( નુર ) સંતાએલ છે તે તું જોઇ શકીશ.**

૧૨૮૮ અને તારાની માફક આકાશમાં ફરતો ફરીશ, નહિ, અરે તું સરત અને આકાશ વગર મુસાફરી કરીશ.

૧૨૮૯ તું નિરાકારમાંથી હસ્તિમાં ( આકારમાં ) આવ્યો છે. તો હવે કહે, તું કેવી રીતે આવ્યો? તું પીધેલો ( બેભાન ) આવ્યો.

૧૨૯૦ તને તારા આવવાના રસ્તાની યાદી નથી પણ અમે તમને થોડી સમજ આપશું.

૧૨૯૧ તારી સમજને જવા દે અને પછી ધ્યાનવાળો બન. તારો કાન બંધ કર અને પછી સાંભળ.

૧૨૯૨ નહિ, હું ( તે ) તને કહીશ નહિ, કારણ કે તું હજી કાચો છે તું ( હજી ) તારી વસંતમાં છે. તેં ' તામુજ ' નો મહિનો જોયો નથી.

૧૨૯૩ ઓ હકીકતીઓ, આ દુનિયા એક ઝાડ જેવી પણ છે, આપણે તેને લાગેલાં અર્ધ પાકેલાં ફળો જેવા છીએ.

૧૨૯૪ અપકવ ફળ ડાળીને ચોંટી રહે છે કારણ કે ( તેઓની ) અપકવ હાલત અંગે મહેલમાં મોકલવા લાયક બનેલ નથી.

૧૨૯૫ જ્યારે તેઓ પાકી જાય છે અને મીઠા બન્યા છે, ત્યારે તેઓ પોતાના હોઠોની પકડ ડાળીથી ઢીલી કરે છે.

૧૨૯૬ જ્યારે મોઢું તેની મીઠાશથી આનંદીત બન્યું છે ત્યારે દુનિયાની બાદશાહી માણસને ઠંડી ( અપ્રિય ) લાગે છે.

૧૨૯૭ મજબુતીથી પકડ, પોતાના ખુદને મજબુતીથી વળગી રહેવું એ અપકવની નિશાની છે, જ્યાં સુધી તું ગર્ભાવસ્થામાં છો તારો કામધંધો લોહી પીવું છે.

૧૨૯૮ બીજી એક વાત કહેવાની રહે છે, પણ મારા સિવાય ' પવિત્ર આત્મા ' આ વાત તને કહેશે

૧૨૯૯ નહિ, તે તું તારા પોતાના કાનને કહીશ, હું કે મારા સિવાય બીજો ( તને કહેશે નહિ ) એ તું કે જે હું પણ છે.

તું નિરાકાર માંથી આકાર માં આવ્યો. હસ્તીમાં } કેવી રીતે } – તારી સમજ ને જવા દે ધ્યાન વાળો બન કાન બંધ કર સાંભળ

૧૩૦૦ જ્યારે કે તું ઉંઘમાં પડે છે ત્યારે તું તારા અસ્તિત્વમાંથી તારા જ અસ્તિત્વમાં છે.

૧૩૦૧ તું તારાથી સાંભળે છે, અને ફલાણા કે ફલાણાએ સ્વપ્નામાં આમ કહ્યું છે, (તે સાંભળે છે.)

૧૩૦૨ ઓ ભલા દોસ્ત, તું એકલો નથી, નહિ, તું આકાશ અને ઊંડા મહાસાગર છે.

૧૩૦૩ તારૂં શક્તિશાળી તુંપણું જે નવ સોગણું છે તે સમુદ્ર છે, અને તુંપણાના સોને ડુબાડવાની જગ્યા છે.

૧૩૦૪ ખરેખર જાગૃતી અને ઉંઘ માટે કંઇ સંજ્ઞા વખતસરની છે? બોલતો નહિ, ખુદા સૌથી સારી રીતે શું સાચું છે તે જાણે છે.

૧૩૦૫ બોલતો નહિ, તેથી તું બોલનારાઓમાંથી સાંભળે કે જે બોલાણું કે સમજાવવામાં આવેલ નથી.

૧૩૦૬ બોલતો નહિ કે તું સુર્યમાંથી સાંભળે કે જે ચોપડીમાંથી કે સંબોધનથી બહાર આવ્યું નથી.

૧૩૦૭ બોલતો નહિ કે જેથી આત્મા પોતે તારા માટે બોલે, હ. નૂહ (અ. સ.) ની કિસ્તીમાં તરવું છોડી દે.

૧૩૦૮ કે નાવ માફક બન નહિ, કે જે તરતો હતો અને કહેતો હતો, "મને નુહ કે જે મારો દુશ્મન છે તેની કિસ્તી જોઇતી નથી."

૧૩૦૯ (હ. નુહે) કહ્યું, સાંભળ આમ આવ અને તારા બાપની કિસ્તીમાં બેસ, ઓ વંઠી ગએલા, (સાંભળ) અને જળપ્રલયમાં ડુબી ન જા.

૧૩૧૦ તેણે જવાબ દીધો, નહિ હું તરતાં શીખ્યો છું. મેં તારી મીણબત્તી (ને બદલે) મારી મીણબત્તી સળગાવી છે.

૧૩૧૧ (હ. નુહે) કહ્યું, ખબરદાર થા. આમ ન કર. આ જળપ્રયલનાં મોજાં નાશકારક છે, આજે હાથ અને પગ અને તરવું નકામું છે.

૧૩૧૨ તે વેરીલો પવન છે અને મીણબત્તીને ઓલવનાર છે, ખુદા સિવાયની બત્તી બુઝાઈ જશે. ચુપ રહે.

૧૩૧૩ તેણે કહ્યું, "નહિ; હું ઉંચા પર્વત ઉપર ચડી જઈશ. તે પર્વત દરેક ઈજાઓથી મને બચાવશે.

૧૩૧૪ (હ. નૂહે) કહ્યું: "ખબરદાર રહે, તેમ નહિ કર, આ વખતે પર્વત્ર માત્ર એક તણખલું છે. તે તેના પ્રેમીઓ સિવાય કોઇને સલામત રહેવા દેશે નહિ."

૧૩૧૫ તેણે જવાબ દીધો, "મેં તારી શિખામણ ક્યારે સાંભળી છે? હું આ કુટુંબનો છું તેવી આશા તમે કેમ રાખી છે?"

૧૩૧૬ મને તારા એ શબ્દોએ કદી રાજી કર્યો નથી, હું તમને બંને દુનિયામાં તજી જાઉં છું.

૧૩૧૭ હ. નુહે કહ્યું: બાબા, ખબરદાર થા, તેમ ન કર, કારણ કે આ કાંઇ તુચ્છકારવાનો દિવસ નથી, ખુદાને કુટુંબ કે ભાગીદારી નથી.

તું એકલો નથી, તું આકાશ, ઉંડો મહાસાગર છો.

બોલતો નહિં – આત્મા પોતે તારા માટે બોલે.

૧૩૧૮ હવે જ્યારે કે તેં તુચ્છકાર બતાવ્યો છે, અને આ પળે (ખુદાના સંબંધથી) તિરસ્કાર બતાવ્યો (તો) આ દરબારમાં તિરસ્કારની કાંઇ અસર છે?

૧૩૧૯ તે અખંડતામાં ભુલાઈ ગએલ તો નથી. તેને બાપ દીકરો કે કાકો નથી.

૧૩૨૦ દીકરાઓના તિરસ્કારથી તેને શું સહન કરવું પડશે? તે પિતાઓના તિરસ્કારને કેવી રીતે ધ્યાન આપશે?

૧૩૨૧ (ખુદાએ કહ્યું છે) ઓ વૃદ્ધ ઇન્સાન, મગરૂર ન થતો, હું પેદા થયો નથી કે હું પેદા કરનાર નથી. ઓ યુવાન, આડંબરથી ન ચાલ.

૧૩૨૨ હું ધણી નથી. હું વિષયવાસનાથી સંબંધીત નથી. અહીં ઓ ભાઇ, તિરસ્કારપણું છોડી જા.

૧૩૨૩ માનવતા અને ગુલામી સ્વીકારવા અને આધારહિન, તેની હજુરમાં ગણત્રીમાં આવવા સિવાય બીજું કંઇ (ધાર) નહિ.

૧૩૨૪ તેણે (કેનાને) કહ્યું, "પિતાજી, વર્ષોથી તમે આમ કહેતા આવ્યા છો. (હમણાં) તમે તે ફરીવાર કહો છો, તમે મૂર્ખાઈથી ગડબડ ઉભી કરી છે.

૧૩૨૫ તમે દરેક જણને આ વાત કેટલી વાર કરી છે? દરેક વખતે તમને ઠંડો જવાબ મળ્યો છે.

૧૩૨૬ તમારી આ ઠંડી આહ મારા કાનમાં દાખલ થશે નહિ, ખાસ કરીને જ્યારે કે હું હવે ડાહ્યો અને જોરાવર બન્યો છું.

૧૩૨૭ તેમણે (હ. નુહે) કહ્યું, "બાબા તું એકવાર તારા બાપની સલાહ સાંભળશે તો તને શું નુકશાન થશે?"

૧૩૨૮ આમ તેઓ (હ. નુહ) માયાળુપણે સલાહ દેતા હતા અને તે (કેનાન) ડહાપણ ડોળી કડવા શબ્દોથી નામુકર જતો હતો.

૧૩૨૯ બાપ કેનાનને સમજાવવામાં થાકતો ન હતો. એકાદ વાત પણ તે અનુપકારી માણસના કાનમાં દાખલ થતી ન હતી.

૧૩૩૦ તેઓ આ વાતમાં મગશુલ હતા અને કેનાનના માથા ઉપર પ્રચંડ મોજું અથડાયું અને કટકાઓમાં વિખરાઇ ગયો.

૧૩૩૧ હ. નુહે કહ્યું, ઓ લાંબી મુદત સુધી સહન કરનાર રાજા, મારો ગધેડો મરી ગયો અને તારો જળપ્રલય ભાર ઉઠાવી ગયો.

૧૩૩૨ ઘણી વખત તેં મને વચન આપ્યું હતું, એમ કહી દે કે તારા કુટુંબને મહાપુરમાંથી બચાવીશ.

૧૩૩૩ મેં નિખાલસ દીલે ઇમાનમાં તારા ઉપર મારૂં દીલ લગાડયું હતું, તો પછી મહાપુરમાં મારૂં કપડું શા માટે ખૂંચવાઇ ગયું?

૧૩૩૪ તેણે ( ખુદાએ ) કહ્યું, તે તારા કુટુંબ કે સગામાંહેનો ન હતો. શું તું પોતે જોતો નથી કે, તું સફેદ છે અને તે વાદળી છે?

૧૩૩૫ ઓ શેઠ, જ્યારે તારા દાંતમાં જંતુ પડ્યાં છે ત્યારે ( હવે ) તે દાંત નથી. તેને ખેંચી કાઢ.

૧૩૩૬ એટલા માટે કે બાકીનું શરીર આ વેદનાથી દયાજનક ન બને. તેનાથી મુક્ત બની જા. જોકે ( એક વખત ) તે તારો હતો.

૧૩૩૭ તેણે ( હ. નુહે ) કહ્યું : "હું તારા સત્ય સિવાય તમામથી હાથ ઉપાડી લઉં છું. જે તારામાં મૃત્યુ પામ્યો તે ( તારા ) સિવાય બીજું કંઈ નથી."

૧૩૩૮ હું તારા પ્રત્યે કેવો છું તે તું જાણે છે, હું ચોમાસાની ફળવાડી અને ( તેવો ) વીસ ગણો ( છું ).

૧૩૩૯ ( હું ) તારાથી જ જીવું છું. તારા થકી જ આનંદીત છું. ધર્માદાથી જીવનારને કોઈ મધ્યસ્થી કે વચ્ચે પડનાર સિવાય પદાર્થો મળતા રહે છે?

૧૩૪૦ ઓ સંપૂર્ણ, નથી ભેગા થયા, નથી જુદા થયા, નથી જાત કે વર્ણન અથવા પરિણામ, ( આ સર્વથી ) નચિંત બન.

૧૩૪૧ અમો મચ્છીઓ છીએ અને તું જીવનનો સાગર છે. ઓ તું કે જે ગુણોમાં સર્વોત્તમ છો, અમો તારી સહાનુભૂતિથી જીવીએ છીએ.

૧૩૪૨ તું કાંઈ વિચારની લાગણીનું મર્મસ્થાન ધરાવતો નથી. અથવા તું તેના અંગે પરિણામથી સબંધીત નથી.

૧૩૪૩ આ જળપ્રલય પહેલાં અને તેની બાદ લોકો વચ્ચેની તમામ વાતચીત તને જ સંબોધી કરતો હતો.

૧૩૪૪ હું તારી સાથે બોલી રહ્યો છું, નહિ કે તેઓની સાથે. ઓ તું કે જે નવી અને જુની વાણીનો દેનાર છો.

૧૩૪૫ એ વ્યાજબી નથી કે એક પ્રેમી રાતદિવસ નાશ પામેલા ( પ્રેમીના શરીર ) કે ( તેની વસ્તીના ) પગલાંની વાતો કર્યા કરે.

૧૩૪૬ જાહેર રીતે જોતાં તેણે નાશ પામેલા તરફ પોતાનો ચહેરો ફેરવ્યો છે. ( પણ ) ( ખરી રીતે ) તે જેને તેને તેના વખાણ સંભળાવતો ફરે છે, કોનાં?

૧૩૪૭ ( માત્ર તારોજ ) આભાર માનું છું, હવે તારે જળપ્રલયને ઓછો કરવો જોઇએ અને ( તારા અને મારા ) વચ્ચેના ખંડેરને ઓછો કરવો જોઇએ.

૧૩૪૮ ( હું તારો આભાર માનું છું ) કારણ કે તેઓ દુષ્ટ અને નાશ પામનાર હલકટ હતા. એક બુમ કે તેનો પડઘો પણ પડે ( નહિ ) તેવા પાપીઓ હતા.

૧૩૪૯ મારી ઈચ્છા છે કે પર્વત પરથી આવતા પડઘાની માફક પાછો જવાબ મળે તેમ ખંડિએર ( પણ ) બોલે.

દાંત માં જંતુ- તો તે દાંતનથી - ખેંચી નાંખ.

૧૩૫૦ તેથી હું તારૂં એવડું નામ સાંભળું (કારણ કે) હું તારા આત્માના મહાન નામના પ્રેમમાં છું.

૧૩૫૧ એટલા માટે અમો પયગમ્બરોને પર્વતો વહાલા છે કે તેઓ તારૂં એવડું નામ સાંભળે છે.

૧૩૫૨ પેલા પથરાળ નીચા પર્વતો ઉંદરો માટે યોગ્ય છે, અમારા માટે આરામની જગ્યા તરીકે નહિ.

૧૩૫૩ (જ્યારે) હું બોલું છું ત્યારે તેઓ મારી સાથે (નામ લેવામાં) જોડાતા નથી. મારા શ્વાસની વાણી પડઘા વગરની રહે છે.

૧૩૫૪ તેને જમીન સરસ કરવા એ વધું સારૂં છે, તે તારી વાણીથી સંમત નથી, તારે તારા પગલાંથી તેને જોડવા જોઇએ.

૧૩૫૫ તેણે (ખુદાએ) કહ્યું, ઓ નુહ, જો તું ઇચ્છતો હો તો હું તે બધાને ભેગા કરૂં અને તેમને જમીન ઉપરથી ઉડાડી મુકું.

૧૩૫૭ તેણે (હતું કે) કહ્યું, નહિ નહિ, જો તને યોગ્ય લાગે તો હું પણ તૈયાર છું, કે મને ડુબાવી દે.

૧૩૫૮ દરેક પળે મને ડુબાડતો રહે હું ખુશી છું, તારો હુકમ જ મારો આત્મા છે. હું તે મારા આત્માની માફક સહન કરીશ.

૧૩૫૯ હું તારા સિવાય બીજા કોઈ તરફ જોતો નથી, અને જો બીજા તરફ જોઉં તો તે માત્ર દેખાવ પુરતું છે, તું જ મારી યાદીની એક (ખરી) વસ્તુ તો.

૧૩૬૦ હું ઉપકાર અને ધીરજ (તકલીફ)ના વખતે તારા જ પ્રેમમાં હોઉં છું. હું નાસ્તિકની માફક પ્રેમમાં કેમ હોઉં જ્યારે કે તેં તેને તેવો બનાવ્યો છે?

૧૩૬૧ ખુદાની ખુશનુદી ઉપર જે ચાહના કરે છે તે મહાન છે. તેણે જે (દુન્યવી ચીજો) બનાવી તેના પર પ્રેમ રાખનાર અશ્રદ્ધાળુ છે.

**આ બન્ને હદિસોનો સુમેળ "નાસ્તિકતાથી રાજી થવું એ નાસ્તિકતાનું કાર્ય છે, અને જે કોઇ મારા આદેશોથી રાજી નથી તેને મારા સિવાય બીજો માલિક શોધવા દયો.**

૧૩૬૨ ગઈકાલે એક શોધકે મારી પાસે સવાલ કર્યો કારણ કે તે વાદવિવાદનો શોખીન હતો.

૧૩૬૩ તેણે કહ્યું, "આ પયગમ્બરે ખૂબજ ઉંડાણની આ વાત કહી છે, નાસ્તિકતાથી રાજી થવું એ નાસ્તિકતાનું કાર્ય છે. તેમના શબ્દો સીલ જેવા છે."

૧૩૬૪ ફરી એમ પણ કહ્યું છે કે મુસ્લિમોએ દરેક આદેશોને માન્ય રાખવા જોઇએ, રાજી રહેવું જોઇએ.

૧૩૬૫ નાસ્તિકતા અને ઢોંગ એ શું ખુદાના આદેશો નથી? જો હું આ નાસ્તિકતાથી રાજી થાઉં તો તે ખુદાથી વિરોધી કાર્ય લેખાશે.

૧૩૬૬ અને જો હું રાજી ન થાઉં તો પણ આ બન્ને વચ્ચે હાનિકારક બનીશ. તો પછી મારા માટે યોગ્ય શું છે?

૧૩૬૭ મેં તેને કહ્યું, આ નાસ્તિકતા નિમિત્ત વસ્તુ છે. તે આદેશ નથી. આ નાસ્તિકતા એ ખરી રીતે આદેશની અસર છે.

૧૩૬૮ (મારા) મહેરબાન, તેથી આ નિમિત્ત અંગેનો આદેશ જાણ કે જેથી (આ બાબતમાં) તારી મુશ્કેલી તુર્તજ હટી જાય.

૧૩૬૯ હું આ રૂપમાં નાસ્તિકતાનો વિરોધ કરવો માંડી વાળું છું. નહિ કે તે રૂપમાં કે તે આપણો રાજીપો અને દુષ્ટતા છે.

૧૩૭૦ આદેશ અંગે નાસ્તિકતા એ નાસ્તિકતા નથી. ખુદાને નાસ્તિક તરીકે બોલાવ નહિ. આમ ઊભો રહે નહિ. (એમ ન ધારતો)

૧૩૭૧ નાસ્તિકના એ અજ્ઞાનતા છે, અને નાસ્તિકતાનો આદેશ એ જ્ઞાન છે, 'હીલ્મ' અને 'ખીલ્મ' કેવી રીતે એક બની શકે?

૧૬૭૨ લેખનનું કઢંગાપણું એ લખનારનું કઢંગાપણું નથી. નહિ, તે એક તેનાથી થએલું પ્રદર્શન છે.

૧૩૭૩ ચિત્રકાર પાસે વિદ્યાની એવી શક્તિ છે કે તે કઢંગુ કે ખુબસુરત બન્ને બનાવી શકે.

૧૩૭૪ જો હું આ વિષય પદ્ધતીસર તપાસવાવાળો બનાવું તો તે સવાલ જવાબ બહુ લાંબાં બને.

૧૩૭૫ પ્રેમના ગુઢાર્થનો સ્વાદ મારાથી ચાલ્યો જશે. અને દયાજનક રૂપ બદલાઇ જશે.

## (આત્મજ્ઞાનની) મદહોશી નિરીક્ષણ અને ધ્યાનમાં લેવા યોગ્ય બાબતને રોકે છે, તે દર્શાવતી એક બોધવાર્તા.

૧૩૭૬ અમુક માણસ કે જેના વાળ બે રંગના હતા તે એક ઘણા જ પ્રખ્યાત વાળ કાપનાર પાસે આવ્યો.

૧૩૭૭ તેણે કહ્યું, "ઓ યુવાન, મારા બુઢાપા અંગે થએલ સફેદ વાળ મારી દાઢીમાંથી હટાવ. કારણ કે મેં એક નવી ઘરવાળી પસંદ કરી છે."

૧૩૭૮ તેણે તેની આખી દાઢી કાપી નાખી, અને (તેના વાળ) તેની આગળ મૂકીને કહે "તું પોતે (સફેદ વાળ) ખેંચી લે, કારણ કે એવું બન્યું છે કે મારે બહુ જરૂરી કામે જવું છે."

૧૩૭૯ તે (તેને) ચૂંટે એ સવાલ જવાબ જેવું છે, કારણ કે રૂહાનીયત આવેશ આવી ચીજોની દરકાર કરતી નથી.

૧૩૮૦ અમુક એક માણસે ઝયદને ગરદન ઉપર થાપડ મારી. તે (ઝયદ) યુદ્ધના ઝનૂન સાથે તેના તરફ ધસ્યો.

૧૩૮૧ મારનાર કહે, "હું તને એક સવાલ પૂછું છું. તેનો પહેલો જવાબ દે અને પછી મને માર."

૧૩૮૨ મેં તારી ગરદનની બોચી ઉપર (થપ્પડ) મારી. અને થપ્પડનો અવાજ થયો. આ મુદ્દા ઉપર મારે તને સવાલ કરવો છે.

૧૩૮૩ ઓ અમીરોની મગરૂરી, "આ અવાજ મારા હાથથી થયો કે તારી ગરદનની બોચીથી થયો ?"

૧૩૮૪ તેણે (ઝયદે) કહ્યું, "આ દર્દના કારણે આ નિરીક્ષણ અને ધ્યાનમાં લેવા જેવી વાત અટકાવવાની મને ફુરસદ નથી."

૧૩૮૫ તું કે જે આ દર્દ વગરનો છે, આના પર વિચાર કર. ધ્યાનમાં રાખ કે જેને દર્દ થાય છે તેને આવા વિચાર આવતા નથી."

## વાર્તા

૧૩૮૬ હ. પયગમ્બર સાહેબના અસહાબોમાંથી કોઈ ભાગ્યે જ એવો હતો હતો કે જે કુરાનને મોઢે જાણતો હોય, જો કે તેઓના આત્માને (આમ કરવાની) ઈચ્છા હતી.

૧૩૮૭ જે કે તેનો અર્કતેમનામાં ભર્યો હતો અને ભરાએલા બન્યા હતા- (છતાં) છાલ પાતળી અને તુટી ફુટી હતી.

૧૩૮૮ તેવી જ રીતે અખરોટ, પીસ્તા અને બદામની છાલ જ્યારે ગર્ભ ભરાઈ જાય છે ત્યારે છાલ ઘટતી જાય છે.

૧૩૮૯ (જ્યારે) ગરભ, જ્ઞાન વધે છે ત્યારે તેની છાલ ઘટે છે (નાશ પામે છે), કારણ કે પ્રેમી પ્રિયતમાથી સભર છે.

૧૩૯૦ શોધકની શોધ ઊલટી જાતની હોવા (સંભવ) છે. વહી અને (દૈવી) "નુર" પ્રકાશવું એ પયગમ્બરને નામથી સભર રાખે છે.

૧૩૯૧ જ્યારે અખંડતાના ગુણો બહાર દેખાતા બન્યા છે ત્યારે ક્ષણિક્તાનો ઝભ્ભો બળી જાય છે.

૧૩૯૨ દરેક જણ જે કુરાનનો ચોથો ભાગ પણ મોઢે જાણતો તે અસહાબો પાસેથી સાંભળતો હતો કે "તે 'મહાન' આપણા વચ્ચે છે."

૧૩૩૯ **બહારના (રૂપથી) આવા ઊંડા (આંતરિક) અર્થ ભેગા કરવા એ શકય નથી. અલબત્ત શકિતશાળી રૂહાનીયત બાદશાહ (ઈમામે સુંબી) થકી (બને).**

૧૩૯૪ આવી (ગુઢાર્થ) મદહોશીમાં (તેના જેવા) બહારના અંગેનું અનુમાન એ અશકય છે, અને જો થાય તો નવાઈ જેવી વાત છે.

૧૩૯૫ (રૂહાની સ્વતંત્રતાની) હાલતમાં માનવતા જોવી એ બે વિરોધીઓને ભેગા કરવા સમાન છે. ગોળ અને લાંબાની માફક.

૧૩૯૬ સત્ય કહેતાં આંધળાને લાકડી પ્યારી હોય છે. (આંતરિક) આંધળો પોતે કુરાનની ભરેલી પેટી જેવો છે.

ગર્ભ ભરાય તો ઉપર ની છાલ ઘટે (નાશ પામે)
અખંડતા ના ગુણો બહાર આવે તો ક્ષણિકતા

૧૩૯૭ તેણે (અમુકે) કહ્યું, "હકીકતમાં આંધળાઓ એવી તેજુરીઓ જેવા છે કે જેમાં (ખુદાઇ) આજ્ઞાઓ અને ચેતવણીઓ ભરેલાં હોય !"

૧૩૯૮ ફરીવાર કુરાનથી ભરેલી પેટી, તે તેનાથી કે જેના હાથમાં ખાલી પેટી છે, તેનાથી વધુ સારો છે.

૧૩૯૯ છતાં ફરીવાર પેટી જે કાંઈ પણ ભારથી ખાલી છે તે ઉંદરો અને સરપોથી ભરેલી પેટી કરતાં વધુ સારી છે.

૧૪૦૦ (આ બાબતનો) સરવાળો આમ છે. જ્યારે એક માણસ મિલાપની હાલતે પહોંચે છે, તેના માટે વચ્ચે આવનાર નકામો છે.

૧૪૦૧ જ્યારે કે તેં તારી શોધની ચીજને પ્રાપ્ત કરી છે, ઓ હિંમતવાન ત્યારે હવે જ્ઞાનની શોધ તારા માટે ખરાબ છે.

૧૪૦૨ જ્યારે કે તું બહિશ્તના છાપરાઓ ઉપર સવાર થયો છે ત્યારે સીડી ગોતવી એ મિથ્યા છે.

૧૪૦૩ પરમસુખની પ્રાપ્તિ પછી પરમ સુખને પહોંચાડતો રસ્તો કિંમત વગરનો છે. સિવાય કે બીજાને મદદ કરવામાં અને શિખવવામાં કામ લાગે.

૧૪૦૪ (જ્યારે) પ્રકાશિત આરસી કે જે ચોકખી અને સંપૂર્ણ બની છે (ત્યારે) ઓપનારને બોલાવવો એ મૂર્ખાઈ છે.

૧૪૦૫ બાદશાહ અને (તેની) ઉદારતાથી (તેની સાથે) આનંદથી બેઠા પછી કાગળ અને સંદેશક ગોતવા એ ઘૃણાજનક છે.

**એક પ્રેમીને તેની પ્રિયતમાની હાજરીમાં પ્રેમપત્ર વાંચવામાં મશગુલ થવું અને આથી પ્રિયતમાનું નારાજ થવું. જે સાબીત થઈ ચુકયું હોઈ તેની હાજરીમાં જ સાબીતી શોધવી એ શરમજનક છે. જે જ્ઞાને ખુદને માહિતગાર કર્યું, તે મેળવ્યા પછી તેમાં પોતાને જકડી રાખવું એ દોષપાત્ર છે, તે વિષે.**

૧૪૦૬ (જ્યારે) તેની પ્રિયતમાએ તેને પોતાની પાસે બેસાડ્યો, (ત્યારે) અમુક માણસે એક કાગળ રજુ કર્યો અને તેની આગળ વાંચવા લાગ્યો.

૧૪૦૭ પત્રની કડીઓ(માં) વખાણ અને સ્તુતિ હતાં. વિરહનું દર્દ, પડેલી આફતો અને સંકટોનું વર્ણન હતું.

૧૪૦૮ પ્રિયતમાએ કહ્યું, "જો આ બધું મારી ખાતર છે, તો આપણી મુલાકાત વખતે વાંચવું એ જીવનનો દુર્વ્યય છે,

૧૪૦૯ હું અહીં તારી પાસે છું, અને તું કાગળ વાંચે છે, આ કોઈપણ અંશે (સાચા) પ્રેમીની નિશાની નથી.

૧૪૧૦ તેણે જવાબ આપ્યો, "તું અહીં છો પણ હું સારી રીતે ખુશી મેળવતો નથી."

મ. ભા. ૩-૧૨

શોધનો સાર રહ્યો સત્યની શોધ x હિંમતવાન માટે.
ને ટુંકાણકરી
જ્ઞાને ખુદને માહિતગાર કર્યું - છતાં તેમાં જકડી રાખવું.
પોતાને દોષપાત્ર છે.

૧૪૧૧ તારી ખાતર છેલ્લા વર્ષોમાં અનુભવેલું, અલબત આ પળે અનુભવતો નથી. તારી મુલાકાત કરી રહ્યો હોવા છતાં.

૧૪૧૨ મેં આ ઝરામાંથી ઠંડુ પાણી પીધું છે. અને મેં મારી આંખ અને દીલ આ પાણીથી તાજાં કર્યાં છે.

૧૪૧૩ હું હ ઝરો જોઉં છું પણ પાણી (જોતો) નથી. બનવા જોગ છે કે કોઈ લુટારાએ મારા પાણીથી રસ્તો રોકયો છે."

૧૪૧૪ તેણીએ કહ્યું, "તો પછી હું તારી પ્રિયતમા નથી, હું 'બલગર' (ગામનું નામ) માં છું અને તારી ઇચ્છીત વસ્તુ 'કુતુ' માં છે.

૧૪૧૫ તું મારાથી પ્રેમમાં છો, અને લાગણીની હાલતમાં (પણ) છો, આ યુવાન લાગણીની હાલત એ તારા હાથની વાત નથી.

૧૪૧૬ તેથી તું જે શોધી રહ્યો છે તે તમામ હું નથી, તારી ઇચ્છીત વસ્તુનો વર્તમાન સમયે હું એક ભાગ (માત્ર) છું.

૧૪૧૭ હું માત્ર તારી પ્રિયતમાનું ઘર છું, નહિ કે પ્રિયતમા પોતે (સાચો) પ્રેમ રોકડ માટે હોય છે, તેજુરી માટે નહિ.

૧૪૧૮ ખરો પ્રેમી તે છે કે જે એક હોય, તારી શરૂઆત અને અંત કોણ છે?

૧૪૧૯ જ્યારે તું તેને ગોતી લઇશ ત્યારે તું પછી તેના આગમનનો ઇન્તેજાર નહિ હોય તે દેખીતો અને ગુઢાર્થ પણ છે.

૧૪૨૦ તે લાગણીઓની હાલતનો માલિક છે. કોઇપણ હાલત ઉપર અવલંબીત નથી. મહિના અને વરસ તે ચંદ્રમાના ગુલામો છે.

૧૪૨૧ જ્યારે કે તે 'હાલત' ને હુકમ આપે છે, તે તેનાથી બનતું કરે છે, જ્યારે કે તે ઇચ્છા કરે છે તે શરીરોને આત્મા હું કે છે (બનાવે છે.).

૧૪૨૨ તે કે જેણે મુસાફરી (રસ્તામાં) થંભાવી છે, તો એ કાંઈ (મુસાફરીનો) અંત નથી, તે (બદલાતી) હાલતની રાહ જોતો અને શોધતો બેઠેલો છે.

૧૪૨૩ **તેનો (મુરશિદ કામીલ) "ઇમામ સુબી" નો હાથે એ હાલત (સ્થિતિ) ફેરવતી સર્વશ્રેષ્ઠ હસ્તિ છે, (જો) પોતાનો હાથ ફેરવે, જસત પણ તેનાથી કંચન બની જાય!**

૧૪૨૪ જો તે (મુરશિદ કામીલ) ઇચ્છે, મૃત્યુ પણ મીઠું બની જાય, કાંટાઓ અને અટકાઓ ચમેલી અને ગુલાબ બની જાય.

૧૪૨૫ એક પળે તેનો દરજ્જો મહાન બનાવવામાં આવશે અને એક પળે ઘટાડવામાં આવશે. દરજ્જા પર જે હજી આધારીત છે તે માનવ છે.

૧૪૨૬ આવી રીતે 'સુફી' એ અવસ્થાનો પુત્ર છે, પણ એક પવિત્ર (સુફી) વખત અને અવસ્થાથી નિરાલો છે.

૧૪૨૭ દરજ્જાઓ તેના નિર્ણય અને ઇન્સાફને આધારીત છે (તેઓ) હ. ઇસા (અ. સ.) ની ફુંક માફક ઉત્સાહિત થાય છે.

૧૪૨૮ તું તારી અવસ્થા સાથે પ્રેમમાં છે. તું કાંઈ મારી સાથે પ્રેમમાં નથી. તું મારી સાથે લજ્જાની આશા અનુભવતો સબંધીત છે.

૧૪૨૯ હ. ઇબ્રાહીમ ખલિલુલ્લાહ માટે, એક પળે ઘટતો અને બીજી પળે સંપુર્ણ બનતો, પુજવા યોગ્ય નથી, તે ડુબતો છે.

૧૪૩૦ અને હમણાં આ અને પછી તે જે ડુબવાને લાયક છે તે (સાચો) પ્રેમ નથી. હું ડુબતાને ચાહનાર નથી.

૧૪૩૧ તે એક કે જે હમણાં ખુશી થાય છે અને વળી નારાજ થાય છે, એક પળે પાણી બીજી પળે અગ્નિ (બને છે.)

૧૪૩૨ કદાચ (તે) ચંદ્રમાનો આવાસ બને, પણ તે ચંદ્રમા નથી, ભલે તે એક ભવ્ય ચિત્ર બને પણ તે (દિલ વગરનું) છે.

૧૪૩૩ સુફી કે જે પવિત્રતા ઇચ્છે છે તે સમયની (અવસ્થા) નો પુત્ર છે. તે બાપને પકડી રાખે તેમ સમયને પકડી રાખેલ છે.

૧૪૩૪ **પવિત્ર (સુફી) કીર્તિવંત (ખુદા) ના 'નુર' માં સમાય ગએલ છે. તે કોઇનો દીકરો નથી, અને (તે) સમય અને દરજ્જાથી મુક્ત થયો છે.**

૧૪૩૫ 'નુર' કે જે પેદા કરતું નથી તેમાં કુદી પડ. તે જનમ લેતો નથી, જન્મ દેતો નથી. તે ખુદા સાથે સંબંધીત છે.

૧૪૩૬ જો તું રૂહાની રીતે જીવતો છે તો આવો પ્રેમ શોધ, નહિતર વહેતા વખતનો તું ગુલામ છે.

૧૪૩૭ તારા બેડોળ કે સ્વરૂપવન રૂપ તરફ ન જો. પ્રેમ અને તારા શોધની વસ્તુ તરફ જો.

૧૪૩૮ ઓ અમીર, એ હકીકત સ્વીકારતો નહિ કે તું અશકત (છો) અને મજબુત નથી તારી ઉત્કંઠ ઇચ્છા તરફ જો.

૧૪૩૯ જેમ સુકા હોઠ ખાતર પાણી શોધતો ફરે છે તેમ ગમે તેવી હાલતમાં શોધતો રહે.

૧૪૪૦ કારણ કે તારો સુકો હોઠ એ સાબીતી આપે છે કે આખરે તું ઝરાના મથાળે પહોંચીશ.

૧૪૪૧ હોઠનું સુકાપણું એ પાણીમાંનો સંદેશો છે. (કહે) આ ઉત્કંઠા તને પાણી સુધી ચોક્કસ પહોંચાડશે.

૧૪૪૨ કારણ કે આ શોધ એ આશીર્વાદીત હિલચાલ છે ખુદાઈ રસ્તે નડતી અડચણોની માફક આ શોધ છે.

૧૪૪૩ આ શોધ તારી ઈચ્છીત વસ્તુને મેળવવાની કુંચી છે. આ શોધ તારૂં લશ્કર અને તારા ધજાપતાકાઓનો વિજયોત્સર્ગ છે.

૭૨–

૧૪૪૪ આ શોધએ મુરઘાનું કુકડેકુક છે, જે સવાર હાથવેંતમાં છે તેની બાંગ પોકારે છે.

૧૪૪૫ ભલે તારી પાસે સાધન સામગ્રી ન હોય, હમેશાં શોધક બન, માલિકના રસ્તે સાધન સામગ્રીની જરૂરીયાત નથી.

૧૪૪૬ ઓ પુત્ર, તું કોઇને પણ શોધતો જુએ, તેનો દોસ્ત બની જા. અને (તેને) તારૂં માથું અર્પણ કરી દે.

૧૪૪૭ શોધકનો પાડોશી બનતાં તું પોતે શોધક બની જઈશ. જીતનારાના (રક્ષણના) પડછાયાથી તું પોતે જ જીતનાર બની જઇશ.

૧૪૪૮ જો એક કીડી (પણ) હ. સુલેમાન (અ. સ.) જેવો દરજ્જો શોધે તો લાગણી હીનતાથી તેની કલ્પના અંગે હસતો નહિ કે જોતો નહિ.

૧૪૪૯ જે પણ અત્યારે તારી પાસે દોલત કે વસ્તુઓ છે. શું તે અગાઉની તારી ઉત્કંઠા અને વિચાર અંગે નથી?

## હ. દાઉદ (અ. સ.) ના ઝમાનામાં એક માણસ કે જે રાત અને દિવસ બુમ મારતો: "મને કાંઈપણ મહેનત કર્યા વગર હલાલની જીવન જરૂરીયાતો આપો" વિષે.

૧૪૫૦ હ. દાઉદ (અ. સ.)ના વખતમાં અમુક માણસ દરેક સંત કે ભોળા માણસ પાસે

૧૪૫૧ આ પ્રાર્થના બોલ્યા કરતો, "ઓ ખુદા, મને કાંઇપણ મહેનત કર્યા વગર દોલત આપ.

૧૪૫૨ જ્યારે કે તેં મને હરામના હાડકાંનો આળસુ, ફટકા સહન કરનાર, આસ્તે ચાલનાર પ્રમાદી બનાવ્યો છે,"

૧૪૫૩ ફુટેલા નશીબના, ભાઠા પડેલા ગધેડાની પીઠ ઉપર ઉપર કોઇ ઘોડાઓ અને બળદો ઉપર ઉપાડાતો ભાર નહિ મુકે.

૧૪૫૪ તેવી જ રીતે ઓ તું કે જે સંપૂર્ણ છે, મને આળસુ પેદા કર્યો છે, તું તે પ્રમાણે આળસુના રસ્તે મને રોજની રોજી પહોંચાડતો રહે.

૧૪૫૫ હું આળસુ છું અને અસ્તિત્વના છાંયામાં સુતો છું. તારી દયા અને કિર્તીના પડછાયામાં સુઉં છું.

૧૪૫૬ તેઓ કે જેઓ આળસુ અને પડછાયામાં સુએ છે તેને ચોક્કસપણે તે તેઓની રોજી બીજે રસ્તે આપે છે.

૧૪૫૭ દરેક જણ કે જેને પગ છે, તે રોજી શોધે છે. એક કે જેને પગ નથી તેના તરફ પણ તું દયા બતાવે છે.

૧૪૫૮ કંગાળો તરફ રોજની રોજી મોકલતો રહે, વાદળાંને દરેક જમીન તરફ લઈ જા.

૧૪૫૯ જમીનને પગ નથી. વાદળાંઓને તારી દયા જમીન તરફ લઈ જાય છે.

૧૪૬૦ જ્યારે કે નાનાં બચ્ચાંને પગ નથી. તેની માતા આવે છે અને તેના (મોંમાં) ખાવાનું રેડે છે.

૧૪૬૧ હું કાંઈપણ મહેનત લીધા વગર વખતસર રોજની રોજી (મેળવું), હું શોધવા સિવાય બીજું સહન કરી શકું તેમ નથી (મહેનત કરી શકું તેમ નથી).

૧૪૬૨ દીવસથી રાત અને રાતથી દીવસ, લાંબા વખત સુધી તે આમ પ્રાર્થના કર્યા કરતો હતો.

૧૪૬૩ લોકો તેના આવા શબ્દોથી, તેની (ખોટી) આશા અને ખુદા તરફ હસતા હતા.

૧૪૬૪ કહેતા, અજબ છે, આ મુર્ખ શું કહે છે? કોઇએ તેને ભાંગ આપી છે. કે જેથી (અક્કલ વગરનો બન્યો છે),

૧૪૬૫ રોજની રોજી મેળવવા દરેકે કામ, મહેનત તથા થાક સહન કરવો જોઈએ. દરેકને ખુદાએ એક હુશીયારી અને રોજી મેળવવાની લાયકાત આપી છે.

૧૪૬૬ તારી રોજની રોજીનો ભાગ આમ શોધતો રહે, "તમારા રહેઠાણોના દરવાજામાંથી દાખલ થાઓ."

૧૪૬૭ અત્યારે બાદશાહ, રાજ્યકર્તા અને ખુદાના સંદેશક હ. દાઉદ (અ. સ.) છે, ઘણા (ઉમદા) ગુણોથી વિભૂષિત છે.

૧૪૬૮ તેઓમાં આવી દિવ્યતા અને સત્તા છે (તેનું કારણ) દોસ્તે પસંદ થએલા ઉપર દાખવેલ સદ્‌ભાવનાનો પ્રતાપ છે.

૧૪૬૯ તેઓનાં મોજિઝા અગણિત અને અસંખ્ય છે. તેઓની દયાના દાનનાં મોજાં ઉપર મોજાં આવ્યા કરે છે.

૧૪૭૦ હ. આદમ (અ. સ.)થી લઈ અત્યાર સુધી કોઈનો (તેમના જેવો) વાજીંત્ર માફક આનંદ આપતો અવાજ હતો?

૧૪૭૧ બીજો કોઈ છે કે જેના અવાજ પર દરેક જણ મરવા તૈયાર થાય? તેઓનો સુંદર અવાજ બસો માણસોને નહિવત બનાવવા (શક્તિશાળી છે).

૧૪૭૨ સિંહ અને હરણ એક બીજાના વિરોધીઓ પણ તે વખતે તેઓની સલાહ સાંભળવા ભેગા થાય છે.

૧૪૭૩ પર્વતો અને પંખીઓ તેમના શ્વાસ (અવાજ)ના સાથીદાર બને છે. બન્ને તેમના બોલાવવાના વખતે વિશ્વાસુ બને છે.

૧૪૭૪ આવા સો ગણાથી (પણ) વધુ મોજીઝા તેમનાથી (થએલા) છે. તેમના ચહેરાનો પ્રકાશ સંબંધીત કે વગર સંબંધીત બન્ને (છે).

૧૪૭૫ આવી મહાન સત્તાઓ હોવા છતાં ખુદાએ તેઓને (પણ) રોજી માટેની શોધ અને તકલીફ આપી છે.

૧૪૭૬ આવા વિજયો મેળવ્યા પછી પણ માનના પોષાકો વણ્યા વગર અને તેવી મહેનત લીધા વગર રોજી અપાતી નથી.

૧૪૭૭ (છતાં) ખુદાએ તજી દીધેલ, આના જેવા એક નીચ, નાશ પામેલા (અને) સ્વર્ગથી હીણાંએવો....

૧૪૭૮ આવી કાળી નજરવાળો, વેપાર કર્યા વગર પોતાનો ખીસ્સો જલ્દી ભરી લેવા ઈચ્છે છે.

૧૪૭૯ આવો એક અક્કલ વગરનો આગળ આવ્યો છે, કહે છે હું સીડી ઉપર સ્વર્ગે ચડી જઈશ.

૧૪૮૦ તેને કોઈ ઢંગથી કહેશે, તારી રોજની રોજી આવી પહોંચી છે, જા અને લઈ આવ, અને સંદેશો લાવનાર સારા સમાચાર લાવ્યો છે.

૧૪૮૧ અને વળી બીજો કોઈ હસીને કહેશે, ઓ ગામના મુખી, તને મળતા ઇનામમાંથી અમને પણ ભાગ આપજે.

૧૪૮૨ છતાં પણ તે તેની દુઆ બંધ કરતો નહિ. લોકોની આવી ગાળો કે અપમાનોની પરવા કર્યા વગર દયાની ભીખ માગતો અટકતો નહિ.

૧૪૮૩ તેથી તે ખાલી પડામાંથી પનીર શોધી ઉજવણી કરનાર તરીકે ગામમાં જાણીતો થયો.

૧૪૮૪ પેલો ભિખારી મૂર્ખપણા માટે કહેવતરૂપ બની ગયો ( પણ ) આવી આજીજીઓ કરવી છોડી નહિ.

**પેલો કે જે કાલાવાલા કરી પ્રાર્થના કરતો હતો તેના ઘરમાં ગાયનું દોડી જવું. હ. પયગમ્બર સાહેબે કહ્યું છે, " જેઓ પ્રાર્થનામાં સત્યાગ્રહી છે તેઓને ખુદા ચાહે છે કારણ કે તેનાથી તે જે વસ્તુ માગે છે તેના કરતાં દુઆમાં અત્યાગ્રહી થવામાં વધુ ફાયદો છે તે વિષે.**

૧૪૮૫ એક દિવસે ઓચિંતાં ( જ્યારે ) તે સવારમાં આહ ભરતો અને નિસાસા નાખતો બંદગીના શબ્દો ઉચ્ચારતો હતો ત્યારે.

૧૪૮૬ ઓચીંતી એક ગાય તેના ઘરમાં દોડી આવી, તેણીએ પોતાનાં શીંગડાંઓથી ધક્કો માર્યો અને તાળું અને નકુચો તોડી નાખ્યાં.

૧૪૮૭ ગાય હિંમતપૂર્વક ઘરમાં કુદી પડી. માણસે છલંગ મારી અને તેના પગ બાંધ્યાં.

૧૪૮૮ પછી તેણે જરા પણ ઢીલ વગર ગાયનું માથું કાપી નાખ્યું. લાંબો વિચાર કે દયા વગર ( તેમ કર્યું ).

૧૪૮૯ તે તેણીનું માથું કાપ્યા બાદ ખાટકી પાસે ગયો. એટલા માટે કે તે તેણીનું ચામડું જલ્દીથી ઉતારી લ્યે.

**એક કવિનો પોતાને દોષ દેવા અને મદદની માગણી કરવા વિષે.**

૧૪૯૦ ઓ તું કે જે મારા અંદરથી માગણી કરે છે, જ્યારે તું માગણી ગર્ભની માફક કરે છે તો જરા સહેલાઇથી કર.

૧૪૯૧ આ ( કાર્યને ) પુરૂં કરવું છે, રસ્તો બતાવ, મદદ કર અથવા માગણી મૂકી દે અને મારા ઉપર બોજો ન મુક.

૧૪૯૨ જ્યારે કે તું એક નાદાર પાસેથી સોનું માગે છે, ઓ દોલતમાં બાદશાહ તેને ગુપ્ત રીતે સોનું આપ ( પછી માગ ).

૧૪૯૩ તારા વગર સવાર અને સાંજ કવિતા અને છંદો દૃષ્ટિમાં આવવાની હિંમત જ કેમ કરે ?

૧૪૯૪ એ પ્રખ્યાત શહેનશાહ, કાર્યો, છંદો, માનદ શબ્દો તારા હુકમ અંગે તારી બીક અને ભયના ગુલામ છે.

૧૪૯૫ જેવી રીતે કે તેં બધું તારી મહાનતા બતાવવા બતાવ્યું છે, પારખુ અને અપારખુ પદાર્થ (બન્ને સરખાં જ છે).

૧૪૯૬ તેઓ તારા જુદી જુદી રીતે ગુણ ગાય છે, અને તે એક આ એકની હાલતથી અજાણ હોય છે.

૧૪૯૭ જડ પદાર્થોના ઉચ્ચારણોમાં માણસ માનતો નથી. પણ પેલા જડ પદાર્થો ખુદાના વખાણ ગાવામાં આગેવાની ધરાવે છે.

૧૪૯૮ નહિ, બૌંતેર ફિરકાઓ દરેક એકબીજાની (ખરી સ્થિતિથી) અજાણ અને શંકામાં છે.

૧૪૯૯ જેમકે બે બોલનારાઓમાં પણ એકને બીજાની (આંતરીક) હાલતની ખબર હોતી નથી. તો પછી તે દરવાજા અને દિવાલથી (ખબરદાર) કેમ બનશે ?

૧૫૦૦ એક કે જેણે ખુદાઇ ગુણગાન ઉચ્ચાર્યાં તેનાથી બેધ્યાન છું. મારૂં દીલ મુંગાએ ગાએલા ગુણગાન કેમ કરી જાણશે ?

૧૫૦૧ સુન્ની (શહીદની) જાબ્રીથી થએલાં ગુણગાનથી ખબરદાર નથી.

૧૫૦૨ સુન્નીઓને (ખુદાઇ) ગુણગાન ગાવાની એક (ખાસ) રીત નથી. (ખુદામાં પનાહ મેળવવાની) જાબ્રીની રીત તેનાથી ઉલટી જ છે.

૧૫૦૩ આ (જાબ્રીએ) કહ્યું, તે (સુન્ની) આડો ગયો છે, અને ખુદાઈ આજ્ઞા અને પોતાની ખરી હાલતથી અજાણ હોવાથી ગુમાવાયો છે.

૧૫૦૪ અને પેલા (સુન્ની) એ કહ્યું. આ (જાબ્રી) ને વળી કેવી જાગૃતી આવી છે ? ખુદાએ જણાવેલા હુકમો અનુસાર તેઓને ઝગડામાં ફેંકી દીધેલ છે.

૧૫૦૫ તે દરેકની ખરી ખાશિયત જાહેર કરે છે, તે ભિન મળતાવડાથી મળતાવડાને જાહેર કરે છે.

૧૫૦૬ દરેક જણ ભલે તે ડાહ્યો હોય કે લુચ્ચો કે અજ્ઞાન હોય, વેરમાંથી દયા જાણે છે.

૧૫૦૭ વેરમાં પણ દયા છુપાએલી પડી હોય છે અથવા વેર કે જે દયાના દીલમાં છુપું પડયું હોય છે.

૧૫૦૮ (આ) કોઈ જાણતું નથી સિવાય (રૂહાની રાહબર) કે જેના દીલમાં રૂહાનીયત (ટચસ્ટોન) ચકાસણીનો પત્થર હોય છે.

૧૫૦૯ બાકીના આ બે (ગુણોના) અભિપ્રાયો ધરાવે છે, તેઓ પોતાના માથામાં એક પાંખથી ઉડે છે.

## જ્ઞાનને બે પાંખો છે અને અભિપ્રાય માત્ર એક તેનું વિવરણ. અભિપ્રાય ખામીવાળો અને ટૂંકો છે, અને જ્ઞાનમાં અભિપ્રાય અને ચોક્કસ તા(પણ) છે તે (બન્નેની) સરખામણી સમજાવવા વિષે.

૧૫૧૦ જ્ઞાનને બે પાંખો છે. અભિપ્રાયને એક પાંખ. અભિપ્રાય ખામીવાળો અને ટૂંકો છે.
૧૫૧૧ એક પાંખવાળું પક્ષી માથાભર પડે છે. પછી ફરીવાર તે બે કે વધુ પગલાં દોડે છે.
૧૫૧૨ પંખી અભિપ્રાય પડતો અને ઉભો થતો માળાએ પહોંચવાની આશાએ એક પગે આગળ વધે છે.
૧૫૧૩ (પણ) જ્યારે અભિપ્રાયથી મુક્ત કર્યો છે, જ્ઞાન તેના ઉપર પોતાનો ચહેરો બતાવે છે તેથી તે એક પાંખમાંથી બે પાંખવાળું પંખી બને છે અને પોતાની પાંખો પ્રસારે છે.
૧૫૧૪ ત્યારબાદ તે ટટાર અને સીધું ચાલે છે પોતાના મોઢાભર કે મદદગાર પર ચતા પડચા સિવાય (ચાલે છે.)
૧૫૧૫ તે હ. જીબ્રાઇલની (અ. સ.) ની માફક અભિપ્રાય અને શંકા વગર અને વાદ-વિવાદ વગર ઉપર ઉડે છે.
૧૫૧૬ આખી દુનિયા તેને કહેશે, "તું ખુદાના માર્ગ પર છો અને 'સતપંથ' ને અનુસરે છે.
૧૫૧૭ તે તેના શબ્દોથી ગરમ થશે નહિ, તેનો એકાકી આત્મા તેઓનો જોડીદાર બનશે નહિ.
૧૫૧૮ અને જો તેઓ બધા તેને કહેશે, તું અવળે પંથે ગયો છે, તું ધારે છે કે તું પહાડ છો, અમે (હકીકતમાં) તમે એક ઘાસના તણખલા છો.
૧૫૧૯ તે તેના અભિપ્રાયમાં ખેંચાશે નહિ કારણ કે તેઓનાં મેણાં ટોણાં કે તેઓના છુટા પડવાથી તેને દીલગીરી થશે નહિ.
૧૫૨૦ નહિ જો સમુદ્રો અને પર્વતો પણ વાણી ઉચ્ચારે અને તેને (ભલે) એમ કહે કે તેં સત્યાનાશ નોતર્યો છે.
૧૫૨૧ આવા બોહીયાં કરનારના મેણાંટોણાંથી તેને (દીલમાં) જરા જેટલી પણ આશંકા કે વ્યગ્રતા થશે નહિ.

## વૃથા આદરભાવનાથી માણસનું રૂહાની રીતે બિમાર પડવું કે જેમાં લોકોની અને તેઓની ભલામણ શોધનારાને સમજાવતી અને તેને (અનુરૂપ) શિક્ષકની બોધવાર્તા.

૧૫૨૨ અમુક નિશાળના છોકરાઓ તેઓને શિક્ષકના હાથથી થાક અને સખત પરિશ્રમ અંગે સહન કરતા હતા.
૧૫૨૩ તેઓએ તેનું કામ (અટકાવવાના) રસ્તાની ચર્ચા કરી જેથી શિક્ષક જરૂરીયાત પુરતી રજા આપે.

૧૫૨૪ કહેતા, (માસ્તરને) કોઈ એવી બીમારી આવતી નથી કે જેથી કેટલાક દિવસો તેને ગેરહાજર રહેવું પડે.

૧૫૨૫ તેથી આપણે આવી કેદીની હાલતમાંથી છુટી શકીએ, તે એક મજબુત પથ્થરની માફક જડાઈ ગયો છે.

૧૫૨૬ તેઓમાંથી એક સૌથી હુશિયાર છોકરાએ તેને આમ કહેવાની યોજના તૈયાર કરી, માસ્તરજી તમે કેમ આવા પીળા પડી ગયા છો?

૧૫૨૭ અમે આશા રાખીએ છીએ કે તમે સારા હશો? (પણ) તમારો રંગ બદલાય ગયો છે, આ ખરાબ હવાની કે તાપની અસર લાગે છે.

૧૫૨૮ (તેણે કહેવું ચાલુ રાખ્યું) આ વખતે માસ્તર વિચાર કરવો શરૂ કરશે (કે તે બિમાર છે) ભાઈ, તમો (બધા) આ રીતે મને યાદ કરજો.

૧૫૨૯ જ્યારે તમે નિશાળના બારણામાંથી આવો (તેને) કહેજો, માસ્તર સાહેબ શું તમારી તબીયત સારી છે?

૧૫૩૦ તેના મનની કલ્પના વધતી જશે, કારણ કે સમજદાર માણસ પણ કલ્પનાથી ગાંડામાં ગણાય ગયો હોય છે.

૧૫૩૧ આપણા પછી ત્રીજો અને પછી ચોથો અને પાંચમો સહાનુભુતી અને તેવી જ દીલગીરી દર્શાવે.

૧૫૩૨ તેથી જ્યારે એકમતે ત્રીસ છોકરા ઉપરાઉપરી આ વાત કહેશે. તો તેના (દીલમાં) આ વાત જડાઇ જશે.

૧૫૩૩ બધા છોકરા તેને કહે, ભલા માણુસ, શાબાશ, ખુદા તારૂં કિસ્મત ખોલી દયે?

૧૫૩૪ ગાઢ સમજુતીથી તેઓ બધા સંમત થયા કે કોઈ પણ વિદ્યાર્થી તે શબ્દમાં ફેરફાર કરે નહિ,

૧૫૩૫ અને ત્યારબાદ તેણે દરેકને સોંગદ લેવરાવ્યા, કે કોઈ વાતોડીઓ યોજના જાહેર કરે નહિ.

૧૫૩૬ પેલા છોકરાની સલાહ દરેક ઉપર ફરી વળી હતી. આખા ટોળાની આગળ તેની અક્કલ હુશિયારી આગળ આવી હતી.

૧૫૩૭ પ્રેસીઓના બહારના રૂપમાં (અને) ઇન્સાનની અક્કલમાં આવો જ તફાવત છે.

૧૫૩૮ હ. આહમદ (હ. મુસ્તફા ર. સ. અ.) એ આવી દ્રષ્ટિના અંગે કહ્યું છે. "માણસના ગુણની શ્રેષ્ઠતા તેની જીભમાં સંતાએલ છે" માણસોની બુધ્ધિ તેઓની અસલ ખાસિયતથી જુદી પડે છે. (જો કે) 'સુતાઝી-લીટસ'ના મત પ્રમાણે તેઓ (ખસલમાં) સરખા છે અને બુધ્ધિના ભેદભાવ જ્ઞાનની પ્રાપ્તિમાંથી ઉત્પન્ન થાય છે તે વિષે.



માસ્તર ! બિમાર ! ગેરહાજર · કેદમાંથી છુટકો
30 છોકરા - એકમત - સખત પરિશ્રમ
બહારનું રૂપ ને અક્કલમાં તફાવત ..?

૧૫૩૯ તમારે સાંભળવું જોઇએ અને (માનવું જોઇએ) કે સુન્નીની શરીયત પ્રમાણે (લોકોની) વિચાર શક્તિનો તફાવત અસલનો જ હતો.

૧૫૪૦ 'મુતાઝીલીટસ' ની માન્યતાથી (તેઓ) ઉલટા છે કે બધી વિચારશક્તિ સરખી જ હતી.

૧૫૪૧ અનુભવ અને શિક્ષણ તેમને ઓછી વધુ બનાવે છે કે જેથી એક માણસનું જ્ઞાન બીજાથી વધુ બને છે.

૧૫૪૨ આ ખોટું છે, કારણ કે (આ) છોકરાઓનો સલાહકાર તેના કાર્યમાં કાંઈ અનુભવ ધરાવતો ન હતો.

૧૫૪૩ પેલા નાના છોકરાના મગજમાં એક એવો વિચાર આવ્યો કે વૃદ્ધ માણસને અનુભવોથી તેની વાસ સુદ્ધાં પણ ન આવે !

૧૫૪૪ ખરેખર, (કોઇ એકની) ખાસિયતમાંથી ઉચ્ચપણું, સહનશીલતા અને (બીજાથી) પ્રતિબિંબિતના કારણ અંગેનું ઉચ્ચપણું વધું સારૂં છે.

૧૫૪૫ મને (કહે) ખુદાની બક્ષિસ વધુ સારી છે કે એક લુલો માણસ વધુ સારી રીતે ચાલતાં શીખે એ વધુ સારૂં છે?

## છોકરાઓનું શીક્ષકને માંદા હોવાની ધારણામાં લઈ જવા વિષે

૧૫૪૬ દીવસ ઉગ્યો. પેલા છોકરાઓ પેલા વિચાર સાથે પોતાના ઘરોમાંથી દુકાને (નિશાળે) આવ્યા.

૧૫૪૭ પેલો હિમ્મતવાન સૌથી પહેલાં જવની વાટ જોતો બહારના ભાગમાં ઉભો રહ્યો.

૧૫૪૮ કારણ કે તે આ યોજનનું મુળ હતો. મુખ્ય દોરવણી કરવા 'ઇમામ' હોવા જોઈએ.

૧૫૪૯ ઓ બનાવટી (જુનવાણી રીતે આલદાર) એક કે જે 'સ્વર્ગીય' "નૂર"નું મુળ છે તેનાથી ઉચ્ચતર બનવાનું શોધીશ નહિ.

૧૫૫૦ તે (છોકરો) અંદર આવ્યો. અને માસ્તરને કહ્યું,, "સલામ, હું ધારૂં છું તમો સાજા છો. તમારા ચહેરાનો રંગ પીળો છે"

૧૫૫૧ માસ્તરે કહ્યું, "મને કાંઈ બિમારી નથી. જા અને બેસી જા. અને અક્કલ વગરની વાત ન કર. સમજ્યો?"

૧૫૫૨ તેણે તે નકારી તો હતી પણ હલકી ધારણાની થોડી ધૂળ તેના દીલ પર તાત્કાલીક પડી હતી.

૧૫૫૩ બીજો છોકરો અંદર આવ્યો (તેણે) તેમજ કહ્યું. આથી (બીજીવાર સાંભળતાં) તેની ધારણા વધુ આગળ વધી.

૧૫૫૪ આ રીત (ચાલુ રહી) જ્યાં સુધી કે તેની ધારણાએ જોર કર્યું. અને તે તેની તબીયત અંગે વધુ પડતી રીતે ચીંતામાં મુકાઇ ગયો

## લોકોના (તેના તરફ) વધુ આદરભાવ થકી વૃથા કલ્પનાઓથી ફિરઓનનું રૂહાની રીતે બિમાર પડવા વિષે.

૧૫૫૫ ફિરઓનની આગળ, સ્ત્રીઓ, બચ્ચાંઓ અને લોકોના સિજદામાં પડવાના (કાર્યે) ફિરઓનના દીલને હાની કરી અને તેને (રૂહાની રીતે) બિમાર કર્યો.

૧૫૫૬ દરેક જણ તેને બાદશાહ અને માલિક કહીને પુકારતો તેથી (તે) (ફિરઓન) વૃથા કલ્પનાઓથી ફાટયો.

૧૫૫૭ તેથી તેણે દૈવીપણાના ઢંગની હીંમ્મત કરી, તે અજગર બન્યો અને કદી પણ ધરાયો નહિ.

૧૫૫૮ કલ્પના અને અભિપ્રાય ખાસ બાબતમાં વિનાશક છે, કારણ કે તેનું રહેઠાણ અંધારામાં છે.

૧૫૫૯ જો ત્યાં જમીન પર અર્ધોવાર રસ્તો પહોળો હશે તો પણ માણસ વગર કલ્પનાએ સલામત ચાલ્યો જશે.

૧૫૬૦ પણ જો તમે ઉંચી દિવાલના મથાળે ચાલશો અને તેની પહોળાઈ બે વાર હશે તો પણ તમે સીધા ચાલી શકશો નહિ.

૧૫૬૧. નહિ. કલ્પનાના (જોર) અને દીલના ધડકન થકી તમે પડશો. કલ્પના થકી ઉત્પન્ન થતી બીકને સારી રીતે સમજ.

## કલ્પના અંગે શિક્ષકના બિમાર પડવા વિષે.

૧૫૬૨ શિક્ષક કલ્પના અને ભયથી નરવસ બન્યો, તેણે કુદકો માર્યો અને ધીમેથી ચાલવું શરૂ કર્યું.

૧૫૬૩ તેની ઘરવાળીથી (દીલમાં) ખીજાઈને કહે, તેણીને (મારા પ્રત્યે) થોડો પ્રેમ છે, હું આવી હાલતમાં છું. અને તેણીએ તપાસ કરીને પૂછયું પણ નહિ.

૧૫૬૪ તેણીએ મને મારા રંગ વિષે કાંઈ કહ્યું નહિ. તેણી મારી ઘરવાળી હોવાના ભારમાંથી છુટી થવા માગતી લાગે છે.

૧૫૬૫ તેણી તેણીના રૂપના (અહંકારમાં) છકી ગઈ લાગે છે, અને હું શકોરાની માફક છાપરા પરથી પડી ગયો છું. તેનાથી તે ખબરદાર નથી.

૧૫૬૬ તે (ઘરે) આવ્યો, અને જોરથી દરવાજો ખોલ્યો. છોકરાઓ શિક્ષકના પગલે પગલે (પાછળ આવતા હતા).

૧૫૬૭ તેની ઘરવાળીએ કહ્યું. "તબીયત મજાની છે ને? તમે આટલા જલ્દી કેમ આવ્યા? તમારા જેવા ભલા માણુસ ઉપર કાંઇ બલા તો હોય જ નહિ."

૧૫૬૮ તેણે કહ્યું, "શું તું આંધળી છે? મારા રંગ અને ચહેરા તરફ જો. મારૂં દુઃખ જોઈને અજાણ્યા પણ દીલગીર થાય છે."

૧૫૬૯ હું કેવી દુઃખી હાલતમાં છું તે તું ઘરે બેઠે ધિક્કાર અને ઢોંગ અંગે બરાબર જોતી નથી?"

૧૫૭૦ તેની ઘરવાળી કહે, "અરે ભલા માણુસ, તમારામાં કાંઈ જ ખરાબી નથી માત્ર તમારી વૃથા અણુગતી કલ્પનાઓ અને અભિપ્રાયજ છે."

૧૫૭૧ તેણે તેણીને કહ્યું, "અરે એ વેશ્યા, તું હજી ઇરાદાપુર્વક મારી સામે વાદવિવાદ કરે છે? તું આ મારો બદલાએલો રંગ અને ધ્રુજવું જોતી નથી?

૧૫૭૨ જો તું આંધળી અને બહેરી બની છો તો તેમાં મારો શું વાંક? હું આવી (હાલત) દુઃખ અને મુશ્કિલી અને નિરાશામાં (ઘેરાએલો છું)"

૧૫૭૩ તેણીએ કહ્યું, "ઓ સાહેબ, હું આરસી લાવીશ એટલા માટે કે તમે તેમાં જુઓ કે જેથી મારા નિર્દોષપણાની તમને ખાત્રી થાય."

૧૫૭૪ તે કહે "હઠી જા. તું કે તારી આરસી બચી શકશે નહિ. તું દરરોજ મારા તરફ ધિક્કાર, મેલી અને પાપી લાગણી ધરાવે છે.

૧૫૭૫ જલ્દી મરો ખાટલો પાથરી દે કે જેથી હું સુઇ જાઉં, કારણકે મારૂં માથું સખત દુઃખે છે."

૧૫૭૬ ઘરવાળીએ (જરા) વિલંબ કર્યો, આથી પેલો માણુસ ત્રાડ પાડી કહે, "ઓ ધિક્કારવા યોગ્ય, જલ્દી કર, મારા તરફ આવી વર્તણુંક યોગ્ય છે?"

## પોતે બિમાર બન્યાની કલ્પના કરતા શિક્ષકનું દીલગીર થવું અને સુવા જવા વિષે.

૧૫૭૭ ઘરડી સ્ત્રી પથારીનાં કપડાં લાવી અને પથારી પાથરી તેણીએ (મનમાં) કહ્યું, "બોલવાની શકયતા નથી. અને મારૂં દીલ બળી રહ્યું છે."

૧૫૭૮ જો હું બોલીશ તો તે મને શંકાથી પકડશે અને જો નથી બોલતી તો આ વાત ગંભીર રૂપ પકડશે.

૧૫૭૯ એક માણુસને જરા જેટલું પણ દુઃખ ન હોવા છતાં અભિપ્રાયે બિમાર બનાવાયો.

૧૫૮૦ હ. પયગમ્બર સાહેબની હદીસ સ્વીકારવી આવશ્યક છે કે, "જો તમે મારી બાજુમાં બિમાર હોવાનો ઢોંગ કરશો તો તમે (ચોક્કસ) બિમાર પડશો."

૧૫૮૧ જો હું તેને કહીશ (કે તમે બિમાર નથી) તો તે વૃથા પોતાને શંકામાં નાખશે. (અને વિચારશે) કે મારી ઘરવાળી એકલી હલકી યોજના કરી રહેલ છે.

૧૫૮૨ તેણી મને ઘરની બહાર કાઢવા માગે છે, તેણી યોજનાઓ કરે છે અને બદમાશી ખાતર ફોસલાવી રહી છે.

૧૫૮૩ તેણીએ તેની પથારી તૈયાર કરી, અને શિક્ષક તેના પર પડયો (સૂતો), તેનામાંથી નિસાસા અને આહો બહાર આવતી હતી.

૧૫૮૪ છોકરાઓ ત્યાં બેઠાબેઠા મનમાં એકસો દીલગીરીઓ સાથે પાઠ વાંચતા હતા.

૧૫૮૫ (તેઓ) વિચાર કરતા હતા કે અમે આ બધું કર્યું અને છતાં (હજી) અમે કેદીઓ છીએ. તે હલકી ચણુતર હતી અને અમે ખોટા બાંધનારા હતા.

## બીજી વાર છોકરાઓએ શિક્ષકને કલ્પનાથી બિમાર બનાવવો કે તેઓના કુરાનના ઉચ્ચારણ અંગેના (અવાજથી) તેના માથાનો દુઃખાવો વધશે, તે વિષે.

૧૫૮૬ હુશિયાર છોકરાએ કહ્યું, "ઓ ભલા સાથીદારો, પાઠ વાંચો અને તમારા અવાજો જોરદાર કરો."

૧૫૮૭ જ્યારે તેઓ (જોરથી) વાંચતા હતા ત્યારે તેણે કહ્યું, "છોકરાઓ, આપણે જે અવાજો કરીએ છીએ તે આપણા શિક્ષકને નુકશાન કરશે."

૧૫૮૮ શિક્ષકનું માથું અવાજથી વધુ દુઃખશે, એ શું વ્યાજબી છે કે થોડા સિક્કાની ખાતર તેઓ આમ સહન કરે?"

૧૫૮૯ શિક્ષકે કહ્યું, તે સાચું બોલે છે, જાઓ ચાલ્યા જાઓ, મારૂં માથું સખત દુઃખે છે, ઘરમાંથી બહાર ચાલ્યા જાઓ.

## આ છેતરપીંડીથી છોકરાઓનું નિશાળમાંથી ભાગી છુટવું.

૧૫૯૦ તેઓએ નમન કર્યું અને કહ્યું, "ઓ માનવંતા સાહેબ, (ખુદા) તમારી બિમારી અને ભય દુર કરે!"

૧૫૯૧ અનાજના કણ માટે પંખી ભાગે તેમ તેઓ પોતાના ઘર તરફ પાછા ફર્યા.

૧૫૯૨ તેમની માતાઓ તેમનાથી ગુસ્સે થઇ અને કહ્યું, "આજે નિશાળનો દિવસ છે અને તમે રમવા લાગ્યા?"

૧૫૯૩ તેઓએ બહાના બતાવ્યા, "કહે, મા, બંધ કર. આ પાપ અમારાથી બહાર આવ્યું નથી અને અમારી ભુલથી થયા પામ્યું નથી.

૧૫૯૪ દૈવી ભાવિ અંગે અમારો શિક્ષક બિમાર, "માંદો અને દુઃખી બન્યો છે."

૧૫૯૫ માતાઓએ કહ્યું, "તે એક બનાવટ અને જુઠ છે, તમારી રજા માટેની કંજુસાઈએ આવાં સેંકડો જુઠાણા રજુ કર્યાં છે.

૧૫૯૬ સવારમાં અમે શિક્ષકને જોવા જશું કે જેથી તમારી આ યુક્તિનું તળીયું જોઈ શકીશું."

૧૫૯૭ છોકરાઓએ કહ્યું, "ખુદાના નામે જાઓ, અમારૂં ખોટાપણું કે સાચાપણું તેમને જણાવો."

## માતાઓનું બિમાર શિક્ષકને જોવા જવા વિષે.

૧૫૯૮ સવારે પેલી માતાઓ (શિક્ષકને) જોવા આપી (તેઓને જણાયું કે) શિક્ષક એક ભયંકર બિમારની માફક ખાટલામાં સુતો છે.

૧૫૯૯ સંખ્યાબંધ રજાઈઓના ઓઢવાથી પરસેવે રેબઝેબ થએલો, (શિક્ષક) માથા પર પાટા બાંધેલો, ચહેરો ચાદરથી વીંટાએલો (સુતો હતો.)

૧૬૦૦ તેં ઊંડી આહો ભરતો હતો. તેઓ બધીઓ (આ જોઈને) રડતી સુરતે 'લાહઉલ'ના અવાજોથી દીલગીરી બતાવવા માંડી.

૧૬૦૧ તેણીઓએ કહ્યું, "માસ્તરજી, અમે દુઆ કરીએ છીએ છે કે તમને (જલ્દી) સારૂં થઈ જાય, તમારા માથાની (તકલીફ) અને તેનાથી તમારા આત્માની તકલીફની અમને ખબર ન હતી."

૧૬૦૨ તેણે જવાબ દીધો, "હું પોતે પણ તેનાથી સભાન ન હતો (છોકરાઓએ) મને ખબરદાર કર્યો (કે) ધ્યાન રાખજો.

૧૬૦૩ હું ભણાવવાના કાર્યમાં મગ્ન હોવાથી મને ધ્યાનમાં આવ્યું ન હતું કે (મારામા) આવું સખત દરદ હતું."

૧૬૦૪ જે ઉત્કઠીંત ઇન્સાન કાર્યમગ્ન હોય છે તે તેના દર્દની નજરથી અંધ બને છે.

૧૬૦૫ હ. યુસુફ (અ. સ) ના મિસરી સ્ત્રીઓની આ વાર્તા કહેવત બની ચુકી છે કે તેઓનું ધ્યાન તેઓના ચાલુ કામકાજમાં ગુંથાતાં (હ. યુસુફની ખુબસુરતી જોતાં.)

૧૬૦૬ તેઓએ પોતાના કાંડા ટુકડાઓમાં વેતરી નાખ્યાં (આવી વાતમાં) આત્મા બેગાના બની ગયો હોય છે, તેથી તે આગળ પાછળ જોતો નથી.

૧૬૦૭ અરે કેટલાય બહાદુર માણસોના લડાઈના મેદાનમાં (તલવાર) ના ઝટકાથી હાથ પગ કપાય જાય છે.

૧૬૦૮ અને તે સામનો કરવામાં તેજ હાથ ઉઠાવે છે, એમ ધારીને કે પોતાની જગ્યા એજ છે.

૧૬૦૯ (ત્યાર બાદ) તે ખરેખર જોશે કે તેનો હાથ ઘવાએલો છે (અને) તેની તેને ખબર ન હોવા છતાં ઘણું લોહી વહી ગયું છે.

**કાયા એ આત્માનો પોષાક છે. અને આ (કાયાનો) હાથ એ રૂહના હાથથી જ થાય છે અને આ (કાયાનો) પગ એ રૂહના પગના જોડા (મિસાલ) છે.**

૧૬૧૦ તમે જાણો કે કાયા એક પોષાક જેવી છે. પોષાકના પહેરનારને શોધ પોષાકને ચુંબન કર નહિ.

૧૬૧૧ આત્માને (ખુદાઈ) મીલનનું જ્ઞાન એ (કાયાની) ફીકર કરવા કરતાં વધુ મીઠું છે. તેને દેખાતાં હાથ પગ સિવાય (રૂહના) જુદી જાતના (હાથપગ) છે.

૧૬૧૨ તમે કદાચ સ્વપ્નામાં (રૂહાની) હાથપગ અને રૂહાની કાયા સાથેનો તેનો સંબંધ જુઓ (તો) તે દશ્યને ખરૂં સમજ, તેને વ્યર્થ નહિ જોતો.

૧૬૧૩ તમે એવા છો કે આ (માટીની) કાયા વગર પણ તમને રૂહાની કાયા છે તો પછી કાયામાંથી આત્માને બહાર જતાં ચીંતા કરતો નહિ.

**એક દરવેશ કે જે (દુનિયાની) જુદાઇમાં પડતી મજાહની ખાતર પર્વતોમાં પોતે એકાંતમાં રહેતો હતો. (ખુદાએ કહ્યું છે) એકાંતવાસ અને તે 'સત્ય' રસ્તામાં દાખલ થવા માટે "જે મારૂં સ્મરણ કરે છે તેનો હું સાથી છું. અને જે મને દોસ્ત તરીકે રાખે છે તેનો દોસ્ત છું. જો તું બધા સાથે છે, તું બધાથી અળગો છો અને તું મારા વગરનો છો. જો તું બધાથી પર છો તો તું બધા સાથે છે અને મારી (પણ) સાથે છો.**

૧૬૧૪ એક દરવેશ પર્વતના એક ભાગમાં રહેતો હતો. એકાન્ત તેનો સાથી અને જીગરજાન દોસ્ત હતો.

૧૬૧૫ જ્યારે કે પેદા કરનાર તરફથી તાજગી આપતો ઉત્તરનો પવન આવતો હતો ત્યારે તે માણસ અને સ્ત્રીના શ્વાસોથી (સહવાસથી) કંટાળેલો હતો.

૧૬૧૬ જેમ કે ઘરે રહેવું એ આપણને સુખચેન આપે છે તેવી જ રીતે બીજા વર્ગોને મુસાફરી સહેલી, આનંદદાયક લાગે છે.

૧૬૧૭ જેવી રીતે તું રાજસત્તાથી પ્રેમ રાખે છે તે જ પ્રમાણે લાયકાતવાળો લુહારની બનાવટો ઉપર પ્રેમ રાખે છે,

૧૬૧૮ દરેક જણને કોઈ (ખાસ) વ્યક્તિગત કામ માટે બનાવેલ છે, અને તે (કંઇક) કરવાની ઇચ્છા તેના દીલમાં ઉત્પન્ન કરવામાં આવી છે.

૧૬૧૯ ઇચ્છા વગર હાથપગ ચાલતા કેમ બને? લાકડાં અને ઘાસ પાણી કે પવન વગર કેમ હિલચાલ કરે?

૧૬૨૦ (જોતું જુએ કે) તારી ઇચ્છા બહિસ્ત તરફ છે તો પછી તું મારી માફક બાદશાહી (દુનિયાની) મોજમજાહની પાંખો બંધ કર. ✓

૧૬૨૧ પણ જો તારી ઇચ્છા જમીન તરફ જવાની છે, તો રૂદન કરતો રહે, પશ્ચાતાપ તોહઆહ કરવાથી હટતો નહિ.

૧૬૨૨ ખરેખર ડાહ્યાઓ શરૂઆતમાં રૂદન કરે છે, મુર્ખાઓ અંતમાં માથું કુટે છે. ✓

૧૬૨૩ ઘટનાની શરૂઆતમાં જ તેનો અંત જો તેથી તારે કયામતના દિવસે રોવું ન પડે.

**સોનીનું ઘટનાનું અંત (પરિણામ) જોવું અને ત્રાજવું ઉછીનું દેવા માગણી કરનારને અંતના પરિણામ રૂપ જવાબ દેવા વિષે.**

૧૬૨૪ અમુક માણસ સોની પાસે આવ્યો અને કહ્યું, "મને ત્રાજવું આપ કે જેથી હું થોડું સોનું જોખું."

એકાંત- સાથી
જીગરજાન દોસ્ત

ઘરે- સુખચેન બીજાઓને
મુસાફરીમાં

૧૬૨૫ શેઠે (સોનીએ) કહ્યું, જા મારી પાસે ચાળણી નથી. તેણે જવાબ દીધો, મને ત્રાજવુ આપ અને આમ ઉડાવ (જવાબ) દે નહિ.

૧૬૨૬ તેણે કહ્યું, મારી દુકાનમાં સાવરણી નથી. પેલો બુમ પાડી ઉઠયો. "બસ કર મશ્કરીઓ મુકી દે.

૧૬૨૭ હું જે ત્રાજવું માગી રહ્યો છું તે આપ. તું પોતાને બહેરો ન બનાવ. દરેક દિશાએ કુદકાં ન માર.

૧૬૨૮ તેણે (સોનીએ) કહ્યું તે કહ્યું તે મેં સાંભળ્યું છે, હું કાંઈ બહેરો નથી. હું સમજણ વગરનો છું એમ ધારી ન લે,

૧૬૨૯ મેં આ (વિનંતી) સાંભળી છે પણ તું એક ધ્રુજતો માણસ છે. તારા હાથ ધ્રુજે છે અને તારૂં શરીર ટટાર નથી,

૧૬૩૦ અને વળી વધુમાં તારૂં સોનું માત્ર ઝીણી ઝીણી કણીઓમાં સમાએલું છે, તારા હાથ ધ્રુજે છે તેથી સોનાની કણીઓ (તેમાંથી) પડી જશે.

૧૬૩૧ પછી તું કહીશ, સાહેબ, સાવરણી આપો કે જેથી કે મારૂં સોનું શોધી શકું.

૧૬૩૨ જ્યારે તું (સાવરણીથી) ધુળ ભેગી કરીશ, ઓ ભલા આદમી, તું મને કહેશે. મને ચાળણી જોઇએ છે.

૧૬૩૩ મેં શરૂઆતથી જ તેનો અંત નિહાળેલ છે, અહીંથી કોઈ બીજી જગ્યાએ જાઓ.

**પર્વતમાં રહેતો દરવેશ કે જેણે કસમ ખાધા હતા કે પર્વતના ઝાડોમાંથી એક પણ ફળ તોડશે નહિ અથવા ઝાડ હલાવશે નહિ કે ખુલ્લી કે છુપી રીતે કોઈને ઝાડ હલાવવાનું કહેશે નહિ અને નીચે પડેલાં જ ફળો તે ખાશે. તેની બાકી રહેલી વાર્તા.**

૧૬૩૪ તે પહાડ ઉપર (પુષ્કળ) ફળવાળાં ઝાડો હતા. ત્યાં અગણીત પહાડી નાસપતીનાં ઝાડ હતાં.

૧૬૩૫ દરવેશે કહ્યું, "ઓ માલિક, હું તારાથી કરાર કરૂં છું કે હું મારી (જીંદગી સુધી) આમાંના એકને પણ તોડીશ નહિ.

૧૬૩૬ હું ઉંચા ઉગેલા ઝાડ પરથી તોડીશ નહિ. માત્ર જે પવનના કારણે પડેલાં હશે (તેજ ખાઇશ)."

૧૬૩૭ તેણે પોતાનું વચન અમુક વખત સુધી વિશ્વાસપુર્વક પાળ્યું. જ્યાં સુધી કે દૈવી દુઃખ તેના ઉપર ફરી વળ્યું.

૧૬૩૮ આ કારણે જ તેણે (ખુદાએ) હુકમ કર્યો છે "તમારા વચનમાં જો ખુદા ઇચ્છે" ઈન્સાઅલ્લાહ બોલતા રહો.

૧૬૩૯ હું દરેક પળે દીલમાં જુદી જુદી આશાઓ ઉત્પન્ન કરૂં છું. હું દરેક પળે દીલ ઉપર નવી નવી ચીજો મુકું છું.

etaji Marg, Nr. Mithakhali Six Roads, Ellisbridge, Ahme

૧૬૪૦ મારે દરેક પ્રભાતે નવાં નવાં કાર્ય કરવાનાં હોય છે, મેં ધાર્યું હોય તેને કોઈ બીજી બાજુ ફેરવી શકતા નથી.

૧૬૪૧ હદીસમાં કહેવાયું છે કે, "દીલ મેદાનમાંના પીંછા જેવું છે, સખત વાવાઝોડામાં કેદ થએલ (પીછાં) જેવું છે."

૧૬૪૨ પવન પિંછાને દરેક દિશામાં, જુદી જુદી સો જગ્યાએ કદીક જમણી તરફ તો કદીક ડાબી તરફ દયાહિણુની માફક ઉડાડશે.

૧૬૪૩ બીજી હદીસમાં ફરમાવ્યું છે, "આ દીલને એક મોટી દેગની માફક જો કે જેમાં અગ્નિ ગરમીથી પાણી ઉકાળે છે."

૧૬૪૪ દીલને દરેક પળે જુદા જુદા ઠરાવો હોય છે. તે ઠરાવ તેમાંથી નથી આવ્યો પણ એક ચોક્કસ જગ્યાએથી (આવ્યો હોય છે).

૧૬૪૫ તો પછી તું શા માટે દીલના ઠરાવમાં વિશ્વાસ મુકીને કરાર કરે છે કે જેથી અંતે તું શરમમાં મૂકાઈ જા.

૧૬૪૬ આપણા (દૈવી) ઠરાવના હુકમનામાની અસરથી તું ખાડો જુએ છે અને બચવાનાં પગલાં લેતો નથી.

૧૬૪૭ ખરેખર, તેમાં નવાઇ નથી, કારણ કે ઊડતું પંખી ફાંદો જોતું નથી અને નાશમાં આવી પડે છે.

૧૬૪૮ નવાઈનો એ છે કે તેણે ફાંદો અને જાળની ખીલી જોવી જ જોઇએ (અને) તેથી નાશમાં પડતાં (બચવું જોઈએ).

૧૬૪૯ તે ખુલ્લી આંખે અને ખુલ્લા કાને ફાંદાની આગળ તે પોતાની જ પાંખોથી ઊડીને જાય છે.

### દૈવી ભાવીનું બંધન અને ફાંદો, જો કે બહારની રીતે અદ્રશ્ય છે પણ તેઓના પરિણામો અંગે દેખીતો છે તેની સરખામણી વિષે.

૧૬૫૦ એક અમાસ દીકરાને તમે ફાટેલ તુટેલ કોટમાં ઉઘાડે માથે મહાસંકટમાં પડેલો જોશે.

૧૬૫૧ કદીક સારી આશા અંગે ધીરજથી ટેવાએલો છે (છતાં) તેણે તેનું રાચરચીલુ અને માલ મિલ્કત વેચી નાખી છે.

૧૬૫૨ તેના ઘરબાર ગયાં છે, તે બદનામ બન્યો છે, તિરસ્કારાએલો બન્યો છે, તે કમનશીબીનાં પગલાં ભરતો હોઈ તેના દુશ્મનો આનંદ પામતા હોય છે.

૧૬૫૩ જો કોઇ દરવેશને તે જુએ છે તે કહેશે, "ઓ પૂજ્ય દરવેશ, ખુદાની ખાતર મારા માટે ભલાઇની દુઆ કરો.

૧૬૫૪ કારણ કે હું આ બદકિસ્મતમાં ફસાઇ ગયો છું અને મારા હાથમાંથી દોલત અને સોનું અને સુખ ચાલ્યાં ગયાં છે.

૧૬૫૫ (મને) આશીર્વાદ આપો કે જેથી હું કદાચ આ દુઃખમાંથી મુક્ત થાઉં અને આ અંધારી માટીમાંથી નાશી છુટું."

૧૬૫૬ તે આ પ્રાર્થનાની ઊંચીનીચી ભીખ માગે છે. બુમ પાડે છે, મુક્ત કરો, મુક્ત કરો, મુક્ત કરો.

૧૬૫૭ તેનો હાથ છુટો છે, તેનો પગ છુટો છે, કાંઈ સાંકળ બાંધી નથી, કોઈ દેખભાળ (ચોકી) કરતો નથી. લોઢાની સાંકળ નથી.

૧૬૫૮ તું કઈ સાંકળમાંથી છુટકારો માગે છે? અને કઈ કેદમાંથી તું ભાંગી છુટવાનું શોધે છે?

૧૬૫૯ આગળના નિર્ધારીત આદેશ અને દૈવી ભાવીની સાંકળ અદ્રશ્ય છે. તે માત્ર પસંદ થએલા સિવાય કોઇ જોઈ શકતું નથી.

૧૬૬૦ તે દ્રષ્ટિથી પર હોવા છતાં રસ્તો રોકવા પડેલી જ છે, કેદ અને લોઢાની સાંકળ કરતાં તે વધુ ખરાબ છે.

૧૬૬૧ કારણ કે તે (લોઢાની સાંકળ) લુહાર કાપી શકે છે અને કેદખાનાના (પાયાની) ઈંટો જમીન ખોદનાર ખોદી શકે છે.

૧૬૬૨ પણ કેવી અજાયબી! આ ભારે અદ્રષ્ય સાંકળ તો લુહારો પણ તોડવા અશકત છે.

૧૬૬૩ (દૈવી ભાવી) ની સાંકળ હ. અહમદ (હ. મુસ્તફા ર. સ. અ.) ને દ્રષ્યમાન હતી ખજુરીના રેસાથી ગળાને વીંટાએલું રાખતા (તેઓ તે જોતા).

૧૬૬૪ અબુ લહબની ઘરવાળીના ખભા ઉપર લાકડાનો ભારો જોઇ તેઓએ કહ્યું, "નર્કના અગ્નિને ઉપાડનારા."

૧૬૬૫ દોરડું અને ઇંધણ કોઈ આંખ જોઇ શકે નહિ પણ તેમને (હ. નબી સાહેબને) દરેક અદ્રષ્ય ચીજ દ્રષ્યમાન હતી.

૧૬૬૬ બાકીના બીજા બધા તેનો ખોટો અર્થ કરે છે, કારણ કે આ દ્રષ્ય બેશુદી (રૂહાની અત્યાનંદ) મંથી ઉત્પન્ન થાય છે, અને તેઓ સભાન છે.

૧૬૬૭ પણ આ (સાંકળની) અસર થકી (સહન કરનારની) પીઠ બેવડી બની ગઇ હોય છે, અને તે તમારા આગળ રૂદન કરતો હોય છે.

૧૬૬૮ (આક્રંદ કરતો કહે છે), "એક દુઆ, એક આશીર્વાદ, કે જેથી હું આમાંથી મુક્ત થાઉં અને હું આ અદ્રષ્ય સાંકળમાંથી ભાંગી છુટું."

૧૬૬૯ તેને જે આ નિશાનીઓ સ્પષ્ટપણે જુએ છે તે આશીર્વાદીતમાંથી ધિક્કારાએલા ને કેમ નહિ જુએ?

૧૬૭૦ તે જાણે છે અને સર્વશક્તિમાનના હુકમ અંગે છુપાવે છે, કારણ કે ખુદાઇ ખાનગી હકીકત બહાર પાડવી એ કાનુનસર નથી.

૧૬૭૧ આ વાતનો છેડો જ નથી. પેલો દરવેશ ભુલ દઈ અશકત બન્યો અને તેનું શરીર (કેદી જેવું) બન્યું.

ખજુરી ના રેસા = અદ્રશ્ય સાંકળ      પયગંબરને દ્રશ્ય

## પેલા દરવેશનું (ભુખ અંગે) વચનભંગ કરી ઝાડ ઉપરથી નાસપતીનું તોડવું અને ઢીલ વગર ખુદાઇ સજા તેના ઉપર આવી પડવા વિષે.

૧૬૭૨ પાંચ દિવસ સુધી એક પણ નાસપતીને પવને પડવા ન દીધું અને (પેલા દરવેશની) ભૂખની અગ્નિ થકી ધીરજ નાસતી જતી હતી.

૧૬૭૩ અચાનક તેની નજર કેટલાય નાસપતી ધરાવતી ડાળ ઉપર પડી, (પણ) ફરી એકવાર તેણે ધીરજ ધરી, અને તેમ કરવામાંથી (પોતાનું દીલ) વાળ્યું.

૧૬૭૪ પવન આવ્યો અને ડાળને નીચી નમાવી અને તેની શારીરીક ખાસિયતે તેના મનને ખાવા માટે લલચાવ્યો.

૧૬૭૫ દરવેશને ભૂખ અને અશક્તિ અને દૈવી ભાવીના જોરે પોતાના વચનથી બેવફા બનવા ખેંચ્યો.

૧૬૭૬ જ્યારે કે તેણે નાસપતીના ઝાડ ઉપરથી નાસપતીઓ તોડયાં, તે પોતાના વચન અને કસમમાં જુઠો બન્યો.

૧૬૭૭ તે જ પળે ખુદાની સજા આવી પહોંચી. તેણે તેની આંખ ઉઘાડી તેનો કાન ખેંચ્યો,

## શેખ ઉપર ચોરોના સાથીદાર હોવાનો શક થયો અને તેના હાથ કપાયા વિષે.

૧૬૭૮ તે જગ્યામાં વીસ અને વધુ ચોરો હતા. કે જેઓ ચોરેલી ચીજોની વહેંચણી કરતા હતા.

૧૬૭૯ એક ખબર આપનારે સરકારી અમલદારને માહિતી પુરી પાડી હતી. અમલદારના માણસો અચાનક તેના ઉપર તુટી પડ્યા.

૧૬૮૦ તેણે (અમલદારે) તેજ જગ્યાએ તે દરેકનો ડાબો પગ અને જમણો હાથ કાપી નાખ્યા, અને એક મોટો કોલાહલ જાગી પડયો.

૧૬૮૧ દરવેશનો હાથ પણ ભૂલથી કાપવામાં આવ્યો હતો અને (અમલદાર) તેનો પગ પણ (કાપવાની) તૈયારીમાં હતો.

૧૬૮૨ (જ્યારે) એક બહુ હુશીયાર ઘોડેસ્વાર વખતસર આવી પહોંચ્યો, અને પેલા અમલદાર તરફ બુમ પાડી કહે, "ઓ કુતરા જરા જો."

૧૬૮૩ આ તો ફલાણો શેખ છે, અને ખુદાનો (માનવંત) છે. તેં શા માટે તેનો હાથ કાપ્યો?

૧૬૮૪ અમલદારે પોતાનાં કપડાં ફાડયાં. અને ઉતાવળે પોતાના ઉપરી પાસે ગયો અને બનેલા સમાચાર આપ્યા.

૧૬૮૫ ઉપરી ઉઘાડે પગે આવ્યો, અને માફી માગતો કહે, આવી ખબર ન હતી, ખુદા મારો સાક્ષી છે.

૧૬૮૬ ઓ ઉદાર આત્મા, સ્વર્ગના રહેવાસીઓના સરદાર, આ હલકા કાર્ય કરવા અંગેના (ગુનાહમાંથી) મને મુક્ત કરો.

૧૬૮૭ તેણે (શેખે) કહ્યું "મને આ છરાંના (જખ્મના) કારણની ખબર છે. હું મારૂં પાપ કબૂલ કરૂં છું.

૧૬૮૮ મેં તેના કોલ કરારની પવિત્રતાનું ઉલ્લંઘન કર્યું છે, તેથી જ તેનો ન્યાય મારો જમણો હાથ લઇ ગયું છે.

૧૬૮૯ મેં મારો કરાર તોડયો અને (તે તોડયો) એ પાપ છે તે જાણતો હતો, છતાં હલકટ ધૃષ્ટતા મારા હાથથી બનવા પામી છે.

૧૬૯૦ એ હાકમ, મારો હાથ, મારો પગ, અને માથું અને ચામડી પણ વહાલાના હુકમ નામા આગળ ભલે કુરબાન વાંચ !

૧૬૯૧ તે મારા માટે દૈવી નિર્માણ હતું, કે તમોને આમાંથી મુકત કરૂં છું તમે જાણતા ન હતા, તમારા પર કાંઈ પાપ નથી.

૧૬૯૨ તે કે જે જાણે છે તે એક જ છે કે જેના હુકમનો અમલ કરવામાં આવે છે, ખુદા સામે ઝઝુમવાની કોની તાકાત છે !

૧૬૯૩ અરે ઘણાં પંખીઓ દાણાની શોધમાં ઉડે છે, અને તેનું ગળું તેના કંજુસાઈપણા ખાતર ચીરી નાખવામાં આવે છે.

૧૬૯૪ અરે ઘણાં પંખીઓ તેના પેટ અને ભૂખ ખાતર છજાને કિનારે પીંજરામાં કેદી બન્યાં છે.

૧૬૯૫ ભાગ્યે જ પહોંચે તેવા પાણીમાં (રહેતી) માછલીઓ ગળાની કંજુસાઈ થકી હુકમાં પકડાઇ જાય છે.

૧૬૯૬ અરે ઘણી ગુણીયલ (સ્ત્રીઓ) કમનસીબે ઢાંકેલા પ્યાલા થકી વિષયવાસના અને અદશાંતીયાપણાની શરમમાં મફાઇ જાય છે.

૧૬૯૭ અરે ઘણા ભણેલા અને પ્રમાણિક ન્યાયાધીશ કંજુસાઇ અને લાંચથી અપમાનીત બન્યો છે.

૧૬૯૮ નહિ, હારૂત અને મારૂતના સંબંધમાં (વિષય વાસનાના) શરાબે (તેઓનો) સ્વર્ગે ચડવાનો માર્ગ રૂંધ્યો.

૧૬૯૯ આના કારણે બાયઝીદે (સાવચેતીનાં) પગલાં લીધાં; તેણે પોતામાં જાહેરી બંદગીની બેદરકારી અનુભવી.

૧૭૦૦ તે રૂહાનીયત જ્ઞાન ધરાવનાર (બાયઝીદે) (આ) સંબંધમાં ચીંતન કર્યું, તેને જણાયું કે કારણ બહુ પાણી પીધા અંગેનું હતું.

૧૭૦૧ તેણે કહ્યું "એક વરસ સુધી હું પાણી પીશ નહિ" અને તે તેજ પ્રમાણે વર્ત્યો અને ખુદાએ તેને શકિત બક્ષી.

૧૭૦૨ દીનની ખાતર પ્રાયાશ્ચત (તપ) હતું. તે (રૂહાનીયત) બાદશાહ બન્યો. અને તત્ત્વજ્ઞાનીઓમાં આગળ પડતો બન્યો.

૧૭૦૩ જ્યારે કે દરવેશનો હાથ તેના ગળાની ખાતર કાપી નાખવામાં આવ્યો હતો, તેણે ફરિયાદનો દરવાજો બંધ કર્યો (ફરીયાદ કરવી માંડી વાળી.)

૧૭૦૪ તેનું નામ લોકો વચ્ચે "શેખ અકતા" બન્યું, તેના ગળા અંગે આપેલા મહા દુ:ખે તેનું (નામ) જાણીતું બનાવ્યું.

**શેખ અકતાને ચમત્કારીક બક્ષિશ. ખજુરીના પાનમાંથી બનાવાતી ટોપલીઓ પોતાના બન્ને હાથોથી ગુંથવા વિષે.**

૧૭૦૫ એક જોનાર તેને તેની ઝુંપડીમાં જોઈ ગયો. (તેણે જોયું કે) તે બેઉ હાથે ટોપલી ગુંથતો હતો.

૧૭૦૬ (શેખે) તેને કહ્યું, "ઓ તારી પોતાની જીંદગીના દુશ્મન, તું તારૂં માથું મારી ઝુંપડી જોવા માટે કેમ ઝુંકાવે છે?"

૧૭૦૭ શા માટે તેં આવી ઉતાવળ કરી? "તેણે જવાબ આપ્યો, "વધુ પડતા પ્રેમ અને ઝંખના માટે."

૧૭૦૮ પછી તે (શેખ) હસ્યો, અને કહ્યું, "ઓ ભલા આદમી હવે અંદર આવ; હવે આ ગુપ્ત રાખજે!"

૧૭૦૯ હું મરણ પામું ત્યાં સુધી કોઇને આ કહેતો નહિ. કોઈ દોસ્ત કે સ્નેહી કે કોઈ હલકટ આગળ (પણ) આ વાત કહેતો નહિ."

૧૭૧૦ ત્યાર બાદ બીજું ટોળું (પણ) બારીમાંથી ડોકીયું કરતાં તેના ગુંથવાથી માહિતગાર બન્યું?

૧૭૧૧ ઓ પેદા કરનાર, તું આમાનું ડહાપણ જાણે છે, હું (મારી ગુપ્તતા) છુપાવતો હતો તેને તેં જાહેર કરી છે.

૧૭૧૨ ખુદાઇ વહી તેને આવી, એવા કેટલાય માણસો હતા કે જેઓને તારામાં આ દુ:ખ અંગેનો વિશ્વાસ ન હતો.

૧૭૧૩ (તેઓ) કહેતા હતા. (ખુદાના) માર્ગમાં તે ઢોંગી હોવાનું પણ બનવું જોઇએ તેથી ખુદાએ માણુસ જાતમાં તેને જાણીતો બનાવ્યો છે.

૧૭૧૪ હું નથી ઇચ્છતો કે તે ટોળું નાસ્તિકોમાંનું બને અને (તારા અંગે) હલકા વિચાર કરતાં તેઓ દુ:ખમાં આવી પડે.

૧૭૧૫ (હવે જ્યારે) આ ચમત્કારનું રહસ્ય ખુલ્લું કર્યું છે, અમે કામ કરવાના વખતે તને હાથ આવીએ છીએ.

૧૭૧૬ અંતમાં આ હલકા વિચાર ધરાવનારા બિચારા લોકોને સ્વર્ગીય બાદશાહ આગળથી હાંકી કાઢવામાં ન આવે!

૧૭૧૭ ખરેખર તો આ મોજીઝા સિવાય પણ મારા ખુદના તરફથી તને દિલાસો દેતોજ હતો.

દરવેશ- ગળાની ખાતર- હાથ કાંપી નાંખ્યા.
ફરિયાદ નો દરવાજો બંધ કર્યો.
નામ: શેખ અક્તા બન્યું.

૧૭૧૮ એ મોજીઝે, મેં તને તેઓની ખાતર આપ્યો છે અને તેના થકી આ ( રૂહાનીયત ) રોશની તારા પર ધ્યાન કરીને ?

૧૭૧૯ તું ભૂતકાળમાં શારિરીક મરણ અને અવયવોના છુટા પડવાથી બીતો હતો.

૧૭૨૦ માથા અને પગને તારાથી છુટા પડવાને લગતી તારી વૃથા કલ્પનાઓ ગઇ છે, કલ્પના અંગેના બચાવની ખૂબજ શક્તિશાળી ઢાલ તને આપવામાં આવી છે.

## તેઓના પગ અને હાથોના કપાતાં ફિરઔનના જાદુગરોની સહન કરવાની હીંમતના કારણ વિષે.

૧૭૨૧ શું ( એ સત્ય ઘટના ) નથી કે શ્રાપિત ફિરઔને ( જાદુગરોને ) દુનિયામાં જ શિક્ષા કરવાની ધમકી આપી ?

૧૭૨૨ કહે, હું તમારી સામસામી દિશાનો હાથ પગ કાપી રાખીશ. અને પછી હું તમોને લટકાવી દઈશ. હું તમોને ( શિક્ષામાંથી ) બાકાત નહિ રાખું."

૧૭૨૩ તેણે વિચાર્યું કે તેઓ હજી ત્રાસ, શંકા, અને વિનાશની ભ્રમણામાંથી ફસાએલ છે.

૧૭૨૪ તેથી તેઓ તેઓના શારીરિક ઘાતની કલ્પનાની બીકથી ધ્રુજતા અને ચિંતાગ્રસ્ત બનશે.

૧૭૨૫ તેને ખબર ન હતી કે તેઓ મુક્ત બન્યા છે, અને દીલની પ્રકાશિત બારીએ બેઠા છે.

૧૭૨૬ ( અને ) તેઓ કે જેઓએ પોતાના ( શારીરીક ) પડછાયાને અસલથી પીછાણી લીધેલ છે ( તેઓ ) ચપળ, ખબરદાર અને સુખી અને વિજયવંતા છે.

૧૭૨૭ ( અને ) જો આકાશી કિસ્મતની તોપ આ માયાવી દુનિયામાં સોગણા નાના કુરચામાં ઉડાડે તો પણ.

૧૭૨૮ શારિરીક વહીવટનું અસલ તેઓએ જોયું છે તેથી તેઓ છુટાપણાની ધારણાથી બીતા હોતા નથી.

૧૭૨૯ આ દુનિયા સ્વપ્નું છે. ( ખોટી ) જગ્યાએ આરામ ન કરજો સ્વપ્નામાં એક હાથ ચાલ્યો જાય ( તો પણ ) કાંઇ ઇજા થશે નહિ.

૧૭૩૦ જો સ્વપ્નામાં ઝાડ કાપવાની કરવત તારૂં માથું કાપી નાખે ( તો પણ ) તારૂં માથું પોતાની ( અસલ ) જગ્યાએ સલામત હશે, અને તારી જીંદગી લંબાએલી છે.

૧૭૩૧ જો તમે સ્વપ્નામાં પોતાને બે કટકામાં કપાએલા જુઓ ( તો પણ ) જ્યારે ઉઠશો ત્યારે કાયાથી સલામત હશો. બિમાર ( પણ ) નહિ હો.

૧૭૩૨ ( આનો ) સરવાળો ( સામે છે ) સ્વપ્નામાં તમે બસો કટકામાં કપાઇ જાવ તો પણ કોઇ નુકશાન નથી.

૧૭૩૩ હ. પયગમ્બર સાહેબે કહ્યું છે. " સાકાર દેખાતું ( આ અસ્તીત્વ ) ઉંઘનારનું એક સ્વપ્નું છે. "

૧૭૩૪ આ (નિવેદન) તમે પરંપરાગત કબુલ કર્યું છે (પણ) રૂહાની માર્ગના મુસાફરોએ આંતરીક દ્રષ્ટિ વડે નબીના સબંધ વગર આ (સત્ય) જોયું છે.

૧૭૩૫ તું દિવસના ભાગમાં સુતો છે, અને એમ ન કહે કે આ ઉંઘવું નથી, પડછાયો પ્રતિબિંબ) નિષ્પન્ન વસ્તુ છે, (તેનું) અસલ ચાંદની સિવાય બીજુ કંઈ નથી.

૧૭૩૬ ભલાભાઈ જાણ કે તારી ઉંઘ અને જાગવું (આ દુનિયાની જીંદગી) એ ઉંઘનાર સ્વપ્નામાં જુએ કે તે ઉંઘવા ગયો છે તેના જેવું છે.

૧૭૩૭ તે વિચારે છે કે હુ હવે ઉંઘી ગયો છું (અને) હકીકતમાં) તે બીજી ઊંઘમાં છે તેનાથી તે સજાગ નથી.

૧૭૩૮ જો કુંભાર ઘડો ભાંગે તો તે પોતે જ જ્યારે ઇચ્છે ત્યાર ફરીવાર સાજો કરશે.

૧૭૩૯ આંધળો માણુસ દરેક પગલે ખાડામાં (પડવાની) બીક રાખતો હોય છે તે રસ્તામાં હજાર બીકે ચાલતો હોય છે.

૧૭૪૦ (પણ) દેખતા માણુસે રસ્તાની પહોળાઇ જોઈ છે, તેથી તે ખાડો કે ખીણ જાણતો હોય છે.

૧૭૪૧ તેના પગો અને ઘૂંટણીઓ ધ્રુજશે નહિ, તે થોડા દુઃખના કારણે ઉગ્ર કેમ બનશે ?

૧૭૪૨ એ ફિરઔન જાગૃત થા. (તારાથી થાય તેટલું ખરાબ કર) કારણ કે અમે એવા નથી કે દરેક રાડ કે પ્રેતથી અટકીએ.

૧૭૪૩ (શારીરીક માનનો) ઝભ્ભો ચીરી નાખ. એક છે કે જે તે શીવી દેશે. અને જો નહિ (શીવે) તો પછી ખરેખર અમે જેમ વધુ નગ્ન હશું તેમ અમારા માટે વધુ સારૂં હશે.

૧૭૪૪ ઓ કિંમત વગરના ખુદાઈ દુશ્મન, આ દયાળુ બાપથી પોષાક વગર પણ અમે સંતુષ્ઠ થશું અને (બાપને) છાતીએ લગાડશું.

૧૭૪૫ ઓ મૂર્ખ, ચેતનાહિન ફિઔરન, કાયાથી અને શારીરીક લાગણીથી નગ્ન થઈ જવા જેવું બીજું સુખ નથી.

### હું વારંવાર મારા માથાભર પડું છું, જ્યારે તું તો ભાગ્યે જ પડે છે, તેવી ઉંટને ખચ્ચરની ફરીયાદ વિષે.

૧૭૪૬ ખચ્ચરે ઉંટને કહ્યું, 'ઓ ભલા દોસ્ત ટેકરીઓ અને ખીણમાં અને (બીજા) મુશ્કિલ રસ્તે.

૧૭૪૭ તું તારા માથાભર પડતો નથી. પણ આનંદથી રસ્તા પર આગળ ચાલ્યો જાય છે. જ્યારે હું એક રસ્તો ભુલેલાની માફક મારા માથાભર પડતો હોઉં છું.'

૧૭૪૮ હું સુકી જગ્યા હોઈ કે ભીની દરેક પળે માથાભર પડું છું.

૧૭૪૯ (તું) મને આનું કારણ સમજાવ, કે જેથી હું જાણું કે મારે કેવી રીતે રહેવું જોઇએ.

૧૭૫૦ તેણે (ઉંટે) કહ્યું. મારી આંખો તારા કરતાં વધુ તેજસ્વી છે, વિશેષમાં તે ઉપરના ભાગથી જુએ છે.

૧૭૫૧ જ્યારે હું ટેકરીના મથાળે આવું છું, હું રસ્તાનો છેડો ચોકખી રીતે નીરખું છું.

૧૭૫૨ પછી ખુદા રસ્તાની ઉંચાઇ અને નિચાઇ મારી આંખને ખુલ્લી કરે છે.

૧૭૫૩ (તેથી) હું ચોકખી નજરે જોયા બાદજ દરેક પગલું ભરૂં છું, અને મૂંજવા અને પડવામાંથી બચી જાઉં છું.

૧૭૫૪ (જ્યારે) તું તારી આગળ બે ત્રણ ડગલા પણ જોઈ શકતો નથી. તું પ્રલોભન જુએ છે પણ છટકાના દુઃખને જોતો નથી.

૧૭૫૫ (તારા મત મુજબ) તેઓના સ્થાયી રહેવામાં અને તેઓના ઉતરવામાં અને મુસાફરીઓમાં, "શું આંધળા અને દેખતા સરખા છે?"

૧૭૫૬ જ્યારે ખુદા ગર્ભાશયમાં ગર્ભને રૂહ આપે છે ત્યારે તે (આત્માના) ઝબ્બાના કટકાઓને ભેગા જોડે છે.

૧૭૫૭ તે ખોરાકના કારણે તે ભાગોને એક સાથે ભેગા કરે છે, અને તેની કાયાના આમ વાણુતાણુા વણે છે.

૧૭૫૮ ખુદા ચાલીસ વર્ષની (ઉંમર) સુધી શરીરનો બાંધો ઘડવાની ખાતર જુદા જુદા પદાર્થો ભેગા કરતો રહે છે.

૧૭૫૯ સરખાવી ન જ શકાય તેવા બાદશાહે આત્માને પદાર્થો ભેગા કરવાનું શીખવ્યું. ભેગા કરાવનાર પોતે તે કેમ ન જાણી શકે?

૧૭૬૦ (દૈવી) સુર્યજ આ બધી રજોને ભેગી કરનાર છે. પોષણ વગર (પણ) (શારી-રીક પદાર્થોને કેમ પકડયા છે તે જાણે છે.

૧૭૬૧ જ્યારે તું ઉંઘમાંથી ઉઠે છે ત્યારે તે તજાએલ મન અને અક્કલને ઝડપથી પાછી બોલાવે છે,

૧૭૬૨ અંતે તું જાણે કે પેલી (સમજશકિત) પોતાથી અળગી થઈ નથી, તે જ્યારે હુકમ કરે છે ત્યારે તે પાછી આવે છે.

### ઉઝાયરની નજર સમક્ષ ઉઝાયરના ગધેડાના સડા બાદ તેના ભાગો ભેગા કરવાની ખુદાની પરવાનગી વિષે.

૧૭૬૩ ઓ ઉઝાયર, તારા ગધેડાની સામે જો, જે સડી ગએલો તારી આગળ ક્ષીણ થએલો પડયો છે.

૧૭૬૪ અમે તેના ભાગો, તેનું માથું અને પુછડી અને કાનો અને પગો તારી હાજરીમાં ભેગા કરશું.

૧૭૬૫ (દ્રવ્યમાન) હાથ ત્યાં નથી. અને (છતાં) તે તેના ભાગોને ભેગા કરે છે. અને છુટા પડેલા ભાગોને એક કરે છે.

૧૭૬૬ દરજીની કળાની ગણત્રી કર, કે જે જુના ગાલીચા સોઇ વગર સાંધે છે.

૧૭૬૭ (તે) સીવતી વખતે સોઇ કે દોરો લેતો નથી. તે એવી ખુબીથી સીવે છે કે સાંધો પણ દેખાતો નથી.

૧૭૬૮ તારી આંખો ખોલ અને કયામતનો દિવસ ચોકખી રીતે જો (કે જેથી) ઈન્સાફના દિવસ વિષે તારામાં શંકા રહે નહિ.

૧૭૬૯ મારી ભેગા કરવાની જબરદસ્ત શક્તિ જો કે જેથી મોત વખતે તું વ્યાકુળતાથી ધ્રુજે નહિ.

૧૭૭૦ જેમકે નિંદ્રા વખતે શારીરિક સમજશક્તિ ચાલી ગઈ હોવા છતાં તું સલામત હો છો.

૧૭૭૧ તું નિંદ્રાને વખતે તારી સમજણોના (ચાલ્યા જવાથી) ધ્રુજતો નથી. જો કે તે પસાર થઇ ગએલી અને નાશ પામેલી હોય છે.

## પોતાના પુત્રોના મરણ અંગે અમુક શેખની દિલગીરીને દર્શાવવાના કારણ વિષે.

૧૭૭૨ અગાઉના વખતમાં એક શેખ હતો (જે) (રૂહાની) અધિકારી, દુનિયાની સપાટી ઉપર સ્વર્ગીય રોશની (હતો).

૧૭૭૩ ધાર્મિક કોમો વચ્ચે નબી જેવી, સ્વર્ગીય બગીચાના દરવાજા ખોલનાર (જેવો).

૧૭૭૪ પયગમ્બર સાહેબે ફરમાવ્યું છે કે, "રાહબર કે જે (રૂહાની) રીતે આગળ વધે છે તે લોકોની વચ્ચે નબીના જેવો છે."

૧૭૭૫ એક સવારે તેના કુટુંબે તેને કહ્યું, "ઓ ઉમદા સ્વભાવના ભલા માણસ. તમો આવા સખત દીલના કેમ છો તે અમોને કહો."

૧૭૭૬ અમે તારા ગુમાએલા દીકરાઓની દીલગીરીમાં પીઠ બેવડી બની જતાં વાકાં વળી ગયા છીએ.

૧૭૭૭ તમે શા માટે રોઇને દીલગીર થતા નથી? અથવા તો શું તમારા દીલમાં દયાનો છાંટો પણ નથી?

૧૭૭૮ જ્યારે કે તમને દીલમાં દયા નથી તો પછી અમો તમારામાં બીજી કઇ આશા રાખએ?

૧૭૭૯ ઓ માર્ગદર્શક, અમને તમારામાં આશા છે કે તમો અમોને વિનાશમાં છોડી દેશો નહિ.

૧૭૮૦ જ્યારે કયામતના દિવસે ન્યાયાસન ઉભું કરવામાં આવશે ત્યારે તે દયાજનક દિવસે તમો જ અમારી તરફદારી કરશો.

૧૭૮૧ આ દયાજનક દિવસે તમારા માયાળુપણાની અમોને આશા છે.

૧૭૮૨ અમારા હાથો તમારા ખમીસને વળગી ન રહેશે તે પળે કે જ્યારે કોઇપણ પાપીની સલામતી રહેશે નહિ.

૧૭૮૩ પયગમ્બર સાહેબે ફરમાવ્યું છે કે, "કયામતના દિવસે હું પાપીઓને આંસુ કેમ પાડવા દઇશ?"



૩.૨૦૭ માગમ વધે તે નબીના જેવા

૧૭૮૪ હું મારા તમામ આત્મા ( શક્તિ ) થી બેફરમાનીઓ માટે તરફદારી કરીશ. તેમને ભયંકર તોફાનથી રાહત અપાવીશ.

૧૭૮૫ હું બેફરમાનીઓને મારી કોશીશોથી મુક્ત કરાવીશ અને પોતાના વચનોના તોડનાર મહા પાપીઓને સજામાંથી મુક્તિ અપાવીશ.

૧૭૮૬ સજાના દિવસે મોમિન માણસોને મારી તરફદારીની જરૂર નહિ પડે.

૧૭૮૭ નહિ, તેઓને ( મારી ) તરફદારીનો હક છે, અને તેઓના શબ્દો અસરકારક હુકમનામા જેવા છે.

૧૭૮૮ એકનો બોજો બીજા ઉપર લાદવામાં નહિ આવે, મારા માથા ઉપર ભાર નથી, મને ખુદાએ માનવંત બનાવ્યો છે."

૧૭૮૯ ઓ યુવાન, 'રાહબર' તે છે કે જે બોજારહિત હોય, હાથમાં બાણુ ધારણ કરેલા જેવો, ખુદાઈ હુકમ મેળવે છે.

૧૭૯૦ શેખ કોણ છે? એક વૃદ્ધ માણુસ, કહે કે સફેદ વાળવાળો? ઓ આશા વગરના, આ ( સફેદ ) વાળનો અર્થ બરાબર સમજ.

૧૭૯૧ કાળા વાળ એ ખુદી છે ( તે વૃદ્ધ નથી ) જ્યાં સુધી કે તેના એક વાળની પણ ખુદી બાકી રહે!

૧૭૯૨ જ્યારે તેની ખુદી નાશ પામી છે તે વૃદ્ધ ( પીર ) છે, પછી ભલે તે કાળા વાળ-વાળો હોય કે સફેદ વાળવાળો હોય!

૧૭૯૩ 'કાળો વાળ' એ ( વાસનામય ) માણુસનાં લક્ષણુ છે, તે 'વાળ' એ કાંઈ દાઢી કે માથાનો વાળ નહિ.

૧૭૯૪ હ. ઈસા ( અ. સ. ) એ પારણામાંથી જ અવાજ ઉઠાવ્યો કહે, "યુવાન બન્યા વગર હું શેખ અને પીર છું."

૧૭૯૫ જો તે સુફી ( વાસનામય ) લક્ષણુના અમુક ભાગમાંથી મુક્ત થએલો હોય તો તે શેખ નથી, ઓ પુત્ર, તે આધેડ છે.

૧૭૯૬ જ્યારે તેનો ( ખુદીનો ) એક પણ કાળો વાળ કે જે આપણું લક્ષણુ છે તે નથી, તો તે શેખ છે અને ખુદાથી સ્વીકારાએલો છે.

૧૭૯૭ ( પણ ) જો, જ્યારે તેના વાળ સફેદ હોય ત્યારે હજી તે ખુદીમાં જ હોય તો તે પીર નથી અને ખુદાથી સ્વીકારાએલો નથી.

૧૭૯૮ અને જો એક વાળ જેટલી પણ વાસનામય ટેવોમાં જીવે છે તો તે સ્વર્ગીય નથી તે આ પાર્થીવ દુનિયાનો છે.

## પોતાના છોકરાઓના મરણ વખતે ન રોવાના શેખનાં કારણો વિષે.

૧૭૯૯ શેખે ( તેની ઘરવાળીને ) કહ્યું, ઓ માનવંતી, એમ ધારી ન લેતી કે મારામાં દયા અને હેત અને માયાળુ દીલ નથી.

કાળાવાળ (વૃદ્ધ નહિ) ખુદી હ. પીર

૧૮૦૦ મને બધા અશ્રદ્ધાળુઓ તરફ દયા છે જોકે તેઓ બધાના આત્માઓ અનુપકારી છે.

૧૮૦૧ મને કુતરાઓ માટે દયા અને ક્ષમાવૃત્તિ છે, (મનમાં) કહું છું. શા માટે તેઓએ પત્પરાની સજા ભોગવવી જોઇએ?

૧૮૦૨ હું કરડતા કુતરાઓ માટે પણ દુઆ કરતો હોઉં છું, આનંદ કરીને માગું છું, 'ઓ ખુદા, આ (હલકી) હાલતમાંથી તેઓને મુક્ત કર.'

૧૮૦૩ (માગું છું) આ કુતરાઓને પણ પેલા (સારા) વિચારમાં (આચારમાં) રાખ કે જેથી લોકો તેને પત્થર મારે નહિ.

૧૮૦૪ તેણે (ખુદાએ) દુનિયા ઉપર ઓલીયાઓ પેદા કર્યા, એટલા માટે કે તે બધા પેદા કરાએલા માટે રહેમત બને.

૧૮૦૫ તે (રૂહાની પેશ્વા) લોકોને દયાના દરવાજે બોલાવે છે, તે ખુદા તરફ બોલાવે છે, કહે છે, "તેઓને સંપૂર્ણ મુક્તિ આપ."

૧૮૦૬ તે અંતઃકરણપુર્વક આને લગતી ચેતવણી આપવા બનતું બધું કરે છે. અને જ્યારે તે તેમાં ફતેહ પામતો નથી ત્યારે તે કહે છે, "ઓ ખુદા, દરવાજા બંધ ન કર."

૧૮૦૭ નીચ માટે (માત્ર) અમુક જ પ્રકારની દયા હોય છે, સર્વમય રહેમત બહાદુર (ખુદા દરવેશ) માટે હોય છે.

૧૮૦૮ તેની વ્યક્તિગત રહેમત 'કુલ્લ' ની સાથે મળી ગઈ છે, 'સમુદ્ર' ની દયા (બંધ) મોજાંઓ ઉપર માર્ગદર્શક છે.

૧૮૦૯ ઓ (તું કે જેની) વ્યક્તિગત દયા કુલ્લની સાથે જોડીએલી છે. 'કુલ્લ' ની દયાને ખરી માર્ગદર્શક સમજ અને આગળ વધ.

૧૮૧૦ જ્યાં સુધી તે (માત્ર) 'જુઝ' છે ત્યાં સુધી તે સમુદ્રનો રસ્તો જાણતો નથી, તે દરેક ખાબોચીયાંને સમુદ્રમાં પાડવા લાયક બનાવે છે.

૧૮૧૧ જ્યારે કે તે સમુદ્રનો રસ્તો જાણતો નથી તો પછી તે ભોમીયાની માફક કેમ વર્તશે? તે લોકોને સમુદ્ર તરફ કેવી રીતે દોરવશે?

૧૮૧૨ (જ્યારે) તે સમુદ્રમાં જોડાએલો બને છે ત્યારે તે સમુદ્રને વાવાઝોડા અને નદીની જેમ દોરવે છે.

૧૮૧૩ અને જો (આના પહેલાં) તે (લોકોને ખુદા તરફ) બોલાવે છે તો તે પ્રણાલીકાની રીતે (બોલાવે છે) તે દ્રવ્ય અને દૈવી પ્રેરણા અને દૈવી મદદમાંથી (બોલાવતો) નથી.

૧૮૧૪ તેણી (શેખની સ્રીએ) કહ્યું, "પછી જ્યારે કે તમને દરેકના પર દયા છે, અને આ ટોળાની આજુબાજુ (ચોકી કરતા) ભરવાડ માફક છો ત્યારે.

૧૮૧૫ તમારા પોતાના પુત્રો શા માટે કલ્પાંત કરતા નથી? જ્યારે કે મૃત્યુ લોહી પીનારા નસ્તરથી તેમના ટુકડા કરે છે?

૧૮૧૬ જ્યારે કે દયા હોવાનો પુરાવો આંખમાંના આંસુઓ છે, ત્યારે તમારી આંખો ભીની કે આંસુ વગરની કેમ છે?"

૧૮૧૭ તે તેની ઘરવાળી તરફ ફર્યો અને કહ્યું, "ઓ વૃદ્ધા, ખરેખર ડીસેમ્બરની ઋતુ જુલાઈ જેવી હોતી નથી.

૧૮૧૮ જ્યારે કે તેઓ સઘળા હૈયાત કે મૃત્યુ પામેલા છે, દીલની આંખથી તેઓ ક્યારે ગેરહાજર સંતાએલા છે?

૧૮૧૯ જ્યારે હું તેઓને મારી આગળ સ્પષ્ટ જોઉં છું ત્યારે તું જેમ કરે છે તેમ મારો ચહેરો શા માટે પીંખું?

૧૮૨૦ અલબત્તાં તેઓ વખતના વહેવામાંથી બહાર છે (પણ) તેઓ મારી સાથે છે અને મારી આજુબાજુ રમે છે.

૧૮૨૧ જુદાં પડતાં કે વિદાય અંગે રૂદન ઉદ્‌ભવે છે (પરંતુ) હું મારાં વહાલાંઓથી મળેલો છું અને તેમને આલીંગન કરૂં છું.

૧૮૨૨ (બીજા) લોકો પોતાનાં વહાલાઓને સ્વપ્નામાં જુએ છે, જ્યારે હું (મારી) જાગૃત અવસ્થામાં તેઓને જોઉં છું.

૧૮૨૩ હું આ દુનિયામાંથી એક પળ માટે મને પોતાને છુપાવું (તો) ઝાડમાંથી (કાયાના અસ્તિત્વમાંથી) મારી ઇન્દ્રીયની સમજણનાં પાંદડાં હલાવું."

૧૮૨૪ ઓ વાંચનાર, ઇંદ્રિયની સમજ બુદ્ધિમાં કેદ છે (અને) તે પણ જાણી લે કે બુદ્ધિ આત્માની કહી છે.

૧૮૨૫ આત્મા બુદ્ધિનો બાંધેલો હાથ ખુલ્લો કરે છે, અને તેને મુંઝવતી હકીકતોને આરામદાયક બનાવે છે.

૧૮૨૬ (શારીરિક) ઇંદ્રિઓ અને (સમજણના) વિચારો ચોકખા પાણી ઉપર તરતા પાણીની સપાટી ઉપર ઘેરાવો લેતા બરૂઓની માફક છે.

૧૮૨૭ અક્કલવંતનો હાથ પેલાં બરૂઓને એક બાજુ હાંકી કાઢે છે, (પછી) બુદ્ધિ કે પાણી છતું થાય છે.

૧૮૨૮ પાણી ઉપર બરૂઓ બહુ પહોળાઇમાં પડેલાં છે, જાણે કે પરપોટાઓ, (છતાં) જ્યારે બરૂઓ એક બાજુએ ચાલ્યાં ગયાં, પાણી પ્રકાશમાં આવ્યું.

૧૮૨૯ જ્યાં સુધી કે ખુદા બુદ્ધિવંતનો હાથ ઢીલો ન કરે ત્યાં સુધી આપણા પાણી ઉપર વારસાના બરૂઓ વધતાં જાય છે.

૧૮૩૦ તેઓ હરેક પળે પાણીને (વધુને વધુ) સંતાડે છે, પેલી ઇચ્છા હસતી હોય છે અને તારી બુદ્ધિ રડતી હોય છે,

૧૮૩૧ (પણ) જ્યારે ભક્તિભાવ તારી ઉમેદના હાથોને જકડી રાખે છે, ત્યારે ખુદા બુદ્ધિના હાથોને ઢીલા કરે છે.

૧૮૩૨ તેથી જ્યારે બુદ્ધિ તારો માલિક અને રસ્તો બતાવનાર બને છે ત્યારે શક્તિશાળી ઇંદ્રિઓ તારી તાબેદાર બને છે.

૧૮૩૩ તે (કે જે બુદ્ધિથી સતાધીશ બન્યો) નિંદ્રા વગર પણ પોતાની સમજણો સુધરાવે છે કે જેથી તે અદીઠ વસ્તુઓને આત્મામાંથી પેદા થતી જુએ.

૧૮૩૪ તે તેની જાગૃત અવસ્થામાં પણ સ્વપ્નાઓ જુએ છે અને સ્વર્ગના દરવાજા પોતાની અંદર ઉઘાડે છે.

## કુરાન વાંચતા ચક્ષુહીન માણસની વાર્તા જ્યારે તે વાંચે ત્યારે તેની આંખને ફરીને દ્રષ્ટિ મળી જવા વિષે.

૧૮૩૫ એક વાર એક દરવેશ શેખે એક બુઢા આંધળાના ઘરમાં કુરાને મજીદ જોયું.

૧૮૩૬ તે તમુઝ (મહિનામાં) તેનો મહેમાન બન્યો, તે બન્ને દરવેશો ઘણા દિવસો સુધી સાથે રહ્યા હતા.

૧૮૩૭ તેણે (પોતાના મનમાં) કહ્યું, 'અરે આ કિતાબ (અહીં શા માટે છે? જ્યારે કે સત્યપ્રિય દરવેશ ચક્ષુહીન છે).

૧૮૩૮ (જ્યારે તે) આ પ્રતિછાયામાં (મુંઝાએલો હતો) તેની ઉત્કંઠા વધવા પામી. (તેણે વનમાં કહ્યું) તેના સિવાય બીજું કોઈ અહીં રહેતું નથી.

૧૮૩૯ તે એકલો જ છે (છતાં) તેણે (દિવાલ પર) કિતાબ ટીંગાડી છે. (મારી બુદ્ધિમત્તામાં) હું ભુલ થવા કે માનવતાથી ન વર્તું તેવો તો નથી જ.

૧૮૪૦ (તેને કારણ) કહેવા સવાલ કરવો? નહિ, નહિ, હું ધીરજ ધરીશ એટલા માટે કે મારૂં ધારેલું ધીરજ થકી મેળવી શકીશ.

૧૮૪૧ તેણે ધીરજ બતાવી, અને થોડા વખત માટે ગુંચવાડામાં રહ્યો, આખરે (ગુપ્ત) જાહેર થયું, કારણ કે ધીરજ ખુશીની ચાવી છે.

## હ. દાઉદ અ. સ. ને (લોઢાની) કડીઓ બતાવતા જોઇ હ. લુકમાનનું તેના કારણ જાણવા સવાલો કરવામાંથી મુક્ત રહેવું, કે જેથી પોતાના દીલ ઉપરનો તેવો કાબુ આરામનું કારણ બને, તે વિષે.

૧૮૪૨ પવિત્ર દીલના હ. લુકમાન હ. દાઉદ (અ. સ.) પાસે ગયા. તેમણે જોયું કે તેઓ લોઢાની કડીઓ બનાવતા હતા.

૧૮૪૩ (અને) પેલા માનવંતા બાંદશાહ બધી લોખંડની કડીઓને એક બીજીમાં ભેળવતા હતા.

૧૮૪૪ તેમણે (હ. લુકમાને) હથીઆર બનાવવાની આ કળા (અગાઉ કદી) જોઈ ન હતી (તેથી) તેઓની અતુરતા વધવા પામી.

૧૮૪૫. આ શું બનશે? હું તેને એક બીજાની અંદર આ કડીઓ ભેળવતી બનાવવાનું કારણ પૂછીશ.

૧૮૪૬ ફરીવાર તેમણે પોતાના મનમાં કહ્યું, "ધીરજ વધુ ઉત્તમ છે. એકને તરસ છીપાવવાનો સૌથી ઉત્તમ ભોમીઓ ધીરજ છે.

૧૮૪૭ જ્યારે તમે એક પણ સવાલ નહિ પુછો, ત્યારે (પેલી ગુપ્ત હકીકત) વધુ જલ્દીથી બહાર આવશે, પક્ષી, ધીરજ બધા પક્ષીઓથી વધુ ઝડપે ઉડનાર છે.

૧૮૪૮ અને જો તમે પૂછશો તો તમારી ધારણા વધુ મોડી મેળવશો, જે સહેલું હતું તે તમારી ઉતાવળથી વધુ મુશ્કેલ બન્યું.

૧૮૪૯ જ્યારે હ. લુકમાન ચુપ રહ્યા. હ. દાઉદ (અ. સ.) ની પેલી કાર્યવાહી પૂર્ણ થઇ.

૧૮૫૦ તે અમીર અને ધીરજવાન હ. લુકમાનની હાજરીમાં તેઓએ પોતાના દરજ્જાનો પોષાક પહેર્યો.

૧૮૫૧ તેમણે કહ્યું, "ઓ યુવાન, આ એકલું જ પહેરવાનું ઉત્તમ વસ્ત્ર છે. લડાઇના રણમેદાનમાં ઘા ઝીલવા માટે (ઉત્તમ) છે."

૧૮૫૨ હ. લુકમાને કહ્યું, "ધીરજ પણ એક સારૂં સુચન છે કારણ કે તે દરેક જગ્યાએ સલામતી અને મુશ્કેલી વખતે સારો બચાવ છે.

૧૮૫૩ તેણે (ખુદાએ) સબરને હક સાથે મિલાવી છે, ઓ વાંચનાર, (સુર) વલ અસ્ર ધ્યાન પૂર્વક વાંચજે.

૧૮૫૪ ખુદાએ લાખો 'અર્ક' પેદા કર્યા છે (પણ) ધીરજ જેવો બીજો કોઇ અર્ક માણસે જોયો નથી.

## ચક્ષુહિન અને તેના કુરાન વાંચનની બાકી રહેલી વાર્તા.

૧૮૫૫ મહેમાને ધીરજ બતાવી. અને ગુંચવણ ભરેલી હકીકતનો ઓચિંતો પડદો ખુલી ગયો.

૧૮૫૬ તેણે મધ્યરાત્રીએ કુરાન (વાંચવાનો) અવાજ સાંભળ્યો, તે નિદ્રામાંથી જાગૃત થયો અને અદ્દભુત હકીકત નીહાળી.

૧૮૫૭ કે પેલો ચક્ષુહિન કુરાને મજીદમાંથી ચોકખે ચોકખું વાંચી શકતો હતો. તે ઉતાવળો બન્યો અને પેલી બાબતનો તેની પાસે (ખુલાસો) માગ્યો.

૧૮૫૮ તે બુમ પાડી ઉઠયો, "અરે ઘણુંજ અજાયબ," તમે દષ્ટિ વગરની આંખોથી કેવી રીતે વાંચો છો? (તમે) લીટીઓ કેવી રીતે જુઓ છો?

૧૮૫૯ તમો જે વાંચો છો તેમાં તલ્લીન બની જાઓ છો, તમોએ પેલા શબ્દો ઉપર તમારો હાથ મુકયો છે.

૧૮૬૦ તમારી આંગળી ભાવના થકી તેની માહિતી આપે છે કે તમે તમારી દ્રષ્ટિ શબ્દો ઉપરજ લગાડી છે

ધીરજ - બધા પક્ષીઓથી વધુ ઝડપે ઉડનાર છે. (સબરનું ... )

૧૮૬૧ તેણે જવાબ આપ્યો, "ઓ તું કે જે કાયાની અજ્ઞાનતાથી છુટો થયો છે, તેથી તને ખુદાના આ અદ્ભુત-કાર્યની અસર થઇ છે.

૧૮૬૨ મેં રૂદન કરીને ખુદા પાસે માગ્યું, ઓ તું કે જેની મદદ માંગવામાં આવે છે, મારી જીંદગીની માફક આ કિતાબ ( કુરાને મજીદ ) વાંચવાનો ઉત્સુક છું.

૧૮૬૩ હું તે મ્હોડે જોણુતો નથી, ( માત્ર ) તકલીફ વગર વાંચતી વખતે મારી બન્ને આંખોને દ્રષ્ટિ આપ."

૧૮૬૪ કિતાબ ( કુરાને મજીદ ) ખુલ્લી રીતે વાંચી શકું તે માટે વાંચતી વખતે મને આંખો પાછી આપ.

૧૮૬૫ ખુદાઇ હજુરમાંથી જવાબ આવ્યો, ઓ ખીદમતગાર ઇન્સના, ઓ તું કે જેને બધી મુશ્કેલીઓમાં મારામાં જ આશા છે,

૧૮૬૬ ( મારા વિષે ) તારા ઉમદા વિચારો છે, અને તે ભલી આશા તને દરેક પળે વધુ ને વધુ ઉંચે લઇ જશે.

૧૮૬૭ તેવી જ રીતે તું જ્યારે જ્યારે ( કુરાને મજીદ ) વાંચવાનો ઇરાદો કરીશ, અથવા બીજી ( જુદા ) નકલોમાંથી ઉતારીશ.

૧૮૬૮ હું તેજ પળે તારી આંખોની ( દ્રષ્ટી ) ફરીવાર આપીશ. ઓ સાધનસંપન્ન પુરુષ, એટલા માટે કે તું ( તે ) વાંચી શકે.

૧૮૬૯ તેણે તેમજ કર્યું, જ્યારે જ્યારે હું વાંચવા કિતાબ ખોલું છું. (દ્રષ્ટિ મળી જાય છે)

૧૮૭૦ તે સર્વજ્ઞ, કિર્તીવંત બાદશાહ અને પેદા કરનાર કે જે પોતાના કાર્યને કદી ભુલી જનાર બનતો નથી.

૧૮૭૧ તુલના ન કરી શકાય તેવો બાદશાહ મને મારી દ્રષ્ટિ તુર્તજ પાછી આપે છે, જેમ રાત્રિએ એક બત્તી ( અંધારાનો ) અંત લાવે છે ( તેમ )

૧૮૭૨ આ હકીકતના કારણે દરવેશને ખુદાઈ હુકમો તરફ વિરૂદ્ધાઈ હોતી નથી. જે પણ ખુદા લઇ લ્યે છે બદલામાં તે ( વધુ ઉત્તમ ) મોકલે છે.

૧૮૭૩ જો તે તમારો શરાબનો જથ્થો બાળશે તો તે તમને દ્રાક્ષા આપશે. તે પ્રભાતના પહોરમાં જ તમને ઉત્સવની ઉજાણી કરાવશે.

૧૮૭૪ તે હાથ વગરના પક્ષઘાતીને હાથ આપે છે, દીલગીરીની ખાણ જેવા ( દુ:ખીને ) તે ( આનંદિત ) કેફી દીલ આપે છે.

૧૮૭૫ ( દીલના વિરોધને ) અમે નમતું આપશું નહિ. અમારામાંથી વિરોધો ચાલ્યા ગયા છે. કારણ કે જે ગુમાવ્યું છે તેના માટે તેનાથી વધુ ઉત્તમ બદલો આવી રહ્યો છે.

૧૮૭૬ તેવી જ રીતે મારા તરફ અગ્નિ વગર ગરમી આવે છે, જો તે મારો અગ્નિ બૂઝાવી નાખે તો મારામાં ભરતી આવે છે.

રાત્રીના એક બત્તી
અંધારાનો અંત લાવે છે.

૧૮૭૭ તેવી જ રીતે તે બત્તી વગર પણ પ્રકાશ આપે છે, જો તારી બત્તી બુઝાઈ ગઈ (તો પણ) શા માટે રૂદન કરે છે?

## કેટલાક દરવેશો ખુદાઇ હુકમનામામાં સંતોષ રાખી તે ફેરવવા દુઆ માગતા હોતા નથી, તેનું વર્ણન.

૧૮૭૮ હવે રસ્તાના પેલા મુસાફરો કે જેઓને દુનિયામા કોઇપણ જાતની વિરૂદ્ધાઈ નથી તેની વાર્તા સાંભળ

૧૮૭૯ દરવેશોમાંના કેટલાકો કે જેઓ બીજાઓથી (ઉલ્ટી) દુઆઓ માગે છે તેઓ કોઈવાર સાંધે છે અને કોઇ ઘર ફાડે છે.

૧૮૮૦ હું એવા દરજ્જાના દરવેશોને ઓળખું છું કે જેઓનાં મોઢાં પ્રાથના માટે બંધ કરેલા છે.

૧૮૮૧ કારણ કે પેલા ઉમદા (સ્વભાવવાળા માટે) શાંતીપ્રીયતા જે અંતીમ છે તેવા ભાવીને બદલવા (યાચના કરવી) એ તેઓના માટે ગેરકાયદાસર છે.

૧૮૮૨ તેઓ ભાવિને (તાબે થવામાં) એક ખાસ જાતની રોશની અનુભવે છે, તેમાંથી છટકવાનું શોધવું એ તેઓને માટે ઇમનની ખામી બને છે.

૧૮૮૩ તેણે (ખુદાએ) તેઓના દીલમાં (તેના) વિષે એવો સારો અભીપ્રાય પહોંચાડયો છે કે તેઓ દીલગીરી અંગે દિલગીરીનો વાંદડી પાટો બાંધતા નથી.

## બહલુલે અમુક દરવેશને સવાલ કર્યો તેના વિષે.

૧૮૮૪ બહલુલ અમુક દરવેશને પૂછયું, "આ દરવેશ" તમે કેમ છો તે મને જણાવો.

૧૮૮૫ તેણે કહ્યું, જેની ઇચ્છા પડે દુનિયાનું કાર્ય ચાલી રહ્યું હોય તે કેવો હોય?

૧૮૮૬ કે જેની ઈચ્છા પ્રમાણે ધોધમાર પાણી અને નદીઓ વહે છે અને તેની ઇચ્છા મુજબની રીતે તારાઓની હલચલ હોય છે.

૧૮૮૭ અને મૃત્યુ અને જીવન તેની ઇચ્છા મુજબ આમતેમ તેના અમલદારો તરીકે હોય!

૧૮૮૮ તે તેની મરજી પડે ત્યાં ત્યાં દિલાસાઓ મોકલે છે અને તેની મરજી પડે ત્યાં ત્યાં મુબારકબાદીઓ પાઠવે છે.

૧૮૮૯ મુસાફરો (જાણે કે) પોતાનો રસ્તો ભુલી તેની જાળમાં સપડાએલા હોય તેમ તેની ખુશી પ્રમાણેના રસ્તે મુસાફરી કરે છે.

૧૮૯૦ તે રાજવંશી હસ્તિના હુકમની કબુલાત વગર દુનિયામાં કોઇ દાંત હસવા માટે ચમકતા નથી.

૧૮૯૧ તેણે (બહલુલે) કહ્યું 'ઓ બાદશાહ' તમે સત્ય બોલ્યા છો. છે પણ તેમજ. આ તમારા (રૂહાની) પ્રકાશ અને હકીકતમાં દેખાઈ આવે છે.

૧૮૯૨ ઓ માનવંતા સાહેબ, તમે આમજ છો અને સોગણા વધુ છો. પણ આ (મુદ્દાર્થ) વધુ ખુલ્લો કરો, અને વધુ સ્પષ્ટતાથી સમજાવો.

૧૮૯૩ એવા સ્વરૂપે (સમજાવો) કે જ્યારે તેઓના કાને પડે ત્યારે બુદ્ધિવાનો અને ઓછા હુમાનીઓ (પણ) તે કબુલ કરે.

૧૮૯૪ તમે તમારું અર્થકારણ એવી રીતે સમજાવો કે નીચની સમજણ પણ તેનાથી ફાયદો મેળવે.

૧૮૯૫ સંપૂર્ણ બોલનાર જુદા જુદા ખોરાકની વાનગીઓ વેચે તેના જેવો છે, અને તેનું મેજ દરેક જાતના ખોરાકથી ભરપુર છે,

૧૮૯૬ કે જેથી કોઈપણ મહેમાન ખોરાક વગરનો રહેતો નથી, ( પણ ) દરેક જણ જુદી જુદી રીતે પોષણ મેળવે છે.

૧૮૯૭ ( આવો વકતા ) કુરાનના સાત જાતના અર્થ જેવો છે અને તેમાં પસંદ કરાએલા અને સાધારણ જનતા દરેક માટે ખોરાક છે.

૧૮૯૮ તેણે ( દરવેશે ) કહ્યું, " આ પણ એકંદરે સામાન્ય જનતા માટેની સ્પષ્ટતા છે કે દુનિયા ખુદાઈ હુકમને તાબે છે.

૧૮૯૯ નિર્માણ કરતા બાદશાહના હુકમ કે નિર્માણ કર્યા વગર એક પાંદડું પણ ઝાડ પરથી નીચે પડતું નથી.

૧૯૦૦ ખુદા એક કોળીઆને પણ ઉતરવાનો હુકમ કરતો નથી ત્યાં સુધી એકે કોળીઓ પણ મુખમાં ઉતરતો નથી.

૧૯૦૧ વલણ અને ઈચ્છા જે માણસના નાકની લગામ છે તેની હીલચાલ એ સંપૂર્ણતના હુકમને આધારીત છે.

૧૯૦૨ બધી જમીનો અને આસમાનોમાં એક રજકણ પણ પાંખ હલાવે, એક ઘાસનું તણખલું પણ હરેફરે.

૧૯૦૩ તેના અનંત અને અંકુશીત હુકમ વગર તેને ફેરવવું અશકય છે. અટકળ કરવી યોગ્ય નથી.

૧૯૦૪ ઝાડનાં બધાં પાન કોણ ગણી શકશે? અનંત વાણી ઉચ્ચારવાની જવાબદારીવાળું કેમ બનશે ?

૧૯૦૫ આ બધું સાંભળ (છતાં) (બ્રહ્માંડનાં) બધા કાર્યો માત્ર બનાવનારના હુકમથી પસાર થવા આવે છે.

૧૯૦૬ ખુદા તરફનું અટલ ભાવી તેના દાસની ખુશીયાલી બને છે, તેના હુકમનામાનો તે દાસ રાજીખુશીથી ગુલામ બને છે.

૧૯૦૭ પોતાના કાર્યની ફરજ અંગે નહિ, ( ભવિષ્યના ) ઇનામ કે બદલાની ( આશાએ ) પણ નહિ, તેની પોતાની ખાસિયત જ તેવી ઉમદા બની છે.

૧૯૦૮ તે પોતાની જીંદગી પોતાને માટે ઇચ્છતો નથી, ( બીજીઓથી ) અંતે મધુર બનતી પોતાની જીંદગીનો આનંદ માણવા માટે પણ નહિ.

૧૯૦૯ જે બીજાના ભલા માટે જીવન જીવે છે, તેનું જીવન જ ખરેખરું સાર્થક છે.

૧૯૧૦ શાશ્વત સત્તા ગમે તેવો રસ્તો લ્યે, મરવું અને જીવવું તેના માટે સરખું છે.

૧૯૧૧ (ખુદાની) ઇચ્છા પ્રમાણે કરવામાં તેનું ઇમાન મજબુત રાખે છે. બહિશ્ત તેનાં ઝાડો અને ઝરાઓની ખાતર તેમ કરતો નથી.

૧૯૧૨ તેની નાસ્તિકતાનો પરિત્યાગ પણ ખુદાની ખાતર હોય છે નહિ કે રખેને તે દોજખમાં જાય તે માટે.

૧૯૧૩ તેની આવી મનોવૃત્તિ અસલનીજ છે, એ કાંઇ સભ્યતા ખાતર કે કાર્ય કે તેનાથી સહન કરવાની વૃત્તિ અંગે (નથી).

૧૯૧૪ તે જ્યારે (દૈવી) ખુશી જુએ છે ત્યારે તે હસે છે. દૈવી ભાવી તેના માટે સાકરથી બનાવેલી મીઠાઇ માફક છે.

૧૯૧૫ આ (ખુદાઇ) ખાસ કે જેની મનોવૃત્તિ અને રીતભાત આવાં છે, શું ફરતી દુનિયા તેના હુકમ અને વચનને આધીન નથી?

૧૯૧૬ તો પછી તે શા માટે વિનંતી કરે અને પ્રાર્થનામાં આક્રંદ કરે, 'ઓ ખુદા આ દૈવી ભાવી બદલી નાખ.'

૧૯૧૭ તેનું પોતાનું મૃત્યુ અને તેનાં બચ્ચાંના મરણો (પણ) ખુદાની ખાતર તેને ગળામાં મીઠાઇની માફક મીઠાં લાગે છે.

૧૯૧૮ પેલા વફાદારને તેના બચ્ચાંના મૃત્યુની પીડા એ કંગાળ વૃદ્ધ માણસને મધની રોટલી મીઠી લાગે તેવી મીઠી છે.

૧૯૧૯ તો પછી શા માટે તે (ખુદાને) સહાય માટે પ્રાર્થના કરે. સિવાય કે કદાચ તે (આવી) વિનંતીઓમાં દૈવી ઇન્સાફ કરનારનો રાજીપો જુએ.

૧૯૨૦ ખરો મોમિન પોતામાં રહેલી દયા અંગે તરફદારી કરવાનું કે આજીજી કરી (માગતો) નથી.

૧૯૨૧ તે પળે તેણે પોતે પોતાનું માયાળુપણું બાળી મૂક્યું હોય છે જ્યારે કે તેણે ખુદાઇ પ્રેમની બતી બાળી છે.

૧૯૨૨ પ્રેમ તેના સ્વભાવિક વલણુની નર્કની આગ છે અને તેણે ખુદાના સ્વાભાવિક વલણના વાળેવાળ બાળી મુકયા છે.

૧૯૨૩ કોઈપણ રાતનો મુસાફર, દકુકી સિવાય આ ભેદભાવ કયારે સમજ્યો? કે જેથી તેણે આ (રૂહાની) રાજ્યમાં ઝડપ કરી.

## દકુકી અને તેની ચમત્કારિક બક્ષિશો વિષે.

૧૯૨૪ તે દકુકીની મુખમુદ્રા સુંદર હતી. તે (ખુદાનો) ચાહક, (રૂહાની) રાજા હતો.

૧૯૨૫ તે જમીન પર ચાલતો (પણ જાણે કે) અવકાશમાંનો ચંદ્રમા. રાત્રીના મુસાફરોના આત્માઓ તેનાથી પ્રકાશિત બન્યા હતા.

૧૯૨૬ તેઓ એક જ જગ્યાએ પોતાનું રહેઠાણ રાખતા નહિ. એક જ ગામમાં તેઓ બે દિવસ ગુજારતા નહિ.

૧૯૨૭ તેમણે કહ્યું, જો હું બે દિવસ એક જ ઘરમાં રહું તો રહેવાની જગ્યાનો પ્રેમ મારામાં જાગૃત થાય.

૧૯૨૮ હું રહેવાની જગ્યાના કારણે છેતરાતાં બીઉં છું. ઓ મારા આત્મા, સ્થળાંતર કર અને સ્વતંત્રતા સુધી સફર કર.

૧૯૨૯ મારા દીલની ખાશીયતને સ્થાનિકતાને હવાલે નહિ કરૂં. (મારો આત્મા) ચકાસણી વખતે પવિત્ર બને (તેથી આમ કરૂં છું).

૧૯૩૦ તેઓ દિવસના ભાગમાં મુસાફરી કરતા. રાત્રી દરમ્યાન બંદગી ગુજારતા તેમની આંખ બાદશાહ (ખુદા) તરફ ખુલ્લી રહેતી અને એ (પોતે) બાજ જેવા (બનતા).

૧૯૩૧ તેઓ ખુદાની ખલ્કતથી જુદા પડી ગયા હતા. મેલી મુરાદથી કે ફીત્નાપણા અંગે પુરૂષો અને સ્ત્રીઓથી જુદા પડી ગયા ન હતા.

૧૯૩૨ ખલ્કત તરફ પાણીની જેમ દયાળુ અને લાભદાયી અને (તેઓ) એક ભલા તરફ-દાર (હતા) તેઓની દુઆઓ સ્વીકારવામાં આવતી હતી.

૧૯૩૩ તેઓ (દરેક) ભલાબુરા તરફ માયાળુ હતા. એક ખાત્રીદાયક પનાહગાર (હતા). તેઓ માતાથી વધુ (માયાળુ) હતા અને એક પિતાથી વધુ વહાલા હતા.

૧૯૩૪ હ. પયગમ્બર સાહેબે ફરમાવ્યું છે કે "ઓ ભલા ઇન્સાનો, હું બાળના જેવો માયાળુ અને દયાળુ છું.

૧૯૩૫ કારણ કે તમે બધા મારા અવયવો છો, તો પછી શા માટે તમે આખામાંથી અવ-યવને ફાડો છો?"

૧૯૩૬ (જ્યારે) આખામાંથી એક ભાગને છુટો કરવામાં આવે છે ત્યારે તે નકામો બને છે. (જો) કાયામાંથી હાથપગ છુટો કરો તો તે મુડદાલ માંસ બને.

૧૯૩૭ જ્યાં સુધી તે પાછો આપવામાં ન જોડાય ત્યાં સુધી તે મરેલ છે, તેને જીવનનું સાવધપણું હોતું નથી.

૧૯૩૮ અને જો તે હાલે તો પણ તેને ટેકો નથી. તાજા કપાએલા હાથપગ સળવળતા હોય છે.

૧૯૩૯ જો આ (રૂહાની) કુલ્લમાંથી 'જુર્મ'ને જુદો કરવામાં આવે તો જુદો પડી જાય છે. આ તે જાતનું 'કુલ્લ' નથી કે જે ખામીને લાયક હોય.

૧૯૪૦ તેનાથી છુટા પડવું અને જોડાવું એ (ખરેખર) સંભવિત નથી, સરખામણી કરવા અંગે ખામીવાળી વસ્તુનું માત્ર સંબોધન કર્યું છે.

## દકુકીની વાર્તાએ પાછા ફરવું.

૧૯૪૧ તેમણે (હ. પયગમ્બર સાહેબે) હ. મૌલા:-મુર્તુઝાઅલી (અ. સ.) ને સિંહ સાથે સરખાવ્યા છે (પણ) તેના જેવા સિંહ નહિ, તેમણે (આ સુચક) વાપર્યું છે.

૧૯૪૨ ઓ યુવાન, સરખામણી કરવામાં 'મિથલ' અને તેનો જેવો જ 'મિથ્લ' દકુકીની વાર્તા માટે પેલી બે વચ્ચેનો તફાવત આગળ રાખ.

૧૯૪૩ તે કે જે કાયદેસરનો ઈન્સાફ આપે તે લોકોનો 'ઇમામ' જ આપે. ધાર્મિકતા અંગે ફિરસ્તાઓ પાસેથી હક છીનવાઈ ગયો.

૧૯૪૪ તે પેલો રસ્તામાં જતાં ચંદ્રમાના (ઘરણ) થી છીનવાઇ ગયો, જ્યારે મઝહબ (પોતે) તેની ધાર્મિક ભાવનાની ઇર્ષા કરતું હતું.

૧૯૪૫ આવી ધાર્મીકતા અને ભક્તિભાવ અંગે નહિ (પણ) ખુદાઇ પ્રેમથી (રાત્રીઓ) જાહેરી બંદગીમાં પસાર થઇ જતી હતી, તે (ખુદાઈ) પસંદગી પામેલ 'ઇમામે મુબીન' (મુરશીદે કામિલ)ને હંમેશાં શોધતો હતો.

૧૯૪૬ તેની મુસાફરીનું મુખ્ય ધ્યેય એ હતું કે એક પળ માટે પણ 'રૂહાની રાહબર'ના સંસર્ગમાં આવે.

૧૯૪૭ જ્યારે તેઓ રસ્તા પર જઈ રહ્યા હતા ત્યારે તેઓ કહેતા હતા, 'ઓ ખુદા, મને પસંદગી પામેલાનો સાથીદાર બનાવ.'

૧૯૪૮ ઓ માલિક, 'રૂહાની રાહબર' કે જે મારૂં દીલ જાણે છે તેનો હું ગુલામ છું અને એક કે જેણે સારી પેઠે કમરપટા કસ્યા છે, તેઓની ખીદમત કરવા તૈયાર છું.

૧૯૪૯ ઓ ખુદાવંદા, તેઓ કે જેઓને હું જાણતો નથી તેવાઓને મહેરબાની કરી દયા બતાવી મારા તરફ મોકલ.

૧૯૫૦ માલિક તેને જવાબ આપશે, ઓ ખૂબ જ ઉદાર શાહજાદા, આ કઈ લાગણી છે અને કદી ન બુઝાતી આ કઈ તરસ છે?

૧૯૫૧ તેં મારો પ્રેમ સંપાદન કર્યો છે, માટે તું (મારા સિવાય) બીજાને ગોતે છે? જ્યારે ખુદા તારી સાથે છે ત્યારે શા માટે તું માણસને શોધે છે?

૧૯૫૨ તેઓ જવાબ દેશે, "ઓ માલિક, ઓ અદ્રષ્ય જાણનાર, તેં મારા દીલમાં આજીજી કરવાનો રસ્તો ખોલ્યો છે.

૧૯૫૩ જો કે હું 'દરિયા' વચ્ચે બેઠેલો હોવા છતાં મેં મારી ઇચ્છા કુંજામાંના પાણી ઉપર રાખી છે.

૧૯૫૪ હું હ. દાઉદ (અ. સ.) માફક છું. મારી પાસે નેવું મેંઢીઓ છે છતાં મારા હરીફથી મેઢી (મેળવવાની) મારી ઇચ્છા જાગી છે.

૧૯૫૫ તારા પ્રેમની ભૂખ ભવ્ય અને મહાન છે, તારા સિવાય બીજાનો પ્રેમ એ શરમજનક અને ઢોંગ છે.

૧૯૫૬ મર્દાનગીની વાસના અને તૃષ્ણા એ (રૂહાનીયતના રસ્તે) આગળ વધારનાર છે. જ્યારે કે પેલી નિંદાત્મક, બદનામી અને બેદીની છે.

દરિયા વચ્ચે બેઠા હતા
ઈચ્છા કુંજાના પાણી ઉપર રાખી.

ઈચ્છા → સંપૂર્ણ માણસ બનવાની



૧૯૫૭ (સાચા) માણસની તૃષ્ણા આગળ વધવા અંગેની હોય છે (પણ) નામર્દ (પાપીને વસ્તુના પ્રેમી) ની તૃષ્ણા પાછળ હટાવે છે.

૧૯૫૮ એક તૃષ્ણા સંપૂર્ણ માણસ બનવાની હોય છે, જ્યારે બીજી તૃષ્ણા નિંદાત્મક અને બદનામી અંગેની હોય છે.

૧૯૫૯ અરે, અહીં (આ બાબતનું) ઘણું જ રહસ્યભર્યું ગુઢાર્થ છે કે હ. મુસા (અ.સ.) હ. ખિઝર તરફ દોડતા બહાર પડયા.

૧૯૬૦ ખુદાના કસમ, (રૂહાનીયત સ્થાનપ્રાપ્તિ) જે તેં મેળવી છે તેને ડાઘ લગાડવાનું કાંઈ કરતો નહિ, પણ જલંદરનો રોગી પાણી પી ન ધરાય તેવો બન.

૧૯૬૧ આ (દૈવી) દરબાર એ અનંત સમતલ સપાટી છે. માનવંતાઓની પાછળ બેસવું છોડી દે. (આ) તારો રસ્તો જ માનવંત બેઠક છે.

**પયગમ્બર તરીકેની પોતાની સંપૂર્ણતા અને ખુદામાં એકતા પામેલા હ. મુસા (અ. સ.) નું હ. ખિઝરને શોધવાનું ગુઢાર્થ.**

૧૯૬૨ ઓ મહેરબાન સાહેબ, ખુદા જેની સાથે બોલ્યો તેનામાંથી શીખ. તેની ઝંખનામાં કાલીમ (હ. મુસા અ. સ.) શું કહે છે તે જો.

૧૯૬૩ આવી મહાન પદવીની દરકાર વગર અને આવા નબીપણાના દરજ્જા છતાં હું હ. ખિઝરનો શોધનાર છું. મેં (ખુદાના) દરજ્જાને તજી દીધો છે.

૧૯૬૪ તેઓએ કહ્યું, ઓ મુસા તેં તારા લોકોને તજી દીધા છે, તે આશીર્વાદીત માણસને શોધવામાં ગાંડાની માફક ભટકો છો. ✓

૧૯૬૫ તમે આશા અને બીકથી મુક્ત એવા એક શહેનશાહ છો. તમે કયાં સુધી (આમ) ભટકશો? કયાં સુધી તમે શોધશો? કેટલી હદ સુધી?

૧૯૬૬ (તે કે જે) તારૂં છે, તારી સાથે છે. અને આનાથી તમે સભાન છો. ઓ આસમાન (માનવંત) કયાં સુધી તમે (નીચે) જમીન પર ફેરા ફરશો?

૧૯૬૭ હ. મુસાએ કહ્યું, "(મારા વિરુદ્ધ) આવી વાત વાત નહિ કરો. સૂર્ય અને ચંદ્રમાના રસ્તા પર અવરોધો ન મૂકો.

૧૯૬૮ હું બે સમુદ્રોને ભેગા થતી જગ્યાએ તેને શોધવા જઈશ. તેથી "ઝમાનાના બાદશાહ"ની સોબતવાળો બનીશ.

૧૯૬૯ હું મારી ઈચ્છા પૂર્ણ થવાના કારણરૂપ હ. ખિઝરને બનાવીશ. હું આગળ ચાલ્યો જઈશ અને રાત્રિના લાંબા વખત સુધી મુસાફરી કરીશ.

૧૯૭૦ હું પાંખો અને પીંછાઓથી વર્ષો સુધી ઉડીશ, અને વર્ષો તો શું? હજારો વર્ષસુધી(પણ).

૧૯૭૧ (તેમણે કહ્યું), હું મુસાફરીએ જઈશ. એ અર્થમાં કે (ઘાતજનક મુસાફરી) શું ફાયદાજનક નથી? પ્યારા તરફના આવેશને રોટલાની લાલસાથી ઓછી સમજ.

મર્દાનગી - તૃષ્ણા ઈચ્છા → આગળ વધવાની - સંપૂર્ણ માણસ બનવાની
નામર્દની - " પાછળ હટવાની.
મુસા - મહાનપદવી - છતાં ખિઝર - ને શોધનાર - ભટકશો શોધશો - કેટલી હદ સુધી

૧૯૭૨ આ વિવરણનો અંત નથી. એ કાકા, (હવે) દકુકીની વાર્તા કહે.

## દકુકીની વાર્તા ફરી કરવા વિષે.

૧૯૭૩ પેલા દકુકી, કે જેના પર ખુદાની દયા હો, કહ્યું, તેના બે વર્તુળો વચ્ચે મેં લાંબો વખત મુસાફરી કરી છે.

૧૯૭૪ મેં 'ચંદ્રમા' (રૂહાની રાહબર) ના પ્રેમ માટે વર્ષો અને મહિનાઓ ખુદાઈ રસ્તામાં બેખુદીથી મુસાફરીમાં વિતાવ્યા છે.

૧૯૭૫ (કોઈએ તેને પૂછ્યું) (શા માટે) તમે ખુલ્લા પગે કાંટાઓ અને પત્થરો ઉપર ચાલ્યા ? તેમણે જવાબ આપ્યો, હું મારા ખુદથી તુટેલ–ફુટેલ બેખુદ હતો.

૧૯૭૬ આ પગો જે જમીન પર ચાલે છે તેને ખ્યાલમાં ન લે કારણ કે (ખુદાનો) પ્રેમી ખાત્રીપૂર્વક દીલ ઉપર ચાલે છે.

૧૯૭૭ (અને) દીલ કે જે પ્યારાથી અત્યાનંદમાં છે, તેને રસ્તાની હાલત, ટુંકા કે લાંબાનું છેટાપણું (વિગેરે) જાણવાની કઈ જરૂરત છે ?

૧૯૭૮ લાંબું અને ટૂંકું એ શરીરના ગુણધર્મ છે, રાત્રિઓની મુસાફરી એ બીજી (જાતની) મુસાફરી છે.

૧૯૭૯ તમે શરૂઆતથી જ સમજદારીપૂર્વક મુસાફરી કરી છે, તે એક પગલું કે એક જગ્યાથી બીજી જગ્યાએ હીલચાલ કરવા અંગે ન હતું.

૧૯૮૦ અંતરિક્ષમાં રૂહાની મુસાફરીને વખત સાથે સબંધ નથી. આપણી કાયા મુસાફરી કેમ કરવી તે રૂહ પાસેથી શીખી છે.

૧૯૮૧ તેણે હવે શારીરિક રીતે મુસાફરી કરવાનું તજી દીધું છે, શરતીપણાના બનાવટી વેશના રૂપમાં કાંઈપણ શરત વગર તે હીલચાલ કરે છે.

૧૯૮૨ તેણે (દકુકીએ કહ્યું, એક દિવસ હું ઝંખના કરતો જતો હતો, જેથી મનુષ્યમાં તે પ્રિતમનું 'નૂર' જોઇ શકું.

૧૯૮૩ હું પાણીના ટીપામાં સમુદ્રને અને રજકણની અંદર છુપાએલો 'સૂરજ' જોઈ શકું.

૧૯૮૪ જ્યારે હું અમુક કિનારે પગે ચાલી આવ્યો, દિવસના બહુ મોડું થયું હતું, સાંજ પડતી હતી.

## કિનારાની દિશામાં સાત મીણબત્તીઓ હોવા જેવો આભાસ થયા વિષે.

૧૯૮૫ મેં ઓચિંતા દુરદુર સાત મીણબત્તીઓ જોઈ અને મેં તેના તરફ જવા ઝડપ કરી.

૧૯૮૬ દરેક મીણબત્તીનો પ્રકાશ ઝગઝગાટ કરતો સુંદરતાથી અવકાશ ઉપર ચડતો હતો.

૧૯૮૭ હું આશ્ચર્યચકિત બન્યો (તેથી) આશ્ચર્ય પોતે દંગ બની ગયું. મારી સમજણના મસ્તક પર અત્યાનંદનાં મોજાં પસાર થયાં.

૧૯૮૮ (મેં વિચાર્યું) આ કઈ જાતની મીણબત્તીઓ છે? કે જેને તેણે પ્રકાશિત કરી છે જેમાથી તેણે પેદા કરેલી આંખો સીવાઈ ગઈ છે.

૧૯૮૯ (સાત જુમખાની) મીણબત્તી કે જેનો પ્રકાશ ચંદ્રમાથી વધુ ચડીયાતો હોવા છતાં લોકો બત્તી શોધવા ગયા હતા.

૧૯૯૦ અદ્દભૂત! તેઓની આંખો ઉપર પાટો (પડદો) હતો. તેઓ બંધાએલા હતા.

**"જેને તે ચાહે છે તેને તે 'સત્યપંથે' દોરવે છે.**

**સાત મીણબત્તીઓનું એક જ મીણબત્તી જેવી દેખાવા વિષે.**

૧૯૯૧ પછી મેં સાત (મીણબત્તીઓને) એક બનેલી જોઈ, તેનો પ્રકાશ અવકાશની ધાર ચીરતો હતો.

૧૯૯૨ પાછી ફરી એક વાર તે સાત બની મારી મદહોશી અને અત્યાનંદ હદ વટાવી ગયું.

૧૯૯૩ મારી જીભ કે વાણીમાં (કરી ન શકાય) તેવું મીણબત્તીઓ વચ્ચે સાંધણ હતું.

૧૯૯૪ વર્ષો પર્યંત જીભથી બહાર ન પાડી શકાય કે ન સમજાય તેવી તે દેખાતી હતી.

૧૯૯૫ એક તીક્ષ્ણ બુદ્ધિશાળી એક પળ માટે જે જુએ છે તે તેને વર્ષો દરમ્યાન કાનથી સાંભળવાનું અશક્ય છે.

૧૯૯૬ જ્યારે કે તેનો છેડો જ નથી ત્યારે તારા ખુદની પાસે પાછો જા. (કારણ કે) (અલી નબીની) મદદ માફક તારા વખાણની ગણત્રી કરી શકું તેમ નથી.

૧૯૯૭ હું વધુ આગળ વધ્યો. તે મીણબત્તીઓ કે જે 'નૂરાની બાદશાહ'ની નિશાનીઓમાંની ચીજ છે (તે જોવા) દોડયો.

૧૯૯૮ (આમ) હું મારા ખુદમાં મુંગો બનેલો અને અસ્થિર હાલતમાં ઉતાવળ અને ઝડપથી પડી ગયો ત્યાં સુધી દોડયે જતો હતો.

૧૯૯૯ હું આવી (હાલતમાં) ભાન વગરનો, સૂઝ વગરનો થોડીવાર સુધી જમીનની ધૂળમાં પડયો રહ્યો.

૨૦૦૦ પછી હું પાછો ભાનમાં આવ્યો અને ઉભો થયો, તમે કદાચ એમ કહેશો કે આ મુસાફરીમાં મને હાથ કે પગ ન હતા.

૨૦૦૧ આ સાત મીણબત્તીઓ આંખને સાત માણસો તરીકે દેખાણી. તેઓનો પ્રકાશ અવકાશના મધ્ય બિંદુના ઘુમ્મટ સુધી પહોંચતો હતો.

૨૦૦૨ પેલા પ્રકાશોની આગળ દિવસનું અજવાળું એક ટીપા જેવું હતું, તેઓની તીવ્રતાથી તેઓ બીજા બધા પ્રકાશો ઉપર અહેસાન કરતા હતા.

**હવે તે સાત મીણબત્તીઓના વૃક્ષો બનવા વિષે**

૨૦૦૩ પછી દરેક માણસે વૃક્ષનો આકાર ધારણ કર્યો. તેઓની લીલાશ જોઈ મારી આંખો આનંદમાં ગરકાવ બની ગઈ.

૨૦૦૪ પાંદડાંના ખીચોખીચ ભરાવ અંગે કોઇ ડાળી દેખાતી ન હતી. અસંખ્ય ફળ થકી પાંદડાંઓ નહિવત બની ગયાં.

૨૦૦૫ દરેક વૃક્ષોએ પોતાની ડાળીઓ 'સિદ્ર'થી પણ ઉપર ફેલાયેલી હતી. 'સિદ્ર' તો શું ન કહી શકાય તેટલી હદે પહોંચી હતી.

૨૦૦૬ દરેક વૃક્ષનું મૂળ જમીનના તળીયા સુધી પહોંચ્યું હતું. હકીકતમાં બળદ અને મચ્છી (જમીન) કરતાં વધુ નીચે ગયાં હતાં.

૨૦૦૭ તેઓનાં મૂળીયાં તેઓની ડાળીઓ કરતાં વધુ હસતાં હતાં. તેઓના આકારોથી બુદ્ધિવાનો પણ ઉપર તળે (મુંઝાએલા) થતા હતા.

૨૦૦૮ ફળોમાંથી પ્રકાશના ઝડપભેર ચમકારા પથરાતા હતા. ફળના રસની માફક ઉછળતા હતા.

## પેલાં વૃક્ષો લોકોથી અદીઠ હોવા વિષે.

૨૦૦૯ જે બીજા (બધા કરતાં) વધુ અજાયબી આ હતી કે લાખો તેમની નજીકથી મેદાન અને રણમાંથી પસાર થતા હતા.

૨૦૧૦ તેઓ તેના પડછાયાની ઉમેદમાં અને ઉનના કપડામાંથી રાજછત્ર બતાવવામાં પોતાનાં જીવન ન્યોછાવર કરવાની તમન્નામાં હતા.

૨૦૧૧ અને પેલા (વૃક્ષોનો) પડછાયો પણ જોતા ન હતા. આવી વિકૃત આંખો ઉપર એક સો ઝટકા મારો.

૨૦૧૨ તેઓની આંખો ઉપર ખુદાના કોપે સીલ મારેલ છે, તેથી આવા ચંદ્રમાને જુએ નહિ. (પણ) માત્ર તારા જુએ.

૨૦૧૩ તે એક રજકણ જુએ છે, સૂર્ય નહિ. છતાં પણ તે ખુદાની કૃપા અને રહેમતથી હતાશ નહિ થાય.

૨૦૧૪ વણજાર ખોરાક વગરની છે, અને (છતાં) આ પાકેલાં ફળો તેમની બાજુમાં પડેલાં છે! ઓ ખુદા આ કેવું જાદુ છે?

૨૦૧૫ સૂકાએલાં ગળાવાળા, ઝપાઝપીમાં લૂંટાએલા, સડી ગએલાં સફરજન ભેગા કરતા હતાં.

૨૦૧૬ (જ્યારે) દરેક પાન અને પેલી ડાળીઓનાં મોર ચાલુ કહેતા હતા, "આને મારા લોકોએ જાણ્યું હોત તો?"

૨૦૧૭ (ત્યારે) દરેક વૃક્ષની દિશામાંથી બૂમ આવતી હતી. ઓ તમે બદકિસ્મતી સમુહ, અમારા તરફ આવો!

૨૦૧૮ જ્યારે (દૈવી) ઇર્ષામાંથી વૃક્ષ તરફ બુમ આવતી હતી, અમોએ તેઓની આંખોને પાટા બાંધ્યા છે, "નહિ, ત્યાં આશ્રય નથી."

૨૦૧૯ જો કોઇએ તેમને કહ્યું હોત, આ દિશાએ જાઓ કે તમે આ વૃક્ષોમાંથી સુખ મેળવો.

૨૦૨૦ તેઓ બધાએ આમ કહ્યું હોત, દૈવી નશીબ અંગે આ ગરીબ ભાન વગરનો ગાંડો બન્યો છે.

વૃક્ષ ને ન જોયું
ફળ ને ન ખાધું.

૨૦૨૧ આ ગરીબ બિચારાનું મગજ લાંબી મનની મુંઝવણ અને આત્મસંયમમાં ડુંગળીની માફક સડી ગયું છે.

૨૦૨૨ તે અજાયબીમાં ગરકાવ બની રહ્યો હોત, કહેત ઓ માલિક, "આ શું બાબત છે? આ કેવો (અંધાપાનો) પડદો છે? અને લોકોને કેવી ખોટી દોરવણી મળી છે?"

૨૦૨૩ દરેક જાતના લોકો (જેઓ) ઘણી સમજશક્તિ અને અશક્તિ ધરાવે છે, તેઓ તે દિશામાં એક પગલું પણ મૂકતા નથી.

૨૦૨૪ પોતાની વચ્ચે ભરોસો ન કરનાર બુદ્ધિશાળીઓ અને મુર્ખ અને જ મતે આવાં બગીચા અને ફરજભાન ભુલેલા છે.

૨૦૨૫ અથવા શું હું ગાંડો અને ચસ્કેલ છું? શું સેતાને મારા પર કાંઈ ફેંક્યું છે?

૨૦૨૬ હું દરેક પળે મારી આંખો ઘસતો (એમ ધારીને કે) કદાચ હું સ્વપ્નાં અને (દુનિયા) ના વખતનો આભાસ જોતો હોઇશ?

૨૦૨૭ તે સ્વપ્ન કેમ બની શકે? હું વૃક્ષો ઉપર ચડતો તેનાં ફળો ખાતો, કેવી રીતે તે કબુલ ન કરૂં?

૨૦૨૮ (પણ) ફરીને જ્યારે હું (મારી) વાત, ન માનનારાઓ તરફ જોતો કે જુઓ આ ફળવાડીને એક બાજુ મુકી દેતા હતાં.

૨૦૨૯ સખત તંગી અને દારિદ્રયમાં અધીં કાચી દ્રાક્ષ માટેની તેઓની ઇચ્છામાં જીંદગી ન્યોછાવર કરતા.

૨૦૩૦ (જ્યારે હું જોતો) આ કંગાળ સમુહ એક પાંદડાની જરૂરીઆત માટે પણ રોદણા રોતા હતા.

૨૦૩૧ (અને જ્યારે હું જોતો) આ હજારો લાખો લોકો આ વૃક્ષો અને ફળોથી નાસી છુટયા હતા.

૨૦૩૨ ફરી એક વધુ વાર મેં કહ્યું, અદ્ભુત! હું સારા પોતામાં છું. શું તે આભાસની ડાળી પકડી રાખી છે?

૨૦૩૩ ફરી કહે, "જયાં સુધી કે (ખુદાના) સંદેશવાહકે, આશાતજી દીધી છે." (વધુમાં) તેઓએ વિચાર્યું કે તેઓને જુઠું કહેવામાં આવ્યું છે.'

૨૦૩૪ આવી રીતે વાંચીને બોલ, (કધીબુ) (જો) તસખીહને બાકાત રાખવામાં આવે. કધીબુની માયના એમ થાય કે (ખુદાના સંદેશકને) ખુદાએ આપેલા વચન પ્રમાણેની મદદથી વંચીત રાખવામાં આવેલ છે.

૨૦૩૫ નબીઓના આત્માઓ સહમતીના અંગે કષ્ટોના બેઈમાનપણા અંગે ગેરસમજમાં પડયા.

૨૦૩૬ (પણ) તેઓની શંકા પછી પણ અમારી મદદ આવી. (ગેરરસ્તે દોરાએલા) થી હટી જા. અને રૂહાની વૃક્ષ ઉપર ચડ.

૨૦૩૭ (આ વૃક્ષના) ફળો ખા અને તેમના માટે નિર્માણ થએલો હિસ્સો દરેકને દે. (તેમના માટે) દરેક પળે અને દરેક ઘડીએ (રૂહાની) જાદુ શીખામણ છે.



હું મારા પોતામાં છું. ગેરરસ્તે દોરાએલા x હટી જા.(x)
રૂહાની વૃક્ષ ઉપર ચડ(—)
ફિરસ્તાદ ઉમરહું!

૨૦૩૮ લોકો કહેતા હોય છે, અને કેવી અજાયબી, આ કઈ ધુમ છે? જયારે વૃક્ષ અને ફળોને મદહોશીથી બાકાત રાખવામાં આવેલ છે.

૨૦૩૯ આપણે ગાંડા માણસના શબ્દોથી મુર્ખા બન્યા છીએ. (કે જે કહે છે) અમારી આજુબાજુ બગીચા અને ફળોના થયા છે.

૨૦૪૦ અમો અમારી આંખો ઘસીએ છીએ (પણ) અહીં એક પણ બાગ નથી. તે રણમેદાન કે મુશ્કિલ રસ્તો છે.

૨૦૪૧ અરે કેવી અજાયબી! આ વાત કેવી લાંબી છે? તે નકામી કેમ બનશે? અને (જે તેઓ કહે છે) તેમ ખરેખર છે તો (કહેનારા કયાં છે)?

૨૦૪૨ તેઓની માફક હું પણ કરૂં છું, આહ કેવી અજાયબી! પેદા કરનારે આવું સીલ શા માટે માર્યું છે?

૨૦૪૩ (નાસ્તિકો તરફના) આવા વાદવિવાદથી હ. પયગમ્બર સાહેબ અજાયબ થતા હતા. અબુલહબ પણ અજાયબી (હ. નબીસાહેબના મોજીઝાથી) અજાયબીમાં ગરકાવ થતો.

૨૦૪૪ આ અજાયબી અને પેલી અજાયબી વચ્ચે ઘેરો તફાવત છે, (ચાલો જોઇએ) (અંતમાં નાસ્તિકોને) સર્વશક્તિમાન શું કરશે?

૨૦૪૫ ઓ દકુકી, જલ્દીથી (મિલનની ઝંખનામાં) વધુ આગળ વધ, સાંભળ, ચુપ રહેજે જેમકે ત્યાં કારોની સખત અછત છે, તું કયાં સુધી બોલ્યા કરીશ? કયાં સુધી.

## સાત વૃક્ષોનું એક બનવા વિષે.

૨૦૪૬ તેમણે (દકુકીએ) કહ્યું, નશીબદાર એવો હું વધુ આગળ વધ્યો, ફરીવાર બધાં સાતેઈ વૃક્ષો એક બન્યા.

૨૦૪૭ દરેક પળે તેઓ સાત બનતાં હતાં અને એક પણ. અત્યાનંદમાં મારી હાલત કેવી બની હશે?

૨૦૪૮ ત્યારબાદ મેં તે સાતેઇ વૃક્ષોને વિધીપુર્વક બંદગીમાં સામેલ થએલા જોયા. (મુસ્લિમો) બંદગી કરવા એકઠા થાય છે ત્યારે એક સફમાં ઊભા રહે છે તેમ (ઉભેલા જોયા).

૨૦૪૯ એક વૃક્ષ પેશ ઇમામની માફક આગળ હતું, બીજાઓ તેની પાછળ ઊભાં હતાં.

૩૦૫૦ (તેમનું) પેલું ઉભવું, ઘુંટણીએ પડવું, સિજદામાં જવું, (આવી રીતનો) વૃક્ષોનો દેખાવ મારા માટે ખૂબ જ અદ્‌ભૂત હતો.

૨૦૫૧ પછી મેં ખુદાનો તે શબ્દ મગજમાં ગોઠવ્યો. તેમણે કહ્યું છે, આને લગતું, "પાદડાં વગરના વૃક્ષો અને છોડવાઓ, તેઓ સિજદામાં જાય છે."

૨૦૫૨ પેલાં વૃક્ષોને ઘુંટણ કે કચર ન હતી. નિયમીત ગુજરાતી બંદગીની આ બાબત કેવી

૨૦૫૩ દૈવી વહી (મારા પર) આવી, "ઓ પ્રકાશીત બનેલા હજી તું અમારા કાર્યથી અજાયબ થાય છે(??)

## સાત વૃક્ષોનું સાત માણસો બનવા વિષે

૨૦૫૪ લાંબા સમય બાદ પેલાં ( વૃક્ષો ) સાત માણુસ બન્યા, ઉંડા ચીંતનમાં પડેલા ( ખુદાની મહોબતમાં ) એક હારમાં બધા બેઠા હતા.

૨૦૫૫ મેં મારી આંખો ચોળવી ચાલુ રાખી, કે સિંહ જેવા આ સાત કોણ છે ? અને અને આ દુનિયામાંનો તેમનો ( સંબંધ ) શું છે ?

૨૦૫૬ જ્યારે રસ્તાનો વળાંક લેતાં હું ( તેઓની ) વધુ નજીક આવ્યો, મેં સાવધાની–પુર્વક તેઓને સલામ કરી.

૨૦૫૭ તે સમુહે મારી સલામનો જવાબ આપ્યો, " ઓ દકુકી, અમીરોના તાજ અને મગરૂરી, "

૨૦૫૮ ( મેં મારા મનમાં કહ્યું ) તેઓ મને કેમ ઓળખી શકયા ? તેઓએ અગાઉ આ સિવાય કદી મારી તરફ આંખ પણ માંડી ન હતી.

૨૦૫૯ તેઓએ તુર્તજ મારા બોલ્યા વગર મારો વિચાર જાણી લીધો, અને એકબીજાને નીચી નજરે જોવા લાગ્યા.

૨૦૬૦ અને હસ્તાં હસ્તાં જવાબ આપ્યો, "ઓ માનવંત સાહેબ, હજી તારાથી આ છુપું છે ?

૨૦૬૧ ખુદામાં દીલથી મદહોશ બનેલાથી ડાબી અને જમણી બાજુનું કાર્ય શા માટે છુપું રાખવામાં આવેલ છે.

૨૦૬૨ મેં ( મારા મનમાં ) કહ્યું, ( રૂહાની ) સમજણોના સંદેશાથી તેઓ જો જાણીતા છે તો ( શબ્દો ) ના રૂપ અને અક્ષરોના નામથી તેઓ કેવી રીતે જાણીતા હશે ?

૨૦૬૩ તેણે ( સાતમાંના એકે ) કહ્યું, જો એક ઓલીયાના ( અંતરમાંથી ) નામ ભુલાય તો તેની અજ્ઞાનતા અંગે નહિ પણ ખુદામાં તેના એકરૂપ થવા અંગે હોય છે.

૨૦૬૪ ત્યારબાદ તેઓએ કહ્યું, " ઓ પવિત્ર દોસ્ત, અમો તારી આગેવાની નીચે બંદગી ગુજારવા માગીએ છીએ."

૨૦૬૫ મેં કહ્યું, " ભલે, પણ થોડીવાર રાહ જુઓ, મને વખત બદલાયા અંગે થોડી મુશ્કિલ છે.

૨૦૬૬ તે ( મુશ્કિલીઓ ) પવિત્ર સાથના કારણે ઉકેલી શકાશે કારણકે દ્રાક્ષ જમીનના સાથ અંગે ઉગતી હોય છે.

૨૦૬૭ ફોતરા સહિતનું બી કૃપાની રાહે અંધાર જમીનના સંગમાં આપતા સુગંધીત બની ઉગે છે.

૨૦૬૮ તે તદ્દન જમીન સાથે, કોઇ પણ રંગ અથવા સુગંધ, રાતો અથવા પીળો ( રંગ ) તેના પર બાકી ન રહે તેમ ભૂંસાઇ જાય છે.

૨૦૬૯ પેલા ભૂંસાઈ જવા બાદ તેનો બાંધો નાશ પામ્યો, તેણે પોતાની પાંખો ઉઘાડી અને ફેલાવા પામ્યો અને રસ્તે જવા સવાર થયો.

7 વૃક્ષ 7 માણસ
દકુકી
અમીરોના
તાજ અને
મગરૂરી !

ઉંડા ચિંતન =
ખુદાની મહોબત

૨૦૭૦ તેના અસલની હાજરીમાં બેખુદ બન્યો, રૂપ નાશ પામ્યું; અને તેના અસલ અર્કે દેખાવ દીધો.

૨૦૭૧ તેઓએ માથા ધુણાવ્યાં (જાણે કહેતા હોય) સાંભળ, હુકમ કરવો તારૂં કામ છે. અને તેઓનાં માથાં નમાવવાના કારણે મારા દીલમાં જાણે ભડકો ઉઠયો.

૨૦૭૨ જ્યારે કે પેલા પસંદ થએલ સમુહ (કે જે) ઉંડા ચીંતનમાં હતો. તેની સાથે થોડી પળ માટેજ ભાગ લીધો, બાદ તેઓથી હું છુટો પડયો.

૨૦૭૩ મારો આત્મા તે જ સમયથી સમય અંગે સ્વતંત્ર થએલ છે, કારણ કે કલાકો જુવાનને બુઢો બનાવે છે.

૨૦૭૪ કલાકોમાંથી બધા ફેરફારો ઉભા થાય છે, જે સમયથી સ્વતંત્ર થયો છે તે ફેરફારથી (પણ) સ્વતંત્ર (છુટો) થયો છે.

૨૦૭૫ જ્યારે તમે એકાદ કલાક કલાકોમાંથી છુટા થશો ત્યારે તમને સબંધ બંધી નહિ લીએ, જે સબંધ વગરતું છે તેનાથી તમે ટેવાઈ ગયો હો છો.

૨૦૭૬ સમય વગરના સાથે કલાકો ટેવાઈ ગયા હોતા નથી. કારણ કે તેના માટે મદ-હોશી નજીકનો રસ્તો છે.

૨૦૭૭ આ શોધની અને શોધાતી દુનિયામાં દરેક જાતના લોકો પોતાને અમુક ખાસ તબેલામાં બાંધેલા રાખે છે.

૨૦૭૮ અને દરેક તબેલા ઉપર એક ખાસ તાલીમ આપનાર નીમાએલો હોય છે. કોઇ ઉદ્ધત (તેના રસ્તામાં) રજા વગર આવતો નથી.

૨૦૭૯ જો તે તબેલામાંથી વૃથા ઉમેદો થકી તે ભાગી છુટે, અને બીજાઓને તબેલામાં ઘુસાડે.

૨૦૮૦ તો તુર્તજ નમ્ર અને ભલો તબેલાનો રક્ષક તેના અટકવાના ખૂણા ઉપર તેને પકડશે અને પાછો કાઢશે.

૨૦૮૧ એ લુચ્ચા જો તમારા સંભાળનારાને નહિ જુઓ તો (સમજ કે) તારી પસં-દગી મરજી વિરૂદ્ધ છે.

૨૦૮૨ તું પસંદગી કરે છે અને તારા હાથપગ ઢીલા છે (તો પછી) શા માટે તને કેદમાં રાખેલ છે, શા માટે ?

૨૦૮૩ તબેલાના રક્ષકના (કાર્યથી) તેં પોતાને નામંજૂર કરેલ છે, તેં તેને શારિરીક આત્મા ઉપરના હુમલા તરીકે ગણ્યો છે.

## દકુકીનું પેશ ઇમામ તરીકે આગળ આવવા વિષે.

૨૦૮૪ આ વિવરણનો છેડો જ નથી, જલ્દી દોડ, સાંભળ; (બંદગીનો વખત થયો છે. એ દકુકી, આગળ જા.

૨૦૮૫ એ અદ્વતીય, સવારની નમાઝ પડાવ, કે સમય તારાથી માન ભરેલો બને.

૨૦૮૬ એ પવિત્ર દ્રષ્ટિવાળા ઇમામ; નિયમીત બંદગીના પેશ ઇમામમાં પાક નજર અનિવાર્ય છે.

૨૦૮૭ ઓ માનનીય (વાંચક) દીને (ઇસ્લામ) ના કાયદા પ્રમાણે પેશ ઇમામ તરીકે આંધળો માણસ હોય એ કાયદાસર નથી.

૨૦૮૮ ભલે તું કુરાને મજીદ મોઢે પણ જાણતો હો અને દૈવીપણામાં શીખેલો અને ચપળ હો ચોકખી જાહેરી દ્રષ્ટિવાળો પેશ ઈમામ ભલે તે મુર્ખ પણ હોય વધુ સારો છે.

૨૦૮૯ આંધળા માણસને ગંદવાડથી બચવાનું કોઇ સાધન નથી. (ગંદકીથી) બચવા અને છેટા રહેવાનું આંખ એ એક રસ્તો છે.

૨૦૯૦ તે પસાર થતાં ગંદકી જોઈ શકતો નથી, કોઈ ઈમાનદારને આંધળી આંખ ન હોતો.

૨૦૯૧ દેખીનો આંધળો માણસ એ જાહેરી ગંદવાડ છે અને માણસ કે જે અંતરથી આંધળો છે ને આંતરિક ગંદવાડમાં છે.

૨૦૯૨ આ બહારનો ગંદવાડ થોડા પાણીથી દુર કરી શકાય, પણ આંતરીક ગંદવાડ વધતો જ જાય છે.

૨૦૯૩ તે (ગંદવાડ) થોડા પાણી (આંસુ) સિવાય ધોઇ શકાતો નથી. જ્યારે કે એકવાર આંતરીક ગંદવાડ દેખાતો બને છે.

૨૦૯૪ જ્યારે કે ખુદાએ નાસ્તિકને 'ગંદકી' તરીકે બોલાવેલ છે, તે કાંઇ બહારના ભાગની ગંદકી નથી.

૨૦૯૫ નાસ્તિકનો જાહેરી દેખાવ (જાહેરી ગંદકીથી) થયો નથી. તે ગંદકી પણ તેના આચારો અને ધર્મમાં છે.

૨૦૯૬ આ બહારના ગંદવાડની વાસ વીસેક પગલાં જેટલી દુર જાય છે, પણ આંતારક ગંદવાડની વાસ રયથી દમાસ્કસ સુધી પહોંચે છે.

૨૦૯૭ નહિ તેની વાસ આસ્માન સુધી પહોંચે છે અને હુરાંઓ અને રિઝવાનના મગજ ઉપર સવાર થાય છે.

૨૦૯૮ હું જે કહું છું તે તમારી સમજશક્તિના માપ અનુસાર કહું છું. ખાત્રિપૂર્વકની સમજણના (અભાવે) હું દીલગીરીમાં મરું છું.

૨૦૯૯ સમજણ એ પાણી માફક છે, અને કાયાનું અસ્તિત્વ એ કુંજા જેવું છે, જ્યારે કુંજો ફૂટેલ હોય, પાણી તેમાંથી ઢોળાય છે.

૨૧૦૦ આ કુંજાને પાંચ ઉંડા છિદ્રો છે, પાણી કે બરફ (પણ) તેમાં રહી શકેશે નહિ.

૨૧૦૧ (ખુદાનો) હુકમ તમે પણ સાંભળ્યો છે. "તમે તમારી આંખો મજબુરીથી બંધ કરો." (છતાં) તમે તમારી પાનીઓ (પગલા) સીધો મુકો નહિ.

૨૧૦૨ તમારી વાણી તમારા મુખના (રસ્તે) તમારી સમજણને બહાર પાડે છે. તમારો કાન રેતી માફક છે, અને તે તમારી સમજણ ચૂસી લ્યે છે.

૨૧૦૩ તેવી જ રીતે તમારા 'બીજા' છીદ્રો તમારી સમજણનાં છુપાએલાં પાણી ખેંચી જાય છે.

૨૧૦૪ તમે દરિયાનું પાણી વળતર વગર ખાલી કરશો તો તમે સમુદ્રને રણ બનાવી મૂકશો.

વાણી (મુખના) (રસ્તો) સમજણ — સમજણ - પાણી, કાયા : કુંજો, નહિ તો પાણી - જાશે. સમજણ

કાન રેતી - સમજણ ચૂસી લે છે.

૨૧૦૫ (ઘણું) મોડું થયું છે, નહિતર હું વળતર અને બદલાના દરવાજાની (ખરી) હાલત સહેલી રીતે રજુ કરત.

૨૧૦૬ (અને કહેત) દરિયાને (આવી રીતે) વાપર્યા બાદ પેલાં વળતરો અને બદલાઓ ક્યાંથી આવે છે?

૨૧૦૭ લાખો ઢોરો તેમાંથી (પાણી) પીએ છે. વાદળાઓ બહારથી પણ (તેનું પાણી) લઈ જાય છે.

૨૧૦૮ (પણ, ફરીવાર સમુદ્ર (પોતામાં) પેલાં વળતરોને તે ક્યાંથી આવે છે તે સમજાતાં હોય છે.

૨૧૦૯ આપણે વાર્તાઓ ઉતાવળમાં શરૂ કરી છે, આ કિતાબમાં (મનસ્વીમાં) છેલ્લે (રૂહાની સમજણ અને અર્થો) સમજાવ્યા વગર અધુરી રાખી છે.

૨૧૧૦ ઓ ખુદાઈ પ્રકાશ, અમીર હુસમુદ્દીન, એક બાદશાહ, કે જેનાં અવકાશી વિભાજન વગરના પદાર્થો, કે જેને ઉત્પન્ન કરવા લાવવામાં આવેલ નથી.

૨૧૧૧ તું આત્મા (અને) દીલમાં ભાગ્યે જ આવ્યો છે. ઓ તું કે જેનું મહત્વશીલ દીલ અને આત્મા શરમીંદા બનેલ છે.

૨૧૨૧ મેં કેટલી બધી વાર ભૂતકાળના માણસોને વખાણ્યા છે. તેઓનાં વખાણની મારી ઉત્કંઠામાં જરૂરીયાત અંગે તેઓ હથીઆર હતાં.

૨૧૧૩ ખરેખર પ્રાર્થના તેનું પોતાનું ઘર જાણે છે તારી ઈચ્છા મુજબ જેના નામના વખાણ કરવાં હોય તેનાં (કર).

૨૧૧૪ ખુદાએ આ વાર્તાઓ અને બોધકથાઓ મુકરર કરી છે, એટલા માટે કે લાયકાત વગરનાઓથી (સત્ય ખાશિયતનાં) વખાણ છુપાં રહે.

૨૧૧૫ જો કે આવા વખાણ તારી આગળ ભોંઠા પડે તો પણ એક કે જેને થોડું દેવાનું છે તેનો થોડો પ્રયત્ન પણ ખુદા કબુલ કરે છે.

૨૧૧૬ ખુદા (રોટલાનો) પોપડો પણ સ્વીકારે છે, અને આપનારને મુક્તિ આપે છે. કારણ કે આંધળા માણસની આંખોમાંના બેટીમાં (પ્રકાશ માટે) પુરતાં છે.

૨૧૧૭ પંખીઓ અને મચ્છીઓ અસ્પષ્ટ રીતનો (ખરો અર્થ) જાણે છે કે જેમાં મેં આ ભલા નામના માણસનાં સંક્ષેપમાં વખાણ કર્યાં છે.

૨૧૧૮ અંતે અદેખાનો નિસાસો તેના ઉપર ફેંકાય નહિ અને તે (અદેખો) (હિસા-મુદ્દીન) ના (ખોટા) વિચારોને મેલી મુરાદના દાંતથી કરડે નહિ.

૨૧૧૯ તેના વિષે અદેખો માણસ દિલમાં વિચાર પણ કેમ કરશે? પોપટે ઉંદરના દરમાં ક્યારે આરામ કર્યો?

૨૧૨૦ (હિસામુદ્દીન) વિષેના મનના વિચારો (અદેખાના મનમાં) હલકી મનોવૃત્તીમાંથી ઊભા થાય છે, તે તેની આંખની ભમરનો વાળ છે, નહિ કે નવો ચાંદ.

બાજ
બાજ - ઉંદરના
દરમાં આરામ નાકરે

૨૧૨૧ હું તારા વખાણુ પાંચ (સમજણો) અને સાત આસ્માનમાં જાહેર રીતે ગાઉં છુ? હવે લખ, "દફુકી આગળ આવ્યા."

**સમુહને (બંદગીમાં) દોરવવા દફુકીના આગળ આવવા વિષે.**

૨૧૨૨ ઈમાનદારોને ઉદ્દેશીને બધા નબીઓનાં વખાણુ સલામત અને દુઆમાં મિલાવવામાં આવે છે.

૨૧૨૩ બધાં વખાણુ ભેગા કરવામાં આવે છે, એક બેશીનમાં કુજાઓ રેડવામાં આવે છે.

૨૧૨૪ એટલા માટે પોતાનાં વખાણુ કરવાના કારણુ એક કરતાં વધુ નથી. આ દૃષ્ટિએ (બધા) ધર્મો (માત્ર) એક જ ધર્મ છે.

૨૧૨૫ જાણુ કે દરેક વખાણુ 'ખુદાના નુર' (માટેજ) છે. અને (પેદા કરેલાં) રૂપો અને માણુસોને ઉછીનાં આપેલ છે.

૨૧૨૬ સમુહ તે કે જે વખાણુને પાત્ર છે તે સિવાય (બીજાં કોનાં) વખાણુ કરે? પણુ તેઓ વૃથા કલ્પનાઓમાં આડા જાય છે.

૨૧૨૭ 'ખુદાઈ નુર' ઇંદ્રિયગમ્યના સંબંધમાં એક દિવાલ પર પડતા પ્રકાશ માફક છે. દિવાલ આ ભવ્યતાઓ માટે સંગમ (બીંદુ) થી જોડાએલ છે.

૨૧૨૮ અનિવાર્યપણે જ્યારે પ્રતિબિંબ તેના અસલ મુળ તરફ ફરે છે, તે કે જે અવળે રસ્તે ગયો છે. ચંદ્રમાને ગુમાવેલ છે અને વખાણુ કરતો બંધ પડયો છે.

૨૧૨૯ અથવા (ફરી) ચંદ્રમાનું પ્રતિબિંબ કુવામાંથી દેખાય છે અને તે (તેને અવળે રસ્તે દોરે છે) પોતાનું માથું કુવામાં ઝુકાવે છે અને તેજ (પ્રતિબિંબને) વખાણે છે.

૨૧૩૦ સત્ય રીતે તે ચંદ્રમાનો વખાણુનાર છે. જો કે તેની અજ્ઞાનતાએ (ચંદ્રમાના) પ્રતિબિંબ તરફ તેનો ચહેરો ફેરવ્યો છે.

૨૧૩૧ તેનાં વખાણુ ચંદ્રમા માટેનાં હોવાં જોઇએ. નહિ કે તેના પ્રતિબિંબનાં. (પણુ) જ્યારે કે હકીકતને ખોટી રીતે સમજવામાં આવે ત્યારે તે (વખાણુ) નાસ્તિકવાદ, બને છે.

૨૧૩૨ તેથી પેલો બહાદુર માણુસ (તેના) સત્યાનાશ અંગે અવળો ગયો. ચંદ્રમા ઉપર જ હોવા છતાં જ્યારે તેણુે ઓચીંતા નીચે જોયો (પ્રતિબિંબમાં).

૨૧૩૩ લોકોનો આ મુર્તિઓ (ઇચ્છીત વસ્તુઓથી) ધ્યાન પલટો થયો છે. અને (ત્યાર બાદ) વિષય વાસના કે જેને તેઓએ છુટથી માણેલ છે તેનાથી પશ્ચાતાપ કરે છે.

૨૧૩૪ કારણુ કે તે (આવો) તેની વિષય વાસના માણુવામાં પડયો છે. અને વાસ્તવિકતાથી વધુ દુર રહ્યો છે.

૨૧૩૫ તમારી (આ) આભાસ માટેની ઇચ્છા એ એક પાંખ માફક છે. તે (શોધનાર) તે પાંખ થકી વાસ્તવિકતાને પહોંચવા (માગે છે)

સમુહ → વખાણવા પાત્ર અલ્લાહ, ખુદાઈ નુર.

ઈંદ્રીયોની દિવાલના ઉપર પડે છે.

२१३६ જ્યારે તેં વિષય વાસના માણી છે, તારી પાંખો પડી ગઇ છે. તમે લુલા બન્યા છો, અને તે આભાસ તમારાથી ભાગે છે.

२१३७ પાંખને સાચવી રાખ. આવી વિષય વાસના માણ નહિ. આખરમાં આશાની પાંખો તને બહિશ્તમાં પહોંચાડશે.

२१३८ લોકો કલ્પના કરે છે કે તેઓ પોતે આનંદ માણે છે (હકીકતમાં) તેઓએ આભાસની ખાતર પોતાની પાંખો તોડી નાખી છે.

२१३९ હું કરજદાર બન્યો છું કારણ કે આ વાતનું વિવરણ મારે ખાતે છે, મને વખત આપો, હું લાચાર છું અને તેથી મેં ચુપકીદી ધારણ કરી છે.

## દકુકીની આગેવાની હેઠળ સમુહનું અનુસરવું.

२१४० દકુકી બંદગી ગુજારવા આગળ આવ્યા. સમુહ રેશમી કપડામાં અને તે જરી ભરેલ કિનારવાળા કપડામાં.

२१४१ પેલા (રૂહાની) રાજાઓ તેની આગેવાનીને અનુસર્યા પેલા પ્રખ્યાત અનુકરણ કરવા યોગ્યની પાછળ સફમાં (હારમાં) ઉભા રહ્યા.

२१४२ જ્યારે તેઓએ તકબીરો ઉચ્ચારી તેઓ આ દુનિયામાંથી કુરબાની આપનારની માફક આગળ વધ્યા.

२१४३ ઓ પેશ ઈમામ, તકબીરનો (ખરો) અર્થ આ છે. ઓ ખુદા, તારી આગળ અમો કુરબાન બન્યા છીએ.

२१४४ (હલાલ) કરવાની પળે તમે કહો છો, 'અલ્લાહો અકબર' નફસે અમ્મારા કે જેને મારી નાખવો જોઈએ, તેને કાપતાં પણ એમજ કહેવું જોઇએ.

२१४५ કાયા હ. ઇસમાઈલની માફક છે. અને આત્મા હ. ઇબ્રાહીમ જેવો, રૂહે ઉમદા કાયા ઉપર તકબીર ઉચ્ચારી છે.

२१४६ કાયાને વિષય વાસનાઓ અને શારીરિક ઇચ્છાઓએ (લગભગ) મારી નાખેલ છે (પણ) બીસ્મિલ્લાહ શબ્દોના ઉચ્ચારણથી નિયમીત બંદગીમાં તેને કુરબાન કરી છે.

२१४७ કયામતની જેમ અને ખુદની પરિક્ષા અને લાયકાતોમાં પોતાને પરોવવામાં નિયમીત બંદગી ગુજારવા વખતે (જાણે કે) ખુદાની (સમક્ષ) સફમાં ઉભા રહેવા ગોઠવવામાં આવે છે.

२१४८ ખુદાની હજુરમાં ઉભા રહેતાં અને આંસુઓ સારતા, મૃત્યુમાંથી ઉભા થવાની માફક એક સીધો ઉભો રહે છે.

२१४९ ખુદા (તે દિવસે) કહેશે, "મેં તને જે વિરામની તક આપેલી તે દરમ્યાન તેં શું પેદા કર્યું છે?"

२१५० તેં તારી જીંદગી, (જીંદગીનાં) અંત સુધી કયા કામમાં ગુજારી છે? તારો ખોરાક અને તારૂં જોર તેં શેમાં વાપર્યું છે?

ખુદાના વખાણ (કુરબાની આપવી)
તારે
નફસે અમ્મારાને મારી નાખવાં:- કાપવા ત્યારે

૨૧૫૧ તેં તારી આંખોનો ચળકાટ કયાં ગુમાવ્યો? તેં તારી પાંચેઇ સમજણોને કયાં વિખેરી નાખી છે?

૨૧૫૨ તેં તારી આંખો અને કાનો અને બુદ્ધિ અને માનવમાં રહેલ માનત્વ વિસતારેલ તે માટીમાંથી (કાયામાંથી) શું ખરીદ કર્યું છે.?

૨૧૫૩ મેં તને હાથ અને પગ, પાવડો અને ત્રીકમની માફક આપ્યાં તેઓ (પોતે) અસ્તિત્વવાળા કયારે બન્યા?

૨૧૫૪ એમ છતાં માલિક તરફથી લાખો દીલગીરી ભરેલા આવા સંદેશા આવ્યા.

૨૧૫૫ (ખુદા તરફથી) બંદગીમાં ઉભા રહેતી વખતે આ શબ્દો પાછા ફરે છે. અને તે બંદગી વખતે શરમથી બેવડ વળી જાય છે.

૨૧૫૬ શરમ અંગે ઉભા રહેવાની શક્તિ રહેતી નથી. અને જ્યારે તેની ઘુંટણીઓ વળેલી હોય છે ત્યારે ભોંઠાપણુમાં મહાનતાની પ્રાર્થના કરતો હોય છે.

૨૧૫૭ પછી (દૈવી) હુકમ આવે છે, બંદગીમાંથી તમારાં માથાં ઉપાડી અને ખુદાને જવાબ આપે છે.

૨૧૫૮ (તે) શરમીંદા ચહેરાઓ બંદગીમાંથી પોતાનું માથું ઉપાડે છે અને તે માણસ કે જેનું કામ કાચું છે, પોતાના માથાભર પડે છે.

૨૧૫૯ ફરીવાર (દૈવી) હુકમ તેને મળે છે, તારૂં માથું સીજ્દામાંથી ઉંચું કર. અને તારા કર્તવ્યોનો હિસાબ આપ.

૨૧૬૦ ફરી એક વાર તે શરમજનક ચહેરે પોતાનું માથું ઉંચું કરે છે, અને ફરીવાર સાપની માફક થતો પાટ પોતાના માથાભર પડે છે.

૨૧૬૧ ફરીવાર તે કહે છે, તારૂં માથું ઉંચું કર, અને તારાં (કર્તવ્યો) જાહેર કર. હું તારી પાસેથી વાળેવાળ જાણવા માગું છું.

૨૧૬૨ તેને પોતાના પગ ઉપર ઉભા રહેવાની શક્તિ નથી, જ્યારે કે માનસિક ગભરાટના શબ્દો તેને ઉદ્દેશીને કહેવાયા જે તેના આત્માને અથડાયા.

૨૧૬૩ તેથી તે ભારે બોજાના કારણે નીચે બેસી જાય છે (પછી), માલિક, તેને કહે છે, "સ્પષ્ટ શબ્દોથી ખુલાસો કર."

૨૧૬૪ મેં તને બક્ષિસો આપી, (મને) કહે, તારો આભાર માનવો કેવા પ્રકારનો હતો? મેં તને મૂડી આપી, આવ, (મને) તેનું વ્યાજ બતાવ.

૨૧૬૫ (પછી) તે (બંદગી કરનાર) તેનો ચહેરો જમણી તરફ નબીઓ અને ઓલીયાઓના ચહેરા તરફ ફેરવશે.

૨૧૬૬ એટલા ખાતર કહેશે કે, "ઓ બાદશાહો તરફદારી કરો, કારણ કે આ ગુનેહગારના પગો અને ઝબ્બો કાદવમાં ખૂંચી ગએલ છે.

(બંદગીમાં) જમણી બાજુએ સલામ કરવી ને કયામતના દિવસે ખુદાની પરિક્ષાની ધાસ્તી અને તેની (નબીઓ) પાસેથી તરફદારી માગવાની (નિશાની) બતાવે છે તે વિષે.

૨૧૬૭ નબીઓ કહે છે, "દર્દના ઈલાજનો દિવસ પસાર થઈ ગયો. ઇલાજો અને તેના મજબુતાઈભર્યા અમલ ત્યાં હતા.

૨૧૬૮ તું કવખતનું પક્ષી છો. જાઓ, ઓ કંગાળ. અમારાથી રજા લ્યો, તમારા માટે અમારૂં લોહી નથી.

૨૧૬૯ પછી તે ડાબી તરફ તેના કુટુંબ તરફ પોતાનો ચહેરો ફેરવશે, તેઓ તેને કહેશે, "શાંત થાવ."

૨૧૭૦ સાંભળ, તું પોતે પેદા કરનારને જવાબ દે, અમે તે કોણ ? (અમારા) પૂર્વજ, તમારા હાથ અમારા ઉપરથી હટાવી લે.

૨૧૭૧ આ કે પેલી તરફથી કાંઈ પણ મદદ આવશે નહિ. આ લાચાર માણસના આત્માને એક સો કટકામાં કાપી નાખવામાં આવેલ છે.

૨૧૭૨ લાચાર ઈન્સાન દરેકની આશા તજી દે છે, પછી તે પોતાના બન્ને હાથો દુઆ માટે ઉંચા કરે છે.

૨૧૭૩ આક્રંદ કરીને કહે છે, "ઓ માલિક, મેં બધાની આશા છોડી દીધી છે; પહેલો અને છેલ્લો અને છેવટનો ઝરો તું જ છો."

૨૧૭૪ આવી સારી નિશાનીઓ નિયમીત બંદગીમાં નિહાળ, એટલા માટે કે તું જાણે કે આ પસાર થવા ચોક્કસ જ આવશે.

૨૧૭૫ નિયમીત બંદગી કે જે એક ઈંડા (જેવી) છે. રૂહાનીયત લાગણી ધરાવે છે, માલ મિલ્કત વગરના પંખીની માફક તારૂં માથું ઝડપથી ન હલાવ.

### નિયમીત બંદગી દરમ્યાન દકુકીએ, વહાણ કે જે ડુબવાની તૈયારીમાં હતું, તેમાંના દુ:ખીઓની બુમો સાંભળવી.

૨૧૭૬ દકુકી પેશ ઈમામ તરીકે કાર્ય કરવા તૈયાર થયા. કિનારા ઉપર બંદગી ગુજારવી શરૂ કરી.

૨૧૭૭ જ્યારે પેલો સમુહ તેની પાછળ ઉભો. તું જો, ભલો સમુહ અને સ્વીકારાએલો પેશ ઈમામ.

૨૧૭૮ ઓચીંતાની તેની આંખ દરીયા તરફ ગઇ, કારણ કે તેમણે દરિયા તરફથી મદદ, મદદની બુમો સાંભળી.

૨૧૭૯ તેમણે મોજાંઓ વચ્ચે એક વહાણ તેના કિસ્મત આધારિત, તકલીફમાં અને તંગ દશામાં જોયું.

૨૧૮૦ રાતનો અંધકાર, વાદળાંઓ અને તોતીંગ મોજાંઓ, આ ત્રણ જાતનાં અંધારાં હતાં, અને (વહાણુ) પાણીની ઘુમરીમાં ડુબવાના ભયમાં હતું.

૨૧૮૧ અઝરાયલ જેવો ભયંકર પવન (હતો), મોજાંઓ ડાબી અને જમણી તરફ (વહાણને) અથડાતાં હતાં.

૨૧૮૨ વહાણુમાંના માણુસો ત્રાસના અંગે મુવા જેવી હાલતમાં હતા. દુર્ભાગ્યની બુમો ઉડી હતી.

૨૧૮૩ અને તેઓ દીલગીરીમાં પોતાના હાથો પોતાના માથા ઉપર લગાવતા હતા. (ખુદાને યાદ કરવામાં) નાસ્તિકો અને આસ્તિકો બધા વિશ્વાસુ બન્યા હતા.

૨૧૮૪ (તેઓ) ખરા અંતઃકરણુથી વચનો દેતા હતા, ખુદાને યાદ કરીને એકસો વિનંતીઓ ઉચ્ચારી તે સમયે સોગંદ ખાતા હતા.

૨૧૮૫ તેઓ કે જેઓએ ખુદાથી (વિરૂદ્ધાઇમાં) કીલ્લા તરફ કદી પોતાનો ચહેરો ફેરવ્યો ન હતો. તેઓ ઉઘાડે માથે સિજદા કરવાના વિચાર કરતા હતા.

૨૧૮૬ તેઓ (અગાઉ) કહેતા, ખુદાની બંદગી કરવી નકામી છે (પણ) આવા સમયે તેમાં (બંદગીમાં) સો જીંદગીઓ પણ કીંમતી છે તેમ જોયું.

૨૧૮૭ તેઓએ બધા દોસ્તો અને કાકા મામા અને માબાપની સંપૂર્ણપણે આશાઓ છોડી દીધી હતી.

૨૧૮૮ તે સમયે દરવેશ અને પતિત (બંને) એક સરખી રીતે ખુદાથી એક દુષ્ટ મૃત્યુ સમયે બીએ તેમ બીનારા બન્યા હતા.

૨૧૮૯ તેઓને ડાબી તરફથી કે જમણી તરફથી મદદ મળે તેમ ન હતું, જ્યારે બધા પ્રયત્નો નિષ્ફળ જાય છે ત્યારે ખુદાને પ્રાર્થના કરવામાં આવે છે.

૨૧૯૦ તેઓ બંદગીમાં પશ્ચાતાપ અને રૂદન કરતા હતા. એક કાળો ધુમાડો તેમનામાંથી આસમાન તરફ ગયો.

૨૧૯૧ પછી સેતાને દુશ્મનાઇમાં બુમ પાડી, ઓ તમો બન્ને બિમારીથી પિડાતાઓ, કુતરાને ભજનારાઓ, ભાગો અહીંથી, નીકળો અહીંથી.

૨૧૯૨ (તમારા પર) મોત અને ત્રાસ (પડો.) ઓ અશ્રદ્ધાળુ અને ઢોંગીઓ, અંતમાં આ તમારા ઉપર પડશે જ?

૨૧૯૩ છુટકારા પછી તમારી વાસના સંતોષવાનો તમે આનંદ માણશો કે જેના અંગે વિચિત્ર (પ્રકારના) દાનવ બનશો.

૨૧૯૪ અને ખુદાએ તેના હુકમનામાથી (તમને દુઃખમાંથી બચાવવા) પોતાના હાથ પાછા ખેંચ્યા તે યાદ આવશે નહિ.

૨૧૯૫ આ બુમ સેતાન પાસેથી આવતી હતી, પણ આ શબ્દો સારી શ્રવણેન્દ્રિય (ભલા લોકો) સિવાય સંભળાવી નહિ.

૨૧૯૬ હ. મુસ્તફા (સ. સ. અ.) (દીનના) પંજા અને બાદશાહ, પવિત્રતાના સાગરે આપણને સત્ય જ કહ્યું છે.

૨૧૯૭ અજ્ઞાન જે આખરમાં જુએ છે તે સમજુ પેલા પગલાંથી જ જુએ છે.

અજ્ઞાન આખરે માં જુવે છે, સમજુ પેલા પગલાંથી જુવે છે. ડાબી જમણી ૨૧૮૯ મદદ ન મળે ત્યારે બધા પ્રયત્નો નિષ્ફળ જાય ત્યારે પ્રાર્થના ખુદાની કરે છે.

૨૧૯૮ હકીકતો ભલે છુપાએલ અને શરૂઆતમાં ગુપ્ત હોય, ડાહ્યો માણસ (તેની) શરૂમાંજ જુએ છે. પેલો દુરાગ્રહી અંતમાં જુએ છે.

૨૧૯૯ તેટલા ખાતર શરૂઆત ગુપ્ત છે, અને ડાહ્યો અને અજ્ઞાન (બન્ને) આખરમાં તે પ્રત્યક્ષપણે જુએ છે.

૨૨૦૦ (પણ) ઓ દુરાગ્રહી, જો તું છુપા બનેલા (તારી આંખ આગળથી પસાર થએલાને) જોતો નથી તો પછી તારૂં ડહાપણ વાવાઝોડામાં કયારે તણાઈ ગયું ?

૨૨૦૧ ડહાપણ શું છે ? ખોટું વિચારવું, આ દુનિયામાં તે (સમજુ) દરેક પળે પોતાના ઉપર ઓચિંતું દુઃખ આવી પડવા (અનુમાન કરતો હોય છે).

## ડહાપણ ધરાવનારની અસ્પષ્ટ માન્યતાઓ.

૨૨૦૨ તે આના જેવું છે જ્યારે એક સિંહ ઓચિંતો આવ્યો અને એક માણસને પકડયો અને જંગલમાં ખેંચી ગયો.

૨૨૦૩ તેને ખેંચાઈ જવાના વખતે શેના વિચાર આવશે ? આની (ગણત્રી કર), તેના જ વિષે વિચાર કર, ઓ તું કે જે (દીને) ઈસ્લામ શીખ્યો છે.

૨૨૦૪ સિંહ, દૈવી ભાવી, આપણા આત્માઓને કે જેઓ (દુનિયાના) કામકાજ અને વણજ-વેપારમાં ગુંથાએલા છે. તેઓને (મોતના) જંગલમાં ખેંચે છે.

૨૨૦૫ પેલી (બાબત આ દુનિયાના લોકો) કે જેઓને ગરીબાઈના ડર અંગે (જાણે કે) ખારા પાણીમાં ગળાડુબ છે. તેઓના જેવી છે.

૨૨૦૬ જો તેઓ ગરીબાઈમાં પેદા કરનારથી બીએ તો દુનિયા ઉપર તેઓ માટે ખજાનાનાં દ્વાર ખુલી જાય !

૨૨૦૭ પીડાની બીક અંગે તેઓ પીડાય છે, તેઓની (દુન્યવી) અસ્તીત્વપણાની તૃષામાં તેઓ નહિવતપણામાં પડયા છે.

## વહાણની મુક્તિ માટે દકુકીની દુઆમાં તરફદારી કરવા વિષે.

૨૨૦૮ જ્યારે દકુકીએ પેલી કયામત જોઇ, તેની દયા ઉભરાઇ આવી અને આંસુઓની ધાર ચાલી.

૨૨૦૯ તેણે કહ્યું, ઓ માલિક, તેઓનાં કર્તવ્યો તરફ ન જો, ઓ માનવંત બાદશાહ, તેઓનો હાથ પકડ.

૨૨૧૦ તેઓને સારી અને સલામત રીતે કિનારે પાછા લાવ, ઓ તું કે જેનો હાથ (શક્તિ) જમીન અને દરિયા (બન્ને) સુધી પહોંચે છે.

૨૨૧૧ ઓ દયાળુ, ઓ કૃપાળુ અને અનંત કાળના માલિક, હલકટ વારસા અંગે થએલાં તેઓનાં અપકૃત્યો તેઓ ઉપરથી ઉપાડી લે (માફ કરી દે).

૨૨૧૨ ઓ તું કે જેણે એક સો આંખો અને કાનો વગર કિંમતે આપેલા છે. અને લાંચ રૂશ્વત વગર બુદ્ધિ અને સમજણ ઇનાયત કરી છે.

૨૨૧૩ અમારા તરફથી અનુપકારીપણું અને ફરમાન ભંગ હોવા છતાં અમારા ઉપર લાયકાત વગર ઇનામોની નવાજીશ કરી છે.

૨૨૧૪ ઓ સર્વશક્તિમાન, તું અમારા મહાન પાપો ગુપ્ત રીતે માફ કરવા શક્તિમાન છો.

૨૨૧૫ અમે દગલબાજી અને કંજુસાઇથી અમોને બાળી મુકયા છે. અને આ અભ્યર્થના અમે તારી પાસેથી શીખ્યા છીએ.

૨૨૧૬ અમને તારી પ્રાર્થના શીખવવાના બદલામાં અમો આજીજી કરીએ છીએ અને (તેં જ) આવા અંધકારમાં અભ્યર્થનાનો દિપક (અમારા દીલમાં) પ્રગટાવ્યો છે.

૨૨૧૭ આ સમયે તેમની જીભ પર વિશ્વાસુ માતાની માફક અભ્યર્થના ચાલતી હતી.

૨૨૧૮ તેમની આંખોમાંથી આંસુઓ ચાલ્યા જતાં હતાં. અને (જ્યારે) તે પોતે ખુદીમાં હતો તે અભ્યર્થના આસમાન તરફ જતી હતી.

૨૨૧૯ (સત્ય કહેતાં) બેખુદીથી થએલી અભ્યર્થના જુદી જાતની છે, તે અભ્યર્થના (બોલનારની) નથી, તે (દૈવી) ઇન્સાફ કરનારથી બોલાએલી હોય છે.

૨૨૨૦ તે અભ્યર્થના ખુદા જ કરાવતો હોય છે, જ્યારે કે તે (બોલનાર) ફના છે ત્યારે અભ્યર્થના અને તેનો જવાબ (બન્ને) ખુદામાંથી છે.

૨૨૨૧ નામવાળો મધ્યસ્થી (તે વખતે) હાજર હોતો નથી. આવી દુઆ કરવાથી કાયા અને આત્મા (એક સરખી રીતે) ખબરદાર હોતાં નથી.

૨૨૨૨ લાંબા સમયની સહન કરનાર અને દયાળુ, ખુદાના (પસંદ) કરાએલ હકીકતને સત્ય સ્વરૂપે મુકવામાં ખુદાઈ ગુણો ધરાવતી હોય છે.

૨૨૨૩ તેઓ માયાળુ અને લાંચ રૂશ્વતથી પર છે, સખત દુઃખ અને બાંહેધરીમાં મદદગારો (છે).

૨૨૨૪ સાંભળ, આવા (ઓલીયાની) નજદીકી શોધ, ઓ દુઃખીયારા, સાંભળ; દુઃખ આવતાં પહેલાં તકની માફક (તેમને) પકડી રાખ.

૨૨૨૫ પેલા (રૂહાની) બહાદુરે દુઆની ફૂંકના પ્રતાપે તે વહાણને બચાવ્યું, જ્યારે વહાણના લોકોએ વિચાર્યું કે તેઓના પ્રયત્નો થકી (તેઓ બચી ગયા છે)

૨૨૨૬ (તેઓ ધારતાં હતા કે) તેઓના સંકટ (વખતે) તેઓના હાથથી કાળજી પૂર્વક તેના લક્ષ્ય તરફ તીર ફેંકયું હતું.

૨૨૨૭ શિકારીઓથી શિયાળોને તેમના પગો બચાવે છે પણ શિયાળો અવિચારી પણે એમ ધારે કે તેમની પુંછડી થકી (સલામતી) મળી છે,

૨૨૨૮ (જેથી) તેઓ શોખથી તેમની પુંછડીઓથી રમત કરે છે, એમ ધારીને કે દુઃખના વખતે આ (પુંછડીઓ) આપણી જીંદગી બચાવે છે.

૨૨૨૯ ઓ શિયાળ, ઇંટોના ટુકડાથી (ભાંગેલા) પગોની જાળવણી કર, ઓ અહંકારી આંખોવાળા જ્યારે કે તારા પગ નથી, તારી પુંછડી શા કામની ?

૨૨૩૦ આપણે શિયાળ માફક છીએ, અને ઉમદા ( ઓલીયા ) આપણા પગ મિસાલ છે, તે સેંકડો જાતના વેરઝેરથી આપણને બચાવે છે.

૨૨૩૧ આપણી તરકટી યોજના આપણી પુંછડી ( જેવી ) છે, આપણે પુંછડીથી ડાબી અને જમણી તરફ વહાલથી રમીએ છીએ.

૨૨૩૨ આપણે આપણી પુંછડીઓ વાદવિવાદ અને લુચ્ચાઈમાં આમતેમ હલાવીએ છીએ એટલા માટે કે ઝયદ અને બક્ર આપણા તરફ અચંબાથી જોઇ રહે.

૨૨૩૩ આપણે લોકોની અજાયબી આકર્ષવાને આતુર બન્યા, છીએ આપણે દૈવીપણું ખુંચવવા ( ફિરઓનની માફક મોટાઇ મેળવવા ) આતુર બન્યા છીએ.

૨૨૩૪

૨૨૩૫ કે જેના થકી આપણે ખાડમાં પડયા છીએ, ઓ હલકટ, તારા હાથ બીજાઓના મોઢા આગળથી છેટા રાખ.

૨૨૩૬ જ્યારે તું ખુબસુરત બગીચા અને મેવા તરફ આવી પહોંચે છે ત્યારે બાદમાં લોકોના પહેરણો પકડે છે અને દોરવે છે.

૨૨૩૭ ઓ તું કે જે ચાર ( અંગભૂત તત્વો ) અને પાંચ ( સમજણો ) અને છ ( દિશાએ ) ના કેદમાં રહે છે, બીજાઓને પણ ( તું ) ( આવી ) સારી જગ્યામાં દોરવે છે.

૨૨૩૮ ઓ તું કે જે ગધેડાના રખેવાળની માફક ગધેડાની પુંછડીના ભાગનો દોસ્ત છે. તેં ચુંબન કરવાની સારી જગ્યા શોધી છે અમને પણ ( ત્યાં ) લઇ જા.

૨૨૩૯ જ્યારે કે આપણા વહાલમનું ( સાચું ) દાસત્વ તને નસીબ નથી તો પછી સત્તા ધીશની ઇચ્છા તારામાં કયાંથી જાગી ?

૨૨૪૦ તારી ઇચ્છા છે કે તેઓ તને ' શાબાશ ' કહે, તેં તારા આત્માની ગરદન ઉપર બાણની પણછ બાંધી છે.

૨૨૪૧ ઓ શિયાળ, આ પુછડી તજી દે, તારી યોજના અને તારૂં દીલ. દીલના પેદા કરનારને સોંપી દે.

૨૨૪૨ જ્યારે કે તું સિંહના રક્ષણમાં છે, ભુંજેલું ગોસ મળતું બંધ નહિ થાય. ઓ શિયાળ મુરદાલ માંસ તરફ ઉતાવળ ન કર.

૨૨૪૩ આ દિલ, જ્યારે કે તું 'જુઝ'ની માફક 'કુલ્લ' તરફ જુએ છે. ત્યારે તું આ વખતે ખુદાની પસંદગીવાળો ગણાશે.

૨૨૪૪ ખુદાએ કહ્યું, " અમારી પસંદગી દીલ ઉપર ( નવાજીસ ) થઈ છે, તે કાંઈ બહારના રૂપ કે જે માટી અને પાણી છે તેના ઉપર ( ઉતરી નથી )."

૨૨૪૫ તમે કહેશો, મને પણ દીલ છે. ( પણ ) દીલ તો અવકાશ ઉપર છે, તે કાંઈ નીચે નથી.

૨૨૪૬ ખરેખર પાણી જમીનની નીચે છે. પણ તે પાણીથી તારા હાથ ધોવા એ યોગ્યનથી.

૨૨૪૭ જો કે તે પાણી તો છે ( પણ ) તે જમીનથી જીતાઇ ગયું છે. તો પછી દિલ વિષે એમ ન કહે તો કે આ દિલ છે.

૨૨૪૮ દિલ કે જે બહિશ્તોથી પણ ઉંચા છે તે ઉંચાઈ છે તે ઓલીયા કે નબીઓનાં દીલ છે.

૨૨૪૯ તે (દીલ) માટીથી ચોકખું બન્યું છે અને પવિત્ર બન્યું છે, તે પુરેપુરા કદમાં આવ્યું છે અને સંપૂર્ણ બન્યું છે.

૨૨૫૦ તેણે માટીથી છુટાછેડા લીધા છે, અને સમદ્રમાં આવ્યું છે, તે જમીનના કેદખાના માંથી છુટયું છે અને સમુદ્ર બન્યું છે,

૨૨૫૧ (પણ) આપણું પાણી માટીમાં કેદમાં રહ્યું છે, ઓ દયાના સાગર, સાંભળ, અમોને માટીમાંથી બહાર કાઢ.

૨૨૫૨ સાગર કહેશે, હું તને મારામાં ખેંચું છું, પણ તું વૃથા મીઠું પાણી હોવાનો ઢોંગ કરે છે.

૨૨૫૩ તને તારો વૃથા ઢોંગ ખુશનશીબીથી બેનશીબી રાખે છે, (વૃથા) કલ્પનાઓ છોડી દે અને મારામાં દાખલ થા.

૨૨૫૪ માટી (કાયા) નું પાણી સમુદ્રમાં જવા ઇચ્છે છે, (પણ) માટીએ પાણીનો પગ પકડયો છે અને તેને પાછો હડસેલે છે.

૨૨૫૫ જો તે માટીના હાથમાંથી પોતાનો પગ છોડાવે, માટીને સુકી છોડી દેશે અને તે (પાણી) સંપૂર્ણપણે સ્વતંત્ર બનશે.

૨૨૫૬ માટી પાણી પાછું ખેંચે તે શું છે? તે તમારૂં (મેદાન) તરફ ખેંચાવું અને ન ભેળવેલ (વિષય વાંસનાની) મદીરા છે.

૨૨૫૭ દુનિયાની તમામ વાસના પછી તે માલ મિલ્કતની હોય કે સત્તા કે ખોરાક માટેની તેવીજ રીતની છે.

૨૨૫૮ આ ચીજોમાંની દરેક તારામાં મદહોશી પેદા કરે છે, અને જ્યારે તે તું મેળવતો નથી ત્યારે તે તારા ઉપર માથાનો દુખાવો નાખે છે.

૨૨૫૯ આ દીલગીરીનો દુઃખાવો એ સાબીત કરે છે કે તારી મદહોશી પેલી ચીજોની (ઇચ્છા) પુરી ન થવાને કારણે હતી.

૨૨૬૦ આ (ચીજો) થી આગળ વધ રખેને તારી જરૂરીયાત અંગેના પગલાં પ્રમાણે તેઓ વિશીષ્ઠ અને તારા સતાધીશો બની બેસે.

૨૨૬૧ તમો ઘૃણાપૂર્વક (મદદ)ની ના પાડશો, કહેશો, હું પવિત્ર દીલનો માલિક છું. મને મને બીજા કોઈની જરૂર નથી, હું (ખુદાથી) એક થઈ ગયો છું.

૨૨૬૨ આ આમ છે. માટીનું પાણી ઘૃણાજનક રીતે ના પાડી કહેશે, હું પાણી છું. અને શા માટે મારે મદદ શોધવી?

૨૨૬૩ તમે આ અપવિત્ર દીલને (પવિત્ર) દીલ ધારી લેશો. તમે તમારા દીલને પવિત્ર દીલો ધરાવનારથી મિજાજીપણે વેગળા બનશો.

૨૨૬૪ શું તમે ખરેખર એમ ધારો છો કે આ દીલ કે જે દુધ અને મધના પ્રેમમાં છે તે પેલા પવિત્ર દીલ (જેવું) બને એ શકય છે?

૨૨૬૫ દુધ અને મધનું સ્વાદિષ્ટ હોવું એ (પવિત્ર) દીલનું પ્રતિબિંબ છે. દીલની મીઠાશમાંથી પેલી બધી ચીજની મીઠાશ ઉતરી આવી છે.

૨૨૬૬ તેથી દીલ એ ખાસ દ્રવ્ય છે અને દુનિયા અકસ્માત છે. દીલનો પડછાયો દીલની ઇચ્છા કેમ બને?

૨૨૬૭ શું પેલું દીલ કે જે માલમિલ્કત અને સત્તામાં મોહીત બન્યું છે, અથવા આ કાળી માટી અને પાણીને આધિન બન્યું છે.

૨૨૬૮ શું તે પ્રખ્યાતીના કારણે અંધકારમાં ઘેરાએલા વૃથા કલ્પનાઓનો પુજનાર (બન્યો) છે?

૨૨૬૯ દીલ એ પ્રકાશના સાગર સિવાય બીજું કંઇ નથી. (જે) દીલ ખુદાના દિદારની જગ્યા (છે) તે પછી શું આંધળું (બને)?

૨૨૭૦ લાખો સામાન્ય કે અમીરોમાં દીલ હોતાં નથી. તે (ભાગ્યેજ) એકાદામાં હોય છે,

૨૨૭૧ દિલના એકાદ ટુકડાને છોડી દે, 'કુલ્લ'ના દીલને શોધ. એટલા માટે કે તે ટુકડો પર્વત બને!

૨૨૭૨ (સંપૂર્ણ) દીલ આ બધી હસ્તિને ઘેરી વળે છે, અને દયા તથા રહેમતનું સોનું વેરે છે.

૨૨૭૩ દુનિયાના લોકો ઉપરના ખુદાઈ આશીર્વાદોમાંથી મળેલા તે અનેક આશીર્વાદો પસંદ કરે છે.

૨૨૭૪ જેનું પહેરણ માપસરનું અને તૈયાર જ છે, દીલની બક્ષીશ તે માણસને મળે છે.

૨૨૭૫ તમારૂં પહેરણ (તે આશીર્વાદ) ઝીલવા બંદગીમાં અને (ખુદાઈ) હાજરીમાં (તૈયાર) રાખજે, ખબરદાર રહેજે, તારા પહેરણમાં દુષ્ટતાના પત્થર ભેગા કરતો નહિ.

૨૨૭૬ એટલા માટે કે પેલા પત્થરોથી તમારૂં પહેરણ ફાટી જાય અને તમે (ખોટા) રંગોમાંથી સાચા સિક્કાઓ ઓળખી શકો.

૨૨૭૭ તમે તમારૂં પહેરણ આ દુનિયાની દુષ્ટતાના પત્થરોથી ભર્યું છે, અને લુચ્ચાઓની માફક સોના રૂપાથી (ભર્યું છે).

૨૨૭૮ જેવી રીતે કે સોનારૂપાથી કોઇ સાચું સોનું (બનતું) નથી. તમારી શ્રદ્ધાનું પહેરણ ફાટ્યું છે, અને તમારી દીલગીરી વધી છે.

૨૨૭૯ બચ્ચાંઓને રંગીન પત્થરો પત્થર જેવા કેમ દેખાશે? જ્યાં સુધી કે વાસ્તવિકતા તેઓનાં પહેરણ પકડે.

૨૨૮૦ આગેવાન (પીર) વાસ્તવિકતા છે, નહિ કે પેલા સફેદ વાળ વાળ સાથે સદ્કિસ્મત અને ઉમેદોને લાગતું વળગતું નથી.

**પેલા સમુહનો દકુકીની પ્રાર્થના અને તરફદારી અંગે વાંધા ઉઠાવવા અને (તેઓનું) અદીઠ દુનિયામાં અદશ્ય થવું અને તેઓ હવામાં કે જમીનમાં ગાય તે વિષે દકુકીનું અજાયબ થવું.**

દિલ = ખુદાના દિદારની જગ્યા
પ્રકાશના સાગર સિવાય બીજું કાંઈ X.

૨૨૮૧ જ્યારે વહાણુ બચાવાયું (મુસાફરો)ની ઉમેદ પૂરી થઈ. તે જ પ્રમાણે તે સમુહની નિયમીત બંદગી પૂરી થઈ.

૨૨૮૨ તેઓ એકબીજા સાથે ધીમે સાદે બોલવા લાગ્યા, કહે, ઓ પિતાજી, આ તરફદારી પસાર આપણામાં કોણ છે ?

૨૨૮૩ દરેકે એકબીજા સાથે ખાનગીમાં વાતો કરી, દકુડીની પીઠ પાછળ (તેઓ પોતાના વિચારો સંતાડતા હતા).

૨૨૮૪ અને દરેકે કહ્યું, હમણાંની આ ગીરીયાઝારી જાહેર કે બાતુનમાં મેં કરી નથી.

૨૨૮૫ તેણે (સમુહમાંના) એકે કહ્યું, આ આપણા ઇમામે (સહાનુભૂતિ અંગે) ડહાપણ કરી પ્રાર્થના કરી હોય તેવું લાગે છે.

૨૨૮૬ બીજાએ કહ્યું, ઓ તું કે જે ચોક્કસતા સાથે સુસંગત બનેલો છે, મને પણ તેમ જ લાગે છે.

૨૨૮૭ તેણે જ હસ્તક્ષેપ કર્યો છે, "જેને તે ચાહે તેને તે પસંદ કરે છે" સંતાપના કારણે તે વચ્ચે પડેલ હોય (તેમ લાગે છે).

૨૨૮૮ જ્યારે મેં પેલા અમીરો શું કહે છે તે જોવા પાછળ જોયું.

૨૨૮૯ મેં તેમાંના એક તે પણ તેઓની જગ્યાએ જોયા નહિ, તેઓ બધા પોતાની જગ્યાએથી ચાલ્યા ગયા હતા.

૨૨૯૦ તેઓ ડાબી કે જમણી અથવા ઉપર કે નીચે ન હતા. મારી તેજસ્વી આંખ તે સમુહને શોધવા અશક્ત હતી.

૨૨૯૧ તમે કદાચ એમ કહેશો કે તેઓ મોતી હતાં અને પાણી બન્યાં હતાં. તેઓનાં પગલાં કે રજ પણ તે મેદાનમાં ન હતી.

૨૨૯૨ તેઓ બધા તે પળે ખુદાઈ તંબુમાં દાખલ થયા હતા. પેલું ટોળું કયા બગીચામાં ગયું હતું ?

૨૨૯૩ હું અજાયબીમાં ગરકાવ બન્યો કે ખુદાએ મારી આંખોથી એક સમુહને કેવી રીતે અદૃશ્ય કર્યો ?

૨૨૯૪ પાણીના ઝરામાં મચ્છીઓને ઓચીંતા જોરથી ઝબોળે તેવી સરસ રીતે તેઓ મારી આંખ આગળથી અદૃશ્ય થયા હતા.

૨૨૯૫ તેઓની જુદાઇ અંગે તેઓ ઘણા વર્ષો દીલગીરીમાં રહ્યા. તેઓની ઉત્કંઠામાં ઘણી જીંદગીઓ સુધી તેણે આંસુ વહાવ્યાં.

૨૨૯૬ તમે કહેશો, ખુદાઈ ખસલતનો ઇન્સાન ખુદા સિવાય બીજા માણસોનો વિચાર પણ પોતાના દીલમાં કેમ લાવે ?

૨૨૯૭ ઓ ફલાણા, ફલાણા, તમે અહીં નહિ સમજો. તમે તેને કાયા તરીકે ગણશો, રૂહ તરીકે નહિ.

૨૨૯૮ ઓ મુર્ખ માનવી, તું નાશ થવા આવ્યો છે, કારણ કે ગીધની માફક આ પુરૂષોને દેહીક માનવીઓ તરીકે ગણ્યા છે.

૨૨૯૯ શ્રાપિત ઈબ્લીસે (આદમને) ગણ્યો તેમ તમે (આને) ગણ્યા છો. તેણે કહ્યું, હું અગ્નિ છું (જ્યારે) આદમ માટીમાંથી છે.

૨૩૦૦ તારી સેતાનીક આંખને એક પળ માટે પાટો બાંધ, કયાં સુધી માગીશ? તું બહારનું રૂપ કયાં સુધી જોઈશ? કયાં સુધી?

૨૩૦૧ ઓ દકુકી, (તારી) ઝરા જેવી (ચળકતી) આંખો સહિત આવ, આશા છોડ નહિ, તેમને શોધ.

૨૩૦૧ આવ અને શોધ, કારણ કે શોધવું એ નશીબનો થંભ છે, દરેક ફતેહ માટે (ઉમેદ પુરી થવા) દીલમાં ધ્યાન લગાડવું જરૂરી છે.

૨૩૦૩ દુનિયાના કાર્યથી લાગતું વળગતું ન હોવા છતાં બતકની માફક તારા ખરા (અંતરથી) આત્માથી કુ કુ કહેવું ચાલુ રાખ.

૨૩૦૪ ઓ તું કે જે (દુન્યવી) માયાથી (પર છો) આ સારી રીતે સમજ. ખુદાએ દુઆને 'હું જવાબ આપીશ' થી બાંધેલ છે.

૨૩૦૫ જેનું દીલ અચોક્કસપણામાંથી વિશુદ્ધ થયું છે, તેની દુઆ મહાન ખુદા સુધી પહોંચે છે.

### હ. દાઉદ (અ. સ.) ના વખતમાં પેલો જે કામ કર્યા વગર હકથી રોજી માગતો હતો અને તેની દુઆનો સહાનુભુતીભર્યો જવાબ મળ્યો તે વિષે.

૨૩૦૬ પેલો ગરીબ માણુસ કે જે રાત દિવસ રોતો અને ગીરીયાઝારી કરતો તેની વાત મારા મગજમાં આવી.

૨૩૦૭ (તે) કાંઈપણ કામકાજ કે હિલચાલ અને મહેનત કર્યા વગર હકની રોજી આપવા ખુદા પાસે અરજ કર્યા કરતો હતો.

૨૩૦૮ તેનું શું થયું તેનો ભાગ અગાઉ આપ્યો હતો. પણ વિઘ્ન પડયું અને પાંચગણું બન્યું.

૨૩૦૯ અમે (હવે બાકી રહેલ) કહેશું. જ્યાંથી કે તે (વાર્તા) ભાગી છુટેલ ક્યારે કે ખુદાની બક્ષિશના વાદળામાંથી અમારા પર ડહાપણ રેડાયું છે.

૨૩૧૦ ગાયના માલિકે તેને ઓચિંતો જોયો અને કહ્યું, "એઈ, ઓ તું કે જેના ભયંકર કાર્યથી મારી ગાયના કટકા થયા છે!

૨૩૧૧ એઈ (મને) કહે, શા માટે તેં મારી ગાય મારી નાખ? મૂર્ખ, બદમાશ, (મારાથી) સારી રીતે સમજી લે."

૨૩૧૨ તેણે કહ્યું, "હું ખુદા પાસે રોજની રોજી માગતો હતો. અને કિલ્લા તરફ ફરી બંદગી કરવાની તૈયારી કરતો હતો.

૨૩૧૩ પેલી મારી ઘણા વખતની મારી દુઆનો ( ખુદાએ ) જવાબ આપ્યો. તેણી ( ગાય ) મારી રોજીંદી રોજીનો ભાગ હતો. મેં તેને ઝબેહ કરી, આ મારો જવાબ છે."

૨૩૧૪ તે ( ગાયનો માલિક ) ગુસ્સાથી આવ્યો અને તેનું પહેરણ પકડ્યું ( અને ) ધીરજ ગુમાવી પોતાની મુઠીથી તેના ચહેરા ઉપર પ્રહાર કર્યો.

બન્ને પ્રતિસ્પર્ધીઓનું હ. દાઉદ (અ. સ.) પાસે જવું.

૨૩૧૫ તે તેને હ. દાઉદ ( અ. સ. ) પાસે ખેંચી ગયો, એમ કહીને કે: "ઓ તું કે જે ચસ્કેલ, મૂર્ખ અને ગુનેહગાર છે, આવ."

૨૩૧૬ ઓ બેઈમાન, આ મુર્ખતા ભરેલી દલીલો મુકી દે. તારા શરીરમાં અને તારી સમજમાં બુદ્ધિને પ્રવેશવા દે.

૨૩૧૭ તું આજે કહી રહ્યો છે તે શું છે? શું છે આ તારી દુઆ? ઓ દુષ્ટ મારી અને તારી દાઢી અને માથા માટે હસવું બંધ કર."

૨૩૧૮ તેણે ( ગરીબે ) કહ્યું, મેં ખુદા પાસે ઘણી પ્રાર્થનાઓ કરી છે, મેં આ ગીરીયાઝારીમાં ઘણું દુ:ખ અને ગમગીની ભોગવી છે.

૨૩૧૯ હું ચોક્કસ રીતે માનું છું કે ( તે ) દુઆનો સ્વીકાર થયો છે. ઓ ઢોંગી, તારૂં માથું પત્થર સાથે ભટકાવ.

૨૩૨૦ તે બુમ પાડી ઉઠયો, ઓ ઈમાનદારો મહેરબાની કરી મારી આજુબાજુ ભેગા થાઓ, આ નાદાન અને મુર્ખ ચસ્કેલની વાત સાંભળો.

૨૩૨૧ ઓ ઇમાનદારો, ખુદાની ખાતર ( કહો ), મારી મિલ્કત તેની માલીકીની એક દુઆ થકી કેમ બને?

૨૩૨૨ જો તેમ હોત તો એક માત્ર આ જાતની દુઆથી આખી દુનિયા ( બીજાની મિલ્કત ) ( બીજાઓ ) બળપુર્વક ઉઠાવી જાત!

૨૩૨૩ જો તેમ હોત તો આંધળા ભિખારીઓ ઉમરાવો અને શાહજાદાઓ બન્યા હોત.

૨૩૨૪ ( કારણ કે ) તેઓ રાત અને દિવસ ( ખુદાનાં ) વખાણ અને પ્રાર્થનામાં ( લાગેલા ) ( દુઆ માગે છે ) કે યા ખુદા, તું અમોને તેની પ્રાપ્તિ કરાવ.

૨૩૨૫ તું નહિ આપે ( ત્યાં સુધી ) ખરેખર કોઇ કદાપી ( કંઈ પણ વસ્તુ ) નહિ આપે. ઓ ખોલનાર, આ ( બક્ષીશનું ) તાળું ખોલ.

૨૩૨૬ આંધળાઓ (પણ) આજીજી અને પ્રાર્થનાઓ થકી આજીવીકા મેળવે છે. ( છતાં ) તેઓ રોટલાના ટુકડા સિવાય બીજી કોઇ બક્ષિશ મેળવતા નથી.

૨૩૨૭ લોકોએ કહ્યું, આ ઇમાનદાર સાચું કહે છે, અને આ પ્રાર્થના કરનાર ફેરીઓ એવો છે કે જે ગેરકાયદેસર વર્ત્યો છે.

૨૩૨૮ આ પ્રાર્થના મિલ્કત મેળવવાનું સાધન કેમ બને? આવી રીતથી લખેલો ધાર્મીક કાયદો કયારે બન્યો?

૨૩૨૯ વેચાણ કે બક્ષિશના પ્રતાપે કોઈપણ વસ્તુ તમારી મિલ્કત બને છે, અથવા વારસા કે ભેટ કે આવાજ પ્રકારથી બને છે

૨૩૩૦ આ નવો કાનુન કઈ કિતાબમાંથી (શોધાયો)? તેની ગાય પાછી આપ અગર તો કેદમાં જા;

૨૩૩૧ તે (ગરીબ માણસ) પોતાનો ચહેરો આસ્માન તરફ ફેરવતો હતો (એમ કહીને કે) તારા સિવાય મારો (રૂહાની) અનુભવ બીજો કોઇ જાણતો નથી.

૨૩૩૨ તે જ મારા મુખમાં પેલી પ્રાર્થના મુકી હતી તે જ મારા દીલમાં સો ઉમેદો ઉત્પન્ન કરી હતી.

૨૩૩૩ મેં આળસાઈ અંગે પેલી પ્રાર્થના ઉચ્ચારી ન હતી. હ. યુસુફની માફક મને સ્વપ્નામાં આવ્યો હતો?

૨૩૩૪ હ. યુસુફ (અ. સ.) એ (સ્વપ્નામાં) નોકરોની માફક પગે પડતા સૂર્ય અને તારાઓ જોયા હતા.

૨૩૩૫ તેમણે સાચા સ્વપ્નાઓ ઉપર વિશ્વાસ રાખ્યો હતો તેમણે અંધાર કોટડી અને કેદમાં આ સિવાય બીજું કંઈ શોધ્યું ન હતું.

૨૩૩૬ કારણ કે તેના (ખુદા) પરના વિશ્વાસ અંગે તેમણે ઓછા વધુ જુલમ અને ગુલામીની પરવા કરી ન હતી.

૨૩૩૭ તેમને પોતાના સ્વપ્ના પર (ઘણો) વિશ્વાસ હતો કે જે સ્વપ્ન તેની આગળ મિણબતીની માફક પ્રકાશ આપતું હતું.

૨૩૩૮ જ્યારે તેઓએ હ. યુસુફ (અ. સ.) ને કુવામાં ફેંકયા ત્યારે ખુદાઈ વહી તેમના કાને આવી પહોંચી.

૨૩૩૯ ઓ પહેલવાન, તું એક દિવસ બાદશાહ બનીશ કે જેથી તું આ હલકટ કાર્યને તેઓના ચહેરા ઉપર મારીશ. (અને પાળીશ).

૨૩૪૦ તે કે જેઓ બુમ પાડે છે દ્રષ્યમાન નથી. પણ (હ. યુસુફનું) દીલ બોલનારના (શબ્દો બોલવાની) અસરથી ઓળખી ગએલ.

૨૩૪૧ તેના આત્માને દૈવી સંબોધન (વહીથી) મોટી શક્તિ, શાંતિ અને મદદ મળી.

૨૩૪૨ શહેનશાહી વહી અંગે હ. ઇબ્રાહીમ ખલીલુલ્લાહની અગ્નિની માફક કુવો તેનો બગીચો અને સમારંભ બન્યો.

૨૩૪૩ તેણે આનંદપૂર્વક તે શક્તિ અંગે પાછળથી જે (દુ:ખ) આવ્યાં તે સહન કર્યા.

૨૩૪૪ દરેક મોમિનના દીલમાં સ્વાદીષ્ટ અને મીઠી સુગંધ સરખી 'અલસ્ત'ની બુમ કયામત સુધી અસ્તિત્વમાં રહેશે.

૨૩૪૫ તેથી તો એ પીડા વિરૂદ્ધ બરબડ કરતા નથી. અથવા ખુદાઈ હુકમોનું પાલન કરવામાં સંકોચાતા નથી.

૨૩૪૬ (દૈવી) હુકમનામું કે જે ગ્લાનિ ઊતારે છે તે (પેલે મોર્નિંગ) ગુલાબનો મુરબ્બો રૂહાની ખુશાલી) સમજતા તે કોળીઓ હજમાત કરે છે (સહન કરે છે).

૨૩૪૭ (પણ) તે કે જે ગુલાબના મુરબ્બા ઉપર આધારીત નથી તે પેલા કોળીઆને હજમાતમાં ઉલટી કરે છે.

૨૩૪૮ જે કોઈ એ 'અલસ્ત'ના દિવસને સ્વપ્નમાં જોએલ છે તે ખીદમતના કાર્યોમાં રસ્તામાં ચકચુર બન્યો છે ચકચુર.

૨૩૪૯ પીધેલા ઉંટની માફક તે આ (ભારે) બોજો ફટકા વગર આનાકાની વગર અને થાક લાગ્યા વગર સહન કરે છે.

૨૩૫૦ મોંના આગલા ભાગમાં ફીણના ગોટેગોટા દિલ સહિત ખાસ કરીને તેના ઇમાનની કબુલાતમાં (અંદરની) મદહોશી અને દીલની બળતરાનો સાક્ષી બન્યો છે.

૨૩૫૧ (તેના પર લાદેલા) ભાર ઉપાડવાના જોર અંગે ઉંટ ઝતુની સિંહ જેવા બન્યો છે. બોજાના ભાર તળે તે બહુ થોડો ખોરાક ખાય છે.

૨૩૫૨ તેની ઉંટણીની ઝંખનામાં એક સો ભૂખ તેના માટે હળવી (છે). પર્વત જેવી મુશ્કીલી તેને એક વાળ જેવી દેખાય છે.

૨૩૫૩ (પણ) 'અલસ્ત'માં જેણે આવું સ્વપ્ન જોયું નથી તે આ દુનિયામાં ખુદાનો ગુલામ અને શોધક બનતો નથી.

૨૩૫૪ અગર જો તે આવો બને (તો) હંમેશાં બદલાતો રહે છે. અને સો જગ્યાએ પોતાના વિચારો દોડાવે છે, એક ક્ષણે તે ખુદાનો આભાર મળે છે, અને એક સો વર્ષ સુધી ફરીયાદો ઉચ્ચારતો રહે છે.

૨૩૫૫ તે દીનના રસ્તા પર આગળ પાછળ પગલાં ભરે છે. અને કોઈ પણ જાતની ચોક્કસતા વગર એક સો જગ્યાની અદલબદલ કરે છે.

૨૩૫૬ હું આ વિવરણનો (તમારો) કરજદાર છું અને બાંહેધરી (આપી છે) જો તમે ઉતાવળમાં હો, સાંભળ, "શું અમે ઉઘાડયું નથી?"

૨૩૫૭ આ વિષયના વિવરણનો અંતજ નથી. ગાય (અંગે) દાવો લડનાર વિષે આગળ વધ

૨૩૫૮ તેણે (ગાય મારનારે) કહ્યું. આ ગુન્હા અંગે પેલા અવિશ્વાસુએ મને આંધળો કર્યો છે, આ ખુદા, (તેનું) આવું વચ્ચે પડવાનું કામ સેતાનીક છે.

૨૩૫૯ મેં આંધળાની રીતે દુઆ કયારે કરી છે? મેં પેદા કરનાર સિવાય બીજા પાહેથી કયારે માગ્યું છે?

૨૩૬૦ આંધળાને તારા પેદા કરાએલા પાસે અજ્ઞાનતા અંગે આશા હોય છે (પણ) મને તારા એકલાની જ આશા છે કે જેના થકી દરેક મુશ્કિલ વસ્તુ આસાન બની જાય છે.

૨૩૬૧ પેલા આંધળાએ આંધળાઓમાંના એક તરીકે મને ઓળખ્યો છે. તેણે મારા આત્માની નમ્ર આજીજીઓ અને મારૂં સઘળું આધિનતા પણું જોયું નથી.

૨૩૬૨ આ મારો અંધાપો એ પ્રેમનો અંધાપો છે. ઓ હસન, પ્રેમ એકને આંધળો અને બહેરો બનાવે છે. ( પ્રેમની બાબતમાં ).

૨૩૬૩ હું ખુદા સિવાય બીજા માટે આંધળો છું, હું તે તેનાથીજ જોનાર બન્યો છું. આ તેજ છે કે જે પ્રેમ માર્ગ છે, કહે ( શું આ ખરું નથી ) ?

૨૩૬૪ ( ઓ ખુદા ) તેઓ કે જેઓને દૃષ્ટિ છે. તેઓ મને આંધળો સમજે એમ કરતો નહિ. ઓ તમામના મધ્યસ્થ હું તારી દયાની આજુબાજુ ફરું છું.

૨૩૬૫ જેમ તે સત્યવાદી હ. યુસુફ ( અ. સ. ) ને સ્વપ્નું દેખાડયું તે તેનું મદદગાર બન્યું.

૨૩૬૬ તારી દયાએ મને પણ એક સ્વપ્નું બતાવ્યું. મારી અંત વગરની પેલી દુઆ એ એ કાંઈ નજીવી રમત ન હતી.

૨૩૬૭ મારા આંતરીક વિચારોને તારા પેદા કરેલા ( ઇન્સાનો ) સમજતા નથી તેઓ મારા શબ્દોને બાલિશ વાત સમજે છે.

૨૩૬૮ તેઓને ( આમ ) કરવાનો હક છે, કારણ કે ગૈબનો જાણનાર અને ગુન્હાઓને ઢાંકનાર સિવાય આ અદૃશ્યનો ગુઢાર્થ બીજો કોણ જાણી શકે ?

૨૩૬૯ તેના હરિફે તેને કહ્યું, તારો ચહેરો મારા તરફ ફેરવ. કાકા, સત્ય કહે, તેં તારો ચહેરો આસ્માન તરફ શા માટે ફેરવ્યો ?

૨૩૭૦ તું ઢોંગ કરી રહ્યો છે, તું ખોટી સીફારશ કરે છે, તું પ્રેમનો અને ( ખુદાની ) નજદીકનો લવારો કરે છે.

૨૩૭૧ તે જ પ્રમાણે જો તું રૂહાની રીતે મરેલો છે તો ક્યા મોંઢે તારો ચહેરો આસ્માન તરફ ફેરવે છે ?

૨૩૭૨ આના કારણે શહેરમાં ગરબડ ઉભી થઈ. (જ્યારે) પેલા 'મુસ્લીમે' જમીન ઉપર માથું મૂક્યું હતું.

૨૩૭૩ આક્રંદ કરતો કહે, ઓ ખુદા, તારા આ ચાકરને શરમમાં ન મૂકતો, ભલે કદાચ હું દુષ્ટ હોઉં તો પણ મારી ગુપ્તતા જાહેર ન કરતો.

૨૩૭૪ તું ( સત્ય ) જાણે છે, અને લાંબી રાત્રીઓ કે જેમાં એક સો આજીજીઓથી હું તને બોલાવતો હતો તે તું જાણે છે.

૨૩૭૫ અલબત્ત આ ( આજીજીઓ ) લોકોની દૃષ્ટિમાં કાંઈ પણ કીંમત વગરની છે. ( છતાં પણ ) તારી દ્રષ્ટિમાં એક પ્રકાશિત બત્તીની મિસાલ છે.

## હ. દાઉ ( અ. સ. ) નું બને દાવો લડનારાઓનું સાંભળવું અને પ્રતિવાદીને સવાલ કરવા વિષે.

૨૩૭૬ હ. દાઉદ ( અ. સ ) જ્યારે આગળ આવ્યા ત્યારે ( પૂછ્યું ). એઈ. આ બધું શું છે ? તે શું છે ?

૨૩૭૭ ફરીયાદીએ કહ્યું, ઓ ખુદાના પયગમ્બર (મને) ઈન્સાફ (આપો). મારી ગાય તેના ઘરમાં ગુમાવાઈ છે.

૨૩૭૮ તેણે મારી ગાયને મારી નાખી, તેણે શા માટે મારી તેનું કારણ તેને પૂછો, અને બનેલી બધી હકીકત કહી બતાવી.

૨૩૭૯ હ. દાઉદ (અ. સ.) એ (પેલા ગરીબને) કહ્યું, "ઓ સદ્ગૃહસ્થ બોલ, આ માનવંતા માણસની મિલ્કતનો તેં શા માટે નાશ કર્યો?"

૨૩૮૦ ધ્યાન રાખજે, આડું અવળું ન બોલતો, (પણ) તારો બચાવ રજુ કર, એટલા માટે કે આ દાવો અને હકીકત એક બાજુએ લઇ જવાય (પતાવી શકાય)."

૨૩૮૧ તેણે કહ્યું, "ઓ (હ. દાઉદ અ. સ.) હું સાત વર્ષો સુધી રાત દિવસ દુઆ અને આજીજીમાં મશગુલ હતો.

૨૩૮૨ હું (આ) ખુદા પાસેથી ખોળતો હતો, (મેં કહ્યું) ઓ ખુદા, મને હલાલ રોજી કાંઇપણ મહેનત વગર જોઇએ છીએ.

૨૩૮૩ સ્ત્રીઓ અને પુરૂષો (બન્ને) આ મારા વિલાપથી માહિતગાર છે. બચ્ચાંઓ (પણ) આ બનાવની વિગત કહી શકે તેમ છે.

૨૩૮૪ આ બાબતની માહિતી માટે તમે ગમે તેને પૂછી શકો છો કે જેથી તેઓ દબાણ કે ઈજાના (ભય) વગર તમને કહેશે.

૨૩૮૫ આ ફાટેલ ઝભ્ભાનો ભિખારી શું કહેવા માગે છે તેની તમે લોકો પાસે જાહેર કે ખાનગીમાં તપાસ કરી શકો છો.

૨૩૮૬ આ બધી આજીજીઓ અને આક્રંદ બાદ ઓચિંતાની મેં મારા ઘરમાં ગાય જોઈ.

૨૩૮૭ ખોરાક અંગે નહિ પણ મારી વિનંતી સ્વીકારવામાં આવી તે કારણથી મારી આંખ ઝાંખી બની.

૨૩૮૮ મેં તેને મારી નાખી કે જેથી આભાર દર્શાવવા (દાન) માં વાપરૂં, એટલા માટે કે જે અદ્રશ્ય ચીજોનો જાણનાર છે તેણે મારી દુઆ સાંભળી છે."

## ગાય કાપનારની વિરૂદ્ધ હ. દાઉદ (અ. સ.) નો ઈન્સાફ તોળવો.

૨૩૮૯ હ. દાઉદ (અ. સ.) એ કહ્યું, આ શબ્દો ભૂંસી નાખ, અને આ વાદવિવાદમાં કાયદાસરની દલીલ દે.

૨૩૯૦ આવા જવાબથી તું એમ ધારણા રાખે છે કે હું શહેરમાં એક ખોટો કાયદો બેસાડું?

૨૩૯૧ આ (ગાય) તને કોણે આપી? તે (ગાય) તેં ખરીદ કરી કે વારસામાં મળી? તું પાક કેમ લણી શકે? શું તું ખેડૂત છે?

૨૩૯૨ કાકા, જાણો કે (માલ મિલ્કત) મેળવવી એ ખેતી વાડી માફક છે, જ્યાં સુધી તું (જમીન) વાવતો નથી, પેદાશ તારી બનતી નથી.

૨૩૯૩ કારણ કે તું વાવે છે તે તું લણે છે, તે તારૂં છે. નહિતર આ અન્યાયી કૃત્ય તારા વિરૂદ્ધ સાબીત થયું છે.

૨૩૯૪ જા, મુસ્લિમ (ઇમાનદાર) ના પૈસા ભરી દે, અને ખોટી રીતનું બોલ નહિ. જા. પૈસા ઉછીના લેવાની કોશીષ કર, અને તેને ભરી દે, અને હવે આવું ખોટું ન કરતો.

૨૩૯૫ તેણે જવાબ દીધો, ઓ બાદશાહ જે અત્યાચારીઓ કહે છે તે જ તમો પણ કહો છો.

## પેલા શખ્સનું હ. દાઉદ (અ. સ.) ના ઈન્સાફ વિરૂદ્ધ (ખુદાને) અંતઃકરણથી ફરીયાદ કરવા વિષે.

૨૩૯૬ તે સિજદામાં પડયો અને કહ્યું, ઓ તું કે જે (મારા અંતરની) લાગણી જાણે છે. (મારા) આ આતશને હ. દાઉદ (અ. સ.) ના દીલમાં પ્રગટાવ.

૨૩૯૭ ઓ મારા આશ્રયદાતા, તેં ખાનગીમાં મારા દિલમાં જે પ્રગટાવ્યું છે તે તેના દિલમાં નાખ.

૨૩૯૮ તેણે આમ કહ્યું, અને મોટા અવાજે આક્રંદ કરવું શરૂ કર્યું, આથી હ. દાઉદ (અ. સ.) નું દીલ તેની જગ્યાએથી હટી ગયું (દયા ઊભરાઈ),

૨૩૯૯ તેમણે કહ્યું, "સાંભળ, ઓ ગાયના માલિક, આજે મને વિરામ દે, અને આ વાદ-વિવાદની બાબતોના ઉંડાણમાં ન જતો.

૨૪૦૦ જેથી હું એકાંતમાં જાઉં અને ગુઢાર્થોના જાણનારને હું જ્યારે બંદગીમાં બેસું ત્યારે આ બાબતમાં પુછી જોઉં."

૨૪૦૧ હું બંદગી દરમ્યાન હું ખુદાની હજુરમાં રજુ થવા ટેવાએલો છું, (હદીસ) નો અર્થ, "મને નિયમીત બંદગીમાં ખુશી ઉત્પન્ન થાય છે."

૨૪૦૨ મારા આત્માની બારી ખુલ્લી છે, (અને અદીઠ દુનિયાની) પવિત્રતામાંથી કોઇ પણ મધ્યસ્થી વગર ખુદાઈ કિતાબ મારા તરફ આવે છે.

૨૪૦૩ (દૈવી દયાની) કિતાબ અને વરસાદ અને "નૂર" મારા ઉદ્‌ગાન સ્થાનમાંથી મારી બારીમાં મારા ઘરમાં પડે છે.

૨૪૦૪ બારી વગરનું ઘર એ દોજખ છે, ઓ ખુદાઈ 'ખાસ'. બારી બનાવવી એ 'સત્યપંથ' નો પાયો છે.

૨૪૦૫ દરેક ઝાડી ઉપર કુહાડી લગાવ નહિ. અને, આપ બારી બનાવવામાં કુહાડી લગાવ.

૨૪૦૬ અથવા તું જાણતો નથી કે સૂર્યનો પ્રકાશ પડવાની પેલે પારનું સુર્યનું પ્રતિબીંબ છે.

૨૪૦૭ તું જાણે છે કે જનાવરોએ પણ (બહારના સુર્ય)નો પ્રકાશ જોયો છે તો પછી (પ્રકાશીત થએલાને હદીસમાં) શું (કહેવાણું)? "મેં મારા આદમને સાનવંત બનાવ્યો છે."

૨૪૦૮ હું સૂર્યની માફક "નૂર"માં ઝબોળાયો છું કે "નૂર"માંથી મારા ખુદને પિછાણી શકતો નથી.

હજુરમાં = બંદગીમાં રજુ થવું ઉત્પન્ન થવું. અદીઠ - દુનિયામાંથી

૨૪૦૯ મારૂં બંદગીમાં જવું અને પેલું એકાંત એ લોકોને રસ્તો શીખવવાના કારણે છે.
૨૪૧૦ હું એટલા માટે ચીજો વાંકીચૂંકી મૂકું છું (હકીકતમાં તેમ નથી) કે દુનિયા સીધી બને. એ સમજુ, "લડાઈ વિશ્વાસઘાત છે."
૨૪૧૧ (મારા માટે) આ કહેવાની રજા નથી. નહિતર તેઓ (હ. દાઉદ અ. સ.) એ (સઘળી બાબત) જાહેર કરી હોત, અને ગુઢાર્થના સમુદ્રની ધુળ ઉડાડી હોત.
૪૧૨ હ. દાઉદ (અ. સ.) એ આ બાબત ઉપર બોલવું ચાલુ રાખ્યું હોત. (તેથી) પેલા મુદ્દા ઉપર લોકોની સમજણ બળી ગઈ હોત (સત્ય સમજાયું હોત).
૪૧૩ પછી કોઈએ તેનું કોલર પાછળથી ખેંચ્યું, એમ કહીને તેના મિલન અંગે મને કશો પણ શક નથી.
૪૧૪ (ત્યારબાદ) તેઓ સભાન બન્યા. તેનું વિવરણ ટુંકું કર. તેમના હોઠો બંધ થયા, તેઓ જ્યાં એકાંતમાં (બંદગી કરતા) ત્યાં જવા રવાના થયા.

### હ. દાઉદ (અ. સ.) નું એકાંતમાં જવું એટલા માટે કે સત્ય જાહેરાતમાં દેખાડી શકાય.

૨૪૧૫ તેમણે દરવાજો બંધ કર્યો, અને શાંતિપૂર્વક બંદગી કરવાના સ્થળે ગયા. (પોતે) બંદગીમાં (મશગુલ થયા) કે (ખુદા પાસેથી) જવાબ મળે.
૨૪૧૬ ખુદાએ તેમને તમામ હકીકત ખુલ્લી કરી, જે ખરેખર સજાને પાત્ર હતો તેનાથી તેઓ ખબરદાર બન્યા.
૨૪૧૭ બીજા દીવસે બધા દાવેદારો આવ્યા અને હ. દાઉદ (અ. સ.)ની હજુરમાં હારબંધ ઊભા રહ્યા.
૨૪૧૮ આમ (બાકી રહેલા) વાદવિવાદના પ્રશ્નો તેમની સમક્ષ રજુ થયા, વાદી તુર્તજ જુસ્સાભરી દલિલો કરવા લાગ્યો.

### હ. દાઉદ (અ. સ.) નો ગાયના માલિક વિરૂધ્ધ ઈન્સાફ આપવો, તેને ગાય અંગેનો દાવો પાછો ખેંચી લેવાની ફરજ પાડવી. ગાયના માલીકનું હ. દાઉદ (અ. સ) ઉપર દોષારોપણ કરવા વિષે.

૨૪૧૯ હ. દાઉદ (અ. સ.) એ તેને કહ્યું, "ચૂપ રહે. જા, તારો દાવો માંડી વાળ, તારી ગાયની જવાબદારીમાંથી આ ઇમાનદારને છુટો કર.
૨૪૨૦ એ યુવાન જેવી રીતે ખુદાએ (તારા પાપ ઉપર) પડદો ઢાંક્યો છે, તેવી રીતે (તારાં પાપ) ઢાંકવા માટે (ખુદાનો) ઉપકાર માન, અને રવાના થા."
૨૪૨૧ તે બુમ પાડી ઊઠયો, "આહ, મને શ્રાપ હોજો, આ તે કેવો ઈન્સાફ છે? કેવો ન્યાય? મારા ખાતર તમે નવો કાયદો સ્થાપો છો?



લડાઈ - વિશ્વાસઘાત છે.

૨૪૨૨ તમારા ઇન્સાફથી ખ્યાતિ એટલી હદ સુધી ફેલાએલી છે કે જમીન અને આસમાન (પણ તેની સુવાસથી) સુવાસિત બન્યાં છે?
૨૪૨૩ આંધળા કુતરાઓ તરફ પણ આવું ખોટું કદી આચરવામાં આવ્યું નથી. તો આવા અણધાર્યા અન્યાયથી ટેકરા અને ડુંગરા પણ તુટી પડશે."
૨૪૨૪ તે બુમો પાડીને આવી ખુલ્લી રીતે દલિલો ઉચ્ચારતો હતો, "ધ્યાન રાખો, આ અન્યાયનો જમાનો આવ્યો છે, ધ્યાન રાખજો."

**હ. દાઉદ (અ. સ.) એ ગાયના માલિક વિરૂદ્ધ સજા જાહેર કરી, એમ કહીને કે "પ્રતિવાદીને તારી બધી માલ મિલ્કત આપી દે."**

૨૪૨૫ ત્યારબાદ હ. દાઉદ (અ. સ.) એ તેને કહ્યું, ઓ સત્તાની અવજ્ઞા ન કર. જલ્દીથી તારી તમામ માલ મિલ્કત તેને આપી દે.
૨૪૨૬ નહિતર તારો દાવો ગંભીર બની જશે. હું તને (આમ) એટલા માટે કહું છું કે તેના થકી તારો ગુનો જાહેરમાં પ્રગટ ન થાય.
૨૪૨૭ તેણે પોતાના માથા ઉપર ધુળ નાખી, અને પોતાનાં કપડાં ફાડયાં. આક્રંદ કરીને કહે, તમે દરેક પળે અન્યાયો ઉમેરતા જાઓ છો.
૨૪૨૮ ફરી એક વાર છે દોષ દેવામાં પડયો. પછી હ. દાઉદ (અ. સ.) એ તેને પોતાની હજુરમાં નજીક બોલાવ્યો.
૨૪૨૯ અને કહ્યું, જ્યારે કે તે તારા નશીબમાં ન હતું, ઓ તું કે જેનું નશીબ આંધળું છે, તારી દુષ્ટતા ધીરે ધીરે પ્રકાશમાં આવે છે.
૨૪૩૦ નીચ (હોવા છતાં) પછી તું મોટી જગ્યાએ અને પછી માનની જગ્યાએ (આગળ વધ્યા) તારા જેવા ગધેડાથી મારી લાકડી અને ઘાસ પણ ભાગી છુટે.
૨૪૩૧ ચાલ્યો જા. હવે તારાં છોકરાંઓ અને તારી ઘરવાળી તેનાં ગુલામો બન્યાં છે. વધુ જરા પણ ન બોલતો.
૨૪૩૨ તે (વાદી) પોતાના બન્ને હાથોથી છાતી ઉપર પથરો મારતો હતો અને તેની સુર્ખાઇમાં આમતેમ દોડતો હતો.
૨૪૩૩ લોકોએ પણ હ. દાઉદ (અ. સ.)ને દોષ દેવો શરૂ કર્યો, કારણ કે તેઓ (વાદીના) છુપાં કર્તવ્યોથી સભાન ન હતા.
૨૪૩૪ એક કે જે ઘાસ જેવો વિષય વાસનાના (પવન) થકી પરાધીન બનેલ છે, તે અત્યાચાર ખમેલામાંથી અત્યાચારીને કેમ શોધી શકશે?
૨૪૩૫ તે કે જે હલકટ નફસે અમ્મારાનું માથું કાપી નાખે છે તે એકલો જ માત્ર અત્યાચારીઓમાંથી અત્યાચાર ખમનારાનો રસ્તો શોધી શકે.
૨૪૩૬ નહિતર તે અત્યાચારી કે જે (આપણામાં) છે તે અત્યંત ક્રોધાવેશ (ના કારણે) અત્યાચાર સહન કરવાવાળાનો હરિફ છે.

૨૪૩૭ એક કુતરો હમેશાં ગરીબ ઉપર હુમલો કરે છે, જો તેનાથી બની શકે તો પેલા ગરીબ ઉપર જખમો પણ કરે છે.

૨૪૩૮ જાણુ કે સિંહ શરમાય છે (પણ) કુતરાઓ (શરમાતા) નથી. કારણ કે તે (સિંહ) તેના પાડોશીઓનો શિકાર કરતો નથી.

૨૪૩૯ ટોળું દબાએલાને જ કાપે છે અને અત્યાચારીની પૂજા કરે છે. છટકામાંથી તેઓનો કુતરો (નફસે અમ્મારા) કૂદી પડયો અને (હ. દાઉદ અ. સ.) તરફ દોડયો.

૨૪૪૦ (લોકોના) ટોળાએ પોતાનો ચહેરો હ. દાઉદ (અ. સ.) તરફ ફેરવ્યો, કહે, ઓ પસંદ કરાએલા નથી, કે જેઓને અમારી તરફ પ્રેમભાવ છે.

૨૪૪૧ આવો (ઈન્સાફ) કરવો તમારા લાયક નથી, કારણ કે આ તો દેખીતો અન્યાય છે. તમે કાંઈપણ કારણ વગર એક નિર્દોષને નીચો પાડયો છે.

## લોકોએ અમુક ચોક્કસ મેદાનમાં ભેગા થવાનો હ. દાઉદ (અ. સ.) નો નિર્ણય કરવો એટલા માટે કે ગુઢાર્થ ખુલ્લું થાય અને બધી દલીલોનો અંત આવે.

૨૪૪૨ તેમણે કહ્યું, ઓ દોસ્તો, વખત આવી પહોંચ્યો છે કે છુપાએલ ગુઢાર્થને જાહેરમાં ખુલ્લું કરવામાં આવે.

૨૪૪૩ (તમો) સઘળા ઉઠો, કે જેથી આપણે આગળ જઈએ, જ્યાંથી આપણે છુપાએલ ગુપ્ત હકીકતથી માહીતગાર થઈએ.

૨૪૪૪ ફલાણા મેદાનમાં એક તોતીંગ ઝાડ છે. તેની ડાળીઓ ગીચ, અસંખ્ય અને વાંકી વળેલી છે.

૨૪૪૫ તેની રાવટી અને રાવટીના ખીલા મજબૂત છે, તેના મૂળીયાઓમાંથી મને લોહીની વાસ આવે છે.

૨૪૪૬ તે સુંદર ઝાડ નીચે ખૂન કરવામાં આવ્યું છે. આ નશીબ ફુટેલા માણસે તેવા શેઠનું ખૂન કર્યું છે.

૨૪૪૭ અત્યાર સુધી ખુદાએ તેનું પાપ ઢાંકયું હતું. (પણ) આખરે તે હલકટનાં અનુપકારીપણા અંગે (જાણવામાં આવ્યું છે).

૨૪૪૮ તેણે એક દિવસ પણ તેના શેઠના કુટુંબ તરફ ધ્યાન દીધું નથી. નવરોઝ કે ઉત્સાહની ઋતુમાં (પણ નહિ).

૨૪૪૯ અને તંગીમાં પડેલા (બચ્ચાં કે સગાંવહાંલાની જરૂરીયાત) એક કોળીઓ અનાજ (પણ) આપવા તપાસ કરી ન હતી. અથવા અગાઉના ઉદ્‌ગારો વિષે પણ ચિંતા કરી ન હતી.

૨૪૫૦ (અને આમ જ ચાલુ રહ્યું) જ્યાં સુધી કે એક ગાયના ખાતર આ શ્રાપિત બદમાશે તેના (શેઠના) પૌત્રને જમીન પર પછાડ્યો ત્યાં સુધી.

૨૪૫૧ તેણે પોતે જ તેના ગુન્હાના પડદાને ઉચકેલ છે. નહિતર ખુદાએ તેનું પાપ ઢાંક્યું હોત.

૨૪૫૨ આ જ રીતે દુનિયામાં નાસ્તિકો અને દુરાચારીઓ પોતાના કૃત્યોના પડદા ચીરશે.

૨૪૫૩ જુઠ આત્માના આંતરીક વિચારોમાં લપટાએલું છે, ખોટું કરનાર તેને માણસોથી છુપાવે છે.

૨૪૫૪ કહે છે, મને જુઓ, મને શિંગડાં છે, તર્કની ગાયને પૂરેપૂરી રીતે જુઓ.

**હાથ અને પગ અને જીભ, આ દુનિયામાં પણ દુષ્ટને લગતી, છુપી વાતની સાબીતીઓ રજુઆત કરશે, તે વિષે.**

૨૪૫૫ અહીં પણ પછી, કુકર્મ (કરવામાં) તારા હાથ અને પગ તારા અંતઃકરણમાં સાક્ષી આપશે.

૨૪૫૬ જ્યારે કે તમારૂં (હલકું) અંતઃકરણ તમારી દેખરેખ રાખનાર બને છે, અને કહે છે, બોલ તારી માન્યતાને પકડી રાખ નહિ.

૨૪૫૭ અને ખાસ કરીને ગુસ્સા કે કજીયા વખતે તારા આંતરીક વિચારો (તેને) વાળે વાળ જાહેર કરે છે.

૨૪૫૮ જ્યારે કે જુઠ અને અન્યાય તમારો દેખરેખ રાખનાર બને છે. અને કહે છે, ઓ (મારા) હાથ અને પગ, મને ખુલ્લું કર.

૨૪૫૯ અને જ્યારે કે (હલકું અંતઃકરણ) જે ગુપ્ત વિચારને પકડે છે, ત્યારે આવેશ, ગુસ્સો અને વેરની વેળાએ નાડીઓને પકડે છે.

૨૪૬૦ પછી પેલો કે જે આ (અંતઃકરણ) માટે દેખરેખ રાખનાર જેવો નીમે છે તે તે જગ્યાની ગુપ્તતાનો વાવટો ફરકાવે છે.

૨૪૬૧ બીજા દેખરેખ રાખનારાઓ પેલા (ગુપ્ત વિચારો) પછી (ચોક્કસ રીતે) કયામતના દિવસે ઉઘાડા કરવા, ઉત્પન્ન કરવામાં આવશે.

૨૪૬૨ ઓ તું કે જે નિર્દયતાપુર્વક અન્યાય અને ગુન્હામાં સંડોવાએલ છે તેની સત્ય ખાશિયત સ્પષ્ટ છે (તેની જાહેરાત કરવાની જરૂર નથી.

૨૪૬૩ તે ઈજા (કરનાર)ની જાહેરાત ઉજવણી કરવાની જરૂરત નથી (જે હલકી મનોવૃત્તિવાળા છે). પોતાના (દોજખી) અંતઃકરણથી જાણીતા છે.

૨૪૬૪ તારો નફસે અમ્મારા દરેક એક સો તણખા ફેંકે છે, કહીને કે મને જો, હું આગના લોકોમાંનો છું.

૨૪૬૫ હું અગ્નિનો એક ભાગ છું. હું મારા અસલમાં જાઉં છું. હું 'નૂર' માંથી કે નથી જેથી હું માલિક પાસે જાઉં !

૨૪૬૬ આવું અન્યાયી અને અનુપકારી પણું હોવા છતાં પણ માણસે એક ગાયની ખાતર કેટલી બધી અવ્યવસ્થા કરી.

૨૪૬૭ તે (પ્રતિવાદી) તેની પાસેથી એક સો ગાયો ખેંચી ગયો, આ (દુષ્ટના) એ નફસે અમ્મારા છે, ઓ બાપ, તેને કાપીને તેનાથી છુટો થા.

૨૪૬૮ આમ છતાં તેણે ખુદાને એક પણ નમ્ર આજીજી ન કરી, તેણે પશ્ચાતાપમાં 'ઓ માલિક' ના નામની એક પણ બુમ ન પાડી.

૨૪૬૯ ઓ ખુદા, મારા હરિફને સંતુષ્ઠ કર, મેં તેને નુકશાનીમાં ઉતાર્યો છે તેના ઉપર મહેમત નવાજીશ કર.

૨૪૭૦ જો મેં તેને ભૂલથી મારી નાખ્યો હોય, તો પણ મારા ઉપર લોહીની કિંમત (બદલો લેવાનો છે). 'અલસ્ત' ના દિવસથી તું મારા આત્માનો સગો છે.

૨૪૭૧ તે (ખુદા) મારાં મોતીઓના બદલીમાં કિંમત વગરના પત્થરો આપતો નથી. ઓ ઉચ્ચ આત્મા, આ નફસે અમ્મારાનો ઇન્સાફ છે.

## લોકોનું પેલા ઝાડ તરફ જવું.

૨૪૭૨ જ્યારે તેઓ પેલા ઝાડ આગળ ગયા ત્યારે તેમણે (હ. દાઉદ અ. સ.) એ કહ્યું "તેના હાથ તેની પીઠ પાછળ બાંધો."

૨૪૭૩ એટલા માટે કે હું તેનું પાપ અને ગુન્હો જાહેરમાં લાવું, "અને આ જ જગ્યાએ ન્યાયનો વાવટો ફરકાવું."

૨૪૭૪ તેમણે કહ્યું, ઓ કુતરા, તેં આ માણસના દાદાનું ખૂન કર્યું છે, તું ગુલામ છે, આવા કારણે જ તું માલિક બન્યો છે.

૨૪૭૫ તેં તારા શેઠને મારી નાખ્યો છે, અને તેની માલ મિલકત ઉઠાવી ગયો છે, તેનું શું થયું તે ખુદાએ ખુલ્લું કર્યું છે.

૨૪૭૬ તારી ઘરવાળી તેની ચાકરડી હતી, તેણી (પણ) માલિક તરફ અન્યાયપણે વર્તી છે.

૨૪૭૭ તેણીએ જે પણ બચ્ચાં છોકરો કે છોકરી જણ્યાં છે, તેઓ બધાં પહેલેથી છેલ્લે સુધી તેના શેઠના વારસની માલીકોનાં છે.

૨૪૭૮ તું ગુલામ છે, તારો નફો અને માલ તેની મિલ્કત છે તેં કાયદાની માંગણી કરી હતી, કાયદો લે અને જા, આજે જ તું લાયક છે.

૨૪૭૯ તેં તારા શેઠને ઘાતકીપણે મારી નાખ્યો હતો. તારો શેઠ આજ જગ્યાએ દયાની યાચના કરતો હતો.

૨૪૮૦ તેં જે ભયંકર કાર્ય કર્યું તે સ્પષ્ટ દેખાતાં, તારી ઉતાવળમાં તે છુરો માટીથી અંદર જ સંતાડયો હતો.

૨૪૮૧ અરે, (આ શું)? માટીની અંદરજ તેનું માથું અને છરો દટાએલ છે, આવી રીતે, તમે માટીને ખોદવી ચાલુ રાખો?

૨૪૮૨ છરા ઉપર પણ આ કુતરાનું નામ લખેલું છે (કે જે) પોતાના શેઠ સાથે આવી રીતના દગા અને ઇજાઓ કરી વર્તન કરેલ છે.

૨૪૮૩ તેઓએ (હુકમ મુજબ) અમલ કર્યો, અને જ્યારે તેઓએ (જમીન) ખોદી, તેઓને છરો અને માથું જડી આવ્યું.

૨૪૮૪ ત્યારબાદ (આ જડતાં) લોકોમાં જોરશોરથી રડારોળ થઈ પડી દરેક જણ પોતાની કમરેથી (બેઇમાનીનો) પટો કાઢી નાખતા હતા.

૨૪૮૫ ત્યારબાદ તેમણે (હ. દાઉદ અ. સ.) એ તેને (ખૂનીને) કહ્યું : ઓ ન્યાય માગનાર, આપ (અને તારા) આ કાળા ચહેરાથી તારે લાયક ઈન્સાફ મેળવ.

**હ. દાઉદ (અ. સ.) નો હુકમ કરવો, "ગુન્હો સાબિત થયો હોઇ ખુની ઉપર બદલો લેવામાં આવે."**

૨૪૮૬ તેમણે તેજ છરાથી બદલો લેવાનો (તેને મારી નાખવાનો) હુકમ કર્યો, ખુદાઈ જ્ઞાનમાંથી તેની કરામત (મુક્તિઓ) તેને મુક્ત કેમ કરે?

૨૪૮૭ જોકે ખુદા રહેમત નવાજીશ કરતો હોય છે, છતાં જ્યારે તે (પાપી) હદ વટાવી ગએલ હોય છે, ત્યારે તે (પેલાનું પાપ) ખુલ્લું કરે છે.

૨૪૮૮ લોહી ઉંઘતું નથી, તપાસ કરવાની ઇચ્છા અને મુશ્કિલી દરેકના દીલમાં પડેલી જ હોય છે.

૨૪૮૯ ઈન્સાફના માલિકના કાયદાથી દરેકના મસ્તકમાં તીવ વેદના ઉત્પન્ન થાય છે.

૨૪૯૦ (તેથી તેઓ પૂછે છે) પેલા માટે શું શું હતું? તેનું શું થયું? તેના માટે શું બન્યું? જેવી રીતે કે વાવેલું બી પોતાનામાંથી ફણગા કાઢે છે.

૪૯૧ પેલા અન્યાયો (માણસોના અંતઃકરણમાંથી) દીલ ઉપર અથડાય છે, અને તપાસ અને ચર્ચા તેના (ખુનીના) લોહીમાં ગતિમાન થાય છે.

૪૯૨ તેના (પેલા ખૂનીના) દાવાનું ગુઢાર્વ જ્યારે ખુલ્લું કરવામાં આવ્યું ત્યારે હ. દાઉદ (અ. સ.) નો મોજીઝા એ ગણા પ્રકાશમાં આવ્યા.

૪૯૩ બધા લોકો ઉઘાડે માથે આવ્યા અને જમીન પર સિજદામાં પોતાના માથા નમાવ્યાં.

૪૯૪ (કહે) અમો બધા (પેલાઓની માફક) જન્મથી આંધળા હતા. (જો કે) એક સ્નેહ જાતની અજાયબીઓ તમારામાંથી જોઇ છે.

૪૯૫ પત્થર તમારાથી છડેચોક વાત કરવા આવ્યો, અને કહ્યું (ગોલી થાથની વિરૂદ્ધ) મને સાઉલની લડાઇમાં સાથે લ્યો.

૪૯૬ તમે ત્રણ કાંકરા સાથે લઇને આવ્યા અને એક જ ગોફણથી એક લાખ માણસોને હરાવ્યા.

૪૯૭ તમારા કાંકરા એક લાખ કટકામાં ભાંગ્યા, અને દરેકે દુશ્મનોનું લોહી પીધું.

૪૯૮ લોઢું મીણની માફક તમારા હાથમાં (નરમ) બન્યું જ્યારે બખ્તરો બનાવવાની કળા તમને જાણીતી બનાવાય.

૨૪૯૯ પર્વતો તમારા આભારદર્શક સાથીઓ બન્યા જેમ એક કુરાનને પડવું શીખવાડે તેમ તેઓએ તમારી સાથે ધાર્મિક ગાયનો (ભજનો) ગાયા.

૨૫૦૦ લાખો (માણુસોની) રૂહાની આંખો ખોલવામાં આવી, અને તમારી ફુંક થકી (તેવી આંખોને) અદ્રષ્ય (જોવા માટે) લાયક બતાવાય.

૨૫૦૧ અને આ (મોજીઝો) બીજા બધા કરતાં વધુ જોરદાર છે, કારણુ કે આ સદા રહેનાર છે (કે જેણે) કાયમને માટે સલામત રહે તેવું જીવન ઈનાયત કર્યું છે.

૨૫૦૨ આ તો ખરેખર બધા મોજીઝાનો આત્મા છે કારણુ કે તે (મોજીઝો) (રૂહાની રીતે) મરેલાને કાયમી જીંદગી અર્પનાર છે.

૨૫૦૩ દુષ્ટ માણુસને મારી નાખવામાં આવ્યો અને (દુનિયાના) બધા લોકો જીવનથી જાગૃત થયા દરેક જણુ ખુદાનો નવો (સાચો) સાધક બન્યો.

**માણુસનો નફ્સે અમ્મારા ખુનીના સ્થાને છે કે જે ગાયના અંગે દાવેદાર બન્યો અને ગાયનો મારનાર એ સદ્બુદ્ધિ છે. અને પેલા હ. દાઉદ (અ. સ.) એ ખુદા અગર મુરશીદ કે જે ખુદાનો પ્રતિનીધી છે કે જેઓને શક્તિ અને મદદથી પેલા દુષ્ટને મારી નાખવો શકય છે. અને રોજીંદી (રૂહાની) રોજીથી માનવંત બનો કે જે મહેનત થકી મેળવાએલ નથી તેમ જેના માટે કાંઈ કીંમત આપવી પડતી નથી.**

૨૫૦૪ તારા નફસે અમ્મારા (દુષ્ટમન) ને મારી નાખ, અને દુનિયાને (રૂહાની રીતે) જીવંત બનાવ. તેણે (તારા દુષ્ટ મને) તેના શેઠને મારી નાખ્યો છે. તેને ગુલામ બનાવ.

૨૫૦૫ સાંભળો, તમારૂં દુષ્ટ મન એ ગાયના (વળતરના) દાવેદાર જેવું છે, તેણે પોતાને ધણી અને માલિક બનાવેલ છે.

૨૫૦૬ ગાયનો મારનાર એ તમારૂં પવિત્ર મન છે. જા અને ગાયના મારનારથી કજીઓ ન કર કે જે તારી કાયા છે.

૨૫૦૭ બુદ્ધિ કેદમાં છે અને રોજીંદી રોજી અને બક્ષિશોના થાળ વગર મહેનતે ખુદા પાસેથી મેળવી છે.

૨૫૦૮ કાંઈ પણુ મહેનત વગરની રોજી મેળવવાનું શેના ઉપર આધારીત છે? તેની ગાયને મારી નાખવા ઉપર કે જે બધી ખરાબીનું મૂળ છે.

૨૫૦૯ દુષ્ટ મન કહેશે, તું મારી ગાય કેવી રીતે મારશે? કારણુ કે દુષ્ટ મનની ગાય એ કાયાનું બહારનું રૂપ છે.

૨૫૧૦ સુમન શેઠના દીકરાથી (પ્રતિક રૂપ) કંગાળ રહેલ છે. (જ્યારે કે) દુષ્ટ મન (પ્રતિક રૂપ) ખૂની, એ ધણી અને માલિક બન્યો છે.

૨૫૧૧ રોજની રોજી મહેનત વગર મળે એ શું છે? અને તે રૂહાનીનો ખોરાક છે. નબીઓનો રોજીંદો ખોરાક છે.

ગાયનો મારનાર: પવિત્ર મન.

બુદ્ધિ · સદ્બુદ્ધિ ગાયનો દાવેદાર
દાવ ગાય

ખૂની : દુષ્ટ મન
ધણી
માલિક

રે. બેરોક ... રોજીંદી નફસે અમ્મારા (દુશ્મન)
વગર મહેનત ... ગાયનો મારનાર → (કાયા)

૨૫૧૨ પણ તે ગાયની કુરબાની આપવા ઉપર આધાર રાખે છે. જાણે કે (રૂહાની) દોલત ગાયની કુરબાનીમાં (માલમ પડશે). ઓ તું કે જે ખૂણા અને (દરો) ખોદે છે.

૨૫૧૩ ગઈ રાત્રે મેં કાંઇક ખાધું, નહિતર તમારી સમજણની બધી જ નાડીઓ મેં તમારા હાથમાં મૂકી હોત.

૨૫૧૪ (શબ્દો) ' મેં ગઈ કાલે કંઇક ખાધું " એ એક વાર્તા છે. જે પણ પસાર થવા આવે છે તે (દૈવી ભાવીના) દરબારમાંથી આવે છે.

૨૫૧૫ આપણી આંખો કયાં કયાં મંડાણી છે તે (ગૌણ) નિમિત્ત છે, જો આપણે પેલી ખૂબસુરત (રૂહાની) આંખોથી શીખ્યા છીએ તો પછી કામેચ્છાથી કેમ નચાવીએ છીએ ?

૨૫૧૬ (ગૌણ) નિમિત્ત ઉપર (મહદઅંશે) બીજાં કારણો હોય છે (ગૌણ) નિમિત્ત જોતો નહિ, તારી દૃષ્ટિ (મહદ અંશ) ઉપર ભલે પડે.

૨૫૧૭ પયગમ્બરો (ગૌણ) કારણો કાપવા આવ્યા. તેઓએ પોતાના ચમત્કારો સાતેઇ આસમાનોમાં ગાજતાં કર્યા.

૨૫૧૮ તેઓએ (સાધન) વગર સમુદ્રના ભાગલા કર્યા. વાવણી કર્યા વગર તેઓએ અનાજના પાક લણ્યા.

૨૫૧૯ તેઓના કાર્યથી રેતી પણ આટામાં ફેરવાઇ ગઈ. બકરાના વાળ જાણે કે ચામડીમાંથી ઉતાર્યા હોઈ તેમ રેશમ બન્યા.

૨૫૨૦ આખું કુરાન ગૌણ નિમિત્તોને કાપવાને લગતું છે, ગરીબ (નબી) ની કિર્તી અને અબુલહબના નાશથી ભરેલું છે.

૨૫૨૧ એક ઝડપ બે કે ત્રણ કાંકરા ફેંકે છે, અને એબીસીનીયાના શક્તિશાળી ધાડાનો નાશ કરે છે.

૨૫૨૨ પંખી કે જે ઉંચે ઉડે છે તેનો એક કાંકરો હાથીને નીચા પાડે છે, કાંટા (ઝખમોથી) ઘવાએલા (બનાવે છે),

૨૫૨૩ (ખુદાએ કહ્યું) ખૂન થએલા માણસને મારી નખાએલ ગાયની પુંછડીથી ઘસો એટલા માટે કે તે જ પળે હવામાંની રજાઇમાં તે (ફરીવાર) જીવતો થાય.

૨૫૨૪ (અને તે) કે જેનું ગળું કાપી નાખવામાં આવ્યું હતું, પોતાની જગ્યાએ ફરી ઉઠે અને તેનું લોહી વહેવડાવી પોતાનું લોહી મેળવે (વેર વાળે).

૨૫૨૫ તેવી જ રીતે કુરાને મજિદમાં શરૂઆતથી અંત સુધી (ગૌણ) કારણો અને નિમિત્તોને તજી દેવાનું કહેવાયું છે, અને (હવે) (આ વિષયને) સલામ.

૨૫૨૬ આથી દોઢ ડહાપણ કરવાવાળા માટે આ (ગુઢાર્થોનું) વિવરણ (આપવામાં) આવ્યું નથી. (ખુદાની) ખીદમત કર, એટલા માટે કે તે તમને સમજાય તેવું બને.

૨૫૨૭ તત્ત્વવેત્તા તેની બુદ્ધિએ બાંધેલી હકીકતોના પાટામાં બંધાએલો છે (પણ) પવિત્ર સંત તે છે કે જે સમજણની સમજણ ઉપર શાહજાદાની માફક સવારી કરે છે.

ગરીબ = નબી

તત્વવેત્તા! બુદ્ધિએ બાંધેલી હકીકતોના પાટામાં બંધાયેલો
પવિત્ર સંત:- તે કે સમજણની
સમજણઉપર શાહજાદાની
માફક સવારી કરે

૨૫૨૮ સમજણની સમજણ એ તારૂં સત્ય છે. અને તારી સમજણ એ (માત્ર) છોતરૂં છે. જનાવરોના પેટ છોતરાં શોધતા હોય છે.

૨૫૨૯ તે કે જે સત્ય શોધે છે, છોતરાં માટે તેને એક સો તિરસ્કાર હોય છે. સાચા (સંતને) સત્વજ હલાલ હોય છે, હલાલ હોય છે.

૨૫૩૦ જ્યારે બુદ્ધિ (કે જે) સત્ય છે એક સો સાબિતીઓ રજુ કરે છે ત્યારે સર્વમય બુદ્ધિ ચોક્કસતા વગર તેના ઉપર પગલાં કેમ લેશે ?

૨૫૩૧ વિચારશક્તિ તદ્દન કાળી કિતાબો જ લખશે, પણ સમજણની સમજણ ચંદ્રમાના પ્રકાશથી (લખવા અંગે) આંખો બ્રહ્માંડ ભરપુર રાખે છે.

૨૫૩૨ તે કાળા કે સફેદથી પર છે, તેના ચંદ્રમાનું અજવાળું દીલ અને આંત્મા ઉપર પ્રગટ થઈ (ચમકે છે),

૨૫૩૩ જો આ કાળા અને સફેદે (શાહી અને કાગળે) કાંઈ શક્તિ (કીંમત) મેળવી છે તો તે કીંમત અંગે તારા મફક ચમકતી આગળ આવી છે.

૨૫૩૪ કાચી પહોંચ (રસીદ) અને પેલીની કીંમત સોનામાંથી ઉત્પન્ન થાય છે. સોના વગર કાચી પહોંચ અને થેલી કીંમત વગરનો છે.

૨૫૩૫ જેવી રીતે કે કાયાનું મુલ્ય આત્મા અંગે છે. તેમ આત્માનું મુલ્ય આંત્માના 'નૂર'માંથી આવે છે.

૨૫૩૬ હવે જો આત્મા (પેલા) 'નૂર' વગર જીવે તો ખુદા નાસ્તિકોને કહી મરેલા કરે ?

૨૫૩૭ (ઓ મારા આત્મા) આપ, કારણ કે, 'લોગોઝ' નહેર ખોદે છે અને આપણા જમાના પછી થોડા પાણીને પહોંચશે.

૨૫૩૮ દરેક ઝમાનામાં ખુદાઈ શબ્દ લાવનાર 'એક' હોય છે. અગાઉ કહેવાઈ ગયું હોઈ તેવું તેમને કહેવું પણ મદદરૂપ હોય છે.

૨૫૩૯ ઓ આધારિત, 'પેન્ટાટે ચુચ' અને 'ગોસપેલ' અને ગીત (ભજનો) કુરઆનની સચ્ચાઈના સાક્ષી તરીકે જનમ્યાં નથી ?

૨૫૪૦ (રૂહાની) ખોરાક શોધ, મહેનત વગર અને ગણત્રી કર્યા વગર મેળવ કે જેથી હ. જીબ્રાઈલ (અ. સ.) તારા માટે સ્વર્ગીય સફરજન લાવે.

૨૫૪૧ નહિ. સ્વર્ગના માલિક પાસેથી બાગબગીચા વાવ્યા કે મહેનત કર્યા વગર રોજી મળતી રહે.

૨૫૪૨ તેવી જ રીતે તે (રૂહાની) રોટલાનો ફાયદો એ (ખુદાઈ) બક્ષીશ અંગેનો ફોતરાને કારણ બનાવ્યા વગર રોટલો હોવા અંગે હોય છે.

૨૫૪૩ મદદગાર ગુપ્ત છે, રોટલાનું બહારનું રૂપ મેજના બિછાના જેવું (દેખાય છે) મેજના બિછાના વગરનો રોટલો એ 'સંત માટે (અલાહેદો રખાએલ) હોય છે.

૨૫૪૪ તારા 'રૂહાની રાહબર' (ઈમામ મુબીન કે જે તારા (ઝમાનાનો) દાંઉદ છે તેના વગર તારી શોધ અને તકલીફોથી રૂહાની રોજી કેમ મેળવીશ ?

૨૫૪૫ જ્યારે તારૂં દુષ્ટ મન તારા પગલાં પેલાં 'રાહબર' થી જોડેલાં જુએ કે ત્યારે તે તેની કજાએ તારો તાબેદાર બને છે.

૨૫૪૬ પછી (અને પછીજ) ગાયનો માલિક (દુશ્મન) તારૂં તાબેદાર બનશે. જ્યારે કે તે હ. દાઉદ (અ. સ) (તારા રાહબરના) શબ્દોથી સજાગ બનેલો હોય.

૨૫૪૭ બુદ્ધિ (રૂહાની સત્ય) શોધવામાં તારા દુષ્ટ મન ઉપર સરસાઈ ભોગવે છે (માત્ર તેજ વખતે કે જ્યારે 'રાહબર' તેનો મદદગાર છે.

૨૫૪૮ દુષ્ટ મન સો ગણી લુચ્ચાઈ અને શક્તિવાળો અજગર છે. રૂહાની રાહબર (ઈમામે મુબીન) નો ચહેરો તે (અજગરની) આંખો ખેંચી કાઢવાનો નીલમણી) છે.

૨૫૪૯ જો તમે ઇચ્છો કે ગાયનો માલિક ભોંઠો પડે તો તે દિશાએ (મુરશીદ કહે તેમ) હાંકી જા, ઓ હઠીલા આદમી, જેમ તમે ગધેડાને હાંકો છો તેમ હાંકી જા.

૨૫૫૦ જ્યારે તે (રૂહાની રાહબર) તે જે ખુદાથી એક છે તેની હજુરમાં રજુ થાય છે, તેની જીભ એક સો વાર લાંબી, ટુંકી થાય છે.

૨૫૫૧ (તેને) એક સો જીભ છે અને દરેક જીભને એક સો ભાષા આવડે છે. તેના વર્ણનમાં ઢોંગ અને લુચ્ચાઈ આવતાં જ નથી.

૨૫૫૨ ગાયનો દાવેદાર, દુષ્ટ મન વાણીમાં છટાદાર છે, અને નહિ સાંભળેલી લાખો દલીલો રજુ કરે છે,

૨૫૫૩ તે બાદશાહ સિવાય બીજા બધાને ઊંધુંચત્તું સમજાવે છે (પણ) તે કીર્તિવંત રૂહાની રાહબરનો રસ્તો રૂંધી શકતો નથી.

૨૫૫૪ દુષ્ટ મનને (પોતાની જીભ ઉપર) ખુદાના ગુણગાન હોય છે (પણ) તેની બાંયમાં છુરા અને ખંજર હોય છે.

૨૫૫૫ તેના (આવા દીલવાળાના) કુરાનમાં માનતો નહિ તેના બનાવટી આડંબરમાં (તણાતો નહિ). તારા ખુદને તેનો વિશ્વાસુ અને દોસ્ત બનાવતો નહિ.

૨૫૫૬ (કારણ કે) તે નિયમીત સ્નાનની વિધી કરવા હોજમાં લઇ જશે અને ત્યાંથી તને તેના તળીએ ફેંકી દેશે.

૨૫૫૭ તે બુદ્ધિવાન તેજસ્વી અને ભલાઇ શોધનારો હોય છે (તો પછી) કાળું દુષ્ટ મન તેની ઉપર સરસાઈ કેમ ભોગવશે?

૨૫૫૮ તે સરસાઇ ભોગવે છે કારણ કે તે ધરે છે (જ્યારે) તારી સમજશક્તિ અજાણી છે, તેના પોતાના જ દ્વારે કુતરો ભયંકર સિંહ (જેવો) છે.

૨૫૫૯ સિંહો (રૂહાની સમજવાળા) જંગલમાં જાય ત્યાં સુધી વાટ જો. અને આ આંધળાં કુતરાઓ ત્યાં તેઓનું કહ્યું માનશે.

જીભ-પર ખુદાના ગુણગાન હોય
ને બગલમાં છુરા ને ખંજર. બનાવટી કુરાન
નવરાવે હોજ-માં ને
તળીયે ફેંકે.

૨૫૬૦ શહેરની સામાન્ય જનતા દુષ્ટ મન અને કાયાની ખામીઓ જાણતા હોતા નથી તે ( દુષ્ટમન ) દીલમાં ( દૈવી ) સંદેશા સિવાય તાબે થતો નથી.

૨૫૬૧ દરેક જણુ પોતાના મળતીયાના દોસ્ત બને છે. સિવાય કે જેનો હ. દાઉદ (અ. સ.) રાહબર છે. તે ખાત્રીપૂર્વક ( જાણુ ).

૨૫૬૨ કારણુ કે તે સમાધિસ્થ થએલ છે, અને જેના દીલના મકાનમાં ખુદા બેઠા છે, તે ( આવો શખ્સ ) કાયાથી મળતાવડો બન્યો નથી.

૨૫૬૩ બાકીના ( બીજા ) બધા લોકો રસ્તો રૂંધાએલાની માફક ( પોતાનામાંજ ) અચોક્કસ છે. એ તો ખરૂં જ છે કે અશક્તિ અશક્તિથી જોડાએલ છે.

૨૫૬૪ દરેક કિંમત વગરના માણુસ હ. દાઉદ હોવાનો ઢોંગ કરે છે. દરેક જણુ જેને પરખ શક્તિની ખામી છે તેને પોતામાં પકડી રાખે છે.

૨૫૬૫ તે પારધીમાંથી પંખીનો અવાજ સાંભળે છે અને મૂર્ખ પંખીની માફક તે તેજ દિશાએ જવાનું ચાલુ રાખે છે,

૨૫૬૬ તે જુઠાણામાંથી સત્ય તારવતો નથી. તે ઊંધો દોરવાએલો છે. આવ, તેનાથી ભાગી છુટ. ભલે તે ( દેખાવમાં ) રૂહાનીયતવાળો લાગે છે.

૨૫૬૭ ઉગ્યાનું ( અસલ ) શું છે ? અને ( પોકળ રીતે ) શું બાંધેલ છે તે બધું તેને માટે સરખું જ છે. ભલે તે ખુલ્લી રીતે ચોક્કસતાનો દાવો કરે ( ખરેખર તો ) તે ભયમાં છે.

૨૫૬૮ જો કે આવો એક તદ્દન ખરી દૃષ્ટિથી જુએ છે ( છતાં પણુ ) જો તેનામાં ( આવી ) પરખશક્તિ ન હોય તો તે મુર્ખ છે.

૨૫૬૯ સંભાળ, સિંહથી હરણુ ભાગી છુટે તેમ તેમનાથી ભાગી છુટ. ઓ ભલા આદમી, તેના તરફ બહાદુરીપુર્વક દોડ ન મૂકતો !

## હ. ઈસા ( અ. સ. ) મુર્ખાઓથી ડુંગરની સપાટી ઉપર ભાગ્યા તે વિષે.

૨૫૭૦ મરીયમના પુત્ર હ. ઈસા ( અ. સ. ) પર્વત તરફ દોડતા હતા. તમે કહેશો, કદાચ સિંહે તેમનું લોહી પીવાનું ઈચ્છયું હશે ?

૨૫૭૧ અમુક માણુસ તેમની પાછળ દોડયો અને કહ્યું, " તમને ઠીક છે ? ( જ્યારે ) તમારી પાછળ કોઈ પડયું નથી ત્યારે પંખીની માફક તમે કેમ નાસો છો ? "

૨૫૭૨ ( પણુ ) તે પણુ ( હ. ઈસા અ. સ. ) એ દોડવું ચાલુ રાખ્યું. એટલી ઝડપથી કે તેના થકી તેમણે પેલાને જવાબ પણુ આપ્યો નહિ.

૨૫૭૩ તે એક કે બે ખેતર સુધી તેમની પાછળ પડયો. અને પછી તે હ. ઈસા (અ. સ.) ને ઘણી જ આતુરતાપૂર્વક અરજ કરવા લાગ્યો.

૨૫૭૪ કહે, ખુદાની ખુશી ખાતર તમો એક પળ માટે ઉભા રહો, તમારા આ નાસવા અંગે ( મારા દીલમાં ) એક મુશ્કિલી ઉભી થઈ છે.

૨૫૭૫ ઓ અમીર, તમો આ દિશામાં શાને કારણે ભાગી રહ્યા છો? તમારી પાછળ સિંહ તો પડયો નથી, કોઈ દુશ્મન પણ નહિ અને કોઇ બીકનો ભય પણ નથી.

૨૫૭૬ તેમણે કહ્યું, "હું મુર્ખથી ભાગી રહ્યો છું, ચાલ્યો જા. હું મારા ખુદને બચાવી રહ્યો છું. મને અટકાવ નહિ."

૨૫૭૭ તેણે કહ્યું, શા માટે? શું તમે જ મસિયાહ નથી કે જેનાથી આંધળા અને બહેરા સાંભળતા થયા છે?

૨૫૭૮ તેમણે કહ્યું, 'હા' પેલાએ કહ્યું, 'શું તમે તેજ બાદશાહ નથી કે, જેની ફૂંક અદ્રષ્ય દુનિયા ઉપર કાયમી બને છે.?'

૨૫૭૯ (તેથી) જ્યારે તમે એક મરેલા માણુસ ઉપર મંત્ર જાણો છો ત્યારે સિંહે શિકાર પકડયો હોય અને કુદે છે તેમ તે કદી પડે છે?"

૨૫૮૦ તેમણે કહ્યું, "હા. હું તેજ છું." પેલાએ કહ્યું, "ઓ સૌંદર્યશાળી, તમે જ માટીમાંથી પંખીઓને જીવન આપતા નથી?"

૨૫૮૧ તેમણે કહ્યું, "હા." પેલાએ કહ્યું, ".તો ઓ પવિત્ર આત્મા, તમો જે પણ ઇચ્છો તે તમો કરો છો તો પછી તમને કોની બીક છે?

૨૫૮૨ આવી ચમત્કારીક સાબિતીઓ પછી દુનિયામાં એવો કોણ છે કે જે તમારો ગુલામ ન બને?

૨૫૮૩ હ. ઈસા (અ. સ.) એ કહ્યું, "ખુદાના પવિત્ર તત્ત્વ, કાયાના ઘડનાર અને અંનતતામાં પેદા કરેલા આત્મા...

૨૫૮૪ ખુદાઇ પવિત્ર તત્ત્વ અને ગુણોની પવિત્રતાઈ થકી કે જેના કારણે સ્વર્ગ અત્યાનંદમાં છે તેના....

૨૫૮૫ (હું કસમપૂર્વક કહુ છું કે) તે ફૂંકો અને સૌથી મહાન ખુદાઇ નામ કે જે હું બહેરા અને આંધળા ઉપર ઉચ્ચારૂં છું તેની અસર ઉત્તમ છે.

૨૫૮૬ હું (તેમને) પત્થરવાળા ડુંગરો ઉપર ઉચ્ચારૂં છું અને તે કટકા થઈને જમીન-દોસ્ત થઇ વેરાઈ જાય છે.

૨૫૮૭ હું (તેમને) મુડદા ઉપર ઉચ્ચારૂં છું અને તે જીવંત બને છે, હું અદ્રષ્યમાં ઉચ્ચારૂં છું અને તે સ્થુળ પદાર્થ બને છે.

૨૫૮૮ હું લાખો ગણો મૂર્ખ હોઇ તેના દીલ ઉપર પ્રેમપુર્વક તે ઉચ્ચારૂં છું પણ તેના મુર્ખપણામાંથી સાજો નો થતો નથી.

૨૫૮૯ તે કઠણ પત્થરની શીલા બને છે. તે તેની ખાશિયતમાં બદલાતો નથી. તે રેતી બને છે કે જે કાંઇ ઉત્પન્ન કરી શકતી નથી.

૨૫૯૦ પેલાએ કહ્યું, "ખુદાનું નામ ત્યાં ફાયદો કરે છે અને અહીં (ઉપલી બાબતમાં) ફાયદો કરતું નથી તેનું કારણ શું?

૨૫૯૧ પેલી ( શારિરીક ) અશક્તિ એ પણ દર્દ છે અને આ નાદાનપણું પણ બિમારી છે, પેલાનું દર્દ મટાડે છે ત્યારે આને તેમ મટાડતું નથી!"

૨૫૯૨ તેમણે ( હ ઇસા અ. સ. ) કહ્યું, "નાદાનીની બિમારી એ ખુદાઈ કોપ નું ( પરિણામ ) છે, ( શારિરીક ) બિમારીઓ, આંધળાપણું એ કાંઇ ( દૈવી) કોપ નથી. તેઓ ચકાસણી અંગે છે.

૨૫૯૩ ચકાસણી એ બિમારી છે કે જે દૈવી દયા લાવે છે, નાદાનપણું એ તે બિમારી છે કે જે ( દૈવી ) કોપ લાવે છે.

૨૫૯૪ તે કે જે તેના ( નાદાન ) ઉપર લાદવામાં આવી છે, તેને ( ખુદાએ ) સીલ મારેલ છે, કોઈ પણ હાથ તેને આરામ કરી શકે તેમ નથી.

૨૫૯૫ મુર્ખથી નાશી જા, હ. ઈસા ( અ. સ. ) જેવા પણ ( તેઓથી ) નાશી ગયા હતા, નાદાનોની દોસ્તીથી કેટલું બધું લોહી વહેવડાવાયું છે ?

૨૫૯૬ હવા થોડું થોડું પાણી ચોરે છે ( વરાળ બતાવે છે ) તેવી જ રીતે તે નાદાન તારો દીન તારાથી ચોરે છે.

૨૫૯૭ તે તારી ગરમી ચોરી જાય છે અને ( વળતાં ) ઠંડી આપે છે, જેમકે તમારી બેસવાની જગ્યાએ જ ( કોઈ) પત્થર મુકી જાય !

૨૫૯૮ હ. ઈસા ( અ. સ. ) નું નાશવું એ કાંઇ બીક અંગે ન હતું તે પણ નાદાનોના અપકૃત્યોથી સલામત છે, તે ( બીજાઓને ) શીખવવા ખાતર હતું.

૨૫૯૯ દુનિયાના એક છેડાથી બીજા છેડા સુધી સખત ધુમ્મસ ભરો ( તો પણ ) તે પ્રકાશિત સુર્યને શું નુકશાન કરશે ?

## સબાના લોકો અને તેઓની મુર્ખાઇની વાર્તા, અને મુર્ખની ઉપર પયગમ્બરોની પ્રાર્થનાની કાંઈ પણ અસર ન થવા વિષે.

૨૬૦૦ હું સબાના લોકોની વાત ફરીવાર યાદ દેવરાવું છું, તેઓનો ( સૌમ્ય ) 'ઝેફીરા' મુર્ખના શબ્દો દ્રઢી વહાઆરીમાં ફેરવાય ગયો હતો.

૨૬૦૧ તે સબા ( નું રાજ્ય ) મોટા શહેરના મળતીયા જેવું ( હતું ), કે જેના વિષે બચ્ચાંઓની વાતોમાં પણ સાંભળવાનું મળે.

૨૬૦૨ બચ્ચાંઓ વાર્તા કહે છે, ( ત્યારે ) તેઓની વાતોમાં ઘણાએક ગુહાર્થો અને બોધદાયક વાર્તાઓ ખુલતી હોય છે.

૨૬૦૩ તેઓની વાર્તામાં તેઓ ઘણી હાંસીજનક ચીજો કહે છે, ( છતાં ) તમો દરેક નાશ પામેલી જગ્યાઓએ ખજાનો શોધી શકો છો.

૨૬૦૪ ( એકવાર ) એક મોટું અને ભવ્ય શહેર હતું. પણ તેનું કદ રકાબી જેટલું હતું, તેથી જરા પણ વધુ નહિ.

૨૬૦૫ (તે) ઘણું ભવ્ય અને ઘણું પહોળું લાંબું હતું. એવું મોટું કે એક ડુંગળી જેવડું.

૨૬૦૬ દસ શહેરોના લોકો તેમાં ભેગા થતા હતા. પણ સઘળાઓમાં (માત્ર) ત્રણ, ગંદા ચહેરાવાળા માણસો જ (હતા).

૨૬૦૭ અસંખ્ય લોક અને ટોળાં તેમાં હતાં. પણ તેઓ બધા (ગણત્રીસાં) ત્રણ જ ભુખડીબારશ મુર્ખાઓ હતા.

૨૬૦૮ આત્મા કે જે પ્રીતમ તરફ ઉતાવળ કરતો નથી (ભલે) તે હજારો પણ હોય, (છતાં) તે અર્ધું અંગ છે.

૨૬૦૯ (ત્રણમાંનો) એક ઘણી જ તીક્ષણ દષ્ટિવાળો અને આંધળી આંખવાળો હતો તે (ઝમાનાના) સુલેમાન તરૂણ સંઘ અને કડીના પગ દેખતો (હતો).

૨૬૧૦ અને બીજો શ્રવણ ઇંદ્રિયમાં તેજ અને તદ્દન બહેરો હતો. એક ખજાનો કે જેમાં એક જવના દાણા જેટલું પણ સોનું ન હોય (તેવો).

૨૬૧૧ અને બીજો (ત્રીજો) નગ્ન અને ઉઘાડા માથાવાળો, પણ તેના પોષાકમાં લટકતા ભાગો ઘણા લાંબા હતા.

૨૬૧૨ આંધળા માણસે કહ્યું, "જુઓ એક લશ્કર આવી રહ્યું છે, તેઓ કેટલા અને કેવા માણસો છે તે હું જોઉં છું."

૨૬૧૩ બહેરા માણસે કહ્યું, "હા, મેં તેમનો અવાજ સાંભળ્યો, અને તેઓ છુપી રીતે અને જાહેરમાં શું કહે છે (તે હું જાણું છું)."

૨૬૧૪ નગ્ન માણસે કહ્યું, "મને બીક લાગે છે કે મારા પોષાકના લટકતા ભાગમાંથી તેઓ કેટલોક ભાગ કાપી જશે.'

૨૬૧૫ આંધળા માણસે કહ્યું, "જુઓ જુઓ તેઓ નજીક આવ્યા છે. ઉઠો અને તેઓ આપણા ઉપર ફટકા કે બેડીઓ ફટકારે તે પહેલાં ભાગી છુટીએ.

૨૬૧૬ બહેરાએ કહ્યું, હા. હા. અવાજ વધુ નજીક થતો જાય છે, ઓ મારા દોસ્તો, જલ્દી કરો.

૨૬૧૭ નગ્ન માણસે કહ્યું. "અફસોસ, લાલસાઈમાં તેઓ મારૂં પહેરણ ફાડી નાખશે. અને હું (તો) નિરાધાર છું."

૨૬૧૮ તેઓ (ત્રણેઈએ) શહેર છોડયું, અને આગળ વધ્યા, અને તેઓની નાશભાગમાં એક ગામડાગામમાં પ્રવેશ કર્યો.

૨૬૧૯ તેઓને પેલા ગામડામાં એક જાડું પંખી મળી મળી આવ્યું. પણ તેના પર એક છોતરા જેટલું પણ માંસ ન હતું. (તે એક) અધમ (પ્રકારનું હતું).

૨૬૨૦ સૂકાઇ ગયેલું મરેલું પંખી, અને તેનાં હાડકાં, કાગડાઓના ભેગા કરવા અંગે દોરા જેવાં ખુલ્લાં હતાં.

૨૬૨૧ સિંહ પોતાનો શિકાર ખાય તેવી રીતે તેઓ ખાતા હતા. તેઓમાંના દરેક ખાઇ પીને થએલા હાથી જેવા દેખાતા હતા.

૨૬૨૨ ત્રણેઇએ ધરાઇને ખાધું અને ખૂબ જ વધુ પડતા જાડા થયા. તેઓ ઘણા મોટા જાડા હાથીઓના જેવા બન્યા.

૨૬૨૩ દરેક યુવાન એવી રીતે ( જાડો ) બન્યો કે તેઓની જાડાઇના કારણે દુનિયામાં સૌથી સ્થુલ બન્યા.

૨૬૨૪ આવડી મોટાઈ અને સાત સ્થૂળ અવયવોને કારણે તેઓ દરવાજામાંની તડમાંથી આગળ વધ્યા અને છુટા પડયા.

૨૬૨૫ દૈહિક મૃત્યુનો રસ્તો એ અદ્રશ્ય રસ્તો છે, તે દ્રષ્ટિમાં આવતો નથી. તે એક બહાર નીકળવાનો ભવ્ય દરવાજો છે.

૨૬૨૬ અરે, દરવાજામાં દેખી પણ ન શકાય તેવી આ તડમાંથી એક પછી બીજી વણજારો પસાર થાય છે.

૨૬૨૭ જો તમે તડ માટે દરવાજા તરફ જોશો, તો તમે તે શોધી શકશો નહિ. તદ્દન દેખી ન શકાય તેવી ( હોવા છતાં ) તેમાંથી ઘણાં સરઘસો પસાર થાય છે.

## તીવ્ર નજરવાળો આંધળો માણસ અને બહેરો કે જે સાંભળવામાં તેજ છે અને નગ્ન માણસ લાંબા પહેરણવાળાની શી શી નિશાનીઓ હોય છે તે સમજાવવા વિષે.

૨૬૨૮ જાણ કે બહેરો માણસ એ આશા છે કે જેણે આપણા મૃત્યુ વિષે અવારનવાર સાંભળ્યું છે ( પણ ) તેના પોતાના મોત અથવા પોતાના દર્દને લગતું કાંઈ સાંભળ્યું નથી.

૨૬૨૯ આંધળો માણસ એ કંજુસાઇ છે, તે બીજા માણસની ભુલો વાળેવાળ જુએ છે, અને ચકલે ચકલે તે ગાતો ફરે છે.

૨૬૩૦ ( પણ ) તે આંધળી આંખો તેની પોતાની ભુલ એક રજપણ જોતો નથી, અલબત તે ભુલો શોધનાર છે.

૨૬૩૧ તેનું પહેરણ કોઇ કાપી જશે તેની નગ્ન માણસ બીક રાખે છે ! નગ્ન માણસનું પહેરણ કોઇ કેવી રીતે કાપશે ?

૨૬૩૨ દુન્યાદારી માણસ કંગાળ અને ભયભિત થએલો છે, તે કાંઈપણ ધરાવતો નથી. ( છતાં ) તેને ચોરની બીક છે.

૨૬૩૩ ખુલ્લા માથે તે આવ્યો અને તે નગ્ન જાય છે, ( અને સઘળો વખત ) તેનું દીલ ચોરના લીધે વ્યાકુળતામાં લોહી વહેવડાવે છે.

૨૬૩૪ જ્યારે મૃત્યુના વખતે તેની નજીક એકસો કલ્પાંતો કરવામાં આવે છે ત્યારે તેનો આત્મા તેની બીક અંગે હસતો હોય છે.

૨૬૩૫ શ્રીમંત માસણ તે પળે જાણે છે કે તેની પાસે સોનું નથી તેવી જ રીતે દીર્ઘ દ્રષ્ટિવાળો માણસ જાણે છે કે તે પ્રકૃતિદત્ત સુઝથી વંચિત છે.

૨૬૩૬ (તે) આના જેવું જેવું (છે) જ્યારે એક બચ્ચાંનો ખોળો ઠીંકરાથી ભરેલો છે ત્યારે તે (બચ્ચું) તેના માટે એક માલમિલ્કતવાળાની માફક ધ્રુજે છે.

૨૬૩૭ જો તમે એક ઠીકરૂં પણ લઇ લેશો, તો તે રડવું શરૂ કરશે, અને તેને તમે જો પાછું આપશો તો તે હસવું શરૂ કરશે.

૨૬૩૮ જ્યારે કે તે બચ્ચું જ્ઞાનથી વિભુષિત નથી તેના રોવા કે હસવાનું કાંઈ જ મહત્વ નથી.

૨૬૩૯ એક ધનીક જેવી રીતે પોતાની મિલ્કત માત્ર 'ધીરધાર' તરીકે લીધેલ સમજે છે તે પેલી જુઠી માયા માટે (વ્યાકુળતાથી) કંપે છે.

૨૬૪૦ તે સ્વપ્ન જુએ છે કે તેની પાસે દોલત છે અને તેનો (સોનકો પેલો ચોર ઉપાડી જશે તેવી બીકથી ધ્રુજે છે.

૨૬૪૧ જ્યારે મૃત્યુ તેનો કાન મસળે છે અને ગાઢ નિંદ્રામાંથી તેને ઊભો કરે છે. ત્યાર પછી તે તેના ભયો તરફ હાંસી ઉડાવવામાં ઉતરી જાય છે.

૨૬૪૨ અને આવી જ રીતે ભણેલા અને બુદ્ધિશાળીઓ, દુન્યાની હુશિયારી અને જ્ઞાન હોવા છતાં ધ્રુજતા હોય છે.

૨૬૪૩ આવા પ્રવિણ અને હુશિવાર માણસ માટે ખુદાએ કુરાને પાકમાં શું ફરમાવ્યું છે કે "તેઓ જાણતા નથી."

૨૬૪૪ કોઇ તેનો (વખત) ચોરી જશે તેવી બીક તેઓમાંનો દરેક ધરાવે છે. તે એવી કલ્પના કરે છે કે હું બહુ મોટું જ્ઞાન ધરાવું છું.

૨૬૪૫ તે કહે છે, તેઓ મારો વખત બગાડે છે (પણ) તેને એવો વખત જ નથી કે જે ફાયદાકારક હોય?

૨૬૪૬ તે કહે છે, લોકો મને મારા કામમાંથી ઉપાડી જાય છે, (પણ) તેનો આત્મા ગળા સુધી આળસાઇમાં ડૂબી ગયો છે.

૨૬૪૭ નગ્ન માણુસની (માફક) તે બીએ છે, અને કહે છે, હું લાંબું પહેરણ ધોડી જાઉં છું. હું તેઓની સૂડમાંથી મારૂં પહેરણ કેમ બચાવીશ?

૨૬૪૮ તે જુદા જુદા વિજ્ઞાનને લગતી એક લાખ બિનજરૂરી બાબતો જાણે છે (પણ) તે બનધિકારી આદમી તેનો પોતાનો આત્મા જાણતો નથી.

૨૬૪૯ તે દરેક મિલ્કતોની ખાસ કીંમત જાણે છે (પણ) તેની પોતાની કીંમતની ગણત્રીમાં તે એક ગધેડા જેવો (અજ્ઞાન) છે.

૨૬૫૦ કહે છે, હું હલાલ અને હરામ શું છે તે જાણું છું. (પણ) તું બુઢી ઓરતના દીનની માફક તું પોતે યોગ્ય છે કે અયોગ્ય તે તું જાણતો નથી.

૨૬૫૧ આ ચીજ યોગ્ય છે કે અયોગ્ય તે તું જાણે છે પરંતુ તું પોતે યોગ્ય છે કે અયોગ્ય તેની (બરાબર) ગણત્રી કર.

૨૬૫૨ તું વેપારની દરેકે દરેક ચીજના ભાવ જાણે છે. (અને જો) તું તારી પોતાની કિંમત ન જાણે એ કેવી મૂર્ખાઈ છે?

૨૬૫૩ તું કિસ્મત અને કલ્યાણકારી ગ્રહો સાથે જાણીતો બન્યો છે, હું પોતે નશીબદાર છું કે (રૂહાની રીતે) ગંદો તે તું જોતો નથી.

૨૬૫૪ આ, આ બધા વિજ્ઞાનના આત્મા છે. તું કયામતના દિવસે કોણ હોઇશ તે તારે જાણવું જોઇએ.

૨૬૫૫ ઇસ્લામ દીનના ઉસુલોથી તું જાણીતો છે, પણ તારા અસલ તરફ જો કે તે સારું છે કે નહિ.

૨૬૫૬ ઓ મહાન નર, (ઇસ્લામના) એ ઉસુલો કરતાં તારા પોતાના ઉસુલો તારા માટે વધુ ઉત્તમ છે કે જેથી તું તારૂં પોતાનું અસલ જાણે.

**સબા શહેરના લોકોનો મોજશોખ, અનુપકારીપણાના વર્ણન વિષે.**

૨૬૫૭ તેઓની અસલીયત ખરાબ હતી. તે શબા શહેરના લોકો (ખુદાથી) 'મુલાકાત' (તરફ દોરવી જાય) તેવી બાબતોથી પાછા હઠતા હતા.

૨૬૫૮ (છતાં) તેણે (ખુદાએ) તેમને તેઓની સુખાપતી માટે જમણા અને ડાબા હાથ ઉપર પુષ્કળ સ્થાવર જંગમ મિલ્કત અને બાગ બગીચા અને ચરાણની જમીનો આપી હતી.

૨૬૫૯ જેમ કે (જમીન પર) પડતા પાકેલા ફળોની એટલી રેલમછેલમ હતી કે હર કોઇને રસ્તો પસાર થવા જગ્યા રહેતી ન હતી.

૨૬૬૦ વેરાએલાં બક્ષિશોનાં ફળો રસ્તો રોકતાં, અસંખ્ય ફળો હોવા માટે રસ્તે ચાલતા નવાઈ પામતા.

૨૬૬૧ તેમની ઘટાઓમાંથી ફળોના પડવાથી ટોપલીઓ પોતાની મેળે ભરાઇ જતી.

૨૬૬૨ કોઇના હાથેથી નહિ (પણ) પવનની લહેરીઓ ફળોને વેરતી. પેલાં ફળોથી લાખો પહેરણો ભરાતાં.

૨૬૬૩ ફળના ઝુમખાઓ નીચે પડવાના પ્રતાપે રાહદારીના માથા અને ચહેરા ઉપર ચોટ લાગતી.

૨૬૬૪ સ્નાનાગારનો રખેવાળ (પણ) પુષ્કળ સોનું લેવાના પ્રતાપે પોતાની કમરે સોનાનો પટો પહેરતો.

૨૬૬૫ કુતરા એ ફળોના ઝુમખાઓને પગ તળે કચરતા. જંગલી વરૂઓને (ઉત્તમ) ખોરાક અને અપચો થતો.

૨૬૬૬ શહેર અને ગામડું લૂંટારાઓ અને વરૂઓથી સલામત બન્યાં હતાં. બકરો પછી ભયંકર વરૂથી બીતો ન હતો.

૨૬૬૭ (સબાના) લોકો ઉપર ઉતરેલા બધા આશીર્વાદો જો હું સમજાવું કે જે દિવસે દિવસે વધતા હતા તો,

૨૬૬૮ તે મને જૂઠી બાબતો (બોલતાં) છૂપાવશે. પયગમ્બરો (સબાઇનો) ઉપર (દૈવી) હુકમો લાવ્યા ખાસ કરીને "તેથી તું ચોક્કસ સાચો બને."

## ખુદા તરફથી સબાના લોકોને બોધ કરવા પયગમ્બરોના આવવા વિષે.

૨૬૬૯ (તેઓમાંના) બધા રસ્તો ગુમાવેલા લોકોને 'સત્યપંથે' દોરવા તેર પયગમ્બરો આવ્યા.

૨૬૭૦ કહે, આવો (ખુદાના) અહેશાનો વધ્યા છે (છતાં) આભારદર્શન ક્યાં છે? જો આભારદર્શનનો તેજી ઘોડો અત્રે સૂતો છે તો તેને હિલચાલવાળો બનાવો.

૨૬૭૧ (આ) કારણ (જોતાં) તે કૃપાળુ તરફ આભાર માનવો એ જરૂરી છે. નહિતર અનંતકાળ માટે કોપનો દરવાજો ખોલવામાં આવશે.

૨૬૭૨ સાંભળ. (ખુદાનું) માયાળુપણું જો અને ખરી રીતે આ બધું ખુદા સિવાય બીજું કોઇ કરતું નથી. આવા અહેસાનો માટે નામની ખાતર એક પણ આભારદર્શન દર્શાવતો નથી?

૨૬૭૩ તે મસ્તક આપે છે અને (માત્ર) આભાર દર્શાવવા તેં નમાવવાનું જ માગે છે. તે પગ અર્પે છે, (અને બંદગી) માટે બેઠક કરી આભાર દર્શાવવાનું માગે છે.

૨૬૭૪ લોકોએ કહ્યું, અમારા આભારદર્શનને પ્રેત ઉપાડી ગયાં છે, અમે આભારદર્શનો અને એવા અહેશાનોથી થાકી ગયા છીએ.

૨૬૭૫ અમે (આવી બક્ષિશોથી એવા અણગમાવાળા બન્યા છીએ કે દયા કે પાપ અમને રાજી કરતું નથી.

૨૬૮૬ અમને અહેશાનો અને બાગ-બગીચાઓની ઇચ્છા નથી. અમને (આનંદ) અને આરામની ચીજોની જરૂરત નથી.

૨૬૭૭ પયગમ્બરોએ કહ્યું, "તમારા અંતઃકરણોમાં બિમારીઓ છે, અહેશાનોના સ્વીકારમાં દર્દ ક્યાંથી આવ્યું છે?

૨૬૭૮ અને લાભ સંપૂર્ણપણે બિમારીમાં ક્યાંથી ફેરવાઈ ગયો છે? ખોરાક બિમારમાં શક્તિનું (મૂળ) કેમ બન્યું?

૨૬૭૯ ઓ (પાપમાં) દઢાગ્રહી, તારી પાસે કેટલી સ્વાદિષ્ટ વસ્તુઓ આવી અને તે બધીજ કડવી બની, અને તેઓનો (સ્વચ્છ) ગુણધર્મ ગંદો બન્યો.

૨૬૮૦ તું આ સ્વાદિષ્ટ (વસ્તુઓનો) દુશ્મન બન્યો. જે જે ચીજ વસ્તુ પર તેં તારો હાથ મૂકયો તે તે કડવી બની.

૨૬૮૧ જે કોઇ તારો મળતીઓ અને દોસ્ત બન્યો તે તારી દ્રષ્ટિમાં અધમ અને દુશ્મન બન્યો.

૨૬૮૨ અને દરેક જણ કે જે (હકીકતમાં) તારો દુશ્મન બન્યો. તે તારા અભિપ્રાય મુજબ મહાન અને પૂજ્ય બન્યો.

૨૬૮૩ આ (ખોટો અભિપ્રાય) પણ પેલી બિમારી અંગેની અસરમાંથી ઉત્પન્ન થએલ છે. તેનું ઝેર (તેની) સાથે સબંધીત થએલાના ખૂણેખૂણામાં પ્રસરી ગયું છે.

૨૬૮૪ (તારા માટે) આ યોગ્ય છે કે આ બિમારીને જલ્દીથી હટાવી લે. કારણ કે તે બિમારી અંગે સાકર પણ (તને) ગંદી દેખાશે.

૨૬૮૫ દરેક મીઠી વસ્તુએ તારી પાસે આવે છે તે કડવી બને છે (જો) જીવનનું 'જળ' તારી પાસે આવે (તો) તે અગ્નિમાં ફેરવાઇ જાય.

૨૬૮૬ તે રોગિષ્ઠ (ગુણધર્મ) એ મોત અને સંતાપનો અર્ક છે. તેથી તારી (રૂહાનીયત) જીંદગી આખરમાં મોતમાં ફેરવાય જશે.

૨૬૮૭ (એવા) ઘણા એક ખોરાક હતા કે જેનાથી તારૂં દીલ (આત્મા) બચી ગયો હોત, જ્યારે તે શરીરમાં દાખલ થયો તે દુર્ગન્ધ મારતો બન્યો.

૨૬૮૮ એવા પણ ઘણા એક વહાલા છે કે જેઓની પાછળ તું ખુશામતમાં પડયો હોઇશ, જ્યારે તેઓ તારાં શિકાર બન્યા ત્યારે તેઓ તારી આંખમાં હલકા બન્યા.

૨૬૮૯ વિવેક બુદ્ધિથી સમજશક્તિની અંતઃકરણમાંથી દોસ્તી જાગે છે ત્યારે (તે પ્રત્યે) અનુરાગ વસે છે.

૨૬૯૦ (પણ) ચોક્કસ પણે જાણ કે દુષ્ટ મનની બીજા હલકટ દુષ્ટ મન સાથેની દોસ્તી એકજ પળમાં ઘટી જાય છે.

૨૬૯૧ કારણ કે તેનું દુષ્ટ મન દર્દની આજુબાજુ ચકરાવો લ્યે છે અને તુર્તજ (દોસ્તીનો) આનંદ ખૂંચવી લ્યે છે.

૨૬૯૨ જો કયામતના દિવસે તારો દોસ્ત તારો દુશ્મન ન બને તેવું ઇચ્છે તો બુદ્ધિવાન અમે સમજ શક્તિ સાથે દોસ્તી બંધ (પસંદ કર).

૨૬૯૩ તો પછી જ્યારે તું દુષ્ટ મનના રણમાં ફુંકાતા ગરમ પવનથી બીમાર છો તો પછી જે પણ તું લઇશ, દર્દ (અંગે અસર થએલાનું) સાધન બનશે.

૨૬૯૪ જો તું એક હીરો લઇશ, તો તે એક (સાધારણ) પત્થર બનશે, અને જો તું દિલની દયા લઇશ તો તે લડાઈ (પીડા) જેવી બનશે.

૨૬૯૫ અને જો તું નવીન કહેણ (તારાથી બનેલ અસલ વાત) લઇશ, તારી સમજ બાદ તે સ્વાદ વગરની અને અશિષ્ઠ બનશે.

૨૬૯૬ (કહેશે,) આ મેં ઘણીવાર સાંભળ્યું છે, તે હવે પુરાણું બન્યું છે, એ વિશ્વાસુ દોસ્ત આની સાથે બીજું કંઇક (નવીન) કહે.

૨૬૯૭ ધારી લે કંઈક નવું અને તાજું કહેવાયું છે તો પણ ફરીવાર આવતી કાલે તેનાથી તું ધરાઇ જઈશ અને બદલાવીશ.

૨૬૯૮ બિમારી હટાવી લે, જ્યારે બિમારી જડમુળમાંથી ઉખેડાઇ જશે, દરેક જુની વાર્તા તને નવી દેખાશે.

૨૬૯૯ તેથી તે જુની (વાર્તા) નવાં પાંદડાંઓ બહાર લાવશે તે જુની (વાર્તા) નીકના પેટાળમાંથી જુમખાં બનવાનું કારણરૂપ બનશે.

૨૭૦૦ અમો (રૂહાની) હકીમો ખુદાના અનુયાયીઓ છીએ. રાતો સમુદ્ર પણ અમને નજરે જુએ છે "અને બે ભાગમાં વહેંચાયો હતો."

૨૭૦૧ પેલા પ્રાકૃતિક હકીમો જુદા છે. કારણ કે તેઓ નાડી થકી દીલમાં જુએ છે.

૨૭૦૨ અમો કોઇ પણ મધ્યરથી વગર દિલમાં સારી રીતે જોઇએ છીએ. કારણ કે દીર્ઘ દ્રષ્ટિ અંગે અમો ઉંચા બુરજમાં છીએ.

૨૭૦૩ પેલા (બીજાઓ) ખોરાક અને ફળના હકીમો છે, તેનાથી જનાવરી આત્મા મજબુત (બનાવાય છે)

૨૭૦૪ અમો અમલ અને જ્ઞાનના હકીમો છીએ. (દૈવી) શહેનશાહના "નૂર" નું કિરણ અમને પ્રેરણા આપતું હોય છે.

૨૭૦૫ (કે જેથી અમે જાણીએ કે) આવું કામ તેને લાભદાયી બનશે. જ્યારે પેલા જેવું કામ રસ્તામાં તેને કાપી નાખશે.

૨૭૦૬ અને આના જેવા શબ્દો તેને (દયા) તરફ દોરવશે, જ્યારે પેલા જેવા શબ્દો તેને સંતાપમાં ખેંચી જશે.

૨૭૦૭ પેલા (બીજા) હકીમોને (મુત્ર) નો નમુનો (દર્દની) સાબીતી છે. જ્યારે અમારી સાબીતી એ સર્વ શક્તિમાનની પ્રેરણા છે.

૨૭૦૮ અમો કોઇ પાસેથી મહેનતાણાની ઇચ્છા રાખતા નથી, અમારૂં મહેનતાણું પવિત્ર જગ્યામાંથી આવે છે.

૨૭૦૯ સાંભળ, અસાધ્ય બિમારીમાંથી આગળ ચાલ (નીકળી જા), અમો એક પછી એક (રૂહાની) બિમારીની દવા છીએ.

## પયગમ્બરો પાસે સભાના લોકોની મોજીઝાની માગણી કરવી.

૨૭૧૦ લોકોએ કહ્યું, ઓ તમો વેશધારીઓના સમુહ, (તમારા) દવાના જ્ઞાન અને ઉપયોગીપણાની સાબીતીઓ કયાં છે?

૨૭૧૧ જ્યારે કે તમો પણ એક જ જાતના ખાવા અને સુવામાં અમારી માફક બંધાએલા છો, અને પ્રદેશમાં ઢોરો ચરાવો છો.

૨૭૧૨ ત્યારે તમો પણ આ પાણી અને માટીમાં બંધાએલા છો, તો પછી કેવી રીતે સીમુર્ગ, (કે જે) દીલ છે તેના તમો શિકારી છો?

૨૭૧૩ સત્તા અને બીજા ઉપર હુકમ ચલાવવાની લાગણી (એક માણસને) પયગમ્બરીમાંથી પોતાને જાણીતો કરવા પ્રેરે છે.

૨૭૧૪ અમો આવાં નકામાં જુઠાણાં અને બણગાંઓ કાનમાં ઉતારશું નહિ, (અને તેનાથી) ધોકામાં પડશું નહિ.

૨૭૧૫ પયગમ્બરોએ કહ્યું, આ (અશ્રદ્ધા) પેલી બિમારીમાંથી ઉત્પન્ન થાય છે, આપણા દીલોનું અસલ આંધળાપણું એ આ (સત્ય) જોવામાંથી સંતાડતો પડદો છે.

અર્ણ - રૂ. બિમારી નાદાયીજી.

૨૭૧૬ તમે અમારૂં ( ખુદા તરફ ) બોલાવવું સાંભળ્યું છે, અને ( છતાં ) તમો અમારા હાથમાંનું આ ઝવાહીર જોતા નથી.

૨૭૧૭ આ ઝવાહીર લોકો માટેની કસોટી છે, અમો તેઓની આંખોની આજુબાજુ ફેરવીએ છીએ.

૨૭૧૮ જે કોઈ પણ કહેશે, સાબીતી ક્યાં છે ? તેના શબ્દ જ સાબીતી છે કે તે આ ઝવાહીર જોતો નથી તે આંધળાપણાના દાસત્વમાં છે.

૨૭૧૯ ( ધારો કે ) એક સુર્ય સંભાષણ કરવા આવ્યો છે ( અને કહે છે ) જાગૃત થાઓ કારણ કે દિવસ ઉગ્યો છે, કુદી પડો, વાદવિવાદ ન કરો.

૨૭૨૦ ( અને ધારો કે ) તમે કહેશો, ઓ સૂર્ય, સાબીતી ક્યાં છે ? તે તમને કહેશે, ઓ, આંધળા, ખુદા પાસે માગ, ( તે તને ) આંખ આપે.

૨૭૨૧ દિવસના પ્રકાશિત અજવાળામાં જો કોઈ બતી શોધે તો તેના શોધવામાં સાચી હકીક્ત જાહેરાત કરે છે કે તે આંધળો છે.

૨૭૨૨ અને જો તું દિવસનું ( અજવાળું ) ન જુએ અને એવા અભિપ્રાય ઉપર આવ્યો છે કે સવાર થયું છે અને તું પડદામાં છો.

૨૭૨૩ તો આવા શબ્દો બોલી તારા આંધળાપણાની જાહેરાત પોકારતો નહિ, ચુપ રહેજે અને ( દૈવી ) દયાની ઉમેદવાળો બનજે.

૨૭૨૪ દિવસ દરમ્યાન બોલવું, " દિવસ ક્યાં છે ? " ઓ દિવસ શોધનાર, એ તો પોતાને ટુંકાવવા બરાબર છે.

૨૭૨૫ ધીરજ અને મૌન એ ( દૈવી ) દયાને ખેંચે છે, આ નિશાની ( સાબીતી ) શોધવી એ અચોક્કસપણાની નિશાની છે.

૨૭૨૬ ( ખુદાનો હુકમ ) " તમે ખામોશ બનો " નો સ્વીકાર કરો. એટલા માટે કે " તમે ખામોશ બનો " નો બદલો પ્રિતમ પાસેથી તમારા આત્માને પહોંચે.

૨૭૨૭ આ હકીક્તની હાજરીમાં ફરીથી દુરાચારમાં પડવાનું જો તમે ઇચ્છો નહિ તો તમારૂં સોનું અને તમારૂં માથું જમીન પર ઘસો.

૨૭૨૮ તમારી મોહક વાણીને વેચી નાખો અને જીવનની કુરબાની ખરીદ કરો અને તમારી પદવી અને તમારા સોનાની કુરબાની કરો.

૨૭૨૯ કે જેથી તેની દયા તમારાં વખાણ ઉચ્ચારે કે જેવા અંગે સ્વર્ગ પણ તમારા ઉંચા દરજ્જાનું અદેખું બને.

૨૭૩૦ જ્યારે તમોએ ( રૂહાની ) હકીમોના દીલની ( ઇચ્છાઓને ) માન આપ્યું ત્યારે તમે પોતે જાતે ( તેના ફાયદા ) જોશો અને ( તમારા વર્તન ) માટે શરમીંદા બનશો.

૨૭૩૧ આ અંધાપાને અવળો કરવાની શક્તિ પેદા કરાએલામાં નથી, હકીમોને માન આપવાનું ( તમારાથી ) બને એ દૈવી દોરવણી અંગે જ છે.

સાબીતી ક્યાં → ઝવાહીર જોતો નથી. - તેના શબ્દજ સાબીતી છે.

ખામોશ બનો ખુદાનો હુકમ

ઝવાહીર - લોકોની આજુબાજુ

૨૭૩૨ ( તમારા બધા આત્મા ) ખરા દીલથી આ હકીમો ( રૂહાની રાહબરના ) તાબેદાર બનો કે જેથી તમો કસ્તુરી અને અમ્બરથી ભરપુર બનો.

## લોકોનું પયગમ્બરો તરફ શંકાશીલ બનવું.

૨૭૩૩ લોકોએ કહ્યું, " આ બધું જુઠ અને ઢોંગ છે, ખુદા 'ઝયદા અને બક' ( સામાન્ય-જનને ) પોતાનો પ્રતિનિધી કેમ બનાવે ?

૨૭૩૪ દરેક બાદશાહના સંદેશક તેના ( બાદશાહના ) જાતના હોવા જોઇએ પાણી અને માટી, આસમાનોના પેદા કરનારની સરખામણીમાં કયાંથી હોય ?

૨૭૩૫ એક મચ્છર હુમાનો વિશ્વાસુ હોઈ એવું તમારી માફક જોતાં શું અમોએ ગધેડાનાં મગજ ખાધાં છે ?

૨૭૩૬ મચ્છરનો હુમાની સરખામણીમાં શો હિસાબ ! ખુદાની સરખામણીમાં આ જમીનનો હિસાબ શું ? આકાશમાનાં સુર્ય સાથે રજકણનો શું સંબંધ હોય ?

૨૭૩૭ આનું મળતાપણું શું છે ? આનો સબંધ શું છે ? આવું કોઇના મન કે મગજમાં ઉતરે ખરૂં ?

## સસલાઓનું સસલાને હાથી તરફ એલચી તરીકે મોકલવું. તેને શુભેચ્છા ઇચ્છા કહે, આકાશમાંના ચંદ્રમાના એલચી તરીકે હું તારી પાસે આવ્યો છું, જેમ કલીલની કિતાબમાં પૂર્ણ રીતે કહેવાયું છે તેમ આ ઝરાના પાણી પીવાથી ખબરદાર રહેવા ( કહેવા આવ્યો છું ).

૨૭૩૮ આ ( તમોએ કરેલો દાવો ) અમુક સસલાની કહેવતને યાદ દેવરાવે છે. ' હું ચંદ્રમા અને ચંદ્રમાના સાથીદારનો એલચી છું."

૨૭૩૯ ઝરાની આજુબાજુ રહેતાં બધાં શિકારી જનાવરો હાથીના ટોળાથી ભયમાં રહેતા.

૨૭૪૦ બધાં ( જનાવરો ) પાણીથી વંચીત રહેતાં. અને ભયના કારણે ઝરાથી દુર રહેતાં. કારણ કે ( તેઓનું ) જોર નબળું હતું, તેઓએ એક પ્રપંચ કર્યો.

૨૭૪૧ એક ઘરડા સસલાએ પર્વતના શિખર ઉપરથી ' ચાંદરાત 'ના હાથીઓ તરફ બૂમ પાડી.

૨૭૪૨ ઓ હાથીના બાદશાહ, ચઉદ તારીખના આવો કે જેથી આ બાબતની સાબીતી તને ઝરામાં જડી આવે.

૨૭૪૩ ઓ હાથી બાદશાહ, હું તારી હજુરમાં એક એલચી છું, અટકી જજે, એલચીઓને કેદ કે શારીરીક ઇજાઓ કે કોપને આધિન બનાવાતા નથી.

૨૭૪૪ ચંદ્રમા કહે છે, ઓ હાથીઓ, રવાના થઈ જાઓ, ઝરો મારો છે, તેની બાજુએથી હટી જાઓ !

૨૭૪૫ અને જો તમે ( હટશો ) નહિ તો હું તમોને આંધળા બનાવીશ, ( તમે ખોટું કરો છો તે ) મેં જાહેર કર્યું છે, મેં મારી ગરદન ફેંકી છે. ( હવે જવાબદારી

ચંદ્રમાં ન ઝરો જાય છે. હાથીઓ રવાના થઇ જાય.

તમારી છે).

૨૭૪૬ આ ઝરાની રજા લઈ રવાના થઇ જાઓ કે જેથી ચંદ્રમાની તલવારના ઝટકાથી તમે સલામત બની જાઓ.

૨૭૪૭ અને, ( મારી પવિત્રતાની ) સાબીતી એ છે કે ચંદ્રમા ઝરામાં પ્રતિબિંબીત થાય છે. તે પાણી પીતા હાથીથી અસ્વસ્થ બનશે.

૨૭૪૮ ઓ હાથી રાજા, આવ અને ફલાણી ફલાણી રાત્રીએ હાજર રહેજે. એટલા માટે કે ઝરામાંજ આની સાબીતી મળી રહે.

૨૭૪૯ જ્યારે સાત અને આઠ ( પંદર રાત્રીઓ ) મહીનાની પસાર થઈ ગઈ, હાથી રાજા ઝરામાંથી ( પાણી ) પીવા આવ્યો.

૨૭૫૦ જ્યારે હાથીએ તે રાત્રે પાણીમાં પોતાની સુંઢ મુકી પાણીમાં હલચલ થઈ અને ચંદ્રમાએ ( પોતાનું પ્રતિબિંબ ) ચૂંથી નાખતું બતાવ્યું.

૨૭૫૧ જ્યારે કે ઝરામાંના ચંદ્રમાએ ગડબડ દેખાડી ત્યારે હાથીએ પેલા સસલાનું કહેલ ( સત્ય ) માન્યું.

૨૭૫૨ ઓ ( નબીઓના ) સમુહ, પેલા મુર્ખ હાથીઓ કે જેઓ ચંદ્રમાની ગડબડથી ભયભીત બન્યા તેવા અમોને સમજતા નહિ.

૨૭૫૩ પયગમ્બરોએ કહ્યું, આહ, ઓ તમો મુર્ખાઓ ( અમારા ) રૂહાનીયત હિદાયતે ( માત્ર ) તમારી દૈહિક ગુલામીને વધુ દુઃખિયારી બનાવી છે.

## તેઓની હાંસી ઉડાડનારાઓને પયગમ્બરોએ જવાબ દેવો અને તેમને બોધવાર્તાઓ સંભળાવવા વિષે.

૨૭૫૪ અરે અફસોસ, તમારી બિમારીની બાબતમાં દવા તમારે માટે ઝેર બનેલ છે, ( દૈવી ) વેરનું દબાણ આત્મિક ઝેર બન્યું છે.

૨૭૫૫ આ ( રૂહાનીયત હિદાયતની ) બતીએ તેઓની ( બમાર ) આંખનું અંધારૂં વધાર્યું છે, જ્યારે કે ખુદાએ કોપનો પડદો તેના ઉપર બેસાડયો છે.

૨૭૫૬ અમારે તમારા ઉપર કયું સાર્વભૌમત્વ ભોગવવું છે? અમારૂં સાર્વભૌમત્વ આકાશ કરતાં પણ વધુ મોટું છે.

૨૭૫૭ વહાણમાંથી મોતીનો સાગર કઈ મહાનતા મેળવશે? ખાસ કરીને એક વહાણ કે જે વિષ્ઠાથી ભરેલું છે.

૨૭૫૮ અને, તે આંધળી અને વાદળી આંખ માટે અફસોસ કે જેમાં સુર્ય એક રજકણ જેવો દેખાય છે.

૨૭૫૯ હ. આદમ ( અ. સ. ) જેવા કે સરખા કોઇ નથી તે છતાં ઇબ્લીસની આંખે તેમનામાં માટીના ટુકડા સિવાય બીજું કંઈ જોયું નહિ.

૨૭૬૦ હ. આદમ (અ. સ.) ની વસંતને સેતાનીક આંખને શિયાળો દેખાણો. તે તેના અસલ ઘર (આતશ) ની દિશાએ ફરી.

૨૭૬૧ અરે કેટલાએક જે હમણા નશીબદાર (તરીકે) આવે છે, કમનશીબ (બને છે) અને (તેનાથી) તે દુર થઇ જાય છે.

૨૭૬૨ અરે, ઘણા એક પ્રેમીઓ ખરાબ ગ્રહ અંગે અજાણ અને પ્રેમ કેમ કરવો તે (પણ) જાણતા નથી.

૨૭૬૩ આ કે જે આંખને ખોટે રસ્તે દોરવે છે તે આપણું (અસલ) અધોગતીપણું (છે). અને આ કે જે દીલને (સત્ય જોવામાંથી) ફેરવે છે તે (આપણું) દૈવી ભાવી છે.

૨૭૬૪ જ્યારે કે તમને પત્થરની મૂર્તિ પૂજવાની વસ્તુ બની છે, (ખુદાના) શ્રાપ અને આંધળાપણાએ તમારી (દ્રષ્ટિ) ટાંકી છે.

૨૭૬૫ ખુદાના ભાગીદાર તરીકે તમારો પત્થર કેમ લાયક હોય? (તમારી) સમજ અને આત્મા ખુદાના વિશ્વાસુને લાયક કેમ બનતાં નથી?

૨૭૬૬ મરેલું હાંસ (મુર્તિ) હુમાનો સાથીદાર બન્યો છે, તો પછી "એક હૈયાત" (રૂહાની રાહબર) ખુદાનાં વિશ્વાસુ બનવાને લાયક કેમ ન હોય?

૨૭૬૭ અથવા બનવા જોગ છે કે તે (કારણ અંગે) નિર્જીવ તારાથી અનુકુળ છે (જ્યારે કે) જીવતું હાંસ ખુદાની અનુકુળ છે.

૨૭૬૮ તું તારા પોતાના જ પ્રેમમાં છો અને તારા પોતાની જ વસ્તુ બનાવાય છે, સરપની પુંછડીઓને સરપનું મસ્તક એ કાયદો છે.

૨૭૬૯ તેં પુંછડીમાં કાંઇ મિલ્કત કે સુખ નથી, તે મસ્તકમાં આનંદ કે સુખ નથી.

૨૭૭૦ પેલા સરપની પુંછડી માથાની આજુબાજુ ગોળ ફરે છે, પેલા બન્ને દોસ્તો એક બીજાને અનુકુળ અને સુસંગત છે.

૨૭૭૧ ગીઝનાનો સંત, 'ઈલાહીનામા' માં આમ કહે છે, જો તમે સારી રીતે સાંભળો,

૨૭૭૨ તો દૈવી ભવિષ્યવાણીમાં ડહાપણ ડોળતા નહિ, ગધેડાનો આકાર ગધેડાના કાન માટે અનુકુળ છે.

૨૭૭૩ શરીરો અને અવયવો સુસંગત છે, ગુણધર્મો આત્મા સાથે સુસંગત છે.

૨૭૭૪ દરેક આત્માનો સ્વભાવ કંઇ પણ શંકા વગર આત્મા સાથે સુસંગત છે કારણ કે ખુદા તેને (તે પ્રમાણે) સાનુકુળ કરે છે.

૨૭૭૫ તે જ પ્રમાણે તેણે જેમ આત્માને ગુણધર્મ સાથે ભેળવ્યો છે તેમ જાણે કે (ગુણધર્મ) આંખો અને ચહેરાની માફક સુસંગત છે.

૨૭૭૬ (ભલા અને બુરા) ગુણધર્મો ભલા-બુરા (આત્માઓ)માં સુસંગત છે, સુસંગત (લાગતા) શબ્દો એ લખેલા (શબ્દો) છે.

૨૭૭૭ ઓ હુસેન, આંખ અને દીલ લખનારના હાથની બે આંગળીઓ વચ્ચેની કલમ જેવા છે.

૨૭૭૮ (આ) દયા અને કોપની આંગળીઓ છે. અને તેઓની વચ્ચે કલમ, દીલ આ આંગળીઓના કારણે સુખ કે દુઃખની હાલતમાં છે.

૨૭૭૯ ઓ કલમ, તું એકજ છો, જે ખુદાની મહત્તા (વધારે છે). તું કોની બે આંગળીઓ વચ્ચે છો તેની ગણત્રી કર.

૨૭૮૦ તારી બધી ઇચ્છા અને હીલચાલ આ આંગળીના (કબજામાં) છે. તારૂં મસ્તક (ધ્યેય) સભાગૃહના (કોપ કે દયાના) મુખ્ય રસ્તા પર છે.

૨૭૮૧ આ અક્ષરો (પ્રતિક રૂપમાં) તેનાથી લખાતા તારી (ફેરવાતી) હાલતના છે. તારો ઈરાદો અને તેને બદલાતું રૂપ આપવું એ માત્ર તેનો (ખુદાનો) ઇરાદો અને બદલાવાના અંગ રૂપે છે.

૨૭૮૨ વિનમ્ર બનવા માટે ગિરીયાઝારી સિવાય બીજો રસ્તો નથી. દરેક કલમ આ (દૈવી) અધીકારના પનાહમાં તાબેદારીના ભાનમાં હોતી નથી.

૨૭૮૩ કલમ આ અધીકાર જાણે છે. પણ (માત્ર) ભાવિ હુકમ (આધીન) પગલાં ભરે છે, તેના ભલાબુરા આમાલોની જોગવાઇઓ તે જાહેર કરે છે.

૨૭૮૪ પેલી (નીતિકથા) કે જે તેઓએ સસલા અને હાથી સંબંધી (કહી છે) તેઓ માત્ર યુક્તિઓ અંગે ગુંચવણમાં રહ્યા છે.

## આભાસ રૂપે દેખાતાં કાર્યોને, ખાસ કરીને દૈવી કાર્યો કે દરેકની પાસે દ્રષ્ટાંત તરીકે રજુ કરવાં તે તમારા માટે યોગ્ય નથી તે વિષે.

૨૪૮૫ આવી પ્રતિકૃતિ બનાવવી અને તે પવિત્ર દરબારમાં રજુ કરવી તેવી આભાસ રૂપે દેખાતી (વસ્તુઓને) પવિત્ર દરબારમાં કેમ રજુ કરી (શકાય)?

૨૭૮૬ પેલી પ્રતિકૃતિનો ઉપયોગ ખુદાને આધારીત છે કારણ કે તે જ માત્ર એક જાહેર અને બાતુનના જ્ઞાનનો ધણી છે.

૨૭૮૭ તેમને કોઈપણ ગુપ્ત વસ્તુનું જ્ઞાન છે ખરૂં? કે જેથી તુ (ઓ) તાલીયા, વાળનો ગુચ્છા અથવા ગાલને પ્રતિકૃતિ તરીકે વાપરે?

૨૭૮૮ હ. મુસા (અ. સ.) ને તે (લાકડું) દોરડું હોવાનો આભાષ થયો, પણ તે દોરડું ન હતું, તે અજગર હતો. તેની ગુપ્ત ખાશીયત તેનાં જડબાં ઉઘાડતી હતી.

૨૭૮૯ તેવી જ રીતે આવા (રૂહાની) બાદશાહ જો લાકડાની ગુપ્ત ખાસિયતથી માહીતગાર હોતા નથી તો દૈવી ભાવિના ગર્ભમાં છુપાએલ નફો નુકશાન તું કેમ જાણે?

૨૭૯૦ જ્યારે કે હ. મુસા (અ. સ.) ની આંખ પ્રતિકૃતિની ભુલમાં હતી. તો પછી એક દોઢડાહ્યો ઉંદર (સત્ય હકીકતનો) દરવાજો કેમ બને?

૨૭૯૧ તારા એ સરખાપણાને તે (ખુદા) અજગર બનાવશે કે તેના જવાબમાં તે તને ફાડી કટકાઓ કરે.

૨૭૯૨ શ્રાપિત, ઇબલીસે આ જાતની સરખામણી વાપરી કે જેથી કયામતના દિવસ સુધી તે ખુદાના શ્રાપમાં પડયો.

૨૭૯૩ કારૂને સતાના અનાદરમાં આ જાતનું સરખાપણું વાપર્યું કે જેથી તે તેના તખ્ત અને રાજમુગટ સાથે જમીનમાં નીચે દટાઈ ગયો.

૨૭૯૪ જાણુ કે તારી આ સરખામણી કાગડાઓ અને ઘુવડો જેવી છે કે જેમનાથી એક સોહ ઘરબારો હલકાં બન્યાં છે.

## હ. નુહ (અ. સ.)ના લોકોનું, તેમના વહાણુ બનાવવા વખતે ઉડામણી કરતી પ્રતિકૃતિઓ ઉચ્ચારવા વિષે.

૨૭૯૫ હ. નુહ (અ. સ.) એ રણુમાં વહાણુ બનાવ્યું. એક સો વાતોડીયા તેમની હાંસી ઉડાવવા રણુમાં દોડયા.

૨૭૯૬ તે એક વહાણુ બનાવે છે કે જ્યાં એક પાણીનો કૂવો પણુ અસ્તિત્વ ધરાવતો નથી! તે કેવો મુર્ખ છે?

૨૭૯૭ એક જણુ કહેતો હતો, "ઓ વહાણુ દોડ," જયારે બીજાએ કહ્યું, "તેને પાંખો પણુ બનાવો."

૨૭૯૮ તેમણે હ. નુહ (અ. સ.) એ કહ્યું, "આ ખુદાના હુકમ થકી છે. ઠઠ્ઠા મશ્કરીઓથી આ દબાઈ જવાનું નથી.

## એક કે જેણે પૂછયું, "તમે મધ્યરાત્રીએ દિવાલના પાયામાં આ શું કરો છો?" અને જવાબ મળ્યો, "હું ઢોલ પીટું છું," તેની વાર્તા

૨૭૯૯ આ બોધવાર્તા સાંભળ, કેવી રીતે એક દુષ્ટ ચોર દિવાલના તળીએ બાકોરૂં પાડતો હતો!

૨૮૦૦ કોઇ અર્ધ જાગૃત કે જે બિમાર હતો, તેના (ત્રીકમના) ઘા આસ્તેથી સાંભળતો હતો.

૨૮૦૧ અને તે છાપરા ઉપર ચડયો, અને પોતાનું માથું નીચું નમાવીને કહ્યું, "ઓ બાપડા તું આ શું કરે છે?

૨૮૦૨ હું ધારૂં છું કે બધું બરાબર છે, મધ્યરાત્રીએ તમો ત્યાં, શું કરી રહ્યા છો? તમે કોણુ છો?" તેણે કહ્યું, "ઓ માનવંત સાહેબ, હું ઢોલ પીટનાર છું."

૨૮૦૩ તમે ત્યાં શું કરવા માગો છો? તેણે કહ્યું, "હું ઢોલ પીટું છું. તેણે (બિમારે) કહ્યું, ઓ કલાકાર, ઢોલનો અવાજ કયાં છે?

૨૮૦૪ તેણે કહ્યું, તમે આ અવાજ આવતી કાલે સાંભળશો. (ખાસ કરીને) આવી બૂમો, આહ, અફસોસ અને ઓહ, મને શ્રાપ હોજો!

૨૮૦૫ પેલી ( હાથી અને સસલાની વાર્તા ) એક જૂઠ અને ખોટી અને બનાવટી છે, તે જુદાણામાંની ગુપ્ત હકીકત ( આંતરીક અર્થની ) તને જાણ નથી.

## આકાશમાંના ચંદ્રમાના સંદેશા સહિત એલચી તરીકે હાથી તરફ સસલાને મોકલવાયાને લગતી અશ્રદ્ધાળુઓએ જણાવેલી બોધવાર્તાના જવાબ વિષે.

૨૮૦૬ પેલા સસલાની ગુપ્ત ખાશિયત તે ઉદ્ધત સેતાન છે તે જાણ, કે જે તારા આત્મા તરફ એલચી તરીકે આવ્યો છે.

૨૮૦૭ એટલા માટે કે હ. ખઝર ( અ. સ. ) એ જ્યાંથી જીવનનું જળ પીધું ત્યાંથી તારા આત્માને વંચિત બનાવે.

૨૮૦૮ તેં ( બોધકથાનો ) અવળો અર્થ કર્યો છે, તેં દેવનિંદા ઉચ્ચારી છે. ( દૈવી સજાનો ) ફટકો સહન કરવા તૈયાર રહેજે !

૨૮૦૯ તું ચંદ્રમાના સ્વચ્છ પાણીમાં ગડબડાટ થયાનું બોલ્યો છો. નહિ તો હાથીઓ સસલાથી ક્યારે ગભરાયા છે ?

૨૮૧૦ સસલું અને હાથી અને પાણીની વાત કરે છે. જ્યારે ચંદ્રમામાં ગડબડાટ થયા ત્યારે હાથીની બીક રજુ કરી છે.

૨૮૧૧ ઓ તું અર્ધ ભૂખ્યા આંધળા, ખુદાને આજીજી કર, ચંદ્રમાને જેના ઉમરાવો અને સામાન્યજનો તાબેદાર છે તેને માટે આ મળતાપણું કેમ ઉદ્દેશાવાય ?

૨૮૧૨ ચંદ્રમા શું છે ? અને સૂર્ય શું છે ? તીવ્ર સમજશક્તિઓ અને આત્માઓ અને ફિરસ્તાઓ શું છે ?

૨૮૧૩ "સૂર્યના સૂર્યનો સૂર્ય" હું આ ( ખુદા વિષે ) કહું છું તે શું છે ? ખરેખર હું નિંદ્રામાં છું.

૨૮૧૪ ( રૂહાની ) બાદશાહોના કોપે લાખો શહેરોનો વિનાશ કર્યો છે, તું એ દુષ્ટ કે જેણે રસ્તો ગુમાવ્યો છે.

૨૮૧૫ તેઓના ઇશારે પર્વત એક સો ચીરાડોમાં વહેંચાઇ ગયો છે, સૂર્ય અવકાશમાં ઘાણીમાં ચાલતા ગધેડાની માફક ગોળ ફરે છે.

૨૮૧૬ ( પવિત્ર ) માણસોનો કોપ વાદળાંઓને સૂર્ય બનાવે છે. ( દરવેશી ) દીલોના કોપે દુનિયાઓને કચરામાં ફેંકી છે.

૨૮૧૭ ઓ રસાયણ ન ભરેલા નિર્જીવ તું 'લુત'ના શહેરે ખમેલી સજાની જગ્યા પર નજર ફેરવ.

૨૮૧૮ હાથી પણ ( તેની આગળ ) શું છે ? કારણ કે ત્રણ ઉડતા પંખીઓએ પેલા કંગાળ હાથીઓનાં હાડકાંનો પણ ચૂરો બોલાવ્યો હતો.

ખુદા - એ લાખો શહેરોને x, પર્વતોની તિરાડ પાડી, લુતના શહેરને x
દરવેશીએ દુનિયાને કચરામાં ફેંકાવી

૨૮૧૯ પંખીઓમાં અબાબીલ ( પંખી ) સૌથી વધુ નબળું છે, અને ( છતાં ) તેણે હાથીઓને કદી સાજા થઈ ન શકે તેમ ચીરી નાખ્યા.

૨૮૨૦ એવો કોણ છે કે જેણે હ. નુહ ( અ. સ. ) ના જળપ્રલય અથવા ફિરઓનના મિજબત (દૈવી વહી)ની લડાઇ વિષે સાંભળ્યું ન હોય ?

૨૮૨૧ આત્મા ( દિવ્ય સંદેશે ) એ તેને ઉખેડી નાખ્યો, અને તેઓને અવ્યવસ્થિતપણે ફેંકયા, પાણી તેઓને રજકણોમાં ફેરવતું ભુક્કા બોલાવતું હતું.

૨૮૨૨ એવો કોણ છે કે જેણે થામુદનું શું બન્યું તે અને 'સરસર' પવન પ્રવેશદ્વારોને પણ કેવી રીતે ઉડાડતો હતો તે સાંભળ્યું ન હોય ?

૨૮૨૩ તારી આંખો એકવાર ઉઘાડ ( અને ) આવા શક્તિશાળી હાથીઓ ( નબીઓ ) તરફ જો કે હાથીઓ ( અત્યાચારી રાજવીઓને ) લડાઇમાં હરાવતા હતા.

૨૮૨૪ આવા હાથીઓ ( દુષ્ટ રાજવીઓ ) અને અન્યાયી બાદશાહો, આવાઓ ( નબીઓ ) ના દીલના હંમેશ માટેના કોપના સંદેશામાં હોય છે.

૨૮૨૫ આખર સુધી તેઓ એક અંધકારમાંથી ( બીજા ) અંધકારમાં સબડે છે. અને તેઓ માટે કોઇ મદદગાર કે દયા હોતી નથી.

૨૮૨૬ બનવાજોગ છે કે તમે ભલા બુરાનું નામ સાંભળ્યું નથી. બધાએ જોયું છે અને તું જોતો નથી.

૨૮૨૭ દ્રષ્યમાનને ન જોવાનો તું ખોટો ડોળ કરે છે? પરંતુ મૃત્યુ તારી આંખ સારી રીતે ખોલશે.

૩૮૨૮ ધારી લો કે જ્યારે તું કબરની માફક અંધારામાં છે ત્યારે દુનિયા સૂર્ય અને પ્રકાશથી ભરપુર છે.

૨૮૨૯ પેલા મહાન 'નૂર'નો કાંઈપણ હિસ્સો ( મેળવ્યા ) વગર તું જાય છે. સુશોભીત ચંદ્રમા તરફ બારી બંધ ( જેવો ) તું છો.

૨૮૩૦ તું ઉંચા બુરજમાંથી ખીણમાં ગયો છે. (તેઓના પેલી દુનિયાના અદ્રશ્યપણા માટે) આ વિશાળ દુનિયા શું કાંઇ ઠપકાપાત્ર છે ?

૨૮૩૧ જ્યારે આત્મા રીંછપણાના ગુણધર્મમાં રહ્યો છે, ત્યારે તે હ. યુસુફનો ચહેરો કેમ જોશે ? કહે !

૨૮૩૨ હ. દાઉદ ( અ. સ. )નું સંગીત ટેકરા અને પહાડને પહોંચતું ( અસર ) કરતું હતું ( પણ ) પેલા પત્થર દીલવાળાઓએ તે સાંભળ્યું નહિ.

૨૮૩૩ પ્રયોજન અને ન્યાય ઉપર ( ખુદાના ) આશીર્વાદ હોજો ! અને સૌથી ઉત્તમ રસ્તો ખુદા જાણે છે.

૨૮૩૪ ઓ સબા ( ના લોકો ) ઉમદા સંદેશવાહકોની વાત માનો, તેની કે જેણે આત્માને કેદી બનાવ્યો, તેની વાત સાચી વાત માનો.

૨૮૩૫ તેઓની સાચી વાત માનો, તેઓ ઉગતા સૂર્યો છે, અને તેઓ તમને 'અલ કારીયા'ની નામોશીમાંથી બચાવશે.

૨૮૩૬ તેમની વાત માનો, તેઓ પ્રકાશિત પૂનમના ચાંદ છે, તેઓ 'અલ કાહિરા'થી મોઢામોઢ થનાર છે.

૨૮૩૭ તેઓની વાત માનો તેઓ અંધકારમાં પ્રકાશિત બત્તીઓ છે. તેમને માન આપો તેઓ આશાની કુંચીઓ છે.

૨૮૩૮ તમારી બક્ષિસોની જેઓ આશા રાખતા નથી તેઓને માનો. અવળા રસ્તે જાઓ નહિ અને બીજાઓને (સત્ય રસ્તેથી) હાંકી કાઢો નહિ.

૨૮૩૯ ચાલો આપણે ફારસી ભાષા બોલીએ, અરબ્બી છોડી દયો, ટર્કોમેન (દૈવી પ્રિતમનો) હિન્દુ (દાસ) બન, ઓ મારી અને પાણીના ઈન્સાન.

૨૮૪૦ સાંભળ, (રૂહાની) રાજાઓની સાખીતીઓ સાંભળ, સ્વર્ગોએ પણ (તેમની) વહી માની છે, તું પણ માન.

## ડહાપણનો અર્થ અને દુરંદેશ માણસની એક બોધકથા

૨૮૪૧ અગાઉના લોકોનું શું બન્યું તેની કાં તો ગણત્રી કર અથવા પાછલા અંતમાં (ખરા) ડહાપણથી ઉડ.

૨૮૪૨ ડહાપણ શું છે? બે (વિરૂદ્ધ પ્રસંગોમાં) લેવા જોઈતાં સાવચેતીનાં પગલાં, તું બેમાંથી એક લઇશ કે જે માનસિક અસ્થિર હાલતથી દુર હોય છે.

૨૮૪૩ કદાચ એકાદ માણસ કહેશે, "આ રસ્તા પર સાત દિવસ સુધી પાણી નથી, અને ત્યાં પગ દઝાડતી રેતી છે.

૨૮૪૪ બીજો કોઈ, "આ ખોટું છે, આગળ જાઓ, ત્યાં તમને દરેક રાત્રીએ વહેતો (પાણીનો) ઝરો માલમ પડશે."

૨૮૪૫ ડહાપણ તે છે કે તું તારી સાથે પાણી લઈ જા, કે જેથી તમે મૃત્યુથી બચી જાવ, અને તમે સાચા રસ્તે હો!

૨૮૪૬ જો (રસ્તામાં) પાણી મળે, આ (જે તમે લીધું તે) ઢોળી નાખો, અને જો પાણી ન હોય તો દુરાગ્રહી માટે અફસોસ!

૨૮૪૭ ઓ (ખુદાઈ પ્રતિનિધિ હ. આદમનાં) સંતાનો, ન્યાયપુર્વક વર્તો, કયામતના દિવસ માટે ડહાપણથી કાર્ય કરો.

૨૮૪૮ પેલા શત્રુ (અજાઝીલ) કે જેણે તારા બાપ (હ. આદમ) ઉપર વેર વાળ્યું, અને 'ઇલ્લીયીન' માંથી કેદમાં ખેંચી ગયો.

૨૮૪૯ અને તે બાદશાહને રૂહાનીયત શેત્રંજમાં હરાવ્યા, અને બહિશ્તમાંથી બહાર કઢાવ્યા, સંકટોના દાસ બતાવ્યા.

એક: આ રસ્તા ઉપર ૭ દિવસ સુધી પાણી નથી, રેતી છે
બીજો: આગળ જાઓ: દરેક રાત્રીએ વહેતો પાણીનો ઝરો
ડહાપણ: તું તારી સાથે પાણી લઈ જા. કે જેથી મૃત્યુથી બચી જાવ

૨૮૫૦ તેણે તેમને ખેંચાખેંચીમાં કેટલી બધીવાર ધૂર્તતાથી પકડયા, કે તેઓ તેનાથી બાથ ભીડે અને નામોશીમાં (જમીન ઉપર) પછાડે.

૨૮૫૧ તેણે પૂજ્ય હ. આદમ તરફ આમ કર્યું. ઓ તમો બીજાઓ, તેના તરફ ધિક્કારથી જુઓ નહિ.

૨૮૫૨ પેલો અદેખો આપણી મા અને બાપના માથાનો તાજ અને ઘરેણાં ચપળતાપુર્વક ખૂંચવી ગયો.

૨૮૫૩ તેણે તેઓને ત્યાં નગ્ન અને કંગાળ અને તિરસ્કરણીય બનાવ્યાં, હ. આદમ વર્ષો સુધી લોહીનાં આંસુએ રોયા.

૨૮૫૪ તેથી તેઓની આંખોમાંના આંસુઓથી કોમળ છોડ ઉગ્યા, (શેતે શેતે નવાઇ પામતી) કે શા માટે તેઓ 'લા' ના દફતરમાં વર્ણવાયા હતા ?

૨૮૫૫ આવો શાહજાદો (હ. આદમ અ. સ) તેના કારણે (દીલગીરીમાં) પીંખે છે તે હકીકત છે.

૨૮૫૬ ઓ માટીને પૂજનારાઓ, તેની દલીલબાજીથી ખબરદાર થાઓ, તેના માથા ઉપર 'લા હઉલ' ની તલવાર ઝીંકો.

૨૮૫૭ કારણ કે તે પોતે ઓચીંતો હુમલો કરવા તમને જોઇ રહ્યો છે, તેથી તમે તેને જોતા નથી, કાળજી રાખજો.

૨૮૫૮ પારધી નિરંતર દાણાઓ વેરે છે. દાણા દષ્ટિમાન છે, પણ વિશ્વાસઘાત સંતાયેલ છે.

૨૮૫૯ જ્યાં જ્યાં તું દાણા જુએ તેનાથી ખબરદાર રહેજે, રખેને છટકું તમારી પાંખો અને પીંછાઓને કેદ કરે !

૨૮૬૦ કારણ પંખી કે જે દાણા છોડી દેવાનું મન પર લેે છે તે વાસ્તવિકતાના ખેતરમાંથી અનાજ ખાય છે કે જે કપટ વગરનું છે.

૨૮૬૧ પેલા (અનાજથી) તે ધરાયું છે અને છટકાથી તે નાશી છુટયું છે. કોઇપણ છટકું તેની પાંખોને કે પીંછાને કેદ કરતું નથી.

## પંખીના કાર્યનું વિનાશકારીપણું કે જે કંજુસાઈ અને મિથ્યા આશામાં (પોતાનું) ડહાપણ તજી દે છે, તે વિષે.

૨૮૬૨ ફરીવાર એક પંખી દિવાલ ઉપર બેસે છે, અને પોતાની આંખો છટકામાંના દાણા ઉપર ચોંટાડે છે.

૨૮૬૩ હવે જ્યારે તે ખુલ્લી જમીન ઉપર જુએ છે ત્યારે તેની કંજુસાઇ પેલા દાણા તરફ નજર દોડાવે છે.

૨૮૬૪ પેલી દ્રષ્ટિ આ દ્રષ્ટિ સાથે યુદ્ધ કરે છે અને ઓચિંતાનું (પંખીને) ડહાપણ રહિત બનાવે છે.

૨૮૬૫ ફરીવાર એક પંખી કે જેણે ડગુમગુપણું છોડયું છે, પેલા (દાણાં) ઉપરથી પોતાની નજર હટાવી લે છે અને ખુલ્લા ખેતરો તરફ પોતાની નજર ચોંટાડે છે.

૨૮૬૬ ખુશી તેની પાંખો અને પીંછાંઓને (ચકચકાવે) છે (આહ), તે કેવી ઉત્તમ છે, જ્યારે કે તે બધા સ્વતંત્ર (પંખીઓનો) સરદાર બનેલ છે.

૨૮૬૭ દરેક જણુ કે જે તેને નમુનો બનાવે છે તે સલામતી અને સ્વતંત્રતાના રહેઠાણમાં રહે છે.

૨૮૬૮ કારણ કે તેનું દીલ ડહાપણનું બાદશાહ બન્યું છે કે જેથી (સ્વર્ગીય) સુગંધી અને બગીચા તેના રહેઠાણની જગ્યા બની છે.

૨૮૬૯ તેનાથી ડહાપણ ખુશ છે અને તે ડહાપણથી ખુશ છે, જો તમારે દીર્ઘદ્રષ્ટી અને ઠરાવ પ્રમાણે વર્તતું હોઇ તો આમ જ કરજો.

૨૮૭૦ તમે ઘણી વખત કંજુસાઇના છટકામાં ફસાયા છો, અને તમારૂં ગળું કાપવા આપી દીધું હતું.

૨૮૭૧ તે કે જે ફરીવાર દયાની દ્રષ્ટિ થકી દિલોમાં પશ્ચાતાપ પેદા કરે છે, (અને) તેને સ્વતંત્ર કરે છે, અને તારો પશ્ચાતાપ સ્વીકાર્યો છે.અને તને આનંદીત બનાવ્યો છે.

૨૮૭૨ તેણે (ખુદાએ) કહ્યું છે, જો તમે આમ પાછા ફરો, અમો આમ પાછા ફરશું, અમોએ કાર્યોને યોગ્ય શિક્ષાએ પહોંચાડેલ છે.

૨૮૭૩ હું જ્યારે (મારા) જોડને મારી પાસે લઉં, બીજી જોડ ખચિતજ તેની પાછળ દોડશે.

૨૮૭૪ અમો આ કાર્યની અસરથી ભેગા થયા છીએ. જ્યારે જોડમાંનો એક આવે છે ત્યારે બીજો પણ આવે છે.

૨૮૭૫ જ્યારે એક હુમલાખોર ઘરવાળી પાસેથી ધણીને ઉપાડી જાય છે, ત્યારે ઘરવાળી પોતાના ધણીને શોધતી તેની પાછળ આવે છે.

૨૮૭૬ તું ફરી એકવાર આ જાળ તરફ આવ્યો છે, અને પશ્ચાતાપની આંખોમાં ધુળ નાખી છે.

૨૮૭૭ માફી બક્ષનારે તારા માટે ફરીવાર ગાંઠ ઢીલી કરી હતી અને કહ્યું હતું. "ખબરદાર! ભાગી છુટ, આ દિશાએ તારો ચહેરો ચોંટાડયો નહિ."

૨૮૭૮ ફરીવાર જ્યારે વિસ્મરણનો આદેશ આવ્યો ત્યારે તેણે તારા આત્માને અગ્નિ તરફ ખેંચ્યો,

૨૮૭૯ ઓ તમો પતંગીયાં, શંકા અને વિસ્મરણ બતાવતી તમારી બળી ગએલી પાંખો તરફ એકવાર નજર કરો.

૨૮૮૦ જ્યારે કે તું બચાવાયો છે ત્યારે આ આભારદર્શન છે કે તારે પેલા દાણા તરફ જરા પણ ઇચ્છા રાખવી ન જોઈએ.

૨૮૮૧ એટલા માટે કે જ્યારે તું આભાર માને છે ત્યારે તે તારા ઉપર ફાંદા કે દુશ્મન તરફના ભય વગરની રોજી ઈનાયત કરે છે.

૨૮૮૨ તને બક્ષિશો માટે આભાર માનવા સ્વતંત્ર પત્તો બતાવે છે તે તેને ખુદાઇ બક્ષિશો માટે ગીરીયાઝારી કરતો જુએ છે.

૨૮૮૩ તેં કેટલી બધીવાર દુઃખ અને તકલીફોમાં બુમો પાડી છે (કહીને કે) ઓ ખુદા, આ જાળમાંથી મને છોડાવ.

૨૮૮૪ કે જેથી હું (તારી) આવી સેવા કરૂં અને ભલાઇ કરૂં અને સેતાનની આંખમાં ધૂળ રાખું.

## દરેક શિયાળામાં કુતરાઓનું કસમ ખાવું કે જ્યારે બીજો ઉનાળો આવશે ત્યારે શિયાળા માટે તેઓ ઘર બાંધશે.

૨૮૮૫ કુતરાનાં હાડકાં શિયાળામાં સંકોચાઇને ભેગાં થાય છે. હિમના કટકાઓએ તેને આવો સંકુચીત બનાવ્યો છે.

૨૮૮૬ તેથી તે કહે છે, આવું નાનું શરીર હોઇ મારે પત્થરનું (પાકું) મકાન બાંધવું જોઈએ.

૨૮૮૭ જ્યારે ઉનાળો આવશે ત્યારે ઠંડીમાંથી બચવા મારા પંજાથી પત્થરનું ઘર બાંધીશ,

૨૮૮૮ (પણ) જ્યારે ઉનાળો આવે છે ત્યારે રાહત અંગે તેના હાડકાં વધે છે, અને તેની ચામડી સુંવાળી બને છે.

૨૮૮૯ અને જ્યારે તે પોતાને મજબુત જુએ છે, તે કહે છે, ઓ ઉમરાવ સાહેબ, મારે કયા ઘરમાં જગ્યા શોધવી!

૨૮૯૦ તે વધુ મજબૂત થાય છે અને પડછાયાવાળી જગ્યામાં લબડે છે, એક આળસુ, ધરાએલું, બીકણ, હઠીલું પ્રાણી (બની જાય છે)!

૨૮૯૧ તેનું દિલ (મન) તેને કહે છે, ઓ કાકા, ઘર બાંધ. તે કહે છે, હું ઘરમાં જગ્યા કેમ કરી મેળવીશ? (તે) મને (કહે)

૨૮૯૨ કંજુસાઈનાં તમારા હાડકાં દુઃખના વખતે લબડે છે અને વિસ્તારમાં અદ્રષ્ય થાય છે.

૨૮૯૩ અને તમે પશ્ચાતાપ કરતા કહેશો, હું એક ઘર બાંધીશ, તે મારા માટે શિયાળામાં આરામ કરવાની જગ્યા બનશે.

૨૮૯૪ (પણ) જયારે દુઃખ ચાલ્યું ગયું છે, અને તમારી કંજુસાઈ મજબુત બની છે, અને ઘર માટેની તમારી ઇચ્છા કુતરાના કેસની માફક તમારાથી રવાના થઈ ગઈ છે.

૨૮૯૫ બક્ષિશ માટે આભારદર્શન એ બક્ષિશ કરતાં વધુ મીઠું છે, તે કે જે આભારદર્શનની આદતવાળો છે, દાન તરફ જ જશે.

૨૮૯૬ આભારદર્શન એ બક્ષિશનો આત્મા છે, અને બક્ષિશએ સત્વ છે, કારણ કે આભાર દર્શન તમને પ્રિતમના રહેઠાણે લાવે છે.

૨૮૯૭ બક્ષિશ બેદરકારી ઉત્પન્ન કરે છે, અને આભારદર્શન ખબરદારી. બાદશાહના આભાર દર્શનની જાળ સાથે બક્ષિશનો શિકાર કરવા મેદાને પડ.

૨૮૯૮ વિશાળ પ્રમાણનું આભારદર્શન તને મસ્ત અને ઉમરાવજાદો બનાવશે, કે જેથી તમો પોતે ગરીબ ઉપર એકસો ઈનામની નવાજીશ કરી શકશો.

૨૮૯૯ તમે તમારૂં પેટ જાતજાતની વાનીઓ અને ખુદાઇ મિષ્ઠાનથી ભરશો કે જેથી ભૂખ અને ભીખ તમારાથી રવાના થઇ જશે.

## અશ્રદ્ધાળુઓનું પયગમ્બરોને શિખામણ દેતા અટકાવવું અને તેમની સમક્ષ કંજુસાઈભરી દલીલો રજુ કરવા વિષે.

૨૯૦૦ (સબાના) લોકોએ કહ્યું, ઓ સલાહ દેવાવાળાઓ, તમોએ જે કહ્યું છે તે જો ગામમાં કોઈ પણ તમને સાંભળનાર હોય તો તે હવે પૂરતું છે.

૨૯૦૧ અમારા દિલો ઉપર ખુદાએ તાળાં માર્યાં છે, કોઈ પેદા કરનાર ઉપર સરસાઈ મેળવી શકે નહિ.

૨૯૦૨ પેલા કલાકારે આપણું આવું ચિત્ર દોર્યું છે. આ વાત કરવાથી બદલાએલું બનવાનું નથી.

૨૯૦૩ તમે કાંકરાને માણેક બનવાનું એક સો વર્ષ સુધી કહેશો, જુનાને નવો બનવા એક સો વર્ષ સુધી કહેશો.

૨૯૦૪ તમે જમીનને પાણીના ગુણધર્મ સ્વીકારવાના ઘમંડ કરવાનું કહેશો, તમે પાણીને બદલે દૂધ બનવાનું કહેશો.

૨૯૦૫ (આ બધું વૃથા છે) તે આસમાનનો અને અવકાશમાં છે તેનો પેદા કરનાર છે, પાણી અને જમીન અને જમીનની તમામ અસ્તિત્વની ચીજોનો પેદા કરનાર છે.

૨૯૦૬ તેણે આસમાનને ગોળાકાર હિલચાલ અને તેની પવિત્રતા આપી. પાણી અને માટીને (ભેગા કરી) તેનો કાળો દેખાવ અને ખીલવાની શક્તિ આપી.

૨૯૦૭ આસમાન ગંદકી કેમ પસંદ કરે? માટી અને પાણી પવિત્રતા કેમ ખરીદ કરે?

૨૯૦૮ દરેક જણને તેણે (ખુદાએ) અમુક ચોક્કસ કાર્ય વહેંચ્યું છે, એક પર્વત ગમે તેટલા પ્રયત્ને તણખલું કેમ બનશે?

## પયગમ્બરોનો કંજુસોને જવાબ દેવો

૨૯૦૯ પયગમ્બરોએ કહ્યું, હા, તેણે કેટલાક ગુણધર્મ પેદા કર્યા છે, કે જેમાંથી એકને પાછો ખેંચવો એ અશક્ય છે.

૨૯૧૦ અને તેણે ગુણધર્મો (પણ) પેદા કર્યા છે (કે જે માત્ર) અકસ્માતીક છે, કે જેથી એક ધિક્કારાએલો માણસ સ્વીકારાએલો બને છે.

૨૯૧૧ જો તમે પત્થરને સોનું બનવાનો આદેશ આપો તો તે વ્યર્થ છે. (પણ) જો તમે ત્રાંબામાંથી સોનું બનવાનો આદેશ આપો તો (તેને બદલાવવાનો) રસ્તો અસ્તિત્વમાં છે.

૨૮૧૨ જો તમે રેતીને માટી બનવાનો આદેશ આપો તો તે અશક્ય છે (પણ) જો તમે જમીનને માટી બનવાનો આદેશ આપો તો તે શક્ય છે.

૨૯૧૩ તેણે દુઃખદર્દો આપ્યાં છે કે જેની કોઈ દવા જ નથી. જેમાં કે લંગડાપણું, નાકની પહોળાઈ, આંધળાપણું.

૨૯૧૪ તેણે દર્દો આપ્યાં છે કે જેની દવા પણ છે જેમનો માથાનો દુઃખાવો અને ચહેરાનો લકવો.



ગંદકી પસંદ નાકરે <— આસમાનને - ગોળાકાર, હિલચાલ પવિત્રતા આપી.

પવિત્રતા પસંદ નાકરે <— પાણી માટી - ભેગા કરી - ખીલવાની શક્તિ આપી.

૨૯૧૫ આ દવાઓ સુમેળની ખાતર બનાવી છે. આ દર્દો અને દવાઓ વૃથા (બનાવ્યાં) નથી.
૨૯૧૬ નહિ, ઘણુંખરાં દર્દો માટે સાજા થવાનું છે. જ્યારે કે તું અંતઃકરણપૂર્વક શોધે છે ત્યારે તે તારા હાથમાં આવે છે.

## અશ્રદ્ધાળુઓએ કંજુસોની દલિલો ફરીવાર દોહરાવી તે વિષે.

૨૯૧૭ લોકોએ કહ્યું, ઓ (નબીઓના) સમૂહ, અમારાં આ દર્દો સાજા થવાની શકયતાવાળાં નથી.
૨૯૧૮ અમોએ વર્ષો સુધી મંત્રો ઉચ્ચાર્યા છે, આ જાતની શીખામણો, અને તેમનાથી અમારૂં બંધન દરેક પળે વધુ દુઃખી બન્યું છે.
૨૯૧૯ જો આ દર્દ સાજાં થઈ શકે તેવાં ગ્રહણશીલ હોત, તો છેવટ તેમાંનો અમુક ભાગ આખરે હટાવાયો હોત.
૨૯૨૦ જ્યારે 'હીપાટીટીઝ' થાય છે. કાળજામાં પાણી ઉતરતું નથી. જો તે દર્દી (આખો) સમુદ્ર પીઈ જાય તો પાણી કોઈ બીજી જગ્યાએ જશે.
૨૯૨૧ અનિવાર્યપણે હાથ અને પગ સોજેલા બને છે, તે પાણી પીવું તરસને મટાડતું નથી.

## પયગમ્બરોનો તેઓને ફરીવાર જવાબ દેવો.

૨૯૨૨ પયગમ્બરોએ કહ્યું, હતાશા એ દુષ્ટ છે, પેદા કરનારની રહેમત અને દયા અનંત છે.
૨૯૨૩ આવા કૃપાળુથી નિરાશ થવું એ વ્યાજબી નથી. તેની દયાના પાગડાને વળગી રહો.
૨૯૨૪ અરે, કેટલીક બાંહેધરીઓ શરૂઆતમાં સખત બની. (પણ) ત્યારબાદ તે સહેલી બને છે અને સખ્તાઈઓ પસાર થઈ જાય છે.
૨૯૨૫ નિરાશાની પાછળ ઘણી આશાઓ હોય છે, અંધકાર પછી ઘણા સૂર્યો હોય છે.
૨૯૨૬ ખરેખર તમે પત્થર દિલના બન્યા ને તમારા માગ્યા મુજબ મેં આપ્યું છે અને તમારા કાન અને દિલો ઉપર તાળાં માર્યાં છે.
૯૨૨૭ (પણ) (તમારા ભાગે) કંઈ સ્વીકારી કાંઈપણ કરવા અશક્ત છીએ. અમારૂં કામકાજ (ખુદાને) આધીન થવાનું છે, તેના હુકમનો અમલ કરવાનો છે.
૨૯૨૮ તેણે આ કાર્ય કરવા હુકમ કર્યો છે. આ (સંદેશકનું) કાર્ય અમારા થકી નથી શરૂ કર્યું.
૨૯૨૯ અમારી જીંદગી ખુદાના હુકમ બજાવવાને જ આધીન છે. જો તે હુકમ કરે કે રેતીના રસ્તામાં વાવો તો અમો વાવીએ.
૨૯૩૦ ખુદા સિવાય નબીના આત્માનો બીજો કોઇ દોસ્ત નથી. લોકોએ (તેનો સંદેશ) સ્વીકાર્યો કે ન સ્વીકાર્યો તેની સાથે (અમોને) કાંઈ લેવાદેવા નથી.
૨૯૩૧ તેનો સંદેશ પહોંચાડવાનો બદલો તેના (ખુદા) પાસેથી આવે છે. પેલા 'વ્હાલમ'ની ખાતર અમે ધિક્કારાએલા અને દુશ્મનોના કાર્યથી થાકેલા બન્યા છીએ.

૨૯૩૨ અમો કાંઈ આ (દૈવી) રહેઠાણે થાકેલા નથી. તેથી અમો દરેક જગ્યાએ રસ્તાના છોટાપણા અંગે રાહ જોશું.

૨૯૩૩ જે પોતાના દોસ્તથી છુટો પડેલો કેદમાં છે તે દિલમાં દબાએલો અને થાકેલો છે.

૨૯૩૪ પેલો દિલનો ઇચ્છીત અને મોહિત કરનાર અમારી પાસે હાજર છે. અમારા આત્માઓ તેની દયાના મહાઆનંદ વચ્ચે આભાર દર્શાવે છે.

૨૯૩૫ અમારા દિલોમાં ફુલોનું ખેતર અને ગુલાબના બગીચા છે. ઘરડા અને અશક્ત માટે તેમાં રસ્તો નથી.

૨૯૩૬ અમે કાયમના તાજા અને જુવાન અને દયાળુ, ધૂળ વગરના, સ્નેહાળ અને હસતા અને મિલનસાર છીએ.

૨૯૩૭ એકસોહ વર્ષ અમારા માટે એકાદ કલાક જેવાં છે, કારણ કે (વખતની) લંબાઈ અને ટુંકાઈ એ અમારાથી નોખી પડેલી વસ્તુ છે.

૨૯૩૮ પેલું લાંબુ ટુંકું એ કાયા પૂરતું છે, આત્મામાં લંબાઈ ટુંકાઈ ક્યાં છે?

૨૯૩૯ ત્રણુસોહ નવ વર્ષના ગુફાના માણસોને એક દિવસ દુઃખ અને તકલીફ વગરનો જણાશે.

૨૯૪૦ અને તેઓને તે (માત્ર) એક જ દિવસ દેખાણો કે જ્યારે તેઓના આત્માઓ "લામકાં"માંથી તેઓના શરીરોમાં પાછા આવ્યા.

૨૯૪૧ જ્યારે કે ત્યાં દિવસ કે રાત કે મહિનો કે વર્ષ નથી, તો ત્યાં તૃપ્તિ, વૃદ્ધાવસ્થા કે થાક કેમ હોય?

૨૯૪૨ (આપણા માટે) જ્યારે કે ત્યાં 'લામકા'ના ગુલાબના બગીચામાં 'બેખુદી' છે, આપણા માટે ત્યાં દૈવી દયાના પ્યાલા અંગે અત્યાનંદ છે.

૨૯૪૩ જે પણ (આ) કોઈએ પીધું નથી, સ્વાદ ચાખ્યો નથી, તે આ જાણતો નથી, વિષ્ઠાનો વંદો ગુલાબની સુગંધનો વિચાર પણ કેમ કરશે?

૨૯૪૪ તે વિચાર કરવા યોગ્ય નથી. જો વિચાર કરવા યોગ્ય હોય તો તે બધા ગર્ભધારણની વસ્તુઓ માફક તે બેખુદ બન્યો હોત.

૨૯૪૫ દોજખબહિશ્તનો વિચાર કેમ કરશે? એક ગંદી ભુંડણમાંથી સુંદર ચહેરો ચમકશે ખરો?

૨૯૪૬ સાંભળ, તારૂં પોતાનું ગજું કાપ નહિ, ઓ અધમ, ધ્યાન રાખ (જ્યારે કે) આવો કોળીઓ તારા મોંમાં પહોંચ્યો છે!

૨૯૪૭ છેવટમાં આપણે કઠણ રસ્તો લાવ્યા છીએ. અને આપણા પોતાના લોકોને માટે રસ્તો સહેલો બનાવેલ છે.

## સબાના લોકોનો પયગમ્બરો વિરૂદ્ધ પ્રતિકાર રજુ કરવા વિષે.

૨૯૪૮ (સબાના) લોકોએ કહ્યું, જો તમે તમારા પોતા માટે સદ્દકિસ્મત લાવો તો તમે અમારા માટે કમનશિબ છે, અને (અમારાથી) વિરૂદ્ધ અને નકારાણા છો.

૨૦૪૯ અમારા આત્માઓ ચીંતાથી પર હતા. (પણ) તમોએ અમોને દુઃખ અને ચિંતામાં ફેંકયા છે.

૨૯૫૦ સુખી સંબંધ અને સમજુતી કે જે અમારા વચ્ચે અસ્તિત્વ ધરાવતી હતી તે તમારા ખરાબ ભાવિના સુચનાથી એકસો જુદાઈમાં ફેરવાઈ ગઇ છે.

૨૯૫૧ (અગાઉ) અમે મેવા મિઠાઇ ખાવાવાળા પોપટ હતા, (હવે) તમારા થકી અમે પંખીઓ બન્યા છીએ કે જે મૃત્યુ ઉપર ધ્યાન લગાડે છે.

૨૯૫૨ જ્યાં જ્યાં કદી એ દુઃખ પ્રસરાવતી વાત છે, જ્યાં જ્યાં કદીએ બિહામણી પોકળ વાતો છે.

૨૯૫૩ જ્યાં જ્યાં કદી દુનિયામાં ભયંકર ભાવિ દર્શાવાય છે જ્યાં જ્યાં બિહામણું સર્વાંગી પરિવર્તન છે ત્યાં ત્યાં (એ ખુદાઇ કાનુન)ની ભયંકર સજા લાગુ કરાવાય છે.

૨૯૫૪ (પેલી બધી વસ્તુઓને) તમારી બોધદાયક વાર્તા અને ખરાબ ભાવિના વર્ણનમાં સમાવેશ કરવામાં આવેલ છે. તમને ઉગતા ભયની ભૂખ લાગી છે.

## પયગમ્બરોનો ફરી એકવાર તેઓને જવાબ આપવો.

૨૯૫૫ પયગમ્બરોએ કહ્યું, "ગંદા અને ભાવી ઘટનાનાં ખરાબ સુચનને તમારા આત્માઓમાંથી ટેકો છે.

૨૯૫૬ જો તમે જોખમી જગ્યાએ સુતા હો અને એક સરપ તમારી તરફ તદ્દન નજીકથી આવે છે.

૨૯૫૭ અને એક દયાળુ માણસે (તેનાથી) તમને ખબરદાર બનાવ્યા, કહીને કે જલ્દી કુદી પડો, નહિતર એક અજગર તમને હડપ કરી જશે.

૨૯૫૮ જો તમે કહેશો, શા માટે તમે ભાવિ ઘટનાનું ખરાબ સૂચન ઉચ્ચારો છો? (તે જવાબ દેશે), શું ખરાબ સૂચન ? કુદી પડ અને દિવસના પ્રકાશમાં નજરે જો.

૨૯૫૯ હું પોતે તમને ખરાબ ભાવિ ઘટનામાંથી બચાવીશ, અને તમને ઘરે લઇ જઈશ.

૨૯૬૦ (આવો માણસ) જે ગુપ્ત હકીકતોથી તારી સાથે માહિતગાર છે, તે પયગમ્બરોની માફક આ દુનિયાના લોકો જે જોઇ શકતા નથી તે તે જુએ છે.

૨૯૬૧ જો એક હકીકત તમને કહે, કાચી દ્રાક્ષ ખાતા નહિ, કારણ કે જો તમે ખાશો તો (તેના થકી) આવું દુઃખ અને દર્દ ઉત્પન્ન થશે.

૨૯૬૨ અને જો તમે કહેશો, શા માટે તમે ખરાબ ભાવિ ઉચ્ચારો છો ? (એમ કહો તો) તમે તમારા સાચા સલાહકારને ઠપકાપાત્ર બનાવો છો.

૨૯૬૩ જો એક ભવિષ્યવેતા તમને કહે, આ બાબતને જરા પણ ઢીલ વગર આજે જ અમલમાં મૂકો.

૨૯૬૪ તમે ભલે એક સો વખત ભવિષ્યવેત્તાનું જુઠાણું જુઓ (છતાં) જો એક કે બે વાર સાચું પડે તો તમે તેનો વિશ્વાસ કરવા આતુર બનો છો.

૨૯૬૫ આ અમારા ગ્રહો કદી જૂઠા પડતા નથી. ( તો પછી ) તે એની સત્યતા તમારાથી કેવી રીતે સંતાએલી રહેવા પામે ?

૨૯૬૬ હકીમ અને ભવિષ્યવેત્તા ( તેઓના ) પોતાના અભિપ્રાય પ્રમાણે તમને ખબર આપે છે, અને અમે ખરેખર દિર્ઘદ્રષ્ટિ અંગે ( જણાવીએ છીએ ).

૨૯૬૭ અમે ધુમાડો અને અશ્રદ્ધાળુ તરફ દોડતી અગ્નિ દુરથી નિહાળીએ છીએ.

૨૯૬૮ તમો કહો છો, આ શબ્દો ( ઉચ્ચારવામાંથી ) ચુપ રહો, કારણ કે દુષ્ટ ભવિના શબ્દો અમને ઇજા ભરેલા ( લાગે છે ).

૨૯૬૯ ઓ તમો કે જેઓ હિદાયત આપનારની હિદાયત સાંભળતા નથી. તમો જ્યાં પણ જશો ત્યાં દુઃખમય ભાવિ તમારી સાથે જ હશે.

૨૯૭૦ તમારી પીઠ ઉપર ઝેરી સાપ ચાલતો હોય ( અને ) તે ( બોધ દેનાર ) એક છાપરા ઉપરથી તેને જુએ છે, અને ( તમને ) ખબરદાર કરે છે.

૨૯૭૧ તમે તેને કહેશો, જાઓ, જાઓ, મને સંતાપો નહિ, તે કહેશે, સુખી થાઓ ! ખરેખર હું વધુ નહિ બોલું.

૨૯૭૨ જ્યારે ઝેરી સાપ તારી ગરદનને કરડે છે, તારી બધી સુખની ઇચ્છાઓ કડવી બને છે.

૨૯૭૩ પછી તમે કહેશો, ઓ ફલાણા, તમે આ બધી ( ચેતવણી આપી હતી ), તમે પશ્ચાતાપમાં તમારો કાંઠલો કેમ ફાડયો નહિ ?

૨૯૭૪ અથવા તમે ઉપરથી મારા તરફ એક પત્થર કેમ ફેંકયો નહિ, એટલા માટે તે ભયંકર દુ:ખ અને કમનશીબી મને ( ખુલ્લી રીતે ) બતાવાઈ હોત.

૨૯૭૫ તે કહે છે, ( મેં તેમ ન કર્યું ) કારણ કે તમે ગુસ્સે થયા હતા, તમે કહેત, " તમે મને ઘણો સુખી કર્યો છે. "

૨૯૭૬ તે કહે છે, મેં દયાની દ્રષ્ટિએ સલાહ આપી હતી, કે જેથી હું આ નુકશાનકારક બંધનમાંથી તારો છુટકારો કરૂં.

૨૯૭૭ તમે દુષ્ટપણા અંગે પેલી ( ઉદારતા માટે ) કાંઇપણ કર્તવ્યભાન બતાવ્યું નહિ. તમે તેને દુ:ખ અને અહંકારનું કારણ બનાવેલ છે,

૨૯૭૮ આ હલકટ હરામખોરોની ખાશિયત છે. તે ( આવી ) તને ઇજા પહોંચાડે છે અને તું તેને માટે ભલાઇ કરે છે.

૨૯૭૯ તેના તરફ મમતા છોડી દે ( અને ) તારા દુષ્ટ મનને બેવડો સાળ, કારણ કે તે હલકટ છે. અને માયાળુપણાને લાયક જ નથી.

૨૯૮૦ જો તમે એક ઉમરાવ તરફ માયા બતાવશો તો તે યોગ્ય જ છે ( કારણ કે ) તે દરેક ( ભલાઇની ) બદલીમાં સાતસો ( ભલાઈઓ ) આપી શકે તેમ છે.

૨૯૮૧ ( પણ અધમ તરફ દયા વગરના બનો ) જ્યારે તમો એક અધમ તરફ ઘાતકીપણા અને શારિરીક શિક્ષાથી વર્તો છો ત્યારે તે તાબેદાર વિશ્વાસુ નોકર બને છે.

છાપરા ઉપરથી જુએ (!)
શરીર ઉપર સાપ - ગાર્ડવાળાનું કર્યું (!)
કરડતા → સુખ કડવામાં બદલે -

૨૯૮૨ (તેઓની) માલ મિલ્કત અંગે અશ્રદ્ધાળુઓ ઘાતકીપણાનાં બી વાવે છે. ફરીવાર (તે બાદ) દોજખમાં તેઓની બુમ પડે છે "ઓ માલિક, અમને છોડાવ!"

આ દુનિયાની (જીંદગી) બાદ (ખુદાના) દોજખ પેદા કરનારા ડહાપણ અને (મહાદર્દની) જેલ, આ ચાલુ જીંદગીના અંતે તે (જેલ) હલકાં કાર્યો કરનારા માટે બંદગી કરવાની જગ્યા બને! "મારા તરફ રાજીખુશીથી કે નારાજીથી આવો."

૨૯૮૩ ઘાતકીપણું દુષ્ટ માણસોને પવિત્ર બનાવે છે. જ્યારે તેઓ માયાળુપણું મેળવે છે ત્યારે તેઓ પોતે ઘાતકી બને છે.

૨૯૮૪ તેથી દોજખ એ મસ્જિદ છે, જ્યાં તેઓ પોતાની નિષ્ઠાઓ ગુજારે છે. છટકું (એ માત્ર) જંગલી પંખી માટે પગ બાંધનાર બને છે.

૨૯૮૫ જેલ એ ચોર અને હલકટ માટે મઠ છે કે જ્યાં તે નિરંતર ખુદામાં ધ્યાન દેતો બને છે.

૨૯૮૬ જેવી રીતે કે માણસ જાતને (ઉત્પન્ન કરવાનું) કારણ બંદગી છે. (તેવી જ રીતે) બળવાખોરો માટે દોજખની અગ્નિ બંદગી કરવાની જગ્યા છે.

૨૯૮૭ માણસમાં દરેક (કાર્ય) કરવાની શક્તિ છે, પણ આ (ખુદાઈ) ખીદમત એ તેના (જીવનનું) છેલ્લે ધ્યેય બનવું જોઇએ.

૨૯૮૮ આ (આયાતો પઢ) "જીન અને માણસ જાતને (મારી બંદગી કરે તે સિવાય) પેદા કરી નથી." દુનિયાનું ધ્યેય ખુદાની બંદગી સિવાય બીજું કંઈ નથી.

૨૯૮૯ જેમ કિતાબનું છેલ્લું ધ્યેય એ વિજ્ઞાન છે. (છતાં) જો તમે તેને આરામ કરવાનો તકીયો બનાવો તો તે તમને તેવો જ ઉપયોગી થશે.

૨૯૯૦ પછી આ તકીયો (બનવાનું કાર્ય) તેનું અંતીમ ધ્યેય ન હતું. તેનું અંતીમ ધ્યેય શીખવું અને જ્ઞાન અને સાચી દોરવણી અને નફો હતો.

૨૨૯૧ જો તમે તલવારને તંબુ ખોડવાનો ખિલો બનાવશો તો તમે જીતને બદલે હાર પસંદ કરી છે.

૨૯૯૨ જો કે માણસનું (અંતીમ) ધ્યેય એ (ખુદાઈ) જ્ઞાન છે અને દીનની સાચી દોરવણી મેળવેલ હોય. (છતાં) વ્યક્તિગત રીતે (જોતાં) દરેક માણસની બંદગી કરવાની જગ્યા હોય છે.

૨૯૯૩ ઉમરાવ માણસની બંદગી કરવાની જગ્યા ભલાઇથી વર્તવાની જગ્યા તેને માટે બને છે, જ્યાં દુષ્ટ માણસ બંદગી કરે છે ત્યાં તે બિમાર પડે તેવી તેની જગ્યા બને છે.

૨૯૯૪ દુષ્ટને તલવાર ઝીંકો, કે જેવી તેઓ પોતાનાં માથાં નીચા નમાવે. ઉમરાવને આપો કે જેનાં તેઓ (સારાં) ફળો લણે.

૨૯૯૫ ખુદાએ ઉપયોગિતા અંગે આવા બન્ને માટે મસ્જીદો બાંધી છે. પેલાઓ માટે દોજખ, અને આ આવાઓ (ઇમાનદારો માટે) દયાની બક્ષિશ.

માણસની → બંદગી માટે પેદા.
દુનિયાનું ધ્યેય → બંદગી માટે જ છે.
કિતાબનું છેલ્લુ ધ્યેય = વિજ્ઞાન — મહાન ખુદા
નું નામ. માલિક.

૨૯૯૬ જેરૂસલેમમાં બાબે સગીર (નાનો દરવાજો) મસ્જિદ બાંધવામાં આવી કે લોકો પોતાનાં માથાં માનસિક વેદના અંગે (હલકી ભાવના છતાં) પોતાનાં માથાં નમાવે.

૨૯૯૭ કારણ કે તેઓ દુષ્ટ અને હલકટ હતા, દોજખ બાબ સગીર (જેથી) છે અને માનહાનીની (જગ્યા).

મહાન કિર્તીવંત ખુદાએ બાદશાહોના શારીરિક આકારોને (પાપીઓ) કે જેઓ ખુદાને આધિન ન હતા તેઓને (પેલા) રાજાઓના આધીન બનાવ્યા. જેમકે હ. મુસા (અ. સ.) એ જરૂસલેમની દિવાલમાં બાબે સગીર બાંધ્યું એટલા માટે કે ઈઝરાઈલમાંના ઉધ્ધત માણસો જ્યારે તેઓ દાખલ થાય ત્યારે નીચા નમે (પવિત્ર આયાત મુજબ). સિજદો કરતા દરવાજામાં દાખલ થાઓ અને 'હિત્તત' બોલતા આવો.

૨૯૯૮ ખુદાએ તેવાઓ માટે 'બાબે સગીર' બાદશાહોના માંસ અને હાડકામાંથી બાંધ્યું.

૨૯૯૯ આ દુનિયાના લોકો તેમની આગળ સિજદા માંગવા ગયા. જ્યારે કે તેઓ ખુદાઈ બાદશાહની સમક્ષ સિજદો કરવાનો વિરોધ કરતા હતા.

૩૦૦૦ તેણે (ખુદાએ) તેઓ માટે નાની વિષ્ઠાની ઢગલી (દોજખમાં) સિજદો કરવાની જગ્યા બનાવી. તે 'મહેરામ'નું નામ 'બાદશાહ' 'અને પાલાદીન' છે.

૩૦૦૧ તેની પવિત્ર હુજુરમાં તમે (સંસારી માણસો) લાયક નથી, પવિત્ર માણસો સેરડી જેવા છે. તમે પોલા વાંસડા જેવા છો.

૩૦૦૨ આ દુષ્ટ કંગાળો પેલા (દુનિયાના) બાદશાહો આગળ ઊંધે માથે પડેલા છે, (પણ) સિંહને માટે તેને પ્રસન્ન કરવાની વૃત્તિ એ નાસોશી છે.

૩૦૦૩ બિલાડી દરેક ઉંદરની ખાસિયતવાળા ઉપર દીર્ઘદ્રષ્ટિ રાખે છે, સિંહની બીક ઉંદરને કેમ હોય ?

૩૦૦૪ તેઓની બીક કે (માત્ર) ખુદાના અધમોથી જ હોય છે, 'ખુદાઈ સૂર્ય' (રૂહાની રાહબર)ની તેઓને કેમ બીક હોય ?

૩૦૦૫ પેલાઓ મહાન (ખુદાઈ આશકોનું) એક જ જ્ઞાન હોય છે. "મારા અત્યંત મહાન અને માલિક" આ મૂર્ખાઓ માટે "મારો માલિક સૌથી નીચો" બંધ બેસતું છે.

૩૦૦૬ (રૂહાનીયત) રણક્ષેત્રના સિંહોથી ઉંદરને કેવી બીક હોય ? નહિ. (તેઓ પેલા સિંહથી બીએ) કે જેઓની ઝડપ અને મૃગની કસ્તુરીની કોથળી છે, (પવિત્ર માણસો કે ખુદાઈ જ્ઞાન ધરાવનારા જ મત્ર આવે છે).

૩૦૦૭ એ માટીના ઘડા ચાટનાર, તેની પાસે જા કે જેઓ કચરોટોને ચાટે છે, અને તેને તારા માલિક અને લાભ દેનાર તરીકે લખી વાળ.

૩૦૦૮ બસ ! જો હું વધુ દૂર પહોંચતું વિવરણ કરૂં તો (દુન્યવી) બાદશાહ ગુસ્સે થઈ જશે. અને સાથે સાથે તે જાણે છે કે તેમાં (આ બાબતમાં આવું જણાવાયું છે).

૩૦૦૯ ઓ અમીર ઇન્સાન, અંજામ આ છે, દુષ્ટ તરફ સખ્તાઈ કરો, કે જેથી તે હલકટ પોતાનું માથું નમાવે.

૩૦૧૦ જ્યારે તે (ભલો) દુષ્ટ સાથે માયાળુપણે વર્તે છે, તેનું (દુષ્ટમન) દુષ્ટ આત્મા દુષ્ટની માફક અનુપકારીપણું બતાવે છે.

૩૦૧૧ આના કારણે દુઃખ સહન કરનારા (ખુદાના) આભારી બને છે (જ્યારે) કે નશીબદારો બળવાખોરો અને પાપથી ભરેલા છે.

૩૦૧૨ તે સોનેરી ભરત ભરેલા ડગલાઓથી બળવાખોર છે, (જ્યારે) ફાટેલ તુટેલ જાડા ઉનના ડગલાવાળો (ખુદાનો) આભારીત છે.

૩૦૧૩ માલ મિલ્કત અને દોલતથી આભારદર્શક કેવી રીતે જાગૃત થાય? બિમારી અને દુઃખો અંગે આભારદર્શન જાગૃત થાય છે!

## એક સુફી કે જે ખોરાક રાખવાના ખાલી બટવામાં મોહિત થયો તે વિષે.

૩૦૧૪ એક સુફીની એક દિવસ ખીલી ઉપર (લકટતા) ખોરાકના ખાલી બટવા ઉપર ઓચિંતી નજર પડી, (અને) તે ઘુમવા લાગ્યો અને પોતાનાં કપડાં ફાડયાં.

૩૦૧૫ બુમ પાડી કહે, અરે, ખોરાક વગરના ખોરાક, અને, દુકાળ અને ભૂખ માટેની દવા!

૩૦૧૬ જ્યારે તેની આહો અને તેની બેખુદી વધુ મોટી બની, દરેક કે જે સુફી હતો તે તેમાં જોડાયો.

૩૦૧૭ તેઓ બુમ અને ચીસો પાડતા હતા. કેટલાય અત્યાનંદી બનતા હતા અને (કેટલાય) સભાન હતા.

૩૦૧૮ એક આળસુ કામઠા છોકરાએ સુફીને કહ્યું, શું બાબત છે? (માત્ર) ખોરાકનો બટવો (ખીલી ઉપર) ટીંગાયો અને તે પણ રોટલા વગરનો ખાલી.

૩૦૧૯ તેણે (સુફીએ) કહ્યું, ચાલ્યો જા, તું એક આત્મા વગરનો ખાલી ઘાટ જ છો, તું ખુદી શોધ, કારણ કે તું પ્રેમ નથી.

૩૦૨૦ પ્રેમીનો, ખોરાક રોટલાના અસ્તિત્વ વગર રોટલાનો પ્રેમ છે, જે પણ કોઈ ઇમાની નથી, તે અસ્તિત્વના દાસત્વમાં છે.

૩૦૨૧ પ્રેમીઓને અસ્તિત્વ સાથે કાંઈ કામ નથી, પ્રેમીઓને મુડી વગર વ્યાજ મળે છે.

૩૦૨૨ તેઓને પાંખો નથી છતાં તેઓ દુનિયાની આજુબાજુ ઉડે છે, તેઓને હાથ નથી (છતાં) તેઓ પોલો રમવાના મેદાનમાંથી દડો ઉપાડી જાય છે.

૩૦૨૩ તે દરવેશ કે જેણે વાસ્તવિકતાની સોડમ લીધી છે, પોતાના કાપી નાખેલા હાથી થકી તે ટોપલી ગુંથે છે.

૩૦૨૪ પ્રેમીઓએ પોતાના તંબુ 'લામકાં' માં પોડચા છે, તેઓ એકજ રંગના (ગુણ ધર્મના) છે અને 'બે ખુદી'ની માફક એકજ સત્યના છે.

૩૦૨૫ દુધ પીતું બચ્ચું મિઠાઇનો સ્વાદ કયાંથી જાણે ? માંસ અને પીણું એ જીવ માટે (માત્ર) સોડમ જ છે.

૩૦૨૬ એક માણુસ (જીન્નની) સોડમ કેમ અનુભવશે ? જ્યારે કે (માણુસની) ખાશિયત તેની (જીન્નની) ખાશિયતથી ઉતરી જ છે.

૩૦૨૭ સોડમનો શ્વાસ લેતો જીન્ન સોડમ અંગે (મોટી ખુશી) મેળવે છે, તું તે (ખુશી) એકસો મણની મિઠાઈમાંથી મેળવી શકીશ નહિ.

૩૦૨૮ (ફીરઓનના) અનુયાયીઓ માટે (નાઈલ) નું પાણી લોહી છે, (હ. મુસા. અ. સ. ના વખતમાં) ભલા ઇઝરાઇલીઓ માટે તે પાણી છે,

૩૦૨૯ દરિયો એ ઈઝરાલીઓ માટે ધોરી રસ્તો (બનાવાયો). બદમાશ ફિરઓન માટે તે ડુબવાની જગ્યા (બનાવાણી).

**હ. યાકુબ (અ. સ.) હ. યુસુફ (અ. સ.) ના ચહેરામાંથી ખુદાઇ પ્યાલાનો સ્વાદ મેળવવાનો વિશેષ અધિકાર ભોગવતા હતા. અને હ. યુસુફની સુવાસમાં ખુદાઈ સુવાસનો દમ ભરતા અને (આ બન્ને અધિકારોમાંથી) તેમના (હ. યુસુફના) ભાઇઓને બાકાત રાખવામાં આવ્યા હતા. તે વિષે.**

૩૦૩૦ હ. યાકુબ (અ. સ.) એ હ. યુસુફ (અ. સ.) નો ચહેરો જોતાં જે અનુભવ્યું, તે તેને માટે વિલક્ષણ હતું. તેમના ભાઇઓને તે ખુશી કયાંથી આવે ?

૩૦૩૧ આ એક હ. યાકુબ (અ. સ.) (હ. યુસુફ અ. સ.) ના પ્રેમ અંગે પોતાનો ખાડામાં ઉતારે છે, જ્યારે પેલો એક (હ. યુસુફનો ભાઇ) તેના માટે (હ. યુસુફના) ધિક્કાર અંગે ખાડો ખોદે છે.

૩૦૩૨ તેની (હ. યુસુફના ભાઈ) દ્રષ્ટિમાં તેની (હ. યુસુફની) રોટલાનો બટવો ખાલી છે, જ્યારે હ. યાકુબ અ. સ. ની દ્રષ્ટિમાં તે ભરેલ છે કારણ કે તેઓ ઉત્કંઠાથી તેની આશા રાખતા હતા.

૩૦૩૩ ચહેરો (દીલ) સાફ કર્યા વગર કોઇ કુરાંનો ચહેરો જોતો નથી, તેમણે (નબી સાહેબે) કહ્યું, "વજુ વગરની નિયમીત બંદગી હોય નહિ."

૩૦૩૪ આત્માનું ખાણું અને પીણું પ્રેમ છે, આ દ્રષ્ટિએ જોતાં આત્માઓનો ખોરાક રોજા છે.

૩૦૩૫ હ. યાકુબ (અ. સ.) ને હ. યુસુફ (અ. સ.) ની ભૂખ હતી. તે થકી તેમને દુરથી રોટલાની સુવાસ પહોંચતી હતી.

૩૦૩૬ જેમણે હ. યુસુફ (અ. સ.) નું પહેરણ લીધું હતું. તે ઉતાવળથી (પોતાને રસ્તે) જતો હતો, અને હ. યુસુફ (અ. સ.) ના પહેરણની વાસ તેને આવતી ન હતી.

૩૦૩૭ હ. યાકુબ (અ. સ.) કે જેઓ એકસો માઇલ દુર હતા, તેઓ (આની) સુગંધ લેતા હતા.

૩૦૩૮ અને ઘણા વિદ્વાન શિખેલા માણસો છે કે જેઓને પોતાના જ્ઞાનથી કાંઈ નફો નથી, પેલો કે જે જ્ઞાનને પોતાની યાદીમાં જાળવી રાખે છે તે (નહિ કે) તે કે જે તેને ચાહે છે.

૩૦૩૯ સાંભળનાર તેનામાંથી (જ્ઞાનની) સોડમ સુંઘે છે (ભલે પછી) તે સાંભળનાર સામાન્ય જન હોય!

૩૦૪૦ કારણ કે તેના (ભણેલા માણસના) હાથમાંનું ખમીશ એ ઉછીની ચીજ છે. ગુલામ વેચનારના હાથમાં ગુલામ કન્યા હોય તેમ.

૩૦૪૧ ગુલામ કન્યા ગુલામના વેપારીને અર્થ વગરની છે, તે માત્ર વેચાણ ખાતર જ તેના કબજામાં છે.

૩૦૪૨ ખુદાઈ વહેંચણી નક્કી કરાએલા હિસ્સે જ ઇનાયત થાય છે, કોઈ પણ એકનો હિસ્સો બીજાને મલતો નથી.

૩૦૪૩ એક ભલી કલ્પના (આશીર્વાદીત) માણસનો બગીચો બને છે, એક હલકી કલ્પના (બિન આશીર્વાદીત) માટે રસ્તાનું દર્દ ભરે છે.

૩૦૪૪ પેલા માલિક કે જેણે એક કલ્પનાને (બહિશ્તનો) બાગ બનાવેલ છે, અને, બીજી કલ્પના દોજખ અને (દુઃખ) ઉત્પન્ન થતી જગ્યા છે.

૩૦૪૫ પછી (તેના) સિવાય બીજો કોણ તેના ગુલાબના બગીચાઓનો રસ્તો જાણે છે? પછી (તેના) સિવાય કોણ તેની યાચનાઓની ભઠ્ઠી જાણે છે?

૩૦૪૬ દિલનો પહેરગીર જ્યારે તેની ફરજ અંગે ચકરાવો મારે છે ત્યારે તે આત્માના કયા ખૂણામાંથી કલ્પના આવે છે તે જોતો નથી.

૩૦૪૭ જો તે તેની ઉદગમ જગ્યા જુએ તો તે હલકી કલ્પનાઓને આવતી અટકાવવા રસ્તો રોકશે.

૩૦૪૮ પણ 'સ્કાઉટ'નો પગ પેલી જગ્યા ઉપર કેવી રીતે પહોંચશે! કારણ કે તે પાણીનો સ્થંભ, 'લામકાં'નો પર્વતમય કિલ્લો છે.

૩૦૪૯ આંખો મીંચીને તેની દયાનું પહેરણ પહેરી રાખ, ઓ રાજા, આ આંધળા માણસનાં (કાયદાસર લેવા જોઈતાં પગલાં) છે.

૩૦૫૦ તેનું પહેરણ તેનો હુકમ અને તેનો આદેશ છે. નશીબદાર તે છે કે જેનો ભક્તિ ભાવ પોતાના આત્મા (જેવો પવિત્ર) છે.

૩૦૫૧ (આશીર્વાદીત) એક લીલા ચરાણ અને પાનીના ઝરાઓની વચ્ચે છે, જ્યારે બીજો (બીન આશીર્વાદીત) તેની બાજુમાં જ વાવાઝોડામાં છે.

૩૦૫૨ તે (પાછલો) અજાયબીમાં ગરકાવ રહે છે, કહે છે, આ માણસની ખુશી ક્યાં થકી છે! અને બીજો (પણ) અજાયબીમાં રહે છે, કહે છે, "આ કોના બંદીવાસમાં છે!"

૩૦૫૩ સાંભળ; તું શા માટે સુકાણો છે.? કારણ કે અહીં તો ઝરાં છે. સાંભળ; શા માટે તું ફિક્કો છે? કારણ કે અહીં તો એંક સો ચિકિત્સાઓ છે.

૩૦૫૪ સાંભળ (મારા) પાડોસી, બગીચામાં આવ, તે (આશીર્વાદહિત) કહેશે; ઓ વહાલા આત્મા હું આવી શકતો નથી.

**એંક અમીર અને તેનો ગુલામ કે જે નિયમીત બંદગીનો બહુ શોખીન પ્રેમી હતો અને જેને નિયમિત બંદગીમાં મોટી ખુશી (ઉપજતી) અને જે ખુદાની સાથે ઐકયતા પામેલો હતો, તેની વાર્તા.**

૩૦૫૫ અમીરની ઇચ્છા વ્હોં ફાટતાં ગરમ પાણીના સ્નાન કરવા (જવાની) હતી. તેણે બુમ પાડી, ઓ શંકર તારૂં માથું ઉપાડ, (ઉભો થા),

૩૦૫૬ ઓ કામઢા, ‘અલતુન’ પાસેથી કુંડું અને ટુવાલ અને માટી લઇ લે, કે જેથી આપણે ગરમ પાણીના સ્નાનાગારમાં જઈએ.

૩૦૫૭ શંકરે (તે જ) પળે કુંડું લીધું અને એક સારો ટુવાલ તેની સાથે લઈ બન્ને નીકળી પડયા.

૩૦૫૮ રસ્તા ઉપર મસ્જિદ હતી, અને નમાઝની ‘અઝાન’ ખુલ્લી રીતે તેના કાન પર પડી.

૩૦૫૯ સંકર નિયમિત બંદગીનો પ્રેમી હતો તેણે કહ્યું, “ઓ મારા અમીર, એ. માયાળુ શેઠ,

૩૦૬૦ આ બાંકડા ઉપર શાંતીથી બેસો કે જેથી હું ફરજ રૂપની બંદગી ગુજારૂં અને ‘લમ યકુન’ પઢું.”

૩૦૬૧ જ્યારે પેશ ઇમામ અને લોકો આગળ આવ્યા, અને બંદગી અને ધાર્મીક ગીતો પુરાં કર્યાં.

૩૦૬૨ ત્યારે સંકર ત્યાં લગભગ બપોર થવા આવ્યા ત્યાં સુધી રહ્યો. અમીરે ત્યાં થોડો વખત વાટ જોઈ.

૩૦૬૩ (પછી) તેણે કહ્યું, ઓ સંકર, શા માટે તું બહાર આવતો નથી? તેણે જવાબ આપ્યો, (ઓ માનવંત શેઠ) તે (ખુદા) મને બહાર આવવા દેતો નથી.

૩૦૬૪ ધીરજ થશે, જુઓ હું આ આવ્યો, (ઓ મારી આંખોના) પ્રકાશ, હું બેધ્યાન નથી કારણ કે તું અમારા કાનમાં જ છે.

૩૦૬૫ એક પછી એક પછી એક સાત વખત તેણે ધીરજ ધરી આખરે માણસ નિરાશામાં સંકરની અવગણનાથી ઓછો થતાં બુમ પાડી.

૩૦૬૬ તેનો (સંકરનો) હમેશાં આ જવાબ હતો. ઓ માનવંત સાહેબ, તે મને બહાર આવવા દેતો નથી.

૩૦૬૭ તેણે (શેઠે) કહ્યું, “મસ્જિદમાં કોઈ બાકી તો રહ્યો નથી. તો પછી તેને કોણ કેદ કરી રાખે છે? કોણે તને ત્યાં બેડીમાં રાખ્યો છે?

" હું બંદગીખાનેથી
રહેમાન બહાર આવવા દેતાં નથી

૩૦૬૮ તેણે (સંકરે) જવાબ આપ્યો, તેણે કે જેવો તને બહાર સાંકળથી બાંધ્યો છે, તેણે મને અંદર સાંકળ નાખી છે.

૩૦૬૯ તે કે જેણે તને અંદર આવવા ન દીધો મને બહાર આવવા દેતો નથી.

૩૦૭૦ તેણે કે જેણે તને આ દિશાએ પગલું ભરવા દીધું નથી તેણે આ ગુલામને પણ સાંકળથી બાંધ્યો છે કે જેથી તે વિરૂદ્ધ દિશાએ હિલચાલ કરી શકે નહિ.

૩૦૭૧ સમુદ્ર મચ્છીને બહાર આવવા દેતો નથી. સમુદ્ર જમીનના જનાવરોને અંદર આવવા દેતો નથી.

૩૦૭૨ મચ્છીનું અસલ ઘર પાણી છે. અને જનાવરોનું (ઘર) જમીન છે. અહિં યુક્તિ-પ્રયુક્તિઓ કામ લાગે તેમ નથી.

૩૦૭૩ (દૈવી ભાવીનું) તાળું સખત છે, અને (માત્ર) ખુદાજ તેનો ખોલનાર છે, (ખુદાની) ઇચ્છાને સમર્પણ અને મુંગી અનુમતીથી વળગી રહે.

૩૦૭૪ એક પછી એક અણુમાંથી ચાવીઓ બને છે, (છતાં) આ ખુલ્લું થવું એ "દૈવી શહેનશાહ" વગર અસર ન કરે!

**૩૦૭૫ જ્યારે તમે તમારી પોતાની યોજના ભુલી જાઓ, ત્યારે તમે પેલા યુવાન (સુખી) કિસ્મત "તમારા રૂહાની રાહબર" પાસેથી મેળવી શકો છો.**

૩૦૭૬ જ્યારે તમે ખુદને ભુલી જવાવાળા બનો છો ત્યારે તમો ખુદાને યાદ કરનારા બનો છો, (જ્યારે) તમે તેના ગુલામ બન્યા છો (ત્યારે) તમને સ્વતંત્ર કરવામાં આવશે.

**અશ્રદ્ધાળુઓ સ્વીકૃતી અને કબુલાતવાળા બને તેવી આશા નબીઓએ છોડી દેવી, જેમ ખુદા તઆલાએ કહ્યું છે, "જ્યાં સુધી કે (દૈવી) સંદેશકો નિરાશ બન્યા."**

૩૦૭૭ પયગમ્બરોએ પોતાના દીલોમાં કહ્યું, "કેટલો બધો લાંબો વખત આને કે પેલાને હિદાયત અને શિખામણ આપ્યા કરશું?

૩૦૭૮ ઉંધે રસ્તે દોરવાઈ ગએલા, એક ઠંડા લોઢાના ટુકડાને કેટલો લાંબો વખત પીટશું? અમારા શ્વાસો (કયાં સુધી) વૃથા લેશું?"

૩૦૭૯ પેદા કરાએલાઓનું હલચલ દૈવી ભાવી અને નીમણુંક અંગેનું છે. દાંતની તિક્ષ્ણતા જઠરની (ભુખ અંગેના) અગ્નિ અંગે હોય છે.

૩૦૮૦ પહેલો આત્મા (આત્માનો આત્મા) બીજા આત્મા ઉપર (અસર) ધકેલે છે, મચ્છી મોઢામાંથી દુર્ગંધ મારે છે, નહિ કે પુછડીથી.

૩૦૮૧ પણ જ્યારે (આ) સ્વીકારવામાં આવે છે, ત્યારે તીરની માફક ઝડપ કરો, જ્યારે કે ખુદાએ કહ્યું છે, 'સંદેશો પહોંચાડ' આમાંથી છટકવાનું છે જ નહિ.

મચ્છી નું ઘર → સમુદ્ર → મચ્છીને બહાર ×
જાનવરનું ઘર → જમીન જાનવર સમુદ્ર માં અંદર ×.

આત્માની આત્મા
↓
બીજા આત્મા ઉપર
અસર ધકેલ.

૩૦૮૨ આ બન્નેમાંથી તમે કોણ છો ? તમે જાણતા નથી (તો પછી) જરૂર પડે ત્યાં સુધી તનતોડ મહેનત કરો કે જેથી તમે જાણો કે તમે કોણ છો ?

૩૦૮૩ જ્યારે તમે વહાણ ઉપર તમારો માલ મોકલો છો ત્યારે તમે જોખમી સાહસ ભરોસા ઉપર કરો છો.

૩૦૮૩ કારણ કે તમો આ મુસાફરીમાં ડુબી જશો કે (મૃત્યુ) થી બચી જશો, આ બેમાંથી તમે શું હશો તે તમો જાણતા નથી,

૩૦૭૫ જો તમે કહો કે જ્યાં સુધી હું જાણું નહિ ત્યાં સુધી વહાણમાં અને દરિયા તરફ ઉતાવળ કરીશ નહિ.

૩૦૮૬ આ મુસાફરીમાં હું બચી જઇશ કે ડુબી મરીશ, આ (બેમાંથી) હું કયા ટોળામાં છું તે મને જણાવો.

૩૦૮૭ હું આ મુસાફરી બીજાઓની માફક શંકા અને વ્યર્થ આશામાં શરૂ નહિ કરૂં.

૩૦૮૮ (તો પછી) તમારાથી મુસાફરી થઈ શકશે નહિ કારણ કે આ બન્ને બાબતોની ગુપ્ત હકીકત દ્રષ્યમાન નથી.

૩૦૮૯ ડરપોક સ્વભાવનો અને કામ જેવો (બરડ) વેપારી તેની શોધમાં નફો કે નુકસાન મેળવી શકશે નહિ.

૩૦૯૦ નહિ, તે નુકશાન સહન કરે છે, કારણ કે તે (માલ મિલ્કતથી) વંચિત છે. અને તિરસ્કરણીય છે (માત્ર) તે જ જે ભડકાઓ (શોધવાની તકલીફો) ખાનાર છે તે જ પ્રકાશ શોધશે.

૩૦૯૧ તેવી જ રીતે દરેક ઘટનાઓ આશા ઉપર આધાર રાખે છે, ધર્મની બાબત સૌથી વધુ કીંમતી છે કારણ કે આના થકી તમે મુક્તિની જીત મેળવો !

૩૦૯૨ અહીં એવી રજા નથી કે (તક અંગે) દરવાજો ખખડાવવો, આશા સિવાય (કંઇ નહિ) ખુદા સૌથી સારી રીતે ખરો રસ્તો જોઇએ.

## દુનિયામાં રચ્યા રહેતા માણસનું ઇમાન બીક અને આશાનું બનેલું હોય છે

૩૦૯૩ દરેક વેપારીનું ધ્યેય આશા અને તક છે, ભલે પછી સખત પરીશ્રમ અંગે તેઓનાં ગળાં રેંટિયાની ત્રાક માફક સાંકડાં થઈ જાય !

૩૦૯૪ જ્યારે તે (વેપારી) સવારમાં દુકાને જાય છે, ત્યારે રોજીની આશા અને તકમાં આગળ અને આગળ દોડે છે.

૩૦૯૫ જો તમને રોજી (પેદા કરવાની) તક મળી તો તમે શા માટે દુકાને જાવ છો ? ત્યાં નાઉમેદ થવાની બીક તો છે (છતાં) તમો કેવા દ્રઢ વિશ્વાસ રાખો છો ?

૩૦૯૬ રોજી કમાવાની (બાબતમાં) હંમેશાની હતાશાની બીક તમને તેની શોધમાં પાતળા નથી બનાવતી.

વેપારીનું → ધ્યેય, આશા, તક.

૩૦૯૭ તમે કહેશો, હતાશાની બીક મારી સમક્ષ છે તો ખરી, છતાં જો હું (આળસાઈ કરૂં) તો બીક મોટી બને છે.

૩૦૯૮ જ્યારે હું કામમાં હોઉં છું આશા વધુ હોય છે, (પણ) જ્યારે કે આળસુપણામાં હોઉં છું ત્યારે મને વધુ જોખમ હોય છે.

૩૦૯૯ તો પછી ઓ હલકા વિચાર કરનાર આદમી, દીન ધર્મ પાળવામાં તને કઈ બીક પાછળ ધકેલે છે.

૩૧૦૦ આપણી આ બજારોના લોકો કેવો નફાકારક વેપાર કરે છે તે તમે જોયો નથી? નબીઓ અને ઓલીયાઓ (આ વેપારમાં) લાગી પડયા છે.

૩૨૦૧ અને આ (રૂહાની) દુકાને જવામાં કંઈ ખાણ (ખજાનો) તેમને દેખાણો છે. આ બજારમાં તેઓએ કેવી રીતે નફો મેળવ્યો છે.

૩૧૦૨ પેલા એકને અગ્નિ (હ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહની માફક) તોડા જેવો આજ્ઞાકિંત બન્યો, પેલા એક (હ. મુસા અ. સ. કે) ને સમુદ્ર આજ્ઞાંકિત બન્યાં. અરે, પોતાના ખભા ઉપર ઉઠાવી લીધો.

૩૧૦૩ પેલા એક (હ. દાઉદ અ. સ.)ને લોઢુ, મિણબત્તી જેવું નરમ, આજ્ઞાંકિત બન્યું. પેલા એક (હ. સુલેમાન અ. સ.) ને પવન, એક આજ્ઞાકિંત ગુલામ જેવો બન્યો.

**ઘટના આગળ વધી, પયગમ્બરોએ કહ્યું " ખરેખર, મહાન કિર્તિવંત ખુદાના દોસ્તો છે, કે જેઓ છુપા છે."**

૩૧૦૪ બીજું ટોળું ખૂબજ ગુપ્ત રીતે આવજાવ કરે છે, તેઓ બહારના લોકોને જાણીતા કેમ બનશે ?

૩૧૦૫ તેઓ આ બધી (રૂહાની સત્તા) ધરાવે છે, અને (છતાં) એક પળ માટે તેમની બાદશાહી ઉપર કોઈની આંખ પડતી નથી.

૩૧૦૬ તેઓના ચમત્કારો અને તેઓ પોતે બન્ને (દૈવી) રક્ષણમાં છે, તેઓના નામ 'અબ્દાલ' પણ સાંભળતા નથી.

૩૧૦૭ અથવા તો જે તને પોતા તરફ બોલાવે છે તે ખુદાઈ રહેમતોથી તું અજ્ઞાન છો.

૩૧૦૮ તેની રહેમતોથી છ દિશાઓની દુનિયા ભરપુર છે, તું જ્યાં પણ જોઈશ ત્યાં તે (વસ્તુઓ) તેની રહેમતો જાણીતી કરે છે.

૩૧૦૯ જ્યારે એક ઉદારાત્મા તને અગ્નિમાં પડવાની આજ્ઞા કરે ત્યારે જલ્દીથી અંદર કુદી પડ, અને એમ ન કહેતો કે, તેમને બાળશે.

**હ. અનસની વાર્તા. તેમણે દુવાલને અગ્નિમાં નાખ્યો, અરે તે બળ્યો નહીં.**

૩૧૧૦ માસ્નિકના ફરઝંદ અનસને લગતી ચાલી આવતી વાત જાણવામાં આવી છે કે અમુક માણસ તેનો મહેમાન બન્યો,

૩૧૧૧ તેણે (પેલા માણસ) વાત કરીકે ખાણું ખાધા પછી અનસે જોયું કે મેજનો ટુવાલ રંગમાં પીળો હતો.

૩૧૧૨ ગંદા અને મેલા ડાઘાથી ભરપુર, અને કહ્યું, ઓ દાસી, તેને જલ્દીથી ભઠ્ઠીમાં નાખી દે.

૩૧૧૩ આથી સમજુ દાસીએ ભઠ્ઠી કે જે અગ્નિથી ભરપુર હતો તેમાં ફેંકયો.

૩૧૧૪ બધા મહેમાનો આથી નવાઈ પામ્યા. તેઓ બળતા ટુવાલમાંથી ધુમાડો જોવાની ધારણા રાખતા હતા.

૩૧૧૫ તેણીએ થોડીવાર રહીને તે ટુવાલને ભઠ્ઠીમાંથી ચોકખો અને સફદર અને ગંદકીથી સાફ બહાર કાઢયો.

૩૧૧૬ (મહેમાનોના) સમુહે કહ્યું, (રસુલના) ઓ માનવંત અસહાબ, તે કેમ ન બળ્યો અને કેવી રીતે તે ચોકખો બન્યો.

૩૧૧૭ તેણે જવાબ આપ્યો, કારણકે હ. મુસ્તફા (ર. સ. અ.) વારંવાર પોતાના હાથ અને હોઠ આ ટુવાલથી લુછતા હતા.

૩૧૧૮ (દોજખના) અગ્નિ અને દુઃખથી ગભરાએલા ઓ દિલ, આવા હાથ અને હોઠની નજીક આવ,

૩૧૧૯ જ્યારે કે તે (પયગમ્બર સાહેબના આશીર્વાદો) એ એક નિર્જીવ વસ્તુ ઉપર આવું આસમાન ઉતાર્યું ત્યારે પ્રેમીના આત્મા પાસેથી તેણે કઇ ચીજ બળજબરીથી ઉપાડી છે.

૩૧૨૦ જેવી રીતે કે તેમણે (હ. પયગમ્બર સાહેબે) કાબા શરીફના માટીના ચોસલાનો કિબ્લો બનાવ્યો તેવી રીતે ઓ આત્મા, જરૂર એ પવિત્ર માણસ (ના પગની) ધૂળ બની જા.

૩૧૨૧ ત્યારબાદ તેઓએ દાસીને કહ્યું, " તમારી પોતાની લાગણીઓ આ બાબતમાની અમોને ન કહો?

૩૧૨૨ શા માટે (તમે) તેમના કહેવા ઉપરથી આટલી જલ્દીથી તેનો ઘા (ભઠ્ઠીમાં) કર્યો! હું ધારૂં છું કે આ ગુપ્ત (ચમત્કારથી) તેઓ વાકેફ હોવા જોઈએ.

૩૧૨૩ (પણ ઓ) દાસી, તેં આવા કીંમતી ટુવાલને અગ્નિની ભઠ્ઠીથી શા માટે ફેંકયો?

૩૧૨૪ તેણીએ જવાબ આપ્યો, મને ઉદારાત્મામાં વિશ્વાસ છે. હું તેઓની રહેમતથી નિરાશ થતી નથી.

૩૧૨૫ અને કપડાંનો ટુકડો તો શું પણ જા, તેઓ મને હુકમ કરશે તો શું કંઇ પણ દીલગીરી વગર તે અગ્નિના ભડકાઓમાં કુદી પડું.

૩૧૨૬ તેઓમાંના મારા સંપૂર્ણ વિશ્વાસ અંગે હું તેમાં કૂદી પડું, જેઓ ખુદાના આશ્રિત બન્યા છે તેઓમાં મોટી આશા છે.

પ્રેમીના આત્માને બળજબરીથી ના દાય।
[illegible]

૩૧૨૭ હું ટુવાલ તો શું મારા ખુદને પણ તેમાં ફેંકી દઉં; કારણ કે ઉદારાત્મા કે જેઓ આ ગુઢાર્થ જાણે છે તેવા દરેકમાં મારો વિશ્વાસ છે.

૩૧૨૮ ઓ ભાઇ, આ કિમીયા માટે ખુદને ઉમેદવાર કર. પુરૂષનું ધ્યાન સ્ત્રીના ધ્યાન કરતા ઓછું હોવું ન જોઈએ.

૩૧૩૯ જે માણસનું દિલ ઓરતના દિલ કરતાં સંકુચિત છે તે દિલની કિંમત પેટ કરતાં પણ ઓછી છે.

**હ. પયગમ્બર સાહેબની વાત કે જેઓ અરબોની વણજારની મદદે આવ્યા, કે જે (વણજાર) તરસના માર્યા મુંઝવણમાં અને પાણીથી વંચિત અને સહાસંકટમાં હતી.**

૩૧૩૦ તે વાડીમાં એક અરબનું ટોળું હતું, તેઓની પાણીની મસકો વરસાદ ન હોવા અંગે સૂકી બની હતી.

૩૧૩૧ એક વણજાર સખત તકલીફમાં રણની વચ્ચે પોતાનાં મૃત્યુ ફરીથી ભજવાય તેવી (બની હતી).

૩૧૩૨ ઓચિંતા તેઓ કે જેઓ બન્ને દુનિયાને મદદ કરે છે તેવા હ. મુસ્તફા (ર. સ. અ) મદદ કરવાની ખાતર રસ્તા ઉપર દેખાણા.

૩૧૩૩ તેઓએ (નબી સાહેબે) ત્યાં ધાર્યા કરતાં વધુ મોટી વણજાર ધગધગતી રેતી ઉપર એક સખત અને ભયંકર મુસાફરીમાં મગ્ન બનેલી જોઈ.

૩૧૩૪ તેઓના ઉંટોની જીભો બહાર લટકતી હતી, લોકો રેતી ઉપર દરેક જગ્યાએ વિખરાએલા હતા.

૩૧૩૫ તેઓને દયા આવી અને કહ્યું, “સાંભળો, તમારામાંના કેટલાક ભાઈઓ જલ્દી જાય, અને પેલી રેતીની ટેકરીની પેલી પાર દોડો.

૩૧૩૬ એક સીદી તુર્તમાં જ ઊંટની પીઠ પર એક મસક લાવશે. (કે જેને) તે તેના શેઠ પાસે બની શકતી ઝડપે લઇ જઇ રહ્યો છે.

૩૧૩૭ ઉંટનાં સવાર સીદીને ઊંટ સહિત મારી પાસે લાવો, જરૂર પડે તો દબાણ કરીને પણ લાવો.

૩૧૩૮ પેલા શોધનારા રેતીની ટેકરીઓ પાસે પહોંચ્યા. થોડીવારમાં તેઓએ તેમ કર્યું.

૩૧૩૯ એક સીદી ગુલામ એક ઊંટ સાથે જતો હતો. ઇનામ લઇ જતો હોય તેવી રીતે તે પાણીની મસક લઇ જતો હતો.

૩૧૪૦ પછી તેઓએ તેને કહ્યું, ઇન્સાન જાતની મગરૂરી પેદા કરાએલાઓમાં ઉત્તમમાં ઉત્તમ આ દિશાએ તને આમંત્રે છે.

૩૧૪૧ તેણે કહ્યું, હું તને ઓળખતો નથી. તે કોણ છે? (બોલાવવા આવનારામાં એક કહ્યું, “તેઓ ચંદ્રમાના ચહેરા જેવા માયાળુ ખાશિયત ધરાવનારા છે.

૩૧૪૨ તેઓએ ( પયગમ્બર સાહેબના ) જુદાં જુદા ગુણો કહી બતાવ્યા, તેણે કહ્યું, 'તે પેલા કવી ( જાદુગર ) જેવો છે.

૩૧૪૩ તેણે લાખો લોકો ઉપર જાદુથી જમાવટ શરૂ કરી છે, હું તેના તરફ અધીં વેંત જેટલો પાછી આપનાર નથી.

૩૧૪૪ તેઓ તેને આગળ ખેંચી જતા તેઓની સમક્ષ લઈ આવ્યા, તેણે ગુસ્સામાં અને ઝનુનમાં બૂમબરાડા પાડયા.

૩૧૪૫ જ્યારે તેઓ તેને માનવંત ( નબી સાહેબ ) પાસે ખેંચી ગયા. તેઓ ( નબીસાહેબે ) એ કહ્યું, "તમો ( સઘળા ) પાણી પીઓ અને તેમાંનું ( પાણી ) લઈ લ્યો."

૩૧૪૬ તેઓએ પેલી પાણીની મસકમાંથી દરેકની તરસ બુજાવી, ઉંટો અને દરેક માણસે તેમાંથી પાણી પીધું.

૩૧૪૭ તેની ( પેલા શીદી ગુલામની ) પાણીની મસકમાંથી તેઓ પોતાની નાની મોટી ( બધી ) મસકો પાણીથી ભરી, તેમની અદેખાઇમાં આકાશમાંના વાદળાં દિવાના થઈ ગયાં.

૩૧૪૮ શું કદી કોઇએ આવી નવાઈ જોઇ છે ? એકજ મસકના પ્રતાપે તરસ અંગે આટલી બધી દોજખોની અગ્નિ, માનસિક આવેગ ઠંડો બનાવાઇ ખરો ?

૩૧૪૯ શું કોઇએ આવી ( નવાઇ ) જોઇ છે ? કે આટલી બધી પાણીની મસકો કાંઈ પણ મહેનત વગર એક જ મસકમાંથી ભરાણી હોય ?

૩૧૫૦ પાણીની મસક પોતે તો એક પડદો હતી, અને વાસ્તવિક રીતે ( નબી સાહેબના ) હુકમથી ( દૈવી ) દયાનાં મોજાંઓ અસલ દરિયામાંથી ( તેમની ) તરફ આવતાં હતાં.

૩૧૫૧ પાણી ગરમ થતાં વરાળમાં બદલાઇ જાય છે અને તેજ હવા ઠંડીથી પાણીમાં ફેરવાઇ જાય છે.

૩૧૫૨ નહિ. ( તેમ નથી ) કારણ વગર અને ( કુદરતી ) ફીલોસોફીના જીવન સૂત્રથી પર અસ્તિત્વમાં લાવવાના ( દૈવી ) કાર્ય અંગે હસ્તિમાં નથી તેમાંથી પાણી પેદા કરવામાં આવે છે.

૩૧૫૩ જેવી રીતે કે તમારા બચપણથી તમે આ ( ગૌણ ) કારણ અનુભવ્યું છે, તમે અજ્ઞાનતાના કારણે આ ( ગૌણ ) કારણને વળગી રહ્યા છો.

૩૧૫૪ કારણોને ( ધ્યાનમાં લેતાં ) તમો 'કૌસર' ના ભુલાએલા છો એટલે જ તમે આ પરદાઓ તરફ વલણ ધરાવો છો.

૩૧૫૫ જ્યારે બધાં ( ગૌણ ) કારણો જતાં રહ્યાં છે ત્યારે તમે તમારૂં માથું કુટશો. અને ઘણીવાર બુમો પાડશો. "ઓ અમારા માલિક, ઓ અમારા માલિક."

૩૧૫૬ માલિક તમને કહેશ, ( ગૌણ ) કારણોથી તને હટાવીલે, ઓ વિચિત્ર, મારૂં કામ તેં કેવી રીતે યાદ રાખ્યું ?

૩૧૫૭ તે ( ગૌણ કારણોનો માનકાર ) કહેશે, હવે પછી હું સંપૂર્ણ રીતે તનેજ જોઇશ, હું પેલા છેતરાપણા કારણો પાછળ જોઇશ નહિ.

૩૧૫૮ તે ( ખુદા ) તેને જવાબ દેશે। તારા કારણને ( આયાતમાં કહેવામાં આવેલ છે ) ( જો ) તેઓને પાછા દુનિયામાં મોકલવામાં આવે તો ચોક્કસ તેઓ પછા ફરશે ( મન.ઈ કરેલું કામ કરશે ). ઓ તું કે જે તારા પશ્ચાતાપમાં અને આજીજીમાં નબળો છે.

૩૧૫૯ પણ હું તેના તરફ ધ્યાન નહિ આપું હું દયા બતાવીશ, મારી દયા ભરપુર ભરેલ છે, હું દયાનો ઉત્સુક બનીશ.

૩૧૬૦ હું તારાં ખોટાં વચનો ઉપર ધ્યાન દઈશ નહિ. જ્યારે કે તું આજ મળે મને બોલાવે છે ત્યારે મારા માયાળુપણા અંગે બક્ષિશની નવાજીશ કરીશ.

૩૧૬૧ વણજારના લોકો ( નબી સાહેબના ) આ કાર્યથી નવાઈ પામ્યા. ( તેઓ બોલી ઉઠ્યા ) " ઓ મોહમ્મદ, ઓ તું કે જેની ખાશિયત સમુદ્રની છે, આ ( બધું ) શું છે ? "

૩૧૬૨ તમે એક નાની પાણીની મસકને પડદો બનાવ્યો. તમે આરબો અને કુર્દોને ડુબાવ્યા છે. ( બધાની તરસ મટાડી છે ).

**ચમત્કારીક રીતે હ. પયગમ્બર સાહેબે અદ્રષ્ય દુનિયાના પાણીથી પેલા ગુલામની મસક ભરી અને પેલા સીદી ચહેરો મહાન દયાળુ ખુદાની રજાથી સફેદ બનાવ્યો.**

૩૧૬૩ ઓ ગુલામ, હવે તારી પાણીની મસક ( પાણી ) ભરેલી જોઈશે કે જેથી તું ફરિયાદમાં કંઈ પણ ભલું બુરૂં બોલે નહિ.

૩૧૬૪ પેલો સીદી તો આ સાબીતી સાથેનો ( હ. પયગમ્બર સાહેબનો ) ચમત્કાર જોઇ દીગમુંઢ બની ગયો તેનું ઈમાન અવકાશ વગરની દુનિયામાંથી ખેંચાતું હતું.

૩૧૬૫ તેણે જોયું કે એક ઝરો હવામાંથી ( પેલીપારની દુનિયામાંથી ) પાણી રેડતો હતો. અને તેની પેલી પાણીની મસક પેલા ( ઝરાના ) ઉદગમનો પડદો બની હતી.

૩૧૬૬ ( તેની પ્રકાશિત ) નજરમાં પડદાઓ પણ ચિરાઇ ગયા હતા, તે અદ્રષ્યમાંનો ઝરો ચોક્ખી રીતે જોતો હતો.

૩૧૬૭ ત્યારબાદ ગુલામની આંખો આંસુઓથી ભરાઇ ગઇ તે પોતાના શેઠ અને રહેવાની જગ્યાને ( પણ ) ભુલી ગયો.

૩૧૬૮ તેનામાં તેના રસ્તે જવાનું જોર ન હતું. ખુદાએ એક મજબુત ઉર્મી તેનામાં નાખી હતી.

૩૧૬૯ પછી ફરીવાર ( નબી સાહેબે ) તેના ભલા માટે સમાન બનાવ્યો. કહ્યો, ખુદામાં આવ, પાછો ફર, ઓ તું કે જે ( આમ કરવાથી સંગીન તક મેળવીશ.

૩૧૭૦ તે અત્યાનંદનો વખત નથી, અત્યાનંદ તારી સમક્ષ છે. હવે જલ્દી તારે રસ્તે ચપળતા અને ઝડપથી આગળ વધ.

૩૧૭૧ તેણે ( ગુલામે ) હ. મુસ્તફાના હાથ પોતાના ચહેરા ઉપર મુકયા અને હાથના ઘણા સંકેતો કર્યા.

૩૧૭૨ પછી હ. મુસ્તફા ( ર. સ. અ. ) એ પોતાનો આશીર્વાદીત હાથ તેના ચહેરા ઉપર ઘસ્યો અને તેને નશીબદાર બનાવ્યો.

૩૧૭૩ પેલો એબિસીનીયન સીદી પૂર્ણિમાના ચાંદ જેવો સફેદ બન્યો અને તેની રાત પ્રકાશિત દિવસમાં ફેરવાય ગઇ.

૩૧૭૪ તે ખુબસુરતી અને માધુર્યમાં યુસુફ બન્યો. તેઓ ( નબી સાહેબે ) કહ્યું, હવે ઘરે જાઓ. તારા ઉપર વિતેલી વીતક જાહેર કરજે.

૩૧૭૫ તે એકલો, હાથ કે પગ વગરનો, અત્યાનંદમાં મસ્ત જતો હતો. તેના જવામાં હાથ કે પગકે ( પણ ) ઓળખતો ન હતો ( બેધ્યાન બન્યો હતો ).

૩૧૭૬ પછી વણજારના પડાવમાંથી બે પાણી ભરેલી મસકો સાથે તારા શેઠ પાસે ઉતાવળમાં આવ્યો.

શેઠે ગુલામને સફેદ થએલો જોયો અને તેને ઓળખી શકયો નહિ અને કહ્યું, તેં મારા ગુલામને મારી નાખ્યો છે, ખુની શોધી કાઢયો છે, અને ખુદાએ જ તને મારા હાથમાં ફેંકયો છે.

૩૧૭૭ શેઠે તેને આચિંતો દુરથી જોયો અને મુંઝવાએલો રહ્યો આશ્ચર્યતાથી તેણે ગામના લોકોને ( પોતાની ) સમક્ષ બોલાવ્યા.

૩૧૭૮ તેણે કહ્યું, "આ મારી મસક અને મારો ઊંટ છે તો પછી મારો ભીના વાનનો ગુલામ કયાં છે ?

૩૧૭૯ આ દુરથી આવતો માણસ પૂર્ણિમાના ચાંદ જેવો, તેના ચહેરામાંથી મારી ઉપર પ્રકાશ પાડતો, અને દિવસના પ્રકાશથી સિરસાઈ ભોગતો કોણ છે ?

૩૧૮૦ મારો ગુલામ કયાં છે ? બનવા જોગ છે કે રસ્તો ભૂલી ગયો હોય ! અથવા એકાદ વરૂએ તેને પકડયો હોય અને તે મરાય ગયો હોય !

૩૧૮૧ જ્યારે તે તેની સમક્ષ આ આવ્યો ત્યારે તે ( શેઠે ) કહ્યું, " તું કોણ છો ? શું તું અસલ રહેવાશી યમન કે તુર્કનો છો ?

૩૧૮૨ તેં મારા ગુલામનું શું કર્યું છે તે ( મને ) કહે, સાચું બોલજે, જો તેં તેને મારી નાખ્યો હોય તો તે જાહેર કર, ઉડામણી ન શોધતો ?

૩૧૮૩ તેણે જવાબ આપ્યો, જો મેં તેને મારી નાખ્યો હોય તો ? તારી પાસે કેમ આવું ? હું આ રક્ત સ્નાનમાં મારા પોતાના શા માટે આવું ?

૩૧૮૪ તેણે ફરીવાર (પૂછયું) મારો ગુલામ કયાં છે ? તેણે ( ગુલામે ) જવાબ આપ્યો, અરે, હું ( તેજ ) છું. ખુદાની દયાના હાથે મને સુંદર બનાવ્યો છે.

૩૧૮૫ અરે, તું શું કરે છે ? મારો ગુલામ કયાં છે ? સાંભળ, તું સાચી હકીકત કહેવામાંથી છટકી શકવાનો નથી,

તું કોણ ? અસલ રહેવાશી.

૩૧૮૬ તેણે (ગુલામે) કહ્યું, "હું ગુલામ અંગે બનેલી ગુપ્ત હકીકતો (વાળેવાળ) એક પછી એક જણાવું છું.

૩૧૮૭ તમે મને ખરીદ નહોતો કર્યો ત્યારથી અત્યાર સુધીની પસાર થએલી (બધી બાબતોનો) ખુલાસો કર્યો.

૩૧૮૮ કે જેથી તું જાણે કે હું (મારા રૂહાની) અસ્તિત્વમાં તેનો તે જ છું. જો કે મારી રાત્રીની કાયામાં પ્રકાશિત પ્રકાશ ખુલ્યું છે.

૩૧૮૯ રંગ બદલાણો છે, પણ પવિત્ર આત્મા અને મારા અંગભુત તત્વો અને મીટ્ટી (કાયા) રંગથી સ્વતંત્ર છે.

૩૧૯૦ તેઓ કે જેઓ (માત્ર) કાયા જુએ છે તુર્તજ ભુલ ખાશે, પણ તેઓ કે જેઓ (રૂહાની પાણી) ગટગટાવે છે તે શારીરિક પાણીની મસક અને બરણી છોડી દે છે

૩૧૯૧ તેઓ કે જેઓ આત્માને જાણે છે તેઓ સંખ્યાથી પર છે, સમુદ્રમાં ડુબ્યા છે કે જે ગુણ કે સંખ્યા વગરનો છે.

૩૧૯૨ આત્મા બનો અને આત્મા અંગે આત્માને ઓળખો. દીર્ઘદ્રષ્ટિના દોસ્ત બનો, નહિ કે તર્કશુદ્ધ વિચારસરણીના બાળક.

૩૧૯૩ જેવી રીતે કે એક ફિરસ્તો અસલથી જ્ઞાનવાન છે (અને છતાં) તેઓ ખુદાઈ જ્ઞાન અને ડહાપણના કારણે જુદા રૂપે બે બન્યા.

૩૧૯૪ ફિરસ્તાઓએ પંખીની માફક પાંખો અને પીછાં ધારણ કર્યાં, જ્યારે આ ડહાપણે પાંખો (પાંછળ) મુકી અને સુંદરતા ધારણ કરી.

૩૧૯૫ અનિવાર્યપણે બન્ને સાથી અધિકારીઓ બન્યા, બન્ને સૌંદર્યશાળી એક બીજાના મદદગાર બન્યા,

૩૧૯૬ ફિરસ્તા તેમજ સમજશક્તિ ખુદાના શોધકો છે, દરેક જોડકાં (એક બીજાના મદદગાર અને આદમના વખાણ કરનારા છે.

૩૧૯૮ નફસ સેતાન (પણ) ખરી રીતે પેલા એકમાંથી છે. હ. આદમ (અ. સ.) નો અદેખો અને દુશ્મન બન્યો છે.

૩૧૯૮ તે કે જે હ. આદમ (અ. સ.) તે શરીર સમજ્યો, (નિરાશામાં તેમનાથી) ભાંગી છુટ્યો, જ્યારે કે તેઓ (ફિરસ્તાઓએ) ભરોસાપાત્ર "નૂર" જોયું. સિજદામાં પડ્યા.

૩૧૯૯ પેલાએ (ફિરસ્તા અને સમજશક્તિ) આ (હ. આદમથી) એવી શક્તિશાળી બનાવાયા હતા. જ્યારે આ નફસ અને સેતાનની આંખે મોટી સિવાય બીજુ કંઈ ન જોયું.

૩૨૦૦ આ વિવરણ, એક ગધેડાને બરફ ઉપર છોડી દેવામાં આવે તેમ છોડી દેવામાં આવે છે, જેમ કે જ્યુલેકોને 'ગોસ પેલ' ગાવું બંધ બેસતું નથી.

૩૨૦૧ એક માણુસ શિયાઓ પાસે ઉમર વિષે કેમ બોલશે? એક બહેરા પાસે સિતાર કેમ વગાડશે?

આત્મા બનો આત્મા અંગે આત્માને ઓળખો. દીર્ઘદ્રષ્ટિના બનો નહિ કે તર્કશુદ્ધ વિચારસરણીના બાળક!

૩૨૦૨ પણ જો કોઇ ગામડાના વિશ્રાંતિસ્થાનમાં (સંતાએલો) છે, તેને મેં જે શોરબકોર અને ગુમરાણ પાડેલ છે તે પુરતું છે.

૩૨૦૩ તે કે જે વિવરણ સાંભળવાને લાયક છે, તેને પત્થરો કે ઇંટોના ટુકડાઓ સાંધામેળ અને સચોટ ટીકાકાર (જેવા) બને છે.

મહાન કિર્તીવંત ખુદાએ જે પણ કાંઈ નવાજીશ અને પેદા કર્યું, જમીનો અને આસમાનો, પદાર્થો અને આફતો, તે તેણે (આ) બધી જરૂરીયાત પૂરી કરવા પેદા કરી અને દરેક પોતાના ખુદને એક વસ્તુની જરૂરીયાતવાળો બનાવવો જોઈએ કે જેથી (ખુદા) તે વસ્તુ તેના ઉપર નવાજીશ કરે, કારણ કે "અથવા તે કે જે સખત તકલીફોના જવાબો આપે છે જ્યારે કે તે તેને બોલાવે છે." સખત પીડા (એ દૈવી દયા મેળવવાને) લાયક છે, તે તેની સાબિતી છે.

૩૨૦૪ હ. બીબી મરીયમની એ વલણ અને દુઃખ હતું, કે આવું બાળક (હ. ઈસા.) બનાવ્યું કે જેણે (પારણામાંથી) બોલવું શરૂ કર્યું હતું.

૩૨૦૫ તેણીનો ભાગ તેણીના પતી તેણીના વગર બોલતો. તારા દરેક ભાગને ગુપ્ત રીતે વાણી છે.

૩૨૦૬ તારા હાથ અને પગ (તારી વિરૂદ્ધ) સાક્ષીઓ આપશે. ઓ ગુલામ ક્યાં સુધી તું (ખુદાના) નકારમાં તારા હાથ અને પગને (ચલાવીશ ?)

૩૨૦૭ અને જો વિવરણ અને વાણી (સાંભળવાને) લાયક નથી, તો બોલનારના સમજદાર આત્માએ તને (નાલાયક) જોયો અને સૂવા ગયો.

૩૨૦૮ જે પણ ઉગ્યું તે જરૂરીયાતના કારણે ઉગ્યું છે! એટલા માટે કે શોધનાર જે શોધે તો તેને મળે ?

૩૨૦૯ જો મહાન કિર્તીવંત ખુદાએ આસમાનો પેદા કર્યા તો તેમણે જરૂરીયાત પહોંચી વળવાના કારણે પેદા કર્યા છે.

૩૨૧૦ જ્યાં જ્યાં બિમારી છે ત્યાં ત્યાં સાજા થવાની વિદ્યા જાય છે, જ્યાં જ્યાં ગરીબાઇ છે ત્યાં ત્યાં ખોરાક પહોંચી જાય છે.

૩૨૧૧ જ્યાં એક મુશ્કિલ સવાલ છે, જવાબ ત્યાં પહોંચી જાય છે, જ્યાં એક વહાણ છે ત્યાં પાણી પહોંચી જાય છે.

૩૨૧૨ પાણી શોધ નહિ (પણ) તરસ મેળવ, જેથી પાણી આગળ અને પાછળથી ધસી આવે. તરસ્યો થા !

૩૨૧૩ જ્યાં સુધી કે કુમળા ગળાવાળું બાળક જન્મ્યું નથી ત્યાં સુધી માની છાતીમાંથી તેના માટેનું દુધ કેમ વહેવું શરૂ થશે ?

૩૨૧૪ જા, આ ટેકરીઓ અને ખીણ ઉપર દોડ મુક કે જેવો અંતે તું તરસ્યો બને અને ગરમીનો શિકાર બને.

૩૨૧૫ એ બાદશાહ, ત્યારબાદ વાદળાઓના કડાકાના અવાજથી તું ઝરાના પાણીનો અવાજ સાંભળીશ.

૩૨૧૬ પેલા સુકા છોડવાથી તારી જરૂરીયાત ઓછી નથી, તું પાણી લ્યે છે સાથે તેના પ્રવાહને તેના તરફ વાળે છે.

૩૨૧૭ તું કાન થકી પાણી લ્યે છે, અને સુકા તરફ ખેંચે છે કે જેથી તેઓ શક્તિ મેળવે.

૩૨૧૮ રૂહાની પાક માટે કે જેઓના સત્યો છુપાં છે. (દૈવી) દયાનાં વાદળાં 'કવસર' ના પાણીથી ભરપુર છે.

૩૨૧૯ એટલા માટે કે, "તેઓના માલિકે તેમને પીવા આપ્યા." શબ્દો કદાચ તને સંબોધીને કહેવાયા હોય! તરસ્યો બન, ખુદા જ તારો રસ્તો સૌથી સારી રીતે જાણે છે.

**એક શ્રદ્ધાળુ બાઈ ધાવણાં બાળક સાથે હ. મુસ્તફા (સ. અ.) પાસે આવી અને હ. ઇસા (અ. સ.) ની માફક તેનું બોલવું. પયગમ્બરોના ચમત્કારની માફક, ખુદા તેના ઉપર દયા કરે અને બચાવે.**

૩૨૨૦ તેજ ગામની એક બાઇ અશ્રદ્ધાળુઓમાંની એક, તેમની ચકાસણી કરવાના આશયથી હ. પયગમ્બર સાહેબ પાસે દોડી આવી.

૩૨૨૧ તેણી બુરખા સહિત, નબી સાહેબ પાસે અંદર આવી, તે બાઇના ખોળામાં બે મહિનાનું એક બાળક હતું.

૩૨૨૨ બચ્ચાએ કહ્યું, "એ ખુદાના પયગમ્બર, તમારા પર ખુદાની રહેમત હોજો! અમો તમારી પાસે આવ્યા છીએ."

૩૨૨૩ તેની માએ તેને ગુસ્સામાં કહ્યું, "અરે, ચુપ રહે, આ સાબીતી તારા કાનમાં કોણે મુકી છે?"

૩૨૨૪ એ નાના બચ્ચા, આ તને કોણે શીખવ્યું? કે જેથી તારી જીભ બચપણમાં બોલતી બની છે."

૩૨૨૫ તેણે જવાબ આપ્યો, "(મને) ખુદાએ શીખવ્યું, પછી જીબ્રીલે, હું આ જાહેરાત કરવામાં જીબ્રીલનો સાથી છું."

૩૨૨૬ તેણીએ કહ્યું, "(જીબ્રીલ) કયાં છે?" તેણે જવાબ આપ્યો, "તું જોતી નથી કે તે તારા માથા ઉપર જ છે, તારી આંખો ઉપર ઉંચી કર.

૩૨૨૭ "જીબ્રીલ તારી ઉપર ઉભો છે તે એક સો જુદા જુદા રસ્તામાં મારો રસ્તો બતાવનાર છે."

૩૨૨૮ તેણીએ કહ્યું, "શું તું તેને જુએ છે?" તેણે જવાબ આપ્યો, "હા. (હું) પૂર્ણિમાના ચંદ્રમાની માફક ચમકતો, તેને તારા ઉપર જોઉં છું."

૩૨૨૯ તે મને પયગમ્બર સાહેબના ગુણો શીખવે છે, અને આ હલકાઈમાંથી પેલી તાબેદારી થકી મારી મુક્તિ અપાવે છે."

૩૨૩૦ પછી હ. પયગમ્બર સાહેબે તેને (બચ્ચાને) કહ્યું, "ઓ ધાવણા બાળક, તારૂં નામ શું છે? તે મને ખુલ્લી રીતે કહે, (મારા કહેવા મુજબ) વર્તન કર."

૩૨૩૧ બચ્ચાએ કહ્યું, 'અબ્દલ અઝીઝ' ખુદા સાથેનું મારૂં નામ છે, (પણ) આ થોડા બળવાખોરોમાં મારૂં નામ 'અબ્દ, ઈ. ઉઝા' છે.

૩૨૩૨ હું પવિત્ર, સ્વતંત્ર અને 'ઉઝા' થી છુટો થએલ છું. તેની સત્યતાના (હું કસમ ખાઉં છું) કે જેણે તમને પયગમ્બર બતાવ્યા છે."

૩૨૩૩ ચંદ્રમાં માફક શોભતા, એક યુવાનની માફક બે મહિનાના બાળકે આ વિવરણ ઉચ્ચાર્યું, પેલાઓની માફક કે જેઓએ 'માનવંતા' ની બેઠક ગ્રાહક કરી છે.

૩૨૩૪ પછી તેજ પળે સુગંધી પદાર્થ બહિસ્તમાંથી આવી પહોંચ્યો, તેથી બાળક અને માતાએ સુવાસ મેળવી.

૩૨૩૫ બન્ને કહેતાં હતાં, (પેલા ઊંચા દરજ્જાથી) નીચા પડવાની બીક ત્યાગે આ સુગંધી દ્રવ્ય થકી એકના આત્માને અનુસરવું એ સૌથી ઉત્તમ છે.

૩૨૩૬ તેને જેના ઉપર ખુદા જ્ઞાનની નવાજીશ કરે છે, બચપણાની ચીજો જોર પકડે છે, ઇમાનમાં એક સો ઉચ્ચારણો ઉચ્ચારે છે.

૩૨૩૭ અને પેલા એકને માટે કે જેનું ખુદા રક્ષણ કરે છે. પંખીઓ અને મચ્છીઓ તેના ચોકીદાર બને છે.

### હ. પયગમ્બર સાહેબના બુટને ગરૂડનું ઉપાડી જવું, અને હવામાં ઉઠાવી જવું અને તેને ઉપર નીચે કરવું અને એક કાળા સરપનું બુટમાંથી નીચે પડવા વિષે.

૩૨૩૮ તેઓ આમ રોકાએલા હતા. ત્યારે હ. મુસ્તફા (ર. સ. અ) એ દુરથી નિયમીત બંદગીની અઝાન સાંભળી.

૩૨૩૯ તેમણે પાણી માગ્યું અને વજુ કર્યું, તેઓએ ઠંડા પાણીથી પોતાના હાથ અને ચહેરો ધોયો.

૩૨૪૦ તેમણે પોતાના બંને પગ ધોયા અને પોતાના બુટ લઈ આવવા ધ્યાન દોર્યું, એક બુટ ઉઠાવગીર તેમના બુટ ઉઠાવી ગયો.

૩૨૪૧ માયાળુ ઉચ્ચારવાળા માણસે પોતાનો હાથ બુટ તરફ ફેરવ્યો, એક ગરૂડ તેના હાથમાંથી બુક ઉઠાવી ગયો.

૩૨૪૨ અને તેને હવામાં પવનની ઝડપે ઉઠાવી ગયો, પછી તેણી (ગરૂડે) તેને ઉપર નીચે કર્યો અને એક સરપ તેમાંથી નીચે પડયો.

ખુદા સહેજી નવાજીસ કરે
બચપણાની ચીજો જોર પકડે + ૧૦૦ ઇમાનમાં અડિસ ઉચ્ચારણો ઉચ્ચારે.

૩૨૪૩ એક કાળો સરપ બુટમાંથી નીચે પડયો, (દૈવી) કાળજીના કારણે ગરૂડ (હ. પયગમ્બર સાહેબનો) લાભદાયી દોસ્ત બન્યો.

૩૨૪૪ પછી ગરૂડ બુટ પાછું લાવ્યું, અને કહ્યું, “ આવો, તે લ્યો અને બંદગી કરવા જાઓ.”

૩૨૪૫ મેં આ બેઅદબ કાર્ય જરૂરીયાત અંગે કર્યું, (આ કાર્ય કારવામાં) મારી તમારી તરફની માનભરી લાગણીથી હું શરમાઉં છું.

૩૨૪૬ કોઇ જરૂરીયાત સિવાય કોઇ બેઅદબીથી વર્તે તેના ઉપર શ્રાપ હોજો, અને (માત્ર) કારણ કે વૃથા ઉમેદો તેને તેમ કરવા પ્રેરે છે.

૩૨૫૭ પછી હ. પયગમ્બર સાહેબે તેનો (ગરૂડનો) આભાર માન્યો અને કહ્યું, “ આ (તારૂં કૃત્ય) મને અસભ્ય દેખાણું પણ ખરેખર તો તે માયાળુપણું હતું.

૩૨૪૮ તું બુટ ઉડાવી ગયો અને હું મુંઝાણો હતો, તેં મારી મુંઝવણ ઉડાવી લીધી છે, અને (છતાં) હું દિલગીર હતો.

૩૨૪૯ જો કે ખુદાએ દરેક અદ્રષ્ય વસ્તુ, મને બતાવી છે (પણ) તે પળે મારૂં દીલ મારા પોતામાં ગુંથાએલું હતું.”

૩૨૫૦ તેણે (ગરૂડે) કહ્યું, તમારૂં વિસ્મરણ જે તમારામાં ઉત્પન્ન થયું તે તમારાથી દુર રહે કે જે અદ્રષ્ય ચીજ જોવી એ તમારામાંથી પ્રતિબિંબ અંગે છે.

૩૨૫૧ (જો) મેં બુટમાંનો સરપ હવામાંથી જોયો તો તે મારાથી નહિ, ઓ મુસ્તફા તે આપનું પ્રતિબિંબ જ છે.

૩૨૫૨ “નૂર”ના માણસનું પ્રતિબિંબ એ સંપૂર્ણ આનંદદાયક છે.” માણસનું પ્રતિબિંબ એ સગડી જેવું (રાખ જેવું) છે.

૩૨૫૩ ખુદાઇ દાસનું પ્રતિબિંબ સંપૂર્ણતઃ તેજ આપનારૂં છે, ખુદાથી (અજાણ) નું પ્રતિબિંબ એ અંધાપો છે.

૩૨૫૪ દરેકનું પ્રતિબિંબ જાણ. ઓ મારા આત્મા તે (ચોકખી રીતે) જો (પછી) તારો મજતીઓ કે જેને માટે તારી ઇચ્છા છે તેની સાથે બેસી રહે.

**આ વાર્તામાંથી બોધ ગ્રહણ કરવાનો સાચો રસ્તો અને ખાત્રી-પૂર્વક જાણવું કે “ખરેખર, તકલીફની સાથે સાથે સુખ પણ છે.”**

૩૨૫૫ પેલી વાર્તા તારા માટે એક બોધ છે, ઓ મારા આત્મા, છેવટ તું ખુદાઇ હુકમનામામાં બોલ્યાચાલ્યા વિના સંમત થાય.

૩૨૫૬ તેથી તું સમજવામાં ઝડપી બનશે (અને ખુદાના) સારા વિચારો આવશે, પછી ભલે તું એક ચિંતાના દુઃખની ઝડી જુએ.

૩૨૫૭ (જ્યારે) બીજાઓ તેથી દુઃખના માર્યા ફિક્કા પડી જશે ત્યારે તું ગુલાબની માફક નફો કે નુકશાન વેળાએ હસતો હોઇશ.

૩૨૫૮ કારણ કે ભલે તું ગુલાબની એક એક પાંખડી જુદી કરે તો પણ હસતાં અટકશે નહિ અને ( દિલગીરીમાં ) વાંકુ વળશે નહિ.

૩૨૫૯ તે કહેશે, શા માટે ? મારે કાંટા અંગે શા માટે દિલગીરીમાં પડવું જોઇએ ? ખરેખર મેં કાંટા થકી તો હસવું ખરીદ્યું છે.

૩૨૬૦ જે પણ કાંઇ ( દૈવી ) ભાવી તારા માટે નુકશાની લાવે છે તેણે તને દુઃખમાંથી મુક્તિ અપનાવી છે તે ખાત્રીપૂર્વક જાણ.

૩૨૬૧ કોઇએ પૂછ્યું, સુફીઝમ શું છે? તેણે ( રૂહાની રાહબરે ) કહ્યું, "દુઃખ આવતી વખતે દિલમાં આનંદ અનુભવવો."

૩૨૬૨ તેની સજા મહાન ગુણોવાળા મહાન ( નબી સાહેબ ) પાસેથી ગરૂડ છુટ ઉપાડી ગયું, તેની માફક તેની સજાને ગણજો.

૩૨૬૩ કે તે સરપના કરડવામાંથી તેમનો પગ બચાવે, અરે જે ગંદકી વગરની સમજણ (ધરાવે છે) તે સુખી છે.

૩૨૬૪ તેણે ( ખુદાએ ) કહ્યું છે, 'તારાથી ચાલ્યું જાય તેનાથી દિલગીરી ન કરતો. જો વરૂ આવે અને તમારાં ઘેટાંનો નાશ કરે" (તો પણ).

૩૨૬૫ કારણ કે તે ( ખુદાએ મોકલાવેલ ) દુઃખ મોટા દુઃખથી તને દુર રાખશે અને પેલી નુકશાની મોટી નુકશાની અટકાવશે.

## અમુક માણસની હ. મુસા ( અ. સ. ) પાસે પશુઓ અને પંખીની ( ભાષા શીખવવાની ) માગણી કરવી.

૩૨૬૬ એક યુવાન માણસે હ. મુસા ( અ. સ. )ને કહ્યું: મને જનાવરોની ભાષા શીખવો.

૩૨૬૭ તેથી બનવા જોગ છે કે જનાવરો અને જંગલી પ્રાણીઓના અવાજથી મારા દીન સબંધી હું બોધપાઠ મેળવું.

૩૨૬૮ જ્યારે કે આદમના પુત્રોની ભાષા સંપૂર્ણ રીતે માત્ર પાણી અને રોટલો અને પ્રખ્યાતી મેળવવાની જ ખાતર (હોય છે).

૩૨૬૯ તે બનવા જોગ છે કે જનાવરોને એક જુદી જાતની કાળજી હોય, ( ખાસ કરીને ) કે ( આ દુનિયામાંથી વિદાય ) વખતે વિચારો આવતા હોય છે.

૩૨૭૦ હ. મુસા ( અ. સ. ) એ કહ્યું, "ચાલ્યો જા, આ વૃથા ઉમેદ છોડી દે. કારણ કે આ ( ઉમેદ ) ની આગળ અને પાછળ ઘણો જ ( ભય ) પડ્યો હોય છે.

૩૨૭૮ (જે તને જોઇએ છે તે) ખુદા પાસેથી ( રૂહાની ) જાગૃતીનો પાઠ શોધ, નહિ કે ચોપડીઓ અને પાણી અને શબ્દો અને હોથી."

૩૨૭૨ હ. મુસા ( અ. સ. )ના ઇન્કારના પરિપાકથી પેલા માણસની આતુરતા વધારે વૃદ્ધી પામી જયારે ઇન્કાર કરવામાં આવે છે ત્યારે એક માણસ વધુ આતુર બને છે,

૩૨૭૩ તેણે કહ્યું, "ઓ હ. મુસા, જ્યારે તમારા 'નૂર'નો પ્રકાશ ફેલાણો છે ત્યારે દરેક ચીજની યોગ્ય કીંમત અંકાણી છે.

૩૨૭૪ ઓ ઉદારાત્મા, તારી બક્ષિશના માટે તે યોગ્ય નથી કે આ મારી વસ્તુની ઉમેદમાં તું મને નિરાશ કરે.

૩૨૭૫ અત્યારે તું ખુદાનો પ્રતિનિધિ છે, (મારા માટે) તે હતાશા બનશે જો તમે મને તેમાં રોકશો."

૩૨૭૬ હ. મુસા (અ. સ.) એ કહ્યું: "ઓ માલિક, ખરેખર પત્થર દિલ (શ્રાપિત) સેતાન આ ભલા માણુસ ઉપર સવાર થયો છે.

૩૨૭૭ જો હું તેને શીખવીશ તો તે તેને નુકશાનકર્તા થશે અને જો હું તેને નથી શીખવતો તો તે હલકા દીલનો બનશે."

૩૨૭૮ તેણે (ખુદાએ) કહ્યું, "ઓ મુસા, તેને શીખવ, કારણ કે અમે માયાળુપણામાં કોઇની પણ દુઆ કદી નામંજુર કરતા નથી."

૩૨૭૯ તેણે તે. મુસા (અ. સ.)એ કહ્યું, "ઓ માલિક, તેને પશ્ચાતાપ કરવો પડશે અને તે પોતાના હાથ કરડશે અને તેનાં કપડાં ફાડશે."

૩૨૮૦ દરેક માટે સત્તા યોગ્ય નથી. ભાવિક માટે નબળાઇ એ તો વેપારનો જથ્થો છે.

૩૨૮૧ આ કારણથી ગરીબાઇએ અનંતકાળનું ગૌરવ છે, જ્યારે કે હાથ (પોતાની ઉમેદે) નથી પહોંચતો ત્યારે ખુદાની બીકમાં અટકી જાય છે.

૩૨૮૨ દોલત અને પૈસાદાર (ખુદાથી) ધકેલાયા છે કારણ કે બેખુદીનાં કાર્યોને સભા થકી છોડી દેવામાં છે,

૩૨૮૩ સબળ અને આતુર દુષ્ટ મનની તકલીફો વિરૂદ્ધ નબળાઇ અને ગરીબાઇ એક માણુસ માટે સલામતી છે.

૩૨૮૪ સત્તા અને વધારાની ઉમેદોમાંથી આતુરતા ઉદ્ભવે છે, કે જેમાં (તે પડે છે) પ્રેતનો શિકાર બને છે અને તેવી ટેવોવાળો બને છે.

૩૨૮૫ માટી ખાનારને માટીની ઇચ્છા હોય છે. પેલા કંગાળ માણુસ માટે સુગંધીત સાકર એ બદહજમાત છે.

**મહાન કિર્તીવંત ખુદાની હ. મુસા (અ. સ.)ની ઉપર વહી આવી કે તેમણે પેલાએ કરેલી માગણી અથવા તેનો ભાગ શીખવવો.**

૩૨૮૬ ખુદાએ કહ્યું, "તું તેની માગણી પૂરી કર. (ભલું બૂરું) પસંદ કરવાનું તેની ઉપર મૂકી દે."

૩૨૮૭ પસંદગી એ ભાવિકતાનું ઉત્કૃષ્ટ તત્ત્વ છે, નહિતર (પાત્રતા બને નહિ). આ આકાશી ચક્ર મરજી વિરૂદ્ધ ચકરાવો લ્યે છે.

૩૨૮૮ જ્યારે કે તેના ચકરાવા ઇંનામ કે સજા નથી. કારણુ કે મરજી મુજબની સત્તા અંદાજના વખતે એક પાત્રતા છે.

૩૨૮૯ બધી પેદા કરેલી સજીવ વસ્તુ ખરેખર (ખુદાની) મહત્તા વધારે છે (પણુ) ફરજીઆત મહત્તા વધારવી તે ફાયદાકારક નથી.

૩૨૯૦ એક તલપાર તેના હાથમાં મૂકો, અશક્તિમાંથી બહાર લાવો કે જેથી તે કાં તો દીનનો સૈનિક બનશે કે કાં તો લૂંટારો (બનશે.)

૩૨૯૧ કારણુ કે " અમે માણુસને માનવંત બનાવ્યો છે." પસંદગીની (બક્ષિસ) અધીં મધમાખ છે (અને) અર્ધું સરપ.

૩૨૯૨ સાચો ઈમાનદાર એ મધમાખીની માફક મધના ભંડાર જેવો છે, અશ્રદ્ધાળુઓ, વાસ્તવિક રીતે સરપની માફક ઝેરના ભંડાર છે.

૩૨૯૩ કારણુ કે સાચા ઇમાનદારો પસંદ કરેલો ભાજીપાલો ખાશે તેથી મધમાખીની માફક તેની થુંક (જીવન આપતું જળ) બનશે.

૩૨૯૪ (જ્યારે) ફરીવાર અશ્રદ્ધાળુઓ ગંદા પાણીનું સરબત પીશે, તેથી તેના ખોરાકને અનુસરી તેનામાં ઝેર દેખાશે.

૩૨૯૫ પેલાઓ ખુદાથી પ્રેરણુા મેળવતા જીવનના ઝરા છે. પેલાઓ વિષય વાસનાના પ્રલોભનમાં લલચાએલા મૃત્યુના ઝેર છે.

૩૨૯૬ દુનિયામાં આ વખાણુ અને 'શાબાશ!' અને 'બહાદુર!' પસંદગીની પાત્રતા એ યોગ્ય ધ્યાન આપવામાં છે.

૩૨૯૭ બધા દુરાચારીઓ જ્યારે જેલમાં હોય છે ત્યારે ભાવિક અને ફકીર અને ખુદાને યાદ કરનાર બને છે.

૩૨૯૮ જ્યારે (પસંદગીની) કાર્યશક્તિ (સત્તા) ચાલી જાય છે ત્યારે કાર્ય નજીવું બને છે. ધ્યાન રાખજે, રખેને પ્રારબ્ધ, તારી મૂડી કબજે કરી લીએ.

૩૨૯૯ (સ્વતંત્ર કાર્ય)ની શક્તિ નફો કરતી મૂડી છે, સંભાળ, સત્તાની પળે ધ્યાન દે અને (તેને સારી રીતે) નિહાળ.

૩૩૦૦ " માણુસ ઘોડા ઉપર સવાર થાય છે." અમે (આદમના સંતાનોને) માનવંત બનાવ્યા છે તેની પસંદગીથી નાડીઓ તેની પોતાની સમજદારીના હાથમાં હોય છે.

૩૩૦૧ હ. મુસા (અ. સ.) એ વધુ એકવાર તેને માયાળુપણે બોધ આપ્યો, કહીને, " જે વસ્તુની તું ઈચ્છા રાખે છે તે વસ્તુ તારો ચહેરો ફિક્કો બનાવશે."

૩૩૦૨ આ વૃથા આવેશ છોડી દે અને ખુદાથી બીનારો બન, તને સેતાને પ્રપંચના કારણે પાઠ ભણાવ્યો છે.

પેલા શોધનારે પાળેલા પંખી અને કુતરાની ભાષા શીખવવા તૈયાર થવું અને હ. મુસા (અ. સ.) પેલી અરજને અનુસર્યા.

૩૩૦૩ તેણે કહ્યું, કોઇ પણ ભોગે એક કુતરો કે જે મારા દરવાજે છે અને એક પાળેલ પંખી ( કુકડો ) કે જેને પાંખો છે તેની ભાષા મને શીખવો.

૩૩૦૪ હ. મુસા ( અ. સ. ) એ કહ્યું, સાંભળ, તું સૌથી સારૂં જાણે છે ને! જા. તે આવી પહોંચેલ છે. આ બન્નેની ભાષા તને દેખાતી ( સમજાતી ) બનશે.

૩૩૦૫ તે પરિક્ષા કરવાની ખાતર સવારમાં એક જગ્યાએ રાહ જોતો ઉભો.

૩૩૦૬ દાસીએ મેજનું પાથરણું ફંફાર્યું અને રાત્રીના જમણમાંથી બાકી રહેલો રોટલાનો એક ટુકડો નીચે પડ્યો.

૩૩૦૭ એક કુકડાએ દોડી તેને ઝડપી લીધો. કુતરાએ કહ્યું, તેં મને અન્યાય કર્યો છે, ચાલ્યો જા.

૩૩૦૮ તું અનાજના દાણા ખાઇ શકે છે. જ્યારે હું મારા પેટમાં દાણા ખાવા અશક્ત છું.

૩૩૦૯ તું બાજરી અને જવ અને બાકીના દાણાઓ ખાઇ શકે છે. ઓ આનંદી, જ્યારે હું ( તેમ ) કરી શકતો નથી.

૩૩૧૦ આ રોટલાનો ટુકડો કે જે અમારા ભાગનો છે તે આના જેવો થોડો ખોરાક કુતરા પાસેથી ઉપાડી જાય છે!

## કુકડાનો કુતરાને જવાબ દેવો.

૩૩૧૧ પછી કુકડાએ તેને કહ્યું, "ચૂપ રહે, દિલગીર ન થા. આના બદલે બીજું કંઈ ખુદા તને આપશે.

૩૩૧૨ આ શેઠનો ઘોડો મરી જવાનો છે, આવતી કાલે પેટ ભરીને ખાજે. દિલગીર ન થા."

૩૩૧૩ ઘોડાનું મોત એ કુતરાઓની ઉજાણીનો દિવસ બનશે. પુષ્કળ ખોરાક મેળવવાની સખત મહેનત કર્યા વગર મળશે.

૩૩૧૪ જ્યારે માણસે ( આ વાણી ) સાંભળી, તેણે ઘોડાને વેચી નાખ્યો, પેલો તેને કુકડો આંખમાં કુતરાની હલકો પડ્યો હતો.

૩૩૧૫ બીજા દિવસે ( પછી આગલા દિવસની રીતે ) કુકડો રોટલાનો ટુકડો ઉપાડી ગયો. અને કુતરાએ તેના તરફ પોતાનો હોઠ ઉપાડ્યા.

૩૩૧૬ કહે, "ઓ છેતરપીંડી કરનાર કુકડા, તું આવા જુઠાણાં ક્યાં સુધી કરીશ? તું બૂરો અને ખોટો અને પ્રતિષ્ઠા વગરનો છે.

૩૩૧૭ તારા કહેવા મુજબ ઘોડો મરી જશે તો તે ક્યાં છે? તું એક આંધળા જેવો છે, ગ્રહો કહે છે અને તે સત્યથી વંચિત છે."

૩૩૧૮ પેલા જાણતા કુકડાએ તેને કહ્યું, "તેનો ઘોડો બીજી જગ્યાએ મરી ગયો છે."

૩૩૧૯ તેણે ઘોડો વેચી નાખ્યો અને નુકસાનીમાંથી બચી ગયો, તેણે નુકસાની બીજાઓ ઉપર ઉતારી.

૩૩૨૦ પણ આવતી કાલે તેનું ખચ્ચર મરી જશે, કુતરાઓને માટે તે ખુશનશીબ બનશે. ( તેથી હવે વધુ ) કાંઇ ન કહેતો.

૩૩૨૧ પેલા લોભિષ્ઠ માણસે તુર્ત જ ખચ્ચર વેચી નાખ્યું, અને તે જ પળે પીડા અને નુકશાનીમાંથી મુક્તિ મેળવી.

૩૩૨૨ ત્રીજા દિવસે કુતરાએ કુકડાને : "કહ્યું, તારા ઢોલ તાંસા અને પડઘમો સાથે, એ જુઠાણાના સરદાર."

૩૩૨૩ તેણે ( કુકડાએ ) કહ્યું, તેણે ખચ્ચરને ઉતાવળમાં વેચી નાખ્યું છે ( પણ ) તેણે કહ્યું, "આવતી કાલે તેનો ગુલામ નીચે અફળાવાનો છે."

૩૩૨૪ અને જ્યારે તેનો ગુલામ મરી જશે, તેનો નજીકનો સગો કુતરાઓ અને ભીખારીઓ ઉપર રોટલાના ટુકડાઓ વેરશે."

૩૩૨૫ તેણે ( શેઠે ) આ સાંભળ્યું, અને તેના ગુલામને વેચી નાખ્યો, તે નુકશાનીમાંથી બચાવાયો હતો અને તેનો ચહેરો ( આ અંગે ) ખુશીથી ચમકી ઉઠયો.

૩૩૨૬ તે આભાર માનતો હતો અને ખુશી થતો ( કહેતો હતો ) દુનિયામાંથી હું ત્રણ સંકટોમાંથી બચાવાયો.

૩૩૨૭ જ્યારે કે હું કુકડો અને કુતરાની ભાષા શીખ્યો ત્યારે મેં ખરાબ ભાવિની આંખ મસળી છે.

૩૩૨૮ બીજા દિવસે નિરાશ કુતરાએ કહ્યું, "એ બાલિશ વાતો કરનાર કુકડા, ( તેં વચન આપેલી ) ચીજો કયાં છે ?"

## પેલાં ત્રણ વચનોમાં ખોટા બનવા અંગે કુકડાનું કુતરા આગળ ભોંઠા પડવું.

૩૩૨૯ "કયાં સુધી આજીજી, કયાં સુધી તમારૂં જુઠાણું અને ઢોંગ ( ચાલુ રહેશે ) ? ખરેખર, તારા માળામાંથી જુઠાણા સિવાય બીજું કંઈ ઉડતું નથી."

૩૩૩૦ તેણે કહ્યું, તે મારામાંથી, અને મારા જાતવાળામાંથી અને જુઠામાંથી દુઃખી બન્યા હોય ( તેઓથી ) દુર બનો.

૩૩૩૧ અમો કુકડાઓ, બાંગ પોકારનારાઓની માફક પવિત્ર છીએ, અમો સુર્યના નિરીક્ષક છીએ તેમજ ( સાચા ) વખતના શોધકો છીએ.

૩૩૩૨ અમો સુર્યના આંતરિક નિરીક્ષકો છીએ, ભલે પછી તમે અમારા ઉપર ઉપરથી નીચે સુધી કથરોટ ઢાંકી દો.

૩૩૩૩ ( વાસ્તવિકતાના ) સુર્યના નિરીક્ષકો સંતો છે, ( તેઓ ) પોતાના શરીરમાં દૈવી ગુઢાર્થોથી જાણીતા બન્યા છે.

૩૩૩૪ ખુદાએ માણસને અમારૂં કુટુંબ બક્ષિશ તરીકે આપેલ છે કે તેને નિયમિત બંદગી તરફ બોલાવે છે, અને તેના અંગેની તૈયારી કરવામાં ( બોલાવે છે ).

૩૩૩૫ જો ભુલથી ખોટા વખતે બંદગી ગુજારનારને બોલાવવાની બાંગ કરવામાં આવે તો તે અમોને મારી નાખવાના કારણભુત બને છે.

૩૩૩૬ ખોટા સમયે બાંગ કરવી, "ભલાઈ તરફ આવો" અમારા લોકોને કીંમત વગરનું અને કાયદાસરનું બનાવશે.

૩૩૩૭ તે માત્ર ( રૂહાનીયત ) કુકડો છે, દૈવી વહીનો આત્મા કે જે ( ખુદાથી ) પાપથી રસાએલો છે, લુસથી ચોકખો છે.

૩૩૩૮ તેનો ( શેઠનો ) ગુલામ ખરીદ કરનારના ઘરે મરી ગયો છે, તેનું નુકશાન પુરેપુરૂં ખરીદનારને છે.

૩૩૩૯ તેણે પોતાનો પૈસો બચાવ્યો, પણ તેણે પોતે પોતાનું લોહી વહેડાવ્યું, આ (પણ) સારી રીતે સમજી લે.

૩૩૪૦ એક નુકશાને બીજાં ઘણાં નુકશાનો અટકાવ્યો હોત, આપણાં શરીરો અને પૈસા આપણા આત્મા માટે મુક્તિદંડ છે.

૩૩૪૧ જ્યારે બાદશાહોની હજુરમાં ( તેઓને ) દેવાતી સજા ( ની બાબતમાં ) તમે પૈસો રજુ કરશો ત્યારે તમારૂં માથું ( જીંદગી ) ખરીદશો.

૩૩૪૨ તો પછી તું કેવી રીતે ( દૈવી ભાવીની બાબતમાં ) અધમ જેવો બન્યો ? કયામતના દિવસના ઈન્સાફ કરનારથી તારા પૈસાને પકડી રાખનાર ( કેમ બન્યો ) ?

## શેઠના મરણની કુકડાએ આગાહી કરવી.

૩૩૪૩ પણ આવતી કાલે તે ચોક્કસ મરી જશે, તેનો વારસ તેના માટેના શોક કરવા અંગે એક ગાય કુરબાન કરશે.

૩૩૪૪ આ ઘરધણી ચોક્કસ મરશે ( અને આ દુનિયાથી ) છુટો પડશે, અને, આવતી કાલે મોટા પ્રમાણમાં તને ખોરાક મળશે.

૩૩૪૫ ઊંચા અને નીચાને રોટલાના ટુકડા અને મિષ્ઠાનના કોળીયા અને માંસનું ભોજન ચકલાની વચ્ચે મળશે.

૩૩૪૬ કુરબાનીની ગાયનું (માંસ) અને પાતળા રોટલાના ટુકડાઓ, કુતરાઓ અને ભીખારીઓ ઉપર વેરવામાં આવશે.

૩૩૪૭ ઘોડાનું મરણ અને ખચ્ચરનું મરણ અને ગુલામનું મરણ, આ ગુર્ખ ભ્રામક માણસના નશીબની આજુબાજુ ચકરાવો લાગેલ છે.

૩૩૪૮ તે તેથી દોલતની નુકશાની અને દીલગીરીથી લાગી છૂટયો, તેણે પોતાની દોલત વધારી અને તેનું પોતાનું લોહી વહેવડાવ્યું.

૩૩૪૯ આ દરવેશોનાં આત્મસંયમો શા હેતુઓ માટે છે ? ( કારણ કે ) કે પેલું દુઃખ જે કાયા ઉપર ( પડ્યું છે ) તે આત્માઓની અમર જીંદગી ઉપરની અસરમાં છે.

૩૩૫૦ જ્યાં સુધી કે એક ( દરવેશી ) મુસાફર તેના ( રૂહાનીયત ) ખુદ માટે અમર જીંદગી મેળવતો નથી ત્યાં સુધી કે તે તેની કાયાને એક બિમાર અને નાશ પામતી (ચીજ) કેમ બનાવશે ?

૩૩૫૧ તે પોતાનો હાથ પરોપકારી અને બંદગીના કાર્યોથી કેમ હટાવશે ? ત્યાં સુધી કે તે જે આપે છે તેની બદલીમાં તે પોતાની ( મુક્તિ ) જુએ છે.

૩૩૫૨ પેશ્ગી તે કે જે કાંઈ પણ મેળવવાની આશા વગર આપે છે તે માત્ર ખુદા છે, ખુદા, ખુદા છે.

૩૩૫૩ અથવા ખુદાનો દોસ્ત કે જેણે ખુદાની ખાશિયત ધારણ કરી છે અને પ્રકાશિત બન્યો છે, અને સંપૂર્ણપણે પ્રકાશ મેળવ્યો છે.

૩૩૫૪ કારણ કે તે માલદાર છે, જ્યારે તેના સિવાય બીજા બધા ગરીબ છે, ઓ ગરીબ બદલા વગર લઈ જાઓ એમ કેમ કહેશે?

૩૩૫૫ જ્યાં સુધી કે એક બાળક સફરજન જુએ ત્યાં સુધી તે પોતાના હાથમાંની ગંધાતી ડુંગળી છોડી દેશે નહિ.

૩૩૫૬ આ બજારનાં બધાં ટોળાં આ દુન્યવી (વસ્તુ) ની ખાતર (દુકાનમાં) બાંકડા ઉપર વળતર મળવાની આશામાં બેઠેલા છે.

૩૩૫૭ તેઓ એકસો જાતની વેપારની સુંદર ચીજો રજુ કરે છે અને તેઓ પોતાના દીલમાં વતળર મેળવવા તત્પર છે.

૩૩૫૮ ઓ 'સત્યપંથ' ના આદમી, તું એક પણ એવી દુઆ (સલામ) સાંભળીશ નહિ કે અંતમાં (તે દુઆ કરનાર) તારી બાંય પકડે નહિ.

૩૩૫૯ મેં કદી પણ મોટા કે નાના પાસેથી નફા વગરની દુઆ સાંભળી નથી. ઓ ભાઈ, અને હું પણ તને દુઆ આપું છું.

૩૩૬૦ સિવાય ખુદાની દુઆ, તે દુઆ ઘરે ઘરે, એકથી બીજી જગ્યાએ અને એક ગલી-એથી બીજી ગલીએ શોધ.

૩૩૬૧ (રૂહાની વસ્તુઓ) અંગે જે માણુસના મુખમાંથી ભલી સુગંધ આવે છે તેનાથી મેં ખુદાનો સંદેશો અને દુઆ સાંભળી.

૩૩૬૨ અને તેવી (દુઆની) આશામાં બાકીના બીજા બધાની દુઆ મારા દિલથી સાંભળુ છું (કે જેઓ) જીવન કરતાં પણ (વધુ મીઠા હતા).

૩૨૬૩ તેની (રૂહાની રાહબરની) દુઆ એ ખુદાની દુઆ બની છે, કારણ કે તેણે (ખુદાના) પોતાના રાચરચીલાને આગ લગાડી છે.

૩૩૬૪ તે ખુદીથી મરેલ છે અને માલિક થકી હૈવાત બનેલ છે. આ કારણે ખુદાઈ ગુઢાર્થો તેના હોઠ ઉપર હોય છે.

૩૩૬૫ ખુદના શિસ્ત પાલનમાં કાયાનું મૃત્યુએ જીવન છે, આ કાયાનાં દુઃખો આત્માને અનંત કાળ જીવનનું (કારણુ) છે.

૩૩૬૬ પેલા દુષ્ટ માણુસે કાનને ભાડે આપ્યો હતો, તે પોતાના (સમાચાર પોતાના) કુકડા પાસેથી સાંભળતો હતો.

જ્યારે તેણે પોતાના મોતની જાહેરાત સાંભળી ત્યારે પેલા શખ્સનું હ. મુસા (અ. સ.) પાસે રક્ષણ માટે દોડી જવું.

૩૩૬૭ જ્યારે તેણે આ વાતો સાંભળી, તેણે સખત ગભરાટમાં દોડવું શરૂ કર્યું. તે હ. મુસા (અ. સ.) કે જેની સાથે ખુદા વાત કરતા તેમના દરવાજે દોડયો.

૩૩૬૮ તે બીકમાં પોતાના ચહેરા ઉપર માટી ઘસતો હતો, કહે ઓ કાલીમ, મને આવા નસીબમાંથી છોડાવો.

૩૩૬૯ તેમણે (હ. મુસા અ. સ.) એ કહ્યું, "જા, ખુદને વેચી નાખ અને ભાગી છુટ. જ્યારે કે તું આમાં હુશીયાર બન્યો છો ત્યારે (મોતની) ખીણમાંથી કુદકો માર.

૩૩૭૦ સાચા ઇમાનદારો ઉપર નુકશાની રેડી દે. તારી પાકીટો અને કાચી રસીદો બેવડી બનાવવા.

૩૩૭૧ હું આ ભાવિ ઇંટમાં જોઉં છું કે જે તને (માત્ર) અરીસામાં જ દ્રષ્યમાન થાય છે.

૩૩૭૨ સમજુ માણસ શરૂઆતમાં જ પોતાના દિલમાં (છેવટનું પરિણામ) અંત જુએ છે, જે જ્ઞાનથી વંચિત છે તેજ માત્ર તે છેવટમાં જુએ છે.

૩૩૭૩ ફરી એક વાર તે (કમનશીબે) આક્રંદ કર્યું, કહીને. ઓ તું કે જેમાં ઉત્તમ ગુણો છે, મારા માથા ઉપર ફટકાર નહિ (મારાં પાપ) મારા માથા ઉપર બસ છે.

૩૩૭૪ તે (પાપ) મારામાંથી બહાર આવ્યું કારણ કે હું તેને લાયક ન હતો, તમો મારા અયોગ્ય કાર્યોને ભલાઈમાં બદલી નાખો.

૩૩૭૫ તેમણે (હ. મુસા અ. સ.) એ કહ્યું, "મારા બચ્ચા, (તીરંદાજના) અંગુઠામાંથી એક તીર છુટી ગયા પછી એ કાયદો નથી કે મોકલનાર તરફ પાછું આવે!"

૩૩૭૬ પરંતુ તારો છેલ્લો દમ (દુનિયા છોડતી વખતે) ઈમાનની સલામતીમાં નીકળે તેવી ભલી વહેંચણી માટે હું ખુદા પાસે દુઆ માગીશ.

૩૩૭૭ જ્યારે કે તું તારૂં ઇમાન સલામત લઇને ગયો, ત્યારે તું જીવતો જ છે. જો તું ઈમાન સાથે જઈશ. તો તું હંમેશ માટે હૈયાત છે.

૩૩૭૮ તે જ પળે શેઠ ઘેરી વિટંબણામાં ઘેરાઈ ગયો. તેનું દિલ એવું ધડકયું કે અમે તેને માટે (પાણીનું) કુંડુ લાવ્યા.

૩૩૭૯ તે મૃત્યુની ઘેરી વિટંબણા, બચ્યો નહિ, ઓ કમનશીબ મુર્ખ ઈન્સાન, તારી ઉલટીએ કેમ રાડ જોઇ?

૩૩૮૦ ચાર માણસો તેને ઘરે ઉપાડી ગયા. તે પોતાનો એક પગ બીજા પગ સાથે ઘસતો હતો.

૩૩૮૧ **જો તમે (ઝમાનાના) "મુસા" ની શીખામણ સાંભળી નહિ અને જો તમે અસભ્યતા બતાવી તો તમે પોતાને લોઢાની તલવાર સાથે લટકાવો છો.**

૩૩૮૨ તલવાર (કોઈની) તારી જીંદગી લેવામાં શરમ રાખતી નથી. ઓ ભાઈ, આ તારી પોતાની જ ભુલ છે. તારી પોતાની જ ભુલ છે.

**હ. મુસા (અ. સ.)ની પેલા શખ્સ માટે પ્રાર્થના કરવી કે જેથી તે આ દુનિયામાંથી ઈમાનદારીમાં રવાના થાય.**

૩૩૮૩ વહેલી સવારે હ. મુસા ( અ. સ. ) એ ભજનો શરૂ કર્યા. " ઓ ખુદા, તેનું ઇમાન લઈ ન લેતો. તે ( ઇમાન ) ઉપાડી ન જતો !

૩૩૮૪ બાદશાહી રસમે તેના તરફ વર્તજે તેને, માફ કરજે, કારણ કે તે આંડો ચાલ્યો છે. અને અહંકાર અને ખૂબજ વધુ પડતો માર્ગ ચુકેલો છે.

૩૩૮૫ મેં તેને કહ્યું હતું, આ જ્ઞાન તારા માટે મળતું ( યોગ્ય ) નથી પણ તેણે મારા શબ્દો ( તેની ઇચ્છાને ) આડે આવનારા અને નકામા જોયા.

૩૩૮૬ તે અને ( તે એકલોજ ) અજગર ઉપર હાથ મુકે છે, જેનો હાથ અજગરને દોરડું બનાવે છે.

૩૩૮૭ અદ્રષ્યની ગુપ્તતા શીખવી એ તેના એકલાને જ યોગ્ય છે કે જે પોતાના હોઠ વાણીમાંથી શીવી લ્યે છે.

૩૩૮૮ બતક જ પાણી માટે યોગ્ય છે ( આ બરાબર ) સમજ. અને ખુદા ખરો રસ્તો સૌથી સારી રીતે જાણે છે.

૩૩૮૯ તે ( કમનશીબ ) સમુદ્રમાં ગયો અને બતક હતો નહિ, તે ડુબ્યો. ઓ પ્રિતમ, તેનો હાથ પકડ ( તેને મદદ કર ).

## હ. મુસા ( અ. સ. ) ની પ્રાર્થનાના મહાન કિર્તીવંત ખુદાનો સહાનુભૂતિભર્યો જવાબ આપવો.

૩૩૯૦ તેણે ( ખુદાએ ) કહ્યું, " હા, મેં તેના ઉપર ઈમાનની નવાજીશ કરી છે, અને જો તું ઇચ્છે તો હું એજ પળે તેને ફરીવાર સજીવન કરૂં.

૩૩૯૧ નહિ ( અરે એકલાને નહિ ) પણ આ પળે હું તારી ખાતર આ દુનિયામાં મૃત્યુ પામેલા સઘળાઓને સજીવન કરૂં ! "

૩૩૯૨ હ. મુસા ( અ. સ. ) એ અરજ કરી, " આ દુનિયા મૃત્યુની છે, પેલી બીજી દુનિયામાં તેને સજીવન કરો કારણ કે તે જગ્યા ભવ્ય છે.

૩૩૯૩ તેવી જ રીતે જેમ આ નાશવંત કાયા ( ખરી ) હસ્તિની દુનિયા નથી. ઉછીની ચીજને પાછી લાવવી એ મોટો નફો નથી.

૩૩૯૪ " અમારી હજુરમાં ભેગા થએલા " ના ગુપ્ત દરબારમાં તેમના ઉપર અત્યારે પણ દયાના મોટા નફાની બક્ષિશો ઉતરો !

૩૩૯૫ ( મેં આ વાત જણાવી છે ) કે તમે જાણો કે કાયા અને દોલતથી નુકશાની એ આત્માનો નફો છે, અને તે કેદમાંથી મુક્તિ અપાવે છે.

૩૯૬ તેથી તારા ખરા દિલથી ( દરવેશી ) નિયમસર વર્તનનો ખરીદ કરનાર બન. તેથી ( તમે ) તમારો આત્મા બચાવશો, જ્યારે કે તારૂં શરીર " (ખુદાઇ નૂર) "ની ખિદમતમાં અર્પણ કરી દીધું હશે.

મ. ભા. ૩-૨૮

૩૩૯૭ અને જો નિયમાનુસારનું વર્તન સ્વતંત્ર મરજી વગર તારી પાસે આવ્યું હોય તો તો તારૂં માથું સિજદામાં ઝુકાવ અને ઉપકાર માન ઓ સફળ થએલા.

૩૩૯૮ જ્યારે કે ખુદાએ તને નિયમાનુસાર વર્તન કરવાની સભ્યતા આપી છે ત્યારે આભાર પ્રદર્શિત કરો (પણ) તમે તેમ કર્યું નથી. તમને તેનો હુકમ તેમાં ખેંચી ગયું છે "થા."

**એક સ્ત્રી કે જેના બચ્ચાં લાંબુ જીવતા ન હતાં, તેણીની ખુદાના દરબારમાં ગીરીયાઝારી કરવી, જવાબ આવ્યો, "તારા સાધુપણાનાં વર્તનની બદલીમાં તારા પોતાની જ ખાતર" "તેઓ કે જેઓ ખુદીથી મરી પરવાર્યા છે તેઓને મૃત્યુ ઉપાડી ગયું છે, તેની બોધદાયક વાર્તા.**

૩૩૯૯ તે દરેક વર્ષે એક સંતાનને જન્મ આપતી (પણ) તે છ મહીના કરતાં વધુ જીવતું નહિ.

૩૪૦૦ તે ત્રણ કે ચાર મહીનાની અંદર મૃત્યુ પામતું. આક્રંદ કરી કહેતી, ઓ ખુદા, અફસોસ.

૩૪૦૧ (મેં) નવ મહિના સુધી (ગર્ભાધાનનો) બોજો ઉપાડયો હતો. અને મને ત્રણ મહિના આનંદ હતો. મારી ખુશી મેઘધનુષ કરતાં વધુ ઝડપથી ચાલી ગઇ.

૩૪૦૨ પેલી સ્ત્રી જે ભયંકર વેદના અનુભવતી તે કારણે ખુદાના માણસો (દરવેશો) આગળ પોતાની ફરિયાદો રજુ કરતી.

૩૪૦૩ આવી રીતથી (તેણીનાં) વીસ બચ્ચાં કબરમાં પોઢયાં. (નાશનો) અગ્નિ બહુ ઝડપે તેમના જીવન ઉપર પડતો.

૩૪૦૪ ત્યાં સુધી કે તેણીને એક રાત્રીએ એક બગીચો, અનંત કાળનો, લીલોછમ, આલ્હાદજનક અને ખુશનુમા (સ્વપ્નામાં) બતાવવામાં આવ્યો.

૩૪૦૫ મેં બિનશરતી બક્ષીશને બગીચા તરીકે ઓળખાવી છે જ્યારે કે તે (ખુદા) બધી બક્ષીશોનું મુળ છે, અને બધા બગીચાના સભાસ્થાનની જગ્યા છે.

૩૪૦૬ નહિતર (તે છે કે) જેને કોઇ આંખે જોએલ નથી, આ જગ્યા શાના માટે છે? તેને બગીચો (કહેવો યોગ્ય) છે? ખુદાએ અદ્રષ્ટ "નૂર" કહીને બોલાવેલ છે "એક બતી."

૩૪૦૭ તે સરખામણી નથી. તે એક બોધદાયક વાર્તા છે, એટલા માટે કે જેઓ અત્યાનંદમાં છે તેઓ (વાસ્તવિકતાની) સુગંધ મેળવે.

૩૪૦૮ ટુંકમાં, (તે) સ્ત્રીએ તે (બહિશ્ત) જોઇ, અને અત્યાનંદમાં પડી, નબળું (સજીવ પ્રાણી) પેલી વહી થકી હાથમાં રહેતું નથી.

૩૪૦૯ તેણીએ એક મહેલ ઉપર પોતાનું નામ લખેલું જોયું. તેણી કે જે ઈમાનદાર હતી, જાણ્યું કે તે (મહેલ) તેણીની માલિકીનો હતો.

૩૪૧૦ ત્યારબાદ તેઓએ ( તેણીને ) કહ્યું, "આ બક્ષિશ તેમના માટે છે કે જેઓ ખરા દિલ અને ઇમાનથી, દિલી પ્રેમથી જાગૃત થયા છે."

૩૪૧૧ ( ખુદાઈ ) ગરજ અંગે તારે ( તેની ખુદાની ) ખીદમત કરવી જોઇએ. એટલા માટે કે તું તારૂં ભોજન આરામથી આરોગે.

૩૪૧૨ ( જયારે ) કે તું ( ખુદાનું ) શરણુ શોધવામાં બેદરકાર બનીશ. ખુદા તેની બદલીમાં તકલીફો આણુશે.

૩૪૧૩ તેવી બુમ પાડી ઉઠી, "ઓ માલિક, આવાં દુઃખો એક સો કે તેનાથી વધારે વર્ષો ભલે આપ, ભલે તું મારૂં લોહી ( પણુ ) વહેવડાવે,"

૩૪૧૪ જ્યારે તેણી તે બગીચામાં આગળ વધી ત્યારે તેણીએ ત્યાં પોતાનાં બધાં બચ્ચાઓ જોયાં.

૩૪૧૫ તેણીએ કહ્યું, " તેઓ મારાથી ગુમાએલા હતા ( પણુ ) તેઓ તારાથી ગુમાવેલા હતા." અદ્રષ્ય જોવાની બે આંખો વગર કોઇ ( સંપૂર્ણ ) માનવ બનતો નથી.

૩૪૧૬ તમે લોહી વહેવા દેતા નથી અને ( તેથી ) બિનજરૂરી લોહી તમારા નાકમાંથી વહે છે પરિણામ એ આવે છે કે તમારી જીંદગી તાપથી બચાવાઈ હોત.

૩૪૧૭ દરેક ફુળનો ગર્ભ તેની છાલ કરતાં ઉત્તમ છે, શરીરને છાલની માફક જો અને તેઓ દોસ્ત ( આત્મા ) ગર્ભ ( દિલ ) બનવું જોઈએ.

૩૪૧૮ આ બધું પછી પણુ માણુસને ભલું દિલ હોય છે, એક પળ માટે તેને શોધ, જો તમે પેલા ( દૈવી ) ફૂંકવાળા હો !

## હ. હમ્ઝા ( ર. અ. ) નું બખ્તર વગર લડાઇમાં આવવા વિષે.

૩૪૧૯ જ્યારે જ્યારે હ. હમ્ઝા ( ર. અ. ) લડાઇની હરોળમાં લડવા જતા ત્યારે તેઓ જીંદગીના છેવટ સુધી એક બેખુદની માફક બખ્તર વગર ધસી જતા.

૩૪૨૦ નગ્ન શરીર અને ખુલ્લી છાતીએ આગળ વધતા તલવારોથી સજ્જ થએલી હરોળેમાં તેઓ પોતાને ફંગોળતા.

૩૪૨૧ લોકોએ તેઓને પૂછ્યું, ઓ પયગમ્બર સાહેબના કાકા, ઓ હરોળને તોડવવાળા સિંહ, વિજયના બાદશાહ,

૩૪૨૨ શું તમોએ હ. પયગમ્બર સાહેબના સંદેશા ( પવિત્ર કુરાનમાં ) વાંચ્યું નથી? "તમો પોતાને પોતાના હાથે નાશમાં ફેંકો નહિ."

"તમો પોતાને શા માટે આમ નાશમાં ફેંકો છો?

૩૪૨૩ ત્યારે તમો પોતે લડાઈના મેદાનમાં પોતાને શા માટે આમ નાશમાં ફેંકો છો?

૩૪૨૩ ત્યારે તમો યુવાન હતા અને શરીરે સશક્ત, તંદુરસ્ત હતા. ત્યારે તમો બખ્તર

૩૪૨૪ જ્યારે તમો યુવાન હતા અને શરીરે સશક્ત, તંદુરસ્ત હતા. ત્યારે તમો બખ્તર વગર કદીપણુ લડાઈની હરોળમાં જતા ન હતા.

૩૪૨૫ હવે જ્યારે તમો વૃદ્ધ, અશક્ત અને વળેલા બન્યા છો ત્યારે તમો બેપરવાઇના પડદાઓને ( દરવાજાને ) ખખડાવો છો.

૩૪૨૬ અને તમે તલવાર કે ભાલાની કાંઇપણુ પરવા કર્યા વગર ઘૂસો છો અને લડો છો અને ( પોતાની ) પરિક્ષા કરો છો.

૩૪૨૭ તલવારને ખુદા માટે કાંઈ માન હોતું નથી. તલવાર અને તીર કેવી રીતે શરમ રાખે?
૩૪૨૮ આવી રીતે અજ્ઞાન સહાનુભૂતિવાળાઓ ચોખાઈપુર્વક સલાહ આપતા હતા.

## હ. હમ્ઝા ( ર. અ. )નો લોકોને જવાબ આપવો.

૩૪૨૯ હ. હમ્ઝા ( ર. અ. ) એ કહ્યું, કે જ્યારે યુવાન હતો ત્યારે મૃત્યુને આ દુનિયાની વિદાયગીરી સમજતો હતો.

૩૪૩૦ આતુરતાપુર્વક કોઈ પણ મૃત્યુ તરફ કેમ જાય? તે હથીઆર વગર અજગરને ભેટવા નંગ્ન બની કેમ આવે?

૩૪૩૧ પણે હવે હું 'મોહમ્મદના નુર' થકી આ શહેર ( દુનિયા ) કે જે વહી જનાર છે, તેના તાબામાં નથી.

૩૪૩૨ હું ઇંદ્રિઓના જ્ઞાનથી પર એવી ( દૈવી ) શહેનશાહની 'ખુદાઇ નૂર' ના લશ્કરથી છવાએલ છાવણી જોઉં.

૩૪૩૩ તંબુ ઉપર તંબુ અને તંબુના દોરડાં ( જોઉં છું ), જેણે આ ગાઢ નિંદ્રામાંથી મને જાગૃત કર્યો તેનો આભાર માનું છું.

૩૪૩૪ પેલા કે જેની આંખમાં મોત એ નાશ છે તે આ ખુદાઇ હુકમને પકડે છે, "(તમો પોતાને નશામાં નાખો નહિ)"

૩૪૩૫ અને પેલા કે જેઓને મૃત્યુ એ ( રહેમતનો ) દરવાજો ઉઘાડનાર છે. તેને માટે ( કુરાનની ) શીખામણ "તમો કે જેઓ. એક બીજાથી ઉતાવળ કરો છો"

૩૪૩૬ ખબરદાર થા! ઓ તું કે જે મૃત્યુને નિહાળે છે ( મૃત્યુની બીકને ), પેલીને બીજી ઉપર સરસાઈ મેળવ, જલદી કર, ઓ તું કે જે કયામતને જુએ છે. "તમો કે જેઓ એકબીજાથી ઉતાવળ કરો છો."

૩૪૩૭ ઓ તું કે ( દૈવી ) બક્ષિશને અંતરમાં ઉતારે છે, કહે, "ભલે આવ્યા" આનંદ કરો; ઓ કે જે તું ( દૈવી ) કોપને નિવારે છે, શ્રાપ હોજો! (તો પછી) થા દિલગીર!

૩૪૩૮ જે કોઇ પણ તેને ( મૃત્યુ )ને યુસુફની માફક પ્યારૂં ગણે છે તે પોતાના આત્માને તેના માટે બદલા તરીકે આપે છે, અને જે કોઇ પણ ( મૃત્યુ )ને વરૂ જેવું ( ભયંકર ) જુએ છે તે સત્ય દોરવણીના રસ્તાથી પાછો પડયો છે.

૩૪૩૯ મારા બચ્ચા દરેકનું મૃત્યું તેનો પોતાના ગુણધર્મ મુજબનું હોય છે, ખુદાના દુશ્મનને એક દુશ્મન ( જેવું ) અને ખુદાના દોસ્તને એક દોસ્ત જેવું.

૩૪૪૦ તુર્કની આંખોમાં આરસી સુંદર રંગની છે તેવી જ રીતે ઇથોપીયનની આંખોમાં એ ઇથોપીયનની માફક આરસી કાળી છે.

૩૪૪૧ તારામાંથી ઉઠતી મોતની બીક એ હકીકતમાં તારી પોતાની જ બીક છે, ઓ વહાલા આત્મા, ( આ ) ચેતવણી સાંભળ.

૩૪૪૨ (તે) તારો પોતાનો કદ્રપીં ચહેરોજ છે નહિ કે મોતનો ચહેરો, તારો આત્મા ઝાડ માફક છે અને મૃત્યુ એ પાનની માફક છે.

૩૪૪૩ તે સારૂં છે કે ખરાબ તે તે તારામાંથી જ ઉગ્યું છે. તારો દરેક ગુપ્ત વિચાર, સત્ય કે ઢોંગ એ તારામાંથી જ ઉત્પન્ન થયો છે.

૩૪૪૪ જો તમે કાંટાથી ઘવાયા હશો તો તે તમે પોતે વાવ્યા છે, અને જો તમે સાટીન અને રેશમી કપડાથી સજ્જા છો તો તે તમે પોતે વણ્યાં છે.

૩૪૪૫ જાણ કે આમાલ એ તેવાજ બદલાના પ્રકારનું હોતું નથી. ખિદમત તે જ પ્રકારની હોતી નથી કે જે બદલામાં ચુકાવાય છે.

૩૪૪૬ મજુરની મજુરી તેના કામને મળતી હોતી નથી, તેવીજ રીતે કે પાછલું ગૌણ છે જ્યારે આગળનું સત્ય અને કાયમી છે.

૩૪૫૭ પ્રથમનું સંપૂર્ણ રીતે તકલીફ અને કાર્ય અને મધુર છે. જ્યારે પાછળનું સંપૂર્ણ રીતે રૂપું અને સોનું અને ખાણાના (થાળા) છે.

૩૪૪૮ જો કોઈ પણ સ્થળેથી તમો શંકામાં પડો તો (કારણ એ છે કે) માણસ કે જેને તમે ભુલાવામાં નાખ્યો છે તેણે તમારી વિરૂદ્ધ ખુદાને પ્રાર્થના કરી છે.

૩૪૪૯ તમો કહેશો, હું (ગુન્હાથી) પર છું, મેં કોઈના ઉપર શંકા કરેલ નથી.

૩૪૫૦ (નહિ પણ) તેં બીજી જાતના પાપનું આચરણ કર્યું છે. તમે બી વાવ્યાં, બી ફળથી મળતીયું કેમ હશે?

૩૪૫૧ તેણે પરસ્ત્રીગમનનો ગુન્હો કર્યો છે, તેની સજા લાકડીના સો ફટકા છે, તે કહે છે, મેં કોઈને લાકડીથી કદી પણ કોઈને માર્યો છે?

૩૪૫૨ શું આ દુઃખ પરસ્ત્રીગમન માટે ઉતર્યું નથી? ગુપ્તતામાં લાકડી પરસ્ત્રીગમનને મળતી કેવી રીતે હોય!

૩૪૫૩ ઓ કાલીમ, સરપ દોરડાથી મળતીયો કેમ હોય? ઓ હકીમ, દર્દ દવાથી મળતીયું કેમ હોય?

૩૪૫૪ દોરડું (નીચે ફેંકવાને) બદલે, જ્યારે તમે પુરૂષબીજ (ગર્ભાશયમાં) નાખો છો ત્યારે તે (બીજ) આખરમાં એક સુંદર (માનવ જાત) વ્યક્તિ બને છે.

૩૪૫૫ તમારૂં એ બીજ તમારૂં (દોસ્ત) બન્યું કે સરપ (જેવું બન્યું)? તો પછી હ. મુસા (અ. સ.)ના દોરડા અંગે આ અજાયબી શા માટે?

૩૪૫૬ શું પુરૂષ બીજ બચ્ચાને મળતું આવે છે? શું શેરડી ખાંડને મળતી આવે છે?

૩૫૫૭ જ્યારે એક માણસ (બંદગી કરતો) સિજદામાં અગર રૂકુમાં ગયો, પેલી પારની દુનિયામાં તેનો સિજદો તેનું સ્વર્ગ બન્યું.

૩૪૫૮ જ્યારે તેના મુખમાંથી ખુદાના વખાણ બહાર પડયા, "પરોઢિયાનો માલિક તને સ્વર્ગનું પંખી સર્જે છે."

મજુરની મજુરી જુદી (કામ-મજુર)
પાછળનું ગૌણ
આગળનું સત્ય - કાયમી

૩૪૫૯ તમારાં વખાણ અને કિર્તિંગાન પંખીના જેવા નથી, જો કે પંખીનું બીજ એ હવા અને પવન છે.

૩૪૬૦ જ્યારે પરોપકારીપણું અને સખાવત તમારા હાથથી મોટા થયાં (દાન કર્યાં) આ દયાળુ હાથનું કર્તવ્ય એ પેલીપારની દુનિયામાં ખજુરીઓ અને તાજી ભાજી પાલો બને છે.

૩૪૬૧ પાણી (બીજ), (ખાસ કરીને) તારો પરિત્યાગ એ બહિશ્તની નદીનું પાણી બને છે, (ખુદા માટેનો) તારો પ્રેમ અને લાગણી એ બહિશ્તની નદીનું દુધ બને છે.

૩૪૬૨ બંદગીની ખુશી એ મધની નદી બની, ... (રૂહાની) અત્યાનંદ નિહાળ, અને મદિરાની સરીતા માફક આતુરતા (નિહાળ).

૩૪૬૩ આ હકીકતો તેઓની અસરોને મળતી નથી. તેણે (ખુદાએ) પેલાં કારણોની અસરોને કેમ સ્થાપિત કરી તે કોઈ જાણતું નથી.

૩૪૬૪ જ્યારે કે આ કારણો તારા હુકમને આધીન હતાં, તેવી જ રીતે તારી તાબેદારી બહિશ્કની ચાર નદીઓ બતાવશે.

૩૪૬૫ તમે ધારો તે દિશામાં તેને વહેતી બનાવી શકો છો, જેવી (આ દુનિયામાં) ગુણ ધર્મવાળી હતી તેમ (બીજી) દુનિયામાં) તમે આવી અસર ઉપજાવી શકો છો.

૩૪૬૬ (દાખલા તરીકે) જેમ તમારૂં બીજ તમારા હુકમમાં છે તે ગર્ભા અવસ્થા બાળ-પણ તમારા હુકમને તાબે થવા તૈયાર છે.

૩૪૬૭ તમારો જુવાન પુત્ર તમારા હુકમને (તાબે થતો) દોડે છે, કહે છે, હું તારો ભાગ છું કે જે અનાયત રાખ્યો હતો.

૩૪૬૮ પેલો (વખાણવા લાયક) ગુણધર્મ આ દુનિયામાં તમારા હુકમનો (તાબેદાર હતો) તેવી જ રીતે (પેલી દુનિયામાં) પેલી નદીઓ તમારા હુકમ અનુસાર વર્તશે.

૩૪૬૯ પેલાં (બહિશ્તનો) ઝાડો તમારાં તાબેદાર છે, કારણ લે પેલાં ઝાડ તમારાં ભલાં ગુણ ધર્મોનાં ફળો બના વાયાં છે.

૩૪૭૦ જ્યારે કે આ ગુણધર્મો અહીં તારા હુકમમાં છે, તેવી રીતે તમારો બાલો ત્યાં તમારા હુકમમાં છે.

૩૪૭૧ જ્યારે અન્યાયનો ભોગ બનેલાની વિરૂદ્ધ તારો હાથ ફટકારવા આગળ વધે છે, ત્યારે તેઓ (દોજખનો) ઝાડ બન્યાં 'ઝકુમ' તેમનામાંથી ઉગ્યો !

૩૪૭૨ જ્યારે તું ગુસ્સામાં લોકોના દિલમાં અગ્નિ ફેંકે છે ત્યારે તમે નર્કની અગ્નિના ઉદ્‌ગમ સ્થાનક બન્યા.

૩૪૭૩ જ્યારે કે અહીં (આ દુનિયામાં) તમારી અગ્નિ માણસ જાત કે બાળતી હતી. કે જે તમારાથી જન્મી હતી તે માણસોને નર્કમાં સળગાવતી હતી.

૩૪૭૪ તમારા (ગુસ્સાનો) અગ્નિ અહીં લોકો ઉપર હુમલો કરે છે, તેમાંથી ઉદ્દભવેલો અગ્નિ ત્યાં લોકોની સામે વસે છે.

૩૪૭૫ તમારા શબ્દો સરપો અને વીંછીઓને મળતા છે જે સરપો અને વીંછીઓ બન્યા છે અને તને તારી પુઠથી પકડેલ છે.

૩૪૭૬ તમે (ખુદાના) દોસ્તોને રાહ જોતા ઊભા રાખ્યા, (તો પછી) કયામતમાં તમોને પણ રાહ જોતા ઉભા રાખવામાં આવશે.

૩૪૭૭ તમારૂં વચન 'આવતી કાલ' અને આવતી પરમ દિવસ' એ તમારૂં કયામતમાં (ત્રીજ રીતે) રાહ જોવાનું બનશે. તમારા માટે અફસોસ!

૩૪૭૮ તમે પેલા લાંબા દિવસે તમારા આમાલ અંગે રાહ જોતા રહેશો અને જીગરને બાળી નાખતા સુર્યમાં (ઊભા રહેશો).

૩૪૭૯ કારણ કે તમારે બહિશ્તને રાહ જોતી ઊભી રાખવી ન જોઈએ અને આનાં બી વાવવાં જોઇએ, "આ રસ્તે હું આવતી કાલે આગળ વધીશ."

૩૪૮૦ તમારો ગુસ્સો એ દોજખની અગ્નિનું બી છે, ધ્યાન રાખજે, આ તમારી દોજખની અગ્નિને બુજાવી નાખો, કારણ કે આ છટકું છે.

૩૪૮૧ "નૂર"ની અસર સિવાય આ અગ્નિ બુજાશે નહિ. તારા, "નૂરે" અમારી અગ્નિને બુજાવી છે અમે તારા નૂરના આભારી છીએ.

૩૪૮૨ જો તમે 'નૂર'થી વંચિત હો, અને જો એક દયાનું કૃત્ય કરશો તો તે ખોટું છે. તમારા (ગુસ્સાનો) અગ્નિ (હજી) પ્રચલિત છે, અને (હજી પણ) અધાં બળેલાને (બાળે છે).

૩૪૮૩ ખબરદાર! પેલી (દયા) એ (માત્ર) આડંબર, સત્યનો પડદો છે. (ગુસ્સાના) અગ્નિને, "દીનનું નૂર" સિવાય બીજો કોઈ ઓલવી નહિ શકે.

૩૪૮૪ "દીનના નૂર" ને જો નહિ ત્યાં સુધી રુહિસલામત બનતો નહિ, કારણ કે સંતાએલ અગ્નિ કોઈ દિવસ પ્રગટ થશે.

૩૪૮૫ 'નૂર' ને પાણી હોવાનું અનુમાન કર, પાણીની અંદર માર્ગ કર, જ્યારે તમે પાણી મેળવ્યું અગ્નિથી બળનારો ન બન.

૩૪૮૬ પાણી અગ્નિને બુજાવી નાખશે, કારણ કે અગ્નિ પોતાની ખાશિયતની પાણીનું બીજ અને તેના બચ્ચાને બાળી નાખે છે.

૩૪૮૭ થોડીવાર માટે પેલા પાણીના પ્રાણીઓ તરફ જા કે જેથી તેઓ જીવનના જળ તરફ તમોને દોરી જાય.

૩૪૮૮ જમીનના પંખી અને જળના પંખીને એક જ જાતનું શરીર હોય છે પણ હકીકતમાં તેઓ એક બીજાથી વિરૂદ્ધ છે. તેઓ જાણે કે પાણી અને તેલ છે.

૩૪૮૯ (તેમાંનું) દરેક પોતાના અસલ તરફ વફાદાર હોય છે. (તેમને સમજવામાં) કાળજી રાખજે, તેઓ એક બીજાને મળતા આવે છે.

૩૪૯૦ જેમકે (સેતાનીક) સુચનાઓ અને દૈવી સંદેશા બન્ને બુદ્ધિગમ્ય (દુનિયા)ના છે અને છતાં (તેમની વચ્ચે મોટો) તફાવત છે.

૩૪૯૧ ઓ શાહજાદા, અંતઃકરણની બજારના (આ) બન્ને આડતીયાઓ પોતાની ચીજોનાં ઉત્સાહથી વખાણ કરે છે.

૩૪૯૨ જો તમે રૂહાનીયત દોલતના બદલનારા છો, એક કે જે વિચારને પારખી શકે છે, તે બન્ને મળતા આવતા વિચારોમાંથી ખરી ખાશિયતવાળાને ઓળખી કાઢે છે.

૩૪૯૩ અને જો (તારા પોતાના) અભિપ્રાયમાંથી તું આ બન્ને વિચારોમાંથી (ખરી ખાશિયત) ન જાણે તો કહે, 'પ્રપંચ નહિ' અને ઉતાવળો બનતો નહિ અને આગળ ધકેલતો નહિ.

## વેપાર અંગે ખરીદ વેચાણમાં છેતરાઇ જવામાંથી પોતાને બચાવવાના મુદ્દાઓ.

૩૪૯૪ એક અમુક દોસ્તે હ. પયગમ્બર સાહેબને કહ્યું, 'હું હમેશાં વેપારમાં છેતરાઈ જાઉં છું.'

૩૪૯૫ દરેક કે જે વેચે છે અને ખરીદે છે તેના ઢોંગ જાદુ જેવા છે અને મને રસ્તા ઉપરથી ઉતારી મુકે છે.

૩૪૯૬ તેમણે (નબી સાહેબે) કહ્યું, 'જ્યારે તમને વેપારની લેતી દેતીમાં છેતરાવાના બનવાવાળા હો ત્યારે (તેમાં) ત્રણ દિવસની પસંદગી કરવાની સરત રાખો.'

૩૪૯૭ કારણ કે ઉંડું મનન એ ખાત્રીપુર્વક ખુદાની દયામાંથી છે, તારી ઉતાવળ એ શ્રાપીત સેતાનમાંથી છે.

૩૪૯૮ ઓ કાળજીવાળા, જ્યારે તમે રોટલાનો ટુકડો કુતરા તરફ ફેંકશો, (વહેલા) તે સુંઘે છે અને પછી તે ખાય છે.

૩૪૯૯ તે નાક વડે સુંઘે છે, આપણે (પણ) જેઓ ડહાપણવાળા છે, તેઓએ સાચી સમજદારી પુર્વક તેને સુંઘવું જોઇએ.

૩૫૦૦ ખુદાએ ઊંડા મનનથી છ દિવસમાં આ જમીન અને આસમાનો હસ્તિમાં આણ્યાં છે.

૩૫૦૧ નહિતર તે શક્તિમાન હતો, થા અને થાય છે, સો પૃથ્વીઓ અને આકાશો પેદા કરવા શક્તિમાન છે.

૩૫૦૨ તે 'રાજની' થોડું થોડું કરીને ચાલીસ વર્ષો અર્થાત (દયા ન રાખી) માનવને પુરેપુરો આદમી બનાવે છે.

૩૫૦૩ છતાં તે એક પળ માત્રમાં નિરાકારમાંથી પચાસ માણસોને ઉભા કરવા શક્તિમાન છે.

૩૫૦૪ હ. ઇસા (અ. સ.) એક દુઆ થકી કાંઇ પણ ઢીલ વગર મરેલાને સજીવન થતા હતા.

૩૫૦૫ તો પછી હ. ઈસાના પેદા કરનારને કાંઇપણ ઢીલ વગર ( પુખ્ત ઊમરના માણસને ) 'વંશપરંપરાગત' ( ઝાહેર ઈમામ કે ) જાહેરમાં લાવવા અશક્ત હોય ?

૩૫૦૬ આ ઉંડું મનન તમને શિખવવાના કારણે છે કે જેથી તમે કાંઇ પણ ઢીલ વગર ( ખુદાને ) આસ્તે આસ્તે શોધો.

૩૫૦૭ નાનું ઝરણું જે ચાલુ વહે છે તે ગંદુ બનતું નથી અથવા દુર્ગંધ મારતું નથી.

૩૫૦૮ આ ઉંડા મનનથી આનંદ અને ખુશી ઉપજે છે. આ ઉંડુ મનન એક ઈંડુ છે ખુશનશીબએ પંખી જેવું છે.

૩૫૦૯ પંખી ઇંડાને મળતું કેમ હોય ? ઓ હઠાગ્રહી, જો કે તે ઇંડામાંથી ઉત્પન્ન થયું છે.

૩૫૧૦ ઈંડાઓની માફક વાટ જો કે જ્યાં સુધી તારા સુવચનો પંખીનો જન્મ આપે !

૩૫૧૧ જો કે સમયનું ઈંડુ ચકલીના ઇંડાને ( બહારના દેખાવમાં ) મળતું આવે છે (છતાં) બહુ મોટો તફાવત છે.

૩૫૧૨ ફરીવાર જો કે 'કવિન્સ' નું બી સફરજનના બીને મળતું આવે છે ( છતાં ) ઓ માનવંત, તફાવત ઓળખજે.

૩૫૧૩ દેખાવમાં પાંદડા પણ એકજ જાતનાં છે ( પણ ) એકેએક ફળો જુદી જુદી જાતના છે.

૩૫૧૪ પાંદડાંઓ ( એટલે કે ) કાયાઓ એક જાતની છે, પણ દરેક જીવંત આત્મા ( કરણીઓ અંગે ) જુદા જુદા ( દરજ્જાનો છે ).

૩૫૧૫ લોકો મારકીટમાં જુદા જુદા કામે એક સરખા જાય છે (પણ) એક આનંદમાં છે અને એક બીજો દિલગીર છે.

૩૫૧૬ મોતમાં પણ તેમજ છે, આપણે બધા એક સરખા જઈએ છીએ, (પણ), આપણામાં અર્ધા નુકશાનીવાળા છીએ અને ( બીજા ) અર્ધા શહેનશાહો જેવા ( નશીબદાર છે.)

## હ. બિલાલનું આનંદમાં મરણ પામવું.

૩૫૧૭ જ્યારે બિલાલ નબળાઈ અંગે નવા ચાંદ જેવા ( પાતળા ) બન્યા, તેમના ચહેરા ઉપર મૃત્યુનો રંગ છવાયો,

૩૫૧૮ તેમની ઘરવાળીએ તેમને ( આવી હાલતમાં ) જોયા, બુમ પાડી ઉઠી, અને અફસોસ પછી હ. બિલાલે તેણીને કહ્યું, નહિ, ( કહે ) અરે, ખુશીયાલી !

૩૫૧૯ હું અત્યાર સુધી જીવન અંગે દિલગીરીમાં હતો. મૃત્યુ કેવું આનંદમય અને ( હકીકતમાં ) કેવું છે. તે તું કેવી રીતે જાણે ?

૩૫૨૦ તેઓ આમ કહેતા હતા, અને કહેવાની પળે તેમના ચહેરામાં જુઇ, ગુલાબ અને રાતા પુષ્પોની માફક ચહેરો ચમકતો હતો.

૩૫૨૧ તેમના શબ્દોની ( સચ્ચાઇ ), તેમના ચહેરાનો આનંદ અને તેમની ખુશી ભરેલી આંખો આપતી હતી.

૩૫૨૨ દરેક કાળા દિલવાળો તેમને કાળો સમાજતો હતો ( પણ ) માનવ કાળી આંખનો શિષ્ય શા માટે છે ?

૩૫૨૩ માણુસ જે ( રૂહાની રીતે ) આંધળો છે તે કાળા ચહેરાનો છે પણ આંતરિક આંખવાળો એ ચંદ્રમા માટેની આરસી છે.

૩૫૨૪ માણુસ કે જે પોતાની ( રૂહાનીયત ) દ્રષ્ટિ વધારે છે તેના સિવાય બીજો કોણ આંતરિક નજરે જુએ છે ?

૩૫૨૫ 'આંખવાળા ઈન્સાન' સિવાય બીજો કોઇ તેને જોઇ શકતું નથી, કે જે પછી તેના ( ખરા ) રંગનું જ્ઞાન ધરાવે છે.

૩૫૨૬ તેથી તેના સિવાય પ્રકાશિત આંખવાળાના ગુણને ધ્યાનમાં લેવા બાબતમાં બીજા બધા બનાવટી છે.

૩૫૨૭ તેમની ( હ. બિલાલની ) ઘરવાળીએ કહ્યું, "ઓ ભલા ગુણવાળા, આ જુદા પડવાનો વખત છે. તેમણે કહ્યું, ' નહિ નહિ ' તે મિલાપનો વખત છે, (ખુદા સાથે) મિલાપનો.

૩૫૨૮ ઘરવાળીએ કહ્યું, " આજ રાત્રે તમે અજાણી દુનિયાનાં જશો ! તમે તમારા સગાં-વહાલાં અને કુટુંબથી ગેરહાજર બનશો."

૩૫૨૯ તેમણે જવાબ આપ્યો, " નહિ, નહિ, તેથી ઉલટુંજ, હકીકતમાં અજાણી દુનિયા-માંથી મારો આત્મા મારા ઘરે આવે છે."

૩૫૩૦ તેણીએ કહ્યું, " અમો તમારો ચહેરો ક્યાં જોશું ? " તેમણે જવાબ આપ્યો, " ખુદાએ પસંદ કરાએલાઓની વચ્ચે."

૨૫૩૧ તારી બાજુમાં જ તેના પસંદ કરાએલાના વર્તુલ વચ્ચે ( જોઈશ ), જો તું નીચે જોવાને બદલે ઉપર જોઇશ તો.

૩૫૩૨ પેદા કરાએલા માલિકના " નૂર " ના વર્તુળમાં. " નૂર " વર્તુળમાં ઝગમગે છે, બિઝેલ જેવું.

૩૫૩૩ તેણીએ કહ્યું, " અફસોસ, આ ઘરનો નાશ થયો છે." તેમણે કહ્યું, " ચદ્રમા તરફ જો, વાદળા તરફ જો નહિ."

૩૫૩૪ તેણે તે નાશ કર્યું એટલા માટે કે તે તેને વધુ કુશાદે બનાવે, મારૂં કુટુંબ મોટું હતું અને ઘર ( ઘણું ) નાનું હતું.

## શરીરનો મૃત્યુ થકી નાશ કરવામાં ( દૈવી ) ડહાપણ વિષે.

૩૫૩૫ હું અગાઉ હ. આદમની માફક દિલગીરીમાં હતો, હવે પૂર્વ અને પશ્ચિમ મારા આત્માના વંશથી ભરાએલ છે,

૩૫૩૬ હું આ અંધાર કોટડીમાં ભિખારી હતો, (હવે) હું બાદશાહ બન્યો છું, બાદશાહ માટે મહેલની જરૂરત હોય છે.

૩૫૩૭ ખરેખર (રૂહાની) રાજાઓ માટે તેમાં આનંદ કરવાના મહેલો છે. તે કે જે (રૂહાની રીતે) મરેલો છે તેને માટે રહેવા લાયક ઘર કબર છે.

૩૫૩૮ પયગમ્બરોને આ દુનિયા સાંકડી દેખાણી. બાદશાહોની માફક તેઓ અવકાશોની દુનિયામાં ગયા.

૩૫૩૯ (રૂહાની રીતે) મરેલાઓને આ દુનિયા ભવ્ય દેખાણી. તેનો બહારનો દેખાવ મોટો છે પણ વાસ્તવિક રીતે તે સાંકડી છે.

૩૫૪૦ જો તે સાંકડી ન હોત તો શા માટે આ બધી કાગારોળ છે? શા માટે દરેક જણ જે વધુ જીવ્યો તે (દુઃખથી) બેવડ બન્યો?

૩૫૪૧ ઉંઘને વખતે (આ દુનિયામાં) આત્મા સ્વતંત્ર થાય છે, તે પેલી દુનિયામાં કેવો આનંદ કરે છે તે જો.

૩૫૪૨ (પછી) દુષ્ટ માણસને તેની દુષ્ટપણાની ખાશિયતમાંથી મુક્તિ મળે છે. કેદી, કેદીપણાના વિચારોમાંથી નાશી છુટે છે.

૩૫૪૩ આ બહુ પહોળી પૃથ્વી અને આસમાન (ઉર્ધ્વમાં) પડતાં અનિવાર્યપણે ખૂબ જ સાંકડી બને છે.

૩૫૪૪ તે (દુનિયા) આંખ ઉપરના પાટો છે. (દેખાવમાં) તે પહોળી છે, (હકીકતમાં) ખૂબજ સાંકડી છે. તેનો હસનાર રૂદન કરે છે. તેની ભવ્યતા સંપૂર્ણતઃ શરમજનક છે.

**(નાહણી) સાથે આ દુનિયાની સરખામણી કે જે દેખાવમાં પહોળી છે પણ વાસ્તવિક રીતે સાંકડી છે અને (પેલી દુનિયાની) ઉંઘ કે જે આ સાંકડાપણાથી મુક્તિનું (કારણ) છે તે વિષે.**

૩૫૪૫ (આ દુનિયા) એ નાહણી જેવી છે કે જે બહુ ગરમ છે (તેથી) તમો દુઃખી છો અને તમારો આત્મા (ગુસ્સામાં) ઓગળી રહ્યો છે.

૩૫૪૬ જો કે નાહણી પહોળી અને લાંબી છે (છતાં) તમારો આત્મા દુઃખી અને ગરમીથી થાકેલો છે.

૩૫૪૭ જ્યાં સુધી કે તમે બહાર આવો ત્યાં સુધી તમારૂં દિલ શાંતિ અનુભવતું નથી, તો પછી ઓરડાની વિશાળતાથી તમને શો ફાયદો?

૩૫૪૮ અથવા જો કે તમે સજ્જડ બુટ પહેર્યાં છે (છતાં) આ ઊંધે રસ્તે દોરાએલા પહોળા મેદાનમાં જાવ.

૩૫૪૯ મેદાનની વિશાળતા (તમને) સાંકડી બને છે, તે મેદાન અને સપાટ જગ્યા અને કેદખાનું બને છે,

૩૫૫૦ જે કોઈ તમને દૂરથી જુએ છે, કહે છે, '. તે પેલા મેદાનમાં તાજા ફુલની માફક ચમકે છે.

૩૫૫૧ દુષ્ટની માફક તમે જાણતા નથી કે તું જાહેર રીતે ગુલાબના બગીચાઓ છે (જ્યારે) તમારો આત્મા રૂદનમાં પડેલો છે.

૩૫૫૨ તમારૂં સૂવું એ પેલા (સજ્જડ) બૂટને ઉતારવાની માફક છે. કારણ કે (પળ) તમારો આત્મા પેલા શરીરથી થોડી વાર માટે મુક્ત છે.

૩૫૫૩ ઓ વાંચનાર, ઓલીયાઓ માટે ઉંઘ એ બાદશાહી છે, જેમ આ દુનિયામાં ગુફામાંના માણસો માટે હતી.

૩૫૫૪ તેઓ (ઉંઘે છે) અને સ્વપ્નાં જુએ છે, અને (શારિરીક) ઉંઘ ત્યાં નથી, તેઓ 'લામકાં'માં જાય છે અને ત્યાં કોઈ (સ્થૂળ) દરવાજો નથી.

૩૫૫૫ (કાયા) એ સાંકડો દરવાજો છે; અને આત્મા અંદર સંકોચાયો છે, તે (ખુદા) તેનો નાશ કરે છે એટલા માટે કે તે બાદશાહી ભવન બનાવે.

૩૫૫૬ હું ગર્ભાશયમાં ગર્ભની માફક સંકોચાયો હતો. હું નવ મહિનાનો બન્યો છું. આ દેશાટન જરૂરી બન્યું છે.

૩૫૫૭ જ્યાં સુધી કે મારી માતા પ્રસૂતિવેદના ભોગવે નહિ ત્યાં સુધી (હું શું કરૂં)? આ કેદમાં હું અગ્નિ વચ્ચે છું.

૩૫૫૮ મારી માતા, એટલે કે મારી ખાશિયત (કાયા) તેના મૃત્યુની વેદનાની અસરમાં (આત્માને) જન્મ આપે છે, અને ઘેટાનું બચ્ચું મેંઢીથી મુક્તિ પામે છે.

૩૫૫૯ કે જેથી ઘેટાનું બચ્ચું લીલા ખેતરમાં ચરે, આવ, તારો ગર્ભાશય ખોલ, કારણ કે આ ઘેટાનું બચ્ચું મોટું બન્યું છે.

૩૫૬૦ જો કે ગર્ભવંતીને બચ્ચાના જન્મનું દુઃખ કષ્ટદાયક છે તો પણ તે ગર્ભ જ છે કે જે તેનું કેદખાનું ભાંગે.

૩૫૬૧ ગર્ભવતી સ્ત્રી બચ્ચાના જન્મ વખતે રૂદન કરે છે, કહે છે, આશરો ક્યાં છે? પણ ગર્ભ હસે છે, કહે છે, મુક્તિ દેખાણી છે,

૩૫૬૨ જે જે માતાઓ (કાયાઓ) આસમાનની નીચે છે, ખાણોવાળી, જનાવરી અથવા ભાજીપાલો.

૩૫૬૩ તેઓ દરેક એ બીજાના દુઃખથી બેદરકાર છે, સિવાય પેલા પુરૂષો કે જેઓ સૂક્ષ્મદર્શી અને સંપૂર્ણ છે.

૩૫૬૪ બરછી દાઢીવાળો (મૂર્ખ) પોતાના ખુદના ઘરને કેમ જાણશે, તેનાથી કે જે થોડી હડપચીના વાળવાળો માણસ (અકલમંદ) બીજા લોકોના ઘરો કેમ જાણશે?

૩૫૬૫ ઓ કાકા, દિલનો માણસ (દિવ્ય ચક્ષુવાળો સંત) તારી હાલત જાણે છે, જ્યારે તું પોતે પોતાની હાલત જાણતો નથી.

કાયા કે જેમાંથી બેદરકારી, આતુરતા અને પ્રમાદ અને અહંકાર જે જે બહાર આવે છે તે પૃથ્વી અને નીચલી દુનિયાથી સંબંધીત છે તે વિષે.

૩૫૬૬ બેદરકારી કાયામાંથી ઉપસ્થિત થાય છે, જ્યારે કાયા આત્મા બને છે ત્યારે તે અનિવાર્યપણે ગુઢાર્થો જુએ છે.

૩૫૬૭ જ્યારે પૃથ્વીને અવકાશી વાતાવરણમાંથી હટાવાય છે ત્યારે ત્યાં રાત્રી કે પડછાયો કે સૂર્યાસ્ત નથી.

૩૫૬૮ જ્યાં જ્યાં પડછાયા અને રાત્રી અને પડછાયાવાળી જગ્યા હસ્તિ ધરાવે છે ત્યાં તે પૃથ્વીના કારણ અંગે છે; નહિ કે આકાશો કે ચંદ્રમાના કારણો.

૩૫૬૯ તેવી જ રીતે દિવ્ય અગ્નિ થકી નહિ પણ અધૂરાં બળેલાંમાંથી હંમેશ ધુમાડો ઉત્પન્ન થાય છે.

૩૫૭૦ અટકળ ભૂલ થાય અને નુકશાનીમાં પડે છે. સમજુ માત્ર ખરી દ્રષ્ટિના કાર્યમાં મશગુલ રહે છે,

૩૫૭૧ દરેક પ્રમાદ અને એશઆરામની હાલત કાયામાંથી ઉત્પન્ન થાય છે, ખરેખર આત્મા તેના ફોરાપણા અંગે પાંખોમાં છે ( ઉડી શકે છે ).

૩૫૭૨ ચહેરો લોહીના વર્ચસ્વ અંગે રાતો છે, ચહેરો પિળા પિત્તના (હલચલ) અંગે પીળો છે.

૩૫૭૩ કફના જોર અંગે ચહેરો સફેદ છે, ચહેરાની શ્યામતા કાળા પિત્ત અંગે છે.

૩૫૭૪ વાસ્તવિક રીતે તો તે ( ખુદા ) આ અસરોનો પેદા કરનાર છે, પણ ( જુનવાણી વિચારસરણીવાળા ) અનુયાયીઓ ( ગૌણ ) કારણો સિવાય કંઈ જોતા નથી.

૩૫૭૫ ( સમજુ ) અંદરનો ગર્ભ તે છે કે જે છોતરાથી છુટો પડ્યો નથી, તેને હકીમ કે બિમારીથી છટકવાનો રસ્તો જ નથી.

૩૫૭૬ ( પણ ) જ્યારે માણસનો દિકરો બે વખત જન્મે છે ત્યારે તે બધા કારણોના માથા ઉપર પોતાનો પગ મૂકે છે.

૩૫૭૭ તેનો ધર્મ એ પહેલું કારણ નથી. વ્યક્તિગત ( ગૌણ ) કારણ કે તેની વિરૂદ્ધ દુશ્મનાઈ હોતી નથી.

૩૫૭૮ તે ( રૂહાનીયત ) ક્ષિતિજમાં સૂર્યની માફક,વહુરાણીથી, ઈમાન થકી ઉડે છે, (સ્થૂળ) રૂપ ( તેના માટે ) પડદા માફક છે.

૩૫૭૯ નહિ, ક્ષિતિજો અને અવકાશોની પેલીપાર સ્થાન વગરનો તે છે, આત્માઓ અને તીવ્ર સમજશક્તિઓની માફક.

૩૫૮૦ નહિ, આપણી તીવ્ર સમજણો તેના પડછાયા છે, તેઓ તેના પડછાયાયાની માફક પગે પડે છે.

૩૫૮૧ જ્યારે જ્યારે ' મુજતહિદ ' ( અસલી રિવાજવાળા ) કાનુન જાણે છે ત્યારે તે બાબતમાં વિચાર પ્રક્રિયાની સમાનતા વિચારશે નહિ.

૩૫૮૨ પણ જે બાબતમાં તે કાનુન શોધી શકતો નથી ત્યારે તે વિચાર પ્રક્રિયાની સમાનતાનો એક દાખલો રજુ કરશે.

## કાનુન અને વિચાર પ્રક્રિયાની સમાનતાની સરખામણી કરવા વિષે.

૩૫૮૩ પવિત્ર આત્માની વહી એ કાનુન છે તે ખાત્રીપૂર્વક જાણજે. અને વિચારની પ્રક્રિયાની સમાનતાની સરખામણી વ્યક્તિગત વૃદ્ધિવાળો કરે છે.તે આનાથી (ઉતરતા દરજ્જાનું) છે.

૩૫૮૪ બુદ્ધિવાન સમજ અને આત્માથી પ્રકાશિત થએલ છે. તેની દેખરેખમાં આત્મા દબાએલો કેમ રહે?

૩૫૮૫ પણ આત્મા બુદ્ધિવાન ઉપર અસર ઉપજાવે છે, બુદ્ધિવાન પેલી અસરની ખાલીમાં અમૂક ચોક્કસ અંકુશ બજાવે છે.

૩૫૮૬ જો આત્માએ તારામાં હ. ( નુહ અ. સ. )ની માફક ચોક્કસ માન્યતા જાહેર કરી છે તો પછી સમુદ્ર અને વહાણ અને હ. નુહનો જળપ્રલય કયાં છે?

૩૫૮૭ બુદ્ધિવાન અસરને આત્મા બનતો જુએ છે, પરંતુ સૂર્યનો પ્રકાશ સૂર્યના ગોળાથી ઘણો દૂર છે.

૩૫૮૮ ( ગુઢાર્થ રસ્તાનો ) યાત્રી ( અમુક પ્રકારના ) રોટલાથી સંતોષાઇ છે. એટલા માટે કે તેના પ્રકાશ થકી તે ( દૈવી ) ગોળા "નૂર" તરફ ધકેલાય છે.

૩૫૮૯ કારણ કે આ ( સૂર્યનો ) પ્રકાશ કે જે નીચે છે તે કાયમનો નથી. તે ( દરેક ) રાત્રિ અને દિવસે અસ્ત પામે છે.

૩૫૯૦ જ્યારે કે જો ( દૈવી ) ગોળામાં રહેઠાણ અને ઘર વસાવે છે તે, તે "નૂર"માં હંમેશ માટે કુદી પડયો છે.

૩૫૯૧ વાદળાંઓ કે સૂર્યાસ્ત તેનો રસ્તો રોકી શકતા નથી. તે જુદાઇના ( ગમમાં ) દિલ ધડકન અંગે મુક્તિ પામેલો છે.

૩૫૯૨ આવા માણસનું અસલીયાત બહિશ્તમાં હતું, અને જો તે પૃથ્વીનો હતો તો તેની પ્રકૃતિ બદલાએલ છે.

૩૫૯૩ કારણ કે પૃથ્વીને સજીવ પ્રાણી તેના ( સૂર્યના ) કિરણો સહન કરી શકે નહિ. કે જે તેના ઉપર હંમેશનાં ભટકાતાં હોય છે.

૩૫૯૪ જો સૂર્યનો પ્રકાશ હંમેશ માટે ચાલુ પડતો રહે તો તે તેને એવી રીતે બાળી મુકશે કે કાંઇ પણ ફળફળાદી તેમાંથી બહાર આવશે નહિ.

૩૫૯૫ મચ્છીનું કામકાજ હંમેશાં પાણીમાં હોય છે, એક સરપને તેના ( મચ્છી )ના રસ્તામાં સાથી બનવાની શક્તિ હોય?

૩૫૯૬ પછી પર્વતમાં ( પૃથ્વીમાં ) લુચ્ચા સરપો છે. ( જેઓ ) સમુદ્રમાં મચ્છીના કાર્યો બજાવે છે.

૩૫૯૭ જો કે સમુદ્ર તરફની તેઓની ચાલાકી માણસોને ગાંડા કરે છે છતાં તેઓની વિમુખતા તેમને ઢોંગી જેવા બનાવે છે.

૩૫૯૮ અને સમુદ્રમાં તેવી ઢોંગી મચ્છીઓ છે (જે) સરપોને જાદુથી મચ્છીમાં ફેરવે છે.

૩૫૯૯ (દૈવી) સત્તાધિકારીના સમુદ્રના ઊંડાણમાં ઊંડી ઊંડાણુની મચ્છી, સમુદ્રે કાયદાસરનું જાદુ તેમને શીખવેલ છે.

૩૬૦૦ તેના કારણે તેઓના પ્રકાશિતપણા અંગે બુદ્ધિથી વિપરીત એ હકીકત બને છે. એક નબળા ગ્રહવાળો આગળ વધે છે અને માંગલિક બને છે.

૩૬૦૧ હું આ બાબતમાં કયામત સુધી બોલ્યા કરૂં, એક સો કયામતો પસાર થશે અને (છતાં) આ (વિવરણ) અધુરૂં રહેશે.

**રૂહાની રાહબરની ઝબાન મુબારકમાંથી નીકળતા ડહાપણના કાયદાઓને સાંભળનારાઓને અનુયાયીઓએ ધ્યાનમાં રાખવા વિષે.**

૩૬૦૨ થાકેલા માટે આ ફરીવારનું કહેણુ છે, (પણુ) મારી આંખોમાં તે (તાજગીમય) ફરીને નવજીવન આપનાર છે.

૩૬૦૩ મીણબત્તી (બળવાની ક્રિયામાં) ફરીફરીને ભડકાઓથી ઉપર જાય છે. ફરીફરીને ગરમી અંગે જમીન સોનુ બને છે.

૩૬૦૪ જો (આતુરતાથી) હજારો (જ્ઞાનને) શોધનારા છે, અને એક જ સંદેશક થાકેલો છે તો તે સંદેશો પહોંચાડવામાંથી વચિંત રહેશે.

૩૬૦૫ આ ગુઢાર્થો કહેનાર ગુપ્ત અંતઃકરણોના સંદેશવાહકોને, એક સાંભળનાર કે જેની ખાશિયત અશરાફિલની છે તેની જરૂરીયાત છે?

૩૬૦૬ તેઓને બાદશાહની માફક અહંકાર અને ગર્વિષ્ઠપણું છે, અને તેઓને દુનિયાના લોકોની સેવાની જરૂરત છે.

૩૬૦૭ જ્યાં સુધી કે તમો તેમના પરત્વે ધ્યાનયુક્ત સેવા અર્પો નહિ ત્યાં સુધી તેઓના સંદેશાથી તમે કેમ લાભ ઉઠાવી શકશો?

૩૬૦૮ તેઓની સમક્ષ બેવડા વળીને નમો નહિ ત્યાં સુધી તેઓ અનામત કેમ આપશે?

૩૬૦૯ તેઓને દરેક જાતના કાયદાકાનૂન કેવી રીતે સ્વીકાર્ય હોય? કારણુ કે તેઓ પ્રતાપી મહેલમાંથી આવ્યા છે.

૩૬૧૦ ઓ ઉદ્ધત, તેઓ કાંઈ ભિખારીઓ નથી, કે દરેક ખિદમત માટે તેઓ તમારા આભારીત હોય?

૩૬૧૧ પણુ ઓ, (તું) (ખુદાના) આંતરિક અંતઃકરણુને (તારો સંદેશો સાંભળવા)ની ઇચ્છાની (તેઓની) ખામી સામે ન જોતાં (દૈવી) શહેનશાહનું દાન તેઓ ઉપર વેર, તેને અટકાવતા નહિ.

૩૬૧૨ ઓ સ્વર્ગીય સંદેશક! પેલા અભાવવાળાઓને ધ્યાનમાં ન લેતો, અને તારા ઘોડાને આગળ દોડાવતો જા.

૩૬૧૩ તે જ તુર્ક આશીર્વાદીત છે કે જે વાદવિવાદ એક બાજુએ મૂકે છે, અને જેનો ઘોડો અગ્નિની ખાઈમાં કૂદે છે.

૩૬૧૪ તેના ઘોડાને ( ઘોડાદોડમાં ) આવો ગરમ ( કોણુ ) કરે છે કે તે આકાશના ચંદ્ર-બિંદુને શોધે છે.

૩૬૧૫ તેની આંખોને ( ખુદા સિવાય ) બીજી જગ્યાએ કોણે બંધ કરી છે? અને અદેખાઈ તરફ કે જે અગ્નિની માફક સુકા અને લીલાને બાળી નાખે છે.

૩૬૧૬ જો પશ્ચાતાપ તે તેનામાં ભૂલ માલમ પડે તો પડેલાં તે પશ્ચાતાપને અગ્નિ લગાડે છે.

૩૬૧૭ ખરેખર, નિર્જીવમાંથી પશ્ચાતાપ ઉગી નીકળતો નથી. તે તેની લાગણી જુએ છે કે જેની હાજરી સદ્કિસ્મત લાવે છે.

**દરેક જનાવર તેના દુશ્મનની વાસ જાણે છે અને બચવાનાં પગલાં લ્યે છે. તેની મુર્ખતા અને સર્વનાશ એ છે કે પેલા 'એક'નો દુશ્મન કે જેની વિરૂદ્ધ બચવાનાં પગલાં લેવાં અશક્ય છે, અને લડાઈ અશક્ય છે અને ઝઝુમવું અશક્ય છે, તે વિષે.**

૩૬૧૮ ઘોડો જો કે એક જનાવર છે, છતાં તે સિંહની ગર્જના અને વાસ ન જાણે તેવું ભાગ્યે જ બને છે.

૩૬૧૯ નહિ. ખરેખર રીતે તો દરેક જનાવર પોતાના દુશ્મનને નિશાની કે સંજ્ઞાથી જાણે છે.

૩૬૨૦ નાનું ચામાચીડીયું દિવસના પ્રકાશમાં ઉડશે નહિ. તે ચોરોની માફક રાતના બહાર આવશે અને ચરશે ( ખોરાક શોધશે ).

૩૬૨૧ **ચામાચીડીયું ( ચામાચિડીયા જેવા માણસો બીજા બધા કરતાં ) વધુ નિંદનીય છે કારણ કે પ્રત્યક્ષ સૂર્ય ( જાહેર ઈમામ )નો તે દુશ્મન છે.**

૩૬૨૨ તે લડાઈના મેદાનમાં તેને ( સૂર્યને ) ઘાયલ કરી શકશે નહિ અથવા તો તે તેને શ્રાપ આપી ભગાડી શકશે નહિ

૩૬૨૩ ( જો ) ચામાચીડીયાના ગુસ્સા કે હુમલાના કારણે સૂર્ય પોતાની પુંઠ ફેરવે તો....

૩૬૨૪ તે ખૂબ જ માયાળુપણા અને પોતાના હિસ્સે સંપૂર્ણતા અંગે જ ( ફેરવે છે ). નહિતર, એક ચામાચીડીયું તેને કેમ અટકાવે ?

૩૬૨૫ જો તમે કોઈને દુશ્મન તરીકે લ્યો, તો તમારી શક્તિ મુજબ જ લેજો, કે જેથી શક્ય છે કે તેને તમો તમારો કેદી બનાવી શકો !

૩૬૨૬ જ્યારે ( એક ) પાણીનું ટીપું દરિયા સામે હરિફાઈ કરે છે ત્યારે તે એક મૂર્ખ છે તે પોતે જ પોતાની દાઢી પીંખે છે.

૩૬૨૭ તેની લુચ્ચાઈ તેની મુછથી આગળ જતી નથી. તે ચંદ્રમાના વજ્ર કોષ્ઠ દરબારમાં ઘૂસી શકશે ?

૩૬૨૮ ઓ સૂર્યના સુર્યના દુશ્મન, આ ( વિવરણ ) સુર્યના દુશ્મનને સંબોધીત ઠપકો હતો.

૩૬૨૯ ઓ સૂર્યના દુશ્મન, કે જેની દિવ્યતા થકી તેના સુર્ય અને ગ્રહો ધ્રુજે છે.

૩૬૩૦ તું (કાંઇ) તેનો દુશ્મન નથી. તું તારા પોતાનો જ વેરી છે, જ્યારે કે તું (પોતે) અગ્નિનું ઈંધણ બન્યો છે ત્યારે અગ્નિને કઇ દરકાર છે?

૩૬૩૧ ઓહ અદ્દભુત! તારા બળવાથી તેનામાં કાંઈ ખામી આવશે? અથવા તારા બળવાના દુ:ખથી તે શું દિલગીર થશે?

૩૬૩૨ તેની દયા એ આદમની દયા નથી કારણ કે દિલગીરી એ આદમની દયા સાથે એક-રસ થઈ છે.

૩૬૩૩ સજીવ પ્રાણિની દયા ઉત્કંઠીત છે, ખુદાની દયા દિલગીરી કે ઉત્કંઠાથી પત્ર છે.

૩૬૩૪ (ખુદાવંદતઆલાની) બિનશરત દયા આના જેવી જાણ. ઓ (મારા) બાપ, અટકળમાં તેનાથી અસર સિવાય બીજું કંઇ આવતું નથી.

## સરખામણી અને પ્રણાલિકાથી એક વસ્તુને જાણવી અને પેલી વસ્તુનું સારતત્ત્વ જાણવા વચ્ચેના તફાવત વિષે.

૩૬૩૫ તેની દયાની અસર અને ફળ પ્રત્યક્ષ છે, પણ તેના સિવાય કોઇ તેનું સારતત્વ કેવી રીતે જાણે?

૩૬૩૬ (દૈવી) સંપૂર્ણતાના ગુણધર્મોનું સારતત્વ કોઈ જાણતું નથી. સિવાય (તેઓના) પ્રયત્નો અને સરખામણી કરવાથી (જાણી શકાય).

૩૬૩૭ રખાત (કે સ્ત્રી)નો સાર બચ્ચું જાણતું નથી. સિવાય તમે કહેશો, "તે તમને મીઠાઈ માફક છે.

૩૬૩૮ ઓ શેઠ, સંવનનની ખુશીનું સત્ત્વ, મિઠાઇના સત્વો જેવું કેમ બનશે?

૩૬૩૯ પણ જ્યારે કે તમે બચ્ચાં છો ત્યારે બુદ્ધિવાન માણસ (તેની) મીઠાશને લગતી વિચાર પ્રક્રિયાની સમાનતા સમજાવશે.

૩૬૪૦ એટલા માટે કે સરખામણી કરવાથી બચ્ચું જાણી શકે, જો કે તે પેલી બાબતનું સારતત્ત્વ કે સત્વ જાણતું નથી.

૩૬૪૧ તેથી જો તમે કહેશો "હું જાણું છું" તો તે (સત્યથી) દુર નથી. અને જો તમો કહેશો "હું જાણતો નથી" તો તે જુઠ અને ખોટું નથી.

૩૬૪૨ જો તમને કોઇ કહે, ખુદાના સંદેશક અને આત્માના પ્રકાશ હ. નુર (અ. સ.) ને તમે જાણો છો?

૩૬૪૩ અને જો તમે જવાબ દેશો, "હું તેને કેમ ન જાણું? કારણ કે તેઓ (રૂહાનીયત) ચંદ્રમા અને ચંદ્ર અને સુરજ કરતાં વધુ પુજાય છે.

૩૬૪૪ નાનાં બચ્ચાઓ નિશાળોમાં અને બધા પેશ ઇમામો મસ્જિદમાં (તેમને યાદ કરે છે).

૩૬૪૫ તેમનું નામ કુરાને મજીદમાં માનપુર્વક કહેવાયું છે, ભુતકાળમાં (કહેવાયું) તેમ ખુલ્લી રીતે કહે.

૩૬૪૬ તમો, પવિત્ર માણુસ, તેમને તેમના વર્ણન થકી જાણો છો. જો કે હ. હુદ (અ. સ.) નું સત્વ (તમને) કહેવામાં આવ્યું નથી.

૩૬૪૭ અને જો તમે જવાબ દેશો, "હું હ. નુર (અ. સ.)ને કેમ જાણું ? એ સુવાન, તેમના જેવો જ એક તેમને કેમ ઓળખી શકે !

૩૬૪૮ હું એક લુલી કીડી છું, હું હાથીને કેમ જાણી શકું ? એક મચ્છર અસરાફિલ ને કેમ ઓળખે ?

૩૬૪૯ આ કહેવું (જવાબ) એ બાબતને લગતો (પણ) સ.ચો છે, ઓ ફલાણા, ફલાણા, તમે તેને તેના સત્ત્વથી જાણતા નથી.

૩૬૫૦ કાકા, સત્યને પીછાણવાનું અશકય હોવું એ સાધારણ માણસની સ્થિતિ છે, તે ખાત્રીપુર્વક કહે નહિ.

૩૬૫૧ તેવી જ રીતે સત્વો અને તેઓની આંતરિક ગુપ્તતાઓ સંપૂર્ણતઃ (રૂહાની રાહબર) ની આંખોમાં ચોકખી રીતે દ્રવ્યમાન હોય છે.

૩૬૫૨ અંતઃકરણ અને ખુદાનું સત્વ અને માનસિક ઓળખ, (સામાન્ય હસ્તિઓ) (આ) સમજણથી કરે છે.

૩૬૫૩ જ્યારે કે (તેના) સુપરિચીતોથી તે ગુપ્ત રહેતી નથી. તો પછી સત્વ અને ગુણ-ધર્મ શું છે તે તેનાથી છુપા કેમ રહે ?

૩૬૫૪ બુદ્ધિવાન આત્મજ્ઞાનનો નિષ્ણાત ભણેલો કહે છે, (કાયદાસરપણાથી) આ દુર છે, અને ખૂબ જ ઊંડા ઉતરશે. મુર્ખાઇઓને કાંઈ પણ ખુલાસા વગર તે સાંભળતો નથી.

૩૬૫૫ 'કુત્બ' (રૂહાની પેશ્વા) જવાબ આપે છે, ઓ કુજતા, તે કે જે તારી (રૂહાની) હાલતથી પર છે તે તને વિપરીત દેખાય છે.

૩૬૫૬ જે દ્રવ્ય તને હવે દ્રવ્યમાન થાય છે તે કાયદો નથી કે જે શરૂઆતમાં જ તમને દેખાય !

૩૬૫૭ તેવી જ રીતે (દવી) બક્ષિશ તને દસ જેલોમાંથી મુક્તિ આપે છે, તારા પોતાનો (બહોળા) મેદાનની રૂંધાતી જેલ ન બનાવ.

**એક (અને તે જ) વસ્તુ જુદી જુદી પરિસ્થિતિ અંગે ભેગી થએલી અને સંબંધીતપણામાં છુપાએલ હકાર અને નકાર વિષે.**

૩૬૫૮ તે શકય છે કે એક જ વસ્તુની ના પાડવી અને હા પણ પાડવી, જ્યારે દૃષ્ટિના મુદ્દાઓ જુદા જુદા હોય છે ત્યારે સબંધ બેવડો બને છે.

૩૬૫૯ (આયાત) "જ્યારે તેં ફેંકી ત્યારે તેં ફેંકી ન હતી." સાપેક્ષ છે, તે નકારાત્મક અને હકારાત્મક છે, બન્ને સત્તાવાર છે.

૩૬૬૬૦ તેં પેદા (કાંકરાં) ફેંકયા, જ્યારે કે તે તારા હાથમાં હતા, તેં ફેંકયા ન હતા, કારણ કે ખુદાએ (તેની) શક્તિ જાહેર કરી.

૩૬૬૧ હ. આદમ ( અ. સ. ) થી ઉત્પન્ન થએલ એકની શક્તિ મર્યાદીત છે, એક મુઠીભર માટી એક આખા લશ્કરને ઉખેડવાનું ( કારણ ) કેમ બને ?

૩૬૬૨ ( ઓ મોહમ્મદ ) નજીવી સંખ્યા એ તારી નજીવી સંખ્યા છે, અને ફેંકવું એ મારામાંથી છે, આ બન્ને સંબંધોના કારણે, તેના નકારાત્મક અને હકારાત્મક ( બન્ને ) સાચાં છે.

૩૬૬૩ પયગમ્બરો તેમના દુશ્મનોથી, તેઓના ( દુશ્મનોનાં ) બચ્ચાઓથી જાણીતા બન્યા છે. જેવી રીતે ( તેઓ પોતાના માવિત્રોથી ) શંકામાં નથી તેમ ( જાણીતા બન્યા છે ).

૩૬૬૪ તેઓ અશ્રદ્ધાળુઓને અને ( પયગમ્બરોને ) પોતાનાં છોકરાંઓને એક સો નિશાનીઓ અને એક સો સુચનાથી ઓળખે તેવી રીતે ઓળખે છે.

૩૬૬૫ પણ અદેખાઈ અને ઇર્ષા અંગે તેઓ ( પોતાના જ્ઞાનને ) છુપાવે છે, અને પોતાને મનાવે છે કે " હું જાણતો નથી."

૩૬૬૬ પછી જ્યારે તેણે ( ખુદાએ ) કહ્યું છે કે " તે ( અશ્રદ્ધાળુ ) જાણે છે " બીજી જગ્યાએ તેણે ( ખુદાએ ) કેમ એમ કહ્યું છે કે " મારા સિવાય બીજો કોઈ જાણતો નથી " ( તેમને ઓળખતા શોધવામાંથી ) હટીજા.

૩૬૬૭ ખરેખર, તેઓ મારા તંબુઓ નીચે સંતાએલા છે. ખુદા સિવાય બીજો કોઈ તેમને અનુભવથી ઓળખતો નથી.

૩૬૬૮ આ ( વિષય ) કે જે ( ઉપર ) સમજાવવામાં આવ્યો તેના સબંધીત કારણો અંગે ( ખુલાસા થઈ શકે ) તેવો સમજ.

## ' ફના ' અને ' બકા ' ના દરવીશના સવાલ વિષે.

૩૬૬૯ બોલનારે કહ્યું, " દુનિયામાં કોઇ દરવીશ નથી, અને જો દરવીશ હોય તો તે દરવીશ ( ખરી રીતે ) હસ્તિમાં નહિવત છે.

૩૬૭૦ તે તેના પોતિકાપણા અંગે હસ્તિ ધરાવે છે ( પણ ) તેના ગુણધર્મો તેના (ખુદાના) ગુણધર્મોમાં વિલય થયા છે.

૩૬૭૧ એક મિણબત્તીની જ્વાળાની જેમ સુર્યની હાજરીમાં તે ( ખરી રીતે ) હસ્તિમાં નથી ( જો કે તે ) પહેલાંની ગણત્રીમાં હસ્તિમાં છે.

૩૬૭૨ તેની ( જ્વાળાનું ) સત્ય હસ્તિમાં છે તેથી જો તમે તેના ઉપર રૂ મુકશો તો તે ( રૂ ) તેની જ્વાળાથી બળી જશે.

૩૬૭૩ ( પણ ) તે ( ખરી રીતે ) નહિવત છે, તે તમને પ્રકાશ આપતી નથી, સુર્યે તેને નહિવત કરી હશે.

૩૬૭૪ જો તમે એક આંકડ઼ા સુરકો બસો મણ ખાંડ ઉપર ફેંકશો તો તે તેમાં અદ્દશ્ય થશે.

૩૬૭૫ જ્યારે તમે ખાંડને ચાખશો ત્યારે સુરકાનો સ્વાદ નહિવત જ હશે (છતાં) જ્યારે તમે વજન કરશો ત્યારે એક આંઉસ વજનમાં વધશે.

૩૬૭૬ એક હરણ સિંહની હાજરીમાં (સિંહની બીકે) સમજ વગરનું બને છે, તેણીની હસ્તિ તેના અસ્તિત્વમાં માત્ર એક પડદો જ છે.

૩૬૭૭ 'માલિક' ના કાર્યને સબંધીત આ પ્રક્રિયાઓ સંપૂર્ણ માણસોએ દોરી છે તે પ્રેમના આવેશ (જેવી) છે, તે (કાંઈ) તિરસ્કાર અંગેની નથી.

૩૬૭૮ પ્રેમની નાડી પૂજ્યભાવ વગર બંધાઈ જાય છે, તે પોતાને બાદશાહી ત્રાજવામાં સમતોલપણે મુકે છે.

૩૬૭૯ (જાહેર રીતે) દુનિયામાં તેના સિવાય બીજો કોઈ તિરસ્કારણીય નથી, (આંતરીક રીતે) દુનિયામાં તેના જેવો પુજ્ય બીજો કોઈ નથી.

૩૬૮૦ એ પસંદ કરાએલા, જાણુ કે આ બન્ને પૂજ્ય અને અપૂજ્ય વિરોધીઓ સંબંધના અંગે છુપાએલ છે.

૩૬૮૧ જ્યારે તમે તેની જાહેરી બાબત જોશો ત્યારે તે પ્રેમી અપૂજ્ય છે, કારણ કે તેના પ્રેમનો દાવો (તેના પ્રિયતમા સાથે) સમાનતાનો છે.

૩૬૮૨ (પણ) જ્યારે તમે આંતરિક હાલત ધ્યાનમાં લેશો ત્યારે આ દાવો કયાં છે? તે અને (તેનો) દાવો પેલા શહેનશાહની હાજરીમાં નહિવત બન્યા છે.

૩૬૮૩ 'માત ઝયદુન' (ઝયદ મરી ગયો) જો કે ઝયદ અસર પેદા કરનાર છે (છતાં) તે અસર પેદા કરનાર નથી, કારણ કે તે મૃત છે.

૩૬૮૪ શાબ્દીક સમજણ આપવા અંગે તો તે (માત્ર) અસર પેદા કરનાર છે, નહિતર તે (કાર્યની બાબત) ઉપર અમલ કરનાર છે અને મૃત્યુ જ તેનો સંહારક છે.

૩૬૮૫ (તો પછી તે) કેવો અસર પેદા કરનાર છે કે તે આટલો બધો શક્તિહિન બન્યો અને અસર પેદા કરનારના બધા ગુણો તેનામાંથી હટાવી લેવાયા હતા.

**સદરે જહાનનો પ્રધાન કે જે શંકામાં આવી ગયો અને પોતાની જિંદગીના નીચે બુખારાથી નાશી છુટયો, પછી પ્રેમ તેને પાછો ખેંચી લાવ્યો કારણ કે એવાઓને જીંદગીની બાબત ખુબજ ગૌણ હોય છે તેની વાર્તા.**

૩૬૮૬ સંદરે જહાનનો નોકર બુખારામાં શંકામાં આવી પડયો અને તેના સદર (બાદશાહથી) સંતાયો.

૩૬૮૭ પોતાનું મોં સંતાડતો દસ વર્ષ સુધી રખડયો, કોઈવાર ખુરાશાન તો કોઈવાર પર્વતોમાં તો કોઈવાર રણમાં રખડતો.

૩૬૮૮ દસ વર્ષ બાદ પ્રેમના કારણે તેના (પ્રિયતમથી) જુદાઈના દિવસો વધુ વાર સહન કરવા અશક્ત બન્યો.

૩૬૮૯ તેણે કહ્યું, "હવે પછી વધુ વખત દૂર રહેવાનું મારાથી સહન નહિ થાય. છુટાપણાની હાલતની ધીરજ કેટલીક રહે ?

૩૬૯૦ જુદાપણા અંગે આ જમીનો વેરાન બની છે, અને પાણી પીળું, ગદું અને કાળું,બન્યું છે.

૩૬૯૧ જીવન વધારતો પવન તંદુરસ્તીને હાનિકારક અને મહામારી બનેલ છે, એક અગ્નિ રાખ અને ધૂળમાં ફેરવાઈ ગઈ છે.

૩૬૬૨ બહિશ્તના બગીચા ( જેવી ) ફળવાડી બિમારીના રહેઠણ બને છે, તેના પાંદડાં પીળાં પડેલા અને સુકાઈને ખરે છે.

૩૬૯૩ વેધક સુઝવાળો બુદ્ધિમાન, તેના દોસ્તથી જુદાઈમાં, એક તીરંદાજ કે જેનું કાળજું તુટી ગયું છે તેના જેવો બને છે.

૩૬૬૪ દોજખ જુદાઈ અંગે આવી જલદ બની છે, વૃદ્ધ માણસ જુદાઈ અંગે આવો ધ્રુજતો બન્યો છે.

૩૬૯૫ જો હું જુદાઈ ( કે જે ) અગ્નિના ભડકા જેવી છે, તેના માટે ક્યામત સુધી બોલતો રહું તો તે એક લાખના એક ભાગ જેવી થશે.

૩૬૯૬ તેથી તેના જલન અંગે એક પણ શબ્દ ઉચ્ચારતો નહિ. માત્ર આમ જ કહે, "માલિક ( મને ) બચાવો, માલિક ( મને ) બચાવો."

૩૬૯૭ તમે દુનિયામાં જે દરેક ચીજથી આનંદ પામો છો તેનાથી છુટા પડવાના વખતનો તમે વિચાર કરો.

૩૬૯૮ તમને જેણે આનંદીત કર્યા તેવા ઘણા જણ આનંદીત હશે, આખરે તે તમારાથી નાશી ગયા અને ( આ ) એક પવનની માફક બન્યું.

૩૬૯૯ તમારી પાસેથી પણ તે નાશી જશે, તારૂં દિલ તેના પર ન લગાડ, તું પોતે તેનાથી તે ભાગી છુટે તે પહેલાં ભાગી છુટ.

### જ્યારે હ. મરિયમ નહાતાં હતાં અને નવસ્ત્રાં હતાં ત્યારે પવિત્ર આત્મા ( હ. જીબ્રીઇલનું ) માણસના આકારમાં દેખાવું અને તેણીનું ખુદામાં પનાહ લેવા વિષે.

૩૭૦૦ તમારો કબજો સરી જવા પહેલાં, હ. મરિયમની માફક તેના રૂપને કહો, "( હું ) તમારામાંથી દયાળુ ( ખુદા ) નું શરણ લઉં છું."

૩૭૦૧ હ. મરિયમે પોતાના ઓરડામાં, જીવન વધારતું, અંતઃકરણને ઉજાળતું, એક રૂપ જોયું કે જેણે વધુ જીવન આપ્યું.

૩૭૦૨ પૃથ્વીના પટમાંથી પેલો વિશ્વાસુ આત્મા, સૂર્ય અને ચંદ્રમાની માફક ( ચમકતો ) ઉભો થયો.

૩૭૦૩ પૂર્વમાંથી જેમ સૂર્ય ઉગે છે તેમ પૃથ્વીના પટમાંથી તેવી જ ભવ્ય ખુબસુરતી પડદો ચીરતી ઉભી થઇ.

૩૭૦૪ હ. મરિયમના અવયવો ધ્રુજી ઉઠયા, કારણ કે તેણી નવસ્ત્રી હતી, અને ખરાબીના વિચાર અંગે ડરી ગઇ.

૩૭૦૫ તે રૂપ એવું (ભવ્ય) હતું કે જો હ. યુસુફે તેને ચોકખી રીતે જોયું હોય તો (મિસરી) સ્ત્રીઓની માફક અજાયબીમાં તેમણે પોતાના હાથ કાપ્યા હોત.

૩૭૦૬ તે તેણીની સમક્ષ જાણે એક ગુલાબની માફક કે જે દિલમાંથી ઉંચકે તેવી અવાસ્તવિક રીતે જમીનમાંથી ખીલ્યો હતો.

૩૭૦૭ હ. મરિયમ (ખુદમાં) નિરપેક્ષ બન્યાં. અને તેવી બેહોશીમાં તેણીએ કહ્યું, "હું દૈવી રક્ષણમાં કુદકો મારીશ."

૩૭૦૮ કારણ કે પેલી પવિત્ર કાયાવાળી (હ. મરિયમે) આદત બનાવી હતી કે પોતાને અદ્રશ્યમાં આગળ ઉડાડે!

૩૭૦૯ કારણ કે તેણીએ આ દુનિયાને કાયમીપણાની બાદશાહી વગરની નિહાળી હતી, તેણીએ પેલા (દૈવી) હજુરમાં ડહાપણપૂર્વક કિલ્લો બનાવ્યો હતો.

૩૭૧૦ એટલા માટે કે મૃત્યુના સમયે તેણીનું આશ્રયસ્થાન હોય કે જ્યાં દુશ્મનને હુમલો કરવાનું સ્થાન જ મળે નહિ.

૩૭૧૧ ખુદાના રક્ષણ સિવાય બીજો કોઈ વધુ સારો કિલ્લો તેણીએ જોયો નહિ. તેણીએ પેલા કિલ્લાની નજીક પોતાનું રહેવાનું સ્થળ પસંદ કર્યું.

૩૭૧૨ જ્યારે તેણીએ સમજશક્તિને હટાવવા પ્રેમાળ ચમકારા જોયા, કે જેનાથી તીરની (માફક) દિલો છીન્નભીન્ન બનેલાં હોય છે.

૩૭૧૩ તેના થકી બાદશાહ અને લશ્કર રાજ્યાસને બિરાજે છે, બુદ્ધિવાન બાદશાહો તેનાથી સુઝ વગરના બનાવાયા છે.

૩૭૧૪ લાખો બાદશાહો તેનાથી બંધનમાં બંધાયાં હતાં. લાખો પૂર્ણિમાના ચાંદો (પ્રેમના) નફામાં તાવને અર્પણ થયા હતા.

૩૭૧૫ 'ઝહરા' ને એક (શબ્દ) બોલવા શ્વાસ લેવાની હિંમત ન હતી. જ્યારે સર્વ વ્યાપક સમજણ તેને જુએ છે ત્યારે તેની શરણાગતિ સ્વીકારે છે.

૩૭૧૬ હું શું કહું? કારણ કે તેણે મારા હોઠને સીવી લીધા છે, તેની ભઠીએ મારી શ્વાસની (નળીને) બાળી નાખી છે.

૩૭૧૭ હું તેના અગ્નિનો ધુમાડો છું. હું તેના માટેની સાબીતી છું. તેઓનાં જુઠાં અર્થઘટનો પેલા બાદશાહથી દુર હટો!

૩૭૧૮ ખરેખર, એક સૂર્ય માટે, ઊંચા પ્રકાશ સિવાય બીજી સાબીતીની જરૂરત નથી.

૩૭૧૯ પડછાયો તે (વળી) શું છે જે તેની સાબીતી બને? તેની સમક્ષ તે ભોંકું પડે તે જ પુરતું છે.

૩૭૨૦ **આ શહેનશાહ (રૂહાની રાહબર) સાબિતીમાં સત્ય જાહેર કરે છે, બધી સુઝો પાછળ છે, તે (તેમને) ખુલ્લી કરે છે.**

૩૭૨૧ બધી સૂઝો લંગડા ગધેડાઓ ઉપર સવાર થઈ છે (પણ) તે પવન ઉપર સવાર થયો છે કે જે તીરની માફક ઉડે છે.

૩૭૨૨ જો તે નાશી જાય, તેમનામાંનો કોઈ તેની રજ પણ શોધી શકે નહિ, અને જો તેઓ ભાગે તો તે (તેઓની) નજર સમક્ષ રસ્તો રૂંધે છે.

૩૭૨૩ બધી સૂઝો અશાંત છે, તે લડાઇનો વખત છે (રૂડાની તરસ જગાડવાનો), (ઉત્સાહના) પ્યાલા પાવાનો વખત (નથી).

૩૭૨૪ એક શારિરીક શક્તિની સૂઝ બાજની માફક ઉડે છે, જ્યારે બીજી તીરની માફક (ઝડપી) તેની આરામની જગ્યાના ચીરા કરે છે.

૩૭૨૫ અને એક બીજી વહાણુ કે જે દરિયામાં મુસાફરી કરે તેવી છે અને એક બીજું દરેકને પળે પાછું ફરે છે.

૩૭૨૬ જ્યારે પાછળ પડવાની કોઇ વસ્તુ તેઓને દૂરથી દેખાય છે ત્યારે પેત્રાં બધા પંખીઓ આગળ વધવાની ઝડપ વધારે છે.

૩૭૨૭ જ્યારે તેઓ દષ્ટિમાંથી અદ્રષ્ય થાય છે ત્યારે તેઓ ગુમાએલા ઘુવડોની માફક દરેક દિશાએ ભાગી છૂટે છે.

૩૭૨૮ રાહ જોતાં, એક આંખ બંધ કરેલી, અને એક આંખ ખુલ્લી રાખતાં (તેઓને) નાશ કરવા લાયક શિકાર દ્રષ્યમાન થાય છે.

૩૭૨૯ લાંબો વખત રાહ જોયા બાદ તેઓ કહે છે, આપણે અજાયબ થઈએ છીએ કે તે (ખરેખર) શિકાર હતો કે આભાસ હતો.

૩૭૩૦ ખરો માર્ગ આમ છે કે થોડીવાર માટે તેઓએ આરામ કરવો જોઇએ અને થોડી હિંમત અને શક્તિ ભેગી કરવી જોઇએ.

૩૭૩૧ જો રાત્રી જ ન હોય તો બધા માણસો કંજુસાઇના કારણે દરેક પોતાને આતુરતામાં જ વાળેલું બતાવે.

૩૭૩૨ દરેક જણ ઇચ્છા અને નફો મેળવવાની કંજુસાઈમાં પોતાના શરીરને સળગાવેલું બતાવે.

૩૭૩૩ દયાના ખજાનાની માફક રાત પડે છે, તેઓ થોડા વખત માટે પોતાની કંજુસાઈમાંથી મુક્તિ મેળવે છે.

૩૭૩૪ ઓ મુસાફર, જ્યારે (રૂહાનીયત) ભાવના તારા ઉપર સાંકડી બનેલી સવાર થાય છે, ત્યારે તે તારી ભલાઈ માટે છે, તારા દિલમાં (ગમગીનીથી) બળતો ન બન.

૩૭૩૫ કારણ કે (તે) સમૃદ્ધિ અને ખુશીયાલી (તું ઉલટી રીતે) વાપરે છે, મુસાફરી માટે (દર્દભરેલી) આવકની જરૂરીયાત હોય છે.

૩૭૩૬ જો હંમેશ માટે ઉનાળાની ઋતુ હોત તો સૂર્યની બળતી અગ્નિ બગીચામાં ઘૂસી ગઇ હોત !

૩૭૩૭ અને જ્યાંથી છોડવા ઊગે છે ત્યાંથી તેના જમીનના મુખમાંથી છેડા સુધી બાળી નાખેલ હોત તેથી કરમાએલાં કદી તાજાં બન્યાં ન હોત.

૩૭૩૮ જો કે ડીસેમ્બર ચહેરાને કડવો લાગે છે, (ઠંડાઈના કારણે) છતાં તે સારો છે, ઉનાળો હસે છે પણ તે બાળે છે (નાશ કરે છે)

૩૭૩૯ જ્યારે (રૂહાની) સંકડાશ આવે ત્યારે તેમાં જ વધારો કરવાનું નિહાળ, આનંદી બન અને તારા લલાટ ઉપર કરચલીઓ પડવા ન દે.

૩૭૪૦ બચ્ચાંઓ હસે છે અને સંતો ગંભીર છે, દિલગીરી પિત્તાશય સાથે સંબંધ ધરાવે છે અને ખુશી ફેફસામાંથી ઉઠે છે.

૩૭૪૧ (પેલા) ગધેડાની માફક બચ્ચાની આંખ સ્ટોલ ઉપર (લાગેલી હોય છે) સમજુ માણસની આંખ અંત જાણવામાં લાગેલી હોય છે.

૩૭૪૨ તે (બચ્ચું) સ્ટોલમાં સારૂં ખાવાનું જુએ છે, જ્યારે આ (સમજુ ઇન્સાન) તેનું આખર કસાઈના હાથનું મૃત્યુ જુએ છે.

૩૭૪૩ પેલું નીરણ (અંતમાં) વસમું છે, કારણ કે આ ખાટકીએ તેને આપ્યું છે, તેણે તારા માંસ માટે ત્રાજવાની જોડી ગોઠવી છે.

૩૭૪૪ જા. ડહાપણનું ખાણું ખા, ખુદા કે(જેણે) પવિત્ર બક્ષિસ અંગે વગર વ્યાજે (આપ્યું છે.)

૩૭૪૫ (તારી વાસનાના) ઓ ગુલામ, તમે રોટલાને સમજ્યા છો, નહિ કે ડહાપણને. તમારા માટે (ખુદા) કુરાનમાં ફરમાવે છે. "ઓ તમો, તેનો ખોરાક ખાઓ."

૩૭૪૬ ડહાપણ (તમારી હસ્તિની ચાલુ) હાલતમાં ખોરાક છે કે જે અંતે (પેલી દુનિયામાં) તમોને ગુંગળાવશે નહિ.

૩૭૪૭ (જો) તમે આ (કાયાનું) ગળું બંધ રાખ્યું હશે, બીજું મોઢું ખુલે છે કે જે (રૂહાનીયત) ગુઢાર્થોના કોળીઆ ખાતું બને છે.

૩૭૪૮ જો તમે સેતાનના દૂધમાંથી તમારી કાયાને છૂટી કરશો, તો આવી રીતે તેનું ધાવણ છોડતાં તમે ઘણો જ આનંદ માણશો.

૩૭૪૯ મેં તમને તેનો અર્ધ પાકેલ (અધુરો) ખુલાસો તુર્કના અધુરા પાકેલા ગેસની માફક આપ્યો છે, ગઝનાના સંત પાસેથી પૂરેપૂરો સાંભળજે.

૩૭૫૦ પેલા અદૃષ્ય અને તેની દિવ્યતાના સંત કે જે ખુદાને ઓળખે છે, તેમણે ઇલાહીનામામાં આ બાબત વર્ણવી છે.

૩૭૫૧ (તેઓ કહે છે) માનસિક પિડા ખા (સહન કર), અને હવે પછી તારી પીડા વધારે (તેવાઓનો) ખોરાક ખા નહિ, કારણ કે ડાહ્યા માણુસો માનસિક સંતાપ સહન કરે છે, બચ્ચું સાકર ખાય છે (આનંદ કરે છે).

૩૭૫૨ (હવે પછી) આનંદની સાકર એ ગ્લાનિના બાગનું ફળ છે, આ (વાસનામય) આનંદ એ જખમ છે અને પેલી (રૂહાની) ગ્લાનિ તેની દવાનો લેપ છે.

૩૭૫૩ જ્યારે તમે (રૂહાની) ગ્લાનિ જુઓ ત્યારે તેને મમતાભર્યા પ્રેમથી પંપાળજો, 'રૂબવા'ની છત ઉપરથી દમાસ્કસ ઉપર નજર કરો.

૩૭૫૪ સમજુ માણુસ દ્રાક્ષમાં દારૂ જુએ છે, (ખુદાઇ) પ્રેમી 'લામકાં' માં અસ્તિત્વ ધરાવતી વસ્તુ નિહાળે છે.

૩૭૫૫ ગઈ પરમ દિવસે મજુરો કજીઓ કરતા હતા, 'તેને તું ઉપાડતો નહિ' અને સિંહની માફક તેનો બોજ ઉપાડવા દે.

૩૭૫૬ જ્યારે કે તેઓ તે સખત પરિશ્રમમાં નફો જોતા હતા, એક બીજા પાસેથી બોજ ઝુંટવી લેતા હતા.

૩૭૫૭ કિંમત વગરના સજીવ પ્રાણીને આપવામાં આવતો (આ) બદલો અને ખુદાની બક્ષિશ વચ્ચે સરખામણી કેવી રીતની થઈ શકે? આગળનો એક બદલા તરીકે (રૂહાની) ખજાનો આપે છે, જ્યારે બીજા નજીવી રકમ આપે છે.

૩૭૫૮ ખુદા સોનાનો ખજાનો આપે છે કે જે મૃત્યુબાદ તમો રેતીમાં દટાએલા હશો ત્યારે પણ તમારી સાથે રહેશે અને (તે) વંશ વારસા માટે છોડી જનાર નથી.

૩૭૫૯ તે તમારી શબવાહક ગાડી આગળ દોડે છે અને કબરમાં તમારો સાથી બને છે, કે જ્યાં બધું અજાણ્યું છે.

૩૭૬૦ તારા મૃત્યુંના હિત ખાતર હવે એ જોડીદાર (ખુદામાં) મરેલો બન, કે જેથી તમે અનંતકાળના પ્રેમ સાથે (મળેલા) બનો.

૩૭૬૧ (તે) (ખુદીથી) ઝઝુમવાના પડદામાંથી, સફેદ ફુલ માફક ચમકતો ચહેરો અને ઇચ્છીત પ્યારાનાં બે ઝુલફાંની લટો જુએ છે.

૩૭૬૨ ઝઝુમનારની પાસે ગ્લાનિ એક આરસી માફક છે કારણ કે આ ઉલટી રીતમાં બીજી ઉલટી હકીક્તનો ચહેરો દેખાય છે.

૩૭૬૩ એક ઉલટાપણું કે જે (દુઃખ) છે જ્યારે બીજું ઉલટાપણું ખુશીયાલી અને વિજયનો ચહેરો જુએ છે.

૩૭૬૪ આ બેઉ ગુણધર્મો ઉપર લક્ષ આપો. અનિવાર્યપણે તારા હાથની આંગળીમાં પેલીને બંધ કર્યા બાદ ઉઘાડ આપે છે.

૩૭૬૫ જો આંગળીઓ હંમેશની બંધ અને અથવા તદ્દન ખુલ્લી રહે (તો) તેનો માલિક દુઃખીયારા માણુસ જેવો બને?

૩૭૬૬ તેનું કામ અને કાર્ય આ બન્ને ગુણધર્મોના માપસરનાં બચ્ચાં છે. આ બન્ને સરનો પંખીને પાંખની જરૂરીયાત હોય તે મુજબ જરૂરી છે.

૩૭૬૭ પેલી જમીન પરની મચ્છીઓની માફક હ. મરિયમ એકદમ તદ્દન નિરાશ બન્યાં.

પવિત્ર આત્મા (હ. જીબ્રીઈલે) હ. મરિયમને કહ્યું, "હું તમારી પાસે ખુદા તરફથી મોકલાવાયો છું, ગભરાઓ નહિ. અને મારાથી સંતાઓ નહિ કારણ કે આ (દૈવી) હુકમ છે."

૩૭૬૮ (દૈવી) દાનના આદર્શે તેણીને બુમ પાડી કહ્યું, "હું માલિકનો વિશ્વાસુ (સંદેશક) છું, મારાથી બીઓ નહિ.

૩૭૬૯ (દૈવી) શહેનશાહના માનવંત પાસેથી તમારૂં મોઢું ફેરવો નહિ. આવા એક સારા વિશ્વાસુ પાસેથી તમો સંતાઓ નહિ."

૩૭૭૦ તેઓ આમ કહેતા હતા અને (તે દરમ્યાન) તેમના હોઠોમાંથી પવિત્ર પ્રકાશનું એક કિરણ પગલે પગલે ઉપર 'સિમાક' તરફ જતું હતું.

૩૭૭૧ તમો મારી હસ્તિમાંથી 'લામકાં' માં ભાગી છુટો નહિ. 'લામકાં' માં હું વાવટો ફરકાવનાર રાજા છું.

૩૭૭૨ મારૂં ઘર અને રહેવાની જગ્યા, ખરેખર 'લામકાં' માં છે, (ઓ) મરિયમ, મારૂં સંપૂર્ણ રૂપ તમારી સમક્ષ છે.

૩૭૭૩ ઓ મરિયમ, (સારી રીતે) જુઓ, કારણ કે ઓળખવા માટે હું એક મુશ્કેલ આકાર છું અને એક બીજનો ચાંદ અને દિલનો આભાસ છું.

૩૭૭૪ જ્યારે આભાષ દિલમાં ઉત્પન્ન થાય છે અને ત્યાં ઠરીઠામ છે ત્યારે તું ગમે ત્યાં ભાગી છુટે તો પણ તે તારી પાસે જ છે.

૩૭૭૫ સિવાય કે અસ્વાભાવિક અને વૃથા આભાસ કે જે પડી જવ ની માફક ડુબી જાય છે.

૩૭૭૬ હું સાચા પ્રભાત જેવો માલિકના 'નુર' નો છું. જેથી કોઇપણ રાત્રી દિવસની આજુબાજુ ભટકતી નથી.

૩૭૭૭ સાંભળો, મારા સામે 'લાહકૌલ' ની બુમ ન પાડતાં, ઓ ઇમરાનની દિકરી, કારણ કે હું 'લાહઉલ' થી નીચે ઉતરી આવ્યો છું.

૩૭૭૮ 'લાહઉલ' મારૂં અસલ અને સત્વ હતું. પેલા 'લાહઉલ' નો પ્રકાશ બોલાએલા શબ્દથી અગાઉનો હતો.

૩૭૭૯ તમો મારાથી ખુદામાં આશરો લ્યો છો (પણ) અનંતતામાં જે (માત્ર) આશરો લેવા જેવો છે તેની હું પ્રતિમા છું.

૩૭૮૦ હું જ તારી મુક્તિનો આશરો છું. તું (મારામાંથી બહાર) આશરો શોધે છે, અને હું પોતેજ (તે) આશરો છું.

૩૭૮૧ અજ્ઞાનતા જેવું બીજું કોઇ ઝેર નથી. તું તારા દોસ્તની સાથે જ છો. અને કઈ રીતે પ્રેમ કરવો તે જાણતી નથી.

૩૭૮૨ તું તારા દોસ્તને અજાણ્યો જુએ છે. અને એક આનંદને ગમગીનીનું નામ ઇનાયત કર્યું છે.

૩૭૮૩ જ્યારે કે આપણે લુટનારા છીએ ત્યારે આવી ખજુરી આપણા દોસ્તની માનીતી (બને છે.) તેની ખજુરી આપણો ફાંસીનો માંચડો છે.

૩૭૮૪ આવો કસ્તુરી સુગંધવાળો પદાર્થ કે જે આપણા બાદશાહના વાળની લટ છે, (જેનાથી) આપણને ગાંડા બનાવાયા છે. આ (લટ) આપણી સાંકળ છે.
૩૭૮૫ આવી (દૈવી) દયા નાઈલનદીની વહે છે, માફક જ્યારે કે આપણે ફિરઔન થયા છીએ. તે લોહી જેવી બને છે.
૩૭૮૬ લોહી કહેતું હોય છે. હું પાણી છું, ખબરદાર થા! (મરે) શુંક નહિ; હું (ખરેખર) યુસુફ છું. ઓ વાદવિવાદી ઇન્સાન, તમે મને વરૂ બનાવ્યો છે.
૩૭૮૭ શું તમે જોતા નથી કે લાંબો વખત સહન કરનાર દોસ્ત કે જેના તરફ તમે દુશ્મનાવટ ઊભી કરો છો તે સરપ જેવો (દુશ્મન) બને છે.
૩૭૮૮ તેનું ગોસ અને ચરબી બદલાતી નથી (તે) માત્ર દેખાવજ છે કે તે આવો ખરાબ બન્યો છે.

## પ્રેમથી (બંધાએલા) પેલા પ્રધાને કાંઈ પણ બીક વગર બુખારા પાછા ફરવાનું નક્કી કર્યું, તે વિષે.

૩૭૮૯ હ. મરિયમની મિણબત્તી સળગતી છોડી દે કારણ કે પેલો જ્વાલાયુક્ત (પ્રેમી) બુખારા જાય છે.
૩૭૯૦ સખત રીતે ગમગીન અને (પ્રેમની.) બળતી ભઠીમાં (બળતો) (જાય છે). જાઓ (અને) સદરે જહાનની વાર્તા બદલાતી બનાવો.
૩૭૯૧ આ 'બુખારા' એ જ્ઞાનનું ઉદ્‌ગમસ્થાન છે, તેથી દરેક કે જેને જ્ઞાન છે તે 'બુખારા' ને રહેવાસી છે.
૩૭૯૨ રૂહાની રાહબરની (જાહેરી) હાજરીમાં તમે 'બુખારા'માં છો, ધ્યાન રાખજો કે તમો 'બુખારા' ઉપર હળવી નજરે જોતા નહિ.
૩૭૯૩ (તારૂં) નમ્રતાપણું બતાવ્યા સિવાય એ ભરતી અને ઓટ કઠણ છે કે ટેના દિલથી બુખારામાં દાખલ થવા દેશે નહિ.
૩૭૯૪ અને, તે જ સુખી છે કે જેનું દુશ્મન હલકાઈમાં ગયું છે. પેલા માટે અફસોસ કે જેની ઉદ્ધતાઈએ તેનો નાશ કર્યો છે.
૩૭૯૫ સદરે જહાનની જુદાઈએ (પ્રધાનના) પાયાના તેના આત્મામાં કટકા વેચ્યા હતા.
૩૭૯૬ તેણે કહ્યું, "હું ઊભો થઈશ અને તેની પાસે જઈશ, જો હું નાસ્તિક બન્યો હોઉં તો હું ફરીવાર આસ્તિક બનીશ.
૩૭૯૭ હું તેની સમક્ષ જઈશ. અને હું તેની (બુખારાના) સાચાણુ દિલના બાદશાહ સમક્ષ (પગે) પડીશ.
૩૭૯૮ હું કહીશ, હું તારી સમક્ષ પડયો છું, (મને) જીવાડ અથવા ઘેટાની માફક મારૂં ગળું કપાવી નાખ.

પ્રેમી → (જ્વાલાયુક્ત) જાયછે → બુખારા : જ્ઞાનનું ઉદ્‌ગમસ્થાન માટે છો તે 'બુખારા' નો રહેવાસી
ઈમામની હાજરીમાં : બુખારામાં છો
બુખારા ઉપર હળવી નજર નાંખો

૩૭૯૯ ઓ ચંદ્રમા, બીજી જગ્યાએ જઈ બાદશાહ બનવા કરતાં તારી સમક્ષ કપાઈ જઈ મરી જવું વધુ સારૂં છે.

૩૮૦૦ મેં તેને (મારા જીવનને) એક હજારથી વધુ વખત ચકાસણીમાં મૂકેલ છે, હું તારા વગર મારા જીવનની મીઠાશ માણી શકતો નથી.

૩૮૦૧ ઓ મારી ઇચ્છીત વસ્તુ મને આસ્તેથી કયામતનું સુસંગીત ગણીગણીને કહે, ઓ મારી ઉંટડી, ઘુંટણભર થા, (મારો) આનંદ પૂર્ણ કળાએ પહોંચ્યો છે.

૩૮૦૨ ઓ પૃથ્વી, મારાં આંસુ ગળી જા. ખરેખર (તે) હવે પુરતાં છે, ઓ મારા આત્મા, પીઓ, ઘુંટડે ઘુંટડે કે જે હવે પવિત્ર છે.

૩૮૦૩ ઓ મારા ઉત્સવ, તું હવે મારી પાસે પાછો ફર્યો છે, ભલે આવ્યો ! ઓ 'ઝફર' તું કેવી સરસ ખાણીપીણી લઈ આવ્યો છે.

૩૮૦૪ તેણે કહ્યું, "મારા દોસ્તો, વિદાયની સલામ, હું બાદશાહ તરફ જાઉં છું." જે હુકમ કરે તેને આધીન થવામાં આવે છે.

૩૮૦૫ હું (તેની જુદાઈમાં) પળેપળ ભડકામાં ભુંજાઉં છું. ભલે ગયે તે થાય, હું તેની પાસે જઈશ.

૩૮૦૬ પછી ભલે તે (મારી વિરૂદ્ધ) તેનું દીલ સખત ખડક જેવું બનાવે, મારો આત્મા બુખારાથી બંધાયો છે,

૩૮૦૭ તે મારા દોસ્તનું રહેઠાણ છે. અને મારા બાદશાહનું શહેર છે, પ્રિયતપની આંખમાં પોતાના અસલ જન્મસ્થળના પ્રેમનો અર્થ આજ છે.

**પોતાનો પ્રેમી કે જેણે પરદેશોમાં મુસાફરી કરી હતી તેને તેની પ્રિય તારાએ પૂછ્યું, "સૌથી વધુ મધુર અને સૌથી વધુ સુંદર અને ભીડવાળી, પૈસાદાર નગરી તમને કઈ માલુમ પડી ?"**

૩૮૦૮ એક પ્રિયતમાએ પોતાના પ્રેમીને કહ્યું, "ઓ યુવાન, તમે પરદેશોમાં ઘણાં શહેરો જોયાં છે.

૩૮૦૯ તેઓમાં સૌથી વધુ સુંદર કયું છે ? તેણે જવાબ આપ્યો શહેર કે જ્યાં મારી પ્રેયસી છે.

૩૮૧૦ આપણા બાદશાહ માટે જ્યાં જ્યાં જાજમ (બીછાવાય) છે ત્યાં ત્યાં (ભવ્ય) મેદાન છે પછી ભલે તે જગ્યા સોયના નાકા જેવી સાંકડી હોય !

૩૮૧૧ જ્યાં જ્યાં એક ચંદ્રમા જેવો (ખુબસુરત) યુસુફ હોય, ત્યાં ત્યાં સ્વર્ગ જ છે, પછી ભલે તે કુવાનું તળીયું હોય !

**તેના દોસ્તોએ તેના બુખારા પાછા ફરવામાંથી રોકયો અને ડરાવ્યો (પણ) તેણે કહ્યું, "મને પરવા નથી."**

આત્મા બુખારાથી બંધાયો
બુખારા. 'રહેઠાણ'
દોસ્તનું પ્રિયતમની આંખમાં
બાદશાહનું પોતાના અસલ જન્મસ્થળના પ્રેમનો
શહેર. અર્થ આજ છે.

૩૮૧૨ એક ખુલ્લા દિલના સલાહકારે તેને કહ્યું, "એ ગુમાની ઈન્સાન, જો તને કાંઈ સમજ હોય તો અંત વિષે વિચાર કર.

૩૮૧૩ ભૂત અને ભવિષ્યની સારી રીતે ગણત્રી કર, એક પતંગીયાની માફક પોતાને બાળેલો ન બનાવ!

૩૮૧૪ શું તું બુખારા જાય છે? તું ગાંડો છો, તું માત્ર બેડી અને જેલને માટે લાયક છો.

૩૮૧૫ તે (બાદશાહ) તારી વિરૂદ્ધ તેના ગુસ્સા અંગે લોઢાં (હથીઆર) ખડખડાવે છે, તે તને વીસ આંખોથી શોધી રહ્યો છે.

૩૮૧૬ તે તારા માટે છુરો સજાવે છે. તે એક ભૂખે મરતા કુતરા જેવો છે, અને તું આટલી ગુણી જેવો છે.

૩૮૧૭ ખુદાએ તને તારા નાસી છુટયા બાદ ખુલ્લા રસ્તા આવેલા હતા. તું પાછો કેદમાં જાય છે, તને શું થયું છે?

૩૮૧૮ તારા ઉપર દસ જાતના ચોકીદારો હતા! તેમનાથી છટકવા માટે સમજદારીની જરૂરત છે.

૩૮૧૯ જ્યારે કે તારા ઉપર એક પણ ચોકીદાર નથી ત્યારે હવે શા કારણે ભવિષ્ય અને ભૂતકાળ તને સીલ મારેલ કેમ બન્યાં?"

૩૮૨૦ ગુપ્ત પ્રેમે (પ્રધાનને) કેદી બનાવ્યો હતો. ચેતવણી આપનાર તે ચોકીદારને જોતો ન હતો.

૩૮૨૧ દરેક ચોકીદારનો ચોકીદાર સંતાએલ છે. નહિતર શા કારણે તે (હલકટ ચોકીદાર)માં ગુલામીની ખાશિયત હોવ?

૩૮૨૨ (ઓ) બાદશાહ, પ્રેમનો કોપ તેના આત્મા ઉપર સવાર થયો છે અને અજ્ઞાનતા અને અધમ અનુયાયીની કચેરી સાથે બાંધેલ છે.

૩૮૨૩ તે (ગુસ્સો) તેને ફટકારે છે અને કહે છે, સાંભળ તેને (તારા કેદીને) ફટકાર, પેલા ગુપ્ત અધમ અનુયાયીઓના કારણે મારા પર શ્રાપ હોજો!

૩૮૨૪ તમે ગમે તેને નુકશાનીના રસ્તા ઉપર જતા જુઓ છો, તે જો કે (દેખાવમાં) એકલો હોય છે. (છતાં) તે (ગુપ્ત) અધમ અનુયાયી સાથે જાય છે,

૩૮૨૫ જો તે તેનાથી ખબરદાર હોત તો તેણે દુઃખમાં બરાડા પાડયા હોત, અને બાદશાહોના બાદશાહની હજુરમાં ગયા હોત!

૩૮૨૬ અને બાદશાહની હજુરમાં પોતાના માથા ઉપર ધૂળ નાખી હોત, (પશ્ચાતાપ કર્યો હોત) કે જેથી તેણે આ ભયંકર સેતાનમાંથી સલામતી શોધી હોત.

૩૮૨૭ (પણ) એક કીડી કરતાં પણ હલકા તમે પોતાને શાહજાદો સમજ્યા છો, જ્યારે તપ (તેવા) આંધળા છો ત્યારે તે ચોકીદારને જોઈ શકશો નહિ.

૩૮૨૮ આ ખોટી પાંખો અને પિંછાથી તમે મુરખ બન્યા છો, પાંખો અને પિંછાથી કે જે દુઃખમાં દોરે છે.

૩૮૨૯ જો તે તેની પાંખો અવરોધવા વગરની રાખે છે તો તેની મુસાફરી ( ઉપર ) જાય છે. જ્યારે તે દુનિયાની પાછળ ચાલતો બને છે ત્યારે તેનો ( આત્મા ) વજનદાર બને છે.

## સલાહ અને ઠપકો દેનાર માણસને પ્રેમથી ઉત્તેજીત થએલા પ્રેમીએ કહ્યું, મને પરવા નથી.

૩૮૩૦ તેણે કહ્યું, "ઓ સલાહ દેનાર, ચુપ રહે, ક્યાં સુધી ક્યાં સુધી ( તમે ઠપકો દેશો ) ? મને સલાહ આપો નહિ કારણ કે અમને જોડતી વસ્તુ બાજ વજનદાર છે.

૩૮૩૧ મારો સબંધ જોડતી વસ્તુ તમારી સલાહ કરતાં વધુ વજનદાર છે. તારો હકીમ ( જેવો તને શીખવ્યું ) પ્રેમથી વાકેફગાર ન હતો.

૩૮૩૨ પેલા સ્થળમાં કે જ્યાં પ્રેમ મારૂં દુઃખદર્દ વધારતો હતો, 'અબુ હનીફા' અને 'શાફીઈ' એ ( પણ ) કાંઈ સૂચનાઓ આપી ન હતી.

૩૮૩૩ મને મારી નાખવામાં આવશે તેવી ધમકી તમે મને આપો નહિ, કારણ કે હું મારા પોતાના લોહી માટે રૂદન કરતો તરસ્યો બન્યો છું.

૩૮૩૪ કારણ કે દરેક પળે પ્રેમીઓને મોત છે, ખરેખર પ્રેમીઓનું મૃત્યુ એક જાતનું હોતુ નથી.

૩૮૩૫ તેને ( પ્રેમીએ ) રાહનુમાના આત્મામાંથી બસો આત્મા ( જીંદગીઓ ) હોય છે અને પેલી બસોને તે દરેક પળે કુરબાન કરતો હોય છે.

૩૮૩૬ દરેક આત્મા ( જીવન ) માટે તે તેના ઇનામ તરીકે દસ ( જીવન ) મેળવે છે. કુરાનમાંથી વાંચ "તેમના ઉપર દસ ગણા."

૩૮૩૭ જો તે પેલો દોસ્તીના ચહેરાવાળો મારૂં લોહી વહેવડાવે તો હું તેના અંગે (ફતેહમાં) નાચતો મારો આત્મા ( જીવન ) અર્પણ કરીશ.

૩૮૩૮ મેં તેમજ કર્યું છે, મારૂં મૃત્યુ ( જીવન ) નું જ બનેલું છે, જ્યારે હું આ જીવનથી નાશી છુટીશ તે હંમેશ માટે હૈયાત રહેનાર છે.

૩૮૩૯ ઓ વિશ્વાસુ દોસ્ત, મને મારી નાખ, મને મારી રાખ, અને મને મારી નાખવામાં ( અલ હલાજની માફક ) જીવન ઉપર જીવન છે.

૩૮૪૦ ઓ તું કે જે ગાલ લાલ બનાવે છે. ઓ અને તકાળના આત્મા, મારા આત્માને તારા તરફ ખેંચી લે અને દયા કરીને મારા ઉપર તારી 'મુલાકાત'ની ( રહેમ ) ઇનાયત કર.

૩૮૪૧ મારો પ્રિયતમ છે કે જેનો પ્રેમ ( મારા દિલનાં ) આંતરડાંને શેકે છે, તે મારી આંખો ઉપર ચાલવાની ઇચ્છા કરે, તો તે ( તેના ઉપર ) ભલે ચાલે અને ( આવકાર પામશે ).

૩૮૪૨ ફારસી ભાષા બોલ, જો કે અરબી વધુ મીઠી છે, પ્રેમને બીજી એક સો ભાષાઓ છે.

૩૮૪૩ જ્યારે દિલોના દરબારની સુવાસ ( અવકાશમાં ) ઉડવાની શરૂ થાય છે ત્યારે પેલી બધી ભાષાઓ મુંગી બને છે.

૩૮૪૪ હું ( બોલવું ) બંધ કરીશ, પ્રિયતમાએ બોલવું શરૂ કર્યું છે ( બધા ) કાનો ( સાંભળતા ) બનો, અને ખુદા ખરો રસ્તો સૌથી ઉત્તમ રીતે જાણે છે.

૩૮૪૫ જ્યારે પ્રેમીએ રૂદન કર્યું છે ત્યારે હવે ખબરદાર રહેજે, કારણ કે તે ( શુદ્ધાર્થ પ્રેમમાં ) નિષ્ણાત માફક ભાષણ કરશે.

૩૮૪૬ જો કે આ પ્રેમી બુખારા જાય છે, તે ભાષણમાં હાજરી આપવા જતો નથી ( તેમજ ) શિક્ષક પ.સેથી ( જાણવા પણ જતો ).

૩૮૪૭ કારણ કે પ્રેમીઓ માટે ( એક માત્ર ) ભાષણકાર, પ્રિયતમની ખુબસુરતી છે. તેઓની કિતાબ અને ભાષણ અને પાઠ ( એ માત્ર ) તેનો ચહેરો છે.

૩૮૪૮ ( જાહેર રીતે ) તેઓ ચુપ છે, પણ તેઓની ભોખણુપટીનો તીવ્ર અવાજ ઊંચા 'તખ્ત' તેઓના દોસ્તની મહાન બેઠક સુધી જાય છે.

૩૮૪૯ તેઓનો એક માત્ર પાઠ 'આવેશ' અને ચક્કર ફરવાનો નામ અને કંપતી વ્યાકુળતા છે, નહિ કે 'ઝીયાદાત' અને કાયદાનાં 'સારાં પ્રકરણો.'

૩૮૫૦ આ લોકોની ( ખુદાના પ્રેમીઓની ) સાંકળ, એ કસ્તુરી ફેંકતી ( પ્રિયતમા ) ના વાળની લટો છે, તેઓને 'ગોળ કુંડાળા'નો સવાલ છે પણ તે દોસ્તનું કુંડાળું છે.

૩૮૫૧ જો કોઈ તમને નાણાની થેલી વિષે સવાલ કરે, તો ( તેને ) કહો કે ખુદાનો ખજાનો એ થેલીમાં સમાએલો નથી.

૩૮૫૨ જો સ્ત્રીની મરજીથી છુટાછેડાની વાત અને બન્નેની મરજીથી છુટાછેડાની વાત ચાલુ થાય તો કબુલ કરી લેજો ( આંતરિક રીતે ) 'બુખારા' ને સંબોધી કહેવાયું છે.

૩૮૫૩ ( ફરીવાર ભેગી કરેલ ) કોઈપણ વસ્તુનું સંશોધન એક ખાસ ( રૂહાનીયત ) અસર ઉપજાવે છે, જેમકે દરેક ગુણધર્મોને સારતત્વ હોય છે.

૩૮૫૪ તમો બુખારામાં પદાર્થ જ્ઞાનોમાં સંપૂર્ણતા મેળવો છો, જ્યારે તમે હલકાઈમાં ફરો છો ત્યારે તમે તેમનાથી દૂર જાઓ છો.

૩૮૫૫ પેલા બુખારાના માણસને જ્ઞાનથી ચીડ ન હતી, તે પોતાની આંખો દ્રવ્યમાન સુર્ય ઉપર ચોંટાડતો હોય છે.

૩૮૫૬ કોઈપણ જે એકાંતમાં છે તેને દ્રવ્યનો રસ્તો મળેલો છે, ( જુદા જુદા ) જ્ઞાન શોધનની જોવાની શક્તિ શોધે છે.

૩૮૫૭ જ્યારે તે આત્માની ખુબસુરતીનો ગાઢ સાથી બનશે ત્યારે તેને પ્રણાલિકાગત શિખવું અને જ્ઞાન મેળવવામાં સખત અણગમો આવશે.

૩૮૫૮ પારલૌકિક દ્રવ્ય એ જ્ઞાન કરતાં વધુ ચડીયાતું છે, જ્યારે ગીધની નજરમાં ચાલુ દુનિયા ( પેલી દુનિયા ઉપર ) સરસાઈ ભોગવતી દેખાય છે.

બુખારાના માણસને જ્ઞાનથી ચીડ હતુ - કેમકે તે સૂર્ય ઉપર ચોંટેલો
આત્માનો - સાથી - નો જ્ઞાન શિખવુ જાણવું તે
- નફરત - બુખારામાં.
પારલૌકિક દ્રવ્ય - જ્ઞાન કરતા વધુ ચડીયાતું

૩૮૫૯ કારણ કે તેઓ આ દુનિયાને રોકડ નાણું ગણે છે, જ્યારે પેલી દુનિયા કરજ દેવા જેવી બનતી તેઓની નજરમાં દેખાય છે.

### પેલા પ્રેમાળ નોકરે પોતાનો ચહેરો બુખારા તરફ કેવી રીતે ફેરવ્યો તે વિષે.

૩૮૬૦ પેલો પ્રેમી ધડકતા દિલે, લોહી સાથે એક થતાં આંસુ સારતો બુખારા જવા ખુબ જ ઉતાવળમાં બહાર પડયો.

૩૮૬૧ 'આમુન'ની રેતી તેને રેશમ જેવી લાગી, 'ઓકસસ' નદી તેને ખાબોચીયા જેવી લાગી.

૩૮૬૨ તેને પેલો નિર્જન પ્રદેશ ગુલાબના બગીચા જેવો લાગ્યો. (તે) ખીલેલા ગુલાબની માફક હસતો અને પીઠ ઉપર બેવડ વળતો હતો.

૩૮૬૩ (પાર્થીવ) ખડી સાકર સમરકંદમાં છે પણ તેના હોઠે તે બુખારામાંથી મેળવી, અને પેલી (રૂહાની સાકર) તેની ધાર્મિક માન્યતા બની.

૩૮૬૪ ઓ બુખારા (બીજાઓમાં) તેં તે સમજણ વધારી છે પણ તે સમજણ અને દીનથી મને લુંટી લીધો છે.

૩૮૬૫ હું પૂર્ણિમાનો ચાંદ શોધું છું. હું આ હલકી દુનિયામાં સદરને (રાજાને) શોધું છું.

૩૮૬૬ જ્યારે તેણે પેલા 'બુખારા'ને (છેટાપણા અંગે) આભાસમાં કાળી વર્ણવી ત્યારે તેની દિલગીરીની સરખામણીમાં તે સફેદ (રૂહાની પ્રકાશવાળી) દેખાણી.

૩૮૬૭ તે શુદ્ધબુદ્ધની હદ વટાઇ ગએલો પડયો, તેની સમજશક્તિ (જાણે કે) ગુઢાર્થના બગીચામાં ઉડી.

૩૮૬૮ તેઓ તેના માથા અને ચહેરા ઉપર ગુલાબજળ છાંટતા હતા. તેઓ તેના પ્રેમના ગુલાબજળથી અજાણ્યા હતા.

૩૮૬૯ તેણે ગુલાબનો ગુપ્ત બગીચો જોયો હતો, તે પ્રેમની ધાડ અંગે પોતાથી કપાઇ ગયો હતો.

૩૮૭૦ તું (આત્મામાં) થીજેલો (પ્રેમની) આ ફુંક માટે લાયક નથી, જો કે તું બરૂ છો, (છતાં) તું સાકર સાથે જોડાએલો નથી.

૩૮૭૧ બુદ્ધિનો સરસામાન તારી સાથે જ છે અને તું હજી તારી સુઝમાં જ છો કારણ કે લશ્કરો કે જે તેં જોયો નથી તેથી તું સજાગ નથી.

### એ પરવા પ્રેમી બુખારામાં દાખલ થયો અને તેના દોસ્તોએ તેને જાહેર થતો અટકાવ્યો, તે વિષે.

૩૮૭૨ તે તેના પ્રેમીની નજીક બુખારામાં આનંદપૂર્વક દાખલ થયો અને તેને (તે) સલામતીનું રહેઠાણ (માનતો) હતો.

૩૮૭૩ (પ્રેમમાં) મદહોશ બનેલો (તે જે) (કલ્પનામાં) સ્વર્ગે ઉડે છે, ચંદ્રમાં તેને અભિગમ આપી કહે છે, (મને) ભેટવા આવ.

૩૮૭૪ જેણે જેને તેને બુખારામાં જોયો તેમણે કહ્યું, ઉભો રહે, પોતાને (જાહેર કર્યા) વહેલાં ભાગી છુટ (જરાપણ) રાહ જોયા વગર ભાગી જા.

૩૮૭૫ કારણ કે તે બાદશાહ તને ગુસ્સામાં શોધે છે કે જેથી તે તારી જીંદગી ઉપર દસ વર્ષનું વેર વાળે.

૩૮૭૬ ખુદાના કસમ, ખુદાના કસમ, તારા પોતાના લોહીમાં કુદી ન પડ! તારા ઢોંગી શબ્દો અને પ્રપંચો ઉપર આધાર ન રાખ!

૩૮૭૭ તું સદરે જહાનનો અધિકારી અને અમીર હતો. તું વિશ્વાસુ (દલાલ) હતો તેના કાર્યોનો અમલ કરાવવામાં મુખ્ય નાયક હતો.

૩૮૭૮ પછી તેં જરૂર વિશ્વાસઘાત કર્યો અને સજામાંથી નાશી છુટયો, તારા નાશી જવા પછી ફરીવાર પોતાની મેળે શા માટે પકડાવ્યો છો?

૩૮૭૯ તું મહાસંતાપમાંથી એકસો યુક્તિઓ કરી નાશી છુટયો હતો, (હવે) તને તારૂં નશીબ કે તારી મુર્ખતા અહીં ખેંચી લાવી!

૩૮૮૦ ઓ તું કે જેની બુદ્ધિ બુધના ગ્રહ સુધી મજાક ઉડાવે છે, દૈવી ભાવી સમાજ અને સમાજદારીથી એકને મુર્ખ બનાવે છે.

૩૮૮૧ તે સસલું કમનશીબ છે કે જે સિંહની દોસ્તી શોધે છે, તારી હુશિયારી બુદ્ધિમતા અને તાત્કાલીક સુઝ ક્યાં ગઈ.

૩૮૮૨ (તારામાં છે) તેનાથી કિસ્મતના પ્રપંચો સોગણા છે, તેમણે (પયગમ્બર સાહેબે) કહ્યું છે: "જ્યારે દૈવી ભાવી આવે છે ત્યારે પહોળું ખેતર સાંકડું બને છે."

૩૮૮૩ એકસો આસ્થાના ઠેકાણાં અને જમણે પડખે છે (છતાં) પણ દૈવી ભાવીએ તેઓનો રસ્તો રૂંધેલ છે. કારણ કે તે અજગર છે.

## ઠપકો દેનારા અને કરનારાઓને પેલા પ્રેમીનો જવાબ આપવો.

૩૮૮૪ તેણે કહ્યું, "હું જલંદરનો રોગી છું, પાણી મને ખેંચે છે, જાણું છું કે પાણી મને મારી નાખશે.

૩૮૮૫ કોઇ જલંદરથી ઘવાએલો પાણીથી નાશી શકે નહિ, પછી ભલે તે મહાત કરનાર હોય અને બસો વખત તેનો નાશ કરે.

૩૮૮૬ ભલે મારા હાથ અને પેટ સોજેલાં બને (તો પણ) પાણી માટેની ઉત્કંઠા બંધ પડશે નહિ કે છુટી પડશે નહિ.

૩૮૮૭ જ્યારે તેઓ મારી આંતરિક હાલત વિષે પૂછશે ત્યારે હું કહીશ, "શું તે સમુદ્ર મારી અંદર વહેતો હતો ?"

૩૮૮૮ પાણીની મશક, મારૂં પેટ પાણીનાં મોજાંથી ભલે ફાટી જાય, (અને) જો હું મરણ પામું (તો) મારૂં મૃત્યુ મને સ્વીકાર્ય છે.

૩૮૮૯ જ્યાં જ્યાં હું પાણીનો ઝરો જોઉં છું ત્યાં ત્યાં અદેખાઈ મારા ઉપર થાય છે. (અને) ઈચ્છું છું કે) હું તેની જગ્યાએ હોઉં !

૩૮૯૦ ડફની માફક હાથ (સોજેલા) અને પેટ પીપના જેવું, (જાહેર કરવા) ડફ વગાડું છું કે પાણી માટે મારો પ્રેમ છે.

૩૮૯૧ જો પેલો વિશ્વાસુ આત્મા મારૂં લોહી વહેવડાવે તો હું જમીનની માફક મારા લોહીના ઘૂંટડે ઘૂંટડા પીશ.

૩૮૯૨ હું જમીન અને અવિકસિત ગર્ભની માફક લોહી પીનાર છું, જ્યારથી હું પ્રેમી બન્યો છું ત્યારથી તે જ વેપારમાં (મશગુલ) છું.

૩૮૯૩ હું રાત્રિ દરમ્યાન અગ્નિની ઉપર કિટલીની માફક ઉકળું છું, રાત્રિ પડતાં સુધી આખો દિવસ હું રેતીની માફક લોહી પીઉં છું.

૩૮૯૪ હું પશ્ચાતાપ કરૂં છું કે (નાશી જવામાં) મેં વિરોધી પગલું ભર્યું. અને તેના ગુસ્સાની આગમાંથી નાશી છુટયો.

૩૮૯૫ મારા મદહોશ આત્મા વિરૂદ્ધ ભલે તેનો ગુસ્સો ઉતરી પડે! તે કુરબાનીની મિજબાની છે અને પ્રેમી (કુરબાનીનો) પાડો છે.

૩૮૯૬ પાડો સુએ અને જે કાંઈ ખાય તે કુરબાની કરનાર અને મિજબાની માટે જાડો બને છે.

૩૮૯૭ મને હ. મુસા (અ. સ.) ની ગાય કે જે (ખૂન થએલાને) જીવન આપે છે તેવી સમજો, જે રૂહાની રીતે સ્વતંત્ર છે તેવા દરેક મૃત્યુ પામેલા માટે મારો દરેક અવયવ ઊભા થવાનું કારણ બને છે.

૩૮૯૮ હ. મુસા (અ. સ.) ની ગાયને કુરબાનીમાં આગળ ધરવામાં આવી છે, તેણીનો નારામાં નાનો અવયવ મારી નાખેલાને હૈયાતી બક્ષે છે.

૩૮૯૯ તેના અડકવાથી મારી નાખેલો પોતાની જગ્યાએથી ઉભો થાય છે. ખુદાના બોલેલા શબ્દો, "તેણીના આગલા ભાગથી તેને ઘસો."

૩૯૦૦ ઓ મારા ઉમદા (દોસ્તો) આ ગાય (દુષ્ટ મનને) હલાલ કરો, આંતરિક દ્રષ્ટિ (ધરાવતા) આત્માઓને જીવન સાથે ઉભા કરવાની ઇચ્છાવાળો તમે હો તો.

૩૯૦૧ હું નિરિન્દ્રીય હાલતમાં મૃત્યુ પામ્યો, અને સ્વાભાવિક વધવાની હાલતમાં બંધાયો. અને (પછી) હું (વનસ્પતિ)એ મરણ પામ્યો અને જાનવરની હાલતમાં પહોંચ્યો.

૩૯૦૨ હું જનાવરીમાંથી મૃત્યુ પામ્યો, અને આદમ (આદમી) બન્યો, તો પછી શા માટે હું બીહું ! હું મરવા અંગે નીચી હાલતવાળો ક્યારે બન્યો ?

૩૯૦૩ બીજી વખતના ફરવામાં હું માણસ થઇ મૃત્યુ પામ્યો. કે જેથી હું ઉચે ચઢું અને મારૂં મસ્તક ફિરસ્તાઓ વચ્ચે ઉંચું કરૂં.

૩૯૦૪ અરે, મારે ફિરસ્તાની હાલતથી પણ નાસવું જોઇએ, "તેના ચહેરા સિવાય તમામ ચીજ નાશ પામનાર છે.

૩૯૦૫ ફરી એકવાર હું કુરબાન બનીશ અને ફિરસ્તાઈમાં મરણ પામીશ. હું કલ્પનામાં પણ ન ઊતરે તેવો બનીશ.

૩૯૦૬ પછી હું 'લા' બનીશ, 'લા' મને દેહના ભાગની માફક કહેશે, "ખરેખર આપણે તેમાં જ પાછાં ફરશું."

૩૯૦૭ જાણ કે મૃત્યુ (એ કુરબાન થવાની વસ્તુ) બને કે જે ઈસ્લામે કબુલ કરી છે એટલે કે જીવનનું જળ (અંધારી) દુનિયામાં સંતાએલ છે.

૩૯૦૮ નદીના કિનારાથી કમળની માફક મોટો થા, જલંદરના રોગથી પીડાતાની માફક મોત માટે આતુર બની અપેક્ષા રાખ.

૩૯૦૯ તેને પાણીએ મૃત્યુ છે અને (છતાં) તે પાણીને શોધે છે અને પીએ છે, સાચો રસ્તો સૌથી સારી રીતે ખુદા જાણે છે.

૩૯૧૦ ઓ ઠંડા પ્રેમી, શરમથી કપડાંમાં ઢંકાઈ જા, કે જે પોતાની જીંદગી (ગુમાવવાની) બીકે પોતાના પ્રિયતમ પાસેથી ભાગે છે.

૩૯૧૧ ઓ તું (કે જે) ઓરતથી પણ વધુ બદતર, લાખો આત્માઓને નિહાળ કે જેઓ પ્રેમની તલવાર તરફ પોતાના હાથથી તાલીઓ પાડતા (ધસે છે).

૩૯૧૨ જ્યારે કુજાનું પાણી નદીના પાણીમાં જાય છે ત્યારે તે તેમાં અદ્રશ્ય થાય છે અને તે નદી બને છે.

૩૯૧૩ તે નદી જોઇ છે. તારો કુંજો પાણીમાં રેડ, નદીમાંથી પાણી કેવી રીતે ભાગી શકે!

૩૯૧૪ તેના (પ્રેમીના) ગુણધર્મો પસાર થઈ ગયા છે અને તેનું સારતત્વ રહ્યું છે. આના પછી તે સંકોચાતો નથી કે વિરોધી લાગણીવાળો બનતો નથી.

૩૯૧૫ તેની પાસેથી ભાગી જવાની બદલીમાં મેં તેની ખજૂરી પર મને પોતાને લટકાવ્યો છે.

જ્યારે તેણે પોતાની જીંદગીથી પોતાના હાથ ધોઇ નાખ્યા
ત્યારે પ્રેમી તેના પ્રિયતમ પાસે પહોંચ્યો.

૩૯૧૬ તે માથા અને ચહેરાથી દડાની માફક નમન કરતો સદર (બાદશાહ) તરફ ભીની આંખે ગયો.

૩૯૧૭ બધા લોકો રાહ જોતા હતા. તેઓ તેને બાળી મુકશે કે લટકાવશે તે જોવા માથાં હલાવામાં (ઉંચા કરતો હતા)

૩૯૧૮ (તેઓએ કહ્યું) તેઓ મુર્ખને હવે બુરા કિસ્મત, બદનસીબને કાંઈક કરી બતાવશે?

૩૯૧૯ તે ( પ્રેમી ) પતંગીયાની માફક ભયંકર ભડકાને પ્રકાશ હોવાનું નિહાળે છે, મુર્ખ. તાથી તે તેમાં પડયો છે ( અને ) પ્રકાશથી છીન્ન ભિન્ન થાય છે.

૩૯૨૦ પણ પ્રેમની મિણબત્તી પેલી ( સ્થુળ ) મિણબત્તી જેવી નથી તે 'નુર' માં 'નુર' માં 'નુર' છે.

૩૯૨૧ તે જ્વાલામય મિણબત્તીઓથી ઉલટું જ છે. તે અગ્નિ હોવાનું દેખાય છે (પણ) ( હકીકતમાં ) તે સંપૂર્ણપણે મિઠાશ છે.

## પ્રેમીઓ મારતી મસ્જિદનું વર્ણન અને મૃત્યુને શોધતો બેદરકાર પ્રેમી ત્યાં મહેમાન બન્યો તેનું વર્ણન.

૩૯૨૨ આ વાર્તા કાન દઈ ને સાંભળ, ઓ સભ્ય વર્તનવાળા શખ્સ રય શહેરની પાદરમાં એક મસ્જિદ હતી.

૩૯૨૩ જે કોઈપણ ત્યાં રાત્રે સુતો તે તેજ રાત્રે ( પીડામાં ) મૃત્યુ પામતો અને તેનાં બચ્ચાં અનાથ બનતાં.

૩૯૨૫ ઘણા નગ્ન ( કંગાળ ) અજાણ્યા કે જેઓ તેની અંદર ગયા ( રાત પડતાં ) શહીદની માફક પ્હો ફાટતાં કબરમાં જતા.

૩૯૨૫ આ ( વાર્તા ) તરફ તારા ખૂદને ખૂબજ લક્ષ આપતો બનાવજે. પ્રભાત થયું છે તારી ઘસઘસાટ ઉંઘને ઇડાડી મુક.

૩૯૨૬ દરેક જણ એમજ કહેતો હતો કે ત્યાં એક ભયંકર જીન્ન રહે છે કે જે મહેમાનોને નિર્દય રીતે મારી નાખતો હતો.

૩૯૨૭ બીજો કોઈ કહેશે, તે જાદુ અને તિલસ્માતી છે. કારણ કે આ મંત્રો દુશ્મન અને જીવનના શત્રુ છે.

૩૯૨૮ બીજો કોઈ કહેશે, તેના દરવાજા ઉપર સુસ્પષ્ટ જાહેરાત મુકો; " ઓ મહેમાન અહીં રહેતો નહિ.

૩૯૨૯ જો તું જીવવા માગતો હો તો અહીં રાત્રે સુતો નહિ નહિતર આ જગ્યામાં મૃત્યુના ઓચિંતા હુમલાથી સજાગ રહેજે.

૩૯૩૦ અને બીજો કોઇ કહેશે, ( દરવાજા ) રાત્રે બંધ કરજો ( અને જ્યારે ) બેદરકાર માણસ આવે ત્યારે તેને દાખલ કરતા નહિ.

## મહેમાનનું મસ્જિદમાં આવવું.

૩૯૩૧ ( તેથી આમ ચાલુ રહ્યું ) જ્યાં સુધી કે રાત્રે એક મહેમાન આવી પહોંચ્યો કે જેણે પેલી અદ્‌ભુત અફવા સાંભળી હતી,

૩૯૩૨ તે તેની ખાત્રી કરવા ચકાસણી કરવા માગતો હતો કારણ કે તે બહુ બહાદુર હતો અને જીવનથી ધરાઇ ગયો હતો.

૩૯૩૩ તેણે ( પોતાના મનમાં ) કહ્યું, હું ( ઘેટાનું ) માથું અને પેટની ઓછી દરકાર રાખું છું. ધારો કે એક દાણો આત્માના ખજાનામાંથી ગયો ( તો શું થયું ) ?

૩૯૩૪ ભલે શારિરીક રૂપ જાય, ( હકીક્તમાં ) હું કોણ છું ? જ્યારે કે હું અનંતકાળ માટે ( હૈયાત ) રહેનાર છું ત્યારે કાયાનું રૂપ એક નાની બાબત છે.

૩૯૩૫ જ્યારે કે ખુદાની દયાથી મારામાં આત્મા ફૂંકવામાં આવ્યો છે ત્યારે હું ખુદાની ફૂંક છું ( કે જે ) કાયાની શ્વાસનળીથી દૂર રાખે છે.

૩૯૩૬ અંતે તેની ફુકનો અવાજ આ દિશાએ પડશે નહિ. અને ( પેલું ) રૂહાની મોતી આ સાંકડી ( કાયાની ) જેલમાંથી નાસશે નહિ.

૩૯૩૭ જ્યારે કે ખુદાએ કહ્યું છે, " ઓ તમો કે જેઓ ઈમાનદાર છે. મૃત્યુની તલબ કરો. " હું ઈમાનદાર છું, મારો આત્મા આના ઉપર કુરબાન કરીશ."

## પ્રેમી મહેમાનને ત્યાં સુવા માટે મસ્જિદના માણસોનો ઠપકો અને ડરામણી આપવી.

૩૯૩૮ લોકોએ તેને કહ્યું, " ખબરદાર થા ! અહિં સુતો નહિ. રખેને આત્માનો લેનાર તને તલના દાણાની માફક નિચોવી નાખે !

૩૮૩૯ તું અજાણ્યો છો અને જે કોઈ પણ અહીં સુએ છે તેનો નાશ થાય છે તેનાથી અજ્ઞાન છે.

૩૯૪૦ આ કાંઇ ( અકસ્માતી ) બનાવ નથી. અમે અને બીજા બધાઓ જેઓ સમજણ ધરાવે છે તેઓએ વારંવાર આની ખાત્રી કરી છે.

૩૯૪૧ મસ્જિદે કદી પણ ગમે તેને એકજ રાત્રીએ ઉતારો આપ્યો છે, તેને માત્ર રાત્રીએ ઝેરી મૃત્યુ ભેટે છે.

૩૯૪૨ અમે આ કાંઇ એક જ વખત જોયું નથી પણ એકસો વાર જોયું છે અને એ કાંઇ બીજા પાસેથી સાંભળેલી છાની વાત નથી."

૩૯૪૩ પયગમ્બર સાહેબે કહ્યું છે કે ઇસ્લામ દિલની સચ્ચાઇ સાથે સુસંગત છે. તે દિલની સચ્ચાઇ તદનુસાર અપ્રમાણિકતાથી ઉલટી છે.

૩૯૪૪ આ દિલની સચ્ચાઈએ દોસ્તીમાં સાચા બનવાનું છે, અને અપ્રમાણિકતાના કાર્યમાં, તમે વિશ્વાસઘાતી કુતરાની ચામડી ( જેવા છો ).

૩૯૪૫ અમો તારા તરફ દિલની સચ્ચાઈ, વિશ્વાસઘાત વગર પ્રેમની લાગણી બતાવીએ છીએ. ( તું ) અને ઈન્સાફથી દૂર ન લઈ જતો.

## ઠપકો આપનારાઓને પ્રેમીનો જવાબ આપવો.

૩૯૪૬ તેણે કહ્યું, " ઓ હાર્દિક સલાહકારો, હું દુનિયાની જીંદગીથી નિસંકોચપણે થાકેલો બન્યો છું."

૩૯૪૬ હું એક આળસુ ફટકાઓ શોધતો, ફટકાઓની ઇચ્છાવાળો, રસ્તા ઉપર ભટકતા ભમતા નામોથી સરળતા શોધતો ભમતા રામ છું.

૩૯૪૭ હું એવો ભમતારામ નથી કે જે વાસ્તવમાં ખોરાકનો શોધક હોય, હું બેફિકર ભમતા રામ છું. કે જે મૃત્યુનો શોધનાર છે.

૩૯૪૮ હું એવો ભમતારામ નથી કે જે વાસ્તમાં ખોરાકનો શોધક હોય, હું બેફિકર ભમતારામ છું કે જે મૃત્યુનો શોધનાર છે.

૩૯૪૯ ( હું એવો ) ભમતારામ નથી કે જે પોતાની હથેળીમાં નજીવી રકમ મેળવે છે ( પણ ) ચાલાક ભમતારામ છું કે જે આ પૂલ ઓળંગશે ( પુલસિરાત પાર કરશે ).

૩૯૫૦ તેરો એક નહિ કે જે દરેક દુકાને ભટકશે, પછી ( એક કે જે ) અસ્તિત્વમાંથી છલંગ મારશે અને પછા ઉપર તૂટી પડશે.

૩૯૫૧ આ દુનિયાનું રહેઠાણ અને પરદેશગમન એ એવું બન્યું છે કે પિંજરામાંનું પંખી પિંજરૂં મૂકી ઉડે ( તેના જેવું મીઠું બન્યું છે ).

૩૯૫૨ બગીચાની વચ્ચેવચ્ચ પિંજરૂં હોય ( અને જેના ) પંખી ગુલાબનાં બીછાનાં અને વૃક્ષો નિહાળે.

૩૯૫૩ ( ત્યારે ) બહાર ( તેજ ) પિંજરાની આજુબાજુ લાખો પંખીઓ મુક્તિનાં મીઠાશ-વાળાં ગીત ગાતાં હોય !

૩૯૫૪ પેલી આનંદીત જગ્યાના ( દેખાવે ) પિંજરામાંના પંખીના ધીરજ, આરામનાં ખોરાકની પણ ઇચ્છા રહેતી નથી.

૩૯૫૫ ( પણ ) તે દરેક કાણામાંથી પોતાનું માથું બહાર કાઢે છે કે એવું બને કે તેના પગની આ બેડી કે તોડી શકે !

૩૯૫૬ જ્યારે તેનું દિલ અને આત્મા આની માફક બહાર ( છે તો પછી ) જ્યારે તેનું પિંજરૂં ખોલશો ત્યારે તે કેવું બનશે ?

૩૯૫૭ તેની આજુબાજુ બિલાડીઓનું કુંડાળું હશે, ત્યારે વ્યાકુળતા વચ્ચે પિંજરામાં પૂરાએલ પંખી આમ ( આરામ કરતું ) નહિ હોય !

૩૯૫૮ આવી બીક અને ગ્લાનિમાં તેને બહાર જવાની ઇચ્છા કેમ થશે ?

૩૯૫૯ તેની ઇચ્છા છે કે ( તેના પિંછાઓને ) નાશકારક રીતે ( કોઈ ) પીંખે નહિ, ( તેની ઇચ્છા હોય છે કે ) તેના પિંજરાની આજુબાજુ આવાં સો પિંજરા હોય ?

( એક ) ગેલનનો આ ચાલુ જીંદગીનો પ્રેમ, કારણ કે તેની કળા માત્ર અહીં જ ઉપયોગી થાય છે, પેલી પારથી બજારમાં ઉપયોગી થાય તેવી કળાથી તેણે કાંઈ કોશીષ કરી નથી ( તેથી ) ત્યાં તે પોતાને ગીધ જેવો ભરેલો જુએ છે.

૩૯૬૦ આ દુનિયાના (તેના) મોહને કારણે, અને તેમાં શાની શાની ઇચ્છા કરી છે, તે કારણે પેલી ડાહી 'ગેલને' પણ (આમ) કહ્યું છે.

૩૯૬૧ હું એવા મુદ્દા ઉપર આવ્યો છું કે મારો જરૂરી અર્ધો આત્મા બાકી રહે કે જેથી હું કાંતવાના યંત્રના નાકામાંથી દુનિયાને જોઉં.

૩૯૬૨ તે તેની આજુબાજુ બિલાડીઓના સમૂહમાં જુએ છે, તેનું પંખી ઉડવાથી નિરાશ થઈ ગયું છે.

૩૯૬૩ અથવા તે આ દુનિયા સિવાય બીજું બધું નહિવત જુએ છે, અને નહિવતપણામાં છુપાએલ કયામત તેણે નિહાળી નથી.

૩૯૬૪ ગર્ભમાંના અજાત જીવની માફક કે જેને (દૈવી) દયા મોટું કરે છે, તે પેટ તરફ પાછું ભાગતું હોય છે.

૩૯૬૫ (દૈવી) દયા (પેલા) (અજીત જીવનો) ચહેરો હસ્તિની જમીન તરફ ફેરવે છે. (જ્યારે કે) તે (અજીત જીવ) તેની માતાની કમરમાં રહેઠાણ કરે છે.

૩૯૬૬ કહે છે, અરે, હું અજાયબ થાઉં છું, જો હું આ શહેરની અને ખુશીના રહેઠાણથી બહાર પડી જઇશ તો હું મારી પોતાની આંખેથી (ફરીવાર) આ રહેઠાણ જોઈશ ખરો ?

૩૯૬૭ અથવા તો પેલા ઘૃણાજનક શહેરમાં દરવાજો બને કે જેથી હું ગર્ભાશયમાં નિહાળી શકું !

૩૯૬૮ અથવા મારા માટે એક રસ્તો સોયના નાકા જેવો સાંકડો બને કે જેથી મને ગર્ભાશય બહારથી દ્રષ્યમાન બને !

૩૯૬૯ તે ગર્ભાશય પણ બહારની દુનિયાથી ખબરદાર નથી તે (પણ) ગેલનની માફક અપરિચીત છે.

૩૯૭૦ તે જાણતું નથી કે માનસિક બંધારણ કે જે (ગર્ભાશયમાં) હસ્તિ ધરાવે છે તે બહારની દુનિયામાંથી પૂરું પાડવામાં આવ્યું હતું.

૩૯૭૧ આ દુનિયામાં ચાર તત્વો, અવકાશના પેલી પારના શહેરમાંથી એકસો જાતના સાધન મેળવે છે.

૩૯૭૨ જો તેને પિંજરામાં પાણી અને બિયાંઓ મળ્યાં છે તો તે ત્યાં બગીચા અને વિસ્તારમાંથી દેખાણાં છે.

૩૯૭૩ કાયામાંથી છુટા પડતાં અને તેઓને આ પિંજરાઓમાંથી બદલવાના વખતે પયગમ્બરોના આત્માઓએ આ બાગ જોયો છે.

૩૯૭૪ તો પછી તેઓ 'ગેલન' અને દુનિયાથી સ્વતંત્ર છે, તેઓ આકાશોમાં ચંદ્રની માફક પ્રકાશે છે.

૩૯૭૫ અને જો આ કહેવું 'ગેલન'માંથી જણાવ્યું છે તો તે જોડી કાઢેલી વાતો છે. તો પછી મારો જવાબ 'ગેલન' માટે નથી.

૩૯૭૬ (પણ) આ જવાબ આ કહેનાર માણસ માટે છે, કારણ કે પ્રકાશિત દિલ તેનું બરોબરીયું નથી.

૩૯૭૭ પંખી, તેનો આત્મા પેલું દર શોધતો ઉંદર બન્યો, જ્યારે કે તેણે બિલાડીઓની બૂમ સાંભળી, 'એઈ તમો અટકો!'

૩૯૭૮ તેના કારણે ઉંદર જેવા તેના આત્માએ તેના ઘરને જોયું, અને આ દુનિયાના દરમાં રહેવાનું બનાવ્યું.

૩૯૭૯ તેણે તેમાં વેપારીઓની સુંદર તક પસંદ કરી કે જે આ ઘરમાં ઉપયોગી બને!

૩૯૮૦ તેણે આ દરમાં પણ રહેલા લાયક જ્ઞાન મેળવવા અને બાંધવાનું શરૂ કર્યું.

૩૯૮૧ જ્યારે કે તેણે આવી રીતે પોતાનું દિલ (રૂહાની રીતે) આગળ જવામાંથી વાર્યું ત્યારે કાયામાંથી મુક્તિનો રસ્તો રૂંધાયો.

૩૯૮૨ જો કરોળીયાને 'અંકા'ની ખાસિયત હોત તો તેણે કરોળીયાના લાળનો બનાવેલ તંબુ કેમ ઉભો કર્યો હોત?

૩૯૮૩ બિલાડીએ પોતાના નહોરો પિંજરા ઉપર મૂકયા છે, તેના નહોરનું નામ દુઃખ અને અને લવારો અને આંતરડાની શૂળો છે.

૩૯૮૪ બિલાડીએ મૃત્યુ છે, અને તેના નહોર એ બિમારીઓ છે. તે (પોતાના નહોર) પંખી અને પિંછા ઉપર અજમાવે છે.

૩૯૮૫ તે (માંદો માણસ પંખીની માફક) સાજો થવા એક ખૂણામાંથી બીજા ખૂણામાં દોટ મુકે છે. મૃત્યુકાજી જેવું છે અને મંદવાડ સાતી છે.

૩૯૮૬ તમો (તમારા નશીબમાંથી) છટકવા (તેની પાસે) વખત આપવા આજીજી કરો છો, જો તે હા પાડે તો તે આપવામાં આવેલ છે, નહિતર તે કહે છે, ઊભો થા (અને મારી સાથે ચાલ).

૩૯૮૮ વખત માનવાનું કારણ બિમારીમાંથી સાજો થવા ઉપચારો (કરો) કે જેથી તમે ફાટેલો ડગલો, કાયા સાંધી લ્યો.

૩૯૮૯ આખરે એક સવારે તે ગુસ્સામાં આવે છે, કહે છે, રાહતનો વખત કેટલો લાંબો બને? હવે તને અરજ કરૂં છું. કે જરા તો શરમા!

૩૯૯૦ ઓ અદેખા આદમી આના જેવો આવી પહોંચે તે પહેલાં બાદશાહ પાસેથી માફી માગ.

૩૯૯૧ અને જે કોઈ પોતાના ઘોડાને અંધારામાં હાંકે છે અને "નૂર"થી પોતાનું દિલ ફેરવે છે.

૩૯૯૨ તો (તને) સાતીમાંથી અને તેના ઉદ્દેશમાંથી ભાગવું છે. કારણ કે તે સાની ઇન્સાફ માટે બોલાવે છે.

## તેના રાત્રીએ સુવાના ઈરાદા અંગે મસ્જિદના લોકોનો એક વધુ વાર ઠપકો આપવો.

૩૯૯૩ લોકોએ તેને કહ્યું, "અવિચારીપણે વર્ત નહિ, રવાના થા રખેને તારી કાયાના
પોશાક અને તારો આત્મા (મોત પાસે) ગીરવી બને."

૩૯૯૪ છેટેથી તે સહેલું દેખાય છે (પણ) સારી રીતે જો, કારણ કે અંતમાં મુસાફરી
દુ:ખદાયક છે.

૩૯૯૫ ઘણા માણસોએ પોતાને લટકાવ્યા છે અને પોતાની (ગરદન) ભાંગી છે, અને દુ:ખના
સમયે પોતાના હાથમાં કંઈક પકડવા શોધ્યું છે.

૩૯૯૬ માણસના દિલમાં લડાઈ પહેલાં ભલા કે બુરાની કલ્પના કરવી હળવી લાગે છે.

૩૯૯૭ (પણ) જ્યારે તે હરોળમાં દાખલ થાય છે ત્યારે તે માણસને (પેલી) બાબત
દુ:ખદાયક લાગે છે.

૩૯૯૮ જ્યારે કે તું સિંહ નથી, ત્યારે ખબરદાર રહે, આગળ પગલું ભર નહિ કારણ કે
તે દૈવી નશીબ વરૂ છે અને તારો આત્મા ઘેટું છે.

૩૯૯૯ પણ જો તમે 'અબ્દાલ' માંના એક છો, અને તમારૂં ઘેટું સિંહ બન્યું છે તો
પછી સલામતીપુર્વક આગળ જા કારણ કે તમે તમારા મૃત્યુને ફગાવી દીધું છે.

૪૦૦૦ 'અબ્દાલ' કોના છે? તે કે જેની પ્રકૃતિ બદલાવાની છે, તે કે જેનો શરાબ દૈવી
પ્રકૃતિ બરલાવા અંગે સુરકામાં ફેરવાયો છે.

૪૦૦૧ પણ તું નશામાં છે, અને (માત્ર) ખ્યાલથી પોતાને સિંહ બનેલો ધારી, સિંહ
પકડવા (જાય છે). ખબરદાર થા! આગળ ન વધતો!

૪૦૦૨ અશ્રદ્ધાળુ કાફરો માટે ખુદાએ કહ્યું છે, "તેઓ પોતા વચ્ચેની વીરતા એ જ
તેઓની વીરતા છે."

૪૦૦૩ એક બીજા વચ્ચે તેઓ પુરૂષના ગુણો ધરાવે છે (પણ) લડાઈ કરવાની મુસાફરીમાં
તેઓ ઘરની ઓરતો જેવા છે.

૪૦૦૪ અદ્રશ્ય ચીજોના અમીરૂલ, પયગમ્બર સાહેબે કહ્યું છે, "ઓ યુવાન, લડાઈઓ આગળ
બહાદુરી કંઈ જ નથી."

૪૦૦૫ જ્યાં લડાઇની વાતો હોય છે ત્યાં નશાવાળો લવારો કરે છે, પણ જ્યારે લડાઈ
શરૂ થાય છે ત્યારે તેઓ બકવાદની માફક નકામા જેવા (બને છે).

૪૦૦૬ જ્યારે લડાઇનો વખત પોકારાય છે ત્યારે તેનો (આત્માનો) જમૈયો લાંબો છે,
સંઘર્ષના વખતે તેની તલવાર ડુંગળીની માફક છાલ ચડાવેલ હોય છે.

૪૦૦૭ પૂર્વ યોજના વખતે તેનું દિલ જખમો માટે આતુર હોય છે પણ (અમલમાં
મુકતાં) તેની (હવાની) કોથળી સોયથી ખાલી થઈ જાય છે.

૪૦૦૮ પવિત્રતા શોધનારાથી મને અજાયબી થાય છે કે તેઓ ( પોતાના દિલને ) ચોકખા કરવા અંગે ખોટી રીતની વર્તણુંક અંગે સંકોચાતા નથી.

૪૦૦૯ પ્રેમ દાવાની માફક છે, ઘાતકી વર્તણુંક સહન કરવી એ પુરાવો છે, જ્યારે તમારી પાસે પુરાવા નથી, દાવો હારી જશો.

૪૦૧૦ જ્યારે આ ન્યાયધીશ તમારો પુરાવો માગે ત્યારે દિલગીર ન થતો, સરળને ચુંબન કરો કે જેથી તમે ખજાનો મેળવો.

૪૦૧૧ ઓ પુત્ર, પેલી સખતાઈ તારા તરફ નથી, નહિ, તારી અંદરના હલકા ગુણો તરફ છે.

૪૦૧૨ એક માણસ લાકડીના ફટકાઓ સેત્રંજી ઉપર લગાવે છે, તો તે સેત્રંજી ઉપર નહિ પણ ( સેત્રંજી ) ની ધુળ ઉપર છે.

૪૦૧૩ જો પેલો શિક્ષાત્મક આદમી ઘોડાને ચાબુકો મારે છે તો તે ઘોડા તરફ ફટકા લગાવતો નથી પણ તેના લથડાવા તરફ લગાવે છે.

૪૦૧૪ એટલા માટે કે તે ( લથડીયાં ખાવામાંથી ) મુક્ત બને, અને સારી રીતે આગળ વધે, તમે ( ઘડામાં ) કાચો દ્રાક્ષાસવ બંધ કરો છો એટલા માટે કે શરાબ બને.

૪૦૧૫ તેણે ( કોઈએ ) કહ્યું, " તેં પેલા નાના અનાથ બાળકને આટલા બધા ફટકા માર્યા છે, તું દૈવી ગુસ્સાથી કેમ બીતો નથી. "

૪૦૧૬ તેનો ( મારનારે ) કહ્યું, " ઓ વહાલા આત્મા અને દોસ્ત, મેં તેને કયારે માર્યું ? મેં જે સેતાન તેનામાં હતો તેને માર્યું છે. "

૪૦૧૭ જો તમારી મા તમોને કહે, " તું મરી જા ! " તેણી પેલી તમારી ( હલકી ખાશિયત અને દુષ્ટતાનું મૃત્યુ ઇચ્છે છે.

૪૦૧૮ જે ટોળું ભુલ સુધારવામાંથી નાશી છુટ્યું, તેઓએ પોતાનું પુરૂષત્વ અને ( સાચા ) માણસોને લજાવ્યા.

૪૦૧૯ રસ્તો ભુલેલાઓએ તેમને લડાઇમાંથી પાછા હાંકી કાઢ્યા, કે જેથી તેઓ અજાણ અને નામર્દ રહે !

૪૦૨૦ બાલિશ વાતો કરનારની બડાઇઓ અને ગર્જનાઓ તું સાંભળતો નહિ. આવા સાથીદારો સાથે લડાઇમાં જતો નહિ.

૪૦૨૧ જ્યારે કે " તેઓએ લાંચ રૂશ્વત સિવાય કાંઈ વધાર્યું નહિ, " ત્યારે ખુદાએ કહ્યું, " બાયલા સાથીદારોથી પાંદડું ફેરવો ( જુદા પડો ). "

૪૦૨૨ કારણ કે જો તેઓ તમારી સાથે આવશે, લશ્કરીઓ ઘાસ જેવા કૌવત વગરના બનશે.

૪૦૨૩ ( લડાઈના મેદાનમાં ) તેઓ પોતાને તમારાથી આગલી હરોળમાં મુકે છે પછી તેઓ ભાગે છે અને હરોળનું મધ્યસ્થ ભાંગશે.

૪૦૨૪ તેથી આવા માણસો નાસ્તિકોના ઉમેરાવાથી મોટું લશ્કર બને તે કરતાં નાનું લશ્કર વધુ ઉત્તમ છે.

૪૦૨૫ સારી તારવેલી થોડી બદામ, કડ્વાસ ભરેલી જથ્થાબંધ બદામ કરતાં વધુ ઉત્તમ છે.

૪૦૨૬ જ્યારે કે (એકઠા કરવામાં આવે) ત્યારે કડવી અને મીઠી સરખી જ (દેખાય છે). દિલ (સત્ય) જુદા હોવા અંગે તફાવત ઊભો થાય છે.

૪૦૨૭ નાસ્તિક બિકણ દિલનો હોય છે, તેથી અભિપ્રાય (દર્શાવતાં) પેલી બીજી દુનિયાની હાલત જેવો શંકામાં જીવતો હોય છે.

૪૦૨૮ તે રસ્તા ઉપર ચાલ્યો જાય છે અને (કોઈ પણ) ઘટનાસ્થાન જોતો નથી. દિલનો આંધળો માણસ બીતાં બીતાં પગલાં ભરતો હોય છે.

૪૦૨૯ જ્યારે મુસાફર રસ્તો જાણતો નથી ત્યારે તે કેવી રીતે જશે? તે ઘણી આનાકાનીઓથી જશે, જ્યારે તેનું દિલ લોહીથી ભરેલું મહાસંતાપમાં (હશે).

૪૦૩૦ જો (તેને) કોઈ કહેશે, અરે, આ રસ્તો નથી તો તે ત્યાં અટકશે અને ચોંકેલો ઊભો રહેશે.

૪૦૩૧ પણ જો તેનું (મુસાફરનું) સમજુ દિલ, રસ્તો જાણે છે તો પછી દરેક આહ અને ઓહ તેના કાનમાં કેમ પ્રવેશશે?

૪૦૩૨ તેથી આ ઉંટ જેવા દિલવાળાઓ સાથે મુસાફરી કરતો નહિ, કારણ કે, દુઃખના અને ભયના વખતે તેઓ ડુબનારા છે.

૪૦૩૩ પછી તેઓ ભાગી છૂટયા અને તને એકલો છોડી દેશે જો કે તેઓ બડાઇ મારવામાં બાબિલોનના જાદુ જેવા (શક્તિશાળી) છે.

૪૦૩૪ ખબરદાર રહેજો! એશઆરામની જીંદગી પસંદ કરવાળાઓને તું લડવાની વિનંતી કરતો નહિ. મોરને શિકાર અને પાછળ પડવાની વિનંતી કરતો નહિ.

૪૦૩૫ વાસનામય ખાશિયત એ મોર છે જે તને ઉત્તેજે છે અને નકામી વાતો કરે છે કે જેથી તે તને તારા (રૂહાની) દરજ્જા ઉપરથી ખસેડે.

સેતાનનું કુરેશોને કહેવું, "આહમદ (હ. નબી સાહેબ) થી લડાઈ કરો, હું તમોને મદદ કરીશ અને મારા કબીલાને મદદ માટે બોલાવીશ, અને પછી જ્યારે બંને હરોળો ટકરાણી ત્યારે તે ભાગી છુટયો."

૪૦૩૬ (દાખલા) તરીકે સેતાન (કુરેશના) લશ્કરનો આગેવાન બન્યો, અને ઉંધે રસ્તે દોરવાના શબ્દો બોલ્યો. કહીને "ખરેખર હું તમારૂં રક્ષણ કરનાર છું."

૪૦૩૭ જ્યારે કુરેશો તેના કહેવા પ્રમાણે આવ્યા, અને બન્ને લશ્કરો એક બીજા સાથે ટકરાણા.

૪૦૩૮ ત્યારે ઈમાનદારોની હરોળની બાજુમાં સેતાને પુષ્કળ ફિરસ્તાઓ ઓચિંતા જોયા.

૪૦૩૯ (તેણે ઓચિંતા જોયાં) પેલાં, "લશ્કરો કે જે તેં જોયાં નહિ" અને હારમાં ઉભી રહી ગયા. અને બીકમાં તેનો (સેતાનનો) આત્મા અગ્નિ હોત્રી બન્યો.

૪૦૪૦ પાછળ પગલાં ભરતા ભરતા તેણે પીછેહઠ શરૂ કરી કહે, એક અદ્ભુત મિજબાન હું જોઉં છું.

૪૦૪૧ તે છે, "હું ખુદાથી બીઉં છું. મને તેનાથી કાંઈ મદદ નથી, તમે બધા ચાલ્યા જાઓ. ખરેખર હું જોઉં છું તે તમે જોતા નથી."

૪૦૪૨ હારિપે કહ્યું, "ઓ, ઓ તું કે જેનું રૂપ 'સુરાક'નું હતું, શા માટે તેં આવા શબ્દો ગઈ કાલે ઉચ્ચાર્યા નહિ?"

૪૦૪૩ તેણે જવાબ આપ્યો, હું (મારી સમક્ષ) આ પળે નાશ જોઈ રહ્યો છું. તેણે (હારિપે) કહ્યું, "તું અરબોની ઘણી દુર્બળતાઓ જુએ છે."

૪૦૪૪ તું આના સિવાય બીજું કંઇ જોતો નથી. પણ ઓ તું બદનામ, તે વાતો કરવાનો વખત હતો, અને આ લડાઇનો વખત છે.

૪૦૪૫ ગઇ કાલે તું કહેતો હતો, "હું વિજયની અને દૈવી મદદની હંમેશાં માટે તમને બાંહેધરી આપું છું.

૪૦૪૬ ઓ શ્રાપિત, તું ગઈ કાલે લશ્કરની સલામતી હતો અને હવે બાયલાપણાથી નામર્દ અને દુષ્ટ બન્યો છો.

૪૦૪૭ તેથી જ્યારે અમે તારા આ (ઢોંગી) શબ્દો ગળે ઉતાર્યા અને (લડાઈમાં) આવ્યા ત્યારે તું ચુલામાં પડયો છે અને અમો ઇંધણ બન્યા છીએ.

૪૦૪૮ જ્યારે હારિપે સુરકાને આમ કહ્યું, પેલો શ્રાપિત આ બોલેલા શબ્દોથી ગુસ્સે ભરાયો.

૪૦૪૯ તેણે પોતાનો હાથ (ગુસ્સા પૂર્વક) હારિપના હાથમાંથી ખેંચી લીધો. કારણ કે તેનું દિલ તેનાં ઉચ્ચારેલા શબ્દોથી દુભાવ્યું હતું.

૪૦૫૦ સેતાને તેની (હારિપાની) છાતી ઉપર ફટકો માર્યો અને ભાગી છુટયો. આ પ્રપંચના કારણે તેણે પેલા કંગાળોનાં લોહી વહેવડાવ્યાં.

૪૦૫૧ આવી રીતે સંખ્યાબંધને નાશ કર્યા પછી તેણે કહ્યું, "અને, હું તેનાથી છૂટો થયેલ છું.

૪૦૫૨ તેણે તેની છાતી ઉપર ફટકો માર્યો અને તેને પછાડયો, પછી તેણે ભાગવું શરૂ કર્યું. તે અધમ સંતાતો ચાલુ છે.

૪૦૫૩ દુષ્ટ મન અને સેતાન અનિવાર્યપણે એક જ જણ છે, (પણ) તેઓ પોતાને બે રૂપોમાં બતાવે છે.

૪૦૫૪ ફિરસ્તા અને બુદ્ધિશાળી જેવા કે જેઓ એક જ છે, પણ તેની (ખુદાની) દયાના કારણ અંગે બે રૂપ બન્યાં છે.

૪૦૫૫ તમારી અંદર આના જેવો (ભયંકર) દુશ્મન છે, તે સમજ શક્તિને અટકાવનારો અને આત્મા અને દીનનો વિરોધી છે.

૪૦૫૬ એક પળે તે લીમીયન ગરોળીની માફક આગળ ધોચે છે, પછી ફરીવાર (ભાગલામાં) તે દરમાં સંકોચાતી જાય છે,

૪૦૫૭ તેવી જ રીતે હવે, તેને (ઈન્સાનના) દિલમાં ઘણાં કાણાં છે અમે દરેક કાણામાંથી તે તે તેનું માથું બહાર કાઢે છે.

૪૦૫૮ જે નામ સેતાનની નિશાની તરીકે સૂચવે છે તે માણસોના આત્માઓથી સંતાએલ છે, અને પેલા કાણામાં જાય છે તે 'ખનુસ' છે.

૪૦૫૯ કારણ કે તેનું 'ખનુસ' અમેરીકન સાહુડીના 'ખનુસ' માફક છે. (અને) સાહુડીના માથાની માફક અંદર આવજાવ કરે છે.

૪૦૬૦ ખુદાએ સેતાનને 'ખનુસ' (છટકનાર) તરીકે બોલાવેલ છે, કારણ કે તે નાની સાહુડીના માથાને તે મળતો આવે છે.

૪૦૬૧ ઘાતકી શિકારીની બીક અંગે અમેરીકન સાહુડીનું માથું ચાલુ સંતાએલું રહેતું હતું.

૪૦૬૨ ત્યાં સુધી કે તેને તક માલામ પડી છે. તે પોતાનું મોઢું બહાર કાઢે છે. આવી યુક્તિ પ્રયુક્તિથી સરપ તેનો શિકાર બને છે.

૪૦૬૩ જો દુષ્ટ મને તને તારા અંદરથી રૂંધેલ નથી તો પછી ડાકુઓને તારા ઉપર હાથ અજમાવવાની શક્તિ કેવી રીતે હોય?

૪૦૬૪ તાત્કાલિક અધમતા કે જે વિષમ વાસના છે. દિલ તેની ખાતર લાલસા, મોહ અને અનર્થનું કેદી બને છે.

૪૦૬૫ આંતરિક અધમતા ખાતર તમે ચોરટા અને નીતિભ્રષ્ટ બન્યા છો કે જેથી આંતરિક અધમતા માટે બળથી પાલન કરાવવાનો રસ્તો (ખુલ્યો) છે.

૪૦૬૬ હદીસોમાંની આ ભલી સલાહ ઉપર ધ્યાન દેજો "તમારો ખરાબમાં ખરાબ શત્રુ તમારી બેઉ બાજુઓ વચ્ચે છે."

૪૦૬૭ આ દુશ્મન (દુષ્ટ મન) ની આડંબરી વાત સાંભળતા નહિ (પણ) ભાગી છુટજો. કારણ કે તે હુંસાતુંસી અને કજીઓ કરાવવાની હલકાઈમાં ઈબલીસની માફક છે.

૪૦૬૮ આ દુનિયા અને વિષંવાદની ખાતર તેણે તમને અનંતકાળનું દુઃખ સહેલું દેખાડ્યું છે

૪૦૬૯ (તે) મૃત્યુ પણ સહેલું બતાવે તો શી નવાઈ? તે તેના જાદુ થકી આના જેવું સોગણું કરે છે.

૪૦૭૦ એક ડુંગરને જાદુ તણુખલું બનાવે છે (અથવા) ફરીવાર તે ડુંગરને તણુખલાની માફક વણે છે.

૪૦૭૧ હાથચાલાકીના સાધનોથી તે કદ્રુપ ને ખુબસુરત બનાવે છે. તે ખુબસુરત ચીજોને (ખોટા) અભિપ્રાયથી કદ્રુપ બનાવે છે.

૪૦૭૨ આ જાદુનુ કાર્ય છે કે (મંત્રો) ફુંકે છે અને દરેક ફુંકે (પળે) ખરાપણું બદલાય છે.

૪૦૭૩ એક પળે તે માણસને બનાવટી ગધેડો બનાવે છે (બીજી વખતે) તે ગધેડાને માણસ અને પ્રખ્યાતી પામેલા (જેવો) બનાવે છે.

૪૦૭૪ આવો જાદુગર તમારી અંદર અદ્રષ્ય છે, ખરેખર આવેશમાં છુપાએલ જાદુ છે.

૪૦૭૫ (પણ) દુનિયા કે જ્યાં આ જાદુઈ કળાઓ છે ત્યાં જાદુગરો પણ છે કે જે આ જાદુપણાને હરાવે છે.

૪૦૭૬ આ તાજું ઝેર જે મેદાનમાં ઉગે છે, ઓ પુત્ર, ત્યાં ઝેર મારક પણ ઉગે છે.

૪૦૭૭ ઝેર મારક તમને કહે છે મારાથી એક ઢાલ શોધ, કારણ કે ઝેર કરતાં હું તને વધુ નજીક છું.

૪૦૭૮ તેના (દુશ્મનના) શબ્દો જાદુ છે અને તારો સર્વનાશ છે. મારા શબ્દો (જાદુ) કાયદાસરના છે અને તેનો જાદુ ઉલટું બનાવવું મહાદુઃખ છે.

## ભુલો શોધનારાઓએ, મહેમાનોને મારતી મસ્જિદના મહેમાનને પોતાની સલાહ ફરીવાર દોહરાવી તે વિષે.

૪૦૭૯ પયગમ્બર સાહેબે કહ્યું છે, "ખરેખર જોરદાર વાણી એ જાદુ છે" તે ભલા મહાનુભાવે ખરૂંજ કહ્યું છે.

૪૦૮૦ એઇ, અવિચારી કાર્ય આચરતો નહિ (પણ) રવાના થઈ જા, ઓ ભલા આદમી આના કારણે મસ્જિદ અને અમને બદનામ ન બનાવ.

૪૦૮૧ કારણ કે એક દુશ્મન દુશ્મનાઈથી બોલશે અને આવતી કાલે (તે) બદમાશ અમારી વિરૂદ્ધ અગ્નિ સળગાવશે.

૪૦૮૨ કહેશે, કોઈ દુષ્ટ માણસે તેને લટકાવ્યો છે. તે (બોલનાર) મસ્જિદના ખોટા બહાના તળે સલામત હશે.

૪૦૮૩ કે જેવી તે મસ્જિદ ઉપર ખૂન ચડાવશે અને જ્યારે કે મસ્જિદનું નામ ખરાબ છે તેના અંગે તે (પોતે) છટકી જશે.

૪૦૮૪ અમારા (બોલવામાં) અવિશ્વાસ રાખ નહિ. ઓ બહાદુર આત્મા, કારણ કે અમો અમારા દુશ્મનોના પ્રપંચથી સલામત નથી.

૪૦૮૫ આવ અહીં, રવાના થઈ જા, અવિચારી બન નહિ. નકામી આશામાં મગ્ન ન બન, કારણ કે શનિના ગ્રહને ફુટપટીથી માપવો અશક્ય છે.

૪૦૮૬ તારા જેવા ઘણાઓએ (પોતાના) કિસ્મતની માથાકુટ કરી છે (અને અંતે) કટકે કટકે એક પછી એકે પોતાથી દાઢી પીંખી છે.

૪૦૮૭ એઇ ચાલ્યો જા. મિથ્યા ચર્ચાઓને હવે ટુંકી કર, તારા ખુદને અને અમોને મહાસંતાપમાં ન મૂક.

## મહેમાનનો તેમને જવાબ આપવો અને ધાન્યના ખેતરના રખેવાળની બોધદાયક વાર્તા કહેવી કે પોતાના ધાન્યમાં ખેતરમાં નગારાનો ઊંટને હાંકી કાઢવા અવાજ કરતો નહિ. કે જેના ઉપર લડાઈના નગારાં વગાડવાના રાખવામાં આવે છે

૪૦૮૮ તેણે કહ્યું : "ઓ દોસ્તો, હું સેતાનોમાંનો એક નથી કે મારૂં શારિરીક બળ એક જ 'લાહઉલ' થી ભાંગી પડે."

૪૦૮૯ એક છોકરો કે જે ધાન્યના ખેતરનો રખેવાળ હતો પંખીઓને દુર રાખવાની ખાતર ઢોલ વગાડતો હતો.

૪૦૯૦ તેથી ઢોલના (અવાજ અંગે) પંખીઓ ખેતરથી ભાગી છુટતાં હતા. અને ખેતર ખરાબ પંખીઓની સલામત બનતું હતું.

૪૦૯૧ જ્યારે સુલતાન, અમીર બાદશાહ મહમુદે તે રસ્તેથી પસાર થતાં તેની પડોશમાં એક મોટો તંબુ ખોડ્યો.

૪૦૯૨ આકાશના તારાઓની માફક (અગણિત) લશ્કર સહિત મોટી સંખ્યામાં અને દુશ્મનોની હરોળો ભાંગી વિજેતા બની રાજ્યને સ્વાધીન લઇ (પાછો ફરતો હતો)

૪૦૯૩ એક ઉંટ હતો કે જે લડાઈની નૌબત ઉપાડતો હતા. તે બેક્ટ્રીયન ઉંટ હતો, લશ્કરની આગળ કુકડાની માફક જતો હતો.

૪૦૯૪ તે (હાંકનાર) રાત્રી દિવસ નગારા ઉપર દાંડીઓ પીટતો હતો. અને પાછા ફરતી વખત અને રવાના થતી વખત તેના ઉપર (સાધારણ) ઢોલ લાદવામાં આવતો હતો.

૪૦૯૫ તે ઉંટ અનાજના ખેતરમાં દાખલ થયું, અને છોકરાએ અનાજનું રક્ષણ કરવા નગારૂં વગાડ્યું.

૪૦૯૬ એક સમજુ માણસે તેને કહ્યું, "નગારૂં ન વગાડ, કારણ કે તે (ઉંટ) નગારાથી અનુભવ પામેલ અને ટેવાએલ છે.

૪૦૯૭ બચ્ચા તારૂં આ નાનું નગારૂં તેની પાસે શું છે? જ્યારે કે તે સુલતાનનું વીસ ગણું મોટું નગારૂં ઉપાડે છે.

૪૦૯૮ હું પ્રેમી છું, એક કે જે ખુદીમાં ખતમ થયો છે, મારો આત્મા દુઃખના પીપ માટે વાજાં વગાડવાનું સ્થળ છે.

૪૦૯૯ ખરેખર આ તમારી ડરામણીઓ મારી આગળ એકતાના નગારા જેવી છે કે જેને તમારી આંખોએ જાએલ છે.

૪૧૦૦ ઓ દોસ્તો, હું પેલાઓ (અનુભવ વગરનાઓ) જેવો નથી કે આવી વૃથા કલ્પનાઓ અંગે રસ્તામાં અટકી જાય!

૪૧૦૧ હું ઇસિમાઇલીઓની માફક મોતથી બીનારો નથી. નહિ, ઇસમાઇલની માફક, મારા માથાની ફિકરમાંથી હું સ્વતંત્ર છું.

૪૧૦૨ હું પાપ અને ભપકાની ટોપલી (કાયા) સાથે બંધાયો છું. "તમે આવો, તેણે (પ્રિતમે) મારા આત્માને કહ્યું. "આવો."

૪૧૦૩ પયગમ્બર સાહેબે ફરમાવ્યું છે કે જે બદલો વાળવાની ખાત્રીવાળો બને છે તે પહેલેથી જ ઉદારતાપૂર્વક આપશે.

૪૧૦૪ જે કોઇ પણ ઈનામ માટેનાં એકસો વળતરો જુએ છે. (તે) આ દ્રષ્ટી પછી ઇનામ જલ્દીથી આપી દેશે.

૪૧૦૫ બધાઓ બજારમાં (આ દુનિયામાં) (તેઓના કામકાજમાં) ગુંથાએલા છે, અંતમાં જ્યારે મેળવવાની (તક) આવે છે ત્યારે તેઓ પોતાની દોલત લૂંટાવે છે.

૪૧૦૬ તેઓ પોતાની પૈસાની થેલીમાં બેઠેલા છે. (એવી આશામાં) રાહ જુએ છે કે નફો મળે અને તેઓ કે જેઓ (રાહ જોવામાં) મચ્યા રહે છે તે (તેનું સોનું) વેડફી નાખવું શરૂ કરે.

૪૧૦૭ તેના પોતાના માલની કિંમત ધાર્યા કરતાં વધુ નફાવાળી જુએ છે ત્યારે તેના માલનો મોહ ઠંડો બને છે.

૪૧૦૮ (તેમ) પેલાઓ માટે તે ગરમ રહે છે કારણ કે તેઓ કાંઈ પણ નફો પોતાના માલ કરતાં વધુ સારી તક જોતા નથી.

૪૧૦૯ તેવી જ રીતે જ્ઞાન અને પરિપૂર્ણતા અને વેપારની (બાબતમાં છે) જ્યારે કે તેઓ ઉત્તમતામાં તેઓથી વધુ ઉત્તમ બીજું કંઇ જોતા નથી.

૪૧૧૦ જ્યારે જીંદગી કરતાં વધુ ઉત્તમ બીજું કંઇ નથી. જીંદગી અમૂલ્ય છે. જ્યારે વધુ સારૂં દેખાય છે ત્યારે જીંદગીનું નામ ચકાસણી બને છે.

૪૧૧૧ એક બચ્ચા માટે નિર્જીવ ઢીંગલી જીંદગી જેવી વહાલી છે. જ્યાં સુધી જ કે તે યુવાનીમાં પ્રવેશે છે.

૪૧૧૨ આ કલ્પના અને વિચાર (એ) ઢીંગલી (જેવા) છે, જ્યાં સુધી કે તું રૂહાની રીતે બચ્ચું છે ત્યાં સુધી કે તું રૂહાની રીતે બચ્ચું છે ત્યાં સુધી જ તમોને તેની જરૂરીયત છે.

૪૧૧૩ (પણ) જ્યારે આત્મા બચપણમાંથી નાશી છુટયો છે, તે (ખુદાની) મુલાકાતમાં જ છે. તે સમજણ ધરાવતો અને કલ્પના અને ખ્યાલના બંધનમાં છે.

૪૧૧૪ (આ ગુઢાર્થની) વ્યાખ્યા થઇ શકે નહિ કે હું બેહુદું બોલું ! હું ચૂપ રહીશ સાચો (રૂહાની સંબંધ) સૌથી સારી રીતે ખુદા જાણે છે.

૪૧૧૫ આ દુનિયાની માલ મિલ્કત અને કાયા એ બરફ ઓગળવાની માફક નહિવત છે. (છતાં) ખુદા તેનો ખરીદ કરનાર છે કારણ કે "ખુદાએ ખરીદ કરેલ છે." (આ વાત)

૪૧૧૬ તમને બરફ કીંમતી વસ્તુ કરતાં વધુ સારો દેખાય છે કારણ કે તમે શંકામાં છો. તમને (ઈમાન ન હોવા અંગે) ખાત્રી નથી.

૪૧૧૭ વાદવિવાદી ઇન્સાન, અને તમારામાં આવા અદ્‌ભૂત અભિપ્રાય છે કે જે ખાત્રીના બાગમાં ઉડતો નથી.

૪૧૧૮ ઓ પુત્ર, દરેક અભિપ્રાય ખાત્રી માટે તૃષાતુર છે અને (તેને સંતોષવા માટે) તેની પાંખો આતુરતાપૂર્વક હવામાં વીંઝે છે.

૪૧૧૯ જ્યારે તે જ્ઞાન મેળવે છે ત્યારે (રૂહાની રીતે આગળ વધવા) એક પગ બને છે,
અને તેનું જ્ઞાન ખાત્રીની સુગંધ પ્રસરાવવી શરૂ કરે છે.
૪૧૨૦ કારણ કે જ્ઞાન એ ચકાસણીના રસ્તામાં નીચું છે પણ અભિપ્રાયની ઉપર છે.
૪૧૨૧ **જાણ કે જ્ઞાન એ ખાત્રીનું શોધક છે અને ખાત્રી એ "દીદાર"નું**
**શોધક એક અંતર્જ્ઞાન છે.**
૪૧૨૨ હવે શરૂ થતી 'હલહાકમ'માં શબ્દની પાછળ 'કલ્લા' અને પાછળ 'લાઉતા
મુન'માં આ શોધ.
૪૧૨૩ **જ્ઞાન 'દીદાર' તરફ દોરી જાય છે, ઓ જ્ઞાનવાળા, અને જ્ઞાન ખાત્રી**
**બને તો તેઓ દોજખ જોઈ શકે.**
૪૧૨૪ **'સાચા ઇમાન'થી દીદાર મેળવાય છે.** અભિપ્રાય આપી વિચાર ઉત્પન્ન થાય છે.
૪૨૨૫ અલ હાકમમાં આનો ખુલાસો જો, એટલે કે, "ઇમાનદારોનું જ્ઞાન" એ ઇમાન-
દારોનું 'અંતર્જ્ઞાન' બને છે.
૪૧૨૬ હું અભિપ્રાય અને ખાત્રીથી વધુ ઊંચો છું, અને મારૂં માથું ઠપકા અંગે એક
બાજુ ઢળવાનું નથી.
૪૧૨૭ જ્યારે કે મારા મોઢાએ તેની મિઠાઈ ખાધી છે, હું સ્વચ્છ નજરવાળો અને તેનો
જોનાર બન્યો છું.
૪૧૨૮ જ્યારે હું (મારા રૂહાની) ઘરે જાઉં છું. બહાદુરીપૂર્વક ડગલાં ભરીશ, હું
મારા પગ ધ્રુજવા નહિ દઉં, હું આંધળા માફક ચાલતો નથી.
૪૧૨૯ ખુદાએ જે પણ ગુલાબના ફુલને કહ્યું છે અને હસવાનું નિમિત્ત બનાવેલ છે તેણે
મારા દિલને (પણ) કહ્યું છે, અને એક સો વખત વધુ ખૂબસુરત બનાવેલ છે.
૪૧૩૦ (તેણે મારા દિલ ઉપર ઇનાયત કર્યું) કે જે 'સાયપ્રસ'ને અડ છે અને પોતાનું
કાઠું સીધું બનાવે છે કે જે નર્ગિસ અને ગુલાબના ફુલને મળતી મળતીયું છે.
૪૧૩૧ કે જે શેરડીના આત્મા અને દિલને મીઠો બનાવે છે, કે જેમાંથી જમીનના સજીવ
પ્રાણીઓ 'ચીગીલ'ની (ખૂબસૂરતી) મેળવે છે.
૪૧૩૨ જેનાથી ભમર આટલી મોહક બની છે, અને ચહેરાને દાડમના ફુલ જેવો ગુલાબી
બનાવ્યો છે.
૪૧૩૩ (જેણે) જીભને એક સો મંત્રો આપ્યા અને જેણે જરૂરનું સાચું સોનું ખાણને આપ્યું.
૪૧૩૪ શસ્ત્રાગારનો દરવાજો ખોલવામાં આવ્યો છે, વિલાસી ચમકારાઓ તીરંદાજો બન્યા છે.
૪૧૩૫ અને મારા દિલને બાણ માર્યાં છે અને મને પ્રચંડ ક્રોધાવેશી બનાવ્યો છે, અને
આભાર માનવામાં અને સાકર ચાળવાના પ્રેમમાં નાખ્યો છે.
૪૧૩૬ પેલું બધું જેની માલીકીનું છે તેવા એકલાનો જ હું પ્રેમી છું. અને તેના
ચોકીદારનું એક મોતી પણ (મારી હકીકત) સમજ અને આત્મા છે.

૪૧૩૭ હું કાંઈ બડાઈ હાંકતો નથી, અથવા જો હું બડાઈ હાંકું (તે માત્ર દેખાવ પુરતી છે કારણ કે) પાણીની માફક, અગ્નિ બુઝાવવામાં મને કાંઇ મુશ્કિલી નથી.

૪૧૩૮ જ્યારે કે તે ખજાનાનો સાચવનાર છે ત્યારે હું કેવી રીતે ચોરી કરી શકીશ? (જ્યારે કે) તેજ મારો મદદગાર છે (ત્યારે) હું શા માટે સખત ચહેરાવાળો (બહાદુર) ન બનું?

૪૧૩૯ જે કોઇનો પણ ચહેરો સુર્યથી ગરમ થયો હશે, તેનો ચહેરો સખત બનશે, અને તેને (તેના અંગે) ભય કે શરમ નહિ હોય.

૪૧૪૦ તેનો ચહેરો અજાડ સુરજની માફક વેરીને બાળતો અને પડદા ચીરતો બન્યો છે.

૪૧૨૧ આ દુનિયામાં દરેક પયગમ્બર નૃશંષ વ્યક્તિ હતા. અને બાદશાહોના લશ્કર વિરૂદ્ધ એટલે હાથે ઝઝુમી હટાવ્યા હતા.

૪૧૪૨ અને કાંઈ પણ બીક કે દુઃખ અંગે પોતાનો ચહેરો ફેરવ્યો ન હતો (પણ આખી) દુનિયા વિરૂદ્ધ ધસ્યા હતા.

૪૧૪૩ ખડક સખત અને બહાદુર દષ્ટિમાન થાય છે. તે ઈંટોના ટુકડાઓથી ભરેલ દુનિયાથી બીતો નથી.

૪૧૪૪ કારણ કે પેલા ઈંટોન. ટુકડાઓ ઈંટોના બનાવનારથી સખત છે જ્યારે ખડકને દૈવી કર્તાએ નક્કર બનાવેલ છે.

૪૧૪૫ ઘેટાં ગણત્રીની પર હોય તો (પણ) ખાટકી આટલી બધી મોટી સંખ્યાબળથી બીહી જશે?

૪૧૪૬ તમારામાંનો દરેક ભરવાડ છે. પયગમ્બર (પણ) ભરવાડ જેવા છે, લોકો ઘેટાંનો ટોળાં મિસાલ છે, તે નજર રાખનાર છે.

૪૧૪૭ ભરવાડ તેમની સાથે (તેની) દલીલ અંગે બીતો નથી, પણ ગરમી અને ઠંડી (બધી તકલીફોમાંથી) તેઓનો રક્ષણહાર છે.

૪૧૪૮ જો તે ગુસ્સામાં ટોળા વિરૂદ્ધ બુમ પાડે જાણુ કે તે તેઓ બધા ઉપરના પ્રેમ અંગે છે.

૪૧૪૯ મારૂં ખુશકિસ્મત (પ્રિતમા કહે છે, દરેક પળે તારા કલમાં (ગણગણી) હું તને દિલગીરી ભરેલો બનાવીશ, (પણ પેલા કારણ) અંગે દિલગીરી ભરેલો નહિ.

૪૧૫૦ હું તને દિલગીર અને રડતો બનાવીશ. પણ અને અંતે હું તને દુષ્ટોની આંખોમાંથી સંતાડીશ!

૪૧૫૧ હું તારી પ્રકૃતિ દિલગીરીથી કડવી બનાવીશ, એટલા માટે કે હલકટ આંખ તારા ઉપરથી છુટી બને!

૪૧૫૨ તું કાંઇ (ખરેખરે) મારો શિકારી અને શોધ નથી (નહિ). તું મારો ગુલામ છે. અને મારી અગમ ચેતી આગળ નમન કરનાર છે.

૪૧૫૩ તું તરકીબોનો વિચાર કરે છે કે જેના ( પ્રતાપે ) તું મારામાં મળી જાય. મને શોધવામાં અને છોડી દેવા બન્નેમાં તું મદદ વગરનો છે.

૪૧૫૪ તારા મનનું દુઃખ ( મારામાં મળી જવાનું શોધે છે. ગઇકાલે હું તારા ઉંડા નિશાસાઓ સાંભળતો હતો.

૪૧૫૫ આ રાહ જોવરાવ્યા વગર પણ દાખલ થવાનો દરવાજો બતાવી જવાની છુટ આપવા શક્તિમાન છું.

૪૧૫૬ વખતના આ વમળમાંથી હું તને આઝાદ બનાવું અને મારા 'મિલન'ના ખજાના ઉપર તારા પગ મુકાવું.

૪૧૫૭ પણ મુસાફરીના દુઃખદર્દના હિસ્સે આરામ કરવાની જગ્યાએ મિઠાઇ અને ખુશીએ છે.

૪૧૫૮ ( પછી જ ) જ્યારે દેશવટાનું દુઃખદર્દ અને મુશ્કેલીઓ સહન કરીશ ત્યારે તારા કુટુંબનો આનંદ માણી શકીશ.

**સાચા ઈમાનદારનું ( આફત વખતે ) ભાગવું અને અશાંત 'ચીકપી' અને બીજા તપેલાના છોડવાને જ્યારે તપેલામાં ઉકાળવામાં આવે છે ત્યારે તેમની દુઃખમાં અધિરાઇ અંગે ગભરાટમાં કુદી પડવા તેઓનું ઉપર દોડવા વિષે.**

૪૧૫૯ તપેલામાંના 'ચીકથી'ને જ્યારે અગ્નિને હવાલે કરવામાં આવે છે, ત્યારે તે કેવું ઉપર કુદે છે!

૪૧૬૦ તપેલાના મથાળે તેને ઉકાળવાના વખતે 'ચીકથી' ચાલુ ઉપર આવે છે અને એકસો બુમો પાડે છે.

૪૧૬૧ કહે છે, શા માટે મારા ઉપર અગ્નિ સળગાવી છે? જ્યારે તમો મને ખરીદ કરો છો અને મને ( અપનાવો છો ) ત્યારે તમે મને ઉપર નીચે કેમ ફેરવો છો?

૪૧૬૨ ગૃહિણી મુખથી પીટવું ચાલુ રાખે છે, તેણી કહે છે, 'નહિ' સારી રીતે ઉકળ એક કે જેણે અગ્નિ સળગાવી છે તેનાથી ભાગી જા નહિ છે.

૪૧૬૩ હું તેટલા માટે તને ઉકાળતી નથી કે મને તું ધિક્કારવા જેવો લાગે છે, નહિ, એટલા માટે કે તું સ્વાદિષ્ટ અને લહેજતદાર બને.

૪૧૬૫ જ્યારે તમે લીલા અને તાજા બગીચાનું પાણી પીતા હતા. આ અગ્નિના કારણે પેલું પાણી હતું.

૪૧૬૬ તેનો ( ખુદાનો ) અગાઉનો ગુસ્સો તેની દયા હતી. ( કે જેથી ) અંતે તે ( ખુદાની ) દયાથી તે તકલીફો સહન કરે.

૪૧૬૭ તેની ( ખુદાની ) દયા ( જાહેર રીતે ) તેના કોપમાં આગળ હોય છે, એટલા માટે કે તમામ માલ ( કે જે ) હસ્તિ ધરાવે છે તે હાથમાં આવે.

૪૧૬૮ કારણ કે આનંદ વગર માંસ અને ચામડી ઉગતી નથી અને ઉગે નહિ ત્યા સુધી દોસ્તનો પ્રેમ શું થાશે? (પ્રેમ કેમ જાહેર થશે).

૪૧૬૯ જો પેલી જરૂરીયાતના કારણે કોપનું કૃત્ય સહન કરવું જ પડે તો અંતમાં તમે પેલો તમામ માલ છોડી દયો.

૪૧૭૦ (છતાં) ફરીવાર (તે બાદ) (ખુદાની) દયા આવશે (કોપના કાર્યના) દરગુજર-પણા અંગે, એટલા માટે કહે છે. (હવે) તેં પોતાને ધોઇ નાખેલ છે અને નદીમાંથી બહાર કુદી પડેલ છે.

૪૧૭૧ પેલી (ગૃહિણી) કહે છે, ઓ પંખીના બચ્ચા, તું વસંત ઋતુમાં ધરાયું છે (હવે) દુઃખ તારૂં મહેમાન બન્યું છે તેની આગતા સ્વાગતા સારી રીતે કર.

૪૧૭૨ કે જેથી (જ્યારે) મહેમાન પોતાના ઘરે પાછું ફરે ત્યારે તેનો (સ્વાગત માટે) ઉપકાર માનતું અને બાદશાહની હજુરમાં તારી ઉદારતા જણાવતું થાય.

૪૧૭૩ તેવી શુભેચ્છા ઈનાયત કરનાર, શુભેચ્છાને બદલે પોતે તારી પાસે આવે, અને (આથી) બધી શુભેચ્છાઓ તારી અદેખાઈ કરે!

૪૧૭૪ હું (ઇબ્રાહીમ) ખલીલ છું, અને તું મારો પુત્ર છો. મારા છુરા આગળ તારૂં માથું નમાવ, "અરે, મેં (સ્વપ્નું) જોયું કે હું તને કુરબાન કરૂં."

૪૧૭૫ મારા કોપ આગળ તારૂં માથું દિલમાં જરાપણ કોચવાયા વગર નમાવ, કે જેથી હું તારૂં માથું 'ઇસમાઇલ'ની માફક કાપું.

૪૧૭૬ હું તારૂં માથું કાપી નાખીશ, પણ આ માથું છે કે જે કપાઈ જવામાં અને મૃત્યુથી સલામત છે.

૪૧૭૭ (ખુદામાં) અનંતકાળ (માટે) સમાવા માટે પોતાને આધિન બનાવવું (જરૂરી છે). તારી ખુદને સોંપી દેવાનું શોધવું જોઇએ.

૪૧૭૮ ઓ 'ચીકપી' આફતમાં ઉકળવું ચાલુ રાખ કે જેથી અસ્તિત્વ અને તારા પોતા-પણું બાકી ન રહે!

૪૧૭૯ જો કે તું (અગાઉ) (માટીના) બાગને હસ્યો છો (છતાં) તું આત્મા અને (રૂહાની) આંખના બાગનો ગુલાબ છો.

૪૧૮૦ જો કે તું માટી અને પાણીના બાગથી જુદો પડયો છો (છતાં) તું મુખમાંનો ખોરાક બન્યો છે અને જીવંતમાં દાખલ થયો છે.

૪૧૮૧ આહાર, શક્તિ અને વિચારો બન, (અગાઉ માફક) તું દુધ હતો (હવે) જંગ-લમાંનો સિંહ બન.

૪૧૮૨ ખુદાના કસમ, તું શરૂઆતમાં તેના (ખુદાના) ગુણધર્મોમાંથી ઉગ્યો છો. નમ્રતાથી અને સત્વર તેના ગુણધર્મોમાં પાછો જા.

૪૧૮૩ તું વાદળાં, સૂર્ય અને આકાશમાંથી આવ્યો છો, પછી તું (અસમાન) ગુણધર્મો-
વાળો બન્યો અને સ્વર્ગે સંચર્યો.

૪૧૮૪ તું વરસાદ અને ગરમીના રૂપમાં આવ્યો. તું ઉત્તમ (દૈવી) ગુણધર્મોમાં (પાછો) જા.

૪૧૮૫ તું સૂર્ય અને વાદળાં અને તારાઓનો એક ભાગ હતો. તું આત્મા અને આમાલ
અને વાણી અને વિચારો બન્યો છો.

૪૧૮૬ છોડવાના મૃત્યુમાંથી જનાવરનું અસ્તિત્વ ઊભું થયું, (આ આયાત) "ઓ વિશ્વાસુ,
મને મારી નાખ" ખરી છે.

૪૧૮૭ (મૃત્યુને) પસાર કર્યા બાદ આપણા માટે આવો વિજય છે (આયાતના શબ્દો)
"ખરેખર, મારા કતલ થવામાં જીવન છે."

૪૧૮૮ આમાલ અને વાણી અને સચ્ચાઇ એ ફિરસ્તાનો ખોરાક બન્યો છે, કે જેથી આ
સીડીના માધ્યમ થકી તે સ્વર્ગ ઉપર સવાર થાય.

૪૧૮૯ જેમકે જ્યારે કોળીઓ માણસનો ખોરાક બન્યો છે ત્યારે નિર્જીવ (હાલતમાંથી)
તેણે સવારી કરી છે અને આત્મા ધરાવતો બન્યો છે.

૪૧૯૦ આ ખુદાના અનુસંધાનમાં બીજી જગ્યાએ લંબાણપુર્વક વિવરણ આપવામાં આવશે.

૪૧૯૧ (રૂહાનીઓની) વણજાર બહિશ્તમાંથી અખુટપણે આવે છે કે જેથી તેઓ (પૃથ્વી
પર) સફર કરે અને ફરીવાર પાછા જાય.

૪૧૯૨ તો પછી એક ચોરની માફક અને કડવા મને અને ધિક્કારથી નહિ (પણ) મિઠાશ
અને ખુશીના દિવસે જા.

૪૧૯૩ હું તમારી સાથે કડવા શબ્દોથી બોલું છું એટલા માટે કે તમને કડવાશથી ધોઇ નાખું.

૪૧૯૪ થીજેલ દ્રાક્ષો ઠંડા પાણીથી સ્વતંત્ર બનાવાય છે અને તેનું થીજેલાપણું અને કડવાશ
એક બાજુ હટાવાય છે.

૪૧૯૫ જ્યારે સહન કરવા અંગેનું કડવાશપણું, (દ્રાક્ષની માફક) તારૂં દિલ લોહીથી
ભરેલું છે તો પછી તું બધી કડવાશોથી બચી જઇશ.

સાચો ઇમાનદાર જ્યારે આંતરીક અર્થ, અને આફતના સ્થાપિત
નિયમનો લાભ સમજે ત્યારે કેમ શાંત બને છે તે બતાવતી સરખામણી.

૪૧૯૬ (જો) એક કુતરો શિકાર માટે (રાખવામાં) આવ્યો ન હોય તો તેને પટો હોતો
નથી. કાચું અને બફ્યા વગરનું સ્વાદહિન કોઈ કામનું હોતું નથી.

૪૧૯૭ 'ચીકર્યા' એ કહ્યું, "ઓ બાઈ સાહેબ જયારે આમ છે તો હું ખુશીથી ઉકળીશ
સંનિધામાં મને મદદ કરજે."

૪૧૯૮ તું આ ઉકાળવામાં મારી હતી તેવી યોજક છે, કડછાથી મને ખૂબ ફટકાર, કારણ કે
તું ઘણા આનંદપુર્વક મારે છે.

૪૧૯૯ હું હાથી છું, મારા માથામાં માર અને ડામ દે કે જેથી હું હિન્દુસ્તાન અને તેના બગિચાનાં સ્વપ્નાં ન સેવું.

૪૨૦૦ હું તેથી ઉકળવા અંગે મારા ખુદને તાબે કરૂં, (અને) અંતે (પ્રિતમને) આલીંગન કરવાનો રસ્તો શોધું.

૪૨૦૧ કારણ કે માણુસ સ્વતંત્રપણાની (હાલતમાં) સ્વપ્ના સેવતા હાથીની માફક ઉદ્ધત અને વેરી બને છે.

૪૨૦૨ જ્યારે હાથી હિન્દુસ્તાનનાં સ્વપ્નાં સેવે છે ત્યારે તે હાંકનારને ગાંઠતો નથી અને અપલક્ષણ બતાવે છે.

## ગૃહિણીની 'ચીકપી' પાસે માફી માગવી અને 'ચીકપી' ને ઉકાળવામાં રહેલું ડહાપણ (સમજાવવું).

૪૨૦૩ પેલી સ્ત્રીએ તેને કહ્યું, "અગાઉ હું પણ તારી માફક માટીનો એક ભાગ હતી.

૪૨૦૪ હું મારા ખુદને મારવાના ભયંકર પ્યાલા પીધા પછી સ્વીકારવા યોગ્ય અને લાયક બનેલ છે.

૪૨૦૫ હું લાબાં સમય સુધી (સમયની) દુનિયામાં ઉકળેલ છું. બીજા ઘણા લાબાં વખત સુધી કાયાના ઘડામાં (ઉકળેલ છું).

૪૨૦૬ હું આ બે ઉકાળાઓના કારણ થકી ઇંદ્રિઓવાળી શક્તિશાળી બનેલ છું, (પછી) હું (જનાવરી) આત્મા બની પછી તારી શિક્ષક બની છું.

૪૨૦૭ (જ્યારે હું) જડ હાલતમાં હતી (ત્યારે) મને કહ્યા કરતી, "તું દોડાદોડી કરે છે. અંતે જ્ઞાન અને રૂહાનીયત ગુણવાળી બનીશ."

૪૨૦૮ જ્યારે હું જાનવરી આત્મા બની છું, હવે મને એક વધુવાર ઉકળવા દઉં કે જેથી હું જનાવરી પસાર કરી દઉં.

૪૨૦૯ ખુદાને ચાલુ યાદ કર્યા કર, કે જેથી તું આ ગુઢ કહેણથી ધ્રૂજ નહિ, અને (અંતે) તું મુસાફરીના છેડા પાસે આવી પહોંચે.

૪૨૧૦ કારણ કે કુરાનથી ઘણા અવળે માર્ગે (ઉંધા અર્થ કરીને) તે ખુદાઇ 'દોરડી'ને વળગી રહેતાં સેંકડો કુવામાં પડયા છે.

૪૨૧૧ ઓ સ્વચ્છંદી, રસ્સીનો તેમાં વાંક નથી. જ્યારે કે તમને મથાળે (પહોંચવાની) ઈચ્છા જ નથી.

## મહેમાનને મારી નાખનાર મસ્જિદના મહેમાનની દ્રઢતા અને સચ્ચાઈની બાકી રહેલી વાર્તા.

૪૨૧૨ મથાળું શોધતા પેલા શહેરના અજાણ્યાએ કહ્યું, "હું આજની રાત્રિ આ મસ્જિદમાં સુઇશ"

૪૨૧૩ ઓ મસ્જિદ, ઓ તું મારૂં કરબલા બને, તો તું મારો કાબા (પણ) બની શકે છે કે જે મારી જરૂરીયાત પુરી કરે છે.

૪૨૧૪ ઓ પસંદગી પામેલા ઘર, સાંભળો, કે જેથી હું મનસુર (અલ હલ્લાજની) માફક દોરડાનો નાચ કરું.

૪૨૧૫ જો કે મને શીખામણ આપવામાં તમે જીબ્રિઈલ બન્યા છો (છતાં) ખલિલ (ઈબ્રાહીમ) અગ્નિની યાદ માટે આજીજી કરશે નહિ.

૪૨૧૬ ઓ જીબ્રિઈલ (જેવા), ચાલ્યા જાઓ, (પ્રેમનો અગ્નિથી) હું સળગ્યો છું, જ્યારે હું બળીશ ત્યારે કુંવારનું ઝાડ અને સુગંધી દ્રવ્ય માફક વધુ સારો બનીશ.

૪૨૧૭ ઓ જીબ્રિઈલ, જો કે તું મને મદદ કરે છે અને ભાઈની માફક મારૂં રક્ષણ કરે છે.

૪૨૧૮ (છતાં) ઓ ભાઈ, હું અગ્નિ માટે આતુર છું. હું કાંઈ પેલો (જનાવરી) આત્મા નથી કે જાડો અને પછી પાતળો બનું!

૪૨૧૯ જનાવરી આત્મા ઘાસથી જાડો થાય છે. તે (જનાવરી આત્મા) અગ્નિ હતો અને ઈંધણની માફક ખવાતો હતો.

૪૨૨૦ જો તે ઈંધણ બન્યું ન હોત તો તે ફળદાયક બન્યું હોત, તે અનંતકાળ માટે આબાદ થયું હોત, અને આબાદીનું કારણ બન્યું હોત.

૪૨૨૧ કારણ કે આ અગ્નિએ બાળતો પવન છે તે અગ્નિનું કિરણ છે, નહિ કે તેમાંનું સત્વ.

૪૨૨૨ ખાતરીપૂર્વક અગ્નિનું સત્ય ઈથરમાં છે, પૃથ્વીપર માત્ર તેનું કિરણ અને પડછાયો (પ્રતિબિંબ છે).

૪૨૨૩ જરૂરીયાત અંગે કંપવા અંગે કિરણ સ્થિર રહેતું નથી. તે પૂરેપૂરી ઝડપે તેના મુળગમ સ્થાને પાછું ફરે છે.

૪૨૨૪ તમારૂં કાંડું સાધારણ રીતે સ્થિર છે, (પણ) તમારો પડછાયો (હમણાં) ટૂંકો છે, હમણાં લાંબો (બને છે).

૪૨૨૫ તેવી જ રીતે કોઈપણ કિરણમાં કાયમીપણું શોધતો નહિ. (જેમ) પ્રતિબિંબ (તેના) અસલ તરફ પાછું ફરે છે.

૪૨૨૬ સાંભળ, તારૂં મોઢું બંધ કર, તોફાને તેના હોઠો ઉઘાડયા છે ભારેખમ બન. ખુદા સૌથી સારી રીતે જાણે છે.

૪૨૨૭ શરૂની આ વાત ઉપસંહારે પહોંચે છે. અદેખામાંથી દુર્ગંધનો ધુમાડો આવે છે.

૪૨૨૮ હું તેનાથી રંગાએલો નથી, પણ આ ભલાભોળા દિલવાળા માણસના મનના જ્ઞાનતંતુઓને તોડશે.

૪૨૨૯ જેઓ (રૂહાનીયત સત્યતાથી) પડદે ઢંકાએલા છે તેમના ભલા ખાતર રૂહાનીયત બોધવાર્તા પાછળ ગઝબના જ્ઞાની પુરુષે પગલાં પાડયાં.

૪૨૩૦ (કહીને કે) જો એક માણસ કુરાનમાં શબ્દો સિવાય બીજું કાંઇ ન જુએ તો તે તેઓના હિસ્સે નવાઇ નથી કારણ કે તેઓએ સત્ય રસ્તો ગુમાવ્યો છે.

કિરણમાં કાયમી પણું નથી ∴ સ્થિરતા x
પડછાયો, લાંબુ, ટુંકો. અસલમાં પ્રતિબિંબ પાછું ફરે છે.

૪૨૩૧ જ્યારે કે આંધળાની આંખ સૂર્યના કિરણોની ગરમી સિવાય કાંઇ જોઈ શકતી નથી.

૪૨૩૨ ઓચિંતા એક મોટા જડભરત આદમીએ બુરખાધારી બાઇની માફક પોતાનું માથું તબેલામાંથી બહાર કાઢયું.

૪૨૩૩ (કહીને) કે આ વિવરણ એટલે કે મસનવી નકામી છે (કારણ કે) તે પયગમ્બરની વાર્તા અને બનાવટ (ભરેલી છે).

૪૨૩૪ (કે) ખુદાઇ જ્ઞાનના નિરીક્ષણનું નામનિશાન નથી, અને ઉચ્ચતમ ગુફાથી કે જેના તરફ સંતોએ પોતાના ઘેડાઓને કુદાવ્યા છે, (તેનાથી).

૪૨૩૫ (કે) વૈરાગીના મઠોમાંથી (ખુદામાંથી) ભાંગી છૂટવું અને પગથીએ પગથીએ ખુદામાં મળી જવું.

૪૨૩૬ (તે સમાએલ નથી). દરેક સ્થળ અને દરજ્જાનું વિવરણ અને ખુલાસાઓ, કે જેનાથી આ પાંખોને આધારે (ગુફાથી) આદમીનું દિલ ઉપર ચડે, (તે નથી).

૪૨૩૭ જાણે ખુદાની કિતાબ (કુરાને મજીદ) નીચે ઉતર્યું, અશ્રદ્ધાળુઓએ તેની પણ તેવી જ કટુતાભરી ફરીયાદ કરી.

૪૨૩૮ કહીને કે તે (માત્ર) વૃત્તાંત કથાઓ અને નિર્માલ્ય વાતો છે. વિસ્તૃત અસર ઉપજાવે તેની પૂછપરછ અને ભવ્ય ચિંતન નથી.

૪૨૩૯ નાનાં બચ્ચાંઓ તે સમજે છે. તે વસ્તુઓ માત્ર સ્વિકાર્ય અને અસ્વિકાર્ય સંબંધી જ છે.

૪૨૪૦ હ. યુસુફના અંગે, તેના નિયતલા બંધોએ, હ. યાકુબ અને જુલેખાં અને તેણીના આવેશના કારણે.

૪૨૪૧ તે સ્પષ્ટ છે અને દરેક જણ (તેના અર્થનો) રસ્તો શોધે છે, બુદ્ધિશાળી ગુમાએલો બને છે તેનું સ્પષ્ટીકરણ તેમાં કયાં છે?

૪૨૪૨ તેણે (ખુદાએ) કહ્યું, જો આ તને સહેલું દેખાય, આ (કુરાન) જેવી સહેલી રીતની એક સુરા તો કહે.

૪૨૪૩ જીન્ત અને માણુષ્ય જાત અને તમારામાંના ચતુર આ (સહેલી) રીતની એક પણ આયાત ભલે રજુ કરે.

હ. મહમ્મદ (ર. સ. મ.) ની પ્રણાલીકા ઉપર વિવરણ કે, કુરાનના જાહેરી અર્થ છે અને (આંતરિક) અર્થ, અને તેના આંતરિક (અર્થ)ને આંતરિક અર્થ છે. (અને) (તેમજ) સાત (આંતરિક) મતલબો છે તે વિષે.

૪૨૪૪ જાણ કે કુરાનના શબ્દોનો જાહેરી (અર્થ) છે, અને જાહેરી (મતલબની) નીચે ખૂબ જ અતી પ્રબળ આંતરિક (અર્થ) છે.

૪૨૪૫ અને (આંતરિક) અર્થની નીચે, એક ત્રીજો (આંતરિક) અર્થ છે કે જેમાં બધા બુદ્ધિમાનો ગુમાએલા બને છે.

હિતકારી જાણવી

કુરાનનો જાહેરી અર્થ

બીજો જાહેરી અર્થની નીચે અતી ઝૂબ આંતરિક અર્થ

ત્રીજો આંતરીક અર્થની નીચે બુધ્ધિશાળી ગુમાવે

૪૨૪૬ કુરાનનો ચોથો (આંતરિક) અર્થ, અજોડ અને બિન હરિફ ખુદા સિવાય કોઈ સમજ્યો નથી.

૪૨૪૭ ઓ પુત્ર, કુરાન (માત્ર) બહારથી ન નિહાળ, સેતાને હ. આદમમાં માટી સિવાય બીજું કાંઇ જોયું નહિ

૪૨૪૮ કુરાનનો જાહેરી (અર્થ) એ માણસની માફક છે, કારણ કે તેનો બાહ્ય દેખાવ દ્રશ્યમાન થાય છે જ્યારે કે તેનો આત્મા છૂપેલો છે.

૪૨૪૯ એક માણસના કાકા મામા સેંકડો વર્ષ સુધી તેને જુએ તો પણ તેની આંતરિક હાલત એક વાળ જેટલી પણ જોશે નહિ.

**પયગમ્બરો અને ઓલીયાઓનું પર્વતો અને ગુફામાં જવાનું કારણ લોકોથી છુપાવાનું હોતું નથી, નહિ કે લોકોની બીક અંગે, પણ લોકોને 'સત્ય પંથે' દોરવા અને આ દુનિયાના (મોહને) બને તેટલો છોડાવવા અંગેનો હોય છે.** ✓

૪૨૫૦ તેઓના કહેવા મુજબ ઓલીયાઓ પર્વતમાં એટલા માટે રહે છે કે લોકોની આંખોથી છુપાએલા રહે.

૪૨૫૧ તેઓ લોકોની દૃષ્ટિમાં એક સો ડુંગર કરતાં વધુ મહાન છે, અને પોતાનાં પગલાં સાતમા આસમાને પાડે છે.

૪૨૫૨ તો પછી તે કે જે એક સો સમુદ્રો અને પર્વતોથી મહાન છે તે શા માટે ડુંગરમાં (આશરો) શોધી સંતાએલો બને?

૪૨૫૩ તેમને ડુંગરોમાં ભાગી જવાની જરૂરત જ નથી. તે એલક, સ્વર્ગ કે જેની શોધમાં છે, એકસો ઘોડાની નાળો ફેંકી દીધી છે.

૪૨૫૪ અવકાશી દડો (દુનિયા) (ત્યાં સુધી) ફરે છે, અને કદી આત્માની ધૂળ (પગલું) જોયું નહિ (જ્યારે) સ્વર્ગે વિલાપ કરવાનાં વસ્ત્ર ધારણ કર્યા છે.

૪૨૫૫ જો બહારની દ્રષ્ટિએ હુરાં ગુપ્ત છે. (છતાં) માણસ હુરાં કરતા એકસો ગણો વધુ (ગુપ્ત) છે.

૪૨૫૬ બુદ્ધિશાળીની દૃષ્ટિમાં હુરા કે જે ગુપ્ત છે તેના કરતાં એકસો ગણો વધુ ગુપ્ત માણસ છે.

૪૨૫૭ જ્યારે કે બુદ્ધિશાળીની દ્રષ્ટિમાં માણસ ગુપ્ત છે તો પછી હ. આદમ (અ. સ.) કે જેઓ (ખુદાના પસંદ કરાએલા) પવિત્ર છે, (તેઓ) અદ્રષ્ય દુનિયામાં સંતાએલા કેમ બને?

**ઓલીયાનાં રૂપો અને અવલીયાની વાણીમાં રૂપની હ. મુસા (અ. સ.) ના દોરડા અને હ. ઈસા (અ. સ.) ની ફૂંક સાથે સરખામણી**

૪૨૫૮ માણસ હ. મુસા (અ. સ.) ના દોરડા જેવો છે, માણસ હ. ઈસા (અ. સ.) ની ફૂંક જેવો છે.

બહારની દ્રષ્ટિએ હુરા ગુપ્ત- માણસ ૧૦૦ ગણો હુરાથી ગુપ્ત.



૧) કુરાનનો ચોથો આંતરીક અર્થ – અજોડ- બિન હરિફ ખુદા સિવાય કોઈ સમજ્યો નથી.

માણસ બહારથી દેખાય- આત્મા છુપેલો છે.

૪૨૫૯ ન્યાયની ખાતર અને શિષ્ટાચારની ખાતર, સાચા ઈમાનદારનું દિલ ખુદાની, તેની બે આંગળીઓ વચ્ચે ( તેના ) હાથમાં છે.

૪૨૬૦ તેના ( દોરડાનું ) બહારનું ( રૂપ ) લાકડાનો કટકો છે, પણ ( બધા પેદા થનાર ) તેના એક જ કોળીયાની હસ્તિ છે કે જ્યારે તે પોતાનું ગળું ઉઘાડે છે.

૪૨૬૧ હ. ઈસા ( અ. સ. ) ની ફુંક માત્ર અક્ષર કે અવાજ ન ગણતો. મૃત્યુ ફરી જતું અને તેનાથી ભાગવાની હકીકત નીરખ.

૪૨૬૨ તેની ફુંકમાં માત્ર મીઠા શબ્દોને, મરેલો જાગૃત બને અને બેઠા થાય તે ધ્યાનમાં લે.

૪૨૬૩ દોરડાની ( બાબતમાં ) તેને મેળવવાનું સહેલું ન સમજ. તે હકીકત નિહાળ કે તે લીલા સમુદ્રને ચીરે છે.

૪૨૬૪ તમે દુરથી કાગું છત્ર જોયું છે. એક પગલું આગળ વધ અને લશ્કરને જો.

૪૨૬૫ તમે દુરથી ધૂળ સિવાય બીજું કંઈ જોશો નહિ. થોડા આગળ વધો. અને ધૂળમાં માણસ જુઓ.

૪૨૬૬ તેની ધુળ આંખો પ્રકાશિત કરે છે, તેનું પુરૂષત્વ પર્વતોને ઉખેડી નાખે છે.

૪૨૬૭ જ્યારે હ. મુસા ( અ. સ. ) રણના ખૂબ જ વેરાન જગ્યાએથી આવ્યા ત્યારે તેમના આગમનના કારણે સિનાઈ પર્વતે નાચવું શરૂ કર્યું.

**( હદીસનું વિવરણ ) "ઓ તમે પર્વતો, અને પંખીઓ પણ ( તેવી જ રીતે ) તેમના માટેના લાયક શબ્દોથી ( ખુદાનાં વખાણ ) ફરી ગાઓ.**

૪૨૬૮ હ. દાઉદ ( અ. સ. ) નો ચહેરો તેની દિવ્યતાથી ચળકતો હતો. પર્વતો તેમની પાછળ ખુલ્લી રીતે ગાતા હતા.

૪૨૬૯ પર્વતો તેમના સાથીદારો બન્યા, બન્ને સંગીતકારો બાદશાહના પ્રેમમાં મદહોશ (હતા).

૪૨૭૦ ( દૈવી ) હુકમ આવ્યો, ઓ તમો પર્વતો, ફરી ગાઓ, બન્નેએ પોતાના અવાજો મિલાવ્યા, અને એક સાથે સ્વરો રાખ્યા.

૪૨૭૧ તેણે ( ખુદાએ ) કહ્યું, "ઓ દાઉદ, તેં જુદાઈ સહન કરી છે, મારી ખાતર તું તારા સગાંવહાલાંથી જુદો પડયો છે."

૪૨૭૨ ઓ એકાકી અજાણ્યા કે જે દોસ્તો વગરનો બન્યો છે. કોના દિલમાંથી ચાહવાનો અગ્નિ ભભૂકી ઊઠયો છે ?

૪૨૭૩ તેં કવિઓની અને ગાનારાઓની અને ગાઢ સાથીઓની ઈચ્છા કરી, સનાતન માલિક તારી પાસે પર્વતો લાવશે ?

૪૨૭૪ તે ( તેમને ) કવિઓ અને ગાનારા અને શરણાઈઓ વગાડતા બનાવે છે, તે તારી આગળ પર્વતોને માંજાર પડતા ઉડાડે છે.

૪૨૭૫ અંતે તું જાણે કે જેમ પર્વતોને ગાવાની રજા આપવામાં આવે છે, તેવી જ રીતે ઓલીયાઓને હોઠ કે દાંત વગર બોલાએલાં ખુલ્લાં ગીતો હોય છે.

૪૨૭૬ પેલા પવિત્ર શરીરોવાળાના સૂક્ષ્મ કણોનું કર્ણપ્રિય સંગીત દરેક પળે તેની કર્ણ ઇંદ્રિયમાં પહોંચે છે.

૪૨૭૭ તેનો સાથી તે સાંભળતો નથી ( પણ ) તે ( તેને ) સાંભળે છે, અને તે આત્મા સુખી છે કે જે તેના ગુપ્ત ગુઢાર્થમાં માને છે.

૪૨૭૮ તે ( ઓલીયા ) પોતામાં એકસો વ્યાખ્યાનો જુએ છે, જ્યારે તેના સાથીને તેની ગંધ પણ આવતી નથી.

૪૨૭૯ તારા દિલમાં એકસો સવાલો અને એકસો જવાબો તારા રહેવાના સ્થળે સ્થાન વગરના સ્થળના જ્ઞાનમાંથી સંભળાય છે.

૪૨૮૦ તું ( તેમને ) સાંભળે છે ( બીજાના ) કાનો સાંભળતા નથી ( ભલે પછી ) તેઓ પોતાના કાન તારી નજીક પણ લાવે.

૪૨૮૧ ઓ બહેરા આદમી, હું કહું છું કે સત્યપૂર્વક તું તેમને સાંભળતો નથી ( પણ ) જ્યારે કે તેં તેમનું જાહેરી પ્રતિક જોયું છે તો પછી કેવી રીતે કબુલ કરતો નથી?

## તે કે જે મસનવી તરફ તેની સમજણની ખામી અંગે કટુતાભરી ફરીયાદ કરે છે તેમને જવાબ.

૪૨૮૨ ઓ નીચ ફરીયાદી, તમે કામ કાને વણનારા છો અને કુરાન તરફ કટુતાભરી ફરીયાદ અંગે ટાળવાની કોશીષ કરો છો.

૪૨૮૩ આ એવો સિંહ નથી કે જેમાંથી તમે તમારી જીંદગી બચાવી શકો. અર્થાત તેના વેરના નહોરમાંથી તમારૂં ઈમાન ( સલામતીથી ) ઉપાડી જાવ.

૪૨૮૪ કુરાને મજીદ કયામત સુધી પ્રસિદ્ધિ પામ્યા કરશે. અજ્ઞાનતાના આધિન ઓ લોકો.

૪૨૮૫ મને મિથ્યા વાત કરનાર કહેનાર કોણ હતા અને કટુતા અને બેઈમાનીના બી વાવતા હતા?

૪૨૮૬ ( હવે ) તમે તમારી મેળે ( સત્ય ) જોયું છે કે જેના તરફ તમે હાંસી ઉડાડતા હતા ( કે જેથી ) તમે નાશના લાયક અને નજીવા હતા.

૪૨૮૭ હું ખુદાનો શબ્દ છું અને ( દૈવી ) સત્યાતાથી હૈયાત છું, હું આત્માના આત્માનો ખોરાક છું અને ( હું ) પવિત્રતાનો મણી છું.

૪૨૮૮ હું તમારા ઉપર પડેલો તડકો છું પણ હું સૂર્યથી જુદો બનેલો નથી.

૪૨૮૯ અરે, હું પાણીનું જીવન અને ઝરો છું કે જેથી હું ( ખુદાના ) પ્રેમીઓને મૃત્યુમાંથી મુક્તિ અપાવું.

૪૨૯૦ જો તમારી કંજુસાઇએ આટલી બધી દુર્ગંધ ફેલાવી ન હોત તો ખુદાએ તમારી કબર પર પાણીનો પ્રવાહ રેડયો હોત.

હું :- ખુદાનો શબ્દ. , ઝરો, પાણીનું જીવનપ્રદ.
સત્ય. હૈયાત; પ્રેમીને મૃત્યુ થી મુક્તિ.
ખોરાક પવિત્રતાનો મણી.
તડકો, હું સૂર્યથી જુદો નહિ.

૪૨૯૧ નહિ, હું (ગઝનાના) જ્ઞાની પુરૂષની સલાહ અને વચન કબુલ કરીશ. હું મારા દિલને દરેક મેંણાટોણાથી બીમાર બનવા દઈશ નહિ.

## ઘોડાઓના તબેલાના રખેવાળોના ફટકાના અવાજથી વછેરાના પાણી પીવાના ઈન્કારની વાર્તા.

૪૨૯૨ તેના વિવરણમાં તેણે કહ્યું તેમ, વછેરૂં અને તેની મા પાણી પીતા હતા.

૨૨૯૩ પેલા શખ્સો (ઘોડાના રખેવાળો) ઘોડાઓ તરફ ચાલુ બરાડા પાડી ફટકારતા હતા, "આવો, એઇ, પીઓ."

૪૨૯૪ ફટકારવાનો (અવાજ) વછેરાના કાને પહોંચ્યો, તે તેનું માથું ઉંચુ કરતું હતું અને પાણી પીવાની મના કરતું હતું.

૪૨૯૫ તેની માએ પૂછયું, "ઓ વછેરા, તું આ પાણી પીવાનું રોજ શા માટે ઇન્કારે છે?"

૪૨૯૬ વછેરાએ કહ્યું, "આ લોકો ફટકા લગાવે છે, હું તેઓની બુમોના બનાવથી ગભરાઉં છું,

૪૨૯૭ તેથી મારૂં દિલ ધ્રુજે છે અને કુદકા મારે છે. બુમ અંગેના બનાવની ભયંકરતા મારા તરફ આવે છે.

૪૨૯૮ માએ કહ્યું, "જ્યારથી આ દુનિયાની હસ્તિ છે ત્યારથી આ જાતના દુનિયા ઉપર કામઠી કાયાઓ બની છે.

૪૨૯૯ સાંભળ તું તારૂં પોતાનું કામકાજ સંભાળ, ઓ ઉપયોગી આદમી તેઓ બહુ જલ્દીથી (દીલગીરીમાં) પોતાની દાઢી પીંખશે.

૪૩૦૦ વખતની પાગંધી છે અને વિપુલ પાણી વહી જાય છે. પહેલાં (પીઇ લે). (તેમાંથી) છુટા બનવામાં તું કટકાઓમાં વહેંચાઇ જઇશ.

૪૩૦૧ જીવનના જળથી ત્યાં એક પ્રખ્યાત નહેર છે. પાણી ખેંચ, એટલા માટે કે તારામાંથી લીલોતરી ઉગી નીકળે.

૪૩૦૨ ઔલીયાની વાણીની સરિતામાંથી 'અમે ખિઝર'નું પાણી પીએ છીએ, ઓ ગાફલ, તરસ્યા આદમી આવ.

૪૩૦૩ જો તું પાણી જુએ નહિ, આંધળાની યુક્તિબાજ રીતથી કુંજાને નદીએ લાવ, અને નદીમાં ઉંડો રાખ.

૪૩૦૪ નદીના પ્રવાહમાં કેટલું પાણી છે તે તો તમે સાંભળ્યું હશે, (જા અને કોશીષ કર) આંધળા માણસે એક રાગે તેના પ્રયાસો કર્યા હશે.

૪૩૦૫ પાણીની મસકને પાણીની નીચે લઈ જાઓ કે જેને પાણીના વિચારો છે કે જેથી તમને પાણીની મસક વજનદાર લાગે.

૪૩૦૬ જ્યારે તે તમને ભારે લાગી તે તમને સત્ય તરફ લઈ જશે. તે પળે તમારૂં દિલ એક રાગે સુકાપણાથી મુક્તિ પામશે.

૪૩૦૭ જો કે આંધળો માણુસ નદીનું પાણી દૃષ્ટિથી જોતો નથી છતાં તે જાણે છે જ્યારે કે કુંજો વજનદાર માલમ પડે છે.

૪૩૦૮ કે કેટલું પાણી નદીમાંથી કુંજામાં ગયું છે, કારણ કે આ કુંજો ફોરો હતો અને (હવે) તે ભારી બન્યો છે, અને પાણીથી ફુલ્યો છે.

૪૩૦૯ (તે કહેશે) કારણ કે દરેક પવન મને ઉડાડી મુક્તા (પણ હવે) મને પવન ઉડાડી શકશે નહિ, મારૂં વજન વધ્યું છે.

૪૩૧૦ મુર્ખ દરેક ઉમેદના ઝપાટે ઉડી જશે. કારણ કે તેઓમાં (સમજશક્તિનું) વજન નથી.

૪૩૧૧ દુષ્ટ માણુસ એ લંગર વગરનું વહાણ છે, કારણ કે તેને સખત પવનની વિરૂદ્ધ કાંઈપણ સાવચેતીનાં પગલાં મળતાં નથી.

૪૩૧૨ બુદ્ધિનું લંગર એ બુદ્ધિવાન માટે સલામતી છે. બુદ્ધિવાન પાસેથી આવું લંગર માંગ.

૪૩૧૩ જ્યારે કે તે (જ્ઞાની પુરૂષ) બુદ્ધિનો પુરવઠો બક્ષિશોના સમુદ્રના મોતીના ખજાના-માંથી ઉપાડી ગએલ છે.

૪૩૧૪ આવા પુરવઠાથી દિલ જ્ઞાનથી ભરપુર ભરપુર ભરેલું છે તે (જ્ઞાન) દિલમાંથી બહાર પડે છે અને આંખો પણ પ્રકાશિત બને છે,

૪૩૧૫ કારણ કે દિલમાંનો પ્રકાશ આ આંખ ઉપર ઠરીઠામ થાય છે કે જેથી તમારી આંખ દિલ બનવાના કારણે (શારિરીક રીતે) કાર્યવત નથી.

૪૩૧૬ જ્યારે દિલ બૌદ્ધિક પ્રકાશોના સબંધમાં આવ્યું છે, ત્યારે તે તેનો એક ભાગ આંખોને પણ ઈનાયત કરે છે.

૪૩૧૭ જાણુ કે પછી તે આશિર્વાદીત સ્વર્ગનું પાણી (માણુસોના) દિલમાંની વહી છે. અને (દરેક ગુઢાર્થના) ખૂલાસા છે.

૪૩૧૮ ચાલો આપણે પણ વછેરાની માફક પાણી પીએ, વગોવણી કરનારા હલકા સુચનોને ધ્યાન આપીએ નહિ.

૪૩૧૯ જો તમે (પયગમ્બરના) અનુયાયી છો, ઉપર ચાલો. ઈન્સાની પેદાશની બધી કટુતા ભરેલી ફરિયાદોને નકામા પર્વતની (જેમ) નિહાળ.

૪૩૨૦ રસ્તામાં ભટકતા ભસ્તા નીચ કુતરાઓના ભસવાને 'વિદ્વાનો'એ ક્યારે કાન આપ્યો છે?

## મહેમાન મારતી મસ્જિદમાંના મહેમાનની બાકી રહેલી વાર્તા.

૪૩૨૧ પેલા બહાદુર ખુદાના કુરબાનને મસ્જિદમાં શું દેખાણું તે જણાવ અને તેણે શું કર્યું.

૪૩૨૨ તે મસ્જિદમાં સુતો, (પણ) વાસ્તવિક રીતે તે સુતો ખરો? પાણીમાં ડુબતો એક માણુસ કેમ સુએ?

૪૩૨૩ હંમેશ માટે (ખુદાના) પ્રેમીઓ માટે (મોટા) આવેશના જળપ્રલય નીચે પંખીઓ અને મચ્છીઓ જેવી જ (તેમની) ઉંઘ છે.

બક્ષિશોના સમુદ્રમાંથી (ખજાનો) બક્ષિશનો પુરવઠો
સમજશક્તિનું વજન નહિ.
શારિરીક. બુદ્ધિનું લંગર- બુદ્ધિવાન માટે સલામતી છે.
(આંખ- દિલ બને- ના કાર્યવાન)

૪૩૨૪ મધ્ય રાત્રિએ ક્ષોભ પમાડનાર એક અવાજ આવ્યો. હું આવું છું, હું તારા ઉપર આવું છું, એ તું કે જે સંગીન તક શોધે છે.

૪૩૨૫ આવો ભયંકર અવાજ પાંચ વખત આવ્યો, અને તેનું દિલ કટકે કટકે તુટતું બન્યું.

**( કુરાનની ) આયાત ઉપર વિવરણ અને તેઓની વિરૂદ્ધ તારા હયદળ અને પાયદળના માણસો સહિત લડાઈનો નારો લગાઓ.**

૪૩૨૬ જ્યારે તમે ખરા દિલથી ધાર્મિક બનવાનું નક્કી કરો છો ત્યારે તમારી ખાશિ. યતમાંનો સેતાન તમારા તરફ બૂમ પાડશે.

૪૩૨૭ પેલી દિશાએ જા નહિ, ઓ અવળે માર્ગે દોરાએલા, તારો વિચાર કર, કારણ કે તમે દુઃખ અને ગરિબાઈમાં બંધાએલા બનશો.

૪૩૨૮ તમે કંગાળ બનશો, તમે દોસ્તોથી કપાઈ જશો, તમે નિરાશ થશો અને તમો દિલગીરી અનુભવશો.

૪૩૨૯ પેલા શ્રાપિત સેતાનના બુમ બરાડાની બીકથી તમે અમુક સત્યતા ( છોડી ) ગુનાહમાં ભાગી જશો.

૪૩૩૦ કહીને, અરે, આવતી કાલ મારી છે, અને આવતી પરમ દિવસે હું દીનના રસ્તે દોડીશ, મને ( પુષ્કળ ) વખત છે.

૪૩૩૧ પછી ફરીવાર મૃત્યુ તમારી જમણી તરફ અને ડાબી તરફના પાડોશીઓને મારી નાખે છે, તેથી ( તમારામાં પશ્ચાતાપની ) બુમ ઉઠે છે.

૪૩૩૨ હવે ( તમારી ) જીંદગીની બીકમાં તમે ધાર્મિક બનવાનું નક્કી કરો છો, થોડીવાર માટે તમે પોતાને ( સાચો ) માણસ બનાવો છો.

૪૩૩૩ તેથી તમે જ્ઞાનનું અને ડહાપણનું બખ્તર પહેરો છો, કહીને, હું કોઈપણ બીકથી ધ્રુજીશ નહિ.

૪૩૩૪ ફરીવાર તે ( શેતાન ) તમારા તરફ ઢોંગથી રાડો પાડે છે, બીએલો બન અને ગરીબાઈની તલવારથી ભાગી છુટ.

૪૩૩૫ **એક વાર ફરી તે ' નૂર ' ના રસ્તામાંથી ભાગે છે અને જ્ઞાન અને સદાચારના બખ્તરને ફગાવી દે છે.**

૪૩૩૬ તમે ( ઘણા ) વર્ષો થયા તેના ગુલામ છો કારણ કે પેલી બુમ થકી તમે તમારી બનુસ આવા અંધારામાં પાથરી છે.

૪૩૩૭ શેતાનોની ભયંકર રાડોએ લોકોને બાંધ્યા છે, અને તેઓનાં ગળાંનો કબજો લીધો છે.

૪૩૩૮ જ્યાં સુધી કે તેઓના આત્માઓ ' નૂર ' થી નિરાશ બન્યા છે. નાસ્તિકોના આત્માઓની માફક કે જેઓ કબરોમાં રહે છે.

૪૩૩૯ પેલા શ્રાપિતની બુમ થકી આવી ખરાબી છે. દૈવી બૂમનો કેવી મોટી ધાસ્તી
લાગવી જોઇએ.

૪૩૪૦ ઉમદા તેતર ઉપર બાજની ધાસ્તી પડે છે. માખીને તે ધાસ્તીનો એક અંશ
પણ હોતો નથી.

૪૩૪૧ કારણ કે બાજ માખીઓનો શિકારી નથી. માત્ર કરોળીયાઓ જ માખીઓને પકડે છે.

૪૩૪૨ કરોળીઓ કે જે ( સેતાન ) છે. માખીઓ ઉપર તમારી માફક અધિપતિ પણ હોય
છે, નહિ કે તેતર કે ગરૂડ ઉપર.

૪૩૪૩ સેતાનોની બુમ શ્રાપિતોનો ગોવાળ છે. માલિકની બુમ આશીર્વાદિત સંતોની
રક્ષણકર્તા છે.

૪૩૪૪ અંતમાં કે આ બંને બુમોના કારણે આ બંને બુમો એકબીજાથી ઘણી દુર છે
મીઠા સમુદ્રનું એક ટીપું ( પણ ) દરિયાના ખારા પાણીથી ભેગું થતું નથી.

## મસ્જિદમાંના મહેમાનના કાને મધ્યરાત્રિએ તિલસ્માતી બુમ આવી.

૪૩૪૫ હવે ભયંકર બુમની વાત સાંભળ, કે જેનાથી પેલો નશીબદાર માણસ ( પોતાની
જગ્યાએથી ) હટયો નહિ.

૪૩૪૬ તેણે કહ્યું, " હું શા માટે બીઉં ? કારણ કે આ તો ઉત્સવનું નગારૂં છે, જ્યારે
કે ફટકા તેના ઉપર પડતા હોઈ ભલે નગારૂં બીએ !

૪૩૪૭ ઓ દિલ વગરના ખાલી પીપો, તમારા રૂહાની ઉત્સવનો કિસ્સો ( નગારાની )
દાંડીના ઘા ( સિવાય બીજું કાંઇ નથી ).

૪૩૪૮ કયામત એ ઉત્સવ છે, અને નાસ્તિકો પીપ છે, આપણે ઉત્સવ કરતા સમૂહ ગુલાબ
જેમ હસીએ છીએ.

૪૩૪૯ હવે સાંભળ, જ્યારે આ પીપે ઘેરા અવાજ કર્યો ત્યારે તે ( મહેમાન ) ઘડામાં
પરમસુખનો સુપ કેમ રાંધે છે !

૪૩૫૦ જ્યારે અંતર દ્રષ્ટિવાળા માણસે નગારૂં સાંભળ્યું, તેણે કહ્યું, " ઉત્સવના પીપથી
મારૂં દિલ કેમ બીકણ બનશે ? "

૪૩૫૧ તેણે પોતાને કહ્યું, " ખબરદાર રહેજે, તારૂં દિલ ધ્રુજાવતો નહિ. કારણ કે (માત્ર)
ડરપોકના આત્માઓ કે જેમાં ઈમાનની ખામી છે તેઓ જ આ અવાજથી મરણ પામ્યા છે.

૪૩૫૨ હૈદર (હ. મૌલા મુર્તુઝાઅલી અ. સ. )ની માફક મારા માટે વખત આવ્યો છે કે
બાદશાહી ઝડપથી મેળવું અથવા કાયાથી ભાગી છુટવું.

૪૩૫૩ તે કુદકો મારી ઉભો થયો અને બુમ પાડી, ઓ શાહજાદા, અરે, હું અહીં છું
જો તું હો તો આવી જા.

૪૩૫૪ તેના અવાજથી પેલું તિલસ્માત તેજ પળે વિખરાઇ ગયું. દરેક દિશાએથી જુદી
જુદી જાતનું સોનું પડવું શરૂ થયું.

૪૩૫૫ એટલું બધું સોનું નીચે પડયું કે પેલો યુવાન બી ગયો કે રખે ને તેની વિપુલતાથી તે રસ્તો બંધ કરી દીએ.

૪૩૫૬ ત્યારબાદ તે તૈયાર સિંહ (હિંમતવાન) ઊભો થયો અને પ્હો ફાટતાં સુધી સોનું ઉપાડતો ગયો.

૪૩૫૭ અને તેને દાટીને પાછા આવી એક વાર વધુ કોથળા અને ગુણી સાથે.

૪૩૫૮ પીછેહઠ કરનારા બીકણની અવ્યવિસ્થત દિલને ન ગણકારતાં, પેલા ખુદીવાળાએ તેનો (સોનાનો) મોટો ગોદામ ભર્યો.

૪૩૫૯ દરેક આંધળા, સોનું પુજનારા, (ખુદાથી દુર એવા) ના મગજમાં (આ વિચાર હશે) કે આ (પાર્થીવ) સોનું છે એવું સમજાતું હશે.

૪૩૬૦ (તેવી જ રીતે) બચ્ચાંઓ ઘડાના ઠીકરાં ભાગે છે, અને (કટકાઓને) સોનાનું નામ આપે છે અને પોતાના ખમીસોમાં મુકે છે.

૪૩૬૧ જ્યારે આ રમતમાં તમે સોનાનું નામ લ્યો છો ત્યારે પેલા ઠીકરાના (વિચાર) બચ્ચાનું મગજ ઓળંગે છે.

૪૩૬૨ નહિ, (તે) સોનું (દૈવી) છાપથી છપાએલું છે, (સોનું) કે જે કાલગ્રસ્ત બનતું નથી (પણ) અનંત કાળનું છે.

૪૩૬૩ સોનું કે જેમાંથી (આ દુનિયા) સોનું મેળવે છે, ચળકાટ અને ઝગઝગાટ અને શોભાયમાન અને તેજસ્વિતા (મેળવે છે).

૪૩૬૪ સોનું કે જેનાથી દિલ માલદાર બને છે, તે ચંદ્રમાંથી વધુ તેજસ્વિ બને છે.

૪૩૬૫ પેલી મસ્જિદ મીણબત્તી હતી, અને તે (મહેમાન) પતંગીયું હતો. પેલા પતંગીયા જેવી ખાશીયતવાળા માણસે પોતાને દાવમાં મુકી દીધો.

૪૩૬૬ તેણે તેની પાંખોવાળી પણ પોતાની (ઇચ્છા) પુરી કરી તેનું પોતાને અગ્નિમાં નાખવું) તેના માટે આશિર્વાદીત હતું.

૪૩૬૭ પેલો ખુશનશિબ માણસ હ. મુસા (અ. સ.) જેવો હતો કે જેમણે ઝાડની દિશામાં અગ્નિ જોયો.

૪૩૬૮ જ્યારે કે (દૈવી) અગણિત શુભેચ્છાઓ તેના ઉપર ઇનાયત થઈ (છતાં) તેણે તે (માત્ર) અગ્નિ હોવાની કલ્પના કરી, હકીકતમાં તે "નૂર" હતું.

૪૩૬૯ ઓ પુત્ર, જ્યારે તમે ખુદાના પસંદને જુઓ છો ત્યારે તમે તેનામાં ઇન્સાની વૃત્તિથી અગ્નિ હોવાનું ધારો છો.

૪૩૭૦ તમે આ નિર્ણયમાં (તમારી પોતાની નિર્ણયશક્તિમાં) આવો છો, અગ્નિ અને વૃથા કલ્પનાના કાંટા (ઇન્સાની પ્રકૃતિ) તમારામાં છે, (તેનામાં નહિ).

૪૩૭૧ તે હ. મુસા (અ. સ.) નું ઝાડ છે અને 'નૂર'થી ભરપુર છે. આવ, હવે તેને 'નૂર' કહી બોલાવ. તેમને અગ્નિ ન કહે !

૪૩૭૨ આ દુનિયાનું ધાવણુ અગ્નિ જેવું દેખાયું નહિ ? યાત્રિઓ ( તેઓના રસ્તે ) ગયા અને પેલું ( ધાવણુ ) હકીકતમાં 'નૂર' હતું.

૪૩૭૩ તો પછી જાણે કે "દિનનો ચેરાગ" હમેશાં વધુ અને વધુ પ્રકાશિત બને છે, આ ભડકાની મસાલ જેવો નથી.

૪૩૭૪ આ ( બળતી ) મીણુબત્તી પ્રકાશ બનતી દેખાય છે ( પણુ ) તે તેના દોસ્તોને બાળે છે, જ્યારે પેલી ( દીનનો ચિરાગ ) દેખાવમાં અગ્નિ છે પણુ તે ગુલાબને મહેમાનો માફક દિલખુશ છે.

૪૩૭૫ પેલી સુશીલ ( દોસ્તના ) જેવી ( દેખાય છે ) પણુ તે બાળનાર છે, જ્યારે પેલી ( બીજી ) 'મિલન'ની પળે દિલને પ્રકાશિત કરનાર છે.

૪૩૭૬ ( ખુદાની હજુરમાં ) હાજર રહેવાવાળા પેલાઓને પવિત્ર અને કીંમતી "નૂર"ની જ્વાળાઓ દેખાવમાં તેજસ્વી લાગે છે, જ્યારે પોલાઓને જેઓ ( ખુદાથી ) દુર છે તેને અગ્નિ માફક છે.

## સહરે જહાન સાથે પ્રેમીની મુલાકાત

૪૩૭૭ બુખારાના માણુસે પોતાને મીણુબત્તી ઉપર ફેંકયો તેના આવેશના કારણે તે (દુઃખ) સહન કરવું તેના માટે સહેલું બન્યું હતું.

૪૩૭૮ તેની બળતી આગ ઉપર સ્વર્ગે પહોંચી. સદરે જહાનના દિલમાં તેના માટે દયા ઉત્પન્ન થઇ.

૪૩૭૯ પ્રભાતમાં પોતાની સાથે વાત કરતાં તેણે કહ્યું, "ઓ તું કોણ છો ?" અમારામાંનો પેલો ભટકનાર બેગાના કેવો સારો છે ?"

૪૩૮૦ તેણે એક પાપ કર્યું અને અમે તે જોયું, પણુ તે અમારી દયાથી સારી રીતે પરિચિત ન હતો.

૪૩૮૧ પાપીનું દિલ અમારાથી બીધેલું બને છે, પણુ તેની બીકમાં એક સો આશાઓ હોય છે.

૪૩૮૨ હું નિર્લજ્જ ઈન્સાનને બીવરાવું છું કે જેણે ( ખરો ) રસ્તો ખોયો છે, બીક રાખ-નારને હું શા માટે બીવડાવું ?

૪૩૮૩ ઠંડા ઘડા માટે અગ્નિ વાપરવામાં આવે નહિ કે જે ઉકળતો ઘડો હોય તેના ઉપર.

૪૩૮૪ હું ( પણુ ) જ્ઞાનથી ન બીનારાને બીવરાવું છું. ( મારી ) દયા અંગે હું બીનારાઓની બીક ઉપાડી જાઉં છું.

૪૩૮૫ હું થીગડું દેનાર છું, હું તેની યોગ્ય જગ્યાએ થીગડું દઉં છું. હું દરેકને યોગ્ય માપસરનું થીગડું આપું છું.

૪૩૮૬ એક માણુસનું આંતરિક મન ઝાડના મુળ જેવું છે, જ્યારે તેનાં પાન કઠણુ લાકડામાં ઉગે છે.

૪૩૮૭ પાંદડાંઓ મુળ પ્રમાણે ઝાડમાં અને આત્માઓમાં અને અંતઃકરણોમાં ઉગે છે.

૪૩૮૮ ઇમાનદારીના ઝાડમાંથી પાંખો છે કે જે સ્વર્ગ સુધી ઉપર ચડે છે, "તેના મુળ (જમીનમાં) મજબુત છે અને તેની ડાળી આકાશમાં છે."

૪૩૮૯ જ્યારે તે પ્રેમમાંથી પાંખ વિકસે છે કે જે સ્વર્ગ ઉપર ચડે છે (તો પછી) સદરે જહાનના દિલમાં તે કેમ ન વિકસે ?

૪૩૯૦ પાપની માફી તેના દિલમાં લહેરાતી હતી, જ્યાં જ્યાં પણ દિલની બારી છે ત્યાં ત્યાં દરેક એકબીજાના દિલમાં પણ બારી છે.

૪૩૯૧ કારણ કે અનિવાર્યપણે દિલમાંથી (બીજા) દિલમાં બારી છે, તેઓ બે શરીરોની માફક એકબીજાથી જુદા નથી.

૪૩૯૨ બે બત્તીનાં ઠામ વાસણ જોડાએલાં નથી, પણ તેઓનો પ્રકાશ (તેના) રસ્તમાં ભેગો થએલો છે.

૪૩૯૩ વાસ્તમાં કોઇપણ પ્રેમી પોતાના પ્રિતમ સિવાય (બીજાથી) મિલન શોધતો નથી.

૪૩૯૪ પણ પ્રેમીઓનો પ્રેમ કાયાને ધનુષની દોરી જેવો પાતળો બનાવે છે (જ્યારે) પ્રિતમનો પ્રેમ એકને સુંદર અને જાડો બનાવે છે.

૪૩૯૫ જ્યારે પ્રિતમ માટેની જ્વાળા આ દિલમાં સળગે છે, ત્યારે જાણ કે પેલા દિલમાં પણ પ્રેમ છે.

૪૩૯૬ જ્યારે ખુદાનો પ્રેમ તારા દિલમાં બેવડો છે, કાંઇપણ શક વગર ખુદાને તારા માટે પ્રેમ છે.

૪૩૯૭ તારા બીજા હાથ વગર એક હાથથી તાળી પાડવાનો અવાજ આવતો નથી.

૪૩૯૮ તરસ્યો રૂદન કરે છે, 'ઓ મધુર પાણી' પાણી પણ રૂદન કરે છે, કહે છે, પાણી પીનાર કયાં છે ?

૪૩૯૯ આ આપણા દિલની તરસ પાણીથી આકર્ષાઇ છે. આપણે તેના જ છીએ અને તે આપણો જ છે.

૪૪૦૦ દૈવી ભાવી અને હુકમનામાના ખુદાના ડહાપણે આપણને એકબીજાને ચાહતા બનાવ્યા છે.

૪૪૦૧ કારણ કે પેલા પૂર્વના હુકમ થકી દુનિયાની બધી વસ્તુઓ જોડીના સંબંધી છે, અને પોતાની જોડ સાથે પ્રેમમાં છે.

૪૪૦૨ બ્રહ્માંડની દરેક વસ્તુ પોતાની જોડીની ઇચ્છા રાખે છે. અંબર અને ઘાસના તણખલાની માફક.

૪૪૦૩ આકાશ પૃથ્વીને કહે છે, 'ભલે આવ્યા" હું તારાથી લોઢું અને કલાઇની માફક (સગપણમાં) છું.

૪૪૦૪ બુદ્ધિવાનની (દ્રષ્ટિમાં) આકાશ માણસ છે અને પૃથ્વી સ્ત્રી. જે પણ (આકાશ) બહાર ફેંકે છે, આ (પૃથ્વી) પાલન પોષણ કરે છે. ✓

૪૪૦૫ જ્યારે તેના (પૃથ્વી) માં ગરમી બાકી રહેતી નથી, તે (આકાશ) તેને (ગરમી) મોકલે છે, જ્યારે કાંઈ લીલાશ કે ભીનાશ (બાકી) રહેતી નથી, તે તેના ઉપર ઈનાયત કરે છે,

૪૪૦૬ પ્રાકૃતિક નિશાની જમીનની ધુળને તાજગી (પુરી પાડે છે) પાણીના જેવી નિશાની તેમાં તાજગી ઉત્પન્ન કરે છે.

૪૪૦૭ અવકાશી નિશાની તેના તરફ વાદળાઓ ધકેલે છે કે જેથી તેઓ મહામારીના રૂપે ભેજ ઉપાડી જાય.

૪૪૦૮ ભયંકર નિશાની સુર્યની ગરમીનું મુળ છે (કે જેના) અંગે અગ્નિની આગળ પાછળ ગરમીથી રાતા બનેલ તાવડા જેવો ઉડતો (દ્રષ્યમાન થાય છે).

૪૪૦૯ આકાશ (વખતની) દુનિયામાં સ્ત્રીને મેળવવાની ખાતર શોધમાં ગોળ ફરતા આદમી જેમ ચક્કર આવે તેવી રીતે ફરે છે,

૪૪૧૦ અને આ પૃથ્વી ઘરની ધણીયાણીની માફક જન્મનારાઓની તહેનાતમાં અને તેને દૂધ પીવરાવવાનું કાર્ય કરે છે.

૪૪૧૧ તેથી પૃથ્વી અને આકાશે બુદ્ધિમતાની પ્રાપ્તિ કરેલી સમજ, જ્યારે કે તેઓ બુદ્ધિવાન હસ્તિઓનું કામ કરે છે,

૪૪૧૨ જ્યાં સુધી કે આ બન્ને પ્રેમીઓ એકબીજાથી (આનંદનો) સ્વાદ લેતા નથી. ત્યાં સુધી શા માટે તેઓ જોડની માફક પેટ ઘસડીને સરકે છે ?

૪૪૧૩ પૃથ્વી વગર ગુલાબો અને 'અરઘવાન' ના ફૂલો કેવી રીતે ઉગે ? તો પછી પાણી અને આકાશની ગરમીથી શું ઉગવું જોઈએ ?

૪૪૧૪ પુરૂષની સ્ત્રીમાંની ઈચ્છા છેવટમાં એ છે કે એક બીજાના કાર્યને સંપૂર્ણ કરે.

૪૪૧૫ ખુદા માણસમાં અને સ્ત્રીમાં ઈચ્છા મુકે છે એટલા માટે કે આ મિલનથી દુનિયાની હસ્તિ ટકાવી રખાય.

૪૪૧૬ તે એક ભાગની બીજા ભાગ ઉપર ઈચ્છા રોપે છે. બન્નેના મિલનમાંથી વંશનું પરિણામ કાર્યવત્ બને છે.

૪૪૧૭ તેવી જ રીતે રાત્રી દિવસ અરસપરસ ભેટે છે (તેઓ) દેખાવમાં (જુદા) છે. પણ (હકીકતમાં) સમજુતી પર છે.

૪૪૧૮ રાત્રી અને દિવસ દેખીતી રીતે બે પ્રતિસ્પર્ધીઓ અને દુશ્મનો (જેવા) છે, પણ તેઓ એક જ સત્ય ઉપર હાજર થાય છે.

૪૪૧૯ તેઓનાં કાર્યો અને કર્તવ્યો સંપૂર્ણ કરવા માટે કુંટુબીઓની માફક એકબીજાની ઈચ્છા રાખે છે,

૪૪૨૦ (બન્ને એક જ ઉદ્દેશ ધરાવે છે) કારણ કે રાત્રી વગર (માણસની) ખાશિયત કાંઈપણ નફો મેળવતી નથી તો પછી દિવસ (શક્તિ) કેમ વધારશે ?

ખુદા એ ઈચ્છા માણસમાં - અપેક્ષા
સ્ત્રીમાં - [illegible]
↓ મિલનથી - વંશ ચાલુ

## દરેક અંગભૂત તત્ત્વ પોતાના મળતાવડાને ખેંચે છે કે જે સજીવ પ્રાણીના બંધારણમાં વિજાતીય અંગભૂત તત્ત્વથી કેદમાં છે તે વિષે.

૪૪૨૧ પૃથ્વી કાયાની માટીને કહે છે, પાછી આવ! આત્માથી રજા લઈ લે. ધૂળની માફક મારી પાસે આવ.

૪૪૨૨ તું મારી સમજાતીય વસ્તુ છો. મારી સાથે મારૂં હોવું વધારે બંધબેસતું છે. તારૂં શરીર અને પેલી ભિનાશથી ભાગી છુટવું વધુ ઉત્તમ છે.

૪૪૨૩ તે જવાબ આપે છે, "હા, પણ હું બંધનમાં છું. જો કે હું તારી માફક જ જુદાઇથી થાકી છું.

૪૪૨૪ પાણી કાયાની ભિનાશ શોધે છે, કહે છે, ઓ ભિનાશ દેશવટામાંથી અમારા તરફ પાછી ફર.

૪૪૨૫ ઇથર કાયાથી અગ્નિને બોલાવે છે, કહે છે, તું અગ્નિ છો. તારા અસલ તરફનો રસ્તો લે.

૪૪૨૬ કાયામાં બોંતેર બિમારીઓ છે, કાંદા વગર ખેંચાતા મુળતત્વોમાંથી (છે).

૪૪૨૭ કાયાને છિન્નભિન્ન કરવા દર્દ આપે છે, કે જેથી મુળ તત્વો એક બીજાને છોડી જાય.

૪૪૨૮ આ મુળતત્વો, એક સાથે પગો બાંધેલા પંખીઓ (ની માફક) છે. મૃત્યુ અને બિમારી અને દર્દ તેઓના પગોને ઢીલા કરે છે.

૪૪૨૯ જ્યારે તેણે (મૃત્યુએ) તેઓના પગોને એક બીજાથી છુટા પાડયા છે. નિઃશંક દરેક પંખીનું મુળ તત્વ ઉડી જાય છે.

૪૪૩૦ આ અસલ અને બીજા (કારણ) ઉપરથી નીકળેલું વચ્ચેનું ખેંચાણ ચાલુ રીતે આપણી કાયામાં કેટલાંક દુઃખ વાવે છે.

૪૪૩૧ એટલા માટે કે તે આ સંઘાતોને તુટતા સાંધે (અને તે) દરેક ભાગ પંખીની માફક તેના અસલ ઘર તરફ ઉડે.

૪૪૩૨ (પણ) દૈવી નીતિ તેઓનું ઉતાવળીયાપણું ઢાંકે છે, અને તેઓને આપેલા વખત સુધી તંદુરસ્તીમાં એકત્ર રાખે છે.

૪૪૩૩ અને કહે છે, અરે ઓ ભાગો, મુદતનું ચોક્કસપણું તમને જાણીતું નથી. મુદત પહેલાં પાંખ લેવી (ઉડવું) એ તમારા માટે નકામું છે.

૪૪૩૪ તેવી જ રીતે જ્યારે (કાયાના) દરેક ભાગ એકબીજાને મદદગાર બને છે, ત્યારે આત્માની હાલત કેવી બનવી જોઇએ? એક અજાણ્યો (પોતાના અસલ વતનથી જુદો પડેલો.

**રૂહાનીઓની દુનિયા તરફ તેવી જ રીતે આત્માને ખેંચવામાં આવે છે, તે કેવી આજીજી કરે છે અને પોતના અસલ વતનની ઈચ્છા કરે છે, અને કાયાના ભાગોથી કે જે રૂહાની બાજના પગ ઉપર બેડી (માફક) છે તેનાથી જુદો બને છે તે વિષે.**

૪૪૩૫ તે (આત્મા) કહે છે, એ મારી તુચ્છ માટીના ભાગો, મારો દેશવટો તમારાથી વધુ કડવો છે, હું સ્વર્ગીય છું.

૪૪૩૬ કાયાની ઇચ્છા લીલોતરી અને વહેતું પાણી છે, કારણ કે તેનું અસલ પેલાઓમાંથી જ છે

૪૪૩૭ **આત્માની ઈચ્છા જીવન માટે છે અને "પેલા હૈયાત" (ઇલાહી નુર) માટેની છે, કારણ કે તેનું અસલ 'અનંત આત્મા' છે.**

૪૪૩૮ આત્માની ઇચ્છા ડહાપણ અને વિદ્યાઓ છે, કાયાની ઇચ્છા બાગબગીચા અને અને દારૂઓ છે.

૪૪૩૯ **આત્માની ઈચ્છા** 'મેઅરાજ' અને દિવ્યતા છે, કાયાની ઇચ્છા નફાખોરી અને ખાદ્યસામગ્રી મેળવવાના રસ્તાઓ છે.

૪૪૪૦ પેલા માનવંતપણાને (પણ) ખ્વાહિશ છે અને આત્મા તરફ પ્યાર છે. આ મુદ્દા ઉપરથી અર્થ સમજ કે **તે તેઓને ચાહે છે અને તેઓ તેને ચાહે છે."**

૪૪૪૧ જો હું આ (પુરેપુરૂં) સમજાવવા બેસું તો મસનવીની એંસી કિતાબો ભરાય.

૪૪૪૨ મુદ્દાની વાત એ છે કે જ્યારે જ્યારે કોઇ ગોતે છે, તેની શોધની ચીજવસ્તુનો આત્મા તેની ઈચ્છા કરે છે.

૪૪૪૩ (પછી ભલે તે) માણુસ જનાવર, છોડ અથવા ધાતુ (હોય) દરેક ઇચ્છીત વસ્તુ તે ઇચ્છીત વસ્તુનાં પ્રેમમાં છે.

૪૪૪૪ તેઓ કે જેઓ ઇચ્છીત વસ્તુની અપેક્ષા વગરના છે, તેઓ ઇચ્છીત વસ્તુ ઉપર પોતાનું ધ્યાન લગાડે છે અને પેલી ઇચ્છીત વસ્તુઓ તેમને (નજીક) ખેંચે છે.

૪૪૪૫ પણ પ્રેમીઓની આતુરતા તેમને દુબળા બનાવે છે. (જ્યારે) પ્રિતમની તમન્ના તેમને સુદૃઢ અને ખૂબસુરત બનાવે છે.

૪૪૪૬ પિતમનો પ્રેમ ગાલોને ઉજળા કરે છે, પ્રેમીનો પ્રેમ તેના આત્માને હજમ કરી જાય છે.

૪૪૪૭ કેરબો ઘાસને નહિવત બનાવવાનો દેખાવ કરી ચાહે છે, (જ્યારે) પેલા લાંબા રસ્તામાં ઘાસ (આગળ વધવા) પ્રયત્નો કરે છે.

૪૪૪૮ આ (મુદ્દાને) છોડ, પેલા તરસ્યા મોઢાવાળા માણસના પ્રેમે સદરે જહાનની છાતીમાં (પ્રતિબિંબ) પાડયું.

૪૪૪૯ (તેના બળતા દિલ) અગ્નિ મંદિરમાંનો પ્રેમ અને દર્દનો ધૂમાડો તેના માલિકમાં દાખલ થયો અને મમતામાં ફેરવાઇ ગયો.

૪૪૫૦ પણ તે (તેની) પદવી અને ગર્વ માનવંતપણાના કારણે તેની પુછપરછ કરતાં શરમાતો હતો.

૪૪૫૧ તેની દયા પેલા નીચે પડેલા માણસ માટે ઉદ્દભવવી શરૂ થઈ હતી, (પણ) તેના રાજવીએ આ માયાળુપણું (બતાવવામાંથી) પોતાને સંતાડયો હતો.

૪૪૫૨ બુદ્ધિ ગુંચવાતી હતી કે આ એક (સદરેજહાને) પેલા (પ્રેમીને) આકર્યો હતો કે પ્રેમીના રહેઠાણનું આ બાજુ ખેંચાણ હતું.

૪૪૫૩ કલ્પના ત્યાગી દે, કારણ કે તું આનો અજ્ઞાત છો, તારા હોઠો બંધ કર. ખુદા આ ભેદ સૌથી સારી રીતે જાણે છે.

૪૪૫૪ હવે પછી હું આ મુદ્દાને દાટીશ. પેલો ખેંચનાર મને (બીજી દિશામાં) ખેંચે છે, હું શું કરી શકું?

૪૪૫૫ ઓ ફીકરમંદ, જે તને ખેંચે છે તે કોણ છે? જે તને એક શબ્દ પણ ઉચ્ચારવા દેતો નથી?

૪૪૫૬ તું (કોઈ ચોક્કસ સ્થળે) મુસાફરી કરવાના એક સો ઠરાવો કરે છે, તે તને બીજી કોઈ જગ્યાએ ખેંચે છે.

૪૪૫૭ તે (ઘોડાની) લગામ દરેક દિશાએ ફેરવે છે, એટલા માટે કે તાલીમ ન પામેલો ઘોડો ઘોડેસ્વારનું જ્ઞાન મેળવે.

૪૪૫૮ હોંશિયાર ઘોડો સારી રીતે પગલાં ભરે છે, કારણ કે તે જાણે છે કે ઘોડેસ્વાર તેના ઉપર (સવાર) થયો છે.

૪૪૫૯ તે તારા દિલ ઉપર એક સો આવેશમય ઈચ્છાઓ ચોંટાડે છે, તને નિરાશ કરે છે અને તારૂં દિલ તોડી નાખે છે.

૪૪૬૦ કેવી રીતે કે તેણે (તારી) તે પહેલી જ ઇચ્છાની પાંખોને (તારા દિલમાં) ભાંગી (તો પછી) પાંખ ભાંગનારની સંપૂર્ણ સ્થાપિત કર્યાની હસ્તિ કેમ ન હતી?

૪૪૬૧ જયારે કે તેનો હુકમ તારા વાદવિવાદની જાળને વિખેરે છે ત્યારે સંપૂર્ણપણે સ્થાપિત ખુદાનો હુકમ (ચોકખી રીતે) કેમ (દેખાતો નથી)?

(માનવીના) ઠરાવોનું નિરર્થકપણું અને રદ કરવું, (એટલા માટે) છે કે માણસને ખબર પડે કે તે (ખુદા) માલિક અને સર્વશક્તિમાન છે, તેના પ્રાસંગિક અમલમાં ન મુકાએલા માણસોના ઠરાવોને નિરર્થક ન બનાવતાં અમલમાં મુકે છે, એટલા માટે કે પેલી આશા ઠરાવો ઘડવામાં તેને પ્રેરે કે જેથી તે તેને ફરીવાર રદ કરે. અંતે પેલી ચેતવણી ઉપર (આ) ચેતવણી અનુસરે.

૪૪૬૨ બનાવોની બાબતમાં તમાશા ઠરાવો અને હેતુઓ અવારનવાર સાચા બને છે, પૂરા થાય છે.

૪૪૬૩ એટલા માટે કે પેલા ( પૂર્ણ ) થવ.ની આશાથી તમારૂં દિલ ઇરાદાનો આકાર બનાવે અને તે ફરી એક વધુ વાર તમારી ઇચ્છાનો નાશ કરે.

૪૪૬૪ કારણ કે જો તે તમને સંપૂર્ણપણે અસફળ રાખતો રહે, તમારૂં દિલ નિરાશ થશે ( તો પછી તે ) ધારણાનાં બિવાં કેવી રીતે વાવશે ?

૪૪૬૫ અને જ્યાં સુધી તેણે ધારણાના બી ન વાવ્યાં, ત્યાં સુધી તેના ખરાબામાં ( દૈવી ) ઇચ્છાની કબુલાત કેવી રીતે દેખાતી બનશે ?

૪૪૬૬ પ્રેમીઓ પોતાના માલિકથી તેઓના અસફળ થવા થકી ખબરદાર બનાવાયા છે.

૪૪૬૭ નિષ્ફળતા એ બહિસ્ત તરફની દોરવણી દેનાર છે. ઓ ભલા ખાશિયતવાળા, કાન દઈને સાંભળ ( હદીસ ) "બહિશ્ત ( દુખો થકી ) વિસ્તરી છે."

૪૪૬૮ કે જે પણ તમે ઇચ્છા કરી તે બધી ભાંગેલ પગોવાળી ( નિષ્ફળ ) થઇ છે, ( છતાં ) એક છે કે જેનો આનંદ પરિપૂર્ણ કરાયો છે.

૪૪૬૯ તેથી ( ઈમાનદારો ) ભગ્ન દિલ બન્યા છે, તેની આગળ વેલ, ( હલકા ) કે જેઓ તેને ચાહે છે તેની સરખામણીમાં ખરેખર તેવી હલકાઈ કયાં છે ?

૪૪૭૦ તેની સમક્ષ જરૂરીયાતના અંગે બુદ્ધિશાળીઓ ( પદગૌરવમાં ) નીચા પડયા છે. પ્રેમીઓ સ્વતંત્ર ઇચ્છાઓમાં સો ગણા ( વધુ ) નીચા પડયા છે.

૪૪૭૧ બુદ્ધિશાળી તેની ગુલામીમાં બંધાયા છે. પ્રેમીઓ તેની આગળ ખાંડ અને સાકર જેવા છે.

૪૪૭૨ "તમારી ઇચ્છા વિરૂદ્ધ આવો" એ બુદ્ધિશાળીઓ માટે ફટકો છે, "રાજીખુશીથી આવો" એ જેઓએ પોતાનાં દિલો ગુમાવ્યાં છે તેઓના માટે 'વસંતઋતુ' છે.

**કેદ પકડાએલાઓ તરફ જોઇને હ. પયગમ્બર (ર.સ.અ.) હસવું અને કહેવું. "હું આ ટોળા તરફ અજાયબ થાઉં છું કે તેઓને સાંકળ અને બેડીમાં જકડાએલા બહિશ્ત તરફ ખેંચી જવાય છે."**

૪૪૭૩ નબી સાહેબે પકડાએલાઓનો સમુહ જતો જોયો અને પેલાઓ ઊંચે સાદે રૂદન કરતા હતા.

૪૪૭૪ પેલા જાગૃત સિંહે તેમને જંજીરોમાં જોયા. ( તેમણે તેઓને ) શંકાશીલ નજરે જોયા.

૪૪૭૫ કે તેથી ( તેમનામાંનો ) દરેક દાંત કચકચાવતો હતો, અને મહાન પયગમ્બરની વિરૂદ્ધ ગુસ્સામાં હોઠો કરડતો હતો.

૪૪૭૬ ( પણ ) તેવો ગુસ્સો કરવા છતાં તેઓએ એક શબ્દ પણ બોલવાની હિંમત કરી નહિ કારણ કે તેઓ શારિરીક ઈજાઓના દસ મણ વજનની સાંકળમાં બંધાએલા હતા.

૪૪૭૭ તેઓનો રક્ષક તેમની સાથે જ શહેર તરફ જતો હતો, તે તેમને અશ્રદ્ધાળુઓના મુલ્કમાંથી જોરજુલમથી લઇ જતો હતો.

૪૪૭૮ (તેઓ એકબીજાને કહેતા) તેઓ (પયગમ્બર સાહેબ), કાંઇ પણ બદલો કે સોનું (છૂટવા અંગેનું) સ્વીકારશે નહિ, કોઇપણ બાદશાહ તરફથી મધ્યસ્થી આવશે નહિ.

૪૪૭૯ તેઓ દુનિયાની દયા તરીકે ઓળખાય છે, અને તેઓ આખી દુનિયાના બધા લોકોનાં ગળાં અને પેટ ચીરે છે.

૪૪૮૦ તેઓ એક હજાર અશ્રદ્ધા સાથે પસાર થતા હતા. રૂહાની બાદશાહના કૃત્ય તરફ પોતાના શ્વાસોચ્છ્વાસમાં કટુતાભરી ફરીયાદ કરતા હતા.

૪૪૮૧ (કહેતા, અગાઉની આપણી તકલીફોના) આપણે ઇલાજો કર્યા, પણ આ બાબતમાં કાંઇ ઇલાજ નથી. ખરેખર, આ માણસનું દિલ એક ખડક કરતાં ઉતરતું નથી.

૪૪૮૨ આપણે, હજારો માણસો સિંહો જેવા બહાદુર, બે કે ત્રણ નબળા અર્ધા મરેલા, નગ્ન માણસો સાથે લડતાં લડતાં,

૪૪૮૩ આવી રીતે મદદ વગરના બાકી રહ્યા, તેનું કારણ શું આપણા અપકૃત્યો છે અથવા કમનશીબ ગ્રહો અથવા શું તે જાદુ છે?

૪૪૮૪ તેના નશીબે આપણા નશીબને ફાડી નાખ્યું છે. આપણા રાજ્યાસનને તેના રાજ્યાસને ઊંધું વાળ્યું છે!

૪૪૮૫ જો તેનું નિમિત શક્તિશાળી જાદુ અંગે બને તો આપણે પણ જાદુ કરશું, તે શા માટે સફળ ન થાય?

**(કુરાનની) આયાત ઉપર વિવરણ. "જો તમે ફેંસલા માટે છો, પૂછો ખરેખર ફેંસલો તમારા તરફ આવશે." ઓ કટુતાભરી ફરિયાદ કરનારાઓ! તમે કહેતા હતા, ફેંસલો આપો અને અમને કે મોહમ્મદને જીત આપો કે કોણ સાચો છે? અને તમે આ એટલા માટે કહેતા હતા તે એમ ધારી લેવાય કે તમે નિસ્પૃહતાપૂર્વક સત્ય શોધતા હતા. હવે અમે મોહમ્મદને જીત આપી છે. (અને) અંતે તમે સાચાનો પ્રબળ સમર્થક જોશો.**

૪૪૮૬ અમો મૂર્તિઓને અને ખુદાને કહેતા હતા કે જો અમે ખોટા હોઈએ તો અમારો નાશ કરજો.

૪૪૮૭ તેના અને અમારા વચ્ચે જે ખરો હોઈ તેને ફતેહ આપજે અને તેને ફતેહમંદ બનવાની આશા આપજે.

૪૪૮૮ અમોએ અવારનવાર આ આજીજીઓ કરી અને 'લાત' અને 'ઉઝ્ઝા' અને 'મનાત' આગળ (સિજદા કરી) પ્રાર્થના કરી.

૪૪૮૯ કહીને, કે જો તે સાચે રસ્તે હોય તો તેને જાહેર કર, અને જો તે 'સત્યપંથે' ન હોય તો અમારો તાબેદાર બનાવ,

૪૪૯૦ (શું પસાર થવાનું છે તે) જ્યારે અમે જાણી લઈએ ત્યારે તે જ એક હતો કે જેને વિજય આપવામાં આવ્યો છે (ત્યારે સમજીએ કે) અમો બધા અંધારૂ હતા. તે 'નુર' હતો.

૪૪૯૧ (ખુદા તરફથી) અમને આ જવાબ મળ્યો. "તમે જે જાણવાની ઇચ્છા કરી તે ખુલ્લું જાહેર થઈ ચૂક્યું છે કે તમો અશ્રદ્ધાળુઓ છો.

૪૪૯૨ પછી ફરીવાર તેઓ આ વિચારને પ્રતિબિંબિત સમજશક્તિમાંથી સંતાડતા હતા અને પોતાની યાદશક્તિમાંથી કાઢી નાખતા હતા.

૪૪૯૩ કહેતા, આ વિચાર પણ અમારા બદકિસ્મતે ઊભો થયો છે (એટલે કે) તેની સત્યતા સંપૂર્ણપણે અમારા અંતઃકરણોમાં સ્થાપિત બનવી જોઇએ.

૪૪૯૪ તેમણે અમારા ઉપર ઘણી વખત સરસાઈ મેળવી, ખરેખર શું એ મોટી વાત છે? વખત (કિસ્મત) દરેકને પદવી પર લાવે છે.

૪૪૯૫ અમને પણ દિવસોએ (સદ્કિસ્મતે) સફળ બનાવ્યા હતા અને (ઘણી) વખત તેમના ઉપર વિજયવંત બન્યા છીએ.

૪૪૯૬ (પણ) ફરી વાર તેઓ (પોતાને) કહેતા હતા. "જો કે તેને હરાવાયો છે, છતાં પણ તેઓ આપણી માફક માનભંગ થયા નથી."

૪૪૯૭ કારણકે હારના (વખતે) તેના સદ્કિસ્મતે એક સો ગુપ્ત આનંદો આંતરિક રીતે આપ્યા છે.

૪૪૯૮ કારણ કે તેમની ગણત્રી હારેલા સાથે કદી કરવામાં આવી નથી. તેમ તેઓ તેના અંગે દિલગીર કે હતાશ બનેલા નથી.

૪૪૯૯ જ્યારે કે વિજયવંત બનવું એ સાચા ઈમાનદારની નિશાની છે, છતાં સાચા ઈમાનદારની હારમાં ભલાઈ (પણ) છે.

૪૫૦૦ જો તમો થોડી 'કસ્તુરી' કે 'અમ્બર ગ્રીસ' ખાંડશો, તો સુવાસ ભરેલા મધુર વાયુથી ધરતી ભરાઈ જશે.

૪૫૦૧ અને જો તમો ઓચિંતા ગધેડાની લાદને ખાંડશો તો બદબોથી ઘર મથાળા સુધી દુર્ગન્ધથી ભરાઈ જશે.

૪૫૦૨ હુદાબીયાથી શરમજનક રીતે પાછા ફરવાની પળે, "અરે બાદશાહી, અમે જીત ખુલ્લી કરી છે" પોતાની મેળે ઢંઢેરો પીટતી હતી.

હુદાબીયાથી પોતાનું પ્રયોજન પુરૂં કર્યા વગર (નબી સાહેબ નૂર) પાછા ફરવામાં ખુદાએ શા માટે 'જીત' લકબ આપ્યો તેનું ગુપ્ત કારણ. જેમ કે (ખુદાએ કહ્યું), અરે, અમોએ તારા માટે વિજયનો રસ્તો ખુલ્લો કર્યો છે, કારણ કે તે માત્ર દેખાવ પુરતો જ બંધ થતો હતો, અને વાસ્તવમાં તે ઉઘડતો હતો. જેવી રીતે કે કસ્તુરીને ખાંડવી, દેખાવમાં ખાંડવું હતું, પણ વાસ્તવિક રીતે તેના કસ્તુરીપણાની ખાત્રી અને તેના ગુણનું પ્રદર્શન (હતું) તે વિષે.

૪૫૦૩ (દૈવી) શહેનશાહતમાંથી તેમને સંદેશો આવ્યો, "જાઓ, આ વિજયમાંથી પીછેહઠ અંગે દિલગીર બનો નહિ.

૪૫૦૪ કારણ કે આ તારી ચાલુ હલકાઈમાં ફતેહમંદીઓ પણ છે, અરે, આવા આવા કિલ્લા અને આવાં આવાં શહેરો તને આપવામાં આવેલ છે.

૪૫૦૫ જ્યારે તેમણે ઉતાવળમાં પીછેહઠ કરી ત્યારે બધા પછી, 'કુરેશ' અને 'નદીર' ની વિરૂદ્ધ કેવી કેવી (મોટી બાબતો) બની તેની ગણત્રી કર.

૪૫૦૬ આ બેઉ વસાહતોની આજુબાજુના કિલ્લાઓ પણ ભાંગીતુટી હાલતના તેમના હાથમાં આવ્યા અને બીજા ઘણા ફાયદાઓ (પણ થયા).

૪૫૦૭ જો તેમ (હારજીત) ન બનત, ધ્યાનમાં લે કે આ જાતના (ખુદામાં) ફનાહીત થએલા માણસો દિલગીર અને શોકમય અને હતાશ (થાત).

૪૫૦૮ તેઓ બદબોઈનું ઝેર ખાંડની માફક ખાય છે, તેઓ ઉંટોની માફક દિલગીરીનાં કાંટા ઉપર નિભાવ કરે છે.

૪૫૦૯ તેઓએ દિલગીરીમાં રાહત મેળવવા અંગે નહિ પણ વિસાલના કારણે આમ કર્યું. તેઓની આંખમાં આ હલકાઈ એક સીડી જેવી છે.

૪૫૧૦ તેઓ ખીલુના તળીએ એવા ખુશ હતા કે તેઓ તખત અને રાજ્યગાદીથી બીતા હતા.

૪૫૧૧ દરેક જગ્યા કે જ્યાં પ્રિતમ પોતે છે, તેઓના સાથીદાર આકાશની ઉપર હોય છે, જમીનની નીચે નહિ.

હ. પયગમ્બર સાહેબની હદીસ "હું હ. યુનુસ ઈબ્ને મતાથી વધુ શ્રેષ્ઠ છું એમ જાહેર કરતા નહિ" ઉપર વિવરણ.

૪૫૧૨ હ. પયગમ્બર (હ. સ. અ.) એ ફરમાવ્યું, 'હ. યુનુસ (અ. સ.)ની મએરાજ કરતાં મારી મએરાજને વધુ પસંદગી આપવામાં ન આવે

૪૫૧૩ મારી (મએરાજ) ઉંચે બહિશ્તમાં હતી અને તેની નીચે (મચ્છીના પેટમાં) હતી. કારણ કે ખુદામાં 'ફના' થવું એ ગણત્રીથી પર છે.

૪૫૧૪ ખુદામાં ફના થવું એ કાંઈ ઉપર નીચે જવાપણું નથી. ખુદામાં 'ફના' થવું એ પોતાની હસ્તિના કેદખાનામાંથી નાશી છુટવું છે.

૪૫૧૫ 'લામકાં' માં ઉપર અને નીચે માટે તે વળી કઈ જગ્યા હોય? 'ફના' ને 'જલ્દી' અથવા 'દુર' અથવા 'મોડું' નથી.

૪૫૧૬ 'લામકાં' માં ખુદાની પ્રયોગશાળા અને ખજાનો છે, તું અસ્તિત્વ થકી ઉંધે રસ્તે દોરવાયો છે, 'ફના' શું છે તે તું કેવી રીતે જાણે?

૪૫૧૭ ઓ મહેરબાનો, આ બાબતનું સરવૈયું એ છે કે આ તમારી હાર, અમારી હારના જેવી છે જ નહિ.

૪૫૧૮ જેવી રીતે કે આપણે જીત અને માન વખતે આનંદ કરીએ છીએ તેમ શરમીંદગી અને નાશમાં તેઓ આનંદ કરે છે.

૪૫૧૯ પૂર્વ વિચાર વગરની તૈયારી એ તેમની જાગીર છે, ગરીબાઈ અને નમ્રતાપણું તેઓનો ગર્વ અને મહાનતા છે.

૪૫૨૦ (બંદીવાનોમાંના) એકે કહ્યું, જો તે (આપણે) પ્રતિસ્પર્ધી (આમ જણાવ્યા) જેવો છે તો પછી આપણને (સાંકળમાં) બાંધેલા જોઈ કેમ હસ્યા?

૪૫૨૧ (જેમ તમે જણાવ્યું) તેમ તેઓ પ્રકૃતિમાં બદલાણા છે, અને તેઓની ખુશી (આ દુનિયાના) કેદખાના અને છુટકારાપણા અંગેની નથી.

૪૫૨૨ તો પછી તેઓ પોતાના દુશ્મનોને તાબે કરવામાં કેમ ખુશ થયા. આ જીત અને વિજયથી તેઓ કેવી રીતે ગર્વથી ફૂલાયા?

૪૫૨૩ તેમના આત્માએ આનંદ કર્યો કારણ કે તેઓએ (દૈવી) મદદ સહેલાઈથી મેળવી. અને આપણા ઉપર સરસાઈ અને આપણા જેવા સિંહો ઉપર જીત મેળવી.

૪૫૨૪ ત્યારે આપણને ખબર પડી કે તેઓ પણ (આ દુનિયાના બંધનથી) સ્વતંત્ર નથી. અને આ દુનિયાના કારણ થકી જ માત્ર તેઓ સુખી અને દિલમાં રાજી બન્યા.

૪૫૨૫ નહિતર, શા માટે (આપણા) તરફ તેઓ હસ્યા? કારણ કે પેલી દુનિયાવાળા લાગણીવાળા અને ભલાબુરા તરફ એક સરખી રીતે માયાળુ હોય છે.

૪૫૨૬ તેઓ (કેદીઓ) આ સવાલ ચર્ચતાં, અંદરોઅંદર એકબીજા તરફ ગણગણતા હતા.

૪૫૨૭ (કહેતા) ખબરદાર, રખેને ચોકીદાર આ સાંભળી જાય, અને આપણી ઉપર કૂદી પડે અને પોતે આપણા શબ્દોને પેલા (રૂડાની) સુલતાનના કાને લઈ જાય.

હ. પયગમ્બર સાહેબ પોતાના હર્પાતિરેક માટે પેશાઓના શબ્દોથી સજાગ બનવા વિષે.

૪૫૨૮ જો કે ચોકીદારે પેલા શબ્દો સાંભળ્યા નહિ (પણ) તેમના (નબીસાહેબના) કાનમાં તે શબ્દો દાખલ થયા કે જેઓ (ખુદાની) હાજરી અંગે સાંભળતા હતા.

ખુદામાં ફના થવું!

નબી → ખુદાના હાજરી અંગે સાંભળતા હતા.

૪૫૨૯ હ. યુસુફ (અ. સ.) ના આત્માની સુવાસ તેમની સંભાળ રાખનારથી જાણી શકાય ન હતી પણ હ. યાકુબ (અ. સ.) તે શ્વાસોચ્છવાસ જાણતા હતા.

૪૫૩૦ સેતાનો બહિશ્તના ઉંચા શિખરેથી (ગુઢાર્થ જાણવાની ગોળી) સાંભળતા ન હતા.

૪૫૩૧ (પણ જ્યારે) હ. મુહમ્મદ (ર. સ. અ.) સુવા ગયા અને (પોતાની પથારીમાં) પડખાભેર સુતા, ગુપ્ત સંદેશ (તેમની કને) આવ્યો, અને તેમની આજુબાજુએ ચકરાવો લીધો.

૪૫૩૨ જેમનો અપાએલો ભાગ (લેવા માટે) ખુલ્લો થાય છે તે જ મિઠાઈ ખાય છે, નહિ કે જેની આંગળીઓ લાંબી છે.

૪૫૩૩ આછો ઝગકતો ગ્રહ (તેમનો) ચોકીદાર બન્યો અને શેતાનોને હાંકી કાઢયા, કહીને, ચોરીનો માલ છોડી દો, અને અહમદ (હ. મુહમ્મદ) પાસેથી રહસ્ય મેળવો.

૪૫૩૪ ઓ તમો કે જેઓની આંખો (દિવસની) શરૂઆતમાં (તમારી) દુકાનો તરફ લાગેલી છે, મસ્જિદમાં જાઓ, ખુદાએ આપેલો હિસ્સો શોધો.

૪૫૩૫ પછી નબીસાહેબે તેઓના શબ્દો ગ્રહણ કર્યા, અને કહ્યું, પેલું મારૂં હસવું દુશ્મનાવટ અંગે ન હતું.

૪૫૩૬ તેઓ (કેદીઓ) મરેલા છે અને સડીને કોહવાયા છે, મરેલાને એ મારવા માણસ માટે વ્યાજબી નથી એવો મારો ઈન્સાફ છે.

૪૫૩૭ તે ખરેખર કોણ છે? કારણ કે હું જ્યારે લડાઈના મેદાનમાં પગ મૂકું છું ત્યારે ચંદ્રમાં ચીરાય જાય છે.

૪૫૩૮ જે વખતે તમે સ્વતંત્ર અને શક્તિશાળી હતા, તે વખતે આની માફક જ તમને સાંકળમાં બાંધેલા જોતો હતો.

૪૫૩૯ ઓ તું કે જે તારી માલ મિલ્કત અને કુટુંબીઓથી પોતાને મગરૂર સમજે છે, તારી બુદ્ધિમતાની દૃષ્ટિમાં તું નાશના આરે આવેલા ઊંટ જેવો છો.

૪૫૪૦ જ્યારથી કટોરો (કે જે) કાયાનું રૂપ છે, છત ઉપરથી પડ્યો છે, મારી (આંતરિક) આંખ આગળ દડતો દડતો પડ્યો, "દરેક ચીજ કે જે આવવાની છે તે આવશે જ."

૪૫૪૧ હું કાચી દ્રાક્ષ તરફ જોઉં છું અને હું (તેમાં) ચોકખી રીતે દારૂ જોઉં છું. હું અવિદ્યમાન વસ્તુ ઉપર નજર કરૂં છું અને ચોકખી રીતે વિદ્યમાન વસ્તુ જોઉં છું.

૪૫૪૨ હું અંતઃકરણમાં જોઉં છું અને એક બ્રહ્માંડ છુપેલો જોઉં છું, આદમ અને હવા દુનિયામાં ઉત્પન્ન ન હતા થયા ત્યારથી હું તેમને જોઉં છું.

૪૫૪૩ મેં તમને પગ બાંધેલા અને ઉથલાવેલા અને અધમ જોયા છે, અલસ્તના દિવસે કીડીઓના (આકારમાં) જોયા છે.

૪૫૪૪ તે કે જે મને જાણીતું છે, તેમાં થાંભલા વગર આકાશ હસ્તિમાં આવ્યું તેમાં વધઘટ થઈ નથી.

૪૫૪૫ પાણી અને માટીમાંથી મારા ઉંગી નીકળ્યા ( શારિરીક આવવા ) પહેલાંથી મેં તમને માથાભર પડેલા જોયા છે.

૪૫૪૬ હું તમારી અગાઉની આબાદ હાલત વખતે જોતો હતો તેમાં કાંઈ નવીન જોયું નથી કે જેના થકી હું આનંદીત બનું !

૪૫૪૭ અદ્રષ્ય કોપની ( સાંકળમાં ) બાંધેલા અને પછી કેવો ( નાશજનક ) કોપ! તમો સાકર ખાતા હતા કે જેમાં ઝેર સમાએલું હતું.

૪૫૪૮ જો તારો શત્રુ આવી ઝેરી સાકર ખાવામાં આનંદ પામે તો તારા ઉપર તેની કેવી અદેખાઈ આવી પડે ?

૪૫૪૯ તમો પેલું ઝેર પ્રસન્નતાપુર્વક ખાતા હતા. ( જયારે ) મૃત્યુએ તમારા બન્ને કાનો ગુપ્ત રીતે મજબુત રીતે પકડી રાખ્યા હતા.

૪૫૫૦ હું વિજય મેળવવા અને દુનિયાને જીતવાની ખાતર લડાઈ ઊભી કરતો નથી.

૪૫૫૧ કારણ કે આ દુનિયા હાંડપિંજર અને મુડદાલમાંસ અને હલકટ છે, હું કેવી રીતે આવા મુડદાલ માંસ ઉપર લોભીષ્ઠ બનું ?

૪૫૫૨ હું કાંઈ કુતરો નથી કે મરેલાની ઉપલી ગાંઠો ફાડી ખાઉં ? હું હ. ઇસા ( અ. સ. ) ની માફક છું હું મરેલાને જીવતો કરવા આવ્યો છું.

૪૫૫૩ હું લડાઇની હરોળો ગોઠવતો હતો એટલા માટે કે હું તમને નાશમાંથી મુક્તિ અપાવું.

૪૫૫૪ હું સત્તા અને પદવી અને મારા અનુયાયીઓ બને એટલા માટે માણસોનાં ગળાં કાપતો નથી,

૪૫૫૫ ( પણ ) હું કેટલાંક ગળાં કાપું છું એટલા માટે કે ( લોકોની બધી ) દુનિયા પેલા માથામાંથી મુક્તિ મેળવે.

૪૫૫૬ કારણ કે તમે તમારી અજ્ઞાનતામાં પતંગીયાની માફક અગ્નિમાં પડવાની આદત પાડો છો.

૪૫૫૭ ( જયારે ) હું એક પીધેલા ચકચુર માણસની માફક ( આવેશપુર્વક ) તમોને અગ્નિમાં પડતા અટકાવવા ( બચાવવા ) બન્ને હાથોથી હાંકી કાઢું છું.

૪૫૫૮ તે કે જેમાં તમોએ તમારા માટે વિજય જોયો, તેમાં તમારા માટે લ્યાનતના બી વાવતા હતા.

૪૫૫૯ તમો મારા વિરૂદ્ધ એકબીજાને આવેશપુર્વક લડવાનું કહેતા હતા. ( અને આમ કરતાં ) તમે તમારા ઘોડા અજગર તરફ હાંકતા હતા.

૪૫૬૦ તમે મને હંફાવતા હતા જ્યારે હંફાવવાના કાર્યમાં તમે તમારી જાતે જ "ઝમાનાના સિંહ" થી હંફાતા બનવાના હતા.

બળવાખોર પાપી હંફાવવાના દરેક કાર્યમાં હંફાવાયો છે અને વિજયની પળે જ કેદી બનાવાયો છે તે વિષે.

૪૫૬૧ લુંટારાએ વેપારીને હંફાવ્યો ( ખૂન કર્યું ) અને સોનું ઉપાડી ગયો, જ્યારે તે આ ( કાર્યમાં ) ગુંથાએલો હતો કે ન્યાયાધીશ આવી પહોંચ્યો.

૪૫૬૨ જો તે વખતે તે વેપારી પાસેથી ભાગી છુટયો હોત તો ન્યાયાધીશે તેના ઉપર પોલીસને કેમ ગોઠવ્યો હોત ?

૪૫૬૩ લુંટારાનું ( વેપારીને ) હંફાવવું એ ( હકીક્તમાં ) પોતાના ખુદને જ હંફાવાનું હતું, કારણ કે તેની ( પેલાને ) શારિરીક ઇજા કરવી એ જ તેનું પોતાનું માથું ઉઠાવી ગયું હતું.

૪૫૬૪ (તેનું ) વેપારી ઉપર ફાવી જવું તેના પોતાના જ માટે છટકું બન્યું હતું એટલા માટે કે ન્યાયાધીશ આવી પહોંચે અને ( ખૂનનો ) બદલો લ્યે.

૪૫૬૫ ઓ તું કે જે લોકો ઉપર શક્તિશાળી બન્યો છો અને લડાઈ અને જીતમાં તરબોળ છો.

૪૫૬૬ પેલાએ કે ( ખુદાએ ) તેમને ઇરાદાપૂર્વક ખોદી નાખેલા બનાવ્યા છે, જ્યારે તે આ વખત દરમ્યાન પેલી જાળમાં લાવવા ખેંચે છે.

૪૫૪૭ ખબરદાર, લગામ ખેંચી રાખ, આ છટકવા માટે ભાગતાની પાછળ દોડયે ન રાખ. રખેને તારા કાનની સળીથી તારૂં પોતાનું જ નસકોરૂં ચીરાઇ ન જાય !

૪૫૬૮ જ્યારે તેણે આ યુક્તિથી તને સકંજામાં ખેંચ્યો છે, ત્યારે તું જોઇશ કે ( તારા ઉપર ) લોકો ટોળે મળીને દબાવતા જોશે.

૪૫૬૯ બુદ્ધિમાન કદી આજીતમાં રાજી થયો છે ? જ્યારે કે આ જીતમાં તેનો નાશ જોયો ?

૪૫૭૦ બુદ્ધિવાન દીર્ઘ દૃષ્ટિવાળા, અગમ દૃષ્ટિમાન, ( છે ) કારણ કે ખુદાએ તેને તેના પોતાના આંજણથી તેની આંખો આંજી છે.

૪૫૭૧ પયગમ્બર સાહેબે કહ્યું છે કે, " બહિશ્તના ( ભાવિ ) વાળા લોકોનું ટોળું (તેઓની) ઉમદા પરિપૂર્ણતા અંગે ઝગડો કરવામાં અશકત છે. "

૪૫૭૨ તેઓના ઇમાનની કચાશને પાછલા પગથી કે જ્ઞાનથી ( ખામી અંગે ) નહિ પણ સંપૂર્ણ ડહાપણના કારણે પોતાના ( નમ્રતાના ) વિચાર અંગે ( હોય છે ).

૪૫૭૩ તેઓએ ( પોતાના દુશ્મનોને ) સંગીન તક આપવામાં ( આયાતના ) ડહાપણ તરફ ખાનગીમાં સાંભળ્યું છે, " જો સાચા ઇમાનદારો ત્યાં ન હોત તો. "

૪૫૭૪ શ્રાપિત નાસ્તિકોથી પોતાના હાથોને દુર રાખવા, એ સાચા ઇમાનદારોની મુક્તિની ખાતર ફરજ બની.

૪૫૭૫ હુદાબીયાની સમજુતીની વાત વાંચ, ( તે હતી ) " ( તેમનામાંથી ) તમારા હાથ જે કોઇએ અંકુશમાં રાખ્યા " તે નહેરમાંથી આખી વાતનો અર્થ જો.

૪૫૭૬ તેઓ ( નબી સાહેબ ) વિજયમાં પણ દૈવી શહેનશાહની જાળમાં પોતાને આધિન જોતા.

૪૫૭૭ ઓચીંતા પ્હો. ફ઼ટતાં પહેલાં તમારી વિરૂદ્ધ ચડાઈ કરી (અને તમને બંદીવાન બનાવ્યા) કે હું તમારી ઝંજીરો તરફ હસું.

૪૫૭૮ હું તમોને સાઈપ્રસના બગીચા અને બાહિશ્તના ગુલાબના બગીચામાં સાંકળ અને બેડીઓથી ખેંચી જાઉં છું તે કારણે હશે.

૪૫૭૯ કેવી અજાયબી! અમો તમોને દયાહિન અગ્નિમાંથી લીલોતરી છવાએલી જગ્યામાં બાંધેલા લાવીએ છીએ.

૪૫૮૦ હું તમને ભારે બેડીઓ સહિત દોજખની દિશાએથી અનંતકાળની બહિશ્ત તરફ ખેંચું છું.

૪૫૮૧ આ રસ્તાની અંદર દરેક આંધળો, ભલો કે બુરો અનુયાયી ને તે (ખુદા) આની જેમ બાંધી પોતાની હજુરમાં ખેંચે છે.

૪૫૮૨ ઓલીયાઓ સિવાય (બીજા બધા) આવી રીતે સાંકળોમાં અને દુઃખમાં જાય છે.

૪૫૮૩ (દૈવી) કાર્યના ગુહાર્થથી માહિતગાર થએલા આ લોકો સિવાય તેઓ અતુટ રીતે ખેંચાય છે.

૪૫૮૪ તારા (અંદરના) પ્રકાશને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર. કે જેથી (બંદગીના રસ્તે) તારી મુસાફરી અને (ખુદાઈ) ખીદમત સહેલી બનાવાય.

૪૫૮૫ તમો બચ્ચાંને દબાણ કરીને નિશાળે લઈ જાઓ છો, કારણ કે તેઓ (જ્ઞાનના) ફાયદાથી અજાણ છે.

૪૫૮૬ (પણ) જ્યારે તે બચ્ચું (ફાયદાઓથી) સજાગ બને છે, તે નિશાળે દોડે છે. તેના આત્મા (નિશાળ) જવાની ખુશીમાં ફૂલે છે.

૪૫૮૭ એક બચ્ચું મહા દુઃખે નિશાળે જાય છે કારણ કે તેના કામનો કાંઈ બદલો તેણે જોયો નથી.

૪૫૮૮ જ્યારે તે પોતાના બટવામાં પોતાના હાથ હુન્નરથી પેદા કરેલ એક સિક્કો મુકે છે ત્યારે તે એક ચોરની માફક રાત્રે સુતા વગર પણ જાય છે.

૪૫૮૯ (ખુદાની) તાબેદારીમાંથી વળતર ઉગી નીકળે તેવી કોશીષ કર અને પછી તમે ફરમાનબરદારોની અદેખાઈ કરશો.

૪૫૯૦ "તમારી મરજી વિરૂદ્ધ આવો" (નો હુકમ) તેના માટે છે કે જે (દીનનો) આંધળો અનુયાયી બન્યો છે, "ખુશીથી આવો" તેના માટે છે કે જે ઈમાનદારીથી ઘડાયેલો છે.

૪૫૯૧ પેલો ખુદાને કાંઈક (ગૌણ) કારણો અંગે ચાહે છે. જ્યારે બીજાનો ખરેખર સ્વાર્થરહિત પવિત્ર પ્રેમ છે,

૪૫૯૨ પેલો પરિચારીકાને ચાહે છે, પણ માત્ર હર્ષના કારણે, જ્યારે બીજાએ પોતાનું દિલ આ બુરખાવાળીને આપી દીધું છે.

૪૫૯૩ બચ્ચાને (આંધળું અનુકરણ કરનાર અનુયાયીને) ને લગતા ખુબસુરતીનું કાંઈ જ્ઞાન હોતું નથી. તેને તેના દિલમાં દુધ સિવાય બીજી કોઈ ઇચ્છા હોતી નથી.

૪૫૯૪ જ્યારે બીજો ખરેખર પરિચારીકાનો પ્રેમી છે તે એકાંકી અંતઃકરણે આવેશમય પ્રેમનો વાંચ્છું નથી.

૪૫૯૫ તો પછી તે કે જે ખુદાને આશા અને બીકના કારણ અંગે ચાહે છે, તે આંધળું અનુકરણ કરવાની કિતાબ ચાલુ વાંચે છે.

૪૫૯૬ જ્યારે પેલો કે જે ખુદાની ખાતર ખુદાને ચાહે છે તે ક્યાં છે? કારણ કે તે (ગૌણ) કારણો અને બધા સ્વાર્થપણાથી પર છે.

૪૫૯૭ ભલે તે આના જેવો હોય કે પેલા જેવો, તે જેમ (ખુદાનો) શોધક છે, તેમ ખુદાનું ખેંચાણ તેને ખુદા તરફ ખેંચે છે.

૪૫૯૮ ભલે તે ખુદાને તેના કરતાં બીજી કોઈ ચીજ માટે ચાહે છે, કે તે તેના ભલા કૃત્યનો ચાલુ લાભ લ્યે.

૪૫૯૯ અથવા તે ખુદાને પોતાના સ્વાર્થ ખાતર ચાહે કે તેનામાં ફના થવા માટે (અથવા) તેનાથી જુદાઇની બીકમાં (ચાહે છે)

૪૬૦૦ આ (બન્ને પ્રેમીઓની) શોધખોળ અને તપાસો પેલા મુળથકી છે, આ દિવસો બંદીવાન પેલા દિલના હરણ કરનારમાંથી છે.

પ્રિતમ પ્રેમીને એવી સરસ રીતે આકર્ષે છે કે પ્રેમી તે જાણતો નથી કે તેની ઉમેદ પણ રાખી નથી કે તેના મગજમાં તે સમજાય! ન પેલા ખેંચાણનું નામનિશાન દેખાય, સિવાય હતાશા સાથે બીક એકત્ર બની હોય, (એમ છતાં) તે હજી શોધખોળમાં સતત મંડ્યા રહે છે.

૪૬૦૧ (વાતમાં) આપણે આ મુદ્દા ઉપર આવ્યા, કે જો પ્રેમીનું ખેંચાણ સદરે જહાનમાં સંતાએલું ન હોત તો.

૪૬૦૨ તે (પ્રેમી) જુદાઈ અંગે કેમ અશાંત બન્યો હોત? અને પોતાના ઘરે દોડતો પાછો કેમ આવ્યો હોત?

૪૬૦૩ પ્રિતમોની ઇચ્છા સંતાએલી અને પડદે છે. પ્રેમીની ઇચ્છા એક સો ઢોલ અને ત્રંસાથી (જોડાએલી છે.)

૪૬૦૪ અહીં વાર્તાનું (સ્થળ) ગણત્રી (લાયક) છે. પણ બુખારાનો માણસ આતુરતાથી રાહ જોતાં પરવા કર્યા વગરનો બન્યો છે,

૪૬૦૫ (તેથી) આપણે તેની ઊલટી કરી, કારણ કે તે શોધમાં અને ગોતવામાં પડ્યો છે, કે મૃત્યુ પહેલાં તે પોતાના પ્રિતમનો ચહેરો જુએ,

૪૬૦૬ અંતે કે તે મૃત્યુમાંથી નાસી છુટે અને મુક્તિ મેળવે, કારણ કે પ્રિતમની દ્રષ્ટિ 
'જીવનનું જળ' છે.

૪૬૦૭ જે પણ કોઈની દ્રષ્ટિ મૃત્યુ ને હરાવતી નથી તો તે પ્રિતમ નથી. કારણ કે તેને
ફળ કે પાપ નથી ( રૂપો નથી ).

૪૬૦૮ ઓ મદહોશ ભાવનાવાળા પ્રેમી, એ (જૂની) બાબત છે કે તેના અંગે મૃત્યુ
તારા ઉપર પડે તો પણ તે મીઠું છે.

૪૬૦૯ ઓ યુવાન, પેલી બાબતોમાં દીનના ઇમાનનું પ્રતિક એ છે કે જેમાં મૃત્યુ તને
મીઠું બનતું આવે છે.

૪૬૧૦ ઓ ( વહાલા ) આત્મા, જો તારૂં ધ્યાન આના જેવું નથી તો તે સંપૂર્ણ નથી.
જા, ( તારો ) દીન સંપૂર્ણ બનાવવાનું શોધ.

૪૬૧૧ તારી આ બાબતોમાંનો કોઇ પણ અણગમા વગર મૃત્યુને ચાહનારા તારા દિલને
ધિક્કાર્યા વગર બન્યો છે (અને તારા મૃત્યુની ચાહના કરે છે) તો તે
તારો પ્રિતમ છે.

૪૬૧૨ જ્યારે અભાવ ગયો છે ખરેખર તે મૃત્યુ નથી તે ( માત્ર ) મૃત્યુનો આભાસ છે,
અને ( હકીકતમાં ) તે સ્થળાંતર છે.

૪૬૧૩ જ્યારે અભાવ ચાલ્યો ગયો છે, ત્યારે મૃત્યુ લાભદાયી બને છે, ( અને ) મૃત્યુને
પાછું કાઢેલ છે તે સાચું પડે છે.

૪૬૧૪ પ્રિતમ ખુદા છે અને ઇન્સાન કે જેને તેણે કહ્યું હતું. "તું મારો છો અને
હું તારો છું."

૪૬૧૫ હવે સાંભળ, કારણ કે પ્રેમી આવે છે જેને પ્રેમ "ખજુરીના તંતુની દોરીથી"
બાંધે છે.

૪૬૧૬ જ્યારે તેણે સદરે જહાનનો ચહેરો જોયો, તમે કદાચ તેને પંખી કહેશો, તેનો
આત્મા તેની કાયામાંથી ઉડ્યો,

૪૬૧૭ ત્યારે તેની કાયા સુકા લાકડાની માફક પડી, તેનો મહત્વશિલ આત્મા તેની એડીઓ
આગળ પોતાનો મુગટ ( માથું ) રાખી ઠંડો બન્યો.

૪૬૧૮ ગુલાબજળ કે લોબાન જે પણ તેઓએ ઇલાજ કર્યો, તે ન હાલ્યો ન ચાલ્યો.

૪૬૧૯ જ્યારે બાદશાહે તેનો કેસરીયા રંગનો (ફિક્કો) ચહેરો જોયો, ત્યારે તે પોતાના
ઘોડા ઉપરથી ઉતર્યો ( અને ) તેના તરફ ( આવ્યો ).

૪૬૨૦ તેણે કહ્યું, "પ્રેમી પ્રિતમને ઉષ્માપૂર્વક શોધે છે, જ્યારે પ્રિતમ આવે છે ત્યારે
પ્રેમી રવાના થયો છે."

૪૬૨૧ તું ખુદાનો પ્રેમી છો, અને ખુદા એવો છે કે, જ્યારે તે આવે છે ત્યારે તારો
એક વાળ પણ બાકી ( રહેતો નથી ).

૪૬૨૨ તારા જેવા એક સો (તેની) આવી દૃષ્ટિમાં અદૃશ્ય થયા છે, મહેરબાનો, તમો તમારી બેખુદીના પ્રેમમાં છો.

૪૬૨૩ તું પડછાયો છો, અને સૂર્ય સાથે પ્રેમમાં છો, સૂર્ય આવે છે અને પડછાયો ઝડપી ગતીએ અદૃષ્ય થાય છે.

## મચ્છરની પવનની વિરુદ્ધ, હ. સુલેમાન (અ. સ.) ની હજુરમાં ન્યાયની વિનંતી કરવા વિષે.

૪૬૨૪ એક મચ્છર બગીચા અને ઘાસમાંથી આવ્યો અને તે મચ્છરે હ. સુલેમાન (અ. સ.)ની હજુરમાં ન્યાય આપવાની વિનંતી કરી.

૪૬૨૫ કહે. ઓ સુલેમાન પયગમ્બર, તમો સેતાનો અને માણસો અને જીન્નોનાં બચ્ચાંઓનો ઇન્સાફ કરો છો.

૪૬૨૬ પંખી અને મચ્છી તમારા ઇન્સાફના રક્ષણ નીચે છે, એવો તે કોણ છે કે જે તમારી બક્ષિશથી અભાગીઓ બન્યો હોય?

૪૬૨૭ અમોને ઇન્સાફ આપો કારણ કે અમો બહુ જ દયાજનક હાલતમાં છીએ. અમોને ફળવાડીઓ અને ગુલાબના બગીચાથી વંચિત બનાવાયા છે.

૪૬૨૮ દરેક નબળા જીવોની મુશ્કિલીઓ તમારાથી હલ થાય છે, વાસ્તવમાં મચ્છર નબળાની પ્રતિકૃતિ છે.

૪૬૨૯ અમો નબળા અને કાપેલી પાંખ જેવા બનાવાયા છીએ. તમો માયાળુપણા અને નબળાની સંભાળ લેવાવાળા બનાવાયા છો.

૪૬૩૦ ઓ તમો કે જેઓ શક્તિ (અને) સત્તાની છેલ્લી મર્યાદાએ પહોંચ્યા છો જ્યારે અમો નિષ્ફળતા અને સન્માર્ગચ્યુતની હદમાં પહોંચ્યા છીએ.

૪૬૩૧ (અમોને) ઇન્સાફ આપો, આ દુઃખમાંથી અમોને મુક્તિ આપો, અમારો હાથ (મદદમાં) પકડો, "ઓ તમો કે જેનો હાથ ખુદાનો હાથ છે."

૪૬૩૨ પછી હ. સુલેમાન (અ. સ.) એ કહ્યું, ઓ સરખાપણું શોધનાર, (મને) કહે, તું કોની સાથે સરખામણી અને ઇન્સાફની માગણી કરે છે.

૪૬૩૩ કોણ જુલમગાર છે કે (તેના) જુલમે તને ઇજા કરી છે અને તારા ચહેરા પર ઉઝરડા કર્યા છે?

૪૬૩૪ અરે, અજાયબી! અમારા ઝમાના દરમ્યાન, એવો જુલમગાર કોણ છે કે જે અમારા કેદ અને બેડીઓમાં ન હોય?

૪૬૩૫ જ્યારે અમો જનમ્યા ત્યારે તે જ દિવસે અન્યાય મરી પરવાર્યો છે. તો પછી અમારા ઝમાનામાં અન્યાયનું કૃત્ય કોણે પેદા કર્યું છે?

૪૬૩૬ જ્યારે પ્રકાશ પથરાય છે, અંધારૂં અદૃષ્ય થાય છે, અંધારૂં પ્રારંભ છે અને અન્યાયનું મદદગાર છે.

૪૬૩૭ જુઓ, સેતાનોમાંના (કેટલાકો) કામ અને નોકરી કરે છે, અને બીજાઓ દોરડાં અને બંધનમાં બાંધેલા છે,

૪૬૩૮ જુલમગારોના અન્યાયનું મૂળ સેતાનમાંથી હતું. સેતાન બંદીવાન છે (તો પછી) જુલમ કેવી રીતે દેખાણો?

૪૬૩૯ (દૈવી ઈચ્છા બોલી) અમારા ઉપર "થા અને થયું"ની બાદશાહી નવાજીશ કરવામાં આવી છે, કે જેથી લોકો સ્વર્ગ તરફ રૂદનની આહ પાડે નહિ.

૪૬૪૦ પેલી બળતી આહો ઉપર ચડે નહિ. કે જેથી આકાશ અને ગ્રહો ધ્રુજતા ન બને?

૪૬૪૧ કે સ્વર્ગ અનાથના આક્રંદથી ધ્રુજે નહિ કે કોઈ (હૈયાત) આત્મા જુલમ અંગે ઈજા પામેલો બને.

૪૬૪૨ અમોએ (પૃથ્વીની) તમામ બાદશાહીમાં કાયદો સ્થાપિત કર્યો છે, છેવટમાં કે 'ઓ માલિક'ની એક પણ બુમ આકાશમાં ઉપર જાય નહિ.

૪૬૪૩ ઓ દુભાએલા બહિશ્ત તરફ જુઓ નહિ. કારણ કે તમારી પાસે સાંસારિક દુનિયાની અંદર સ્વર્ગીય બાદશાહ છે."

૪૬૪૪ મચ્છરે કહ્યું, "મારો દાવો પવનના હાથ (શક્તિ) વિરૂદ્ધ છે, કારણ કે તેણે પોતાના બન્ને હાથો અમારા ઉપર જુલમ કરવા ખોલ્યા છે.

૪૬૪૫ અમો તેના જુલમ અંગે દયાજનક હાલતમાં છીએ. અમો, હોઠો બંધ રાખી તેનામાંથી લોહી પીએ છીએ (સહન કરીએ છીએ)

## હ. સુલેમાન (અ.સ.)નું દાવેદાર મચ્છરને તેના પ્રતિસ્પર્ધીને અદાલતમાં લાવવાનું દબાણ કર્યું, તે વિષે.

૪૬૪૬ પછી હ. સુલેમાન (અ. સ.) એ કહ્યું "ઓ તું સુંદર અવાજવાળા, તે ખુદાનો હુકમ (તારા સઘળા) આત્મા સાથે સાંભળવો તને જરૂરી છે.

૪૬૪૭ ખુદાએ મને કહ્યું છે, ઓ ઇન્સાફ કરનાર, ખબરદાર થા, બીજા દાવેદારને સાંભળ્યા વગર એક દાવેદારનું સાંભળ નહિ.

૪૬૪૮ જ્યારે કે બન્ને દાવેદારો તારી હજુરમાં ઇન્સાફ કરનારની સમક્ષ ન આવે ત્યાં સુધી સત્ય પ્રકાશમાં ન આવે.

૪૬૪૯ જો એક ફરિયાદી એકલો એક સો બરાડા પાડે, ખબરદાર, ખબરદાર રહેજે, તેના પ્રતિસ્પર્ધીને (સાંભળ્યા) વગર તેના શબ્દ કબુલ કરતો નહિ.

૪૬૫૦ મારો ચહેરો (દૈવી) હુકમ વિરૂદ્ધ ફેરવવાની મારી હીંમત નથી. જા અને તારા પ્રતિસ્પર્ધીને (અહીં) લાવ.

ડાયાદા- જેહ 'ઓ માલિક'ની બુમ આકાશ માં જાય નહીં.

બહિશ્ત તરફ ના જો - દુનિયામાંજ બાદશાહી છે.

૪૬૫૧ તે (મચ્છરે) કહ્યું, "તમારા શબ્દો એક મજબુત દલીલ છે. મારો પ્રતિસ્પર્ધી પવન છે, અને તે તમારા ન્યાયની હદમાં છે,

૪૬૫૨ બાદશાહે બૂમ પાડી, "ઓ ઉત્તરના પવન, મચ્છર તારા અન્યાયની ફરીયાદ કરે છે.

૪૬૫૩ સાંભળ, પ્રતિસ્પર્ધીને સામ સામે (જવાબ દેવા) હાજર થા અને આવ. તારા પ્રતિસ્પર્ધીને જવાબ દે અને તારા વિરોધીનું (કહેવું) ખંડન કર.

૪૬૫૪ જ્યારે પવને (આ હુકમ) સાંભળ્યો ત્યારે તે બહુ જ ઝડપથી આવ્યો અને તુર્ત જ મચ્છરે ભાગવું શરૂ કર્યું.

૪૬૫૫ પછી હ. સુલેમાન (અ. સ.) એ કહ્યું, "ઓ મચ્છર, (તું) કયાં (જાય છે)? રોકાઈ જા, કે જેથી હું તમો બન્ને ઉપર મારો ઇન્સાફ પસાર કરૂં.

૪૬૫૬ તેણે (મચ્છરે) જવાબ આપ્યો, "ઓ બાદશાહ, તેની હસ્તિમાં મારૂં મોત છે, ખરેખર મારો દિવસ તેના ધુમાડાથી કાળો છે.

૪૬૫૭ જ્યારે તે આવ્યો હું કયાંથી આરામ મેળવી શકું? કારણ કે તે મારી કાયા ઉપર (પરમાવશ્યક) કુંક જોરથી દબાવે છે."

૪૬૫૮ ખુદાઇ 'હજુરી' શોધનાર માટે પણ આમ જ છે. જ્યારે ખુદા આવે છે શોધનાર અવિદ્યમાન બને છે,

૪૬૫૯ "તેના ચહેરા" આગળ વિદ્યમાન કે અવિદ્યમાન નાશ પામે છે, અવિધમાનમાંનું અસ્તિત્વ વાસ્તવમાં અજાયબ વસ્તુ છે.

૪૬૬૦ **પ્રતિબિંબ કે જે "નૂર"ને શોધે છે, તે ત્યારે નહિવત્ બને છે. જ્યારે તેનું "નૂર" દેખાય છે.**

૪૬૬૧ સમજશક્તિ કેવી રીતે બાકી રહે કે જ્યારે તે તેને જવા માટે વિદાયગીરી આપે છે? "તેના ચહેરા (ઇલાહી નૂર) સિવાય દરેક ચીજ નાશ પામનાર છે."

૪૬૬૨ વિદ્યમાન અને અવિદ્યમાન 'તેનો ચહેરા' આગળ નાશ પામનાર છે, 'લામકાં'માંની હસ્તિ વાસ્તવિક રીતે અદ્ભૂત છે!

૪૬૬૩ આ 'હજુરી' જગ્યાએ (બધી) વિચારશક્તિઓ બેકાણુ ગુમાવાય છે, જ્યારે કલમ આ મુદ્દા ઉપર પહોંચે છે ત્યારે તે ભાંગી જાય છે,

**પ્રિતમે શુધબુધ વગરના પ્રેમી તરફ વહાલ દર્શાવ્યો કે તે પોતાના ભાનમાં પાછો આવે,**

૪૬૬૪ સદરે જહાન ધીરે ધીરે માયાળુપણે બેભાનપણામાંથી સ્પષ્ટ ઉચ્ચારણમાં ખેંચ્યો હતો.

૪૬૬૫ બાદશાહે તેમા કાનમાં જોશથી કહ્યું, 'ઓ ભીખારી, હું તારા ઉપર સોનું વેરવા લાવું છું, તારૂં પહેરણ પાથર.

'તેના ચહેરા' આગળ
વિદ્યમાન + અવિદ્યમાન નાશ પામે.

૪૬૬૬ તારો આત્મા કે જે મારી જુદાઈના (દુઃખમાં) કાંપતો હતો. હવે હું તેનું રક્ષણ
કરવા આવ્યો છું તો નાશી કેમ છુટયો ?

૪૬૬૭ ઓ તું કે જેણે મારી જુદાઇમાં ગરમી અને શરદી સહન કરી છે, બેહોશીમાંથી
પોતાને ખુદીમાં લાવ અને પાછો ફર.

૪૬૬૮ પાળેલી મરઘી મિજબાનની હેશીયતથી પોતાના ઘરે મુર્ખાઇપણે ઊંટને લાવે છે.

૪૬૬૯ જ્યારે ઊંટ મરઘીના ઘરમાં પગ મુકે છે, ઘરનો નાશ થાય છે, અને છાપરૂં
અંદર પડે છે.

૪૬૭૦ મરઘીનું ઘર એ આપણી નબળી સમજશક્તિ અને જ્ઞાન છે, સાચું જ્ઞાન ખુદાઇ
ઉંટડીને શોધનાર છે.

૪૬૭૧ જ્યારે ઉંટડીએ પાણી અને માટીમાં પોતાનું માથું મૂક્યું, ત્યારે ત્યાં ન રહે તેની
માટી કે તેનો આત્મા કે તેના દિલની હસ્તિ.

૪૬૭૨ પ્રેમમાં અગાઉનું ગૌરવ માણસને વધુ પડતો માનીતો બનાવે છે, કારણ કે આ
વધારાની ઇચ્છા થકી "તે વધુ અન્યાયી અને ઘણો અજ્ઞાન છે."

૪૬૭૩ તે અજ્ઞાન છે અને આ અઘરો પીછો કરવામાં સસલું પોતાના હાથથી સિંહ
સામે બાથ ભીડે છે.

૪૬૭૪ તે પોતાના હાથથી સિંહની સામે બાથ કેમ ભીડશે ? જો તેણે જાણ્યું અને સિંહને
ઓળખ્યો ?

તે પોતાના ખુદને અને આત્માને અન્યાય કરે છે. એક અન્યાય નિહાળ કે જે
૪૬૭૫ બધા ઇન્સાફો પાસેથી દડો ઉપાડી જાય છે.

તેનું અજ્ઞાન બધી વિદ્યાઓનો શિક્ષક છે, તેનો અન્યાય બધા ન્યાયોનો સાચો
૪૬૭૬ રસ્તો બન્યો છે.

તેણે ( સદરે જહાને ) તેનો ( પ્રેમીનો ) હાથ પકડયો, કહીને, "આ માણસ કે
૪૬૭૭ જેનો શ્વાસ છુટો પડયો છે તે ( માત્ર ) ત્યારે જ ( જીવનમાં ) પાછો આવશે જ્યારે
હું ( રૂહાની ) શ્વાસ ફૂંકીશ.

જ્યારે કે આ માણસનું શરીર મરેલું છે, મારા થકી જ તે જીવતું બનશે. (પછી)
૪૬૭૮ તે મારો જીવ બનશે જ્યારે તે મારા તરફ પોતાનો ચહેરો ફેરવે છે.

હું તેને આ આત્માના નિમિત્તે ઉંચો દરજ્જો ધરાવતો બનાવીશ, ( ફક્ત ) જે
૪૬૭૯ આત્મા હું આપું છું તે જ મારી બક્ષિસને જુએ છે.

અનાધિકાર આત્મા પ્રિતમનો ચહેરો જોતો નથી. ( કોઇ જોતો નથી ) સિવાય તે
૪૬૮૦ આત્મા કે જેનું અસલ તેના રહેઠાણમાંથી છે.

હું આ વહાલા દોસ્ત ઉપર ખાટકીની માફક શ્વાસોચ્છ્વાસ નાખું છું એટલા માટે
૪૬૮૧ કે તેનો આંતરિક ભલો ભાગ ( આત્મા ) ચામડીને છોડી દે.

૪૬૮૨ તેણે કહ્યું, "એ આત્મા, કે જે સંકટોમાંથી ભાગી છૂટયો છે, તેને માટે અમે અમારા 'મિલન'નો દરવાજો ખોલ્યો છે, ભલે આવ."

૪૬૮૩ એ તું કે જેની બેખુદી અને મદહોશી અમારા ખુદના કારણે થઈ છે, એ તું કે જેનું હોવું અમારા હોવામાંથી અતુટપણે ઉતરી આવ્યું છે.

૪૬૮૪ હવે, હું તને હોઠ વગર જુના ગુઢાર્થો નવારૂપે કહીશ, સાંભળ.

૪૬૮૫ (હું તને ધીમેથી કહીશ) કારણ કે પેલા (કાયાના) હોઠો આ શ્વાસ (શબ્દ) થી ભાગે છે, તે ગુપ્ત નદીના હોઠે (કિનારે) બહાર કાઢવામાં આવ્યા છે.

૪૬૮૬ આ પળે બહેરાપણાનો કાન ખુદાના ગુઢાર્થની ખાતર ખોલ, "ખુદા જે ચાહે છે તે તે કરે છે."

૪૬૮૭ જ્યારે તેણે 'મિલન'નો અવાજ સાંભળવો શરૂ કર્યો ત્યારે આસ્તે આસ્તે મૃતપ્રાય આદમીએ હલવું શરૂ કર્યું.

૪૬૮૮ તે (ખુદાનો પ્રેમી) માટી કરતાં હલકો નથી, કે જે 'પશ્ચિમી પવન દેવ'ની ખોટી ખુશામતથી (લીલાં) કપડાં પહેરે અને મૃત્યુમાંથી પોતાનું માથું ઉંચું કરે.

૪૬૮૯ તે છેડે પહોંચતાં પાણીથી વધુ નબળો નથી કે જેના અંગે (દૈવી) આદેશો સૂર્યસમ ચમકતા ચહેરાવાળા યુસુફો જનમ્યા છે.

૪૬૯૦ તે પવનથી વધુ નબળો નથી (કે જેનામાં) હુકમે "થા" મોર અને મધુર સ્વરોવાળા પંખીઓ (પંખીના ગર્ભાશયમાં) અસ્તિત્વમાં આવ્યાં.

૪૬૯૧ તે ખડકના પહાડથી વધુ નીચો નથી કે જેની પ્રસૂતિ એક ઉંટડી બહાર લાવી કે જેનાથી બીજી ઉંટડી બહાર આવી.

૪૬૯૨ આ બધું પાછળ છોડી દે, શું અવિદ્યમાન વસ્તુ બહાર નથી આવતી? શું તે ચાલુ રીતે એક (આખું) બ્રહ્માંડ હસ્તિમાં ન લાવે?

૪૬૯૩ તે (બુખારાનો માણસ) ઊભો થયો અને કંપ્યો, અને એક બે વખત આનંદપૂર્વક ચકરાવા લીધા, આનંદપૂર્વક, (પછી) તેના મનમાં પગે પડયો.

**સુધબુધ વગરના પ્રેમીનું ખુદીમાં આવવું અને પોતાનો ચહેરો પણ વખાણ કરવામાં ફેરવવો અને પ્રિતમનો આભાર માનવો.**

૪૬૯૪ તેણે કહ્યું, આ ખુદાના 'અંકા' (તું) આત્માની ચકરાવો મારવાની જગ્યા છો. (હું) આભાર માનું છું, કે તું 'કાફ' પર્વતની પેલી પારથી પાછો આવ્યો છે.

૪૬૯૫ ઓ અસરાફિલ, ઓ પ્રેમના 'છેલ્લા દિવસ' ઓ પ્રેમના પ્રેમ, ઓ પ્રેમની ઈચ્છાવાળા દિલ.

૪૬૯૬ તું મને માનનું પહેલું ઈનામ એ આપ કે તું તારો કાન મારી બારીમાં મુકે તેવી મારી ઇચ્છા છે.

૪૬૯૭ અલબત્ત તું તારી પવિત્રતામાંથી મારી લાગણીઓ જુએ છે, મારા શબ્દોને કાન દે, ઓ તારા ગુલામને પ્રિતીપૂર્વક પાળવાવાળા.

૪૬૯૮ ઓ અજોડ બાદશાહ, તારા કાન માટેની લાંબા વખતની ઝંખનામાં મારા અવયવો ઉડયા.

૪૬૯૯ કે તારૂં સાંભળવું અને પેલું તારૂં ધ્યાનપૂર્વક શ્રવણ કરવું અને પેલી તારી જીવનને શાંતિ અર્પતી 'હર્ષની દ્રષ્ટિ'.

૪૭૦૦ મારી નાની મોટી બાબતોમાં (તારૂં) ધ્યાન દઇને સાંભળવું, (અને) છેતરામણીઓની વિચારસરણીવાળો (શંકાશિલ) મારો હલકો આત્મા.

૪૭૦૧ પછી મારા ખોટા સિક્કાઓ કે જે તને વધુ જાણીતા છે તેં તેને ચલણી નાણાં માફક સ્વીકાર્યાં.

૪૭૦૨ એક (તકના) ગર્વીષ્ઠપણાની ખાતર કે જે નફ્ફટ અને ભરમાએલો હતો. ઓ તું કે જેની દયાની સામે બીજી બધી દયા એક રજ (માત્ર) છે.

૪૭૦૩ સૌથી પહેલાં સાંભળ કે જ્યારે મેં (તારી) જાળ છોડી (દુર રહો), પેલી અને છેલ્લી (આ દુનિયા અને પેલી દુનિયા) મારા આગળથી અદ્રષ્ય થઇ. (1)

૪૭૦૪ ઓ પ્રેમાળ બાદશાહ, બીજુ સાંભળ, મેં ખૂબ શોધ્યો, (પણ) તારા જેવો બીજો હતો જ નહિ.

૪૭૦૫ ત્રીજું, જ્યારે કે હું તારી આગળથી ચાલ્યો ગયો હતો, તે જેમ મેં કર્યું તેમ, "તારાથી ત્રીજો" (મેં મારી શુધબુધ ગુમાવી.)

૪૭૦૬ ચોથું, જેટલા પણ મારા દાણા બળી ગયા, (મારી શુધબુધ ગુમાવી), હું ચોથીમાંથી પંચમી આંગળી જાણતો નથી.

૪૭૦૭ જ્યાં જ્યાં તું ઢેફાં ઉપર લોહી શોધે, જો (તું) ચોકસાઈથી તપાસે તો તે ચોક્કસ મારી આંખોમાંનું લોહી સાબીત થશે.

૪૭૦૮ મારા શબ્દો મેઘ ગર્જના જેવા છે, અને આ અવાજ અને વાદળાની માગણી રૂદન કરે છે કે જમીન ઉપર પોતાની વર્ષા કરે.

૪૭૦૯ હું (શંકા અંગે) શબ્દો અને આંસુઓ વચ્ચે બોલું કે રૂદન ચાલુ રાખું કે કેમ? હું શું કરીશ?

૪૭૧૦ જો હું બોલું તો રૂદન ચાલ્યું જશે, અને જો હું રૂદન કરૂં તો પછી આભાર પ્રદર્શીત અને વખાણો કેમ રજુ કરી શકું?

૪૭૧૧ દિલનું લોહી મારી આંખેમાંથી ખરે છે, ઓ બાદશાહ, જુઓ, મારી આંખોમાંથી શું નીચે પડયું છે?

૪૭૧૨ અશકત માણુસે આમ કહ્યું, અને રૂદન શરૂ કર્યું (એવા જોશથી) કે તેના માટે અમીરો અને આમ લોકો બન્ને રોયા.

(1) - 'આ' 'અને' 'પેલી' દુનિયા → અદ્રશ્ય થઈ
(2) - 'પ્રેમાળ બાદશાહ' - તારા સિવાય બીજો કોઈ ન[illegible]
(3) - 'હું' તારી આગળ થી ચાલ્યો ગયો શુધબુધ ખોઈ નાંખી.
(4) - પક્ષ[illegible] ન હતો. [illegible]
×
(5) -

૪૭૧૩ એટલી બધી ઉર્મીલ બુમો તેના દિલમાંથી બહાર આવી. ( કે ) બુખારાના લોકોએ તેની આજુબાજુ ગોળ કુંડાળું કર્યું.

૪૭૧૪ તે મનસ્વી રીતે બોલતો હતો, મનસ્વી રીતે રોતો, મનસ્વી રીતે હસતો, માણસો અને સ્ત્રીઓ, નાના મોટા ( બધા ) મુંઝાયા હતા.

૪૭૧૫ ( આમ ) શહેરે તેની સાથે મળીને આંસુ વહાવ્યાં, કયામતની માફક માણસો અને સ્ત્રીઓ ભેગાં થયાં હતાં.

૪૭૧૬ તે પળે આકાશ પૃથ્વીને કહેતું હતું, જો તેં કદી કયામત ન જોઈ હોય તો તેને ( ( હમણાં ) જોઈ લે.

૪૭૧૭ બુદ્ધિવાન મુંઝાયો હતો. કહેતો હતો, પ્રેમ શું છે અને અત્યાનંદ શું છે? ( હું જાણતો નથી ). કે તેનાથી 'જુદાઈ' કે તેનાથી 'મિલન' વધુ અદભૂત છે!

૪૭૧૮ આકાશે કયામતની ( જાહેરાત ) ના શબ્દો વાંચ્યા, ( અને એવો દિવાનો બન્યો કે ) તેઓએ પોતાના પોશાક આકાશગંગા તરફ ફાડયા.

૪૭૧૯ બન્ને દુનિયાથી અજાણ એવો પ્રેમ વિમુખ બન્યો, તેમાં બૌતેર ગાંડપણો હતાં.

૪૭૨૦ તે ખૂબ જ વધુ પડતો ગુપ્ત છે અને ( માત્ર ) તેની ગુંચવણ દેખાય છે, રૂહાની બાદશાહોના અંત્મા તેના માટે ટાંચણી ભોંકે છે.

૪૭૨૧ તેનો દીન બૌતેર ફિરકા કરતાં જુદો છે, તેની આગળ બાદશાહોના તુટેલા તખ્તના પાટાઓ સિવાય બીજું કંઈ નથી.

૪૭૨૨ પ્રેમનો કવિ 'સામા' ના વખતે આ યુક્તિ સંભળાવે છે, દાસત્વ બેડીઓ છે અને માલિકી માથાનો દુઃખાવો.

૪૭૨૩ ( તો ) પછી પ્રેમ શું છે? 'લા' નો દરિયો કે જ્યાં બુદ્ધિવાનના પગ ભાંગીને ભુક્કો થએલા છે ( તરવારે અશક્ત ).

૪૭૨૪ દાસત્વ અને માલિકીપણું જાણીતાં છે, ( પણ ) પ્રેમીપણું આ બેઉ પડદાથી સંતાએલું છે.

૪૭૨૫ પેલી હસ્તિને કેવી જીતી હતી! કે જે અસ્તિત્વ ધરાવતી ચીજોની જીભ પડદાઓને હટાવતી હતી.

૪૭૨૬ ઓ હસ્તિની ફુંક, જે પણ શબ્દો તું ઉચ્ચારીશ, જાણ કે તેથી તેં તે ( ગુહાર્થ ) ઉપર બીજો પડદો બાંધ્યો છે.

૪૭૨૭ તે ઉચ્ચારણ અને ( પેલી ) અસ્તિત્વની હાલત ( રૂહાની ) સમજનું ઝેર છે, લોહીથી લોહીને ધોવું એ હાસ્યજનક છે, હાસ્યજનક!

૪૭૨૮ જ્યારે કે હું તેની ઉદ્દંડતા સાથે મળતીયો છું, હું રાત્રી અને દિવસ ( પ્રેમની ગુપ્તતા ) પિંજરામાંથી બહાર કાઢું છું.

જુદાઈ+મિલન— શું વધુ મહત્વનું.

દાસત્વ+માલિકી બન્ને જુદું.

પોશાક:- આકાશગંગા તરફ ફાડ્યા
પ્રેમ શું? 'લા' નો દરિયો! જ્યાં બુદ્ધિમાનના પગ ભાંગીને ભુક્કો

૪૭૨૯ તું ખૂબ જ પીધેલો અને બેખુદ અને નિર્લજ છો, ગઇ રાતના, એ મારા આત્મા, તું કઈ બાજુએ સુતો હતો ?

૪૭૩૦ ખબરદાર થા ! ખબરદાર ! ધ્યાન રાખજે, રખેને તું તેનું સુચન ઉચ્ચારે તે પહેલાં ઊભો થા અને એક વિશ્વાસુ દોસ્તને શોધ.

૪૭૩૧ તું પ્રેમી અને મદહોશ છો અને તારી જીભ ઢીલી થઈ છે. ખુદા ! ખુદા ! તું પાણીના ખાંચા ઉપર ઊંટ જેવો છે.

૪૭૩૨ જ્યારે જીભ તેનું ગુઢાર્થ અને પ્રણયનો પ્રપંચ કહે છે, બહિશ્ત પ્રાર્થના ગાય છે, "એ તું કે જે ઢાંક પીછોડો કરવામાં ભલો છે."

૪૭૩૩ ઢાંકપિછોડો ( કેવો બની શકે )? લાકડાં અને કપાસમાં આગ છે, જ્યારે તે તેને ઢાંકે છે ત્યારે તે વધુ વિદ્યમાન બને છે.

૪૭૩૪ જ્યારે હું તેની ( પ્રેમીની ) ગુપ્તતા સંતાડવા સખત પ્રયત્ન કરૂં છું ત્યારે તે ધજાની માફક પોતાનું માથું ઉંચું કરે છે, કહે છે, જો હું અહીં છું.

૪૭૩૫ તે મારા હોવા છતાં પણ મારા બન્ને કાનો પકડે છે, કહે છે, એ વેરાઇ ગએલા ભેજાં, તું તેને કેમ ઢાંકશે ? તેને ઢાંક.

૪૭૩૬ હું તેને કહું છું, ચાલ્યો જા, જોકે તું ઉભરાયો છો ( છતાં ) તું મારા આત્માની માફક જાહેર અને બાતુન બન્ને છો.

૪૭૩૭ તે કહે છે, આ મારી કાયા કુજામાં કેદ કરવામાં આવી ( પણ ) શરાબની માફક હું ખાણામાં તાળીઓ પાડું છું.

૪૭૩૮ હું તેને કહું છું, ચાલ્યો જા, નહિતર હું તને બંદીવાસમાં રાખીશ, રખેને મદહોશીનું ઝેર ( તારા ) ઉપર પડે !

૪૭૩૯ તે કહે છે, હું દિવસે મારા સ્વાદિષ્ઠ પ્યાલા સાથે સાંજની બંદગી સુધી દોસ્ત બન્યો છું.

૪૭૪૦ જ્યારે સાંજ પડે છે અને મારો પ્યાલો ચોરે છે, હું તેને કહીશ, ( તે ) પાછો આપ, કારણ કે મારી સાંજ આવી નથી.

૪૭૪૧ જેમકે અરબો શરાબને 'મદામ' નામ આપે છે, કારણ કે શરાબ પીનાર કદી પુરેપુરો ધરાતો નથી.

૪૭૪૨ પ્રેમ સમજણના શરાબને ઉભરાવે છે તે 'સીદીક' ( સાચા પ્રેમીને ) ખાનગીમાં પ્યાલો પાનાર છે.

૪૭૪૩ જ્યારે તમે ( ખુદાની ) ભલી મદદથી સમજણ શોધો છો, ત્યારે આત્માનું પાણી ( સત્વ ) શરાબ બને છે અને કાયા સુરાહી બને છે.

૪૭૪૪ જ્યારે તે પોતાની મદદનો શરાબ વધારે છે ત્યારે શરાબનું બળ સુરાહીને ભોગવે,

૪૭૪૫ (આત્માનું) જળ 'સાકી' બને છે અને પાણી (પશુ) પીધેલ માણસ બને છે, હવે કહે કેવી રીતે? અને ખુદા સૌથી સારી રીતે જાણે છે.
૪૭૪૬ તે 'સાકી'નું તેજ છે કે જે દ્રાક્ષાસવ સાથે ભેળાઈ ગયું છે, સત્ય ઉભરાઇ ઉઠ્યું, અને નાચવું શરૂ કર્યું અને મજબુત રીતે વળગ્યું.
૪૭૪૭ આ બાબત ગાફેલ (નાસ્તિક) ને પૂછ; આના જેવો દ્રાક્ષાસવ તેં ક્યારે જોયો?
૪૭૪૮ દરેક જણ કે જેને જ્ઞાન છે તે પ્રતિબિંબ વગરનું છે કે દરેક પજવણી ભોગવેલ માણસ સાથે પજવનાર (પશુ) છે.

## પ્રેમી કે જે લાંબો વખત સુધી (પોતાની પ્રિયતમાથી) વિખુટો પડયો હતો અને ઘણાં દુઃખો સહન કર્યાં હતાં, તેની વાર્તા.

૪૭૪૯ અમુક યુવાન પાગલપણે એક સ્ત્રીનો મોહિત બન્યો હતો, મિલનનું સદ્કિસ્મત તેને આપવામાં આવ્યું ન હતું.
૪૭૫૦ તેને પૃથ્વી પર પ્રેમે વધુ પડતી રીબામણી કરી હતી. વાસ્તવમાં પ્રેમ (પ્રેમી તરફ) શરૂઆતમાં તિરસ્કાર શા માટે કરે છે?
૪૭૫૧ પ્રેમ શરૂઆતમાં શા માટે જીવલેણ હોય? કે જેથી તેને જે બહારના દેખાવવાળો હોય છે તે ભાગી જાય છે.
૪૭૫૨ જ્યારે જ્યારે તેણે પેલી સ્ત્રી પાસે સંદેશક મોકલ્યા, સંદેશક અદેખાઈને કારણે તેનો જ રસ્તો રોકનારા બન્યા.
૪૭૫૩ અને જો તેની સેક્રેટરીએ પેલી સ્ત્રીને (મોકલવાનો) પત્ર લખ્યો તો તેનો પ્રતિનિધિ (સંદેશક) તેને ઉલટાવીને વાંચશે.
૪૭૫૪ અને જો સાચા વિશ્વાસે તેણે તેના એલચીને 'પશ્ચિમી પવન' બનાવ્યો તો પેલો 'પશ્ચિમી પવન' ધુળના (વાદળાંથી) કાળો બનાવાયો હોત!
૪૭૫૫ અને જો તે પંખીની પાંખ ઉપર પત્રને સીવે તો પંખીની પાંખ કાગળની ઉષ્ણતાથી બળેલી બને!
૪૭૫૬ (દૈવી) અદેખાઈએ બધી તરકીબોના રસ્તા બંધ કર્યા અને મનન કરવાના લશ્કરનો વાવટો ફાડી નાખ્યો.
૪૭૫૭ શરૂઆતમાં (તેની) દિલગીરીમાં અભિલાષા શાંતી આપતી દોસ્ત હતી. આખરે, તે ભાંગ્યો, કોણે (ભાંગ્યો)? (તેજ) અભિલાષાએ.
૪૭૫૮ કોઈ વાર તે કહેતો, આ દુઃખનો ઇલાજ જ નથી. કોઇ વાર તે કહેતો, નહિ, તે મારા આત્માનું જીવન છે.
૪૭૫૯ કોઇ વાર ખુદી તેનામાંથી માથું ઉંચકતી, કોઈ વાર બેખુદીનું ફળ ખાતો.
૪૭૬૦ જ્યારે આ (કાયાની) ખાસિયત તેને ઠંડી બનતી ત્યારે 'મિલન'નો ઝરો ગરમીથી ઉકાળતો.

સાન → પ્રતિબિંબ વગરનું.

૪૭૬૧ જ્યારે દેશવટામાં પોતાને જે પુરૂં પડતું નહિ તેનાથી ( પોતાને સંતોષતો ) નથી તે પુરૂં પાડેલાની વસ્તુઓ તરફ દોડે છે.

૪૭૬૨ તેના વિચારના ઘઉંના કાન ફોતરાથી મુક્ત થયા. રાત્રીના મુસાફરને દોરવણી આપતા ચંદ્રમા જેવો તે બન્યો.

૪૭૬૩ અરે, ઘણા પોપટ ચરક જેવા હોવા છતાં ( મધુર ) વાણી બોલે છે, અરે, ઘણાઓ મિજાજી ચહેરા હોવા છતાં મધુર આત્માવાળા હોય છે.

૪૭૬૪ કબ્રસ્તાને જા, ચુપકીદીમાં થોડી વાર બેસ, અને પેલા છટાદાર આમોશી-વાળાને જુઓ !

૪૭૬૫ પણ, જો તમે જોશો કે તેઓની ધુળ એક જ રંગની છે, ( છતાં ) તેઓના કાર્યવૃત (આત્મા)ની હાલત એક સરખી નથી.

૪૭૬૬ જીવતા ઇન્સાનની ચરબી અને માંસ એક સરખા (છે) છતાં એક દિલગીર છે અને બીજો રાજી.

૪૭૬૭ જ્યાં સુધી કે તમે તેના શબ્દો સાંભળશો નહિ, (તેઓની લાગણી વિષે) શું જાણશો? તેવી જ રીતે તેઓની (આંતરિક) હાલત તમારાથી ગુપ્ત છે.

૪૭૬૮ તમે હય, હુઈ (શબ્દોની ઝુમો) શબ્દો સાંભળશો ( છતાં ) આંતરિક હાલત કે જેને એકસો ગડી છે તે તમે કેમ પારખશો ?

૪૭૬૯ આપણાં ( સજીવ પ્રાણીનાં ) કદરૂપ એક સરખાં છે ( છતાં ) ગુણધર્મો ઉલટા સુલટા છે, આની માફક કે માટી એકસરખી છે ( છતાં ) તેઓના આત્માઓ જુદી જુદી જાતના છે.

૪૭૭૦ તેવી જ અવાજો એક સરખા છે. ( આમ છતાં પણ ) એક દિલગીરી ભરેલો છે અને બીજો મંત્રમુગ્ધ કરે તેવો.

૪૭૭૧ લડાઇના મેદાનમાં તમે ઘોડાઓની હણહણાટી સાંભળશો. ( એક બગીચાની ) આજુબાજુ ફરતાં પંખીઓના અવાજ પણ સાંભળશો.

૪૭૭૨ એક ( અવાજ ) તિરસ્કારનો અને બીજો સુમેળનો હોય છે, એક દુઃખમાંથી અને બીજો આનંદમાંથી.

૪૭૭૩ જે કોઈ તેઓની ( આંતરિક ) હાલતમાં અજ્ઞાન અંગે વેગળો છે તેને અવાજો એક સરખા લાગે છે.

૪૭૭૪ એક ઝાડ કુહાડાના ઘાથી હટાવાયું છે, બીજું ઝાડ સવારના મંદ પવનથી હટાવાયું છે.

૪૭૭૫ કીંમત વગરના ઘડાથી ( હું ઘણો છેતરાણો ) છું, કે તે જ્યારે ઉકળતો હતો ત્યારે મારા ઉપર પડ્યો હતો.

કબ્રસ્તાન જા — આમોશીવાળા બાદશાહને જો.

માટી- સરખી- દરેકના આત્મા જુદા.

૪૭૭૬ અત્યુત્સાહ અનેં દરેકનો ઉદ્ધારક મને કહે છે, આવા ઈમાનનો અત્યુત્સાહ અને ઉદ્ધત અને નાસ્તિકોનો ઉત્સાહ, ( મને કહે છે ).

૪૭૭૭ જો તમને ( વાસ્તવિક્તાનો ) ચહેરા ઓળખવા આત્માની સુગંધ આપતી નથી, તો જાઓ, તારા પોતાના માટે ( રૂહાની ) મગજ ( સમજ ) કે જે સુગંધ પારખે છે તે મેળવ.

૪૭૭૮ મગજ ( સમજ ) કે જેની મુલાકાત અવારનવાર લેવાનું સ્થળ ગુલાબનો બગીચો છે, તે તે ( સ્થળ ) છે કે જેણે બધા યાકુબોની આંખો પ્રકાશિત કરી છે.

૪૭૭૯ હવે આવ, પેલા દિલના બિમાર ( યુવાન )નું શું થયું તે જણાવ, એ પુત્ર, આપણે બુખારાના માણસને બહુ દુર છોડી દીધો છે.

**પ્રેમીએ પ્રિયતમાને શોધી કાઢી, ગોતનાર શોધનાર છે તેનું વિવરણ. કારણ કે જે કોઇ એક કીડી જેટલા વજનની ભલાઇ કરે છે તે તે ( અંતે ) જોશે, તે વિષે.**

૪૭૮૦ ( તેમ બન્યું ) ને સાત વર્ષો સુધી પેલો યુવાન શોધવામાં અને ગોતવામાં ( રોકાએલો બન્યો ) મિલનના આભાસમાં તે ( પોતે ) આભાસ જેવો બન્યો.

૪૭૮૧ ( જો ) ખુદાના ( રક્ષણનો ) પડછાયો ( ખુદાના ) દાસના માથા ઉપર હોય તો ગોતનાર આખરે શોધક બને છે.

૪૭૮૨ હ. પયગમ્બર સાહેબે કહ્યું છે કે " જ્યારે તમે દરવાજો ખખડાવશો, આખરે એક માથું દરવાજામાંથી બહાર આવશે."

૪૭૮૩ જ્યારે તમે અમુક ચોક્કસ માણુસ માટે ઉપર વાર જોતા બનો છો ત્યારે આખરે તમે ચોક્કસ માણુસનો ચહેરા પણુ જોશો.

૪૭૮૪ દરેક દિવસે જ્યારે તમે ખાઇમાંની જમીન ખોદવી ચાલુ રાખશો, આખરે તમે ચોકખા પાણી પાસે આવી પહોંચશો.

૪૭૮૫ ( છતાં ) જો તમે કદાચ માનો નહિ ( તો પણુ ) બધા જાણે છે કે એક દિવસે જે તમે વાવ્યું હશે તે લણુશોજ.

૪૭૮૬ તમે પત્થરને લોઢાની વિરૂદ્ધ બનાવશો, અગ્નિ બહાર આવશે નહિ, અથવા જો ( આમ ) બને તો તે ભાગ્યે જ ! આમ બનશે

૪૭૮૭ તે કે જેને ( ખુદાથી ) આનંદ અને મુક્તિ ભાગે આવેલ નથી. તેનું મન દુન્યાવી ચીજ સિવાય કાંઈ ગણુકારશે નહિ.

૪૭૮૮ ( તે કહે છે ) તે ફલાણુા ફલાણુાએ બી વાવ્યાં અને પાક ન થયો જ્યારે ( બીજો ) એક ( સમુદ્રમાંથી ) અમુલ્ય મોતી ઉપાડી ગયો અને છીપમાં મોતી ન હતું.

મગજ ( સમજ )
અપાર નપાર ગુલાબ → ગુલાબ નો બગીચો
નું સ્થળ

૪૭૮૯ (તે કહે છે) બ.ઉરના દીકરા બાલમની અને શ્રાપીત ઇબ્લીસની બાબતમાં તેઓના પૂજનીય કાર્યો અને તેઓનો દિન તેઓને ઉપયોગી ન થયો.

૪૭૯૦ આ રસ્તાના લાખો પયગમ્બરો અને મુસાફરો, પેલા હલકટ વિચારના માણુસોનાં મગજમાં આવ્યા ન હતા.

૪૭૯૧ પેલા બેક (દાખલા) સમજાવે છે કે જે (રૂહાની) અંધારૂં ઉત્પન્ન કરે છે (તેનું) બદકિસ્મત આ સિયાય બીજું પોતાના દિલમાં શું મુકી શકે?

૪૭૯૨ અરે, કેટલાક એવા છે કે પાંઉ રોટી આનંદીત દિલે ખાય છે અને તે તેનું મોત બને છે, તે ગળામાં ચોંટી જાય છે.

૪૭૯૩ તો પછી, ઓ બદકિસ્મતી ઇન્સાન, જા, રોટલો ખાતો નહિ. રખેને તું દુઃખ અને તકલીફમાં ડુબી જા!

૪૭૯૪ જનતાના લાખો લોકો પાંઉના રોટલા ખાય છે અને શક્તિ મેળવે છે અને આત્માને પોષે છે.

૪૭૯૫ **તું પેલા (મહાદુઃખમાં) કેમ પડયો છો? સિવાય કે (આશીર્વાદિતથી) વંચિત છો. અને મુર્ખ જન્મ્યો છો.**

૪૭૯૬ તે (કમનશીબ ઈન્સાને) સુર્યનો તડકો અને ચંદ્રમાના પ્રકાશથી ભરપુર દુનિયાને છોડી દીધેલ છે, અને પોતાનું માથું ખાડીમાં ફેંક્યું છે.

૪૭૯૭ (હદીસ) જો તે સત્ય છે તો 'નૂર' ક્યાં છે? ઓ દયાજનક કંગાળ, તારૂં માથું ખાડામાંથી ઉંચુ કર અને નિહાળ.

૪૭૯૮ **પૂર્વ અને પશ્ચીમ આખી દુનિયા તે 'નૂર' મેળવે છે (પણ) જ્યાં સુધી તું ખાડામાં છો ત્યાં સુધી તારા ઉપર તે પ્રકાશિત નહિ થાય.**

૪૭૯૯ ખાડો છોડ, મહેલ અને દ્રાક્ષવાડીઓ તરફ જા. અહીં હુંસાતુંસી કર નહિ, જાણુ કે કજીઓ કરવો તે બદકિસ્મતની નિશાની છે.

૪૮૦૦ ખબરદાર! એમ કહેતો નહિ. નોંધ કરી લે, કે ફલાણા ફલાણાએ બી વાવ્યા અને અને ફલાણા વર્ષે તેણે જે વાવ્યું તે તીડો ખાઈ ગયા.

૪૮૦૧ તો પછી શા માટે હું વાવું? આ બાબતમાં હાનીની સંભાવના છે. હું બીયાં મારા હાથથી શા માટે વાવું?

૪૮૦૨ અને (તે દરમ્યાન) તે કે જેણે વાવવું અવગણ્યું નહિ અને તેનું કોઠારીયું તેની મહેનત અંગે ભરપુર બન્યું (જે અંગે) તમારી મુંઝવણ (વધી).

૪૮૦૩ જ્યારે કે તે (પ્રેમી) ધીરજપુર્વક દરવાજો ખખડાવતો હતો, આખરે એક દિવસે તેણે ગુપ્ત રીતે મુલાકાત મેળવી.

તે રાતના બગીચામાં કુદી પડયો, (ત્યાં) તેને તેની
૪૮૨૪ રાત્રીના ચોકીદારની બીકે પ્રિયતમા મીણબત્તી અને બત્તીની માફક (ઝગમગતી) માલમ પડી.
૪૮૦૫ તેણે તે પળે કારણોના બનાવનારને કહ્યું, " ઓ ખુદા રાત્રીના ચોકીદાર ઉપર તારા આશીર્વાદ હોજો !
૪૮૦૬ તે (મારાથી) અજાણતાં તે કારણો ઉત્પન્ન કર્યા છે, દોજખના દરવાજેથી તું મને બહિશ્તમાં લઈ આવ્યો છે.
૪૮૦૭ તેં આ બાબતમાં (ચોકીદારથી નાસવાનું) કારણ ઉત્પન્ન કર્યું હું છેવટ ધિક્કારમાં એક કાંટો પણ ઉપાડું.
૪૮૦૮ ખુદાએ અંગનાં (હાડકાં તુટવામાં) પાંખ અર્પણ કરી છે, જેમકે તે ખાડાના ઉંડાણમાંથી (ભાંગવાનો) દરવાજો ખોલ્યો છે.
૪૮૦૯ (ખુદાએ કહ્યું,) તું ઝાડ ઉપર છો ને ખાડીમાં તે ગણત્રી કર નહિ. મારામાં ધ્યાન લગાડ, કારણ કે હું રસ્તાની ચાવી આપું છું.
૪૮૧૦ જો તમારે બાકી રહેલી આ વાત વાંચવી હોય તો મારા ભાઈ (તે) ચોથી બુકમાં ગોતજે.

ભાગ ૩ જો સમાપ્ત.